કલ્યાણ મંદિર સ્તોત્ર :

એક અધ્યયન



कल्याणमन्दिरमुदारमवद्यभेदि
भीताभयप्रदमनिन्दितमंघ्रिपद्मम् ।
संसारसागरनिमज्जदशेषजन्तु
पोतायमानमभिनम्य जिनेश्वरस्य ।।१।।

બોટાદ સંપ્રદાયના શાસન પ્રભાવક ગુરુદેવ શ્રી પૂ. જયેશચંદ્રજી મ.સા.ના સુશિષ્ય
મુનિ શ્રી ડૉ. સુપાર્શ્વચંદ્રજી મ.સા.

।। દાદાગુરૂ શ્રી માણેકચંદ્રજી મ.સા. નો જય હો।।

પુસ્તકનું નામ :
કલ્યાણમંદિર સ્તોત્ર : એક અધ્યયન

આલેખક :
બોટાદ સંપ્રદાયના શાસન પ્રભાવક ગુરુદેવ શ્રી
પૂ. જયેશચંદ્રજી મ.સા.ના સુશિષ્ય મુનિશ્રી ડૉ. સુપાર્શ્વચંદ્રજી મ.સા.

પ્રકાશક :
શ્રી સરોજજી-સુજાતાજી સ્મૃતિ ટ્રસ્ટ

મૂલ્ય :
અમૂલ્ય

મુદ્રક :
શાર્પ ઈન્ડસ્ટ્રીઝ (મુંબઈ)
નિલેશ ગોસલીયા

પ્રાપ્તિ સ્થાન :
શ્રી પ્રતિકભાઈ શાહ (સર્વોદયવાળા)
sarvoday3686@gmail.com

પુસ્તક વિમોચન :
રવિવાર, તા. ૦૮-૧૨-૨૦૧૯
મૌન એકાદશી (કાંદિવલી-મહાવીર નગર)

કલ્યાણમંદિર સ્તોત્ર આધારિત સાહિત્ય : એક અધ્યયન

યુનિવર્સિટી ઓફ મુંબઈની પીએચ.ડી.ની
પદવી માટે તૈયાર કરેલો
ગુજરાતી ભાષામાં મહાનિબંધ

પ્રસ્તુત કર્તા
મુનિ સુપાર્શ્વચંદ્ર મહારાજ સાહેબ

નિર્દેશક
ડૉ. અભય આઈ. દોશી
એસોસિયેટ પ્રોફેસર

યુનિવર્સિટી ઓફ મુંબઈ,
ગુજરાતી વિભાગ, કાલીના,
સાંતાક્રુઝ (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૯૮

ઓગસ્ટ - ૨૦૧૯

KALYANMANDIR STOTRA AADHARIT SAHITYA : EK ADHYAYAN

A THESIS SUBMITTED
TO THE
UNIVERSITY OF MUMBAI
FOR THE
Ph.D. (ARTS) DEGREE
IN GUJARATI

SUBMITTED BY
MUNI SUPARSHWACHANDRA MAHARAJSAHEB RITA

UNDER THE GUIDANCE OF
DR. ABHAY I. DOSHI
(Associate Professor)

UNIVERSITY OF MUMBAI
DEPARTMENT OF GUJARATI, KALINA,
SANTACRUZ (E), MUMBAI - 400 098.

AUGUST - 2019

અખંડ આસ્થાનું આયામ...

અનંત શ્રધ્ધાનું ધામ...

પરમ ઉપકારી, ફૈબાસ્વામી પૂ. સુજાતાબાઈ સ્વામી

સાદર સમર્પણમ...

આપનું આપને અર્પણ કરું છું...

અહો ! મુજ ગુરુમાતા,

મન મારું ન ધરાય આપના અપાર ગુણ ગાતા,

અંતરમાં આનંદ છે, આપનું PhD નું સ્વપ્ન પુરું થાતા.

આત્મકલ્યાણના માર્ગે લાવવા, બાંધજો ફરી ફરી નાતા.

અહો, મુજ જીવનના શિલ્પી.. અહો, સંયમમાર્ગે મુજને લાવનારા... ભવોભવના ઉપકારી પૂ. ફૈબાસ્વામી ! આપનું PhD.ના અભ્યાસ કરાવવાનું સ્વપ્ન પૂર્ણ થાય છે પણ, ત્યારે આપ પ્રત્યક્ષરૂપે હાજર નથી. પણ... અંતરિક્ષમાંથી સદા અમીદૃષ્ટિની કૃપાવૃષ્ટિ કરી મમ અંતરસૃષ્ટિ સદા ખીલવતાં રહેશો એજ પ્રભુ પ્રાર્થના... અંતર યાચના...

શ્રુતભક્તિ-ગુરુભક્તિના રંગે રંગાયા,
ઉદ્ધારદિલા બની લાભ લીધા સવાયા...



માતુશ્રી વિમળાબેન કાંતિલાલ લવજીભાઈ શાહ પરિવાર
(લીંબડીવાળા)

"અમારા સંયમી ભાણેજ PhD બન્યાં તેનો હૈયે ઉમંગ છે,
ગર્વથી મસ્તક ઉંચું બને તેવો જ્ઞાનઅનુમોદનનો પ્રસંગ છે,
અહોભાવે આપના જ્ઞાનને વંદન કરતાં આનંદ અંગેઅંગ છે,
ખૂબ-ખૂબ આગળ વધો, પ્રગતિ કરજો... તે જ શુભભાવનો રંગ છે."

: પુસ્તક પ્રકાશનના મુખ્ય લાભાર્થી :

ભક્તિવંત, જ્ઞાનપ્રેમી
શ્રીમતી પ્રતિમાબેન પ્રકાશભાઈ શાહ (વરલી)
શ્રી કરિશ્મા દીપ શાહ

શ્રુતજ્ઞાન યજ્ઞમાં લાભ લેનારા દાતા, ભવાંતરે બાંધે પુણ્યના ભાતા...

ઉદારદિલા, ગુરુભક્ત

શ્રીમતી નલીનીબેન પ્રસન્નભાઈ ટોલિયા

PhDના અભ્યાસની શરૂઆતથી અંત સુધી તન-મન-ધનથી
અનન્ય સહકાર આપનાર ટોલિયા પરિવારને ધન્યવાદ-ધન્યવાદ !

જિનશાસનની શોભામાં અભિવૃધ્ધિ કરનારા મુનિશ્રી ડૉ. સુપાર્શ્વચંદ્રજી મ.સા.ના
સંસ્કારદાતા, ધર્મદાતા સંસારી માતા-પિતા

ધર્માનુરાગી

માતુશ્રી રીટાબેન હર્ષદભાઈ પ્રેમચંદભાઈ શાહ (સર્વોદયવાળા)

વિશેષ સહકારી-સહયોગીનો આભાર

- શ્રી યોગેશભાઈ બાવીશી
- શ્રી સુરેશભાઈ પંચમીયા
- શ્રી નિલેશભાઈ ગોસલીયા
- શ્રી પ્રતિકભાઈ પી. શાહ (સર્વોદયવાળા)
- શ્રી નરેન્દ્રભાઈ, શ્રી નિલેશભાઈ જે. શાહ (પાળિયાદવાળા)

બોટાદ સંપ્રદાયના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ લોખંડવાળા તથા
નામી-અનામી સર્વે ભાવિકજનો અને ગુરુભક્તો...

ગચ્છાધિપતિ ગુરુદેવશ્રી
પૂ. અમીચંદ્રજી મ.સા.ના આર્શીવચન

પ્રવચન પ્રભાવક મુનિરાજ જયેશમુની તથા દિવ્યભક્તિ સંપન્ન મુનિરાજ સુપાર્શ્વમુની દ્વિપુટી!

આપ બન્ને પુરૂષાર્થ કરી મોહમયી મુંબઈનગરી સુધી વિહાર કરી પધાર્યા... ધન્યવાદ.

નાના મુનિરાજે PhD કરી સારો પુરૂષાર્થ કર્યો, ધન્યવાદ. એ માટે આપને મારા ધન્યવાદ અને શુભેચ્છા.

આપને શું લખું? આપે સરસ પુરૂષાર્થ કરી વિતરાગ-શાસન અને સંતોની શક્તિ અને ભક્તિમાં વૃધ્ધિ કરી છે. તમે તો મારા બહુ લાડકા છો... તમારો આ પુરૂષાર્થ જોઈને અમને આનંદ-આનંદ, પ્રેમ પ્રગટ થાય છે.

આપશ્રીની ભક્તિને ભાવના જોઈ-સાંભળી ખૂબ આનંદ થાય છે.

આપના ધ્યેય મુજબ પરીક્ષા આપી-સારા માર્કસ લઈ વહેલા-વહેલા અમને મળો. તમારી ભાવના બહુ સારી છે, સંપ્રદાયને ખૂબ વધારો, સ્વ-પરનું કલ્યાણ કરી શાસન અને સંપ્રદાયમાં મળેલી શક્તિ દ્વારા વૃધ્ધિ કરો.

આપશ્રી જ્ઞાન-ધ્યાનમાં વૃધ્ધિ કરી શાસનને દિપાવો એવી શુભભાવના અને શુભેચ્છા. વાહ... મુનિરાજ... તમને ધન્યવાદ... તમે અમને અને સમાજને બહુ વહાલા છો.

તમારી ભાવના મુજબ અમને શુભેચ્છા લખાવવાનું મન થઈ જાય છે. જોકે મારે કોઈ દિવસ આવી રીતે (PhD માટે) શુભેચ્છા આપવાનો અવસર ઉભો થયો નથી પરંતુ મારા લાલાની ભાવના પુરી કરવા આ લખાવી રહ્યો છું... નાના સતીજીની ભાવના એવી હતી કે ગમે તેમ કરીને લાલાને રાજી-રાજી કરી દેવો અને લખાવવાનું મન થઈ ગયું. મારા જેવો અભણ સાધુ આ લખાવટ તમારી ભાવનાને પૂર્ણ કરવા ઉત્સુક બની ગયો છે. અને આ લખાવી રહ્યો છું... સુધારીને વાંચશો કારણ કે આવો પ્રસંગ વહેલવહેલો પ્રાપ્ત થયો છે.

ભૃગુપુરના સંત મુનિશ્રી અમીચંદજી મ.સા.ના ભાવનાની ભરતી આવી જતા આ લખાવેલ છે. અસ્તુ... બાકી અવસરે... રૂબરૂ તમે આવશો ત્યારે... આનંદ-આનંદ.

બોટાદ સંપ્રદાય ગચ્છાધિપતિ ગુરૂદેવ
પૂ. શ્રી અમીચંદજી મ.સા.
તથા
પૂ. શૈલેષમુનિજી મ.સા.ના શુભાશિષ

સમસ્ત સતીવૃંદની શુભકામના...

સ્વીકારો સુજાત-શુભેચ્છાનો પુષ્પહાર

"મુંગા વાચા પામતા, પંગુ ગિરિ ચઢ જાય,
ગુરૂકૃપા બલ ઔર હૈ, અંધા દેખત થાય."

જાદુ છે ગુરૂની કૃપામાં... કરામત છે ગુરૂની દૃષ્ટિમાં... ઉજ્જડ રણમાંય નયનરમ્ય નંદનવન ખીલવવાની તેની પાસે કળા છે, જડપણ તેના પસાયે બૃહસ્પતિ બને છે, પંગુ પણ તેના સહારે સાધનાપંથ પર દોટ મૂકે છે, મુંગો માણસ પણ તેના કારણે વાચા પામે છે... અગણિત, અકલ્પ્ય શક્તિઓનો પ્રાદુર્ભાવ ગુરૂપ્રસાદથી થાય છે.

ત્રણ પદમાંથી સમગ્ર બ્રહ્માંડના અગણિત રહસ્યોને ઉકેલતી દ્વાદશાંગીનું સર્જન એ ગણધર શિષ્ય પર તીર્થંકર ગુરૂના ઉતરેલા આશીષની જ ફલશ્રુતિ હોય છે ને!

ભ. મહાવીરની પાટપરંપરામાં થયેલા શ્રી સુધર્માસ્વામીની પાટને શોભાવનારા **શ્રી જંબુસ્વામી** આ અવસર્પિણીકાળના અંતિમ કેવળી બનવાનું સૌભાગ્ય પામ્યા તેમાં પણ ગુરૂકૃપા મુખ્ય હતી તેમ...

અમારા બોટાદ સંપ્રદાયના સંત-સતીજીઓ-સંઘ, સંપ્રદાયના લાડીલા, હોંશીલા, ઉત્સાહી, ઓલ રાઉન્ડર યુવાસંત પૂ. સુપાર્શ્વચંદ્રજી મ.સા. PhDના પદથી વિભૂષિત થાય છે... તેમાં ગુરૂકૃપા જ કામ કરી રહી છે એવું ચોક્કસપણે માની શકાય.

અંતરિક્ષમાં રહેલા પરમ ઉપકારી પૂ. ગુરૂવર્યો તથા પૂ. ગુરૂણીવર્યોની અદૃશ્ય કૃપાદૃષ્ટિ અને પ્રત્યક્ષ રહેલા પૂ. ગુરૂદેવોનું અસીમ કૃપા દૃષ્ટિ કિરણ મળતા આપ PhD પદવીથી વિભૂષિત થઈ રહ્યા છો ત્યારે...

ખૂબ ખુશી છે અમને... તમને મળી રહેલી આ PhD ની પદવી પરમાત્મપદની પ્રાપ્તિ કરાવે.

આ જ્ઞાન દ્વારા સમ્યક્‌દર્શનના શત-શત સૂર્ય ઝળહળતો, અંતરમાં શાંતિની શરણાઈ અને પ્રસન્નતાના ગીત ગુંજી ઉઠો, આપની વાણીમાં વીતરાગ પ્રરૂપિત ધર્મની ગંગા વહો, આપના મુખરૂપી મંદિરમાંથી સતત પરમાત્માના સૂર ગુંજતા રહો... એ જ અંતરેચ્છા...!

થાય ગૌરવ તમારી સિધ્ધિથી, આપીએ અભિનંદન અંતરથી. જીવનના દરેક સોપાને પ્રગતિના શિખરો સર કરી દિપાવજો ગુરૂનું નામ.

"સફળતા સદા ચૂમે તમારા કદમ
એ છે અમ સતીજીઓના દિલના અરમાન
મસ્તક અમારું ગૌરવથી ઉંચુ રહે
જ્યારે લે કોઈ તમારું નામ."

અંબરથી ઉંચી રહે આપની ઉડ્ડાન
ઉન્નતિના શિખરો સર કરો એવા
અંતરની અટારીએથી અભિનંદન.

સમંદરમેં જિતના પાની હૈ, હાથમેં હમ ભર નહીં શકતે
ગુરૂભૈયા કે પ્રતિ અભિનંદન કા ભાવ, વો શબ્દો મેં બતા નહીં શકતે.

શુભભાવથી ભાવિત શ્રમણીવૃંદ

શ્રમણી જ્યેષ્ઠા	પૂ. સવિતાબાઈ	મહાસતીજી	ઠા-૪
મધુર વક્તા	પૂ. મધુબાઈ	મહાસતીજી	ઠા-૫
રત્નત્રય રાહી	પૂ. રસીલાબાઈ	મહાસતીજી	ઠા-૫
પ્રવચન પ્રભાવિકા	પૂ. અરૂણાબાઈ	મહાસતીજી	ઠા-૫
વર્ધમાન તપોનિધી	પૂ. ઈન્દિરાબાઈ	મહાસતીજી	ઠા-૩
અરિહંત આરાધિકા	પૂ. અનિલાબાઈ	મહાસતીજી	ઠા-૩
તપચંદ્રિકા	પૂ. ઈલાબાઈ	મહાસતીજી	ઠા-૫
વ્યવહાર કુશળ	પૂ. સુશીલાબાઈ	મહાસતીજી	ઠા-૫
સ્વાધ્યાયપ્રેમી	પૂ. સુધાબાઈ	મહાસતીજી	ઠા-૪
સરલ સ્વભાવી	પૂ. શ્રધ્ધાબાઈ	મહાસતીજી	ઠા-૪
વૈયાવચ્ચપ્રેમી	પૂ. વંદનાબાઈ	મહાસતીજી	ઠા-૪
શીઘ્ર કવિયત્રી	પૂ. વિરતીબાઈ	મહાસતીજી	ઠા-૩

નિવેદન

ભારતીય સાહિત્યમાં જૈન સ્તોત્ર સાહિત્યનું આગવું ને અનુપમ સ્થાન છે. જૈન સ્તોત્ર સાહિત્ય હિમાલય જેવું વિશાળ અને સાગર જેવું ગહન છે. એ સમગ્ર સાહિત્યનું દર્શન કરવું, એનું અયન કરવું અને અનેક પરિણામોથી એ સ્તોત્રોની વિશિષ્ટતા દર્શાવવી એ કપરું કામ છે. આવા અમર સ્તોત્રોની જુદી જુદી શબ્દઅર્થની વિભાવનાને સ્પર્શી, એમાંથી પ્રાપ્ત થતાં આનંદ, સત્ય, તત્ત્વ અને સત્યને સ્પષ્ટ રીતે પ્રસ્તુત કરવા એ અતિકઠિન કામ છે. અનેક સ્તોત્રોનું આજે પણ શ્રધ્ધાળુ ભક્તજનો ભાવવિભોર થઈ પૂજન-પાઠન અને સમૂહગાન કરે છે.

મારા વિકાસમાં સતત સહયોગ આપનાર પરમ ઉપકારી ગુરુદેવશ્રી પૂ. જયેશચંદ્રજી મ.સા.ની પ્રેરણાથી સંયમજીવન સ્વીકારના પ્રથમ વર્ષથી જ અભ્યાસ ક્ષેત્રે પ્રગતિ થાય તે ઉદ્દેશ્યથી ગુજરાત યુનિવર્સિટીમાં M.A. નો અભ્યાસ શરૂ થયો. ત્યારબાદ ગ્રામાનુગામ વિચરણ કરતાં સૌરાષ્ટ્રથી મુંબઈ નગરીમાં પ્રવેશ થયો... ને ત્યાં મીરાંરોડની ભક્તિમય ભૂમિમાં પૂ. ગુરુદેવશ્રીએ પ્રેરણા કરી કે, "મુંબઈમાં આપણી ત્રણથી ચાર વર્ષ સ્થિરતાની સંભવના છે, તે દરમિયાન જો ચોક્કસ લક્ષપૂર્વક તારો અભ્યાસ થાય તો સ્વ-પરના કલ્યાણનું કારણ બની શકે." M.A. ને અભ્યાસની સમાપ્તિ બાદ મુંબઈ યુનિવર્સિટીમાં Ph.D. ના અભ્યાસ માટે વિચારણા શરૂ થઈ. તે સમયે અધ્યયનના વિષયની પસંદગી કરવાનું કાર્ય શરૂ થયું. તેવામાં, નિત્ય સ્વાધ્યાયરૂપ 'શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર'નું સ્વાધ્યાય કરતાં પૂ. ગુરુજીના હૃદયોદ્‌ગાર નીકળ્યા કે, આ વિષય ઉપર જ Ph.D. કરવામાં આવે તો પ્રભુભક્તિના ભાવોની અભિવૃદ્ધિ સાથોસાથ પરમાત્માના અધ્યાત્મને વીતરાગી ભાવોનું પણ સ્પર્શન કરતાં સ્વ સ્પંદનો પણ આધ્યાત્મિક તરફ વળશે... ને વિષયની પસંદગીનું કાર્ય પૂર્ણ થયું.

'કલ્યાણમંદિર સ્તોત્ર' વિષયનાં અનેક પુસ્તકો શોધવાનો - વાંચવાનો ને વાગોળવાનો પ્રયત્ન શરૂ થયો. તે સમયે ઘાટકોપર (ગારોડિયાનગર) ચાતુર્માસમાં અનન્ય શ્રુતપ્રેમી, મારા પ્રત્યે પુત્રવત્ લાગણી ધરાવનાર શ્રી સુરેશભાઈ પંચમીયાનો પરિચય થયો ને તેમના થકી જ શ્રુતોપાસક, શ્રમણોપાસક, અનન્ય ભક્તિવંત શ્રી યોગેશભાઈ બાવીશીનો પણ પરિચય થયો. આ બન્ને સુશ્રાવકોની પરમભક્તિ, પીઠબળ ને પ્રોત્સાહનથી જ આ મહદ્‌કાર્ય સંપન્ન થયું છે... ને તેમના થકી મિલાપ થયો મારા Ph.D.ના ગાઈડ અભયભાઈ દોશીનો !!! કે, જેઓના અથથી ઈતિ સુધીનું પ્રેમાળ અને તાત્વિક માર્ગદર્શન મળતું રહ્યું.... તેમના સહયોગથી મારા માટે અશક્ય કાર્ય શક્ય બન્યુ. મારા માર્ગદર્શક ડૉ. અભયભાઈ દોશીનો હું આભાર માનું છું.

પ્રસ્તુત શોધનિબંધ પાંચ પ્રકરણોમાં વિભક્ત છે. પ્રથમ પ્રકરણમાં સ્તોત્ર વિષયક સંક્ષિપ્ત ચર્ચા, તેનો ઉદ્‌ભવ અને વિકાસક્રમ તથા ભારતીય પરંપરાઓમાં હિન્દુ, બૌદ્ધ, ખ્રિસ્તી, ઈસ્લામાદિ પરંપરાના પ્રમુખ સ્તોત્ર સાહિત્ય પર વિચારણા કરી છે. સાથોસાથ જૈન દર્શનમાં કલ્યાણમંદિર સ્તોત્રના રચિયતા શ્રી સિદ્ધસેન દિવાકરજી વિશે જીવન તથા સાહિત્યિક માહિતીનો ઉલ્લેખ કર્યો છે. કલ્યાણમંદિર સ્તોત્રની સર્જનકથા તથા સર્જનકાળ વિશેના વિવિધ

પ્રશ્નોની રજૂઆત કરી છે. તૃતીય પ્રકરણમાં કલ્યાણમંદિર સ્તોત્રના ૪૪ શ્લોકોનું અર્થ-ભાવાર્થ-વિવેચનાર્થ કાર્ય કરેલ છે. જુદા જુદા આચાર્યના ભાવો ને અભિપ્રાયો તથા અન્ય વિવેચકોના સંદર્ભ તેમના ભાવોની રજૂઆત સંકલિત કરવાનો પ્રયાસ કર્યો છે. શ્લોકના વિવેચનકાર્યમાં 'જૈનાગમો', 'શ્રીમદ્ ભાગવત ગીતા' તથા અન્ય સ્તોત્રો તથા જૈન ગ્રંથો સાથે તુલના કરી મૌલિક દૃષ્ટિકોણથી મૂલવાનો અલ્પતમ પ્રયાસ કર્યો છે. ચતુર્થ પ્રકરણમાં જ્ઞાનવિમલસૂરિનું જીવનકથન દર્શાવ્યા બાદ તેઓ દ્વારા રચિત સ્તોત્ર આધારિત સજ્ઝાયોમાં વિશેષતા તથા છુપાયેલા ભાવાર્થ રજૂ કર્યા છે. પંચમ પ્રકરણમાં કલ્યાણમંદિર સ્તોત્ર આધારિત વૃત્તિરૂપ વિવેચનરૂપ સાહિત્ય, પાદપૂર્તિરૂપ સાહિત્ય, પ્રભાવિત સાહિત્ય તથા મંત્રાદિ સાહિત્યનો ઉલ્લેખ કરેલ છે. અંતમાં, ઉપસંહાર બાદ પરિશિષ્ટમાં શતાબ્દીવાર સ્તોત્રોની માહિતી તથા મંત્રાદિ સાહિત્ય સમાવિષ્ટ કરેલ છે.

આ 'કલ્યાણમંદિર સ્તોત્ર'ના અભ્યાસકાળ દરમિયાન ઘણી અંતરાયો આવી. સાધુજીવનમાં આજે અહીં તો કાલે અન્ય સ્થળે. દર વર્ષે પ્રાયઃ ૯૦૦ થી ૧૦૦૦ કિલોમીટરની પદયાત્રા વિહાર. ક્યારેક અભ્યાસ માટે હતાશા પણ આવી, તો ક્યારેક અન્ય સંયોગોને કારણે વિલંબ પણ થતો રહ્યો, પરંતુ જેમ-જેમ શ્લોકના ભાવોનું વિવેચન થતું ગયું તેમ-તેમ પ્રભુગુણોની સ્તુતિ કરવાનો ઉત્સાહ વૃધ્ધિવંત બનતો ગયો. આ માત્ર ભગવાનની સ્તુતિ જ નથી, સ્તુતિની સાથોસાથ ભક્તના હૃદયના ઊર્ધ્વીકરણનું વિવરણ છે. અનેકવાર પ્રભુગુણોનું વિશ્લેષણ કરતાં કરતાં મારા અંતરજગતને નિહાળતો ગયો. પ્રભુ સમાન બનવા માટે, કર્મદશાથી રહિત બની શુદ્ધ સ્વરૂપની સંપ્રાપ્તિ માટે જ પ્રભુનો વેશ પરિધાન કર્યો છે. પરંતુ, ક્યાં પ્રભુના અદ્‌ભુત ગુણો, કેવી નમ્રતા, કષ્ટો સામે અડગતા, રાગદ્વેષાદિ ભાવોથી પર વીતરાગતા ને ક્યાં મારા જીવનના અવગુણો ? ને શ્લોકભાવોનું વિવેચન કરતાં કરતાં મને પણ તે ગુણોની પ્રાપ્તિ માટે, દુર્ગુણોની સમાપ્તિ માટે પુરુષાર્થ કરવાનો વેગ મળ્યો. આ વિવેચનકાર્ય - શોધનિબંધ અન્યો તો સહાયક બનશે. પરંતુ મારા માટે સ્વભાવ સુધારણા, આત્મિક ચિંતન અને વીતરાગતામય ભાવોની વૃદ્ધિ માટે ચોક્કસ સહાયક બન્યું છે. પ્રભુને આપેલા કમઠાસુરના ઉપસર્ગોનું વર્ણન કરતાં વિચાર આવે, ક્યાં પ્રભુ કષ્ટો સામે-ઉપસર્ગો સામે આપની અડોલતા ને ક્યાં પ્રતિકૂળતામાં પણ અમારા જેવા જીવોની અસ્થિરતા ? પ્રભુના ગુણોનું અહોભાવપૂર્વક વર્ણન કરતાં વારંવાર યાચના કરતાં ગયો, 'પ્રભુ ! આપના જેવા ગુણોની ગુણરૂપી કૂંપળો મારામાં પણ ફૂટે ને તે ઉચ્ચ ભાવધારા પરમની પ્રાપ્તિ કરાવે.'

આ મહત્‌પ્રયાસમાં મને અનેક સમાદરણીય આત્મીયજનોનો સહયોગ પ્રાપ્ત થયો છે. જેમના પ્રત્યે કૃતજ્ઞતાભાવ પ્રદર્શિત કરવો મારું પ્રથમ કર્તવ્ય અને પરધર્મ માનું છું.

સર્વપ્રથમ પરમારાધ્ય, મારા હૃદયસિંહાસનના સ્વામી, અધ્યાત્મયોગી, પંડિતરત્ન, મારા દાદાગુરુ પૂ. નવિનચંદ્રજી મ.સા.ને વંદન કરું છું તથા બાળપણથી મારામાં ધર્મનાં બીજ અંકુરિત કરનાર, પ્રભુના સંયમમાર્ગ સુધી પહોંચાડવામાં પ્રેરકબળ મારાં ફઈ મહાસતીજી, પરમ ઉપકારી પૂ. સુજાતાબાઈ મહાસતીજી. જેમણે પ્રથમ તો આ કાર્ય માટે પ્રેરણા આપી, અને આ

કાર્ય પૂર્ણતા સુધી પહોંચે તે પૂર્વે જ અણધારી વિદાય થઈ. આજે જ્યારે તેઓશ્રીનું મને Ph.D. નો અભ્યાસ કરાવવાનું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે ત્યારે તેઓ જ્યાં હશે ત્યાં સવિશેષ પ્રસન્નતા અનુભવતાં હશે.

૭૨/૭૨ વર્ષનો સુદીર્ઘ સંયમપર્યાય ધરાવનાર, વાત્સલ્યમૂર્તિ, ગચ્છનાયક ગુરુદેવશ્રી પૂ. અમીચંદ્રજી મ.સા., ભક્તિરસનિમગ્ન પૂ. શૈલેષમુનિજી મ.સા. તથા કેવળ આ શોધકાર્યમાં નહીં પરંતુ સાધકજીવનની પ્રત્યેક પ્રવૃત્તિમાં જેઓશ્રીનું યોગદાન - પ્રેરણાદાન ને વાત્સલ્યદાન જ મારા જીવનની મૂડી છે તેવા, જૈનધર્મવર સ્તોત્રનો અનુવાદ કરવામાં ઉપકારી, મારા પ્રિય ગુરુદેવશ્રી પૂ. જયેશચંદ્રજી મ.સા.નો આભાર ઉપકારવર્ણવવા માટે મારા શબ્દકોષમાં કોઈ શબ્દ નથી. અમ ગુરુપરિવારના સ્નેહભાવ, શુભેચ્છાભાવ ને સહકારભાવથી યુક્ત સર્વ સાધ્વીગણને વિશેષમાં બેનસ્વામી પૂ. જાગૃતિબાઈ મહાસતીજીનો પણ લેખનકાર્યમાં મૂક સહયોગ કેમ ભૂલી શકાય ?

મારી જીવનયાત્રા અભ્યુત્થાનને પામે તે માટે શાસનચરણે સહર્ષ સમર્પિત થવાની અનુમતિ આપનાર, આ અભ્યાસયાત્રાને વેગવંત બનાવવા સતત શુભકામના ને શુભભાવના ભાવનાર ઉપકારી સંસારી માવિત્ર ધર્માનુરાગી પિતાશ્રી હર્ષદભાઈ, માતુશ્રી રીટાબેન, વડીલ ભાઈ-ભાભી પ્રતીકભાઈ-શ્વેતાબેન તથા મારા સમસ્ત સંસારી સર્વોદય પરિવારની શુભભાવનાનો આદર કરું છું.

આ સમગ્ર શોધનિબંધમાં વ્યાકરણની દૃષ્ટિએ ચિકિત્સા કરનાર ડૉ. ધનવંતીબેન મોદી તથા સ્તવનોના લેખનકાર્યમાં સહાયક ડૉ. પાર્વતીબેન ખીરાણી, પ્રજ્ઞાબેન સંઘવીનો અત્યંત આભારી છું. આ જ્ઞાનયાત્રામાં સહાયક બનનાર સંપ્રદાય પ્રમુખશ્રી ઉદારદિલ પ્રવીણભાઈ લોખંડવાલા, ડૉ. મહેશભાઈ ત્રિવેદી, ડૉ. ઉર્વશીબેન પંડ્યા, સ્વ. ડૉ. રસિકભાઈ શાહ, આદિ નામી-અનામી સર્વ જ્ઞાનપ્રેમીઓ તથા વારંવાર આર્થિક રીતે સહયોગી બનવાની ભાવના ભાવનાર ગુરુભક્તશ્રી નલિનીબેન પ્રસન્નભાઈ ટોલિયા શ્રી પ્રતિમાબેન પ્રકાશભાઈ શાહ, શ્રી બાવીશી યોગેશભાઈ આદિ ગુરુભક્તો, શ્રાવકોનો આભાર માનું છું.

મારા અભ્યાસકાર્ય માટે મેં લાલભાઈ દલપતરામ સંસ્કૃતિ વિદ્યામંદિર - અમદાવાદ, શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર - પાટણ, જૈનાચાર્ય શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર - કોબા, ફાર્બસ ગુજરાતી સભા - જુહૂ, સ્થાનકવાસી હીંગવાલા લેન ઉપાશ્રય પુસ્તકાલય - ઘાટકોપર, લાવણ્યસૂરિ જ્ઞાનમંદિર - બોટાદ, બાબુ અમીચંદ પુસ્તકાલય - વાલકેશ્વર, મહાવીર જૈન વિદ્યાલય પુસ્તકાલય - અંધેરી, શ્રમણી વિદ્યાપીઠ - ઘાટકોપર, શિવ-માણિક્ય પુસ્તકાલય - વડોદરા, શ્રુતભવન-કાત્રજ - પુણે, મુંબઈ યુનિવર્સિટી લાઈબ્રેરી (કાલીના) વગેરે પુસ્તકાલયોના સહયોગથી મારું કાર્ય આગળ વધી શક્યું.... તે સર્વેનો આભાર.

મારા શોધનિબંધનું કાર્ય પૂર્ણ થયા બાદ પૂર્ણતાને ઓપ આપવા કોમ્પ્યુટર ટાઈપીંગમાં શ્રી નરેન્દ્રભાઈ - નિલેશભાઈ (પાળિયાદવાળા) - શ્રી તુષારભાઈ (અમદાવાદ) તથા ટૂંકા

ગાળામાં વિશાળ કાર્ય કરી ગુરુભક્તિનાં દર્શન કરાવનાર આત્મીય શ્રી નિલેશભાઈ ગોસલિયા - ઘાટકોપરનો ઘણો ઘણો આભાર.

અંતમાં, એક વાત કહેવા માગું છું.... નાની ઉંમરથી જે જીવનચર્યા-સંયમમય સાધનાને હું સમર્પિત છું ત્યાં લૌકિક ઈચ્છાઓ તથા આકાંક્ષાઓનું કોઈ મહત્ત્વ નથી, અને નથી મને કોઈ શૈક્ષણિક ઉપાધિઓનું આકર્ષણ...!!! પરંતુ પોતાના અધ્યયનમાં અનુસંધાન કરી સારી રીતે ગતિશીલ - ઉન્નતિશીલ બનવા આધુનિક શૈક્ષણિક ક્ષેત્રમાં પ્રચલિત પરીક્ષાક્રમનો મેં સ્વીકાર કર્યો. મારા અધ્યયન અને અભ્યાસનું મુખ્ય લક્ષ્ય જ્ઞાનાર્જન તથા આત્મપરિષ્કાર જ છે.

પ્રસ્તુત કૃતિમાં મારી અલ્પમતિ અને છદ્મસ્થતાના કારણે ક્યાંય શાસ્ત્રવિરુદ્ધ પ્રરૂપણા થઈ હોય, જિનાજ્ઞાવિરુદ્ધ કાંઈ લખાયું હોય તો જિનેશ્વર ભગવંતોની સાક્ષીએ ક્ષમાયાચના કરું છું. અન્ય દર્શનની વાત રજૂ કરતાં કાંઈ અયોગ્ય થયું હોય અથવા પ્રૂફ સંશોધનમાં કોઈ ત્રુટિ રહી ગઈ હોય તો માફી માગું છું.

'કલ્યાણમંદિર સ્તોત્ર'માં જે અધ્યાત્મભાવો, વીતરાગીભાવો, પ્રભુગુણો દર્શાવેલ છે તેવા ભાવ-ગુણોની સમૃદ્ધિથી મારું જીવન પણ સમૃદ્ધ બને તે જ પ્રભુપ્રાર્થના...

તા. ૧૨/૦૮/૨૦૧૯, શુક્રવાર
ઘાટકોપર (વેસ્ટ), સંઘાણી શ્રીસંઘ,
ગુરુમાતા પૂ. સુજાતાબાઈ મહા.ની ૫૦મી માસિકતિથિ દિન.

- મુનિ સુપાર્શ્વચંદ્ર
(બોટાદ સંપ્રદાય)

-: અનુક્રમણિકા :-

પ્રકરણ - ૧	સ્તોત્ર સાહિત્ય, જૈન સ્તોત્ર સાહિત્ય તેમજ પાર્શ્વનાથ સંબંધી સ્તોત્ર	પૃ. ૧ થી ૫૫
પ્રકરણ - ૨	કલ્યાણમંદિર સ્તોત્રના રચિયતા - રચનાકાળ - સર્જનકથા	પૃ. ૫૬ થી ૭૬
પ્રકરણ - ૩	કલ્યાણમંદિર સ્તોત્રના અર્થની મીમાંસા - વિવેચનાર્થ	પૃ. ૭૭ થી ૨૩૫
પ્રકરણ - ૪	શ્રી જ્ઞાનવિમલસૂરિનું જીવન-કવન તથા તેઓશ્રીએ રચેલ કલ્યાણમંદિર સ્તોત્રના સ્તવનો.	પૃ. ૨૩૬ થી ૨૮૨
પ્રકરણ - ૫	કલ્યાણમંદિર સ્તોત્ર આધારિત અન્ય સાહિત્ય	પૃ. ૨૮૩ થી ૩૩૨
પ્રકરણ - ૬	ઉપસંહાર	પૃ. ૩૩૩ થી ૩૪૦
	પરિશિષ્ટ (૧ થી ૩)	પૃ. ૩૪૧ થી ૩૬૭
	સંદર્ભ પુસ્તક સૂચિ	પૃ. ૩૬૮ થી ૩૭૩

શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર

પ્રકરણ - ૧ :

સ્તોત્ર સાહિત્ય તથા જૈન સ્તોત્ર સાહિત્ય તેમજ પાર્શ્વનાથ સંબંધી સ્તોત્ર સાહિત્ય :

સમગ્ર વિશ્વમાં જીવસૃષ્ટિ ધબકતી દેખાય છે ને તે સમસ્ત જીવોમાં આગવી લાક્ષણિકતા ધરાવતું ને સર્વથી ભિન્ન માનવપ્રાણી છે. કારણકે માનવી એક વિચારશીલ અને ચિંતનશીલ પ્રાણી છે. તેના વિચારોને અભિવ્યક્ત કરી શકે તેવું અમૂલ્ય તત્વ તેને પ્રાપ્ત થયું છે. કથન અને મનનરૂપ વાણી ને વિચારો દ્વારા અભિવ્યક્તિ કરવા જે સર્જન થાય છે તેને સાહિત્ય કહેવાય છે.

ડૉ. હરિચરણ શર્મા જણાવે છે કે "સાહિત્ય મનના વેગોની સૃષ્ટિ મનાય છે." એમાં "સહિતત્વ - સહિતસ્ય ભાવ સાહિત્યમ્"નો સમાવેશ થાય છે. (૧)

આ સાહિત્ય તે માનવહૃદયની લાગણી ને તેનાં સ્પંદનો રજૂ કરવા માટેનું સશક્ત માધ્યમ છે.

- સાહિત્યની શરૂઆત ક્યારથી ?

આ સાહિત્ય બે પ્રકારે રચાયેલું જોવા મળે છે :

(૧) પદ્ય સ્વરૂપે (૨) ગદ્ય સ્વરૂપે

સાહિત્યનો અભ્યાસ કરતાં જણાય છે કે, શરૂઆતમાં જે સાહિત્યનું સર્જન થયું તે પદ્યરૂપે જ થયું હતું. લોકો સામાન્ય વાતચીત કે વ્યવહારમાં ગદ્યમાં બોલે છે. છતાં જન-જનના મન સુધી પહોંચવા પદ્ય તે અસરકારક માધ્યમ ગણાતું હતું. અનેક ભાવભર્યા સ્પંદન છલકાતી હૃદયઊર્મિઓને શબ્દનું કે ભાષાનું સ્વરૂપ આપવા માટે સહજરૂપે પદ્યોનો સહારો લેવામાં આવતો.

પદ્ય તે હૃદયનો વેપાર છે. હૃદયની ભાવોર્મિને ભાવુક વ્યક્તિ પદ્યોના માધ્યમેજ વ્યક્ત કરે છે ને માટેજ અનેક ભાવુકોના ભાવની અભિવ્યક્તિરૂપ કાવ્યો, પદ્યો-સાહિત્યાકાશમાં અપાર દેખાય છે. આ અનેકાનેક પદ્યકાવ્યોને આકાશમાં ચોતરફ ઝબૂકતા તારલા ને જેમ એકત્રિત કરવા અસંભવ છે. તેમ, વિરાટ સાહિત્યાકાશમાં શોભતા કાવ્યતારલાઓને એકત્રિત કરવા પણ અસંભવ છે. આ કાવ્યોમાં વિદ્વત્તાને પ્રજ્ઞતા ધરાવતા કાવ્યકારોએ પોતાની કુશળતાનાં અને કાવ્યકલાનાં દર્શન કરાવ્યાં છે. આવાં કાવ્યોની રચના પાછળનો ઉદ્દેશ શું ? કયાં હેતુભૂત કારણોથી કાવ્યોની રચના થાય છે તે જણાવતાં કાવ્યપ્રકાશકાર આચાર્ય શ્રી મમ્મટ જણાવે છે કે....

काव्यम् यशसे, अर्थकृते, व्यवहारविंदे, शिवेतरक्षये !
सद्यः पर निवृत्ये, कांतासमित तयो उपदेश युजे !!

કુલ છ કારણોથી કાવ્યરચનાના સર્જન માટેની વાત બતાવતાં કહે છે કે....

(૧) યશકીર્તિ માટે - કવિ પોતાની અદ્‌ભુત રચના ને કાવ્ય-કલાત્મક શક્તિ દર્શાવી લોકપ્રશંસા અને યશકીર્તિના ઉદ્દેશથી રચના કરે.

(૨) અર્થપ્રાપ્તિ માટે - કાવ્ય કવિશક્તિ દ્વારા જ ધનની પ્રાપ્તિ કરવાના હેતુથી કે જે આવી રચનાથી યોગ્ય પુરસ્કાર પામી જીવન નિર્વાહ કરે.

(૩) વ્યવહારજ્ઞાન - જનસમાજ સુધી સમાજ કે લોકહિતના વ્યવહારનું જ્ઞાન દર્શાવવાના આશયથી.

(૪) માત્ર પોતાના જ નહિ પણ સમસ્તને ધ્યાનમાં રાખી સ્વના જ નહિ પણ સર્વકલ્યાણના માટે તથા અમંગલના નિવારણ માટે.

(૫) કાવ્યરૂપ સ્તવના કે ગેયતાથી પરમતત્ત્વ સાથે અનુસંધાન જોડી પરમ આનંદ પ્રાપ્ત કરવા માટે.

(૬) પ્રિયતમાની જેમ મીઠાશપૂર્વક ઉપદેશ આપવાના કે હિતકારી હિતશિક્ષાઓ કે પ્રેમભરી પ્રેરણાનો પયગામ પાઠવવાના હેતુથી.

આ છ કારણે કવિતાનું-કાવ્યોનું પદ્યોનું સર્જન થાય છે. લૌકિક જગતના કાવ્યકારો માટે આ છ માંથી ગમે તે કારણે રચનાઓ થતી હશે પરંતુ સંતપુરુષોએ રચેલાં કાવ્યોની રચના પાછળનો હેતુ કીર્તિનો નહિ કલ્યાણનો જ હોય છે. સંતો પરમાર્થી છે માટે સમસ્ત જીવોના કલ્યાણનું લક્ષ રાખીને કૃતિરચનાનું કાર્ય કરે છે.

આ કાવ્યરચનામાં કવિ ક્યાંય પોતાના વિચિત્ર વિચારો રજૂ કરે છે તો ક્યાંક પોતાના ઈષ્ટદેવની ભક્તિ-સ્તુતિ કરે છે. આવા સ્તુતિ અને સ્તોત્રમય કાવ્યોના કેન્દ્રસ્થાને ભક્તિ જ છે.

આધ્યાત્મિક પરંપરામાં સાધનાના ત્રણ માર્ગ દર્શાવ્યા છે. જ્ઞાનયોગ, ક્રિયાયોગ અને ભક્તિયોગ. તેમાં સર્વજન સુલભ અને સુકર યોગ એક માત્ર આ ભક્તિયોગ જ છે. આવી ભક્તિ આત્મા માટે પરમાત્મા ને ભક્ત માટે ભગવાન બનવાની પાત્રતા પ્રગટાવે છે. એનાથી આત્માનાં પૂર્વસંચિત કર્મો પણ નાશ પામે છે. આટલી પ્રચંડ તાકાત અને પ્રબળ તાકાત ભક્તિમાં હોવા છતાં પણ આશ્ચર્ય એ છે કે, તે સર્વને સહજ-સાધ્ય છે. ખુદ ઉપાધ્યાયજી શ્રીમદ યશોવિજયજી જેવા સમર્થ જ્ઞાની પુરુષે પણ ભક્તિયોગની સર્વજન-ઉપકારિતા જોઈને કહ્યું છે કે -

सारमेतन्मया लब्धं, श्रुताबधेरवगाहनात् ।
भक्तिर्बागवती बीज, परमानन्द-सम्पदाम् ।।

અર્થાત્ શ્રુત-સમુદ્રના ઊંડા અવગાહન પછી મેં જો કોઈપણ સાર મેળવ્યો હોય તો, તે એ છે કે ભગવાનની ભક્તિ પરમાનંદની સંપત્તિનું બીજ છે.

વ્યક્તિ ભલે ગમે તે નિમિત્તે દુઃખના માધ્યમથી કે પ્રભુમિલનની પ્યાસથી ભક્તિ કરે, પણ તે ભક્તિ-સ્તુતિ-સ્તોત્રની આરાધના જીવાત્મા માટે આત્મવિકાસ કરવામાં સહાયક બની શકે છે. શ્રીમદ્ ભાગવતગીતામાં પણ ચાર પ્રકારની ભક્તિની વાત કરતાં જણાવે છે કે -

चतुर्विधा भजन्ते मां जनाः सुकृतिनोऽर्जुनः ।
आतो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ ।। (૩)

ચાર પ્રકારના લોકો પ્રભુભક્તિ-પ્રભુકીર્તનમાં જોડાયેલા મળે છે. આર્ત, અર્થાર્થી, જિજ્ઞાસુ અને જ્ઞાની.

મનુષ્યનો જન્મ પામેલ માનવી સમયે-સમયે કાંઈને કાંઈ સંકટોનો સામનો કરતો જ રહે છે. મિનિટે-મિનિટે તેના જીવનમાં કોઈને કોઈ મુંઝવણ ઊભી થાય છે ને ત્યારે આવી પરિસ્થિતિથી છૂટવા, સંકટથી બચવા વ્યક્તિ કોઈને કોઈ આધાર શોધવા માટે પ્રયત્ન કરે છે. કે જેના સહારાથી તે આફતમાંથી ઊગરી શકે ને ત્યારે તે સહારો શોધવા ચારેબાજુ નજર તો દોડાવે છે. પરંતુ ત્યારે તેના સહાયભૂત થઈ શકે તેવા માણસનો અભાવ દેખાય. તે વિચારતો હોય કે મારા સંબંધીઓ, સ્નેહીઓ મારી મદદે આવશે પણ તેમના તરફ દ્રષ્ટિ દોડાવતા, વિચારે કે, જેની મદદની અપેક્ષા લઈ બેઠો છું તે પોતેજ અનેક મૂઝવણોને ગૂંચવણો લઈ ઊભો છે. તો, હવે મારે શું કરવું ? કોને કહેવું ? ને ત્યારે પોતાની વેદના તથા વ્યથાને વાચા આપતી વાક્યરચનાઓ સહજરૂપે તેના મુખમાંથી સરી પડે ને આવા કાવ્યાત્મક વિચારો ને સમૂહ-પદો ભેગાં થઈને સ્તુતિ કે સ્તોત્ર બને છે. આર્તભક્તિ બાદ બીજા પ્રકારની ભક્તિ છે, અર્થાર્થી ભક્તિ.

અર્થ માટે - સંપત્તિ માટે કે સાંસારિક્ત ભોગસુખની લાલસાથી પ્રેરાઈને. કંઈક મેળવવા કે કાંઈક પામવાની પ્યાસથી જ્યારે પ્રભુસમક્ષ જઈ સ્તુતિ કે સ્તોત્રોનો ગાન કરે ત્યારે અર્થાર્થી ભક્તિ. શરૂઆતમાં તો ભક્ત માત્ર સાંસારિક અર્થની કામનાથી ભક્તિ કરે, પણ ભક્તિ કરતાં કરતાં જ્યારે તેનું લક્ષ બદલાય જાય ત્યારે તે અર્થાર્થી મટી પરમાર્થી અને મોક્ષાર્થીની અવસ્થા સુધી પણ પહોંચવા પ્રયત્નશીલ બને છે.

ત્રીજા પ્રકારની ભક્તિ છે જિજ્ઞાસુ ભક્તિ.....

પોતાના પ્રશ્નોનું નિરાકરણ અથવા તો તત્ત્વદ્રષ્ટિની જિજ્ઞાસા વ્યક્ત કરવા માટે પણ આવા ભક્તિરૂપ સ્તોત્રની રચના થાય છે. જ્યારે શ્રી જંબુસ્વામી ગૌચરીચર્યા માટે. નગરમાં પધાર્યા ત્યારે અન્ય જાતના લોકો પૂછે છે કે, તમારા ભગવાન કોણ છે ? કેવા છે ? તેમના ગુણો કેવા છે ? ને ત્યારે જંબુસ્વામી પરત આવી પોતાના ગુરુ સુધર્માસ્વામીને જિજ્ઞાસા વ્યક્ત કરતાં પૂછે છે.... આપના ગુરુ, દેવાધિદેવશ્રી મહાવીર સ્વામી કેવા હતા ? તેમનું જ્ઞાન-દર્શન-ચારિત્ર કેવું હતું ?

कहं च नाणं, कहं दंसणं से, सीलं कहं नायसुयस्स आसि ?(४)

આમ, જિજ્ઞાસુઓ પોતાની જિજ્ઞાસાની તૃપ્તિ માટે, પણ સ્તોત્રનો સહારો-સ્તોત્રની રચના થતી હોય છે ને સૌથી શ્રેષ્ઠ ભક્તિ.... જ્ઞાની ભક્તિ.

જ્યારે સ્તુતિ કે સ્તોત્રના માધ્યમથી આત્માને પરમાત્મા પદ પ્રાપ્ત કરવાની ઝંખના સાથોસાથ જ્ઞાનયોગથી સમજીને પ્રભુના મંગલમય, આનંદમય, ઐશ્વર્યમય, જ્ઞાનમય, દયામય, પ્રેમમય, સૌંદર્યમય અને સામર્થ્યમય સ્વરૂપનું ચિંતન કરતાં કરતાં જીવાત્મા પરમાત્મા બનવાની પ્યાસ પ્રગટાવી સ્તુતિ-સ્તોત્રના માધ્યમથી જે ભક્તિ કરે તે જ્ઞાની ભક્તિ. જ્ઞાનની શોધ કરતાં રહેવાથી મનુષ્યને સાક્ષાત્કાર થાય છે કે તેનો આત્મા તેના ભૌતિક શરીરથી ભિન્ન છે અને જ્યારે તે વધારે આ ભાવોની ઉન્નતિ કરે, ત્યારે તેને પૂર્ણપણે શુદ્ધ પરમાત્માનું જ્ઞાન થાય છે. ને પરમપુરુષો દ્વારા થતી રચનાનો મુખ્ય ઉદ્દેશ્ય જ્ઞાનસ્વરૂપને પામવા માટેનો જ હોય છે. સંતોને આપ્તપુરુષોએ રચેલાં કાવ્યો-સ્તુતિઓને સ્તોત્રો પાછળ માત્ર સ્વકલ્યાણ નહીં સમસ્ત જીવોનું કલ્યાણ થાય તેવા ભાવથી આવાં સ્તોત્રોની રચના થાય છે.

સ્તોત્ર વિશે નિશ્ચિતપણે કહી શકાય કે, આ જગતમાં ભાગ્યેજ કોઈ એવો ધર્મ હશે જેના સાહિત્યમાં સ્તુતિ કે સ્તોત્રને સ્થાન ન મળ્યું હોય માટે જ ડૉ. રુદ્રદેવ ત્રિપાઠીનું કથન છે કે ભારતીય વાઙમયનું મૂળ સ્તોત્ર સાહિત્ય ગણાય છે.

● સ્તોત્ર એટલે શું ?

વિશ્વના બધાજ ધર્મોનું પ્રાથમિક સાહિત્ય જે મળે છે તે સ્તોત્રરૂપમાં જ પ્રાપ્ત થાય છે. આચાર્યદેવ શ્રી યશો દેવસૂરિ મ.સા. કહે છે કે ઈષ્ટદેવ પ્રત્યે કૃતજ્ઞતા અથવા આત્મનિવેદનનું નામ જ સ્તોત્ર છે.

"स्तु" ધાતુમાંથી નિષ્પન્ન स्तुति શબ્દનો અર્થ છે, આરાધ્યદેવની પ્રશંસા કે સ્તુતિ, સ્તવ, સ્તવન, અને સ્તોત્ર શબ્દો લગભગ સમાનાર્થી છે. સ્તુતિમાં વ્યક્તિ અને ભગવાન વચ્ચેનો સંબંધ પરોક્ષ હોઈ શકે છે, પણ સ્તોત્રમાં તો આરાધક પ્રત્યક્ષ રીતે જ ઈષ્ટદેવને સંબોધીને આર્દ્રહૃદયે પ્રાર્થના કરે છે.

"स्तोत्र" ના વ્યુત્પતિજન્ય અર્થ અનુસાર જેનાથી સ્તુતિ કરાય તે સ્તોત્ર, स्तूयते अनेन इति स्तोत्रम् વ્યત્પત્તિજન્ય અર્થાનુસાર સ્તોત્ર દ્વારા આરાધ્યની સ્તુતિ એવો અર્થ નિષ્પન્ન થાય છે. આ સ્તોત્ર-કાવ્યપ્રકાર ભારતીય ઋષિઓના હૃદયનો પ્રથમ ઉદ્‌ગાર છે. વૈદિક સ્તોત્રના કાન્તદ્રષ્ટા કવિ પણ છે. સ્તોત્રના ગાનારને સ્તોતા કહેવાય. આ સ્તોત્રની વાણી અંતઃકરણમાંથી સ્વતઃ પસૂત હોવાને કારણે જ તે શુદ્ધ કાવ્ય તરીકે પુરસ્કૃત થયું. આ સ્તોત્ર કાવ્યપ્રકાર વિશ્વમાં પ્રાયઃ સર્વપ્રથમ ભારતીય ભૂમિ પર અંકુરિત થયો વિશ્વના વિવિધ દેશોમાં આદિમકાળથી મનુષ્યે પ્રકૃતિને ઉદ્‌બોધીને કરેલી પ્રાર્થનાઓમાં આ સ્તોત્ર-કાવ્યનાં મૂળ જોઈ શકાય છે, પરંતુ વેદની ઋચાઓમાં તેનું કાવ્યસ્વરૂપ અને હૃદયસ્પર્શિતા જોવા અનુભવવા મળે છે.

સમયની સાથે-સાથે વિવિધ ધર્મસંપ્રદાયોમાં પણ ભક્તિભાવથી પ્રેરિત માનવહૃદયની ઊર્મિઓ સ્તુતિ, ભક્તિ, શરણાગતિ અને પ્રાર્થના સ્વરૂપે સ્તોત્ર કાવ્યમાં અદ્યાપિપર્યંત પ્રગટતી રહે છે.

સ્તોત્રનું સ્વરૂપ એવું હોય છે કે જેમાં ભક્તહૃદયી સ્તોત્રકારને ઈષ્ટદેવ પ્રત્યે અપાર શ્રદ્ધા હોય છે કે જેમાં ભક્ત હૃદયી આધારે ને પોતાના ઈષ્ટદેવ પ્રત્યેના ઉત્કૃષ્ટ ભક્તિભાવથી પ્રેરાઈને આ કાવ્યના ગુણોનું વર્ણન કરે છે. આ સ્તોત્રમાં ક્યાંક છંદો, અલંકારો, ઉપમાઓનો સહજ રીતે સુંદર સમન્વય થયેલો હોય છે. આ સ્તોત્રના મંગલચરણમાં કવિના ભાવોની અભિવ્યક્તિ દર્શાવી વંદન નમસ્કારના ભાવ સ્વરૂપ પોતાની અલ્પતા તથા આરાધ્યદેવના ગુણોની મહાનતા દર્શાવી ઉપાસના ભાવથી આરાધ્યનો મહિમા, તેમના બાહ્ય તથા આંતરિક ગુણોનું ગુણદર્શન તથા પ્રાયઃ કરીને ત્યારબાદ પ્રભુ જેવા મંગલમય મુક્તિસ્વરૂપને પામ્યા તે પામવા માટેની યાચનાઓને ઝંખનાનો ભાન રજૂ કરવામાં આવે છે. તથા સ્તોત્રના અંતભાગમાં સ્તોત્ર દ્વારા મળતાં ફળનું વર્ણન અવશ્ય કરતો હોય છે.

આમ, સ્તોત્રનું સ્વરૂપ પ્રાઃય આ પ્રમાણે જોવા મળતું હોય છે.

સ્તોત્રમાં પદ્યસંખ્યા નક્કી કે નિશ્ચિત હોતી નથી. ઓછામાં ઓછા પાંચ શ્લોકનું પણ સ્તોત્ર હોઈ છે ને તેના આગળ દશ, વીશ, ચાલીસ, પચાસ, સો કે હજાર શ્લોક પ્રમાણ સુધી પણ સ્તોત્ર હોઈ શકે છે. તેની મહત્તમ શ્લોક/પદ્યસંખ્યામાં કોઈ મર્યાદા હોતી નથી.

આ સ્તોત્રની જુદા જુદા વિદ્વાનોએ જુદા-જુદા રૂપમાં વિભાવનાઓ આપી છે.

- સાહિત્યિક શબ્દાર્થના સાગર સમા ભગવદ્ ગોમંડળ ગ્રંથમાં સ્તોત્રનો અર્થ જણાવતાં બતાવ્યું છે કે "સ્તોત્ર- સં. સુત્ત (વખાણવું) સ્તુતિવાક્ય, કોઈપણ દેવની છંદોબધ્ધ સ્તુતિ, સ્તુતિનાં પદો, સ્તુતિનાં સમગાન યુક્ત મંત્ર પ્રકરણ, કોઈપણ દેવ વગેરેની સ્તુતિમાં શ્લોક, પ્રભુની મહત્તા અને મનુષ્યની હીનતા દાખવતા ભક્તિશબ્દો બોલાય તે સ્તોત્ર."(૫)
- આચાર્યશ્રી મહાપ્રજ્ઞજી સ્તોત્રની વિભાવના આપતાં કહે છે કે, "અવરોધોને દૂર કરવાનું મોટું આલંબન બને છે તે - સ્તોત્ર." (૬)
- આચાર્યશ્રી પદ્મસાગર સૂરિશ્વરજી મસ.સા. જણાવે છે "આપણા આરાધ્યદેવના સદ્‌ગુણોની છંદોબદ્ધ પ્રશંસા જ સ્તુતિ, સ્તવન કે સ્તોત્ર છે. સ્તોત્રથી ભાવો પવિત્ર થાય છે. જે સદ્‌ગુણોની પ્રશંસા કરવામાં આવ છે તેને પોતાના જીવનમાં અપનાવવાથી પરોક્ષરૂપથી પ્રેરણા મળે છે. શ્રદ્ધાળુ પણ શ્રધ્ધેય ચિંતનથી શ્રધ્યેય બનાવા લાગે છે. આજ કારણે પ્રાચીન કાળથી આધ્યાત્મિક જગતમાં સ્તુતિ - સ્તોત્રનું વિશિષ્ટ સ્થાન રહેલું છે."(૭)
- શ્રી રુદ્રદેવ ત્રિપાઠી જણાવે છે કે, આરાધ્યના ઉત્કૃષ્ટ-દર્શન ગુણોનું વર્ણન જ સ્તોત્ર કહેવાય. જો એમાં ગુણ ન હોય અને માત્ર મિથ્યા કથન જ હોય તો પ્રતારણા કહેવાય છે. એથી આવા ગુણો ઈશ્વરમાં જ હોઈ શકે છે. તેથી ઈશ્વર જ એક સ્તોતવ્ય છે. અણુભાષ્ય છે. મંત્ર-પદ્ય જે છંદોબધ્ધ ગુણકીર્તન થાય છે તેનું નામ સ્તોત્ર છે.(૮)
- 'વેદિક કોશ'માં સ્તોત્ર માટે કહેવામાં આવ્યું છે કે प्रतिगतिसन्त्रसाध्य स्तोत्रम् કોઈ દેવતાનું છંદોબધ્ધ સ્વરૂપ કથન કે ગુણકીર્તન અથવા સ્તવન/સ્તોત્ર કહેવાય છે.(૯)
- શ્રી કિંજવડેકર જણાવે છે કે, गुणसंकीर्तनात् त्रायचे यस्मात् तत् स्तोत्रम् ।
- 'શિવાનંદલહરી'માં શંભુ ભટ્ટ જણાવે છે કે, A Storra is composition that praises the virtues of God with a view to promotion bhakti in the minds of the people who chant the stotra. (૧૧)
- 'શ્રી કલ્યાણહરી'માં શંભુ ભટ્ટ જણાવે છે કે, A Stotra is the direct speech in the intensity of feeling when the devotee becomes inspired and has come nearest to the Divine presence. (૧૧)

આમ, જુદા-જુદા વિદ્વાનો - આચાર્યોના મતપ્રમાણે સ્તોત્રની વિભાવના આપવામાં આવી છે. સમગ્ર વિદ્વાનોના મત જોતાં, સ્તોત્રની વ્યાખ્યા જોતાં કહી શકાય કે, સ્તુતિ-સ્તવન સ્તોત્ર બધામાં ઈષ્ટદેવના વિધમાન બાહ્ય તથા આભ્યંતર ગુણોનું યથાયોગ્ય વર્ણન, છંદોબધ્ધ રીતે કરવામાં આવે છે. સ્તોત્રની રચનામાં મોટા ભાગે ભક્ત રચનાકાર કાવ્યકલા, ભક્તિરસ અને શાંતરસનાં દર્શન કરાવવા સ્તોત્રની રચના કરે છે.

- **સ્તોત્રના પ્રકારો :-**

ઉધાન માત્ર એક પુષ્પથી નહિ પણ અનેક પ્રકારનાં પુષ્પના સમૂહથી જ શોભાયમાન લાગે છે. છતાં એક પ્રકારનું પુષ્પ જો ચૂંટવામાં આવે તો પણ તે જનમાનસને પ્રફુલ્લિત કરવામાં સહાયક બને છે. તેમ સાહિત્યરૂપી ઉધાનમાં પધના અનેક પ્રકારોમાંથી એક સ્તુતિ-સ્તોત્ર

કાવ્ય. આ સ્તોત્રસાહિત્યમાં જુદાં જુદાં સ્વરૂપના અનેક સ્તોત્રો સ્થાન પામ્યા છે.

શૈનકીય બ્રહદ્દેવતામાં કહેવામાં આવ્યું છે કે -

स्तुतिस्तु नाम्ना रूपेण कर्मणा बान्धवेन च ।
स्वगांयुधर्न - पुत्राधैरर्थेराशीस्तु कथ्यते ।।

અર્થાત્ (૧) નામસ્તોત્ર (૨) રૂપ-સ્તોત્ર (૩) કર્મ-સ્તોત્ર (૪) ગુણ-સ્તોત્ર અને (૫) આશીઃપરક સ્તોત્ર એમ સ્તોત્રના પાંચ પ્રકાર પાડી શકાય.

ડૉ. રુદ્રદેવ ત્રિપાઠી 'ભક્તામર સ્તોત્રની વિવિધ પક્ષીય દિવ્યતા' નામક પોતાના લેખમાં છ પ્રકારના સ્તોત્રની ચર્ચા કરી છે.

नमस्कारस्तथाऽऽशीश्च सिद्धान्तोत्किं पराक्रमः ।
विभूतिः प्रार्थना चेति षड्विधं स्तोत्रलक्षणम् ।। (૧૩)

(૧) નમસ્કારાત્મક (૨) આશીર્વાદાત્મક (૩) સિદ્ધાંત પ્રતિપાદનાત્મક (૪) પરાક્રમ વર્ણનાત્મક (૫) વિભૂતિ સ્મરણાત્મક તથા (૬) પ્રાર્થના મૂલક

તથા આ સિવાય પણ સ્તોત્રના બીજા જુદા-જુદા ત્રણ પ્રકારો (૧) આરાધના સ્તોત્ર (૨) અર્ચના સ્તોત્ર અને (૩) પ્રાર્થના સ્તોત્ર એમ દર્શાવે છે.

જે અન્ય આચાર્યોના મતાનુસાર પણ સ્તોત્રના મૂળભૂત પ્રકારો છે. આ ત્રણ પ્રકારો વિશેષ રીતે પ્રસિદ્ધછે.

૧. આરાધના સ્તોત્ર - પોતાના ઈષ્ટદેવ રૂપ - ગુણની યશગાથા તેને પ્રાપ્ત થતી વિભૂતિઓનું વર્ણન જે પ્રકારના સ્તોત્રમાં વિસ્તારથી વર્ણન હોય તે આરાધના સ્તોત્ર.

૨. અર્ચના સ્તોત્ર - જ્યારે પરમતત્ત્વ સ્વરૂપનું સ્મરણ કરીને તેમાં વિશિષ્ટ ગુણોને યાદ કરતાં કરતાં ભાવભક્તિ મૂલક પૂજા કરવામાં આવે ને જેમાં પ્રભુના કર્તૃત્વનું વિશ્લેષણ કરવામાં આવે તે અર્ચના સ્તોત્ર.

૩. પ્રાર્થના સ્તોત્ર - ઈષ્ટદેવના ચરણોમાં પ્રભુની મહાનતા તેના ગુણસાગરની વિશેષતાનું શબ્દગાન કરી પોતાની અલ્પતા, લઘુતા, હીનતા કે ન્યૂનતા દર્શાવિવા પ્રભુભક્તિરૂપ વંદના - સંવેદનાસભર ભાવોથી બોલાતું સ્તોત્ર તે પ્રાર્થના સ્તોત્ર - આ સિવાય પણ બીજા આચાર્યો દ્રવ્યસ્તોત્ર - કર્મસ્તોત્ર - વિધિ સ્તોત્ર અને અભિજન સ્તોત્ર આવાં ચાર પ્રકારો બતાવે છે તથા તે સિવાય પણ સ્તોત્રાવલી નામક ગ્રંથમાં આચાર્યદેવ પૂ. યશોદેવસૂરિજી સ્તોત્રના અન્ય પ્રકારો દર્શાવિતા જણાવે છે કે -

૧. સંખ્યાશ્રિત સ્તોત્ર - મુક્તક, પંચક, ષષ્ઠી, સપ્તક, અષ્ટક, દશક, દ્વાદશી, ષોડશી, વિંશતિકા, ચતુર્વિંશતિકા, દ્વાત્રિશંકા પશ્ચાશતી, શતક, સહસ્ત્રનામ વગેરે.
ઉદાહરણ તરીકે, વિષ્ણુસહસ્ત્રનામ અને લલિત સહસ્ત્રનામ આદિ સ્તોત્રોમાં પ્રભુના સંખ્યાબદ્ધ વિશેષણો અને ગુણો દર્શાવ્યા છે. આચાર્ય શ્રી સિદ્ધસેન દિવાકરજી દ્વારા વિરચિત દ્વાત્રિશંકાઓ, પંચત્રિશંકાઓ, એકત્રિશંકાઓ આદિ સંખ્યાશ્રિત સ્તોત્રો છે.

૨. ફલાશ્રિત સ્તોત્ર - નિગ્રહ, અનુગ્રહ, ઉપાલંભ, પીડાહર, ઋણ હર, દારિદ્રનાશક, રક્ષાકવચ, શરણ વગેરેના ભાવોથી સ્તાવાતું ભક્તિભાવ-મય સ્તોત્ર તે ફલાશ્રિત સ્તોત્ર.
ઉદાહરણ તરીકે, શ્રી ભદ્રબાહુ સ્વામી દ્વારા રચિત ઉવસ્સગહરમ્ સ્તોત્ર કે જેમાં વ્યક્તિ

પીડા હરવાના ભાવથી રક્ષાકવચના ભાવથી અથવા મહામૃત્યુંજય સ્તોત્ર આદિનો ફલાશ્રિત સ્તોત્ર છે.

૩. ધ્યાનપૂજાશ્રિત સ્તોત્ર - પ્રાર્થના, ધ્યાન, અપરાધ ક્ષમાપના, આત્મબોધ, કૈવલ્યશ્રીની પ્રાપ્તિ, વૈરાગ્યબળના પૂરક માટે સ્તવાતાં સ્તોત્ર તે ધ્યાનપૂજાશ્રિત સ્તોત્ર.

૪. મંત્રપાદશ્રિત સ્તોત્ર - વિભિન્ન દેવતાઓના મંત્રોના સમાવેશ સાથેનું સ્તોત્ર.

૫. શાસ્ત્રાશ્રિત સ્તોત્ર - જુદા જુદા શાસ્ત્ર અને સંપ્રદાયના સિદ્ધાંતોનું પ્રતિપાદન કરવાવાળાં સ્તોત્ર દા.ત. વીરસ્તવ (પુચ્છિસુણં) તે સૂયગડાંગ સૂત્ર નામના શાસ્ત્રમાં છે.

૬. કાવ્યકલાશ્રિત સ્તોત્ર -

૧. કોષની દ્રષ્ટિએ નામવાળા અષ્ટોત્તર શતનામ, સહસ્ત્રનામ વગેરે.

૨. ભાષાની દ્રષ્ટિએ વિવિધ ભાષાઓનાં સૌષ્ઠવથી સજાવેલું સ્તોત્ર.

૩. છંદોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવેલા - આર્યાદિક સ્તોત્ર.

૪. અલંકારોને માધ્યમ બનાવીને લખવામાં આવેલું સ્તોત્ર જેમાં શબ્દ અને અર્થગત અલંકારોનું પ્રમુખ સ્થાન હોય છે.

૭. ચમત્કારાશ્રિત સ્તોત્ર - કાવ્ય તથા તેના સંબંધિત અન્યોન્ય જુદા જુદા ચમત્કાર જેવી રીતે ચિત્રબંધ સમસ્યાપૂર્તિ, શ્લેષ, સરસ્વતી, કમળ વગેરે મુખ્ય પદગર્ભ, મંત્ર-તંત્ર-યંત્ર યોગ, ભેષજ (ઔષધ), વગેરેને ગર્ભિત રાખીને બનાવેલ સ્તોત્ર આ પ્રકારમાં આવે છે. ચમત્કારાશ્રિત સ્તોત્ર માટે મયૂર ભટ્ટનું સૂર્યશતક અને બાણભટ્ટનું ચંડીશતર ઉત્તમ ઉદાહરણો છે.

૮. ઉપદેશાશ્રિત સ્તોત્ર - જીવ, આત્મા, મન, માનવ વગેરેનું લક્ષમાં રાખીને તેનું કલ્યાણ કરવાની ભાવનાથી આપવામાં આવેલા ઉપદેશોનો સમાવેશ કરવાવાળા સ્તોત્ર વગેરે. (૧૪)

● ડૉ. મણિલાલભાઈ પ્રજાપતિ સ્તોત્રકાવ્યના પાંચ પ્રકાર દર્શાવતા જણાવે છે -

૧. ૧. દેવતાનુસારી સ્તોત્ર - પુરુષતત્ત્વ, દેવતત્ત્વના સ્તોત્ર, વિષ્ણુસ્તોત્ર, બ્રહ્મસ્તોત્ર, ગણપતિ સ્તોત્ર, સૂર્યદેવનું સ્તોત્ર, શિવમહિમ્નસ્તોત્ર, પાર્શ્વજિન સ્તોત્ર, વીરસ્તોત્ર આદિ.

૨. દેવી સ્તોત્ર - દેવી તે શક્તિસ્વરૂપા ગણાય છે. આ દેવીનાં અનેક નામો સ્તોત્રોમાં જોવા મળે છે. ગંગાષ્ટક, અન્નપૂર્ણા સ્તોત્ર, આનંદલહરી, ચંડી દેવી સ્તોત્ર, મહાલક્ષ્મી સ્તોત્ર, સરસ્વતી સ્તોત્ર, પદ્માવતી સ્તોત્ર આદિ.

૨. વિષયાનુસારી સ્તોત્ર - ગ્રહશાંતિ સ્તવ, વિષયાહાર સ્તુતિ, ચૈત્યપ્રતિકૃતિ સ્તવ, દોષાપહાર સ્તોત્ર, નિશ્ચય - વ્યવહાર સ્તોત્ર આદિ.

૩. પ્રાતઃ સ્મરણ સ્તોત્ર - પ્રાભાતિક સ્તુતિ, પ્રભાતકુલક, બાળ સૂર્યદેવ સ્તોત્ર આદિ તથા અદ્‌ભુત નવસ્મરણને પ્રાતઃ સ્મરણ સ્તોત્રમાં ગણી શકાય.

૪. સહસ્ત્રનામ સ્તોત્ર - જિન સહસ્ત્રનામ, સહસ્ત્રનામ સ્તવન, વિષ્ણુસહસ્ત્રનામ, લલિત સહસ્ત્રનામ આદિ.

૫. પદ સંખ્યાનુસારી સ્તોત્ર - (૧) ષટ્‌ક (છ શ્લોક) (૨) અષ્ટક (આઠ શ્લોક) (૩) વિંશિકા (વીસ શ્લોક) (૪) ચતુર્વિંશકા (ચોવીસ શ્લોક) (૫) પંચવિંશિકા (પચ્ચીસ શ્લોક) (૬) દ્વાત્રિંશિકા (બત્રીશ શ્લોક) (૭) ષટત્રિંશિકા (છત્રીસ શ્લોક) (૮)

પંચાશિકા (પચાસ શ્લોક) (૯) શતક (સો) શ્લોક વગેરે.

આમ આ પાંચ પ્રકારો દર્શાવ્યા છે. (૧૫)

● **સ્તોત્રકાવ્યની મહત્તા :-**

ભક્તહૃદયી સાધક માટે આ સ્તુતિને સ્તોત્ર એ પ્રભુ મિલન માટે તથા પોતાના ભાવોની અભિવ્યક્તિ માટે સશક્ત માધ્યમરૂપ છે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ઓગણત્રીસમાં અધ્યયના ૧૪ મા બોલમાં કહેવાયું છે કે.

"થય-થુઈ મંયુલેણં ભંતે । જીવે કિં જણયઈ ?" (ઉત્તર "નાણંદસણ - ચારિત - બાહિલાભં સંજણઈ, નાણ - દંસણ - ચારિત્ર - બોહિલાભ સંપન્ને ણં જીવે અંતકિરિયં કપ્પ - વિભાણોવવત્તિયં આરાહણં આરાહેઈ (૧૬)

" હે ભગવન્ ! સ્તવ અને સ્તુતિરૂપ ભાવમંગલથી જીવ કયા લાભને ઉત્પન્ન કરે છે ?"

ઉત્તરમાં ભગવાન જણાવે છે હે શિષ્ય ! સ્તવ અને સ્તુતિરૂપ ભાવમંગલથી જીવ જ્ઞાનબોધિ, દર્શનબોધિ અને ચારિત્રબોધિના લાભને પ્રાપ્ત કરે છે અને જ્ઞાનબોધિ, દર્શનબોધિ તથા ચારિત્રબોધિનો લાભ થતાં તે જીવ કલ્પવિમાનમાં ઉત્પન્ન થાય છે અથવા મોક્ષમાં જાય છે."

અર્થાત્ સ્તવ-સ્તુતિરૂપ મંગલથી જીવે દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વરૂપ બોધિલાભની પ્રાપ્તિ થાય છે. આનાથી જીવને કર્મનો સર્વથા નાશ કરવાની મુક્તિની પ્રાપ્તિ થાય છે. અથવા વૈમાનિક દેવલોકમાં ઉત્પન્ન થવાનો આરાધનાથી લાભ થાય છે.

અહીં એ સ્પષ્ટ થાય છે કે, સ્તુતિ સ્તોત્રાદિ દ્વારા જીવને જ્ઞાન-દર્શન-ચારિત્ર એ રત્નત્રયીની પ્રાપ્તિ થાય છે અને તેમાંથી તે જ ભવમાં મુક્તિ/મોક્ષની કદાચ પ્રાપ્તિ ન થાય તો પણ વૈમાનિક દેવલોકની પ્રાપ્તિ તો અવશ્ય થાય જ છે.

દરેક વિદ્વાનો - આચાર્યો - મહર્ષિઓ જે સ્તુતિ/સ્તોત્રો બનાવ્યાં તેની રચનાના અંતમાં આ સ્તુતિ ને સ્તોત્રોનું ફળ શું છે ? સ્તોત્ર પાઠના પઠન-પાઠનથી જીવને શું લાભ થાય ? તેનો પ્રત્યુત્તર અંતિમ ગાથામાં કે અંતિમ ભાગમાં રજૂ કરવામાં આવે છે. મહાપ્રભાવક શ્રી ભક્તામર સ્તોત્રના રચિયતા શ્રી માનતુંગસૂરિજી સ્તોત્રના અંતિમ ચરણમાં કહે છે :

"સ્તોત્ર સ્રજં તવ જિનેન્દ્ર ! ગુણૈર્નિબધ્ધામ્,
ભક્ત્યા મયા રુચિરવર્ણ વિચિત્ર પુષ્પામ્ ।
ધત્તે જનોય ઈહ કણ્ઠગતામજસ્રં,
તં માનતુંગમવશા સમુપૈતિ લક્ષ્મીઃ ॥ ૪૮ ॥

અર્થાત્ હે જિનેશ્વર દેવ ! મારા વડે ભક્તિથી પૂર્વોક્ત જ્ઞાનાદિ ગુણો વડે ગૂંથાયેલી તથા મનોહર અક્ષરોરૂપી વિચિત્ર પુષ્પોવાળી તમારી આ સ્તોત્રરૂપી માળાને આ સંસારમાં જે મનુષ્ય નિરંતર કંઠમાં ધારણ કરે છે, તે માન વડે ઉન્નતિ પામે છે તથા લક્ષ્મી વિવશ થઈને તેની સમીપે જાય છે.

શ્રી સિધ્ધસેન દિવાકરે કલ્યાણ મંદિર સ્તોત્રમાં પ્રભુસ્તુતિ કે પ્રભુસ્તવનાથી કયા ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય છે તે અંતિમ શ્લોકમાં વર્ણવ્યું છે.

જનનયનકુમુદચન્દ્ર-પ્રભાસ્વરા : સ્વર્ગસમ્પદો ભુક્તવા ।
તે વિગલિતમલનિચયા, અચિરાત્મોક્ષં પ્રપદ્યન્તે ॥ ૪૪ ॥

અર્થાત હે મનુષ્યનેત્રરૂપી કુમુદિનીના ચંદ્રરૂપી સ્વામિન્ ! તારી ભક્તિથી પોતાનું મન નિર્મળ થવાથી દેદિપ્યમાન સ્વર્ગની સંપત્તિઓને ભોગવીને શીઘ્ર મોક્ષને પામે છે.

સ્તોત્રકાર માત્ર લોકોના ઉપસર્ગાદિ ટાળવા કે ગ્રહપીડાદિ નિવારવા પૂરતાજ મર્યાદિત રહીને ત્યાંજ અટકી નથી જતાં પણ ત્યારથી આગળ વધી સર્વજીવો સ્વકલ્યાણના માર્ગે આગળ વધી મોક્ષલક્ષી, મોક્ષાભિમુખ બને તે લક્ષ પણ કેળવાયેલું હોય છે.

શ્રી ભદ્રબાહુ સ્વામીકૃત ઉવસ્સગહરમ્ સ્તોત્રમાં છેલ્લે "દિજ્જ બોહિં" અર્થાત્ બોધિબીજ જન્મોજનમ મળે તેવી પ્રાર્થના દર્શાવવામાં આવી છે. ઉપસર્ગોના, કષ્ટોના કે વિઘ્નોના નાશ માટે પ્રસિદ્ધિકારક બનેલું સ્તોત્ર અંતિમ ચરણમાં તો બોધિબીજની જ યાચનાને પ્રાર્થનાના ભાવ સાથે પૂર્ણ થયું છે. બોધિબીજ એટલે કે સમ્યગ્જ્ઞાન કે જેના પરિણામે સમ્યગ્દર્શન સંપ્રાપ્ત થાય.

ઈતિહાસ સાક્ષી પૂરે છે કે, ઘણા ઘણા જીવાત્માઓ ઉત્કૃષ્ટ ભાવથી કરાયેલ ભક્તિમગ્ન બની આત્મકલ્યાણના માર્ગે આગળ વધતા સ્વયં શુદ્ધાત્મદશાને પામ્યા છે. પ્રાચીનકાળથી આજ સુધીમાં રચાયેલા આવાં સ્તોત્રો આરાધક માટે સર્વમનોરથપૂર્તિ કરનારા ચાહે તે કીર્તિની હોય કે કલ્યાણની હોય પણ તેમાં સહાયક બન્યા છે.

ચોવીસ તીર્થંકરોની સ્તુતિ સમાન શ્રી લોગસ્સ સૂત્રમાં પણ છેલ્લે "આરૂગ્ગમ્ બોહિલાભં" તથા "સિદ્ધા સિદ્ધિ મમ દિસંતુ"ની જ યાચના કરવામાં આવી છે. તે માટે શ્રી ઉત્તરાધ્યન સૂત્રના ઓગણત્રીસમાં અધ્યયનમાં કહ્યું છે કે

"चउवीसत्थण्णं भंर्त ! जीवे किं जणयइ ?"

(ઉત્તર) "चउवीसत्थण्णं दंसण-विसोहि जणयई (૧૭)

શ્રી ગૌત્તમસ્વામી પ્રશ્ન કરે છે કે હે ભગવતં ! ચતુવિંશતિ-સ્તવ કરવાથી જીવ કયા લાભને પ્રાપ્ત કરે ?

ઉત્તર - હે ગૌતમ ! ચતુવિંશતિ સ્તવથી જીવ દર્શન - વિશુદ્ધિ લાભને પ્રાપ્ત કરે છે.

પરમજ્ઞાની શ્રી મહાવીરદેવ કહે છે કે, દર્શન વિશુદ્ધિ અર્થાત્ સમકિતની પ્રાપ્તિ. આ ચોવીસ તીર્થંકરોની સ્તુતિ કરતાં જીવાત્માના દર્શનની વિશુદ્ધિ થાય અને દર્શનની વિશુદ્ધિ થતા તેના ભવોભવની, જન્મ-મરણની અવસ્થામાંથી પણ છૂટકારો મળી શકે તેમ છે. આમ, સ્તુતિ અને સ્તોત્રનો આધાર લઈ, સ્તોત્રના સ્મરણ વખતે જો ભાવ-ભક્તિ ઉચ્ચ બને તો જીવાત્મા તેના સંસારનાં કષ્ટો, વિઘ્નો ને સંકટોમાંથી મુક્ત બને જ પણ જન્મ-મરણના ચક્રમાંથી મુક્ત બની શકે છે.

● વિશ્વના વિવિધ ધર્મોમાં સ્તોત્ર સાહિત્ય -

આ વિશ્વમાં અનેક ધર્મો પ્રવર્તી રહ્યા છે. આ ધર્મ ઈશ્વરવાદી હોય કે, અનીશ્વરવાદી હોય તે દરેકમાં ઈષ્ટ વસ્તુના, પોતાના ઈષ્ટદેવના, પોતાના આરાધ્યની ભક્તિ માટે, પ્રાર્થના માટે, પ્રભુસત્સંગ માટે, સ્તુતિ અને સ્તોત્રનો આધાર તો લેવાયો જ છે. પૃથ્વીપટ પર વિકસિત બનેલા ધર્મોમાં દરેક ધર્મોમાં સ્તુતિ-સ્તોત્રને મહદ્અંશે કે અલ્પાંશે સ્તુતિ અને સ્તોત્રને તો

સ્થાન મળ્યુંજ હશે. વિશ્વના ભિન્ન ભિન્ન ધર્મો, હિંદુ ધર્મ હોય કે બૌદ્ધધર્મ હોય, ચીની ધર્મ હોય કે ખ્રિસ્તીધર્મ હોય, યહૂદી ધર્મ હોય કે જૈનધર્મ હોય, દરેક ધર્મોમાં સ્તોત્રની રચના થયેલી જોવા મળે છે. દરેક ધર્મમાં સ્તોત્રનો પ્રકાર ભલે અલગ-અલગ હોય પરંતુ દરેકમાં પોતાના આરાધ્ય માટે, ઈષ્ટદેવના ગુણોનું એક યા બીજી રીતે વર્ણન કરવામાં આવ્યું જ છે.

● હિંદુ સ્તોત્ર સાહિત્ય :-

હિંદુધર્મમાં - હિંદુ સાહિત્ય તરફ દૃષ્ટિપાત કરતાં જણાય છે કે, આર્ય પરંપરાનું દિગ્દર્શન કરાવતાં વેદો સૌથી પ્રાચીન છે. આ વેદોમાં અપૂર્વ તત્ત્વજ્ઞાનનો ભંડાર, વિપુલ શબ્દભંડાર તથા સંસ્કૃતિની મહાનતાનું નિદર્શન કરાવે છે. આ વૈદિક સાહિત્ય તે સમયના લોકજીવનની, લોકોની રીત-ભાતની, આચાર-વિચારની સંસ્કૃતિનું આબેહૂબ વર્ણન કરાવેલ છે. તેમાં આર્ય સંસ્કૃતિ અને પૌરાણિક ધર્મો વિષે પણ સ્પષ્ટ ચિત્ર ઉપસાવેલ છે. પ્રાયઃ કરીને બે હજાર વર્ષથી પણ વધુ સમયથી હિંદુધર્મનું વર્ચસ્વ જનમાનસ પણ છવાયેલું જોવા મળે છે.

હિંદુધર્મમાં સ્તોત્ર શબ્દ પ્રત્યે ઘણાં અભિગમો અને જુદી જુદી વિભાવના દર્શાવવામાં આવી છે. સર્વપ્રથમ સ્તોત્રને સામાન્ય રીતે પ્રભુ પ્રત્યેની સર્વોચ્ચ ભક્તિભાવનાના અર્થમાં તેના ભક્તિ ઉપરના ઉપકારની અને ભક્ત દ્વારા તેના ગુણોનું વર્ણન અને તેના ઉપકારકતાની પ્રબળ અનુભૂતિ દર્શાવવા સ્તુતિ થાય છે. વૈજ્ઞાનિક સંશોધન પછી એવું તારણ નીકળે છે કે એ વેદો સમયાંતરે જુદા જુદા ઋષિમુનિઓએ તે તે કાળના ગવાતા અને પઠન કરાતા તાલ, લય એ સમયાનુસાર પોતપોતાની રીતે ભક્તિમય જે શબ્દો ઉચ્ચાર્યા તે જ સ્તોત્ર રૂપે મનાય છે. સ્તોત્ર એટલે જે તત્ત્વજ્ઞાન પણ દર્શાવે છે અથવા બિનસાંપ્રદાયિકતાપણું પણ દર્શાવે અને અને આવા સ્તોત્રો ઋગ્વેદ અને અથર્વવેદમાં મળી આવે છે.

ઈ.સ. પૂર્વ ૮૦૦ પહેલાં જ્યારે પુસ્તકો લખાયાં ન હતાં ત્યારે મૌખિક રીતે પોતપોતાની યાદદાસ્ત મુજબ વંશ-વારસાગત આ સ્તોત્રો અપાતાં જે સૌ યાદ રાખી લેતાં અને કાળક્રમે તેમાં થોડા-ઘણા ફેરફારો થયા, પોતપોતાની સમજ મુજબનો તેમાં ઉમેરો થતો ગયો. તે ઋગ્વેદની સૌ પ્રથમ રચના અથવા રૂપરેખા ગણાઈ. ત્યારબાદ જ્યારે પણ બીજા વેદોની રચના થઈ હશે ત્યારે તેનો મૂળ આધાર મહદ્ અંશે લેવાયો. અન્ય બીજા વેદો ધીમે-ધીમે અસ્તિત્વમાં આવ્યા અને જ્યારે તેમને ગ્રંથરૂપે અંતિમ સ્વરૂપ મળ્યું તે 'સંહિતા' રૂપે આપણી સમક્ષ છે.

વૈદિક સ્તોત્રની શબ્દરચના અને શબ્દપ્રયોગ સંસ્કૃતભાષામાં બોલાતા શબ્દભારથી અનોખા પ્રકારનાં અને મધુર શબ્દોથી યુક્તમાં ગણાય છે. ઋગ્વેદના બધા સ્તોત્રો છંદબદ્ધ અને તાલબદ્ધ છે. જેમાં આઠ, અગિયાર કે બાર એકસ્વરી શબ્દો વપરાયા હોય છે. તેની ઘણી કડીઓ ચાર પદની બનેલી છે. પરંતુ કોઈક ત્રણ કે પાંચ પદની પણ જણાય છે.

વેદોમાં આવા શ્લોકો માટે 'સૂક્ત' શબ્દ છે કે જેનો એક અર્થ સ્તોત્ર પણ થાય છે. ઋગ્વેદમાં ૧૦૧૭ અને તેમાં પાછળથી ઉમેરાયેલા ૧૧ મળી ૧૦૨૮ સ્તોત્રો છે જેમાં ૧૦૬૦૦ શ્લોકો છે. આ દરેક સ્તોત્ર દશથી વધારે શ્લોકોના બનેલાં છે. નાનામાં નાનું સૂક્ત એક કડીનું છે. જ્યારે મોટામાં મોટું સૂક્ત અઠ્ઠાવન કડીનું છે.

અથર્વવેદની રચના ઋગ્વેદ પછી થઈ હશે તેવું માનવામાં આવે છે. અથર્વવેદમાં ૨૦ કાંડ છે તેમાં ૭૩૧ સ્તોત્ર છે. આ સ્તોત્રમાં એક શ્લોકથી માંડીને આઠથી નવ શ્લોકો હોય છે. કુલ શ્લોકોની સંખ્યા ૫૦૩૮ ની છે.

સામવેદમાં ૧૫૪૯ શ્લોકો છે. તેમાં ઘણા શ્લોકો ઋગ્વેદમાંથી લેવામાં આવ્યા છે. અને લગભગ ૭૫ જેટલા શ્લોકો ગાયત્રીમંત્ર પરથી રચવામાં આવ્યાં છે.

યજુર્વેદ એ પ્રાર્થના ગ્રંથ છે જેમાં અડધી ઋચાઓ મૌલિક છે. અને અડધી ઋચાઓ ઋગ્વેદમાંથી લેવામાં આવી છે. યજુર્વેદ ભાષા ગદ્યપ્રકારના મંત્રો અને મૌલિક શ્લોકો ઋગ્વેદ જેવાં જ છે પણ તે પછીથી રજૂ થયેલા છે.

ઋગ્વેદમાં પ્રથમ મંડળના દ્વિતીય સૂક્ત સૂર્ય-સૂક્ત ૨ માં સૂર્યદેવની સ્તુતિ કરવામાં આવી છે. તેમાં કેટલાક શ્લોકો આ પ્રમાણે છે.

"चित्र देवानामुदगादनीक चक्षुमित्रस्य वरुणस्याग्ने;

आप्रा द्यावा पृथिवी अन्तरिक्ष सूर्य आत्मा जगंतस्तस्थूषश्च ।।" (૧૮)

પ્રકાશમાન રશ્મિઓનો સમૂહ અર્થાત્ અપાર દેવગણ સૂર્યમંડળના રૂપમાં ઉદય પામી રહ્યો છે. તેઓ મિત્ર, વરુણ અગ્નિ અને સંપૂર્ણ વિશ્વનાં પ્રકાશક જ્યોતિર્મય નેત્ર છે. તેમણે ઉદિત થઈને દ્યુલોક, પૃથ્વી અને અંતરિક્ષને પોતાના દેદીપ્યમાન તેજથી સર્વતઃ પરિપૂર્ણ બનાવેલ છે. આ સૂર્યદેવ સમગ્ર સ્થાવર-જંગમ સૃષ્ટિના આત્મા છે.

આ ચારેય વેદોમાં વિવિધ સ્તોત્રો રચાયેલા છે. વેદો ઉપરાંત પણ હિંદુ સાહિત્યમાં સ્તોત્ર સાહિત્ય ઘણા વિપુલ પ્રમાણમાં રચાયેલું છે. ઉદાહરણ તરીકે, કાલિદાસના 'રઘુવંશ'ના દશમાં સર્ગમાં સોળમાં શ્લોકથી અને કુમારસંભવના બીજા સર્ગમાં તેરમા શ્લોકથી દેવો દ્વારા પરમાત્માની સ્તુતિ, માઘના 'શિશુપાલ વધ'ના ચૌદમાં સર્ગના પ્રારંભના ભીષ્મ દ્વારા કૃષ્ણની સ્તુતિ, મહાકિવિ ભારવિના 'કિરાતાર્જુનીય' ના અંતિમ સર્ગમાં અર્જુન દ્વારા મહાદેવ સ્તુતિ તથા પુરાણસાહિત્ય એવમ્ તાંત્રિક સાહિત્યમાં પણ સ્તુતિને સ્તોત્રનો સમાવેશ જોવા મળે છે. આ હિંદુ ધર્મમાં જુદા જુદા દેવ દેવી સંબંધિત, વિષ્ણુ સંબંધિત પાંડુરંગ સ્તોત્ર, અચ્યુત સ્તોત્ર આદિ ગણપતિ સંબંધ વિઘ્નહર્તા સ્તોત્ર આદિ, પુષ્પદંતનું શિવમહિમ્ન સ્તોત્ર આનંદવર્ધનનું દેવીશતક, કુલશેખરની મુકુંદમાલા, મયૂર ભટ્ટનું સૂર્યશતક, બાણભટ્ટનું ચંડીશતક, ઉપમન્યુનું શિવસ્તોત્ર તથા વિષ્ણુપટ્પદી આદિ એવમ ગંગાષ્ટક, અન્નપૂર્ણા-સ્તોત્ર, આદિ ઘણા સ્તોત્રો મળી આવે છે.

હિંદુધર્મમાં પણ આવા અનેક સ્તોત્રો ઉપલબ્ધ બને છે. માત્ર ચાર વેદોમાંથી જ હજારો સ્તોત્ર મળે છે તે સિવાયના સ્તોત્રો તો અલગ.

પુષ્પદંતનાં શિવમહિમ્ન સ્તોત્રમાં પ્રભુભક્તિના ભાવ દર્શાવતા બતાવે છે કે,

'कुशपरिणति चेतः फ्लेशवशंय क्व चेद,

क्व च तव गुणसीमोल्लडिनी शश्वद्रध्रिः ।

इति चकितममन्दी कृत्य मां भक्तिराधाद्

वरद् चरणयोस्ते वाक्यपुष्पोवहारम् ।। ३९ ।।' (૧૯)

હે વરદ ! ક્યાં મારું અપરિપક્વ અને અવિદ્યાદિ પાંચ ક્લેશને આધીન ચિત્ત અને ક્યાં આપની આ ગુણોની સીમાનું પણ ઉલ્લંઘન કરી જનારી નિત્ય વિભૂતિ, આથી ભયભીત થયેલા મને આપની ભક્તિએ જ (બુદ્ધિની) મંદતાથી મુક્ત કરી આપના ચરણમાં વાક્યરૂપી પુષ્પોનો આ ઉપહાર ચઢાવડાવ્યો છે. (ચઢાવવા સમર્થ બનાવ્યો છે.)

તો વળી, ઈશ્વરના અસ્તિત્વને સમગ્ર જગતમાં અને સમસ્ત ક્ષેત્રોમાં વ્યાપેલ છે તેમ દર્શાવતાં વર્ણવવામાં આવ્યું છે કે -

"त्वमर्कस्तव सोमस्त्वमसि पवनस्त्वं हुतवह -
सत्वमापस्तवं व्योमत्वमु धरणिरात्मा त्वमिति च:
परिच्छिन्नामेवं त्वयि परिणता बिभ्रतु गिरं
न विद्मस्तत्तवं वर्यामह तु यत्वं न भवसि (२६)" (૨૦)

આપ સૂર્ય છો, આપ ચંદ્ર છો, આ વાયુ છો, આપ અગ્નિ છો, આપ જળ છો, આપ આકાશ છો, આપજ પૃથ્વી છો અને જીવાત્મા (ચૈતન્ય પણ) આપજ છો, કહેવાતા પરિપક્વ બુદ્ધિવાળા પુરુષો આપના વિષયમાં આ પ્રમાણે પરિચ્છિન્નતાપૂર્વકની (પરિચ્છિન્નરૂપોમાં આપને મર્યાદિત કરનારી) વાણી ભલે બોલે, પરંતુ અમે તો આ જગતમાં આપ ન હોય તેવું (આપશ્રીથી ભિન્ન હોય તેવું) તત્વ જાણતા નથી.

હિંદુધર્મમાં તેત્રીસ કરોડ દેવી-દેવતાની માન્યતા પ્રચલિત છે અને તેના પર અઢળક સાહિત્ય રચાયેલું જોવા મળે છે. આ ભારતીય સંસ્કૃતિનું પ્રકાશમાન સ્તુતિ-સ્તોત્ર સાહિત્ય ઘણા પ્રાચીનકાળથી ચાલ્યું આવ્યું છે. આમ, સ્તોત્ર સાહિત્યના ક્ષેત્રે હિંદુ ધર્મમાં ઘણાં સ્તોત્રો જોવા મળે છે.

● બૌધ્ધ ધર્મમાં સ્તોત્રો

આમ જોઈએ તો, બૌદ્ધ ધર્મમાં સ્તોત્ર જેવો કોઈ શબ્દ નહીંવત્ જોવામાં આવે છે. સ્તોત્રનો ખરો અર્થ પ્રશસ્તિ, કાવ્ય કે ધાર્મિક ઉચ્ચકોટિનું ઊર્મિકાવ્ય એમ થાય છે. બૌધ્ધધર્મમાં આવા અર્થમાં દેવળોમાં સમૂહમાં કોઈ કાવ્યોનું પઠન થતું હોવાનું મનાતું નથી, કારણકે તેમના કોઈ મંદિરો, દેવળો કે એવા કોઈ દેવ-દેવીઓનાં સ્થાનક હોતાંજ નથી કે જેથી તેમને કોઈ ધાર્મિક સ્તોત્રો ઉચ્ચારવાનાં હોય છતાં પણ બીજી રીતે જોતા ગતાનુગતિક રીતે તેઓના અન્ય ગ્રંથો નીકાયમાં આવા ધાર્મિક ન કહી શકાય એવી ઉત્તમ પ્રકારના સાહિત્યમાંથી લીધેલા ૧૦-૧૨ પુસ્તકો છે જે ગદ્ય-પદ્યમાં બોલી ગાઈ શકાય તેવા જણાય છે. આ હીનયાન સંપ્રદાય અનુલક્ષી કહી શકાય, મહાયાનમાં આવું હોતું નથી.

ઉદાહરણાર્થે સુત નિપાત (Sutta Nipatta) માં જે અતિ પ્રાચીન ગણી શકાય તેવાં ઊર્મિકાવ્યો સમાયેલાં છે. જેમાં ૧૬-૧૬ કાવ્યખંડોનાં લગભગ ૭૦-૭૧ ઊર્મિકાવ્યો આવેલાં છે.

આવાં ઊર્મિકાવ્યો કે પદો બૌદ્ધ ધર્મના ઉદયકાળ પહેલાં પણ હતાં કે ન હતાં તેની માહિતી પ્રાપ્ત થતી નથી. આથી એમ પણ ન કહી શકાય કે આ પદો બૌધ્ધધર્મીઓના જ બનાવેલાં છે. પણ તેમના પહેલાંના પણ બનાવેલા હોઈ શકે અથવા ઘણાં ખરાં પદો અગાઉનાં બનાવેલાં પદોમાં સુધારો વધારો કરીને પ્રસ્તુત કરાયા છે એમ ચોક્કસપણે કહી શકાય.

ઉત્તમ સાહિત્યની કૃતિઓમાંથી ઉદધૃત કરેલાં પુસ્તકની અતિ પ્રચલિતતા યુરોપમાં હોવાનું આ ઉપરની સ્પષ્ટ થાય છે. તેના મોટાભાગનાં પદો સરળતાથી સમજી શકાતા હોય છે અને સન્માર્ગ કે સદાચરણના નિયમોમાં જે અસામાન્યતા કે કઠિનતા દેખાય છે તેમાનું કંઈ પણ આ પદોમાં જણાતું નથી.

જ્યારે બુધ્ધોએ સંસ્કૃતમાં લખવાની શરૂઆત કરી ત્યારે તેમણે 'ધમ્મપદ'નું નામ બદલીને એના જેવું જ લખવા માંડ્યું. ફેરફાર માત્ર એટલો કર્યો કે જે અઘરાં પદો હતા તે કાઢી બીજા ઉમેર્યા. આ નવા સંસ્કરણ કરાયેલા સંસ્કૃત ગ્રંથો વાચક વર્ગમાં ઘણા લોકપ્રિય થયા. તેના અનુવાદો તિબેટી અને ચાઈનીઝ ભાષામાં પણ થયા છે.

પરંતુ સુત નિપાતનું એનાથી તદ્દન ઊલટું ભાવિ નિર્માણ થયું. તેથી રચનામાં અને વિષયોમાં ઉચ્ચ સદાચરણના માર્ગો બાબત વધુ ભાર મૂકવામાં આવેલ છે અને લગભગ ક્રિશ્ચયન 'Verelets of Norms' સ્તુતિઓની જેમજ તેની રચનાઓ થયેલી જણાય છે.

પૂર્વકાળમાં વર્ષો પહેલાં ઉત્તર ભારતમાં આવા પદો કે સ્તુતિઓ ધર્મપ્રચાર માટે કે બોધ આપવા માટે ભજનકીર્તનની જેમ તાલ અને લયબધ્ધ રીતે ગવાતાં હતાં. આપણી સાતમી શતાબ્દીના સમયમાં ઈ.તેંગ તેના રસપ્રદ વર્ણનમાં જણાવે છે કે તેના સમયમાં આવા સંસ્કૃત ભાષામાં બનાવેલા સ્તુતિ-પાઠો આ બૌધ્ધો સરઘસ આકારમાં કોઈ ધાર્મિક વડાના સ્મારકને ફરતાં કૂંડાળામાં કે કોઈ નાલંદાના બૌધ્ધ મઠોમાં મળીને ગાતા જણાયા હતા.

રામચંદ્ર કવિભારતી નામના બંગાળના બ્રાહ્મણે લખેલ સ્તોત્રનું એક ભક્તિશતક છે. આ કવિ ઈ.સ. ૧૨૪૫ માં પરાક્રમબાહળુ રાજા સાથે સિલોન આવ્યો. અહીં તેણે બૌધ્ધ ધર્મનો સ્વીકાર કર્યો. અત્યંત અલંકૃત શૈલીમાં તેણે આ શતકમાં બુધ્ધની સ્તુતિ કરી છે. આ સ્તુતિનું અંગ્રેજી ભાષામાં ભાષાંતર થયેલું છે. તેનો કેટલોક ભાગ આ પ્રમાણે છે :

Be gracious, O Lord ruler of the gods,
ruler of the world, conqueror, O Buddha,
Who deservest to be wroshipped by the world to be worshipped be me, to be worshipped by the good, O enermy of sin, enemy of mundance existence, enemy of lust, enemy of darkness ! To thee verily am I devoted (bhakta) with body, speack and though.

He is son of the family, he is devoted to three, he bears the burden of they teaching, He is a disciple, he takes fefuge with thee, he is they slave, he who never on any account serves from thy command.

Doing good to the world. O Buddha, is worship to thee, doing evit to it, O Lard of the world, is pain to thee, O Jina, How should I, when doing evil to the world, not be ashamed of saying that I am devoted to they Lotus feet !

Where is my mercy, where is my sympathy, where my Love, as I am doing evil and not good, to that every world for whose beneift thou hast, in a hundered ways, given away wealth, men, power, life, body and Kingdom. (૨૧)

આ સ્તોત્ર હિનયાન અને મહાયાન બંને પંથોને પૂજ્ય એવું સ્તોત્ર છે. આવા પ્રકારના સ્તોત્ર દ્વારા બૌધ્ધ પરંપરા આપણી નજર સમક્ષ તાદૃશ્ય થાય છે.

આવું જ બીજું એક સ્તોત્ર જે 'બુધ્ધ સ્તવઃ' નામે પ્રસિદ્ધ છે જે આ પ્રમાણે છે :

વંદામિ તે કનકવર્ણનિમા વરલક્ષણા વિમલચંદ્રમુખા ।
વંદામિ તે અસમતાનપુરા સદેશો ન તે સ્તિ ત્રિભવે વિરજા ॥
મૃદુ ચારુ સ્નિગ્ધ શુભ કેશ નખાગિરિરાજતુલ્ય તવ ચૌપિણરિહ ।
નોષ્ભીષમીક્ષિતુ તવાસ્તિ અમો વિભ્રાજતે ભૃવિ તવોર્ણ મુને ॥
કુન્દેન્દુ શંખહિમશુભ્રનિમા નીલોત્યલાભ શુભનેત્રવારા ।
કૃપયેક્ષસે જગદિદં હિ યયા વન્દામિ તે વિમલનેત્ર જિન ॥
જિદ્વા પ્રભૂત તનુ તામ્રનિભા વદનં ચછાદયસિયેનસ્વકમ્ ।
ધર્મ વદન્વિનયસે ય જગત્ વંદામિ મધુર સ્નિગ્ધગિરા ॥
દશનાઃ શુભાઃ સુદંટ વ્રજનિમાઃ ત્રિંશદશાપ્યવિરલા સહિતાઃ ।
કુર્વનિસ્મિ તં વિનયસે ય જગત્ વન્દામિ તે મધુરસત્યકથા ॥ (૨૨)

આ સ્તોત્ર અત્યંત સરળ અને સુરમ્ય ભાષામાં રચાયેલું છે જેમાં બુધ્ધની સ્તુતિ કરવામાં આવી છે.

● ઈસ્લામ ધર્મમાં સ્તોત્રો

ઈસ્લામ ધર્મના પયગંબર હજરત મહંમદસાહેબ વિરલ મહાત્માઓમાંના એક હતા. વર્ષો તપસ્યા, એકાંતવાસ, અનશન પછી અરબસ્તાનની પતિત અવસ્થાના કાળમાં ઈશ્વરે તેમને સ્વદેશનના તથા સમસ્ત સંસારના હિતનો માર્ગ દાખવ્યો, ઈસ્લામધર્મનો પ્રચાર કરે તે પહેલાં તેઓની ઉમર ચાલીસ વર્ષની હતી ને ત્રેસઠમે વરસે પોતાની જીવનલીલા સંકેલી લીધી. આ ત્રેવીસ વર્ષના સમયગાળા દરમ્યાન જ્યારે મહંમદ સાહેબને આત્મવેદના થતી અથવા તો માર્ગ સૂઝતો નહીં. ત્યારે તેઓ ભારે કંદન સાથે ઈશ્વરની પ્રાર્થના કરતા હતા. એમનું શરીર ધ્રૂજી ઊઠતું, ક્યારેક તેઓ ચોફાળ ઓટી સૂઈ રહેતા. ક્યારેક તેઓ અન્ન તથા પાણી વિના પડતા રહેતા, છેવટે તેઓ ઊઠતા ત્યારે જે વેણો તેઓ ઉચ્ચારતા તેને ઈશ્વરી આદેશરૂપ તેઓ લેખાવતા ને ત્યારે ભક્તિના ભાવમાં આવીને ઉચ્ચારેલ શબ્દોનો સંગ્રહ એટલે 'કુરાન'.

'કુરાન' શબ્દ કેરાથી બન્યો છે તેનો અર્થ થાય છે : જાહેર કરવું કે વાંચવુ. સંસ્કૃત "કંદ", અંગ્રેજી "કાઈ" અને અરબી "કેરા" ત્રણેયનાં મૂળ એક છે. કુરાનનો શાબ્દિક અર્થ છે - જાહેર થઈ શકે અથવા વાંચી શકાય તે, લક્ષ્યાર્થ છે - ધર્મગ્રંથ. મહંમદ સાહેબના બીજા સર્વ ઉપદેશો, વાતો તથા દંતકથાઓ હદીસ કહેવાય છે.

કુરાનમાં કહેવાયું છે - "અલ્લાહ ચાહે તે આયતને રદ કરી દે છે અથવા લોકોના સ્મરણપટ ઉપરથી ભૂંસી નાખે છે, અને એને બદલે બીજી અથવા તેથી વધારે સુંદર આયાત મૂકી દે છે, કારણ કે અલ્લાહ સર્વશક્તિમાન છે. (૨ - ૧૦૬) ને આમ જ મહંમદ સાહેબના જીવતાં સુધીમાં આઠ આયતો રદ થઈ ગઈ હતી ને બાકીની બીજી કેટલીક એમના પછી રદ થયેલી મનાવા લાગી." (૨૩)

કુરાની આયત એ વેદોની ઋચાના સમાન અર્થમાં છે ને આ આયાત ધીમે ધીમે રદ થતાં કુરાનનાં મૂળ તત્ત્વો કે મહંમદસાહેબના સિદ્ધાંતો પામી શકેલ નથી. પણ, આ કુરાનના મૂળશબ્દો તે... અલ્લાહની (ઈશ્વરની) પ્રાર્થના - અર્ચના - ભક્તિસ્વરૂપ સ્તુતિ કરવાના ભાવરૂપ છે.

કુરાનના પ્રભાવનું તથા તેના નિર્ણયોનું વર્ણન કરતાં એક યુરોપિયન વિદ્વાન લખે છે.

"જો કોઈપણ પુસ્તકનું મૂલ્ય તેનાં એકંદર પરિણામોની તથા મનુષ્ય જીવન ઉપર તેનો શો પ્રભાવ પડ્યો તેનાથી આંકવું હોય તો દુનિયાના મહાન ગ્રંથોમાં કુરાનનું પણ સ્થાન છે."(૨૪)

કુરાનની પહેલી સૂરા (અધ્યાય)નું નામ છે અલ - ફાતેહા. આ સૂરાને કુરાનલ અઝીમ (૧૫-૮૭) એટલે કે મોટું કુરાન પણ કહેવાય છે. આ પ્રથમ સૂરાને કુરાનના સારરૂપે મનાય છે અને દરેક મુસલમાને પોતાની પ્રાર્થનાઓમાં આ સૂરા વારંવાર ઉચ્ચારે છે.

અલ ફાતેહા નો અર્થ..... ઊઘડવું અથવા શરૂ થવું એમ છે.

"અલ્લાહ ! તારા નામથી આરંભુ છું. તે દયાસાગર તથા કૃપાળુ છે."

"અલ્લાહ ! તારી સ્તુતિ કરું છું. તું સઘળાનો પાલનહાર છે. (૧-૧ થી ૭)

આમ, ઈસ્લામધર્મમાં પણ પ્રભુભક્તિમય સૂરાના માધ્યમે સ્તુતિ ને સ્તોત્રનું આલંબન છે.

● ખ્રિસ્તીધર્મમાં સ્તોત્રો

પાશ્ચાત્ય સંસ્કૃતિ એવમ્ પશ્ચિમના દેશોમાં ખ્રિસ્ત્રીધર્મનું સ્થાન આગવું છે. આ ખ્રિસ્તીધર્મના સ્તોત્રનું ઉદ્‌ગમસ્થાન નિહાળતાં એમ જણાય કે, હિબ્રુ વાગ્‌મય સાહિત્ય જ તેનું મૂળ હોવું જોઈએ. સેંટ સોગસ્ટાઈનના મત પ્રમાણે, "Praise to God with Song" એટલે જ સ્તોત્ર, રોમન કેથોલિકમાં સાધુની સ્તુતિ આ જ સ્તોત્રની સંજ્ઞા ઉપયોગમાં આવે છે. તાલબધ્ધ ગદ્ય કવિતા, ધાર્મિક ચિંતન - પ્રાર્થના કે સ્તુતિ એવા અનેક અર્થથી સ્તોત્ર શબ્દનો ઉપયોગ કરેલો છે. પ્રાચીન ગ્રીકોએ દેવ, યોધ્ધાઓ કે પ્રસિદ્ધ વ્યક્તિના પ્રેમના ક્યારેક આનંદયુક્ત, ક્યારેક દુઃખદ અથવા ગંભીર પ્રસંગોચિત રચેલાં કવન એ અર્થથી સ્તોત્ર શબ્દ વપરાયેલો હોય એવું જણાય છે.

એથેન્સના નાટ્યકાર સાર્વજનિક ખેલ સમયે જેની સ્તુતિ કરવાના ઉદ્દેશથી સ્તોત્ર શબ્દનું સાધર્મ્ય દાખવવા માટે શબ્દ વાપરતા હતા તેમણે છંદોબદ્ધ દેવસ્તુતિ, વિવાહવિષયક કે ઉત્સવવિષયક ગીતો, ગ્રીક દેવતાવિષયક કાવ્યો, શોકગીતો વિલાપગીતો કે મંત્ર અને જાદુના આધાર પર કાવ્યો - આ અર્થમા સ્તોત્ર શબ્દની યોજના કરી છે.

જ્યારે વ્યક્તિ કંઈક ખૂટતાની પ્રાપ્તિ માટે, પ્રભુનું ધ્યાન ધરવા માટે, નથી મળ્યું તે મેળવવાની, વિનંતીથી મળ્યું છે તેનો આભાર માનવા માટે, પ્રભુ સન્મુખ લઘુતા, ન્યૂનતા, દીનતાથી હૃદયપૂર્વક થયેલી અરજ અને યાચનાના ભાવથી પ્રાર્થના કરવામાં આવે તે જ સ્તુતિ સ્તોત્ર. (૨૫)

● જૈનધર્મમાં સ્તોત્ર સાહિત્ય

વિશ્વની અંદર ભારતીય સંસ્કૃતિમાં જૈન, વૈદિક અને બૌધ્ધ આ ધર્મસંપ્રદાયોની સાહિત્યસમૃદ્ધિની સંપન્નતા છે. જેમાં જૈનધર્મનું સાહિત્ય પ્રાકૃત, અર્ધમાગધી કે સંસ્કૃતમાં સંકલિત થયેલું છે. પણ સવિશેષ સાહિત્ય તો સંસ્કૃત ભાષામાં જ રચાયું છે - અનેક આચાર્ય

ભગવંતો, વિદ્વાનો, કવિઓ તથા ભક્તહૃદયી શ્રદ્ધાળુઓના ભક્તિરસ, વૈરાગ્યભાવ તથા જિનેશ્વર દેવની સ્તુતિ ભક્તિરૂપ અસંખ્ય સ્તોત્રો પ્રાપ્ત થાય છે.

એમ મનાય છે કે, જૈન સાહિત્યનું સર્વપ્રથમ આલેખન સંસ્કૃત ભાષામાં શ્રી ઉમાસ્વાતિજીએ "તત્વાર્થાધિગમ સૂત્ર"માં કર્યું હતું. જૈન મુનિઓ તથા વિદ્વાનો સમયની સાર્થકતા માટે પ્રજ્ઞાબળ ને બુદ્ધિમત્તાનો ઉત્તમ ઉપયોગ કરવા સ્તોત્રો / સ્તુતિઓની રચના કરતાં તે પાછળ તેઓશ્રીનું લક્ષ્ય કીર્તિનું નહીં પણ કલ્યાણનું હતું. સ્વકલ્યાણ સાથે સર્વકલ્યાણનો ભાવ આ મહાત્માઓના હૃદયમાં ભરપૂર હતો. તેથી જ 'જૈન સ્તોત્ર સમુચ્ચય સ્તોત્ર સંદોહ', 'પ્રકરણ રત્નાકર' વગેરે પ્રકાશિત અને કેટલાક અપ્રકાશિત ગ્રંથોને જોતાં તેમાં પણ વિવિધ ભાષાત્મક સ્તુતિઓને સ્તોત્રો વિશાળ પ્રમાણમાં મળી આવે છે. આ વૈવિધ્ય ભાષાની દ્રષ્ટિએ અર્થાત્ સ્તોત્રમાં ઉપયોગમાં આવેલાં અલંકારો, છંદો, વિવિધ પ્રકારની સ્તુતિઓ, મંત્ર - તંત્ર - યંત્ર - યોગક, ભેષક આદિ ભિન્ન - ભિન્ન પ્રકારનાં હોય છે, પરંતુ અંતે તો તેમાં પ્રભુનાં જ ગુણગાનો અને મહિમાનું વર્ણન કરવામાં આવ્યું છે.

જૈન સ્તોત્રનો આરંભ ક્યારથી થયો તે વિષે શ્રી શેખરચંદજી જૈન જણાવે છે કે જૈન વાઙ્મયમાં સ્તોત્ર સાહિત્યની પ્રધાનતા છે. એનો જન્મકાળ ત્યારથી માનવામાં આવે છે જ્યારથી તીર્થંકરના ગર્ભમાં આવવાની શુભ વેળા અને જન્મોત્સવના સમયે ઈન્દ્રો દ્વાર સ્તુતિના રૂપમાં તે ગાવામાં આવ્યા. આ જ દેવોના ભાવોની કલ્પનાને વિદ્વાન આચાર્યોએ સ્તોત્રના રૂપમાં સજાવી ગૌતમ ગણધર, ભદ્રબાહુ સ્વામી, કુંદકુંદાચાર્યથી લઈને આજ સુધી અર્ધમાગધી, સંસ્કૃત, હિંદી અને પ્રાદેશિક ભાષાઓમાં સેંકડો સ્તોત્ર રચવામાં આવ્યાં, અનુવાદ કરવામાં આપ્યો. આ સ્તોત્ર માત્ર ધર્મના જ પ્રતીક નથી રહ્યાં, પરંતુ ભાષાની ગૌરવશાળી ધરોહર સિધ્ધ થયા. ભારતીય ભાષાઓ ઉપરાંત વિદેશી ભાષાઓમાં પણ આના અનુવાદ થયા તે એની ઉત્કૃષ્ટતાનું જ કારણ છે. બીજી શતાબ્દીથી વર્તમાન ૨૦ મી સદી સુધી એની રચનાઓ થતી રહી છે." (૨૬)

મતલબ કે,યુગના પ્રારંભમાં આદ્ય તીર્થંકર દેવાધિદેવ શ્રી ઋષભદેવ પરમાત્માની સૌપ્રથમ સ્તુતિ સૌધર્મેન્દ્રે કરી હતી. દરેક તીર્થંકર પરમાત્માના પાંચ કલ્યાણક (ચ્યવન કલ્યાણક, જન્મ કલ્યાણક, દીક્ષા કલ્યાણક, કેવળ જ્ઞાન કલ્યાણક, નિર્વાણ કલ્યાણક) એમ પાંચે કલ્યાણક સમયે તેની ઉજવણીરૂપ ભક્તિભાવપૂર્વક સ્તુતિ શ્રુતજ્ઞાની સૌધર્મેન્દ્ર દેવ કરે છે અને તે સૌધર્મેન્દ્ર દેવ આ સમયે શક્રસ્તવ (નમોત્થુણં) સ્તોત્ર દ્વારા પ્રભુની ભક્તિ કરે છે. જે શક્રસ્તવ પ્રભુનાં અનેક ગુણોનું દર્શન કરાવતું અદ્‌ભુત ને અલૌકિક સ્તોત્ર છે. તથા ત્યારબાદ સમયાનુસાર ગણધર ગૌતમસ્વામીજી, સ્વામી સમંતભદ્રજી, ભદ્રબાહુ સ્વામી, સિધ્ધસેન દિવાકર, વ્રજસ્વામી, હરિભદ્રસૂરિ, માનતુંગસૂરિ જેવા અનેક પ્રખર વિદ્વાનો દ્વારા અનેક સ્તોત્રનું યોગદાન તે જૈનસ્તોત્ર સાહિત્યમાં શોભારૂપ આગવું સ્થાન ધરાવે છે.

આ સ્તોત્ર વિશે સુંદર વિવેચન કરતાં શ્રી હરિભદ્રસૂરિજી પંચાશકમાં સ્તવન સ્તોત્ર વિશે બતાવતાં તેઓ ચતુર્થ પંચાશકમાં કહે છે કે,

સારા પણ ઉ પૂઈ - થોત્તા, ગંભીર પ્રયત્થ વિરઈયા જે ।
સબ્ભૂયગુણુક્કિત્તાણ - રૂવા ખલુ તે જિણાણં તું ॥ ૨૪ ॥

જે ગંભીર પદો અને અર્થ વડે રચાયેલાં હોય તથા શ્રી જિનેશ્વરદેવોના યથાર્થ ગુણોનાં કીર્તનરૂપ હોય તેજ સ્તુતિ સ્તોત્રો સ્તવન ઉત્તમ જાણવા.

અર્થાત્ માત્ર શબ્દોનું સુંદર અનુસંધાન કે પ્રાસમય સુમેળ કરવાથી સ્તોત્ર - સ્તુતિ કે સ્તવ બની જતા નથી. પણ ખરા અર્થમાં સ્તોત્ર - સ્તુતિ કે સ્તવ માટે અર્થસૂચક સુંદર શબ્દોની પસંદગી કરી તેમાં જિનેશ્વરદેવના વિદ્યમાન ગુણોનું ગુણગાન કરવું અત્યંત જરૂરી છે. વળી, અતિશયોક્તિરૂપ ગુણદર્શન આલેખતાં વર્ણન કરવા તે દોષરૂપ છે. તેમાંથી બચવું પણ આવશ્યક છે.

જૈન સાહિત્યમાં રચિત આવા અનુપમ સ્તોત્રો જૈનો કે ભારતીયો ને નહીં પરંતુ વિદેશી વિદ્વાનોને પણ પ્રભાવિત કરનારા બન્યાં છે. તે આવાં સુંદર અને અલૌકિક સ્તોત્રોના શ્રી હર્મન યકોબી, વિન્ટરનિટ્સ જેવા વિદેશી વિદ્વાનોએ કરેલા અનુવાદ પુરવાર કરે છે. આવા સ્તોત્રની ભાષાશૈલી, ભાષા પરનું આધિપત્ય વગેરેની ભારતીય વિદ્વાનોએ પણ મુક્તકંઠે પ્રશંસા કરી છે.

શાસ્ત્રોમાં વિદ્વાનોએ ભગવાનનું નામસ્મરણ, તેમની ભક્તિ પૂજા આદિથી લઈને મોક્ષ પ્રાપ્તિની વાત કરી છે અને તે જ આ સર્વ સ્તોત્રોનું રહસ્ય પણ છે.

"સમ્યક્દર્શન - જ્ઞાન - ચારિત્રાણિ મોક્ષમાર્ગ : ।" તત્વાર્થસૂત્રના પ્રથમ શ્લોકને અનુસરીને આચાર્યો સ્તોત્રની રચના સંસારના સુખ માટે કરતા નથી પણ જીવને મોક્ષમાર્ગનો અધિકારી બનાવવા માટે જ કરતા હતા. તેથી જે જ્ઞાન - દર્શન - ચારિત્ર સંબંધી પ્રવૃત્તિઓનો મહાપ્રભાવક પરિચય સ્તોત્ર સાહિત્યમાં ઘણો અધિક મળે છે. સ્તોત્રોમાં ભક્તિની મુખ્યતા સાથે તત્ત્વોની પણ મુખ્યતા સુવિશેષ જોવા મળે છે. તેના કારણે લલિત સ્તોત્ર અને દાર્શનિક સ્તોત્ર બંનેની પરંપરા પૂર્ણ વિકસિતપણે થયેલી જોવા મળે છે.

પ્રગટ થયેલા સ્તોત્ર સંગ્રહો જેવા કે જૈન સ્તોત્રસંગ્રહ, "જૈન સ્તોત્ર સમુચ્ચય કાવ્યમાલા", ગુચ્છક - ૭ વગેરેના વિહંગાવલોકનથી પણ જૈન સાહિત્યમાં સ્તોત્રની વિપુલતા, વિવિધતા અને તેની અદ્ભુત સમૃદ્ધિનો ખ્યાલ આવે છે.

વિવિધ સ્તોત્રસંગ્રહના આધારે સાહિત્યના પ્રારંભિક યુગથી જૈન સ્તોત્રકારોએ સંસ્કૃતના સ્તોત્ર કાવ્યોને પ્રતિષ્ઠિત કરવામાં અદ્ભુતફાળો આપ્યો છે. પ્રચલિત અને ઉપલબ્ધ સ્તોત્રકારો અને સ્તોત્રોની કેટલીક શતાબ્દીવાર યાદી આ પ્રમાણે છે :-

(૧) **ગૌતમસ્વામી :-** તેઓ વર્તમાન ચોવીશીના અંતિમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીના પ્રથમ ગણધર હતાં. શ્રી ગૌતમસ્વામીએ પ્રભુભક્તિ નિમિત્ત સ્તોત્રો, સ્તવનોને સૂત્રો રચ્યાં છે. જ્યારે ગૌતમસ્વામી અષ્ટાપદ પર્વત પર પધાર્યા ત્યારે ત્યાં બિરાજમાન ચોવીશ તીર્થંકર પરમાત્માને વંદના કરવા રૂપે આ જગચિંતામણિ સૂત્ર બનાવ્યું છે, તેવી લોકોમાં માન્યતા છે.

"જગ ચિંતામણી જગનાહ, જગગુરૉ જગરક્ખણ,
જગ બંધવ જગસત્થ્વાહ, જગભાવ વિઅક્ખણ,
અટ્ઠાવય સંકવિઅ રૂવ કમ્મટ્ઠ વિણાસણ,
ચઉવીસંપિ જિણવર જયંતુ અપ્પડિહય સાસણ ॥ ૧ ॥"

અર્થાત્ :- જગતના ભવ્યજીવનોને ચિંતામણી રત્નસમાન, જગતના નાથ, જગતના રક્ષક, જગતના જીવોમાં ભાઈ સમાન, જગતના સાર્થવાહ, જગતના ભાવો ને કહેવામાં અને

જાણવામાં સમર્થ અષ્ટાપદ પર્વત પર બિરાજમાન આઠ કર્મનો નાશ કરનાર, જેમનું શાસન કોઈથી હણાયું નથી એવા ચોવીશે તીર્થંકરો જય પામો.

(૨) સુધર્માસ્વામી :- તેઓ વર્તમાન ચોવીશીના અંતિમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીના પાંચમા ગણધર હતા.

દ્વાદશાંગીના બીજા અંગસૂત્ર "સૂત્રકૃતાંગ"ના પ્રથમ શ્રુતસ્કંધના છઠ્ઠા અધ્યયનમાં ભગવાન મહાવીરના ગુણ કીર્તનાત્મક સંસ્તવન છે જે 'વીરત્થુઈ' (વીરસ્તુતિ)ના નામથી પ્રસિદ્ધ છે. આ સ્તોત્રની શરૂઆત 'પુચ્છિસુણં' શબ્દથી શરૂ થતી હોવાથી 'पुच्छिसुणं નામથી વિખ્યાત છે. પ્રસ્તુત અધ્યનમાં ભગવાન મહાવીરના જ્ઞાનાદિ ગુણોના સંબંધમાં શ્રી જંબુસ્વામી દ્વારા પૂછવામાં આવેલ પ્રશ્ન ગણધર શ્રી સુધર્માસ્વામી દ્વારા સ્તુતિસૂચક શબ્દોમાં સમાધાન કરવામાં આવેલ છે. આર્ય સુધર્માસ્વામી, તીર્થંકર મહાવીરના સર્વોત્તમ વિશિષ્ટ ગુણોના ઉત્કીર્તન કરતાં રહે છે કે - પ્રભુ ક્ષેત્રજ્ઞ અર્થાત્ આત્માના સાચા સ્વરૂપના જ્ઞાતા હતા, કર્મરૂપી કુશને ઉખાડવામાં કુશળહતા, મહાન ઋષિ હતા, અનંતજ્ઞાનીને અનંતદર્શી તથા અક્ષય-અતુલ કીર્તિવાળા હતા. સંસારરુપી સમુદ્રમાં પડેલા જીવો માટે દ્વીપ સમાન અથવા અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવા માટે દીપક સમાન ધર્મોપદેશક હતા.

"दिवे व धम्मं समियं उदाहुं ।"

ભગવાનને અભિભૂતજ્ઞાની, ભૂતિપ્રજ્ઞ, અનંતચક્ષુ, આશુપ્રજ્ઞ, અક્ષયપ્રજ્ઞા, સાગર આદિ કહીને આર્ય સુધર્માસ્વામીએ ભગવાનના જ્ઞાનને વિવિધ પક્ષો દ્વારા ઉદ્‌ઘાટિત કરતાં તેઓની આપ્તતાનું પ્રતિપાદન કર્યું છે. તે સ્તોત્રની પંક્તિઓ આ પ્રમાણે છે...

से सव्वदंसी अभिभूय नाणी, निरामगंधे धिइमं ठिपण्या ।
अणुत्तेर सव्वजगंसि विज्जं, गंथा अतीते अभए अणाऊ ॥ ५ ॥
से भुइपन्ने अणिएअचारी, ओहंतरे धीरे अणंतचक्खू ।
अणुतरं तप्पइ सुरि वा, वइरोयणिंदे व तमं पगासे ॥ ६ ॥
अणुत्तरं धम्ममिणं जिणाणं, णेया मुणी कासव आसुपण्णे ।
इन्दे व देवाण महाणुभावे, सहस्सणेता दिवि णं विसिट्टे ॥ ७ ॥
से पण्णया अक्खयसागरे वा, महोदहीवावि अणंतपारे ।
अणाइले वा अकसाइ सक्केव, व देवाहिवई जुईमं ॥ ८ ॥

અર્થાત તે સર્વદર્શી મહાવીર અભિભૂત જ્ઞાની, અન્યજ્ઞાનોને જીતી બન્યા કેવળજ્ઞાની. નીરામગંધે - નિર્દોષ ચારિત્ર પાળનારા, ધૂતિમાન, સ્થિતાત્મા - પોતાના આત્મામાં સ્થિત, ત્રણલોકમાં સર્વોત્કૃષ્ટ વિદ્વાન, પરિગ્રહ, ભય તથા આયુની અતિત રહિત હતા. તેઓ ભૂતિપ્રજ્ઞ - અત્યન્ન - બુદ્ધદ્યમાન, અનિયતાચારી -અપ્રતિબદ્ધ વિહાર કરવાવાળા, ઓઘ ० સંસાર સમુદ્રને પાર કરવાવાળા, ધીર-અનંતચક્ષુ, સૂર્યની ભાંતિ સર્વોત્કૃષ્ટ તપ કરવાવાળા, વૈરોચનેન્દ્ર - વૈરોચન નામના અગ્નિની જેમ અજ્ઞાનના અંધકારને નષ્ટ કરી જ્ઞાનપ્રકાશ કરવાવાળા હતા. આશુપ્રજ્ઞ-કાશ્યપ ગોત્રીય ભગવાન મહાવીર સ્વર્ગમાં હજારો દેવોના નેતા ઈન્દ્ર સમાન પ્રજ્ઞાથી અનંત પાર પામનાર તથા શુદ્ધ જલવાળા અક્ષયસાગર હતા તથા અકષાયી-કપાયથી રહિત, કર્મબંધનોથી મુક્ત, ઈન્દ્ર સમાન દેવાધિપતિ તથા ધુતિમાન હતા.

ત્યારબાદ આર્ય સુધર્માસ્વામી પર્વતમાં શ્રેષ્ઠ સુમેરુની સમાન મહાવીરના ગુણોમાં સર્વશ્રેષ્ઠ બતાવી તેઓની જાતિ, યશ, દર્શન, જ્ઞાન અને શીલની સ્તુતિ કરતાં કહે છે કે :-

सुदंसणस्सेव जसो गिरिस्स, पवुच्चइ महतो पव्वयस्स।
एतोवमे समणे नायपुत्ते, जाइजसोदंसण नाणसीले ।। १४ ।।

જેમ લાંબા પર્વતોમાં નિષધપર્વત અને ગોળપર્વતોમાં રુચક પર્વત શ્રેષ્ઠ છે, 'तओवमे से जगभूइपन्ने' - તેવી શ્રમણ મહાવીર સંસારમાં પ્રભૂત પ્રજ્ઞાવાળા હતા. શુકલધ્યાનના ધારક મહર્ષિ ભગવાન જ્ઞાન, શીલ અને દર્શનથી સર્વ કર્મોને સર્વ રીતે નષ્ટ કરીને સર્વોત્તમ, અનુત્તર લોકાગ્રભાગે સ્થિત સાદિ અનંત પરમ સિદ્ધિને પ્રાપ્ત થાય છે.

આ સ્તોત્રમાં સંસારની વિવિધ પ્રધાન વસ્તુઓની ઉપમાઓથી ભગવાનની વિભિન્ન વિશેષતાઓ અને શ્રેષ્ઠતાઓને 'इसीण सेट्ठे तह वद्धमाणे' કહીને નિરૂપણ કરવામાં આવ્યું છે. જેમ વૃક્ષોમાં શાલ્મલી વૃક્ષ, વનોમાં નંદનવન, ધ્વનિઓમાં મેઘધ્વનિ, તારામાં ચન્દ્રમા, સુગંધિત પદાર્થોમાં ચંદન, સમુદ્રમાં સ્વયંભૂરમણ, નાગદેવોમાં ધરણેન્દ્ર, રસોમાં ઈક્ષુરસ, હાથીઓમાં ઐરાવત, નદીઓમાં ગંગા નદી, પક્ષીઓમાં ગરુડ પક્ષી, યોદ્ધાઓમાં વિશ્વસેન (વાસુદેવ), ફૂલોમાં અરવિંદ, ક્ષત્રિયોમાં દન્તવક્ર (ચક્રવર્તી), દાનોમાં અભયદાન, તપોમાં બ્રહ્મચર્યતપ, સભાઓમાં સુધર્મસભા, ધર્મોમાં નિર્વાણધર્મ શ્રેષ્ઠ છે તેમ જ્ઞાતપુત્ર ભગવાન મહાવીર લોકમાં સર્વશ્રેષ્ઠ હતા. તેઓના સમાન તે સમય ઉત્તમ જ્ઞાની કોઈ પણ નહોતાં.

'वीरत्थुई' સમસ્ત સ્તોત્રની પ્રથમ આધારભૂત રચના છે. જેમાં લાલિત્ય અને ભાવપૂર્ણ ભાષામાં વીતરાગ ભગવાનની યથાર્થ સ્તુતિ કરવામાં આવી છે. જેના શબ્દ, સૌંદર્ય અને અલંકાર યોજના આદિ બહુજ સહજ અને પ્રભાવશાળી છે.

(૩) સ્વામી સમંતભદ્ર :- વિક્રમ સંવત બીજી સદીમાં થયેલા પ્રાચીન સ્તોત્રકાર છે. જેમને "कवि गमक वादि वाग्मित्व गुणालंकृत" વિશેષણથી સંબોધિત કરવામાં આવ્યાં છે. એમણે જૈન સ્તોત્ર સાહિત્યમાં અનેકવિધ નવીન પરંપરાઓની શરૂઆત કરી છે. (૧) સ્વયંભૂ સ્તોત્ર (૨) દેવાગમ સ્તોત્ર (૩) જિનશતક સ્તોત્ર (૪) વિરજિન સ્તોત્ર. આ ચાર તેમનાં મુખ્ય સ્તોત્ર છે.

આચાર્યશ્રી સમંતભદ્રે કરેલી ભક્તિભાવ રસસભર સ્વયંભૂસ્તોત્રની રચના ૧૪૩ શ્લોકમાં સમાવિષ્ટ છે. એક કિંવદન્તી અનુસાર તેના ઉચ્ચારણથી ત્યારે ચંદ્રપ્રભુજીની મૂર્તિ પ્રગટ થઈ હતી.

સ્તુતિવિદ્યા અને જૈન સ્તુતિ શતકમાં કવિનું કાવ્ય કૌશલ્ય પ્રગટ થયું છે. શ્લેષ અને યમકની શાબ્દિક કીડાઓમાંથી ચિત્રકાવ્યનો જન્મ થયો તે કાવ્યનો અતિ દુષ્કર પ્રકાર છે. આવા પ્રકારનાં સ્તોત્રો પૂર્વકાલીન શાબ્દિક ક્રિયાપ્રધાન જૈન પરંપરાનો નિર્દેશ કરે છે. જો સમંતભદ્ર વિક્રમની બીજી સદીમાં થયાનું માનવામાં આવે તો જૈન સંસ્કૃત સ્તોત્ર સાહિત્યમાં ચિત્રકાવ્યના તેઓ આદ્યપ્રણેતા હોય તેમ કહી શકાય.

(૪) ભદ્રબાહુ સ્વામી :- ભદ્રબાહુ સ્વામીનો જન્મ વીર સંવત ૯૪ માં થયો હતો. તેઓ ૪૫ વર્ષ સુધી ગૃહસ્થ અવસ્થામાં રહ્યા. ૩૧ વર્ષ દીક્ષા પર્યાયમાં રહ્યા. ૧૭ વર્ષ સુધી મુનિ

રૂપમાં અને ૧૪ વર્ષ સુધી યુગ પ્રધાનના રૂપમાં રહ્યા. જુદા - જુદા આગમો પર ટીકા નિર્યુક્તિ તથા જૈન પરંપરામાં પ્રાચીન સ્તોત્રકારો તરીકે ભદ્રબાહુસ્વામીનું નામ જાણીતું છે. મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર પણ શ્રી ભદ્રબાહુ સ્વામીની જ રચના છે. આ સ્તોત્રની રચના પાછળ કારણભૂત નિમિત્ત જૈનશાસન ઉપર, જૈન સંઘ ઉપર, આરાધકો ઉપર આવી પડેલા ઉપસર્ગ - ઉપદ્રવને નિવારણાર્થે છે. સ્તોત્રના આરંભે કવિ કર્મ બંધનમુક્ત મંગલકલ્યાણ આવાસરૂપ અને વિષધર, વિષવિનાશ સ્વરૂપ પાર્શ્વનાથને વંદન કરે છે. આ સ્તોત્ર માત્ર બાહ્ય દુઃખના વિનાશ માટે જ નહીં પણ આત્મિક ઉન્નતિ કરાવી મોક્ષપદને અપાવવામાં સહાયક બની શકે તેમ છે.

સ્તોત્રની ચોથી ગાથા આ પ્રમાણે છે :-

तुह सम्मते लद्धे, चिंतामणि कप्पपायवब्भहिए ।
पावंति अविग्धेणं, जीवा अजरामरं ठाणे ।। ४ ।।

અર્થાત્ :- હે ભગવન્ ! ચિંતામણિરત્ન અને કલ્પવૃક્ષ કરતાં પણ અધિક - ઉત્કૃષ્ટ એવું તારું સમ્યક્ત્વ પ્રાપ્ત થતાં જીવાત્માઓ નિર્વિઘ્નપણે અજર - અમર એવા મોક્ષપદને પામે છે.

ભદ્રબાહુ સ્વામીએ રચેલા અન્ય મુખ્ય ગ્રંથો બૃહત સંહિતા, હોરા શાસ્ત્ર, વધુ જાતક પંચસિદ્ધાન્તિકા અને ગ્રહશાંતિ, લઘુસહસ્ત્રનામ સ્તોત્ર છે.

(૫) સિધ્ધસેન દિવાકર :- આચાર્યશ્રી સિધ્ધસેન દિવાકર કયા સમયમાં થતા તેના વિશે જુદા જુદા મતમતાંતર પ્રવર્તે છે. છતાં અમુક વિદ્વાનોની માન્યતા છે કે તેઓ વિક્રમરાજાના સમયમાં થયા હશે. આચાર્યશ્રી વૃધ્ધવાદિસૂરિના સાન્નિધ્યમાં સિધ્ધસેન દિવાકર દીક્ષિત બન્યા ત્યારે તેઓશ્રીનું નામ કુમુદચંદ્ર રાખવામાં આવેલ ને શાસ્ત્રોનો અભ્યાસ કરી પ્રકાંડ પંડિતાઈ તેઓને હસ્તગત બનેલ.

સિધ્ધસેન દિવાકરની રચનામાં જિન સહસ્ત્રનામ, શકસ્તવ (ગદ્ય), દ્વાત્રિશદ્ દ્વાત્રિંશિકા તથા કલ્યાણમંદિર સ્તોત્ર આદિ છે.

દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશકામાં ૩૨ - ૩૨ પદ્યોનાં ૩૨ સ્તોત્રો બહુ જ મહત્ત્વપૂર્ણ અને અનેક દાર્શનિક તથ્યોથી સંકલિત છે. તેમાં મહાવીર સ્વામીની સ્તુતિની સાથે સાથે વૈદિક, બૌધ્ધ, જૈન આદિ ભારતીય દર્શનોનું સ્વરૂપ બતાવ્યું છે. તેથી તે જૈન સાહિત્યમાં અલંકાર સ્વરૂપ કૃતિ છે.

"જિનસહસ્ત્રનામ" નામક કૃતિમાં આચાર્યશ્રીએ જુદાં જુદાં અનેક નામોથી જિનેશ્વરપરમાત્માની ભક્તિ કરી છે. પરમાત્માના ગુણદર્શન કરાવતાં અનેક નામો તથા વિવિધ ઉપમામાં આચાર્યશ્રીએ અપ્રતિમ કવિત્વ શક્તિ રજૂ કરી છે.

શકસ્તવ નામના સ્તોત્રમાં પણ આચાર્યશ્રીએ કુલ ૧૦૮ વિવિધ ગુણદર્શન ઉપનામો પ્રયોજી ભક્તિ કરી છું. દા:ત - જિનાય જાપકાય, તીર્ણાય, તારકાય, બુધ્ધાય, બોધકાય, મુક્તાય, મોચકાય, ત્રિકોલવેદિન પારંગતાય, કર્માષ્ટક, નિષૂદનાય આવાં અનેક ઉપનામો દર્શાવ્યાં છે.

શ્રી કલ્યાણમંદિર સ્તોત્રમાં પણ મનોરમ્ય અભિવ્યક્તિ દ્વારા પ્રભુના નામસ્મરણ માત્રમાં શું તાકાત છે ? તે બતાવતાં શ્લોક ૭ માં બતાવે છે કે

"આસ્તામચિન્ત્યમહિમા જિન સંસ્તવસ્તે ।
નામાપિ પાતિ ભવતો ભવતો જગન્તિ ॥
તીવ્રાતપોપહતપાન્થ જનાસ્નિદાધે ।
પ્રીણાતિ પદ્મસરસઃ સરસોડનિલોડપિ ॥ ૭ ॥"

અર્થાત્ :- હે જિનેશ્વર પરમાત્મા ! અચિન્ત્ય પ્રભાવવાળું તમારું સ્તવન તો દૂર રહો પરંતુ આપશ્રીનું નામ પણ ત્રણે જગતનું સંસાર થકી રક્ષણ કરે છે. ગ્રીષ્મઋતુમાં પ્રચંડ તાપ વડે ત્રાસ પામેલા મનુષ્યોને પદ્મસરોવરનાં સૂક્ષ્મ જલકણોવાળો પવન પણ ખુશી ઉપજાવે છે. સારાંશ કે ઠંડો પવન પણ મુસાફર લોકને જો શીતલતા ઉપજાવે છે તો પાણીની તો વાત જ શું કરવી ? તેમ તમારું નામસ્મરણ પણ દુઃખ ક્ષય કરે છે તો તમારા સ્તવનની તાકાતની તો વાત જ શું કરવી ?

આવા કુલ ૪૪ શ્લોકમાં શ્રી પાર્શ્વનાથ ભ. નો અપ્રતિમ ગુણપ્રભાવ, અષ્ટપ્રાતિહાર્યનું વર્ણન, પ્રભુની મહાનતા વિશે દર્શાવી આચાર્યશ્રી સિધ્ધસેન દિવાકરજીએ સુંદર પદાવલિઓ તથા ભક્તિભાવ સભર રચનાથી ખરેખર તે વાસ્તવિક સ્તોત્ર બને છે.

આ કલ્યાણમંદિર સ્તોત્રનો વિસ્તૃત અભ્યાસ પાછળના પ્રકરણમાં કરવામાં આવશે.

(૬) વ્રજસ્વામી :- તેમનો સમયકાળ વીરનિર્વાણ પછી ૪૯૬ થી ૫૮૪ સુધીનો છે. બાળવયે દીક્ષિત બની વ્રજસ્વામીએ અવિરત જ્ઞાનાભ્યાસમાં જ જીવનનું મહત્ત્વ સમજ્યું છે. તેઓશ્રીના ૫૧ શ્લોકમાં ગૌતમસ્વામી સ્તવનમાં કલ્પનાચિત્ર ખૂબ સરસ આલેખ્યું છે.

(૭) આચાર્ય દેવનંદિ :- વિક્રમની છઠ્ઠી સદીમાં આચાર્ય દેવનંદિએ 'સિદ્ધપ્રિય સ્તોત્ર'ની રચનામાં પદાન્તયમક અને ચક્રબંધનો પૂર્ણ પ્રયોગ કર્યો છે. ૭મી સદીથી રચાતા હિંદુ ધર્મનાં સ્તોત્રોમાં સરળતા અને સ્વાભાવિકતાને સ્થાને તત્કાલીન ઐશ્વર્યસંપન્ન ભદ્રસમાજની વિલાસીનતાને કારણે કિલષ્ટતા, કૃત્રિમતા અને શૃંગારે, પ્રવેશ કર્યો. જૈનધર્મ વીતરાગી હોઈ, જૈન કવિઓએ રચેલા સ્તોત્રમાં આલંકારિક સમૃદ્ધિ અને શબ્દ-ચમત્કૃતિ તો ભરપૂર નિષ્પન્ન થઈ પણ તે કાવ્યો શૃંગાર ચિત્રણથી મહદ અંશે દૂર રહ્યાં. એ જૈન અને હિંદુ સ્તોત્રો વચ્ચેનો એક મુખ્ય ભેદ છે.

૭મી સદીએ સ્તોત્રો - કાવ્યોનો સુવર્ણયુગ છે. આ સદીના ત્રણ મૂર્ધન્ય સ્તોત્રકારી જૈનાચાર્ય માનતુંગસૂરિ અને હિંદુધર્મના બાણભટ્ટ અને મયૂરભટ્ટ સ્તોત્રસાહિત્યના ઈતિહાસમાં જાજ્વલ્યમાન પ્રતિભાઓ છે. તેમની લેખિનીમાંથી સાહિત્યિક સમૃદ્ધિથી સંપન્ન સ્તોત્રનું નિર્માણ થયું છે.

(૮) પાદલિપ્ત સૂરિ :- આચાર્ય પાદલિપ્તસૂરિજી જૈન શાસનના મહાન પ્રભાવક આચાર્ય હતા. તેઓશ્રીએ 'સુવર્ણ સિદ્ધિગર્ભિત વીરસ્તુતિ'ની રચના કરેલી. તેમાં પ્રભુવીરની ભક્તિ ભાવ સાથે અર્ચના તથા ગુણાનુવાદ કરી આચાર્યશ્રીએ ભક્તિરસ નિષ્પન્ન કર્યો છે. તેઓના જ શિષ્ય સમુદાયમાંથી 'સર્વાનંદ તીર્થમાલા સ્તવન' રચાયું છે કે જે ૧૧ શ્લોક પ્રમાણ છે.

(૯) માનતુંગસૂરિ :- શ્રી માનતુંગસૂરિજીના સમયકાળ માટે વિવિધ મતમતાંતરો પ્રર્વતે છે. વિદ્વાનો હજી સુધી કોઈ એક નિર્ણય પર નથી પહોંચી શક્યા કે તે કયા રાજાના સમયમાં થયા? કે તેમના સમકાલીન કવિઓ કોણ હતા ? માટે તેમનો સમયગાળો

અનિશ્ચિત છે. છતાં તેઓ સૂર્યશતકના કર્તા મયૂરભટ્ટ અને ચંડીશતકના કર્તા બાણભટ્ટના સમકાલીન હતા તેવું માનવામાં આવે છે. આ માનતુંગસૂરિજીએ રચેલ 'ભક્તામર સ્તોત્ર', 'ભયહર સ્તોત્ર' તથા 'ભતિબ્ભર આદિ' સ્તોત્ર નોંધ ઉપલબ્ધ છે. માનતુંગસૂરિજીની આ કૃતિઓમાંથી સૌથી પ્રસિદ્ધ ને જનસમુદાયના કંઠે વારંવાર સ્તવાતી સ્તુતિ ભકતામર સ્તોત્ર છે. આ સ્તોત્રમાં ઋષભદેવ પ્રભુની આચાર્યશ્રીએ અદ્‌ભુત ભક્તિભાવ ને બહુમાનભાવ સભર સ્તુતિ કરી છે કે જેમાં પ્રભુની મહાનતા તથા આંતરિક ને બાહ્યગુણોની પ્રશંસા કરી છે. આ સ્તુતિનો શું લાભ છે ? તે દર્શાવતા આચાર્યશ્રી ભક્તામર સ્તોત્રની ૭મી ગાથામાં બતાવે છે.

"त्वत्संस्तवेन भवसन्ततिसन्निबध्दं ।
पापं क्षणात् क्षयमुपैति शरीरलाभाम् ।
आक्रान्त लोकमलिनीलम शेषमाशु ।
सूर्यांशुभिन्नमिव शार्वरमन्धकारम् ॥ ૭ ॥

અર્થાત્ :- હે પ્રભો ! ભ્રકાર જેવું કાળું રાત્રિનું સમસ્ત અંધારું સૂર્યનાં કિરણોથી સંપૂર્ણપણે નાશ પામે છે તેમ અનેક જન્મમાં કરેલાં પ્રાણીઓનાં પાપકર્મ આપની સુંદર સ્તવના કરવાથી તત્કાલ સંપૂર્ણ નાશ પામે છે.

મનુષ્ય ભલે બીજું કાંઈ ન કરી શકે પણ ફક્ત શ્રી જિનેશ્વરની ભક્તિ કરવા લાગે અને તેમના અનંતા ગુણોની અનુમોદના અને સ્તવના કરે તો પરિણામે પાપકર્મોની પરંપરાનો ક્ષણમાત્રમાં ક્ષય થઈ જાય છે. અને આવા જ જિનેશ્વરપ્રભુની સ્તુતિ કરવાનો ઉદ્દેશ આ ગાથામાં શ્રી માનતુંગસૂરિજીએ સ્પષ્ટ કર્યો છે.

વળી, આગળની ગાથાઓમાં આચાર્યશ્રીએ મહાપુરુષોની દ્રષ્ટિમાં પરમાત્માનું લોકોત્તર સ્વરૂપ કેવું છે ! તે બતાવતાં કહ્યું છે કે :-

त्वामव्ययं विभुमचिन्त्यम संख्यमाद्यं ।
ब्रह्माणमीश्वर मनन्तमनंगकेतुम् ।
योगीश्वरं विदितयोग मनकेमेकं ।
ज्ञानसवरूपममलं प्रवदन्ति सन्तः ॥ २४ ॥

અર્થાત્ :- હે પ્રભો ! તમે ૧) અવ્યય :- સર્વકાળે એક સ્થિર સ્વભાવવાળા હોવાથી હાનિ - વૃદ્ધિ રહિત છો. ૨) વિભુ :- પરમ ઐશ્વર્ય વડે શોભનાર અથવા કર્મનો નાશ કરવામાં સમર્થ છો. ૩) અચિંત્ય :- આધ્યાત્મિક પુરુષો વડે પણ ચિંતવી ન શકાય તેવા અથવા અચિન્ત્ય ગુણવાળા છો. ૪) અસંખ્ય :- તમારા ગુણની સંખ્યા ગણી શકાય તેમ ન હોવાથી અસંખ્ય છો. ૫) આદ્ય :- પંચપરમેષ્ઠિની મધ્યે પ્રથમ હોવાથી આદ્ય છો. ૬) બ્રહ્મ :- પરમાનંદમય હોવાથી આપ બ્રહ્મસ્વરૂપ છો. ૭) ઈશ્વર :- સર્વદેવોના સ્વામી અથવા ઐશ્વર્યયુક્ત હોવાથી ઈશ્વર છે. ૮) અનંત :- અનંત જ્ઞાનદર્શનવાળા છો. ૯) અનંગકેતુ :- કામદેવનો નાશ કરવામાં કેતુ સમાન છો. ૧૦) યોગીશ્વર :- યોગીઓના સ્વામી છો. ૧૧) વિદિતયોગ :- જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ યોગને જાણકાર છો. ૧૨) અનેક :- જ્ઞાન કરીને સર્વમાં રહેલા હોવાથી અનેક અથવા ગુણ અને પર્યાય અનેક હોવાથી અનેક છો. ૧૩) એક :- અદ્વિતીય છો. ૧૪)

જ્ઞાનસ્વરૂપ :- કેવળજ્ઞાનના સ્વરૂપવાળા છો તથા ૧૫) અમલ :- અઢાર દોષરૂપ મળથી સહિત છો.

આમ આચાર્યશ્રી માનતુંગસૂરિજીએ આવા અનેક ઉપમાઓથી પ્રભુજીના લોકોત્તર સ્વરૂપને વર્ણવી પોતાના પ્રકાંડ પ્રજ્ઞાશક્તિ ને બેજોડ બુદ્ધિમત્તાનાં દર્શન કરાવ્યાં છે.

શ્રી નમિઉણ સ્તોત્રમાં આચાર્યશ્રીએ પાર્શ્વનાથ ભગવાનની ભક્તિસભર સ્તુતિ કરી છે. કે જેનો વિસ્તૃત પરિચય આપણે આગળ કરીશું.

(૧૦) નંદીષેણ :- લઘભગ ઈ.સ. ની ૯મી સદીમાં નંદીષેણમુનિ થઈ ગયા. તેમણે અજિતશાંતિ સ્તોત્રની રચના કરી હતી. અજિતનાથ ભગવાન અને શાંતિનાથ ભગવાન બંનેની સાથે સ્તુતિ કરી છે.

સવ્વદુક્ખપ્પસંતીણં સવ્વપાવપ્પસંતિણં
સયા અજિઅસંતીણં, નમો અજિઅસંતિણ ॥ ૩ ॥

અર્થાત્ :- જેમને કોઈપણ પ્રકારનું દુઃખ બાકી નથી તેમજ કોઈ પ્રકારનું પાપ બાકી નથી. વળી જે હંમેશા અજેય તથા શાંતિધારક છે એવા શ્રી અજિતનાથ તેવા શ્રી શાંતિનાથ બંનેને નમસ્કાર હો. આ સ્તોત્રમાં તેમણે વિવિધ છંદો, અલંકારો, ઉપમાઓનો ઉપયોગ કર્યો છે.

(૧૧) બપ્પભટ્ટીસૂરિ :- આચાર્ય બપ્પભટ્ટી સૂરિનો જન્મ પાંચાલ પ્રદેશના ડુંબાઉધી ગામના ક્ષત્રિય બપ્પની ધર્મપત્ની ભટ્ટીની કુક્ષીથી વિ.સં. ૮૦૦ માં ભાદ્રપદ તૃતીયા રવિવારના દિવસે હસ્ત નક્ષત્રમાં થયેલ.

આચાર્ય સિધ્ધસેનના સાંનિધ્યમાં નાનપણથી જ તેઓશ્રી તીવ્ર મેધાશક્તિથી જ્ઞાનાભ્યાસમાં આગેકદમ કરવા લાગ્યા. શ્રમણધર્મની અનુજ્ઞા આપતાં પૂર્વે માતા પિતાએ આચાર્યશ્રી સાથે નમ્ર વિનંતીપૂર્વક ઈચ્છા વ્યક્ત કરી કે, આપ તેને આપના શિષ્યના રૂપમાં દીક્ષિત કરો પરંતુ તેનું નામ 'બપ્પભટ્ટી' રાખવાની કૃપા કરજો. દીક્ષા વખતે આચાર્યશ્રીએ ઔપચારિકરૂપે તેઓનું ભદ્રકીર્તિ રાખેલ પણ માતા પિતાને આપેલ વચનનું પરિપાલન કરતાં તેઓ નવદીક્ષિત મુનિને બપ્પભટ્ટીના નામથી જ સંબોધતા તેથી તેઓ આ નામથી જ પ્રખ્યાત થઈ ગયા. વિક્રમની નવમી શતાબ્દીમાંથયેલા મનાય છે તેવા બપ્પભટ્ટીસૂરિ પોતે સદા સ્વાધ્યાય રત રહી અનેક રચનાઓ પણ કરી છે.

આચાર્યશ્રી બપ્પભટ્ટસૂરિએ યમક અલંકારથી યુક્ત 'સ્તુતિ ચતુર્વિંશતિકા', 'સરસ્વતી સ્તોત્ર', 'વીર સ્તવ', 'શાંતિ સ્તવ' વગેરે સ્તોત્રો સંસ્કૃતમાં રચ્યાં છે. શ્રી વીરપ્રભુની સ્તુતિરૂપ વિવિધ છંદોમય, ૧૧ પદ્યમાં રચાયેલું અતિ સરળ પદોયુક્ત આ વીરસ્તવ ઊર્મિપ્રધાન બન્યું છે.

યમક અલંકારમયી ૯૬ કાવ્ય પ્રમાણ જે સ્તુતિ ચતુર્વિંશતિકા - લખાઈ છે. તેમાં રચના સમયની દ્રષ્ટિએ આચાર્ય બપ્પભટ્ટસૂરિકૃત 'સ્તુતિ ચતુર્વિંશતિકા' સૌ પ્રથમ છે. આ ચતુર્વિંશતિકાઓ દેવાધિદેવની ભક્તિ કે કાર્યોત્સર્ગમાં બોલાય છે. આ સાથે 'શારદાસ્તવ' અથવા 'અનુભૂતિસિધ્ધ સારસ્વત સ્વત'માં મંત્રાક્ષરોનો સમાવેશ પણ તેઓશ્રીએ કરેલ છે.

(૧૨) ધનપાલ અને શોભનમુનિ :- અવંતિ પ્રદેશની રાજધાની ધારાનગરીમાં જે સમયે રાજા ભોજનું રાજ્ય હતું તે સમયે આચાર્ય મહેન્દ્રસૂરિજી ત્યાં પધાર્યા ને ત્યારે સર્વદેવ નામના એક બ્રાહ્મણ આવી કહ્યું કે :- આપ દિવ્યદ્રષ્ટિ સંપન્ન છો. તો મારે ઘરે પધારીને જો. અમારા પિતાજી દ્વારા સંતાડેલું ધન બતાવી દેશો, તો તમે કહેશો તે પ્રમાણે અડધું ધન

હું તમને આપી દઈશ. ત્યારે મહેન્દ્રસૂરિજી કહ્યું ના ! તમારી પાસે જે કંઈપણ સારું હશે તેમાંથી અડધું હું લઈશ. ને તે સમયે નિમિતજ્ઞ જ્ઞાનથી જાણ્યું છે, બ્રાહ્મણના માધ્યમથી ભવિષ્યમાં મહાન પ્રભાવક શિષ્ય અને શ્રાવક લાભ થવાનો છે. સર્વદેવે જ્યારે વાત કબૂલ કરી ત્યારે મુનિશ્રીએ બે માંથી એક સંતાન આપવાની વાત કરી તે સમયે શોભનકુમારે ઉત્કૃષ્ટ ભાવ સાથે શ્રમણદીક્ષાને અંગીકાર કરી ખૂબ તપ ત્યાગ ને અભ્યાસ કર્યો. સમયાંતરે ધનપાલ પણ જૈન ધર્મનો અનુરાગી બન્યો.

શ્રી હરિલાલ કાપડિયા આ બંને ભાઈઓ વિશે જાણકારી આપતાં જણાવે છે કે, "૧૧મી શતાબ્દી રૂપ ગગન પ્રતિ દ્રષ્ટિપાત કરતાં વેદપારંગત વિપ્રવર્ય ધનપાલ અને તેમના લઘુબંધુ શ્રી શોભન મુનીશ્વર એ બે તેજસ્વી તારાઓ ઝળકી રહેલા માલૂમ પડે છે. જેમણે ઋષભ પંચાશિકા તથા શ્રી વીરસ્તુતિનું નિર્માણ કર્યું છે તે તો તિલકમંજરી જેવી પ્રૌઢ કથા રચનારા આ ધનપાલની વિદ્વતા ઉપર મુગ્ધ થયા વિના રહેશે નહિં."(૨૭) આવા પ્રખર વિદ્વાને પણ શ્રી શોભન તે ઈતિઓ કઈ ? તેની વાત જણાવતા કહે છે કે :-

'સલિલા - ડનલવિષ વિષધર દુષ્ટ - ગ્રહ - રાજ - રોગ - રણ ભયતઃ
રાક્ષસ - રિપુ - ગણ - મારી - ચૌરતિ - શ્વાપદાડડદિભ્યઃ ॥ ૧૨ ॥'

અર્થાત્ :- જળ, અગ્નિ, ઝેર અને સાપ, નઠારા ગ્રહો, દુષ્ટ રાજા, દુષ્ટ રોગ અને લડાઈના ભયથી તથા રાક્ષસ, શત્રુઓનો સમૂહ, મરકી અને ચોર, અતિવૃષ્ટિ ને શિકારી પશુ વગેરેના ભયથી મુક્તિ મળે છે.

ધનપાલના નાના ભાઈ શોભનાચાર્ય જિનેશ્વરોની સ્તુતિઓની રચના કરવામાં એટલા બધા તલ્લીન રહેલા કે તેઓ સૂતા, જાગતા, ચાલતા, ફરતાં હરઘડી ભક્તિરસમાં જ મગ્ન રહેતા. જ્યારે આચાર્યશ્રી દેહલીલા સંકેલીને સ્વર્ગે સિધાવ્યા ત્યારે મહાકવિ ધનપાલે શોભનાચાર્ય દ્વારા રચિત શોભનસ્તુતિ નામના ગ્રંથ પર ટીકાની રચના કરી. ૨૪ તીર્થંકરોની યમક અંલકારમાં ને સંસ્કૃત ભાષામાં રચેલી આ સ્તુતિનો અનુવાદ જર્મન ભાષામાં ડૉ. હર્મન યકોબીએ કર્યો છે તથા ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં અનુવાદ પ્રો. હીરાલાલ કાપડિયાએ કર્યો છે.

આ સિવાય મહાકવિ ધનપાલે તિલકમંજરી જેવા અદ્‌ભુત સ્તોત્રની પણ રચના કરી છે. આદિનાથ ભ. ના જીવન પ્રસંગો દર્શાવતી 'ઋષભ પંચાશિકા સ્તુતિ' તથા સંસ્કૃત પ્રાકૃત વિરુદ્ધવચનીય શ્રી વીરસ્તવનાં દશેય પદ્યોમાં પ્રત્યેક પહેલું પૂર્વાર્ધ સંસ્કૃતમાં ને બીજું ઉતરાર્ધ પ્રાકૃતમાં રચીને કવિ ધનપાલે નવીન કાર્યશૈલીનું દર્શન કરાવ્યું છે.

(૧૩) માનદેવસૂરિ :- ૧૦મી શતાબ્દીના અંતભાગમાં થયેલા મહાન પ્રભાવક આચાર્યમાં શ્રી માનદેવસૂરિજીનું નામ આગવું છે. બૃહદ્‌ગચ્છમાં પ્રસિદ્ધ પ્રભાવક શ્રી માનદેવસૂરિશ્રી નાડુલનગર મધ્યે ચાતુર્માસ હતા તે સમયે શાકંભરી નગરીમાં શાકિનીએ કરેલી મરકીની પીડાથી પીડાતા ચતુર્વિધ સંઘની રક્ષા કાજે અત્યંત કરુણાવાળા સૂરિએ ઉપદ્રવ નિવારવા માટે શ્રી લઘુશાંતિ સ્તવની રચના કરી.

શ્રી શાંતિનાથ ભગવાનના આ સ્તોત્ર સ્મરણથી જુદાં - જુદાં પ્રકારના રોગ, કષ્ટોની ઉપદ્રવ શાંત થાય છે.

વર્તમાન આ સ્તોત્ર સ્તવન દૈવસિક પ્રતિક્રમણને અંતે ઘણી જગ્યાએ બોલવામાં આવે છે.

(૧૪) મુનિચંદ્રસૂરિ :- બારમી સદીમાં થયેલા મુનિચંદ્રસૂરિએ ઉપદેશમાં પ્રથમ સ્વરમય સ્તુતિરૂપ રચનાઓ કરી છે. તથા પ્રાતઃ કાળે ગાઈ શકાય તેવી 'પ્રાભાતિક જિન સ્તુતિ'ની પણ રચના કરી છે.

(૧૫) ચંદ્રપ્રભસૂરિ :- બારમી સદીના જ આ મુનિચંદ્ર પછી ચંદ્રપ્રભસૂરિએ 'પ્રભાત કુલક' નામે સાધારણ જિન સ્તવન રચ્યું છે એમાં ૧૩ પદ છે. મંગલાચરણ રૂપ પ્રથમ શ્લોકમાં કહ્યું છે કે પ્રાતઃ કાળે જિનેન્દ્રના મુખનું દર્શન કરવાથી સર્વ આપત્તિઓ, રોગ, દારિદ્રય આદિનો નાશ થાય છે. સ્તોત્રમાં શ્લેષ અલંકાર દ્વારા વિરોધ સર્જવાની અને પાદાન્ત યમક પ્રયોજવાની કવિ શક્તિ દર્શનીય છે.

(૧૬) હેમચંદ્રાચાર્ય :- શ્રી હેમચંદ્રાચાર્યનો જન્મ સંવત ૧૧૪૫માં ધંધુકા નગરમાં પાહિણી માતાની કુક્ષીએ ચાચિંગ નામના શેઠને ત્યાં થયો. અને વૈરાગ્ય વાસિત બની સંવત ૧૧૫૬ માં માત્ર ૧૧ વર્ષની ઉંમરે તેઓએ શ્રમણ દીક્ષા અંગીકાર કરી.

આચાર્યશ્રી હેમચંદ્રાચાર્ય અથાગ મહેનત લઈ પોતાની ૨૦ વર્ષની ઉંમરથી સાહિત્યસર્જનનું કામ શરૂ કર્યું હતું. તે તેમના ૮૪ વર્ષે થયેલા કાળધર્મ સુધી એટલે કે ૬૪ વર્ષ સુધી ચાલુ રાખ્યું હતું.

આચાર્યશ્રીએ તેમના સાહિત્યસર્જનમાં 'સિદ્ધહેમ શબ્દાનુશાસન વ્યાકરણ' ઉપરાંત અભિધાન ચિંતામણિ દ્વારા તેમણે એક અર્થના અનેક શબ્દો આપ્યા. 'અનેકાર્થ' સંગ્રહ દ્વારા એક શબ્દના અનેક અર્થ આપ્યા. વળી, 'વીતરાગ સ્તોત્ર' 'સકલાર્હત્ સ્તોત્ર', 'મહાદેવ સ્તોત્ર', 'અનન્યયોગ વ્યચ્છેદ દ્વાત્રિંશિકા' અને 'અયોગવ્યવિચ્છેદ દ્વાત્રિંશિક'ની રચના કરી. 'અલંકાર ચુડામણિ' અને 'છંદાનુશાસન' દ્વારા કાવ્યછંદની ચર્ચા કરી અને દ્વયાશ્રય દ્વારા ગુજરાત, ગુજરાતની સરસ્વતી અને ગુજરાતની અસ્મિતા વર્ણવી. દ્વયાશ્રયમાં ચૌદ સર્ગ સુધી સિધ્ધરાજના સમયની વાતો કરી અને પછીના સર્ગોમાં કુમાર પાળના રાજ્યકાળની વાતો આવે છે. બધું મળી તેઓશ્રી દ્વારા કુલ સાડા ત્રણ કોડ શ્લોક પ્રમાણ સાહિત્યની રચના કરી ગણાય છે.

તેમણે 'મહાદેવ સ્તોત્ર'માં કુલ ૪૪ શ્લોકમાં મહાદેવના પારમાર્થિક સ્વરૂપનું નિરૂપણ કર્યું છે. કુમારપાળે જ્યારે તેઓને શિવની સ્તુતિ કરવાનું જણાવ્યું ત્યારે તેમણે મહાદેવ સ્તોત્રની રચના કરી અને જૈન ધર્મની દૃષ્ટિએ વાસ્તવિક પરમાત્મા કોણ કહેવાય એની સુંદર સચોટ રજૂઆત કરી છે.

"ભવબીજાંકુર જનના રાગાદયઃ ક્ષયમુપગતા યસ્ય ।
બ્રહ્મા વા વિષ્ણુ વા હરોઃ જિનો વા નમસ્તસ્યે ॥"

અર્થાત્ :- "મહાદેવ કોણ કહેવાય એના માટેના ગુણો બતાવી, તેવા ગુણોવાળા એટલે કે જેવા ભવરૂપી બીજનાં અંકુરો નષ્ટ કરનાર, રાગાદિ દોષો શમી ગયા હોય તેવા જે કોઈ દેવ હોય, પછી તે બ્રહ્મા વિષ્ણુ, મહેશ કે જિન હોય તેને મારા નમસ્કાર છે."

આવી વિલક્ષણતાપૂર્વકની રજૂઆત દ્વારા જાણે કે જૈન ધર્મ અને હિન્દુ ધર્મનો સમન્વય કર્યો છે.

આચાર્ય હેમચંદ્રસૂરિકૃત વીતરાગ સ્તોત્ર એક દાર્શનિક સ્તોત્ર છે. આ સ્તોત્ર ૨૦ પ્રકારશોમાં વિભાજિત થયેલું છે. દરેક વિભાગોમાં ૮ થી ૯ શ્લોકો છે. જેમાં પરમાત્માનાં ગુણો, લક્ષણો, સ્વરૂપ, પ્રતિહાર્યો, રૂપ - સૌંદર્ય, વૈરાગ્ય, પ્રભુના અલૌકિક ગુણ વગેરેનું તાત્ત્વિકતાપૂર્વક

અને સ્તુત્યાત્મક શૈલીમાં સવિસ્તાર પ્રતિપાદન કર્યું છે. શ્રી જિનેશ્વરદેવનાં તીર્થંકર સ્વરૂપો ગુણોને વર્ણવતો એક દ્રષ્ટાંતસ્વરૂપ શ્લોક આ પ્રમાણે છે.

"असङ्गस्थ जनेसस्थ निममिस्थ कृपात्मनः
मध्यस्थस्थ जगत्मातुरनङ्कस्तेऽस्मि किंकर ॥ १३६ ॥"

અર્થાત્ :- "વિષયસંગરહિત, સર્વોત્તમ, મમ સ્વરહિત, કૃપાળુ, મધ્યસ્થ, જગતરક્ષક અને નિષ્કલંક એવા તમે, તમારો હું કિંકર (દાસ) છું."

આચાર્ય હેમચંદ્રસૂરિ એ વર્ધમાનની સ્તુતિ માટે અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા અને 'અયોગવ્યવિચ્છેદ દ્વાત્રિંશિકા નામની ૩૨ શ્લોકી સ્તુતિઓ દ્વારા જૈન દર્શનના પ્રમુખ સિદ્ધાંતો જેવા કે સ્યાદ્વાદ, નયપ્રમાણ, સપ્તભંગી ઈત્યાદિ પર અતિ ગંભીર અને સૂક્ષ્મ વિચારોને પ્રાસાદિક કાવ્યવાણીમાં ઉતાર્યા છે. સમર્થ આગમધર મલયગિરિએ પોતાની આવશ્યક સૂત્રની ટીકામાં आह च स्तुतिषु गुरवः એમ કહીને' અનન્યયોગવ્યવચ્છેન દ્વાત્રિંશિકાનું ઉદાહરણ આપ્યું છે. આ ઉપરથી પ્રસ્તુત સ્તુતિ કેટલી ગૌરવવંતી અને અર્થગંભીર છે તે સમજી શકાય છે.

કલિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રાચાર્યે તેમને પ્રાપ્ત થયેલી સરસ્વતી, ધર્મ અને રાજનીતિરૂપ ત્રિવેણી સંગમ દ્વારા સાહિત્યનું બહોળું ખેડાણ કર્યું છે. તે દ્વારા જૈન સ્તોત્ર - સાહિત્યની ઘરોહરને સમૃદ્ધ બનાવવામાં અનન્ય ફાળો અર્પિત કર્યો છે. ડૉ. જ્યોતિપ્રસાદ જૈન હેમચંદ્રાચાર્યનો સમય ઈ.સ. ૧૧૦૯ થી ૧૧૭૨ જણાવે છે.

શ્રી મણિલાલ પ્રજાપતિ અને ડૉ. જ્યોતિપ્રસાદ જૈન બંને હેમચંદ્રાચાર્યનો સમય જુદો જુદો બતાવે છે પરંતુ એક વાત સામાન્ય છે કે તેમનો સમય ૧૨મી સદી રહ્યો છે.

(૧૭) રામચંદ્રસૂરિ :- સમય ૧૨મી સદી રામચંદ્રસૂરિ કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરિના શિષ્ય હતા. તેમની રચનાઓમાં 'કુમારવિહારશતક', 'યુગાદિદેવ દ્વાત્રિંશિકા', 'પ્રાસાદ દ્વાત્રિંશિકા', 'વ્યતિરેક દ્વાત્રિંશિકા', 'આદિદેવસ્તવન', 'નેમિસ્તવ', 'મુનિસુવ્રતદેવ' સ્તવન, જિન સ્તોત્રો, ષોડશિકા સાધારણ જિન સ્તવનોની રચના કરી હતી.

શ્રી મણિભાઈ પ્રજાપતિ રામચંદ્રસૂરિ વિશે જણાવે છે કે, હેમચંદ્રાચાર્યના શિષ્ય રામચંદ્રસૂરિએ કવિત્વશક્તિના પ્રતાપે હેમચંદ્રાચાર્ય પાસેથી, 'કવિકટારમલ્લ'નું બિરુદ મળેલું, તેમણે અનેક સ્તોત્રો રચીને પોતાની અલંકાર નિરૂપણ ક્ષમતાનું દર્શન કરાવ્યું. તેમણે અનેક દ્વાત્રિંશીકા રચી. એક જ અલંકાર પ્રયોજી આખી બત્રીસીની રચના કરવી એ કવિની વિશેષતા છે.

રામચંદ્રસૂરિએ અલંકારોને મહત્ત્વ આપતાં વિરોધ, ઉપમા, દ્રષ્ટાંત, અર્થાન્તરન્યાસ, વ્યતિરેક, અપહ્નુતિ વગેરે અલંકારો ગર્ભિત દ્વાત્રિંશિકાઓની રચના કરી, તેના પછી થયેલા કવિ આસડ, મંત્રી પદ્મ તથા ધર્મઘોષસૂરિ આદિએ આ જ અલંકારપ્રવાહને વધારે વિકસિત કર્યો.

(૧૮) જિનવલ્લભસૂરિ :- વિક્રમની ૧૨મી સદીમાં થયેલા જિનવલ્લભસૂરિએ સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં ૧૦૦ જેટલાં સ્તોત્રો રચ્યાં છે. તેમાં પાર્શ્વનાથ સ્તવન, પંચ કલ્યાણક સ્તોત્ર, વીર સ્તોત્ર, સ્તોત્ર પંચક, ચતુર્વિંશિકા જિન-સ્તુતિ, જિન વિજ્ઞપ્તિ ઈત્યાદિ ૧૦૦ જેટલા સ્તોત્રો રચ્યાં છે.

ડૉ. જ્યોતિપ્રસાદ જૈને જિનવલ્લભસૂરિને ઈ.સ. ૧૧૧૦ના સમયનાં જણાવ્યા છે અને તેમની કૃતિઓમાં 'અજિત - શાંતિ લઘુસ્તવન', 'ભાવાનિવારણ સ્તોત્ર', 'વીરસ્તવ', 'જિનકલ્યાણ સ્તોત્ર' આદિને ગણાવ્યા છે.

પ્રાકૃતમાં ૨૦ શ્લોક પ્રમાણ પાર્શ્વનાથ સ્તવન તેમણે રચ્યું છે. ત્તેઓ કહે છે ?

"જાણમિ સામિ ! બહુભવવણેણે જમન્નાયા કચાઈ તુગં ।

નાહં નાહં પત્તો પત્તો પુણરુબભવો કિહં ઈયરા ?

પાર્શ્વજિત સ્તોત્રમાં સ્ત્રગ્ધરા છંદનાં નવ પદ્ય છે. તેમાં ભાવોને અનુરૂપ વર્ણાનુપ્રાસની છટા એ ધ્વન્યાત્મક પદાવલિઓનું નાદસૌંદર્ય અનુભવી શકાય છે. જેમ કે જેના નામમાત્રથી ત્રણેય જગતના ઉપદ્રવો શમી જાય છે, તે પાર્શ્વનો મહિમા કવિએ આ સ્તોત્રમાં ગાયો છે.

જિનવલ્લભસૂરિનું પણ સંસ્કૃત અને પ્રાકૃત ભાષા પરનું આધિપત્ય તેમની રચનાઓમાં દ્રષ્ટિગોચર થાય છે.

(૧૯) ચંદ્રસૂરિ :- ૧૩મી શતાબ્દીમાં થયેલા ચંદ્રસૂરિએ 'સર્વજિનસ્તવ' અને 'સાધારણ જિનસ્તવ' વગેરેની રચના કરી છે. તેઓ વસ્તુપાલના સમકાલીન હતા.

'સાધારણ જિનસ્તવ' ના આઠેય શ્લોક ક-ચ-ટ-ત-પ એ પાંચે વર્ગના વર્ણોથી રહિત છે અ સ્તોત્રની વિશેષતા કવિની કુશળતા છે. આરંભિક શ્લોકમાં કવિ જિનેશ્વરનો જ આશરો લે છે.

संसारसारं शौव श्री सरसीसरसीरुहम ।

ऋषीश्वरं वृषावासं श्रेयसां संश्रयंश्रेय ।।

આમાં એક પણ વર્ણ પંચ વંચજન વર્ગ પૈકીનો નથી.

બીજી સદીમાં થયેલા સમન્તભદ્રના અનુકરણરૂપ પાછળથી જૈન કવિઓએ વિશાળ માત્રામાં ચિત્રબંધથી સંપન્ન કાવ્યોની રચના કરી છે.

(૨૦) જિનપ્રભસૂરિ :- વિક્રમ સંવત ૧૩૬૫માં થયેલા જિનપ્રભસૂરિએ વિવિધરંગી ચિત્રબંધોમાં કાવ્યની રચના કરી હતી. તેમણે શ્રી સોમતિલકસૂરિને એકસાથે ૭૦૦ સ્તોત્ર રચી ભેટ આપ્યાં હતાં. સાહિત્ય કલારત્ન આચાર્ય વિજય શ્રી યશોદેવસૂરિ જિનપ્રભસૂરિ વિશે જણાવતાં લખે છે કે, "જિનપ્રભસૂરિએ રચનામાં એક ભવ્યાતિભવ્ય મોટો કીર્તિમાન સ્થાપિત કર્યો. એમના માટે પ્રસિદ્ધ છે કે શ્રી પદ્માવતીદેવીની કૃપાથી તેમને પ્રખર વિદ્વત્તા મળી હતી અને તેમને એ પણ અભિગ્રહ હતો કે પ્રતિદિન એક નવીન સ્તોત્રની રચના કરીને જ આહાર ગ્રહણ કરવો. આ જ કારણ હતું કે સૂરિજીએ વિવિધ ચિત્ર, યમક, શ્લેષાદિ અલંકાર તથા છંદોના વિભિન્ન પ્રયોગથી યુક્ત ૭૦૦ સ્તોત્રની રચના કરી."

જિનપ્રભસૂરિના વીરસ્તવનમાં તો શબ્દ, વર્ણ, ચમત્કારસંપન્ન ચિત્રકાવ્યના અનેક પ્રકારો પ્રાપ્ત થાય છે. જેમકે મુરજબંધ (શ્લોક - ૬), ગોમૂત્રિકા બંધ (શ્લોક - ૭), સર્વતોભદ્ર (શ્લોક - ૮), એકાક્ષર (શ્લોક - ૨૨), ષોડશદલકમલબંધ (શ્લોક - ૨૩), હાર - બંધ (શ્લોક - ૨૫), ચામરબંધ (શ્લોક - ૨૭) વગેરે કવિનામ ગુપ્ત ચિત્રનું ઉદાહરણ પણ (શ્લોક - ૨૬માં) છે. તેમાં પ્રયોજાયેલ વર્ણોમાંથી જિનપ્રભસૂરિ એવું નામ મળે છે.

જિનપ્રભસૂરિએ વિવિધ વર્ણવાળા સાતસો સ્તોત્રો રચીને જૈનશાસનની પ્રભાવના કરીને સ્તોત્ર - સાહિત્યના આરાધકો ઉપર અણકલ્પ ઉપકાર કર્યો છે.

(૨૧) રત્નાકરસૂરિ :- ૧૩મી સદીના આસપાસ સમયગાળામાં થયેલા રત્નાકરસૂરિજી મહાન પ્રભાવક આચાર્ય હતા. વિશેષ શ્રુતોપસાનામાં સમય વ્યતીત કરનાર આ આચાર્યશ્રી સંયમ સાધના કરતા હતા પણ એક અમૂલ્ય રત્ન આ રત્નાકરસૂરિજી પાસે રાખતા અને તેના પ્રત્યેની મમતા, તેમની વધતી જતી હતી, તેમાં સુધન શ્રાવક નામના એક સમજુ શ્રાવકે આ વસ્તુસ્થિતિ પારખીને આચાર્યશ્રીને એક શ્લોક સમજવવા વિનંતી કરીને તે સમયે શ્લોકનો ભાવાર્થ - કરાવતાં આચાર્યશ્રી જાગૃત બન્યા ને ત્યારબાદ પોતાના પાપના પશ્ચાતાપરૂપે 'રત્નાકરપંચવિશતિકા'ની રચના કરી કે, જે સ્તુતિના ૨૫ શ્લોકમાં પાપની તીવ્ર પશ્ચાતાપના કરી. આજે પણ આ રત્નાકરસૂરિની કૃતિ ભાવિકજનોમાં વિશેષ બોલાઈ રહી છે.

(૨૨) ધર્મઘોષસૂરિ :- ૧૪મી સદીના પ્રખર વિદ્વાન તરીકે તેમની ગણના કરવામાં આવી છે તેમણે રચેલ સ્તોત્રસાહિત્ય અતિ વિશાળ છે.

ધર્મઘોષસૂરિ વિરચિત કૃતિઓમાં 'ચંદ્રપ્રભ (૧ ભવ) સ્તોત્ર' (ગાથા ૬), 'શાંતિ સ્તોત્ર' (ગાથા ૧૦), સુવ્રત સ્તોત્ર (ગાથા ૬), નેમિ સ્તોત્ર (ગાધા ૭), પાર્શ્વ સ્તોત્ર (ગાધા ૯), વીર સ્તોત્ર (ગાથા ૧૦), ગિરનાર કલ્પ (ગાથા ૩૨), શત્રુંજય કલ્પ (ગાથા ૩૮), અષ્ટાપદ કલ્પ (ગાથા ૨૫), પાર્શ્વ સ્તવન (ગાધા ૧૧), વીર સ્તવ (ગાધા ૯), ભાવિચતુર્વિંશતિકા સ્તવ (ગાધા ૧૪), અજિતશાંતિ સ્તવ (ગાથા ૧૭), મહાવીર કલશ (ગાથા ૨૭), પાર્શ્વ સ્તવન (ગાધા ૯), સર્વજિન સત્વન (ગાધા ૯), જિન સ્તવન (ગાધા ૯), જીવવિચાર સ્તવન (ગાથા ૪૦), પંચત્રિંશજિનવચનગુણ સ્તવન (ગાધા ૯), જિન સ્તવન (ગાથા ૯, જીવવિચાર સ્તવન (ગાથા ૪૦), પંચત્રિંશજિનવચનગુણ સ્તવન (ગાધા ૩૫), ઋષભ સ્તોત્ર (ગાથા ૭), ચમક સ્તુતયઃ (શ્લોક ૩૯), ચતુર્વિંશતિજિન સ્તુતિ (શ્લોક ૨૮) આદિનો સમાવેશ થાય છે.

ધર્મઘોષસૂરિ ના સર્વજિન સ્તવનમાં અંતિમ આઠ પદમાં કમલબંધ છે. જિનસ્તવન સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં રચાયેલું છે. જે કવિની બંને ભાષાઓ ઉપરની પારંગતતા દર્શાવે છે. પાર્શ્વદેવ સ્તવનમાં કવિએ પોતાની નિઃસહાય સ્થિતિનું માર્મિક નિરૂપણ કર્યું છે. એમણે પ્રાકૃત ભાષામાં રચેલ જીવન વિચાર સ્તવન ભેદોનું વર્ણન, તથા પ્રાણ અને ૧૫ સિદ્ધો વગેરેનું સુંદર નિરૂપણ કરેલ છે.

(૨૩) જયશેખરસૂરિ :- ૧૪મી સદીના મહાન વિદ્વાન એવા શ્રી જયશેખરસૂરિજી જુદાં જુદાં સ્તોત્રો / સ્તવનો દ્વારા પ્રભુભક્તિનું ભેટણું રજૂ કર્યું છે. જૈન મહિમ્ન સ્તોત્રમાં તેઓએ જૈનધર્મનો આગવો મહિમા દર્શાવાયો છે તો, ચતુર્વિંશતિજિન સ્તવનમાં ચોવીશ જિનેશ્વર દેવોની સ્તુતિ કરેલી છે અને વળી, જુદા - જુદા વિવિધ છંદમાં રચેલી આ સ્તુતિ - સ્તવનમાં આચાર્યશ્રીની કવિત્વશક્તિ ને કલા કૌશલ દેખાય છે.

(૨૪) સોમસુંદરસૂરિ :- ૧૫મી સદીમાં થયેલા સોમસુંદરસૂરિએ ષટ્ભાષામાં કે એકથી અધિક ભાષાઓના પ્રયોગવાળાં સ્તોત્રો પણ રચ્યાં છે. જેમાં સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, માગધી, પૈશાચી તથા સૌરસેની જેવી જુદી જુદી ભાષાઓમાં સ્તોત્રની રચના કરી છે. આવાં સ્તોત્રોમાં પુષ્પદસ્મદ્શબ્દસ્તવ, હારબંધ જિનસ્તોત્ર, સાધારણ જિનસ્તવન,

શાંતિજિનસ્તવન, નેમિજિનસ્તવન, પાર્શ્વજિન સ્ત્વન આદિનો સમાવેશ થાય છે.

(૨૫) રત્નશેખરસૂરિ :- ૧૫મી સદીમાં થયેલા રત્નશેખરસૂરિએ ત્રિસંધાન - સ્તોત્રાદિ દ્વારા કંઈક નવા માર્ગોની શરૂઆત કરી.

રત્નશેખર સૂરિની રચનાઓમાં ઘોઘામંડન પાર્શ્વજિન સ્તવ, નવખંડ યમક પાર્શ્વસ્તવ, પાર્શ્વસ્તવ (ત્રયર્થી), ચતુર્વિંશતિ જિન સ્તવન, શ્રીપાલમાં ત્રણ ૩૨, ૩ બાષાસ્તવ આદિની રચના કરી છે.

(૨૬) ન્યાયવિશારદ મહામોપાધ્યાય યશોવિજયજી :- ૧૮મી સદીમાં થયેલા ન્યાય વિશારદ મહામોપાધ્યાય યશોવિજયજીએ અનેક સ્તોત્રોની રચના કરી છે. તેમણે જૈન સ્તોત્ર - સાહિત્યને વિશેષ સમૃદ્ધ બનાવ્યું છે.

તેમણે મૂળભૂત પ્રાકૃત ભાષામાં, સંસ્કૃતમાં અને ગુજરાતી તેમજ હિંદી ભાષામાં સ્તોત્રોની રચના કરી છે.

વિષયની દ્રષ્ટિએ જોઈએ તો એમણે આગમ, તર્ક, ન્યાય, અનેકાંતવાદ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, અલંકાર, છંદ, યોગ, આધ્યાત્મ, આચાર, ચારિત્ર, ઉપદેશ આદિ અનેક વિષયો ઉપર માર્મિક અને મહત્ત્વપૂર્ણ આલેખન કર્યું છે.

એમણે અનેક નહીં પરંતુ સેંકડોની સંખ્યામાં કૃતિઓની રચના કરી છે. ઐન્દ્રસ્તુતયૈઃ આધ્યાત્મ મત પરીક્ષા, ન્યાયવાદાર્થ, શ્રી પૂજ્યલેખ, સપ્તભંગી પ્રકરણ, સ્યાદ્વાદરહસ્ય (લઘુ), દ્રવ્યગુણ પર્યાયનો રાસ, જંબુરાસ અને કાન્ત વ્યવસ્થા પ્રકરણ, નયપ્રદીપ પ્રકરણ, મહાવીર સ્તવન આદિ અનેકાનેદ કૃતિઓની રચના કરી છે. વિવિધ વિષય અને અલગ અલગ ભાષાઓમાં તેમની રચના મળી આવે છે. એમનું મહાવીર સ્તવન (સ્તોત્ર) તત્ત્વજ્ઞાનપ્રધાન હોવા છતાં ભક્તિભાવપૂર્ણ છે જેમકે :

"ઐન્દ્ર જ્યોતિઃ કિમપિ કુનયધ્વાન્ત વિધ્વંસસજ્જં,
સદ્યોવિદ્યો જિઝતમનુભવે યત્સમાપત્તિપાત્રમ્ ।
તં શ્રી વિરં ભુવનભુવના ભોગ સૌભાગ્યશાલિ
જ્ઞાનદર્શન પરમકરુણાકોમલં સ્તોતુમીહે ॥ ૧ ॥"

અર્થાત્ :- "કુતર્ક (કુનય) ના અંધકારનો ધ્વંસ કરવામાં સજ્જ અને અવિદ્યાને તત્કાળ દૂર કરનારા કોઈક (અપૂર્વ) આત્મજ્યોતિ (ઐન્દ્રજ્યોતિઃ) (છેવટના) અનુભવમાં જેમની સાથે તદાકારતાને પાત્ર છે તે સકલ ભુવનોના વિસ્તારનું મંગલ (સૌભાગ્ય) કરનાર અને જ્ઞાનના આબેહૂબ નમૂનારૂપ (આદર્શ), પરમ કરુણાભાવ વડે કોમળ એવા શ્રી વીર (મહાવીર)ની સ્તુતિ કરવાની ઈચ્છા રાખું છું."

પોતાને શ્રી જિનેશ્વરદેવની કૃપાથી પ્રાપ્ત થયેલી પ્રતિભાનો સર્વાધિકઉપયોગ પરમાત્માના ગુણગાન ગાવા માટે જ થવો જોઈએ. એવી પૂર્વાચાર્યોની ધારણાને ન્યાયવિશારદ મહામોપાધ્યાય યશોવિજયજીએ પ્રબળ પુરુષાર્થથી પુષ્ટિ આપી છે.

(૨૭) ધર્મવર્ધનગણિ :- ખરતરગચ્છીય શ્રી વિજયહર્ષવાચકના શિષ્ય શ્રી ધર્મવર્ધનગણિએ વિક્રમ સંવત ૧૭૩૬ માં ભક્તામર સ્તોત્રની પાદપૂર્તિરૂપ ૪૪ પદ્યવળા આ કાવ્યની રચના કરેલી છે. આ કાવ્યનો પ્રારંભ 'રાજ્યદ્ધિવૃદ્ધિ' પદથી થતો હોવાથી તેને 'રાજદ્ધિવૃદ્ધિ સ્તોત્ર' એ નામથી ઓળખાવે છે. આ સ્તોત્રમાં મુનિશ્રીએ પ્રભુવીરના

જીવન પ્રસંગો તથા ગુણસમૃધ્ધિનું દર્શન કરાવ્યું છે. આ સિવાય પણ 'શ્રેણિક ચતુષ્પદી', 'લબ્ધિસ્વાધ્યાય', 'ચતુર્દશગુણસ્થાન વિચારગર્ભિત સુમતિજિનસ્તવન', સુરસુંદરીરાસ આદિ તેઓશ્રીની બીજી કૃતિઓ છે. વળી, ષડ્‌ભાષામય સ્તવનમાં મુનિશ્રીએ પોતાની વિશેષ ભાષાસમૃદ્ધિનાં પણ દર્શન કરાવ્યાં છે.

દક્ષિણિવિહારી શ્રી અમરવિજયજી મુનિવર્યના શિષ્યરત્ન વિદ્યાપ્રેમી મુનિશ્રી ચતુરવિજયજીએ સ્તોત્રોનો શતાબ્દી પ્રમાણે અદ્‌ભુત સંકલન કરેલ છે. જેનો ઉલ્લેખ શ્રી હિરાલાલ કાપડિયા સંપાદિર્તે 'ભક્તામર કલ્યાણમંદિર નમિઉણ' સ્તોત્રમાં આપેલ છે.

જૈન સ્તોત્ર સાહિત્યમાં વિશાળ સ્તોત્ર ભંડારમાંથી ઉપરોક્ત થોડાક જ સ્તોત્રકારોનો આછેરો પરિચય કે આછેરું વિહંગાવલોકન કર્યું છે. સમગ્ર સ્તોત્ર સાહિત્યના સ્તોત્રકારોનું આવું વિહંગાવલોકન કરવા માટે તો એક બૃહદગ્રંથની રચના કરવી પડે. ઉપલબ્ધ સ્તોત્રકારોની શતાબ્દીવાર યાદી પરિશિષ્ટ - ૧ માં આપેલ છે.

જૈનધર્મના સ્ત્રોત સાહિત્યનું વિહંગાવલોકન કરતાં ખ્યાલ આવે છે કે, વિશાળ પ્રમાણમાં રચાયેલાં સ્તોત્રોમાંથી સૌથી વિશેષ સ્તોત્ર રચનાઓ ભગવાન શ્રી પાર્શ્વનાથની છે. પાર્શ્વનાથ ભગવાન કરતાં બીજા તીર્થકર ભગવંતોના સ્તોત્રો પ્રમાણમાં અલ્પ છે... ચોવીસે ય તીર્થકરોનું નામસ્મરણ - ધ્યાન - ભક્તિ સર્વવિકાસ માટે સહાયક છે જે, તેમ છતાંય ભગવાન શ્રી પાર્શ્વનાથ વિશિષ્ટ કોટિના આદેય નામકર્મના ઉદયવાળા અને જેમના નામનો પ્રભાવ કાલિકાળમાં વિશેષ હોય તેવા હતા. તેમ કહેવાથી અન્ય તીર્થકર ભગવંતોની ન્યૂનતા દર્શાવિતી નથી. પરંતુ શ્રી પાર્શ્વનાથ સ્વામીના અધિષ્ઠાયકો અન્ય તીર્થકર ભગવંતો કરતાં વિશેષ છે, એ પણ ભગવાન શ્રી પાર્શ્વનાથનો મહિમા વધારવામાં નિમિતભૂત ઘટના છે. ભગવાન શ્રી પાર્શ્વનાથની ઘણી આર્યાઓ દેવીપણાને તથા ઈન્દ્રાણીપણાને પામી છે, એ હકીકત 'શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્ર' ના દ્વિતીય શ્રુતસ્કંધમાં દર્શાવાઈ છે.

ત્યાં જણાવાયું છે કે - અમરેન્દ્રની અગ્રમહિષીઓ, બલીન્દ્રની અગ્રમહિષીઓ, દક્ષિણવિભાગના (અસુરેન્દ્ર સિવાયના) ઈન્દ્રોની અગ્રમહિષીઓ, ઉત્તર વિભાગના (અસુરેન્દ્ર સિવાયના) ભવનપતિ ઈન્દ્રોની અગ્રમહિષીઓ, દક્ષિણ વિભાગના વ્યંતરદેવોની અગ્રમહિષીઓ ઉત્તર વિભાગના વાણવ્યંતરદેવોની અગ્રમહિષીઓ, ચંદ્રની અગ્રમહિષીઓ, સૂર્યની અગ્રમહિષીઓ, શકેન્દ્રની અગ્રમહિષીઓ, ઈશાનેન્દ્રની અગ્રમહિષીઓ - એ બધા પૂર્વભવમાં ભગવાન પાર્શ્વનાથની સાધ્વીઓ હતી અને તે બધી જ તે તે ઈન્દ્રોની ઈન્દ્રાણીરૂપે ઉત્પન્ન થઈ છે. તે પોતાના ઉપકારી પરમાત્માનો મહિમા વધારવામાં નિમિત્તભૂત સહાયક બને છે.

શ્રી પાર્શ્વનાથ સ્વામી.....

- વિશિષ્ટ પુણ્યપ્રકૃતિ સંપન્ન હતા.
- પુરુષાદાનીય હતા.
- વિશિષ્ટ કોટિના આદેય નામકર્મવાળા હતા.
- આ અવસર્પિણી પૂર્વની ઉત્સર્પિણીથી તેના ભક્તિ - પ્રાર્થના - ગુણગાન અને નામસ્મરણ ચાલુ હતા.
- તેમનો મહિમા - પ્રભાવ અચિંત્ય - અલૌકિક હતો અને છે.
- શ્રી પાર્શ્વનાથ ભગવાને પૂર્વના દેવલોકના ભવમાં હતા ત્યારે સૌથી વધારે ૫૦૦ ભગવાનનાં કલ્યાણકો ઊજવ્યાં હતી. આવા, અનેક કારણોસર પુણ્યપ્રભાવક, પ્રભુશ્રી

પાર્શ્વનાથ સ્વામી ભક્તહૃદયોના વિશેષ શ્રધ્ધાકેન્દ્ર અને સ્તુતિ ભક્તિનું માધ્યમ બન્યા છે.

તે પાર્શ્વનાથ ભગવાનના સ્તોત્રોમાંથી અમુક સ્તોત્રોનો આપણે અત્રે સંક્ષિપ્તમાં સ્વાધ્યાય કરીશું :-

૧) ઉવસગ્ગહરમ્ સ્તોત્ર

પ્રત્યેક જૈન ઘરમાં જાણીતું - માનીતું ઉવસ્સગહરમ્ સ્તોત્ર અન્ય સ્તોત્રોમાં સૌથી વધુ સંખ્યામાં અને સૌથી વધુ વ્યક્તિઓ દ્વારા ગવાતું આ સ્તોત્ર ઉપસર્ગો - વિઘ્નોનું નિવારણ કરનાર છે. આ સ્તોત્રને ગૂઢ અને રહસ્યમય ગણાવામાં આવે છે. આ સ્તોત્ર એ પ્રભુશ્રી પાર્શ્વનાથ ભગવાનની સ્તવના દ્વારા ભક્તિસરને વહાવતું એક આધ્યાત્મિક સુંદર સ્તોત્ર હોવા સાથે મંત્ર અને યંત્રથી યુક્ત કૃતિ છે.

આ સૂત્રના રચયિતા મહાનિમિત્તિક, વિશિષ્ટ પ્રભાવકશ્રી ભદ્રબાહુ સ્વામી છે. આ સ્તોત્રની રચનાનું નિશ્ચિત રચનાવર્ષ તો અપ્રાપ્ય છે. આચાર્યદેવ શ્રી ભદ્રબાહુ સ્વામીના સાંસારિક સહોદર, નૈમિતિક શ્રી વરાહમિહિર દ્વેષના કારણે મૃત્યુ પશ્ચાત્ વ્યંતરદેવ થતાં શ્રી જૈન સંઘમાં મહામારીનો રોગ ફેલાવવા લાગ્યોને ઉપદ્રવ કરવા લાગ્યો. ત્યારે તે સમયે વ્યંતરકૃત ઉપદ્રવ દૂર કરવા આ મહાપ્રભાવક ઉવસગ્ગહરમ્ સ્તોત્ર ભદ્રબાહુ સ્વામીએ રચીને સર્વત્ર મોકલ્યું અને તેના પાઠ તથા સ્મરણના પ્રભાવે શ્રી સંઘ નિરૂપદ્રવી થયો...

આ સ્તોત્રને શાંતિદાયક એવમ્ કલ્યાણપ્રદ સ્તોત્ર તરીકેના મહત્ત્વને મૂલવવાના સંદર્ભે હવે ક્રમશઃ દરેક ગાથાનો ક્રમવાર અર્થ જોઈએ :

ગાથા - ૧

ઉવસગ્ગહર પાસં પાસં વંદામિ કમ્મઘણમુક્કં ।
વિસહર વિસ નિન્નાસં મંગલ કલ્યાણ આવાસં ॥ ૧ ॥

અર્થ :- ઉપસર્ગને દૂર કરનાર શ્રી પાર્શ્વય જેમની સમીપ છે, જેઓ ઘાતી - અઘાતી એમ આઠે કર્મોના સમૂહથી મુક્ત છે, વળી જે દ્રવ્યવિષધરો (અનંત, વાસુકી, તક્ષક, કર્કોટ, પદ્મ, મહાપદ્મ, શંખપાલ, કુલિક, જય, વિજય નામના દશ નાગકુલોમાં ઉત્પન્ન થયેલાં સવિષ નાગો) અને ભાવવિષધરો (કષાયો - વિષયો, ના વિષનો નિશ્ચિત રીતે નિર્નાશ કરનારા છે, એવા પરમમંગલ પરમકલ્યાણનાં ધામરૂપ શ્રી પાર્શ્વપ્રભુને વંદન કરું છું.

ગાથા - ૨

વિસહર ફુલિંગ મંતં, કંઠે ધારેઈ જો સયા મણુઓ ।
તસ્સ ગહ રોગ મારિ, દુઠ્ઠ જરા જંતિ ઉવસામં ॥ ૨ ॥

અર્થ :- જે મનુષ્ય વિષહર ફુલિંગ (શબ્દો જેમાં આવે છે તે) મંત્રનું પળે - પળે સ્મરણ કરે છે. તેનાં ગોચર ગ્રહો, રોગ, મરકી, દુષ્ટ જ્વર આદિ વિઘ્નો સદાને માટે શાંતિ પામે છે.

ગાથા - ૩

ચિઠ્ઠઉ દૂરે મંતો, તુજ્જ પણામો વિ બહુફલો હોઈ ।
નર તિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુક્ખ દોગચ્ચં ॥ ૩ ॥

અર્થ :- મંત્ર પ્રભાવશાળી છે તે વાત દૂર રાખીએ તો પણ, શ્રધ્ધાપૂર્વકના કરાયેલા માત્ર એક જ નામસ્મરણથી તિર્યંચ ને મનુષ્યગતિનાં દુઃખ - દુર્ભાગ્ય દૂર થઈ જાય છે.

ગાથા - ૪

તુહ સમ્મત્તે લદ્ધે, ચિંતામણી કપ્પપાયવબ્ભહિએ ।
પાવંતિ અવિગ્ઘેણ, જીવા અયરામરં ઠાણં ॥ ૪ ॥

અર્થ :- હે પ્રભો ! તમારાં મહામૂલા (સુદેવ, સુગુરુ, સુધર્મ ઉપરની નિશ્ચલ શ્રધ્ધારૂપ) સમ્યકત્વરત્ને જે (મનોવાંછિત ફળપ્રદાતા) ચિંતા મણિરત્ન કે કલ્પવૃક્ષથી પણ અધિક મૂલ્યવાન છે, તે પામ્યા પછી તો ભક્તિવાન જીવો શીઘ્રપણે, વિઘ્નરહિતતાપૂર્વક અજર - અમર એવા મોક્ષના સ્થાનને પામે છે.

ગાથા - ૫

ઈઅ સંથુઓ મહાયસ ! ભત્તિભર નિબ્ભરેણ હિયએણ ।
તા દેવ ! દિજ્જ બોહિં, ભવે ભવે પાસ ! જિણચંદ ॥ ૫ ॥

અર્થ :- ત્રણે ભુવનમાં જેમનો વિસ્તૃત યશ ફેલાયો છે, તેવા મહાયશસ્વી, સામાન્ય કેવળીતારકો વચ્ચે તીર્થંકરરૂપ ચંદ્રસમાન શોભતા એવા હે પ્રભો પાર્શ્વ ! આ રીતે મેં ભક્તિથી પૂર્ણ છલકાતા હૃદયે તારી સ્તવના કરી છે, તે કારણથી ફળરૂપે હે દેવ ! મને ભવોભવને વિશે સમકિત બોધિરત્ન આપો.

ગાથા તથા સામાન્ય અર્થથી પરિચિત થયા બાદ પ્રત્યેક ગાથા વિશે થોડો વધુ વિચાર કરીએ.

- પ્રથમ ગાથામાં બત્રીસ લઘુ ને પાંચ ગુરુ અક્ષર વાળા સાડત્રીસ અક્ષર છે. (ગણના કરતી વખતે જોડાક્ષરોને એક જ અક્ષર ગણાવામાં આવે છે.) આ ગાથામાં શ્રી પાર્શ્વપ્રભુને શુદ્ધભાવથી અને સૂક્ષ્મરીતિએ (મારી સર્વ ભાવનાઓ સહિત સંપૂર્ણ શરણાગતિપૂર્વક) કરાયેલું વંદન એ ઉત્કૃષ્ટ ભાવમંગલ છે, જે અનિવાર્યપણે આત્યંતિક સુખશાંતિદાયી, કષ્ટમાં સમતાદાયી અને પુણ્યાનુબંધી પુણ્યના પ્રકૃષ્ટ બંધનથી તત્કાળ અથવા કાળક્રમે શાશ્વત સુખ આપનાર, પરમ ઉપકારી છે. લૌકિક અને લોકોત્તર મંગલો અને કલ્યાણોનાં ક્રીડાસ્થાનના આવાસસમાં પ્રભુ પાર્શ્વને કરાયેલ વંદન એ કર્મનો ક્ષય, ઈહલોકમાં આરોગ્ય, મનની પ્રસન્નતા તથા પરલોકમાં સદ્‌ગતિ અને પરંપરાએ નિર્વાણદાતા એવા રત્નત્રયી દર્શન - જ્ઞાન - ચારિત્રરૂપી આત્માના ગુણને વિકસાવનાર છે.

  આમ આ મહાપ્રભાવક સ્તોત્રની પહેલી ગાથામાં જ સ્ફૂટ થાય છે કે - પાર્શ્વપ્રભુની કરાતાં વંદન થકી વિઘ્નો વિદારાઈ જતાં જ ભક્તોને અનુપમ શાંતિ પ્રાપ્ત થાય છે તે કલ્યાણમાર્ગે આત્માને આગળ ધપવા પ્રેરે છે તેથી તેનું મહત્ત્વ અદકેરું છે.
- બીજી ગાથામાં છત્રીસ - લઘુ અને બે ગુરુ મળી કુલ ૩૮ અક્ષરો છે. પ્રભાવકચરિયના માનતુંગસૂરિપ્રબંધ નામની રચનામાં ઉલ્લેખ છે કે - શ્રી નાગરાજ ધરણેન્દ્રએ શ્રી માનતુંગસૂરિજીને પ્રસન્ન થઈ અઢાર અક્ષરની વિશિષ્ટ રચનાવાળો મંત્ર પ્રદાન કરેલ તે મૂળમંત્ર આમ પ્રમાણે છે. "નમિઉણ પાસ વિસહર વસહ જિણ ફુલિંગ" આ અષ્ટદશાક્ષરી

મંત્રથી ગર્ભિત ચિંતામણીયંત્રસમાન આ ગાથાના સ્મરણથી સાધકોનું શ્રેયનું કલ્યાણ સાધનાર બને છે.

મંત્રબળ એ આધ્યાત્મિક બળનું પૂરક તત્વ છે. મનનું રક્ષણ કરે તે મંત્ર, ગુરુ દ્વારા ગુપ્ત રીતે મેળવાય તે મંત્ર, જ્ઞાન ને રક્ષણ જેમાંથી નિશ્ચિતપણે થાય તે મંત્ર, આ મંત્રસ્મરણ કરવાથી ભક્તજનોનાં રોગ (એટલે કે વાત, પિત્ત, શ્લેષમ્, સન્નિપતિજન્ય વ્યાધિના ભેદ, ખાંસી, શ્વાસ, ભગંદર, કોઢ જેવા મહારોગો), મારી (એટલે કે અશિવ, યંત્ર, મંત્ર, યોગિની દ્વારા કરાચેલ મહાભયંકર ઉપસર્ગ, તાવ, સર્વવ્યાપી મૃત્યુસ્વરૂપ અશિષ મરકી) અને દુષ્ટ જ્વર, દાહ, નિત્ય વેળા જ્વર, મહૂર્ત જ્વર, દુષ્ટજનો, શત્રુઓ, કોપાયમાન રાજા વગેરેથી થતાં ઉપસર્ગો શાંતિ પામે છે. અહીં સ્ફુલિંગ એટલે ક્ષુદ્ર ઉપદ્રવો નિવારનાર અગ્નિના કણો, એટલે કે પદ્માવતીદેવી અને વિષહર એટલે શ્રી ધરણેન્દ્રદેવના માર્મિક ઉલ્લેખ થયેલા છે. આમ, આ સ્તોત્રની બીજી ગાથામાં રહેલ મંત્રથી શાંતિ વ્યાપે છે ને અભેદભાવે મંત્ર સ્મરણ કરતા જ મંત્ર ચૈતન્ય થકી ભક્તનું કલ્યાણ થાય છે.

- ત્રીજી ગાથામાં તેત્રીસ લઘુ અને ચાર ગુરુ મળી કુલ ૩૮ અક્ષરો છે. વિશુદ્ધ શ્રદ્ધાપૂર્વકનો પ્રકૃષ્ટ કોટિનો ફક્ત એક જ નમસ્કાર મનુષ્ય તેમાં ફલસ્વરૂપે સૌભાગ્ય, આરોગ્ય, ધન - ધાન્ય, સ્ત્રી, પુત્ર, દ્વિપદ, ચતુષ્પદ, રાજ્ય, સ્વર્ગાદિ મેળવે છે અને તિર્યંચમાં સુવર્ણ, રત્ન, ચિંતામણી, કલ્પવૃક્ષ, પટ્ટઅશ્વ, જયકુંજર હાથી આદિપણાને પામી ત્યાં પણ પૂજાય છે.

જે ભવમાં દુઃખને દારિદ્રય જ ન રહે તે કેટલું શાંતિપ્રદને કલ્યાણકર જીવન હોય તે સહજ કલ્પનીય છે. દુઃખનો સર્વથા અભાવ અને સુખનો એકાંતે સદ્ભાવ અને પરંપરાએ શાશ્વતમોક્ષ સાધવાનું કારણ એટલે અરિહંતને કરેલ ભાવપૂર્વકના પ્રણામ. મંત્રોના આરાધનથી તો પ્રભાવ ફેલાય જ, પરંતુ વગર મુશ્કેલીનો, તપ-જપ કર્યા વગર પણ જો અશરણના શરણરૂપ એવા પાર્શ્વપ્રભુને કરેલ ફક્ત એક જ હૃદયપૂર્વકના પ્રણામ સૌભાગ્યપ્રદ છે, સુખશાંતિપ્રદ છે, કલ્યાણકર છે, ભવોભવ પરોપકારી છે તો તેનું મહત્વ અપરિમેય વધી જાય છે.

- આ ચોથી ગાથામાં ઓગણત્રીસ લઘુ અને છ ગુરુ મળી કુલ પાંત્રીસ અક્ષરો છે. આ સ્તોત્રની ચતુર્થ ગાથામાં શ્રી પાર્શ્વનાથ પ્રભુના સમ્યક્ત્વનો પરમ અપૂર્વ મહિમા દર્શાવાયો છે. 'તત્ત્વાર્થ શ્રધ્ધાનામ્ સમ્યગ્દર્શનમ્ !' આત્મામાં મિથ્યાત્વ મોહનીય કર્મની પ્રકૃતિના ક્ષયોપશમથી પેદા થનારો વિશિષ્ટ કોટિનો ગુણ એટલે સમ્યક્ત્વ. તે દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વના નિશ્ચયરૂપ છે. દેવમાં દેવત્વની, ગુરુમાં ગુરુપણાની શુદ્ધ બુદ્ધિ તે જ સમ્યક્ત્વ છે.

'અવિગ્ઘેણં' શબ્દનો ગુઢાર્થ અહીં એ સૂચન કરે છે કે સમ્યક્ત્વ પ્રાપ્ત જીવોને જ્યાં સુધી મુક્તિ ન મળે ત્યાં સુધી નિર્વઘ્નપણે તેને મનુષ્યજન્મ, આર્યદેશ, આર્યકુલ, પંચેન્દ્રિય પરિપૂર્ણતા, જિનધર્મની પ્રાપ્તિ, સદ્ગુરૂનો યોગ્ય ધર્મશ્રવણેચ્છા તથા ધર્મકાર્યો કરવા માટે જોઈતી અનુકૂળતાઓ સામેથી જ સાંપડ્યા કરે છે.

ભક્તિથી કરેલ સ્તુતિથી, મંત્ર - પઠનથી, સમ્યક્ત્વ નિમર્ણ થાય છે અને એ વિશુદ્ધ શ્રદ્ધા તો ભવસાગર પાર ઉતારનાર છે. આમ, નિર્વાણ જેવું ઉત્તમોત્તમ ફળ પણ

નિર્વિઘ્ને મેળવી આપનાર સમ્યક્ત્વ એ શાંતિપ્રદ ને કલ્યાણકર મહોપકારી તત્ત્વ છે, તે વાત પુનઃ સિધ્ધ થાય છે. જે સ્તોત્રમાં શીઘ્રપણે, વિઘ્નરહિત, મોક્ષપ્રાપ્તિનો સહજ - સરળ માર્ગ દર્શાવાયો હોય, તે સ્તોત્ર તો સુખશાંતિ કલ્યાણરાશિ જ હોય તે નિર્વિવાદ મહત્વનું સત્ય જ છે.

- પાંચમી ગાથામાં ચોત્રીસ લઘુ અને ચાર ગુરૂ મળીને આડત્રીસ અક્ષરો છે. પાંચમી ગાથામાં વિશિષ્ટ કોટિના આદેય નામકર્મ ઉદયવાન એવા પાર્શ્વનાથ પરમાત્મા પ્રત્યે ભક્તિથી સન્નિવિષ્ટ હૃદયે, પોતાના મનના નિર્મળ અધ્યવસાયની સાક્ષીરૂપે, ઉપસંહાર વેળાએ રચિયતા શ્રી ભદ્રબાહુ સ્વામીજી યાચના કરે છે - સ્તુતિના બદલામાં હે પ્રભુ ! પ્રણિધાનરૂપે મોક્ષપર્યંત મને ઉચ્ચતર કક્ષાની જિનધર્મની પ્રાપ્તિ ને શ્રધ્ધેયતા ભવાંતરમાં પણ આપો.

  શ્રેષ્ઠ પાસે હંમેશા શ્રેષ્ઠની માંગણી કરાય, તે ન્યાયે પ્રાંતે સ્તોત્રકારથી પ્રાર્થેયનાં ત્રણ ઉત્કૃષ્ટ સંબોધનો મહાયશસ્વી, દેવ અને જિનચંદ્રરૂપ બહુમાનને આગળ કરી ધીમેથી પોતાનો દૃઢ સંકલ્પ પ્રભુ પાર્શ્વ સમક્ષ મૂકે છે. આ સ્તોત્રની પાંચમી ગાથા સિધ્ધત્વની યાત્રા કરાવે છે. જેની વિકસિત રોમરાજીમાં પ્રભુ પરત્વેની ભક્તિ, આદર, બહુમાન ઉભરાતાં હોય જેની રચનાના દરેક અક્ષરોમાં ગુઢાતિગૂઢ અર્થો છુપાયેલ હોય, જેના હૈયાના દરેક અણુઅણુમાં શ્રીસંઘ ઉપરના ઉપદ્રવો દૂર કરવાના સંકલ્પ છલકતા હોય, તેથી જ રચનામાં આવું રહસ્યગર્ભિત સામર્થ્ય પ્રગટી શકે.

  આ રીતે ઉપરોક્ત પાંચે ગાથાના સ્મરણ પાઠથી આલોક - પરલોકનાં સર્વકાર્યોની સિદ્ધિ થઈ નિર્વિઘ્ને મોક્ષપ્રાપ્તિ થાય છે.

- ઉવસગ્ગહરં સ્તોત્રની પઠનથી ઉપસર્ગ નિવારણ અને પ્રાપ્ત - સિદ્ધિઓ :-

૧) પ્રથમ ગાથાનો પાઠ યા સ્મરણ ઉપસર્ગ - ઉપદ્રવ અને વિષધર (ઝેરી પ્રાણીઓ)ના તથા વિષયનો નાશ કરનાર છે.

૨) પ્રથમ અને દ્વિતીય ગાથાનો સંયુક્ત રીતે કરાયેલો પાઠ યા સ્મરણ ગ્રહ - રોગ - મારી - વિષમજ્વર - દુષ્ટ - દુર્જન તથા સ્થાવર જંગમ વિષનો નાશ કરનાર છે.

૩) પ્રથમ, દ્વિતીય અને તૃતીય ગાથાના પાઠથી સ્મરણથી વિષમરોગ દુઃખ - દારિદ્રયનો નાશ થાય છે.

૪) પ્રથમ, દ્વિતીય, તૃતીય અને ચતુર્થ ગાથાના પાઠથી સર્વ વાંછિત પ્રાપ્ત થાય છે. આ ગાથામાં શ્રી પાર્શ્વ ચિંતામણિ મંત્ર સ્થાપન કરાયેલો છે.

૫) સંપૂર્ણ સ્તોત્ર એકથી પાંચ ગાથાના સ્મરણથી આલોક અને પરલોકનાં કાર્યોની સર્વસિદ્ધિ થાય છે. સર્વ પ્રકારના અનિષ્ટો નાશ પામે છે. મન - ચિંતવ્યા પદાર્થો અને સંયોગો સ્વયંમેવ પ્રાપ્ત થાય છે.

- ઉવસ્સગહરમ્ સ્તોત્રની ગાથાનું પ્રમાણ :-

  આ સ્તોત્રના પાંચ ગાથાવાળા પાઠને સામાન્યરૂપે માન્યતા મળેલી છે. પણ સમય જતાં કેટલીક અન્ય ગાથાઓનો પણ પ્રક્ષેપ થયો છે. તેથી સાંપ્રત સમયમાં આ સ્તોત્રના ૯ ગાથાના, ૧૩ ગાથાના, ૧૭ ગાથાના, ૨૧ ગાથાના તથા ૨૭ ગાથાના પાઠો પણ પ્રચલિત બન્યા છે. (૨૮) ઉવસ્સગહરમ્ સ્તોત્રના સર્વ ટીકાકારોએ આ સ્તોત્રની

પાંચ ગાથાઓ પર જ ટીકા કરે છે. વળી, શ્રી રાજશેખરસૂરિએ 'चतुर्विंशतिप्रबंध' માં જણાવ્યું છે -

ततः पूर्वेज्यं उध्द्रत्य उवसग्गहरम् पासं - इत्यादि स्तवनगाथा पंचळमयं सद्‌ब्धं गुरूभिः ।

વળી પૂર્વ આચાર્યોમાંથી ઉધ્ધરણ લઈને 'ઉવસગ્ગહરં પાસં' - એ શબ્દોથી શરૂ થતું પાંચ ગાથાવાળું સ્તવન ગુરુ વડે રચાયું.

વિક્રમની સોળમી સદીમાં થયેલા શ્રી જિનસૂર મુનિએ પ્રિયંકરનૃપ કથાના પ્રારંભમાં તથા વિક્રમની સોળમી સદીમાં થયેલા શ્રી હર્ષકીર્તિસૂરિએ કરેલી આ સ્તોત્રની ટીકામાં આ સ્તોત્ર પંચગાથા પ્રમાણ હોવાનો સ્પષ્ટ હોવાનો સ્પષ્ટ નિર્દેશ કર્યો છે. શ્રી હર્ષકીર્તિસૂરિએ એવું પણ પ્રતિપાદન કર્યું છે કે પૂર્વે આ સ્તોત્રની સાત ગાથાઓ હતી પરંતુ ત્યારપછી ભદ્રબાહુ સ્વામીએ તેની બે ગાથા ભંડારમાં સ્થાપિત કરી, એટલે અત્યારે પાંચ જ ગાથા પ્રવર્તે છે. અર્થાત્ આ સ્તોત્રની ગાથા - સંખ્યાના સંદર્ભમાં મતભેદ પ્રવર્તે છે. તેમ છતાં ઉપરોક્ત સંદર્ભને આધારે ઉવસગ્ગહરમ્ સ્તોત્રના પાંચ ગાથાવાળા પાઠને સ્વીકૃતિ આપવી યથા ઉચિત ગણાશે.

અંતમાં, આ ઉવસગ્ગહરમ્ સ્તોત્ર ભગવાન પાર્શ્વનાથ પ્રભુ સાથે જોડાઈ જવાનું, તેમની મંત્ર શક્તિનું જીવનમાં અવતરણ કરવાનું અને આપણી ચેતનાને પ્રભુની ચેતના સાથે જોડી દેવાનું સર્વશ્રેષ્ઠ આલંબન છે. આપણા જીવનમાં તેને આરાધીને આત્માનું કલ્યાણ કરવાનું છે. જીવનમાં આનંદ - મંગલ કલ્યાણ અને શાંતિની ભાવના ભાવીને જીવનને હર્યું ભર્યું બનાવવાનું છે.

૨) શ્રી નમિઉણ સ્તોત્ર

આ સ્તોત્રનું નામ સ્તોત્રની શરૂઆતના 'नमिऊण' શબ્દથી પડેલું છે. આ સ્તોત્રનું બીજુ નામ 'ભયહર સ્તોત્ર' છે. આ સ્તોત્રના રચિયતા શ્રી માનતુંગસૂરિ નામના મહાપ્રભાવિક આચાર્ય છે. આ સ્તોત્રની ગાથાઓની અંદર ગુપ્ત રહેલો 'नमिऊण पास विसहर वसह जिण फुलिंग' નામનો અટાર અક્ષરનો મંત્ર, નાગરાજ ધરણેન્દ્રે તેઓશ્રીના માનસિક રોગના નિવારણ માટે આપવાનો ઉલ્લેખ 'પ્રભાવકચરિત્ર' ના 'શ્રી માનતુંગસૂરિ પ્રબંધ' નામના બારના પ્રબંધમાં શ્લોક ૧૫૯ થી ૧૬૫ નીચે મુજબ કરેલો છે. :

એક વખત કર્મની વિચિત્રતાથી શ્રી માનતુંગસૂરિજીને માનસિક રોગ ઉત્પન્ન થયો. કારણ કે જે કર્મોએ શલાકા પુરુષોને પણ છોડ્યા નથી. તે કર્મો આચાર્યશ્રીને પણ ઉદયમાં આવતા માનસિક પીડા ઉત્પન્ન કરી. તેઓશ્રીએ નાગરાજ - ધરણેન્દ્રનું સ્મરણ કર્યું અને પોતે અનશન કરવા માટે પૂછ્યું, ત્યારે ધરણેન્દ્રે જવાબ આપ્યો કે, હે પ્રભુ ! હજુ આપનું આયુષ્ય ઘણું બાકી છે. તે શી રીતે ઓછું થઈ શકે ? આપશ્રી જેવાની વિદ્યા મહાનતા ઘણા જીવોને ઉપકારરૂપ છે. એમ કહીને ધરણેન્દ્રે તેઓશ્રીને અટાર અક્ષરનો (ચિંતામણી મંત્ર) આપ્યો, કે જેનો સ્મરણરૂપી જળથી નવ પ્રકારના રોગોને નાશ થાય છે. આ પ્રમાણે અટાર અક્ષરનો મંત્ર શ્રી માનતુંગસૂરિને આપીને ધરણેન્દ્ર પોતાના સ્થાને ચાલ્યો ગયો.

ત્યારબાદ પરોપકાર પરાયણ શ્રી માનતુંગસૂરિજીએ તે મંત્રાક્ષરો ગર્ભિત નવીન 'ભયહર સ્તોત્ર' ની રચના કરી, જે હાલમાં પણ વિદ્યમાન છે. તે મંત્રાક્ષરોના સ્મરણના પ્રભાવથી આચાર્યશ્રીનો દેહ હેમંત ઋતુના કમળની શોભા જેવો થઈ ગયો, કારણ કે અદ્‌ભુત ગુણોના નિધાન તેવા આચાર્યશ્રીને શુ દુર્લભ હોય ?

આ સ્તોત્રના રચનાકાર શ્રી માનતુંગસૂરિ, સંસારીપણામાં બનારસનિવાસી ધનનવ શેઠના પુત્ર હતા. તેઓએ પહેલાં 'ચારુકીર્તિ' નામના દિંગબર સાધુપાસે દીક્ષા લીધી હતી. તે વખતે તેઓશ્રીનું નામ 'મહાકીર્તિ' રાખવામાં આવ્યું હતું. પરંતુ સમયાંતરે તેઓએ પોતાની બહેનના કહેવાથી શ્રીજિનસિંહસૂરિ પાસે શ્વેતાંબર સંપ્રદાયમાં દીક્ષા લીધી હતી. પ્રભાવકચરિત્રમાં જણાવ્યા પ્રમાણેબાણ અને મયુર નામના બે બ્રાહ્મણ પંડિતોની વિદ્યાના ચમત્કારથી આકર્ષાયેલા હર્ષદેવ નામના બ્રહ્મક્ષત્રિય રાજા સાથે શ્રી માનતુંગસૂરિનો મેળાપ થયો. હર્ષરાજાએ ચમત્કાર જોવા ઈચ્છા, દર્શાવી ત્યારે આચાર્ય કહ્યું કે : હે રાજન્ ! અમે ગૃહસ્થ નથી, કે વિદ્યા અને ગુણનું પ્રદર્શન કીરને રાજાઓ પાસેથી ધન પ્રાપ્ત કરીએ. અમે જે કઈ કરીએ તે માત્ર ધર્મને માટે જ. તેઓશ્રીનાં આવા નિરીહ વચનો સાંભળીને રાજાએ માનતુંગસૂરિને સાંકળોથી બાંધી એક અંધારી કોટડીમાં પૂરી દેવા સેવકોને આજ્ઞા આપી અને સેવકોએ તરત તેનો અમલ કર્યો. શ્રી માનતુંગસૂરિજીએ તેજ વખતે પોતાના ઈષ્ટદેવ પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવની 'ભક્તામર' વાક્યથી શરૂ થતાં મંત્રમય સ્તોત્રની રચના કરી, પોતે બંધનથી મુક્ત થયા. તેઓશ્રીની આવી અદ્‌ભુત શક્તિ જોઈ રાજા પ્રસન્ન થયો અને તે જ સમયથી જૈનધર્મનો અનુરાગી થયો.

આ નમિઉણ સ્તોત્રનો રચનાકાળ જોવામાં આવે તો, શ્રી માનતુંગસૂરિજીના સમય માટે એમ મનાય છે કે... શ્રી હર્ષનો રાજ્યકાલ વિ.સ. ૬૬૭ થી ૭૦૪ અને કર્નલ ટાડેના લખવા પ્રમાણે વૃદ્ધ ભોજનો સમય પણ વિક્રમનો સાતમો સૈકો (વિ.સં. ૬૩૧) છે, એટલે આ આચાર્યનો પણ તે જ સમયે સંભવે છે. વળી, એમની દિગંબરાવસ્થાના 'ગુરુ ચારુકીર્તિ અને પોતાના મહાકીર્તિ' નામો ઉપરથી પણ તેઓ છઠ્ઠી - સાતમી શતાબ્દીના જ હોવાનું સિદ્ધ થાય છે. 'વિર વંશાવલિ'માં તથા બીજા પદાવલીયો વગેરેમાં પણ શ્રી માનતુંગસૂરિજીને ઉજ્જયિનીના રાજા વૃદ્ધભોજના સમકાલીન જણાવ્યા છે. માટે 'નમિઉણ સ્તોત્ર'ની રચના પણ આ સમયગાળા દરમ્યાન જ થઈ હોવાનું મનાય છે. (૩૦)

આ સ્તોત્ર પાઠથી આઠ પ્રકારના ભયનો નાશ થાય છે. આ સ્તોત્રના પ્રથમ શ્લોકમાં આચાર્યશ્રી પાર્શ્વઅવનાથ ભગવાનને વંદન કરતાં કહે છે કે :

નમિઊણ પણયસુરગણ - ચૂડામણિકિરણ રંજિઅ મુણિણો ।
ચરણજુઅલં મહાભય - પણાસણં સંથવં વુચ્છં ।। ૧ ।।

અર્થાત્ નમસ્કાર કરતાં એવા દેવતાઓના સમૂહના મુગટોમાં રહેલા મણિઓનાં કિરણોથી શ્રી પાર્શ્વનાથ મુનીશ્વરનાજે બંને ચરણકમલો રંગાયેલાં છે, તેઓને હું પણ નમસ્કાર કરું છું. મહાભયોને નાશ કરનારું એવું આ સ્તોત્ર છે.

આ પ્રમાણે દર્શાવીને આગળના શ્લોકોમાં આચાર્યશ્રી આઠ પ્રકારના મહાભયથી

રક્ષણ પામવા માટે. ૧) બીજા ને ત્રીજો શ્લોક રોગભયહર શ્લોક, ૨) ચોથો ને પાંચમો જલભય શ્લોક, ૩) છઠ્ઠો ને સાતમો અગ્નિભય શ્લોક, ૪) આઠમો ને નવમો વિષ (સર્પ) ભય શ્લોક, ૫) દશમો ને અગિયારમો અટવી (જંગલ) ભય શ્લોક, ૬) બારમો ને તેરમો સિંહભય શ્લોક, ૭) ચૌદમો ને પંદરમો હસ્તિભય શ્લોક ૮) સોળમો તથા સત્તરમો રણ (સંગ્રામ - યુદ્ધ) ભય શ્લોક તરીકે માહાત્મય દર્શાવીને આચાર્યશ્રીએ રચેલ છે.

ને અંતે, આ સ્તોત્રનો ઉદ્દેશ્ય દર્શાવતાં આચાર્યશ્રી કહે છે કે :

पासह समरण जो कुणइ, संतुट्ठेहियण्ण ।
अट्ठुतरसयवाहिभय, नासई तस्स दूरणे ॥ २४ ॥

અર્થાત્ જે મનુષ્ય સંતુષ્ટ - સ્થિર ચિત્ત વડે શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સ્મરણ કરે છે, તેના એકસોને આઠ વ્યાધિના ભયો દૂરથી જ નાશ પામે છે.

આમ, શ્રી નમિઉણ સ્તોત્રની રચના આચાર્યશ્રીએ લોકોના શારીરિક ને માનસિક કલ્યાણ માટે કરી છે. અષ્ટમહાભયથી પરેશાન થતો જીવાત્મા આ સ્તોત્રના શ્રધ્ધાભાવપૂર્વકના સ્મરણથી શાંતિ - સમાધિને સ્વાસ્થ્ય સુખાકારીને પામે છે.

૩) શ્રી ધરણોરગેન્દ્ર સ્તોત્ર

'ધરણોરગેન્દ્ર સ્તોત્ર' આ સ્તોત્રનું નામ પણ સ્તોત્રની શરૂઆતના 'ધરણોરગેન્દ્ર' શબ્દથી પડેલું છે. આ સ્તોત્રના રચિયતા શ્રેષ્ઠિ શિવનાગ નામના એક ગૃહસ્થ વિદ્વાન છે. આ શ્રેષ્ઠિ શિવનાગના પુત્ર વીર કે જે પાછળથી 'શ્રી વીરસૂરિ' તરીકે પ્રસિદ્ધ હતા, તેઓનું જીવન 'પ્રભાવક ચરિત્ર'ના 'શ્રીવીરગણિ' નામના પંદરમાં પ્રબંધમાં આ પ્રમાણે કહેલું છે :-

શ્રીમાલ (હાલનું ભિન્નમાલ) નામના નગરમાં ધૂમરાજ વંશમાં ઉત્પન્ન થયેલ, દેવરાજ નામનો રાજા રાજ્ય કરતો હતો. તે નગરમાં શિવનાગ નામનો એક કોટિધ્વજ રહેતો હતો. તે વ્યાપારીમાં અગ્રેસર તથા વિદ્વાન હતો. તે જૈન ધર્મનો અનુરાગી હતો અને તેણે શ્રી પાર્શ્વનાથ પ્રભુના પરમ ઉપાસક એવા ધરણેન્દ્ર નાગરાજની આરાધના કરી હતી. શિવનાગની આરાધનાથી પ્રસન્ન થયેલા ધરણેન્દ્રે સર્વસિદ્ધિને આપનાર તથા જાપ કે હોમાદિક વિના તરત જ કોઈપણ જાતના ઝેરને દૂર કરનાર એવો મંત્ર આપ્યો, કે જે પુણ્યહીનજનોને દુર્લભ તથું ફૂંક તથા હાથના સ્પર્શમાત્રથી આઠ નાગકુલોના વિષનો નાશ કરતો હતો. તે શ્રેષ્ઠિએ તે મંત્રની રચના અને પ્રભાવયુક્ત એક સ્તોત્ર બનાવ્યું કે જે ધરણોરગેન્દ્ર સ્તોત્રના નામથી પ્રસિદ્ધ થયું. અને તે સ્તોત્રના સ્મરણ માત્રથી ગમે તેવા ઉપદ્રવો દૂર થતા હતા.

શ્રેષ્ઠી શિવનાગની આ એક જ કૃતિ ધરણોરગેન્દ્ર સ્તોત્ર દશમી શતાબ્દિની છે. ને આ સ્તોત્ર પ્રમાણ આપે છે કે, શ્રેષ્ઠી મહામંત્રવાદી ગૃહસ્થ વિદ્વાન અને મંત્રાક્ષરો વિશિષ્ટ જ્ઞાતા હતા. ધરણોરગેન્દ્ર સ્તોત્રની રચના જોતાં કહી શકાય કે દશમી શતાબ્દીના તે સમયના શ્રેષ્ઠી ગૃહસ્થો પણ વિદ્વતા ને પ્રજ્ઞાશીલતાનો ઉપયોગ પ્રભુભક્તિમાં કરતા હતા.

જૈન સ્તોત્રોમાં મંત્રાક્ષરોનું વિશિષ્ટ પ્રકારનું સંયોજન આપણને પ્રસ્તુત ધરણોરગેન્દ્ર સ્તોત્ર પહેલાંના કોઈપણ પૂર્વાચાર્યોના સ્તોત્રમાં, આ પ્રકારના મંત્રાક્ષરોનું સંયોજન મળી આવતું નથી. પાર્શ્વનાથ પરમાત્માની સ્તુતિને ભક્તિ સાથોસાથ પ્રભુભક્ત શ્રી ધરણેન્દ્ર દેવની પણ સ્તુતિ કરતાં કહે છે કે :-

दैत्योपसर्ग भीषणजलधरधारा निपातघौतकर्ममल ।
सर्वज्ञ ! नागवन्दित ! सर्वविषाक्षेपण ! नमस्ते ।। १३ ।।

અર્થાત્ ભયંકર વરસાદની જલધારાઓ વરસાવી મેઘમાલી નામના રાક્ષસે જેઓના ઉપર ઉપસર્ગ કરી કર્મરૂપી કચરો વિશેષ કરીને ધોઈ નાંખ્યો છે. તેવા હે સર્વજ્ઞ ! આપ નાગેન્દ્ર - ધરણેન્દ્રથી વંદન કરાએલા એવા સર્વ પ્રકારનાં ઝેરને હરનારા આપને મારા નમસ્કાર થાઓ.

ઉપર્યુક્ત ગાથામાં શ્રેષ્ઠીવર્યે પાર્શ્વનાથ ભગવાનને વંદન કરી પ્રભુ પર થયેલા મેઘમાલી દેવકૃત ઉપસર્ગની પણ વાત કરી છે. છતાં, વિશેષ વાત તે છે કે અહીં મેઘમાલી દેવને તિરસ્કાર ભાવથી નહીં પણ પ્રભુના કર્મક્ષયમાં સહાયક માનવામાં આવ્યા પણ આવા પ્રભુના ઉપસર્ગમાં પ્રભુભક્તિથી પ્રેરાઈને ઉપસર્ગમાં રક્ષણ કરનાર ધરણેન્દ્રને વંદન કર્યા છે કે જે ધરણેન્દ્રદેવ સર્વ પ્રકારનાં ઝેરને હરી શકે તેમ છે.
જૈન સ્તોત્રમાં મંત્રાક્ષરોનું વિશિષ્ટ પ્રકારનું સંયોજન આપણને પ્રસ્તુત ધરણોરગેન્દ્ર સ્તોત્ર પહેલાનાં કોઈપણ પૂર્વાચાર્યોના સ્તોત્રમાં, (આ પ્રકારના મંત્રાક્ષરોનું સંયોજન) મળી આવતું નથી. પ્રસ્તુત સ્તોત્રની ગાથા ૧૪મીથી ગાથા ૧૬મીમાં આ પ્રમાણે વર્ણન કરેલું છે.

ॐ हन हन दह दह पच पच मथ मथ संहर संहर क्षिप हुं चचाल
धम धम पूरय पूरय विषोल्वणं हुं फट् स्वाहा ।। १४ ।। कलिकुण्ड ।
ॐ चुरू चुरू मुरू मुरू फुरू फुरू फर फर फार फार फलदस्तवम् ।
किलि किलि कल कल कलितैः कलिकुण्ड ! कलाकलापज्ञः ।। १५ ।।
ॐ यः यः सः सः हः हः वः वः उरूरूल्लिय रूह रूहान्त शान्त ! त्वम् ।
विषवन्हे विध्यपनं कुरू शीघ्रमुरूप्लवाख्यानात्

વળી, ॐ हन हन થી શરૂ થતી ગાથાનો અર્થ "હે કલિકુંડ પાર્શ્વનાથ ! નમસ્કાર કરનારા ઉત્પન્ન થએલા કર્મરૂપી ઝેરને મારી નાંખ, મારી નાંખ ! બાળી નાંખ, બાળી નાંખ ! પકાવી નાંખ, પકાવી નાંખ ! સમભાવે કરીને દૂર કર, દૂરકર ! क्षिप - દિશા, વિદિશાઓમાં - પ્રેરય, પ્રેરય ! हुं चचाल - કંપાવી નાંખ, કંપાવી નાખ ! धम धम - ધ્યાનરૂપી અગ્નિથી બાળી નાંખ ! નમસ્કાર કરવાનું हुं फट् स्वाहा - અહિત દૂર કર - ભલું કર ! આ અર્થ જાણવો - ૧૪.

હે કલિકુંડ પાર્શ્વનાથ ! તમે દરેક કલાના જાણકાર છો, અને તેનું ઉત્તમમાં ઉત્તમ ફલ આપવાવાળા છો. ॐ કારછે જેની આદિમા, चुरू चुरू मुरू मुरू फुरू फुरू फर फर फार फार પદો, અને ચિંતામણિકલ્પાનુસાર ઉપલક્ષણથી किलि किली कल कल એ પંદરમી ગાથાનો મંત્ર જાણવો. ૨૫.

હે શાંત ! તમે મારા ઝેરરૂપી અગ્નિને यः यः सः सः हः हः वः वः વગેરે મંત્રો રૂપી પાણીથી જલદી શાંત કરો - ૧૬.

વળી, ગાથા ૨૯-૩૦ માં જિનગરુડના સ્વપ્નનું વર્ણન અને ગાથા ૩૧ થી ૩૫ માં જિનગરુડના મહિમારૂપી બાર નામોનું વર્ણન અને તેના ચિંતનથી સર્વ રોગોનો નાશ થાય છે, તેમ જણાવ્યું છે.

હે લોકો ! જો તમારે ઝેર ઉતારી નાંખવાની ઈચ્છા હોય તો જિનગરુડનું સ્મરણ કરો. આ જિનગરુડ અતુલ બળવાળા ધરણેન્દ્ર, વિદ્યાધરો એ દેવોથી વંદન કરાએલા, અને પોતાના અપૂર્વ જ્ઞાનતેજથી અત્રે જણાવેલા ચાર વર્ણોમાં શોભી - દીપી રહેલા છે. તેઓ જાનુ - ઢીંચણ સુધી તપાવેલા સોના જેવા - પીળા વર્ણના, જાનુથી નાભિ સુધી શુભ્ર - સફેદ વર્ણના, નાભિથી ગળા સુધી ઊગતા સૂર્ય જેવા - રાતા વર્ણવાળા અને ગળાથી મસ્તક સુધી કૃષ્ણ - કાળા વર્ણવાળા છે. આ રીતે જિનગરુડના સ્વરૂપનું વર્ણન કરવું - ૨૯-૩૦.

(૧) સુવર્ણવર્ણથી શોભિત, (૨) વિનીત (૩) કાશ્યપ ગોત્રવાળા રાજાના પુત્ર (૪) મહાબળવાળા (૫) શત્રુનો નાશ કરવાવાળા (૬) અજિત, સર્વ જગ્યાએ જવાની શક્તિવાળા હોવાથી (૭) વિશ્વરૂપિણ : એવા જિનગરુડનું હે લોકો ! ઝેરના નાશ માટે સ્મરણ કરો. (૮) વૈનતેય (૯) પન્નગોને વિષે ઉત્તમ પક્ષી ગરુડના નામથી જાણીતા, (૧૦) પક્ષીઓના રાજા, (૧૧) તક્ષક અને (૧૨) કાશ્યપના પુત્ર કહૂડરાજના મહિમાવાળા આ પ્રમાણેના બાર નામોનું સવારમાં ઊઠીને, સ્નાન કરીને અથવા શુદ્ધ થઈને સ્મરણ કરવારને ઝેર ચડતું નથી, સર્પ કરડતો નથી, દુર્જનો ઉપદ્રવ કરી શકતા નથી અને સ્મરણ કરનારના સર્વ કાર્યો સિદ્ધ થાય છે. આ જ રીતે જે પુરુષ પ્રભુ શ્રીપાર્શ્વનાથનું ચિંતન - સ્મરણ સવારમાં પવિત્ર થઈને કરે છે, તેના સર્વ રોગોનો નાશ થાય છે. અને તેનાં દરેક જાતનાં ઝેરો નાશ પામે છે - ૩૧ થી ૩૫.

આ મહાપ્રભાવિક સ્તોત્રના ઉપસંહાર - અંતભાગ - માં સ્તોત્રકાર પોતાનું નામ નીચે પ્રમાણે ગુંફિત કરે છે :-

ગ્રહોની પીડા વખતે અને દરેક જાતના ઝેરની શાંતિ માટે યોગીશ્વર શ્રીપાર્શ્વનાથ પ્રભુનું સ્મરણ - વંદન કરવું જોઈએ. આ રીતે મંત્રબીજોનું સંયોજન - માલારૂપ શ્રીપાર્શ્વનાથ પ્રભુની આ સ્તુતિનું ત્રિકાળ સ્મરણ - ધ્યાન (સવાર, બપોર અને સાંજના સમયે) કરવાથી ભક્તિપૂર્વક શિવની પાસે નાગ ક્રીડા કરે છે, તેમ શ્રીપાર્શ્વનાથ પ્રભુની ભક્તિ તથા સ્તુતિ કરનારની પાસે નાગ ક્રીડા કરે છે, અર્થાત્ તેના દરેક જાતનાં ઝેરનો નાશ થઈ જાય છે - ૩૬ થી ૩૮.

વળી, આ સ્તોત્રના પ્રારંભમાં જ સ્તોત્રકાર પોતે શ્રીપાર્શ્વનાથ પ્રભુને નમસ્કાર કરતાં કહે છે કે -

धरणोरगेन्द्रसूरपित विद्याधरपूजितं जिने नत्वा ।
क्षुद्रोपद्रवशमनं तस्यैव हि महास्तवं वक्ष्ये ॥ १ ॥

નાગરાજ - ધરણેન્દ્ર તથા વિદ્યાધરોએ જેઓની ભક્તિ અને પૂજન કરેલ છે, તે શ્રીપાર્શ્વનાથ પ્રભુને નમસ્કાર કરીને ક્ષુદ્રદેવો વગેરેએ કરેલા ઉપદ્રવોના શમન - શાંતિ

માટે તેઓની જ અદ્‌ભુત સ્તુતિ હું (શિવનાગ) કરું છું - ૧

આ અદ્‌ભુત સ્તોત્ર કરનાર શ્રેષ્ઠી શ્રી શિવનાગ સ્તોત્રના અંતભાગના ૩૭મા શ્લોકમાં પોતાના નામનો સ્પષ્ટ ઉલ્લેખ કરેલો છે. આ સ્તોત્રનો ત્રિકાલ પાઠ કરવાથી પાઠ કરનારને કોઈપણ ઉપદ્રવ તથા નથી અને ઉપદ્રવ થયેલા હોય તો તે ઉપદ્રવો શાંત થઈ જાય છે.

૪) શ્રીજયતિહુઅણ સ્તોત્ર

જયતિહુઅણસ્તોત્રનું નામ પણ તેની શરૂઆતના શબ્દ ઉપરથી પડેલું છે. આ સ્તોત્રની રચના કરનાર નવાંગી ટીકાકાર તપસ્વી અને મહાપ્રભાવક આચાર્ય શ્રીઅભયદેવસૂરિજીનું વર્ણન શ્રી પ્રભાવકચરિત્રના ૧૯મા શ્રીઅભયદેવસૂરિ પ્રબંધમાં આપેલું છે :-

માલવ દેશમાં આવેલી ધારાનગરીમાં ભોજ નામે વિદ્વાન રાજા રાજ્ય કરતો હતો. તે નગરમાં લક્ષ્મીપતિ નામનો એક ધનાઢય શ્રેષ્ઠી રહેતો હતો. આ લક્ષ્મીપતિને ત્યાં મધ્યપ્રદેશના રહેવાસી એવા શ્રીધર અને શ્રીપતિ નામના બે વિદ્વાન બ્રાહ્મણો રહેતા હતા. આ બંને વિદ્વાનોએ શ્રીવર્ધમાનસૂરિ પાસે દીક્ષા લીધી અને તે બંને જિનેશ્વર અને બુદ્ધિસાગર નામથી લોકોમાં પ્રસિદ્ધ થયા હતા. આ વર્ધમાનસૂરિ પહેલા કૂર્ચપુર (કુચેરા) ના ચૈત્યવાસી આચાર્ય હતા અને તેમની નિશ્રામાં ૮૪ જિનમંદિરો હતાં. પાછળતી તેઓશ્રીએ ચૈત્યવાસનો ત્યાગ કરી સુવિહિત માર્ગનો સ્વીકાર કર્યો હતો.

તે વખતે પાટણ શહેરમાં ચૈત્યવાસી સાધુઓનું ખૂબ જ પ્રાબલ્ય હતું, તે એટલે સુધી કે તેમની આજ્ઞા મેળવ્યા વિના કોઈપણ સુવિહિત સાધુ પાટણમાં રહી શકતા નહોતા. આચાર્ય વર્ધમાનસૂરિએ પોતાની શ્રી જિનેશ્વરસૂરિ અને શ્રી બુદ્ધિસાગરસૂરિ નામના બંને શિષ્યોને પાટણ મોકલીને સુવિહિત સાધુઓ માટે પાટણમાં રહેવાની શરૂઆત કરાવી.

શ્રીબુદ્ધિસાગરસૂરિએ જાલોર - મારવાડમાં રહીને સંવત ૧૦૮૦ માં બુદ્ધિસાગર નામનું નવું વ્યાકરણ ૭૦૦૦ શ્લોક પ્રમાણનું બનાવ્યું. શ્રીજિનેશ્વરસૂરિએ ધારાનગરી તરફ વિહાર કર્યો અને ત્યાંના રહેવાસી મહીધર શેઠના પુત્ર અભયકુમારને દીક્ષા આપી અભયદેવ નામના પોતાના શિષ્ય કર્યા. અભયદેવ મુનિને આચાર્ય પદ આપવા યોગ્ય જાણીને શ્રીવર્ધમાનસૂરિના આદેશથી સંવત ૧૦૮૮ માં શ્રી અભયદેવસૂરિ બનાવ્યા. શ્રી અભયદેવસૂરિ વિહાર કરતાં કરતાં પ્રત્યપ્રદ નામના નગરમાં પધાર્યા. ત્યાં શ્રીવર્ધમાનસૂરિ આયુષ્ય સમાપ્ત થતાં અનશન કરીને સ્વર્ગે ગયા.

તે વખતે દેશમાં દુર્ભિક્ષનો ઉપદ્રવ થતા દેશની દુર્દશાને લીધે સિદ્ધાંત તથા તેની વૃત્તિઓનો ઉચ્છેદ થવા લાગ્યો. તે વખતે જે કોઈ સૂત્ર રહ્યાં, તેમાં બુદ્ધિવાન મુનિઓને પણ તેના શબ્દાર્થ દર્બોધ થઈ પડ્યા. આવી વિષમ પરિસ્થિતિ ઉપન્ન થતાં એક વખત અર્ધરાત્રિએ ધર્મધ્યાનમાં સાવધાનપણે મગ્ન રહેલા શ્રીઅભયદેવસૂરિને નમસ્કાર કરીને શાસનદેવી કહેવા લાગી કે પહેલાં નિર્દોષ એવા શ્રીશીલાંગ નામના આચાર્યે અગિયાર અંગની વૃત્તિ રચી હતી, તેમાંથી કાળબળને લઈને, હાલમાં બે અંગની વૃત્તિ વિના બધી

વિચ્છેદ ગઈ છે, માટે સંઘના અનુગ્રહથી હવે તમે બાકીનાં નવ અંગની વૃત્તિ રચવાનો ઉદ્યમ કરો.

શ્રી અભયદેવસૂરિએ કહ્યું કે - હે શાસનદેવી ! હું એટલો બધો વિદ્વાન નથી કે શ્રીસુધર્મસ્વામીએ રચેલા સૂત્રો ઉપર હું વૃત્તિ રચી શકું. મારાથી અજાણતાં પણ ઉત્સૂત્ર કહેવાઈ જાય, તો મહાપાપનો ભાગીદાર થાઉં. પૂર્વાચાર્યોએ ઉત્સૂત્ર પ્રરૂપણાનું ફળ અનંત સંસારનું ભ્રમણ દર્શાવેલ છે. વળી, તમારું વચન પણ અલંઘનીય છે. માટે તમે સલાહ આપો તે પ્રમાણે કરું.

શાસનદેવીએ કહ્યું કે - હે સુજ્ઞ શિરોમણી ! સિદ્ધાંતના અર્થ વિચારમાં, હું નિઃશંકપણે કહી શકું છું કે તમારામાં યોગ્યતા છે. તેમ છતાં કોઈ બાબતમાં સંદેહ ઉત્પન્ન થાય તો મને પૂછજો, એટલે હું સીમંધરસ્વામી પાસે મહાવિદેહક્ષેત્રમાં જઈ ને તે પૂછી આવીશ. માટે ધીરજ ધરીને તે માંગલિક કાર્યની શરૂઆત કરો. મારા વચનમાં કોઈપણ જાતની શંકા કરશો નહીં. મને યાદ કરતાં જ હું હાજર થઈશ.

આ પ્રમાણે સાંભળીને શ્રી અભયદેવસૂરિએ તે દુષ્કર કાર્ય કરવાની સંમતિ આપી, અને જ્યાં સુધી આ કાર્ય સમાપ્ત ન થાય, ત્યાં સુધી આયંબિલની તપશ્ચર્યા ચાલુ રાખવાની, પ્રતિજ્ઞા લીધી. ત્યાર પછી નવે અંગે ઉપરની વૃત્તિ - ટીકાઓ તેઓએ કોઈપણ જાતના સંકટ ઉપસ્થિત થયા વગર સંપૂર્ણ કરી અને શાસનદેવીએ પણ પોતાની પ્રતિજ્ઞાનો નિર્વાહ કર્યો.

ત્યારપછી શ્રીઅભયદેવસૂરિજી સંઘયાત્રા નિમિત્તે વિહાર કરતાં કરતાં ધવલકપુર (ધોળકા)માં પધાર્યા. અપ્રતિબદ્ધ વિહાર કરવો એ જ સિદ્ધાંત - ઉપાસનાનું લક્ષણ છે. આ પ્રમાણે નિરંતર આયંબિલનું તપ કરતા અને નિરંતર રાત્રે જાગરણ કરતા હતા. એક દિવસ અચાનક આચાર્યશ્રીને કોઢ ઉત્પન્ન થયો. તે વખતે અદેખા લોકો કહેવા લાગ્યા કે - ઉત્સૂત્રની પ્રરૂપણાથી ક્રોધ ભરાયેલા શાસનદેવોએ આચાર્યશ્રીને કોઢ રોગ ઉત્પન્ન કર્યો છે.

આ પ્રમાણે જિનશાસનની અવહેલના થતી લોકોમાં સાંભળતાં અને પોતાના અંતરમાં પરલોકની ઈચ્છા કરતાં તેમણે રાત્રીના ધરણેન્દ્ર-નાગરાજનું ધ્યાન ધર્યું. તેઓએ પોતાના સત્ત્વની કસોટી થઈ રહી હોય તેમ સ્વપ્નમાં પોતાના દેહને જીભ વડે ચાટતા નાગેન્દ્રને દેખ્યો. આથી તેમણે વિચાર આવ્યો કે - આ કાલરૂપ વિકરાલ સર્પે મારા શરીરને ચાટવા માંડ્યું, તેથી મારું આયુષ્ય હવે ક્ષીણ થયું હોય તેમ લાગે છે, તો મારે હવે અનશન આદરવું એ જ મારા માટે ઉત્તમ માર્ગ છે. આ પ્રમાણે ચિંતવન કરતાં બીજા દિવસે સ્વપ્નમાં ધરણેન્દ્રે આવીને ગુરુ મહારાજને કહ્યું કે - મેં તમારા દેહને ચાટીને રોગને દૂર કર્યો છે.

આ પ્રમાણે સાંભળીને અભયદેવસૂરિ એમ બોલ્યા કે - મૃત્યુના ભયથી મને દુઃખ થતું નથી, પરંતુ રોગને લીધે લોકોમાં જિનશાસનની જે નિંદા - અવહેલના થાય છે, તે મારાથી સહન નથી થતું.

પછી ધરણેન્દ્ર કહેવા લાગ્યો કે - એ બાબતમાં તમારે ખેદ કરવાની જરૂર નથી. હવે તમે અધીરાઈ તજીને જિનશાસનની પ્રભાવના કરો.

પછી આનંદિત થયેલા શ્રી અભયદેવસૂરિએ રાત્રીએ બનેલો આ અદ્‌ભુત પ્રસંગ

શ્રીસંઘને કહી સંભળાવ્યો આચાર્ય શ્રી અભયદેવસૂરિશ્વરજી પાસેથી આ વૃત્તાંત જાણીને જૈનસંઘમાં આનંદ આનંદ વ્યાપી ગયો. ધાર્મિકપુરુષો યાત્રાએ જવા તૈયાર થયા. તે વખતે નવસો ગાડાંઓ સાથે શ્રીસંઘ આચાર્ય મહારાજશ્રીને આગળ કરીને પ્રભુનાં દર્શન કરવા માટે આગળ આગળ પ્રયાણ કરવા લાગ્યો. આગળ ચાલતાં ચાલતાં શ્રીસંઘ શેટી નદીના કિનારે પહોંચ્યો, તે વખતે શ્રીસંઘની આગળના ભાગે ચાલતા બે વૃદ્ધ અશ્વો અદૃશ્ય થઈ ગયા, એટલે શ્રી સંઘ તે સ્થળે અટકી ગયો.

અભયદેવસૂરિજીએ ત્યાં આગળ ગાયો ચરાવતા ગોવાળોને પૂછ્યું કે - અહીં તમારે કંઈ પૂજન કરવા લાયક છે ? તે વખતે એક ગોવાળે કહ્યું કે - હે પૂજ્ય ! સાંભળો, આ પાસેના ગામમાં મહીણલ નામનો મુખ્ય પટેલ છે. તેની કાળી ગાય અહીં આવે છે. તેના બધાં આંચળથી દૂધ ઝરે છે. એટલે અહીં ખાલી થઈને જ તે ઘેર પહોંચે છે અને ત્યાં દોહવામાં આવતાં એક ટીપું પણ દૂધ આપતી નથી, તેનું કાંઈ કારણ સમજાતું નથી. એમ કહીને તે ગોવાળે શ્રી અભયદેવસૂરીજીને તે સ્થાન બતાવ્યું.

શ્રી અભયદેવસૂરિજીએ તે સ્થળે નાસિકાના અગ્રભાવે દૃષ્ટિ સ્થાપન કરીને 'जयि - हूअण' થી શરૂ થતું અપભ્રંશ ભાષામાં ૩૨ ગાથાનું શ્રીપાર્શ્વનાથ પ્રભુનું નવીન સ્તોત્ર બનાવ્યું. આચાર્ય મહારાજ જેમ જેમ સ્તોત્ર બોલતા ગયા, તે તેમ હળવે હળવે જાતે સાક્ષાત્ પ્રભુનું પ્રતિબિંબ હોય તેવું સુંદર શ્રીપાર્શ્વનાથ પ્રભુનું તેજસ્વી અને નયન મનોહર બિંબ પ્રગટ થયું. શ્રીસંઘ સહિત આચાર્ય મહારાજે તરત જ વંદન કર્યું, એટલે તેઓશ્રીનો સમસ્ત રોગ દૂર થયો અને તેઓશ્રીનો દેહ કંચન સમાન તેજસ્વી દેખાવા લાગ્યો.

એક રાત્રિએ ધરણેન્દ્રે આવીને આચાર્યશ્રીને જણાવ્યું કે 'હે પ્રભુ ! મારાં વચનથી તમે આ સ્તવનમાંથી બે ગાથાઓ ગોપવી દો, કારણ કે કેટલાક પુણ્યહીન જનોને આ ગાથાના પ્રભાવથી મારે પ્રત્યક્ષ થવું પડશે. 'ત્યાર પછી તે બે ગાથાઓ આચાર્યશ્રીએ ગોપવી દેવાથી હાલમાં તે સ્તોત્રની ગાથા ત્રીશ જ છે અને તેનો પાઠ કરનાર તથા સાંભળનાર પુણ્યશાળી જનોના અત્યારે પણ ક્ષુદ્ર ઉપદ્રવોનો નાશ કરે છે. વળી, ત્યારથી શ્રીસ્થંભન પાર્શ્વનાથનું આ તીર્થ ભક્તજનોના મનોવાંછિત પૂરનાર એ રોગ - શોકાદિ દૂર કરનાર તથા દુઃખરૂપ દાવાનળને શાંત કરવામાં મેઘ સમાન જગતમાં પ્રસિદ્ધિને પામે છે. પાછલના ભાગમાં ઐતિહાસિક અક્ષરપંક્તિઓ પહેલાંની લખેલી વિદ્યમાન હતી, એમ લોકોમાં સંભળાય છે.

શ્રીમાન્, અભયદેવસૂરિ શાસનની પ્રભાવના કરતા અને ઉત્તમ ચારિત્રનું પાલન કરતા ગુજરાતના રાજા કર્ણરાજાના સમયમાં વિક્રમ સંવત ૧૧૩૫માં કપડવંજમાં યોગનિરોધથી વાસનાને પરાસ્ત કરી તથા ધર્મસ્થાનમાં એકતાન લગાવીને દેવલોક પામ્યા.

પ્રભાવક ચરિત્રના રચયિતા શ્રીપ્રભાચંદ્રસૂરીશ્વરજી અને વૃદ્ધ સંપ્રદાય - પ્રાચીન પરંપરા પણ 'જયતિહુઅણ સ્તોત્ર'ની ગાથાઓ શ્રીઅભયદેવસૂરીશ્વરજીએ પહેલાં બત્રીશ બનાવી હતી અને પછીથી શાસનદેવતા - ધરણેન્દ્રની વિનંતીથી તેમાંથી બે ગાથાઓ ભંડારી દેવામાં આવી હતી તેમ કહે છે. પરંતુ રાધનપુર (ઉત્તર ગુજરાત)ના શ્રીસંઘના જૈન ભંડારમાં જે એક હસ્તલિખિત પ્રતમાં ગુમ થયેલી ગાથાઓ જોવામાં આવી હતી તે,

અત્રે રજુ કરું છું,

ઉઁ णमो - परमेसर - सिरि - पासनाह - धरणेन्द्र - पइट्ठिया ।
पउमावइ - वईरूट्टादेवी - जय - विजयालंकिया ।।
तिहुयण - मंत - तिकोण - विज्जसिरि - हिरि - महिमंडिय ।
तिय - वेढीय - महविज्जदेवी - थंभणय - पुरट्ठिय ।। १ ।।
सत्तमवन्न - जगदवन्न - सरअट्ठ - विभुसिय ।
वजणवन्न - दसद्धन्न - सिस्मिलापुरिय ।।
सिरि - मिमि - कित्ति - सुबुद्धि - लच्छि - किरि - मंत सुसायर ।
थंमण पासजिणंद - सिद्धि - महवंच्छिय - पूरण ।।

જયતિહુઅણ મહાત્મ્ય

જયતિહુઅણ થી શરૂ થતી પહેલી ગાથામાં સ્તોત્રકાર કહે છે કે 'ત્રણ જગતમાં રહેનાર પ્રાણીમાત્રના ઉત્તમ કલ્પવૃક્ષની માફક મનોવાંછિત પૂર્ણ કરનાર હે શ્રીપાર્શ્વનાથ પ્રભુ ! આપ જયવંતા વર્તો. સ્તુતિ કરનારના રાગાદિ અભ્યંતર શત્રુઓનો નાશ કરનાર, હે વીતરાગ ! અને શરીરમાં ઉત્પન્ન થયેલા બાહ્ય વ્યાધિઓનો નાશ કરનાર, હે ધન્વંતરિ નામના વૈદ્ય સમાન, હે ત્રણ જગતમાં રહેલા કલ્યાણના ભંડાર સમાન એવા, આપ ત્રણે કાલ જયવંતા વર્તો છો.પાપ અથવા ઉપદ્રવ રૂપ હાથીનો નાશ કરવામાં સિંહ સમાન, જેઓના નામ માત્રથી ઉપદ્રવો નાશ પામે છે એવા, જેઓની આજ્ઞાનું ત્રણે જગતમાં (દેવ, મનુષ્ય અને તિર્યંચમાં) પાલન થાય છે એવા, ત્રણે જગતના સ્વામી એવા, શ્રીસ્થંભનકપુર (ખંભાત) ને વિષે રહેલા એવા શ્રીસ્થંભન પાર્શ્વનાથની સ્તુતિ કરનારનાં મનોવાંછિત પૂર્ણ થાઓ.'

जय जोइय मण कमल भसल भय पंजर कुंजर,
तिहुअण जण आणंद चंद भुवणत्तय दिणयर ।
जय मइ मेइणि वारिवाह जयजंतु पियामह,
थंभणयट्ठिअ पासनाह नाइत्तणकुण मह ।। ।। ८ ।।

આઠમી ગાથામાં સ્તોત્રકાર કહે છે કે - 'હે પ્રભુ ! આપ યોગી પુરુષોના મનરૂપી કમલમાં ભમરાની માફક નિવાસ કરી રહેલા છો. વળી, હે પ્રભુ ! આપ ભયરૂપી પાંજરાને તોડી નાંખી સ્વ-સ્વભાવમાં વર્તી રહી રહ્યા છો. વળી, હે પ્રભુ ! જેમ ચંદ્રમાં પોતાના શીતલપણાના ગુણો વડે ત્રણે જગતના લોકોને આનંદ ઉપજાવે છે, તેમ તમો પણ પોતાના અલૌકિક ગુણો વડે ત્રણે જગતનાં પ્રાણીમાત્રને આનંદ ઉપજાવો છો. વળી, જેમ સૂર્ય અંધકારનો નાશ કરીને લોકોને સુખી કરે છે, તેમ તમો પણ ત્રણ જગતના લોકોનાં અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરીને ખૂબ સુખી કરો છો. એવા હે પ્રભુ ! આપ જયવંતા વર્તો - વળી, હે પ્રભુ ! આપ ચાર પ્રકારની બુદ્ધિ (ઔત્પાત્તિકી, વૈનયિકી, કાર્મિકી અને પારિણામિકી) રૂપી પૃથ્વીને, પલ્લવિત -કરવાને મેઘ સમાન છો. વળી, જગતના પ્રાણીમાત્રના પિતામહ - દાદા સમાન - માનવ યોગ્ય એવા, હે સ્થંભનકપુરમાં રહેલા શ્રીપાર્શ્વનાથ પ્રભો ! મારો સેવક તરીકે સ્વીકાર કરો.

સત્તરમી ગાથામાં સ્થંભન પાર્શ્વનાથની પ્રતિમા જમીનમાંથી પ્રગટ થઈને, સ્તોત્રકારને પ્રત્યક્ષ દર્શન આપ્યાં, તેનું વર્ણન કરતાં આચાર્યશ્રી કહે છે કે - જેઓના મસ્તક પર

ધરણેન્દ્રની ફણાઓમાંથી વિસ્તાર પામતા રત્નનાં કિરણોનાં તેજથી આકાશતલ શોભી રહ્યું છે એવા, વળી, પ્રિયંગુલતા (ચારોલી) નાં નવાં અંકૂરાં તથા તમાલવૃક્ષનાં પાંદડાં અને નીલવર્ણવાળા કમલના ફૂલના શ્યામલ વર્ણ જેવા વર્ણવાળા. વળી, કમઠ નામના અસુરના પ્રભુ ! સ્થંભનક પુરમાં રહેલા શ્રી પાર્શ્વનાથ પ્રભુ ! મને પ્રત્યક્ષ થયા, તેઓ જયવંતા વર્તો.

વીસમી ગાથામાં સ્તોત્રકાર સ્તુતિ કરતાં કહે છે કે - 'હે પ્રભુ ! સર્વ ઐશ્વર્ય સંપન્ન એવા તમે જ મારા સ્વામી છો. મારાં માતા પિતા પણ તમે જ છો. તમે જ મારું પ્રિય કરનારા એવા મિત્ર છો. તમે જ મારા રક્ષણ હાર છો. તમે જ મારા મતિ દાતા છો. તમે જ મારા તારણહાર છો. તમે જ મારું કલ્યાણ કરનારા ગુરુ છે. ચારેબાજુથી દુઃખોના સમૂહથી ઘેરાયેલો, રાંક થઈ ગયેલો, નિર્ભાગ્ય શિરોમણિ હોવા છતાં પણ, તમારા ચરણકમલનો મેં આશ્રય લીધો છે, માટે હે જિનેશ્વર દેવ ! મારું રક્ષણ કરો.'

આ ગાથામાં કવિનો પરમ શરણાગતિનો ભાવ પ્રગટ થાય છે.

પ્રભુના ગુણોનું વર્ણન કરતાં કરતાં આચાર્યશ્રી અભયદેવસૂરિજી અંતિમ ૨૮, ૨૯ અને ૩૦ મી ગાથામાં ઉપસંહાર કરતાં કહે છે - 'હે ત્રણ જગતના નાથ ! શ્રી પાર્શ્વનાથ પ્રભુ ! આપને મારું જેવું દુઃખી સ્વરૂપ હતું તે કહ્યું. વધારે શું કહ્યું ? તે જાણીને, આપ જેવા દયાળુને જે ઉચિત લાગે તે કરો. આપ મારું કાર્ય નહીં કરો તો પણ હું બીજા કોઈ દેવ પાસે પ્રાર્થના કરવાનો નથી. અનંત દયાના ધણી એવા આપને છોડીને, બીજા કોની પ્રાર્થના કરું ? જો આપ મારી અવગણના કરશો તો મારું શું થશે ?

હે પાર્શ્વનાથ પ્રભુ ! તમારું રૂપ લઈને પાર્શ્વ નામના યક્ષે અથવા તો કોઈ વ્યંતરદેવે મને છેતર્યો, છતાં જાણે આપે જ મારા ઉપર પ્રસન્ન થઈને દર્શન આપ્યાં છે, તેમ હું માનું છું. માટે મારું મનોવાંચ્છિત પૂર્ણ ન થાય તો તે પણ તમારી જ હેલના છે, તે ન થાય તે માટે મારા ઉપર આપ જલદી પ્રસન્ન થાઓ.

હે દેવ ! તમારા વિદ્યમાન ગુણોના ગ્રહણરૂપ આ સ્તોત્રનો જે પાઠ કરે, તેના ઉપર આપ પ્રસન્ન થાઓ. વળી, સ્થંભનપુર (ખંભાત) માં જેઓની સ્થાપના કરવામાં આવેલી છે એવા, ત્રણે લોકનાં મનોવાંછિત પૂરવાવાળા એવા શ્રીસ્થંભનપાર્શ્વનાથ પ્રભુની રચના મુનિઓમાં શ્રેષ્ઠ એવા શ્રીઅભયદેવસૂરિજીએ કરેલી છે.

આ જયતિહુઅણ સ્તોત્રમાં નવાંગી ટીકાકાર પ્રાતઃ સ્મરણીય શ્રીઅભયદેવસૂરિજીએ ખૂબ હૃદયંગમ વાણીમાં પોતાની જર્જરિત થએલી અવસ્થામાં શ્રીસ્થંભનપાર્શ્વનાથ પ્રભુની સ્તુતિની રચના કરેલી છે તેની વાસ્તવિક રીતે ગદ્‌ગદ્‌વાણીમાં આત્મસમર્પણની ભાવનાથી દરરોજ પ્રભાત સમયે એકાગ્રચિત્તે પાઠ કરવામાં આવે તો, જગતની આધિ વ્યાધિથી મુક્ત કરાવીને સર્વજાતની સંપદાઓ પ્રાપ્ત આજે આ યુગમાં પણ થઈ શકે છે.

૫) સ્થંભન પાર્શ્વજિન સ્તોત્ર

जसु सासणदेविवएसि થી શરૂ થતાં 'શ્રીસ્થંભનપાર્શ્વજિનસ્તવન' ની રચના કરનાર શ્રીપૂર્ણકલશગણિ એક બહુશ્રુત વિદ્વાન હતા. અત્યારે મળી આવતી તેઓની બે કૃતિઓ વિદ્વાનોને મુગ્ધ બનાવે છે. તેઓશ્રીના માતા, પિતા, દીક્ષા અને સ્વર્ગવાસ સંબંધી કોઈ માહિતી મળી શકતી નથી. તેઓશ્રી ખરતરગચ્છાધિપતિ શ્રીજિનેશ્વરસૂરિજીના

શિષ્ય હતા. અને શ્રીજિનરત્નસૂરિ પાસે ભણ્યા હતા અને વિક્રમની ચૌદમી શતાબ્દીને વિભૂષિત કરતા હતા.

ઔષધ - ભેષજ, મંત્રયંત્રથી ગર્ભિત શ્રીસ્થંભનપાર્શ્વનાથની હું સ્તુતિ કરું છું તેમ જણાવે છે. બીજા કાવ્યમાં શ્રીજિનદત્તસૂરિજીએ દર્શાવેલ મૂળવિદ્યા ઔં હીં નમ: નો ઉલ્લેખ કરે છે. ત્રીજા કાવ્યમાં સર્પનું ઝેર ઉતારવાનો મંત્ર અને ઔષધિઓનો ઉલ્લેખ કરે છે. ચૌથા કાવ્યમાં સર્પનું ઝેર ઉતારવા માટે નાસ આપવાની ઔષધિઓ અને પાંચમા કાવ્યમાં સર્પના ઝેરનો નાશ કરવાનો પ્રયોગ તથા ઘરમાંથી સર્પને બહાર કાઢવાનો પ્રયોગ બતાવે છે. છઠ્ઠા કાવ્યમાં વીંછીનું ઝેર ઉતારવા માટેની ઔષધિઓ તથા આમ્નાયો આપેલ છે. સાતમા કાવ્યમાં કાનખજૂરાનું ઝેર તથા કૂતરાનું ઝેર ઉતારવાના પ્રયોગો આપેલા છે. આઠમા કાવ્યમાં કમળાનો રોગ તથા માથાનો દુ:ખાવો અને આધાશીશી મટાડવાના મંત્રો અને પ્રયોગો આપેલા છે. નવમા કાવ્યમાં આંખના નીલિ નામના નેત્રરોગના નાશ માટેનો ઔષધિ પ્રયોગો આપેલો છે. વળી, દસમા કાવ્યમાં આંખના સર્વ પ્રકારના રોગના નાશનો ઔષધિ પ્રયોગ બતાવેલા છે, અને ટીકાકારે આ કાવ્યમાં નહીં બતાવેલા એવા બીજા ત્રણ ઔષધિ પ્રયોગો આંખોને માટે આપેલા છે.

અગિયારના કાવ્યમાં કવિ જણાવે છે કે 'હે પાર્શ્વનાથ પ્રભુ ! તારા નામનું સ્મરણ કરીને, આ બતાવેલા ઔષધોનો ઉપયોગ કરવાથી આંખના બીજા પણ રોગો નાશ પામે છે. જગતમાં ધન્વતરી વૈદ્ય જેવા પ્રભુ શ્રીપાર્શ્વનાથનું નામ લઈને હવે હું લોકોમાં વિસ્મયકારી એવાં ઔષધોનું વર્ણન કરું છું.

બારમા કાવ્યમાં સૂર્યવાતના નાશનો પ્રયોગ, તેરમા કાવ્યમાં હેડકી આવતી બંધ કરવાનો મંત્ર, તથા આધાશીશી મટાડવાનો મંત્ર - યંત્ર પ્રયોગ, ચૌદમા કાવ્યમાં પેટની પીડા ઉપશમાવવાનો મંત્ર પ્રયોગ પંદરમા તથા સોળમા કાવ્યમાં વાળાનો રોગ મટાડવાના મંત્ર પ્રયોગો તથા ટીકાકારે પોતે નજરે જોએલો વાળો મટાડવાનો પ્રયોગ આપેલો છે. સત્તરમાં કાવ્યમાં બગલની બામલી ઊંજવાનો મંત્ર પ્રયોગ આપેલો છે.

અઢારમા કાવ્યમાં રાંઝણ ને ઝાડો દેવાનો મંત્ર પ્રયોગ, ઓગણીસમાં કાવ્યમાં કૂષ્ટ દેહ વર્ણનો નાશ કરવાનો ઔષધિ પ્રયોગ, વીસમા કાવ્યમાં શાકિનીના દોષ માટેનો મંત્ર તથા ઔષધિ પ્રયોગ, એકવીસમા કાવ્યમાં ભૂતનો ઉપદ્રવ શાંત કરવાનો મંત્ર તથા શાકિની દોષ નિવારણ મંત્ર પ્રયોગ ટીકાકારે પોતે નજરે જોયેલો આપ્યો છે. બાવીશમાં તથા તેવીશમાં કાવ્યોમાં તાવ ઉતારવાનો મંત્ર પ્રયોગ, ચોવીશમાં કાવ્યમાં રોગી દાંત કરડતો બંધ થાય તે માટેનો મંત્ર પ્રયોગ, પચ્ચીસમા કાવ્યમાં વંધ્યા સ્ત્રી પણ ગર્ભવતી થાય, તેવા ઔષધ પ્રયોગો, છવીશ તથા સત્તાવીશમાં કાવ્યમાં કેદખાનામાં - જેલમાં પડેલા બંદીની મુક્તિ થવાનો પ્રયોગ તથા આ બંને ગાથાઓમાં નહીં કહેલાં તથા ટીકાકારને ઉપયોગી લાગવાથી બીજાં બે બંધન - મુક્તિના પ્રયોગો તથા કામણ - ટુમણનાં નાશનો મંત્ર પ્રયોગ પણ આપવામાં આવેલ છે.

અઠ્ઠાવીશ અને ઓગણત્રીસમાં કાવ્યોમાં ખેતરમાં ઉત્પન્ન થયેલી ઈતરડીના

ઉપદ્રવનો નાશ કરવાનો મંત્ર પ્રયોગ, ત્રીશમા તથા એકત્રીસમાં કાવ્યમાં રાજદરબારમાં - કોર્ટમાં ધાર્યું કાર્ય થાય તેવો તથા ઈષ્ટસિદ્ધિ પ્રાપ્ત થાય તેવા મંત્ર પ્રયોગો અનુક્રમે આપેલા છે. બત્રીશમા તથા તેત્રીસમાં કાવ્યમાં ગર્ભવતી સ્ત્રીને સુખેથી પ્રસવ થાય તે માટે મંત્ર પ્રયોગ અને ચોત્રીસ, પાંત્રીસ અને છત્રીસમાં કાવ્યમાં નગરના લોકોને વશીભૂત કરવાનો પ્રયોગ બતાવેલો છે અને આ ત્રણે શ્લોકમાં નહીં બતાવેલા એવા બીજા પ્રયોગો ટીકાકારે બતાવેલા છે. જેવા કે, શત્રુને તાબે કરવાનો ૧. ગ્રહોની પીડા શાંત કરવાનો ૨. કોઈની નજર લાગેલી હોય, તે નજર ઉતારવાનો, ૩. સર્વજન વશીકરણ, ૪. પોતાના કપાળમાં તિલક કરીને સર્વ લોકોને વશીકરણ કરવાનો પ્રયોગ, ૫. અને માથાનો દુઃખાવો બંધ કરવાનો પ્રયોગ ૬. ટીકાકારે આ સ્તોત્રમાં બતાવેલ છે. છેલ્લા સાડત્રીસ કાવ્યમાં સ્તોત્રકાર મહર્ષિએ પાદવિહાર કરીને દિલ્હી, નાગહદ, નયનસુખનગર, મંડવગટ અને સોપારા (નાલાસોપારા જૈનોની વસ્તુવાળું એક મોટું નગર હતું) નગરીની યાત્રાઓ કરીને, જે કાંઈ પુણ્ય ઉપાર્જન કર્યું હોય તેના ફલ સ્વરૂપ, પોતાના આત્મકલ્યાણ માટે, લોકોના ભલા માટે અને પવિત્ર એવા ચતુર્વિધ સંઘના કલ્યાણ માટે મંત્રોરૂપી રત્નોથી ભરેલા એવા આ સ્તોત્રની રચના કરી છે, તેવો સ્પષ્ટ ઉલ્લેખ કરેલો છે.

ઉપરોક્ત નગરોનાં નામોલ્લેખ ઉપરથી આ સ્તોત્રના રચયિતા શ્રીપૂર્ણકલશગણિએ તેઓશ્રીના સમયના મુખ્ય જૈન નગરોની પાદવિહાર કરીને યાત્રા કરી હશે તેની નોંધ આપણને મળી આવે છે. તે ઉપરાંત આ રહસ્યમય સ્તોત્રના ટીકાકાર પણ પોતે જ હોવાનો ઉલ્લેખ, ટીકાના અંતભાગમાં નીચેના શબ્દોમાં પોતાની લઘુતા બતાવીને, આ સ્તોત્રનો પાઠ કરનારને સુખી કરનારની મંગલભાવના ભાવે છે.

જેમ આ ઉપર કહેલા મંત્રો તારા (પ્રભુ શ્રીપાર્શ્વનાથના) નામ સ્મરણ સાથે કહેલા છે, અને તેવીજ રીતે મંત્ર વિશારદોએ 'ઉઁ હ્રીં નમ:' મંત્રને પણ તારા પરમ મંત્રરૂપ પ્રરૂપેલો છે, એણે વાણારિસ પૂર્ણકલશે આ સ્તવન - સ્તોત્રમાં જે પ્રમાણે પોતે મંત્રો દેખ્યા હતા, તે પોતે લખ્યા છે, તે જગતમાં પારાવાર દુઃખના દરિયામાં ડૂબી રહેલા દુઃખી માણસો આ સ્તોત્રને ભણશે - મંત્રનો ઉપયોગ કરશે, તો તે મનુષ્યો સુખ - સંપત્તિને પામશે એવી ભાવના આ સ્તોત્રના પ્રણેતા શ્રીપૂર્ણકલશગણિ ભાવતાં ભાવતાં, આ સ્તોત્ર તથા તેની સ્વોપજ્ઞ ટીકા સંપૂર્ણ કરે છે.

૬) પાર્શ્વજિનરાજ નવગ્રહગર્ભિત સ્તોત્ર

યુગપ્રધાન આચાર્યદેવ શ્રી જિનપ્રભસૂરિ દ્વારા રચાયેલ આ સ્તોત્ર આચાર્યશ્રીની અદ્‌ભુત રચના છે. આ સ્તોત્રમાં નવગ્રહ તથા પાર્શ્વનાથ પરમાત્માની સરખામણી કરેલ છે. દરકે પદ્યનો દ્વિભાષી અર્થ કરવામાં આવેલ છે. કુલ દશ પદ્યોનું બનેલું આ સ્તોત્ર અનુપમ કલા કૌશલ્ય દર્શાવે છે.

પ્રથમ પદ્યમાં સૂર્ય સાથે પાર્શ્વનાથ પ્રભુની વાત કરતાં આચાર્યશ્રી બતાવે છે કે:-

દોસાવહારદક્ખો નાલીયાવર વિયાસગો પસરો ।
રયણતયસ્સ જણઓ પાસ જિણો જયઓ જય ચફખૂ ।। ૧ ।।

આ પદ્યમાં પાર્શ્વનાથ ભગવાન સંબંધી તથા સૂર્ય સંબંધી અલગ અલગ અર્થ કરવામાં આવ્યો છે.

પાર્શ્વનાથ	સૂર્ય
૧) દોષો (દ્વેષ) ને દૂર કરવામાં દક્ષ, જૂઠનો અંશ ન હોય તેવી સત્યમય ગો (વાણી) નો પ્રસાર કરવાવાળા....	૧) દોષા (રાત્રિ) ને દૂર કરવામાં દક્ષ જેમની (ગો) કિરણો પડતાં જ નાલિકાકાર (કમલનો આકાર) વિકાસ થાય છે....
૨) રત્નત્રય (જ્ઞાનાદિ) ગુણોના જનક	૨) રત્નાદેવીના પુત્ર શનિ, તેનો પિતા સૂર્ય
3) જગતના ચક્ષુ સમાન પાર્શ્વનાથ જિનેન્દ્રનો જય હો.	3) જગતના ચક્ષુ (પ્રકાશક) સૂર્યની જય હો.

આમ, ક્રમશઃ દરેક પદ્યમાં નવગ્રહની તથા પાર્શ્વનાથ પ્રભુની વાત દર્શાવી છે. બીજા પદ્યમાં ચંદ્રની, ત્રીજા પદ્યમાં મંગલની, ચોથા પદ્યમાં બુધની, પાંચમા પદ્યમાં બૃહસ્પતિ (ગુરુ)ની, છઠ્ઠા પદ્યમાં શુક્રની, સાતમાં પદ્યમાં શનિની, આઠમા પદ્યમાં રાહુની તથા નવામાં પદ્યમાં કેતુની વાત દર્શાવી છે. ને જે ભાવિકો આ નવગ્રહ ગર્ભિત પાર્શ્વનાથ સ્તોત્રનું સ્મરણ કરે છે તેના અશુભ ગ્રહ તેને પીડાકારી બની શકતા નથી તેમ દશમી ગાથામાં આચાર્યશ્રી બતાવે છે.

૭) શ્રી પાર્શ્વજિનસ્તોત્રમ્

ભગવાન શ્રી પાર્શ્વનાથજી ના ગુણોનું ૨૧ પદ્યોમાં વર્ણન કરાયેલું આ સ્તોત્ર 'વારાણસી' પાર્શ્વનાથ સ્તોત્ર તરીકે પણ ઓળખાય છે. વારાણસી નગરીમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુનાં ચાર કલ્યાણક થયાં છે. મહોપધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે આ સ્તોત્રની રચના કરી છે. મહોપધ્યાયજીએ આ રચના વારાણસી નગરીમાં કરી છે. રચનાદૃષ્ટિએ આ સ્તોત્ર એક અતિ ઉત્તમ અને દાર્શનિક કૃતિ છે. આ સ્તોત્રના પ્રાયઃ બધા જ પદ્યોમાં યમક, રૂપક અને અપહ્નુતિ અલંકારોનો તથા જૈન દર્શનના પારિભાષિક શબ્દોનો પ્રયોગ થયો છે. ભાવ અને ભાષા બંનેની મનોરમતાના કારણે આ સ્તોત્ર અનેક ભાવિકો માટે પ્રિય તથા પ્રશંસા પામનારું બન્યું છે.

અલંકારની દ્રષ્ટિએ આ સ્તોત્રના પ્રથમ પદ્યમાં 'दुरित - द्रुम - पार्श्व' પદમાં રૂપકનો સમાવેશ થાય છે. દ્વિતીય પદમાં જેમ કાલિદાસના क्वसूर्यप्रभवो वंश ? આદિ પદ્ધતિથી પોતાની અસમર્થતા વ્યક્ત કરતાં મહોપધ્યાયજી કહે છે કે :-

अस्य सम्प्रति जनस्य रसज्ञा, त्वद्गुणौधगणनास्पृहयालुः ।
उघतं तुलयतिस्थलमुर्व्याँ, स्वर्ग शाखिकुसुमावचयाय ॥ २ ॥

હે દેવ ! આ સમયે જે જીભ આપના ગુણસમૂહોની ગણના કરવા લાલાયિત બની રહે છે. તે, પૃથ્વી પર રહેતાં - રહેતાં સ્વર્ગમાં સ્થિત કલ્પવૃક્ષાદિના પુષ્પોને એકત્રિત કરવાના પ્રયાસ કરવાવાળી વ્યક્તિની તુલના કરવા જેમ છે.

અર્થાત્ કે જેમ પૃથ્વી પર રહેવાવાળો વ્યક્તિ સ્વર્ગમાં રહેલા વૃક્ષના પુષ્પોને પ્રાપ્ત કરી શકતો નથી તેમ મારી જીભ પણ આપના ગુણોની ગણના કરવા શક્તિ પ્રાપ્ત કરી શકે તેમ નથી. આપના ગુણોની ગણના કરવા અસમર્થ છે.

આ શ્લોકમાં મહોપધ્યાયજીએ 'નિદર્શના' અલંકારને ઉત્તમ રીતે બતાવ્યો છે. તો વિશ્વવિભૂતા, ખ્રલતા ખ્ર-લતા શુભવતા ભવતા જેવા અનેક યમક યુક્ત પદોથી અતિરિક્ત છઠ્ઠા અને સોળમા શ્લોકમાં 'અપહ્નુતિ' બારમા - તેરમા અને પંદરમાં શ્લોકમાં શ્લેષ, આઠમાં શ્લોકમાં અનન્વય અલંકાર વર્ણવ્યો છે. શ્લેષ અલંકારના માધ્યમથી સ્તોત્રમાં ક્રમશઃ વિષ્ણુ, સૂર્ય અને પૃથ્વીથી સમાન તથા ગુણોમાં તો તેમાંતી પણ અધિક ગુણશાલી બતાવી વ્યતિરેક અલંકાર વ્યક્ત કર્યો છે. સ્તોત્રમાં પ્રભુજીની ભક્તિભાવપૂર્વક અને રૂપકોના માધ્યમથી સ્તુતિ કર્યા બાદ અંકે ઉપાધ્યાયજી પ્રભુને કલ્પવૃક્ષની ઉપમા આપી દાન પામવાની પોતાની પાત્રતા બતાવી મોક્ષસંપતિરૂપ લક્ષ્મીની યાચના કરી છે.

સ્તોત્રમાં પ્રારંભમાં જ પાર્શ્વજિનેશ્વરની, ભક્તિથી પોતાના મનની ઉજ્જવલતાનું 'भक्तिभासुरमना' પદનાઉલ્લેખથી સ્તુતિની પ્રવૃત્તિનું સૂચન કરે છે. અનંતગુણશાળી પ્રભુની ગુણગણનામાં અસમર્થતા, એકાંતવાદનું ખંડન, તર્ક દ્વારા અન્ય દેવોની સમાનતામાં પ્રભુની વિશેષતા ને અન્યના સિદ્ધિઓના પ્રયાસની તુચ્છતા, સપ્તભંગી નયનો સંકેત, ભગવાનની ભક્તો માટે કોમલહૃદયતા, શુદ્ધનિશ્ચયનય દ્વારા પાપનિવારકતા, મોક્ષદાયકતા, ક્ષમાભાવ,આદિનું મનોરમ વર્ણન સ્તોત્રની વિશેષતાને સિદ્ધ કરે છે.

આ પાર્શ્વજિન સ્તોત્ર યશોવિજય વાચક ગ્રંથ સંગ્રહ પૃષ્ઠ નં. ૪૩ ને ૪૪ પર મુદ્રિત કરવામાં આવેલ છે.

૯) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તોત્ર

ઉપાધ્યાયજી શ્રીયશોવિજયજી મહારાજ કૃત આ સ્તોત્રમાં તેઓશ્રીની શંખેશ્વર પાર્શ્વનાથ પરમાત્મા પ્રત્યેની પરમભક્તિનાં દર્શન થાય છે. ગુજરાતના મહેસાણા જંકશનથી હારીજ જવાવાળી રેલવે લાઈનમાં હારીજ સ્ટેશનથી ૧૫ માઈલ દૂર આવેલું આ શંખેશ્વર મહાતીર્થ સમગ્ર ભારતનાઅનેક ભાવિકજનોનું આસ્થાકેન્દ્ર, શ્રધ્ધાધામ બન્યું છે. તેવા શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની ભક્તિમાં રચિત આ સ્તોત્રમાં કુલ 33 પધો છે. આ સ્તોત્ર પ્રભુજીના ગુણોત્કીર્તનથી ઓત - પ્રોત છે. ऐकाररूपां प्रणिपत्य वाचं એ પદથી પ્રારંભ થતું આસ્તોત્ર ૩૧ ઉપજાતિ અને ૨ આર્યાછંદ એમ કુલ૩૩ પધોથી સુશોભિત છે.

વિભિન્ન તર્કો દ્વારા પાર્શ્વનાથ પ્રભુજીની ઉપાસના, ભક્તિ તથા તેઓની વાણીના આદર ને બતાવવા માટે ઉત્તમ વર્ણ - વિન્યાસ કર્યો છે. અનેક દ્રષ્ટાંતોથી ઇષ્ટદેવની વિલક્ષણતા વ્યક્ત કરવાનો પરમ પ્રયાસ ઉપાધ્યાયજીએ કર્યો છે. એક પધમાં અન્ય મેઘની અપેક્ષાએ પાર્શ્વપ્રભુને વિલક્ષણમેઘ બતાવવામાં આવ્યાં છે તો અન્ય એક પધમાં પ્રભુજીના સ્મરણના ફલ સ્વરૂપમાં ભવભ્રમણથી મુક્ત થવાની ભાવના અભિવ્યક્ત કરી છે.

આ સ્તોત્રમાં ઉપાધ્યાયજીએ હાર્દિક ભાવોની અભિવ્યક્તાની સાથોસાથ પોતાના મનોભાવની પૂર્તિ કરવા માટે પણ પ્રાર્થના કરી છે. ને તેઓશ્રીએ પોતાના દ્વારા જે - જે ગ્રંથ નિર્માણ કે અધ્યયન - અધ્યાપનાદિ કાર્યના સહાયક બનવાની ભાવના પ્રદર્શિત કરતાં કહ્યું છે કે :-

अध्ययनाध्यापनयुग् ग्रन्थकृति प्रभृतिसर्वकार्येषु ।
श्री शंङ्खेश्वरमण्डन ! भूया हस्तावलम्बी मे ॥ ३३ ॥

આમ્, આત્મીયભાવોની પૂર્તિમાં સહાયક બનાવવાની ઈચ્છા તથા સરર શબ્દો એવમ્ અનેક રૂપકો દ્વારા કરવામાં આવેલું આ સ્તોત્ર ભાવિકજનો માટે મનોવાંછિતપૂરક બન્યું છે.

૯) શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તોત્ર :-

આ સ્તોત્ર પણ ઉપાધ્યાય યશોવિજયજી મ.સા. દ્વારા વિરચિત શંખેશ્વર પાર્શ્વનાથ પરમાત્માની સ્તુતિમાં નિમિત્તરૂપછે. સ્તોત્રના પ્રારંભમાં વારાણસીના નિવાસ દરમ્યાન સરસ્વતી દેવીની સાધનાથી તેઓની કૃપાથી જે વિશિષ્ટ બુદ્ધિ પ્રાપ્ત થઈ છે તેનું સ્મરણ કરતાં. समूलमुन्मूलयितुं रूजः स्वाः કહીને બુદ્ધિની કૃતાર્થતા તથા પોતાના રોગોના સમૂળનાશને સ્તુતિ રચનાનું કારણ બતાવ્યું. છે. આ સ્તોત્રનું વર્ણન વિષય દાર્શનિક વધારે લાગે છે. જગત્કર્તૃત્વવાદનું ખંડન, પ્રભુના શરીરનું માહાત્મ્ય, જન્મથી જ પ્રાપ્ત થનારા તીર્થંકરોના ચાર અતિશય, સ્યાદ્વાદના સ્વરૂપનું નિરૂપણ તથા પ્રભુના ગુણોનું મહિમા વર્ણન આ સ્તોત્રની વિશેષતાને વધારે છે. ભાવ અને ભાષાની ઉજ્જવલતા સભર પ્રાચીન સંપ્રદાયસિદ્ધ કથાઓનો સમાવેશ તથા બ્રહ્મા, વિષ્ણુ અને શિવરૂપ તે પાર્શ્વનાથ જ છે તેમ સિદ્ધ કરવા માટે મહાવ્રતી હોવાથી શંકર, જગતના પિતામહ હોવાથી બ્રહ્મા તથા પુરુષોત્તમ હોવાથી વિષ્ણુરૂપ હોવાની વાત કરી છે. અહીં ક્રમભંગ પણ થયેલો છે. વર્ણન પદ્ધતિમાં મુખ્યત્વે અન્ય દેવોમાં કંઈક ન્યુનતાઓ દેખાડવામાં આવી છે અને તેમાંથી મુક્ત રહેવાને કારણે શ્રી પાર્શ્વનાથ સર્વપૂજ્ય માનવામાં આવ્યા છે. નૈષધીય ચરિત્રના કોઈ પદ્યોની છાયા આ સ્તોત્રમાં જોવામાં આવે છે. અપહ્નુતિ અલંકારના માધ્યમથી અહીં ચંદ્રમાને અનેકરૂપમાં પ્રસ્તુત કર્યા છે. તેવી જ રીતે વિધાતાની વિવિધ શાસ્ત્ર નિષ્ણાંત મેધાને પણ વ્યર્થ બતાવવાનો પ્રયાસ કર્યો છે.

૬૮ પદ્યોમાં નિમિત આ સ્તોત્ર કોઈ મહાકાવ્યના સર્ગની સ્મૃતિ કરાવે છે. પ્રારંભના પદ્ય ઉપજાતિમાં નિબધ્ધ છે જ્યારે અંતિમ ૧૨ પદ્યોમાં સ્ત્રગ્ધરાછંદનો પ્રયોગ કર્યો છે. અંતના પદ્યમાં સૂર્યશતક અને ચંડીશતકની રચનાશૈલીનું સ્મરણ કરાવે છે. કારણ કે, તેમાં દીર્ઘ સમાસ શૈલી તથા 'अद्या - वधा', नध्यां सघ, माये नाये, सेवा हेवा, सेकच्छेक, मोहपोह જેવી અનુપ્રાસ ધરાવતી પદાવલિઓ વાચકના મનને મનોહર લાગે છે. ૬૧માં પદ્યનાં ચારેય ચરણોના આરંભમાં जीयाः પદથી કરવામાં આવેલું જયગાન ઘણાં પ્રૌઢ કાવ્યત્વનો પરિચય કરાવે છે.

શ્રી ચિંતામણી પાર્શ્વનાથ સ્તોત્ર 'જૈન ગ્રંથ પ્રચારક સભા' દ્વારા વિ.સં. ૧૬૬૮ માં પ્રકાશિત 'શ્રી યશોવિજય વાચક ગ્રંથ સંગ્રહ' ના પૃષ્ઠ ૪૫ - ૪૬ પર પ્રકાશિત કરવામાં આવેલ છે.

૧૦) શ્રી ગોડીપાર્શ્વનાથ સ્તોત્ર :-

આ સ્તોત્ર ભગવાન પાર્શ્વનાથની સ્તુતિમાં લખાયેલ કુલ ૧૦૮ પદ્યનું સ્તોત્ર છે પરંતુ ઉપલબ્ધ હસ્તલિખિત પ્રતોમાં પાઠો ખંડિત થઈ જવાથી આરંભના ૬, ૫૭ થી આગળના ૫, તથા ૬૭ પછીના ૨૬ એમ કુલ ૩૭ પદ્યો અનુપલબ્ધ બન્યાં છે શિખરિણી છંદની પ્રધાનતા હોવા છતાં પણ દ્રુતવિલમ્બિત, સ્ત્રગધરા, ઉપેન્દ્રવજા, વિયોગિની, ભુજગપ્રયાત, તોટક તથા પૃથ્વી છંદોના પ્રયોગ પણ થયાં છે.

આ સ્તોત્રને પાર્શ્વજિન સ્તોત્ર તરીકે પણ ઓળખાય છે છતાં જૈન સ્તોત્ર સંદોહના પ્રથમ ભાગમાં આ સ્તોત્રનું નામ 'શ્રી ગોડી પાર્શ્વનાથ સ્તોત્ર' આપ્યું છે. ગોડી પાર્શ્વનાથની સ્તુતિ - ભક્તિમાં વિભોગ ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજે પૂર્વાચાર્યો દ્વારા નિર્મિત 'મહિમ્નઃ સ્તોત્ર' તથા લહરી સ્તોત્રોની પંરપરાનો નિર્વાહ કર્યો છે તથા રચના સૌષ્ઠવમાં અનુપ્રાસ અંલકારના અનેક ભેદોપભેદોનું આલંબન લીધું છે ગંગાની નિર્મલ વહેતી ધારાની સમાન વર્ણ પ્રવાહ શિખિરણી છંદ ભક્તિરસ ને વહાવવામાં સર્વથા સમર્થ છે. શ્રી શંકરાચાર્યને સૌંદર્ય લહરી અને દેવ્યપરાધ ક્ષમા આદિ સ્તોત્રમાં આ જ છંદનો આધાર લીધો છે. આ રચનાઓ સમાન જ ઉપાધ્યાયજી મહારાજે પણ 'ન મંત્ર નો યંત્ર'ની જેમ પ્રત્યેક ચરણના પ્રારંભમાં દ્વપદાનુપ્રાસના પ્રયોગ જેમકે સ્મરઃ સ્મારં સ્મારં, 'પુરસ્તે ચેદાસ્તે', 'દશાં પ્રાન્તૈઃ કાન્તૈઃ', 'પ્રસિદ્ધસ્તે હસ્તે' જેવા પદો દ્વારા પ્રસ્તુત કર્યા છે.

સ્તોત્રપાઠની મહત્તા દર્શાવતા ઉપાધ્યાયજીએ આ સ્તોત્રેના બારમાં પદ્યમાં કહ્યું છે કે : પ્રાતઃ કાલે આ સ્તોત્રપાઠના માધ્યમે પ્રભુસ્મરણને ભાવથી ભક્તિ કરનાર વ્યક્તિ અપાર લક્ષ્મી પ્રાપ્ત કરે છે. તથા આગળ ૧૬માં પદ્યમાં બતાવે છે કે - યમરાજ જેવો સિંહ, હાથી અને વાઘોના સમૂહથી વ્યાપ્ત જંગલમાં ભરાયેલો વ્યક્તિ પણ જો પવિત્રાત્મા બનીને આપનું નામસ્મરણ કરવામાં પોતાના મનને લગાવી દે તો તે પોતાના ઘરમાં બેઠો હોય અને જેવો કોઈ ભય વિના નિર્ભય હોય તેવો નિર્ભય બની જાય છે. વળી, જગતના સર્વ સ્વરૂપ, સર્વરૂપ આપ જ છો તેમ દર્શાવતા ઉપાધ્યાયજી ૧૯માં પદ્યમાં કહે છે કે :-

पिता त्वं बन्धुस्तवं त्वमिह नयनं त्वं मम गति -
स्त्वमेवासि त्राता त्वमसि च नियन्ता नतनृपः ।
भजे नान्यं तत्वत्तो जगति भगवन् ! दैवताधिया,
दयस्वातः प्रीतः प्रतिदिनमनन्तस्तुतिसृजम्

અર્થાત્ - હે દેવ ! આ સંસારમાં આપ જ મારા પિતા છો, આપ જ મારા બંધુ છો તેમ જ મારી આંખ છો. આપ જ ગતિ છો, આપ જ રક્ષક છો, અને રાજાઓથી નમસ્કારણીય શાસક આપ જ છો. હે ભગવાન ! સંસારમાં આપને છોડી અન્ય

દેવતાની સેવા હું કરતો નથી. પ્રતિદિન અનેક પ્રકારની સ્તુતિ કરવાવાળા આ જન પર કૃપા કરો -

આમ, જુદાં જુદાં પદ્યોમાં નામસ્મરણ, મંત્ર જાપ, આયંબિલ આદિ તપસ્યા આદિનો મહિમા વર્ણવેલો છે. આ સ્તોત્રની આ પ્રકારની મંજુલતાથી પ્રભાવિત થઈ શ્રી વિજય ધર્મધુરંધરસૂરિજીએ અનુપલબ્ધ ૩૭ પદ્યોનું નિર્માણ કરી આ સ્તોત્રને પૂર્ણ કરવાનો પ્રયાસ કર્યો છે. તથા આ સ્તોત્ર પર સંસ્કૃત ભાષા વિવરણ તથા ગુજરાતી અનુવાદ કરીને 'જૈન સાહિત્ય - વર્ધક સભા' દ્વારા શ્રી ગોડી પાર્શ્વનાથ સ્તોત્રમ્ નામથી વિ.સં. ૨૦૧૮માં પ્રકાશિત કરેલ છે. જૈન સ્તોત્ર સંદોહ (ભાગ ૧)માં પૃષ્ઠ નં. ૩૬૩ - ૪૦૬ માં આ ગોડી પાર્શ્વનાથ સ્તોત્ર છપાયેલ છે.

૧૧) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તોત્ર

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ ઉપાધ્યાયજી યશોવિજય મહારાજના વિશેષ શ્રદ્ધાકેન્દ્ર બન્યાં છે. આ સ્તોત્રમાં પણ ઉપાધ્યાયશ્રીએ શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના સ્તોત્રની રચના કરતાં કુલ ૧૧૩ પદ્યો રચ્યાં છે. અહીં પ્રથમ પદ્યમાં શંખેશ્વર પાર્શ્વનાથનો મહિમા દર્શાવવા માટે गृहं महिम्नां महसां निधानं (મહિમાઓના આવાસધામ તથા નિધાનસ્વરૂપ) આદિ ઉપમાઓ આપી છે. આ સ્તોત્રના પદ્યોમાં ગુણસ્તવથી શરૂ કરી જન્મની સફળતા, વાણીની સ્વચ્છતા, સ્તુતિપ્રવૃત્તિ, આદિ વર્ણવેલ છે. સ્તોત્રની મહત્તાનું દર્શન કરાવતાં ઉપાધ્યાજી કહે છે કે - સાગરમાં તરવા માટે જેમ નાવ સહાયક છે તેમ ભવસાગરથી પાર તરવા માટે આપની સ્તુતિ અપૂર્વ નાવ સમાન છે. એકદમ સહજ ને સરળ શૈલીમાં રચિત આ સ્તોત્ર ઉપાધ્યાય શ્રી યશોવિજયજીની 'મહાકવિ' તરીકેની શક્તિનું દર્શન કરાવે છે. આ સ્તોત્રના માધ્યમથી ભક્તિની મહ્તા, આગમોની ગરિમા, જિનાજ્ઞાપાલનથી સર્વ આપત્તિમાં નિવારકતા, માનવ જન્મની સાર્થકતા, ભગવાનની વાણીનો મહિમા, નામસ્મરણની વિશેષતા તથા અષ્ટ પ્રકારનાં ભયોનો નાશ કરવાની શક્તિનો સહજ ઉલ્લેખ કર્યો છે.

પરમાત્મા કરતાં આ વિશ્વમાં કૃપાળું બીજું કોઈ નથી તથા પ્રભુની કૃપાયાચના કરતાં ૨૫માં પદ્યમાં ઉપાધ્યાયજી દર્શાવે છે કે -

तक्तो न तीर्थेश ! परः कृपालुमतः कृपापात्रमपीह नान्यः ।
अत्तोऽस्ति योग्योऽवसरः कृपाया, बुवे किमन्यज्जगदीशितारम्

હે તીર્થંકર ! આપનાથી વધારે અન્ય કોઈ કૃપાળુ નથી અને મને છોડીને અન્ય કોઈ કૃપાપાત્ર પણ નથી તેથી મારી પણ કૃપા કરવાનો યોગ્ય અવસર સમજી મુજ પર હે જગદીશ ! કૃપા કરો.

આ રીતે ૧૦૬ અને ૧૦૮ માં પદ્યમાં બંધન ભય થી મુક્તિ મેળવવા નામસ્મરણની સમર્થતા પ્રકટ કરતાં ભક્તિ કરે છે. સ્તોત્રના અંતિમ ચરણમાં સ્તોત્રના ફળસ્વરૂપ પરભવમાં પ્રાપ્તિ થાય તેવી કામના કર્યા બાદ યશ અને વિજયની પ્રાપ્તિ થાય તેવી ભાવના દર્શાવી છે.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તોત્ર જૈન સ્તોત્ર સંદોહ ભાગ - ૧ પૃષ્ઠ નં. ૩૮૦ થી ૩૯૨ માં પ્રકાશિત કર્યું છે.

૧૨) શ્રી ચિંતામણી પાર્શ્વનાથ સ્તોત્ર

કવિશ્રી પ્રસન્નવિનીત સાગરના શિષ્ય ઉપાધ્યાય ભોજસાગર દ્વારા રચિત આ સ્તોત્ર ચિંતામણિ પાર્શ્વનાથની મહિમાથી ગર્ભિત છે. વિભિન્ન ઉપમાઓ દ્વારા પ્રભુ પાર્શ્વનાથની વિશેષતાઓ પ્રદર્શિત કરતાં કવિશ્રી પરમાત્માના શારીરિક સૌંદર્યની કલ્પના કરતાં કહે છે કે-

किं कर्पूरमयं सुधारस-मयं किं चन्द्ररोचिर्मयं,
किं लावण्यमयं महामणिमयं कारुण्य किलीमयम् ।

શું કપૂર, અમૃત-રસ, ચન્દ્ર કિરણ અથવા મહામણિથી આપનું શરીર બનેલું છે? પ્રભુના બાહ્યસૌંદર્યની પ્રસ્તુતિ કર્યા બાદ પ્રભુની મહત્તા દર્શાવતાં કવિશ્રી કહે છે... ત્રસ અને સ્થાવર બંને પ્રકારના જીવોના ઉત્પન્ન થયેલા વિષને દૂર કરવાવાળા, કલ્યાણકારી પ્રભાવથી યુક્ત તથા પ્રાણીઓ માટે દેવસમાન પરિપૂર્ણ આનંદ દેવાવાળા બનાવવામાં આવ્યા છે.

કવિશ્રી પૂર્ણ આત્મ-વિશ્વાસ સાથે કહે છે કે ચિંતામણી પાર્શ્વનાથ દ્વારા મારા અનેક પ્રકારના બધાજ મનોવાંછિત સિદ્ધ થયા છે. જે યોગીજન ચિંતામણી નામવાળા પાર્શ્વનાથ હૃદયમાં સ્થાપિત કરીને તેનું ધ્યાન કરે છે તે બે કે ત્રણ ભવોમાં જ શિવપદને પ્રાપ્ત કરે છે. પ્રભુની દેદીપ્યમાન થવાવાળી આકૃતિ ત્રણ લોકના કષ્ટો નિવારવા માટે સમર્થ છે તેમ બતાવવા કવિશ્રી ૬ઠ્ઠા શ્લોકમાં કહે છે કે -

"मूर्तिं स्फूर्तिमती - सती- त्रिजगती - कष्टानि हतुं क्षमा"

જિનેશ્વર પાર્શ્વનાથની નિરંતર સ્તુતિ કરવાવાળા વ્યક્તિ આધિ, વ્યાધિ ને ઉપાધિથી તથા તિર્યંચ, મનુષ્ય અને દેવકૃત બાધાઓથી છુટકારો પામી પામી શકે છે. તથા કલ્પવૃક્ષ, કામધેનુ, કામકુંભ, ચિંતામણી રત્નરૂપ બધા પ્રકારની સંપદાને પ્રાપ્ત કરી છે.

આ સ્તોત્રરચના દરમ્યાન કવિ દ્વારા કોઈજ પ્રકારની લૌકિક કામના નહીં પણ માત્ર પરોપકારની ભાવના વ્યક્ત કરતાં કહે છે કે -

"स श्री पार्श्वजिनो जनेहितकरश्चिंतामणि: पातुमाम्"

સ્તોત્તરના અંતિમ પદ્યમાં કવિએ પાર્શ્વ જિનેશ પાસે મોક્ષપદ રૂપી વૃક્ષના બીજ સ્વરૂપ બોધિબીજની યાચના કરી છે કે -

"त्रिभुवनजनवांछा दानचिंतामणीक ।
शिवपद - तस्वीजंबाधिबीजं ददातु ।"

શાર્દૂલવિક્રીડિત છંદમાં રચિત આ સ્તોત્રમાં મોટાભાગે ૧૧ શ્લોક જ પ્રાપ્ત થાય છે. કવિનામ ગર્ભિત ૧૨મો શ્લોક મૂળસ્તોત્ર રચના બાદ થોડા સમય પછી જોડાયો હોવાનું મનાય છે.

૧૩) શ્રીપુર પાર્શ્વનાથ સ્તોત્ર

આ સ્તોત્ર આચાર્યશ્રી વિદ્યાનંદજીની ૩૦ શ્લોક પ્રમાણ ભક્તિકારક સ્તોત્ર છે. આમાં શ્રીપુરનગરીના પાર્શ્વનાથ સાતિશય પ્રતિબિંબને લક્ષમાં સ્તુતિ કરવામાં આવી છે. "શ્રીપુર" શબ્દનો અપભ્રંશ "સિરપુર" છે. આ સિરપુર ગામ વહાડ પ્રાંતના અકોલા જિલ્લામાં આવેલું છે. જ્યાં ભગવાન પાર્શ્વનાથની વિશેષ પ્રતિમાઓ છે. આ પ્રતિમાઓને "આંતરિક્ષ પાર્શ્વનાથ" પણ કહેવામાં આવે છે. કારણ કે, પાર્શ્વનાથની પ્રતિમા પૂર્વમાં આખામાં થોડે અધ્ધર હતી અને આજે પણ થોડી અધ્ધર છે. તે માટે "આંતરિક્ષ" નામ પડ્યું. આ પાર્શ્વનાથ પ્રભુના ગુણાનુવાદ આ સ્તોત્રમાં કરવામાં આવે છે માટે આ સ્તોત્રનું નામ "શ્રીપુર - પાર્શ્વનાથ સ્તોત્ર" પડ્યું છે. આ "શ્રીપુર" શબ્દનો શ્લેષાર્થ કરતાં સ્તોત્રના અંતમાં આચાર્યશ્રી વિદ્યાનંદજી કહે છે -

जय जय जगतीनत श्रीपद श्रीपुरीनिलय ।

અર્થાત્ શ્રીપુરમાં જેમનો નિવાસસ્થાન અથવા "શ્રી"પુર - મોક્ષ - જેમનું નિવાસસ્થાન છે તેવા પાર્શ્વનાથ ભગવાન. "દેવાગમ સ્તોત્ર"ના સમાન આચાર્યએ આમાં કપિલાદિની આલોચના કરતાં ભગવાન પાર્શ્વનાથને આપ્ત સિદ્ધ કર્યા છે.

આ સ્તોત્રો સિવાય પણ ભગવાન શ્રી પાર્શ્વનાથના અનેક સ્તોત્રો પ્રાપ્ત થાય છે. (૩૧) (૧) શ્રી જિનદત્તસૂરિકૃત પાર્શ્વતીર્થકૃતિ (૨) શ્રી માનતુંગસૂરિકૃત પાસજિણ થવણં સ્તોત્ર (૩) શ્રી જિનચંદ્રરાજકૃત પાર્શ્વસ્તવ (૪) શ્રી મેરુતુંગસૂરિ વિરચિત જીરાવતા પાર્શ્વનાથ સ્તોત્ર પાર્શ્વનાથ સ્તોત્ર (૫) શ્રી જયસાગર રચિત સ્તંભન પાર્શ્વનાથ સ્તવન (૬) શ્રી જિનપતિસૂરિ વિરચિત ચિંતામણી પાર્શ્વનાથ સ્તોત્ર (૭) ભગવાન પાર્શ્વનાથના ૧૦૮ નામ સંબંધિત શ્રી મંત્રાધિરાજ સ્તોત્ર (૮) કવિ કુલપ્રભકૃત મંત્રાધિરાજ ગર્ભિત શ્રી પાર્શ્વનાથ સ્તવન (૯) મહામંત્રગર્ભિત શ્રી પાર્શ્વનાથ સ્તોત્રમ્ (૧૦) વિવિધ યમક યુકતા પાર્શ્વસ્તુતિ (૧૧) સંસ્કૃત, પ્રાકૃત, માગધી, શૈરસેની, પેશાચી તથા અપભ્રંશયુક્ત - ષટ્ભાષાયુક્ત પાર્શ્વનાથ સ્તોત્ર (૧૨) શ્રી જિનદત્તસૂરિ વિરચિત સ્તમ્ભન પાર્શ્વનાથ સ્તોત્ર (૧૩) અચલગચ્છાધિરાજ આચાર્ય કલ્યાણસાગરસૂરિ કૃત પાર્શ્વનાથ સહસ્ત્રનામમાલા સ્તોત્ર (૧૪) શ્રી પાર્શ્વનાથ જિનાષ્ટકમ્ સ્તોત્ર (૧૫) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ સ્તોત્ર (૧૬) આચાર્ય મહાપ્રજ્ઞકૃત ભગવાન શ્રી પાર્શ્વનાથ સ્તુતિ (૧૭) ચતુરક્ષરાયમ્ બૃહતસ્તવનં કથાછંદ (૧૮) કરહેટક પાર્શ્વનાથ સ્તોત્ર (૧૯) જયસાગરકૃત પાર્શ્વજિત સ્તવન (૨૦) બપ્પભટ્ટિસૂરિ વિરચિત પાર્શ્વનાથ સ્તુતિ (૨૧) પાર્શ્વસ્તુતિ (૨૨) શ્રી પાર્શ્વચંદ્રકૃત જીરાપલ્લી શ્રી પાર્શ્વનાથ અષ્ટકમ્ (૨૩) પાર્શ્વજિન વૃધ્ધસ્તવનમ્ (૨૪) શ્રી મેઘવિજય ઉપાધ્યાય ગૂંથિત શ્રી શંખેશ્વર પાર્શ્વપ્રભુ સ્તવનમ્ (૨૫) શ્રી લક્ષ્મી વલ્લભ રચિત પાર્શ્વ સ્તુતિઃ (૨૬) શ્રી નવપલ્લવ પાર્શ્વજિત સ્તવન (૨૭) શ્રી સિદ્ધાંતરાજકૃત ફલવર્ધ્ધિકા પાર્શ્વનાથ લઘુ સ્તવન (૨૮) શ્રીધર્મઘોષસૂરિરચિત ચિંતામણિ પાર્શ્વમંત્ર કલ્પમ્ (૨૯) શ્રી લક્ષ્મીરત્નકૃત ચિંતામણિ પાર્શ્વજિત સ્તવનમ્ (૩૦) શ્રી પદ્મપ્રભદેવ રચિત ચિંતામણિ પાર્શ્વનાથ અષ્ટક (૩૧) કલિકુંડ પાર્શ્વજિન મહામંત્ર પ્રભાવક સ્તોત્ર (૩૨) શ્રી સોમદત્તસૂરિકૃત કુંકુમલોલ પાર્શ્વજિન સ્તવનમ્ (૩૩) શ્રી માનતુંગસૂરિકૃત જીરાવલ્લી પાર્શ્વનાથ સ્તોત્રમ્ (૩૪) શ્રી મણિરત્નસિંહ કૃત પાર્શ્વજિનાષ્ટકમ્ (૩૫) શ્રી પદ્મસુંદર વિરચિત પાર્શ્વજિત સ્તુતિ

આમાં, જોઈ શકાય છે કે, વિવિધ પાર્શ્વનાથ સ્તોત્રોમાં ભક્તોનો પાર્શ્વનાથપ્રભુ પ્રત્યેનો ભક્તિભાવ તેમજ પાર્શ્વનાથ ભગવાનના વિવિધ તીર્થો તેમજ મંત્રોનો મહિમા સર્જકોએ ખૂબ જ ઉલ્લાસપૂર્વક ગાયો છે. આપણો અભ્યાસવિષય 'કલ્યાણમંદિર સ્તોત્ર' પણ આવું જ એક મહિમાવંત પાર્શ્વનાથ સ્તોત્ર છે.

સંદર્ભ નોંધ

૧) હિન્દી સાહિત્ય કા સંક્ષિપ્ત ઇતિહાસ, ડૉ. હરિચરણ શર્મા. પૃ. -3
૨) કાવ્યપ્રકાશ - આચાર્યશ્રી મમ્મટ્ટ, અનુવાદક - નગીનદાસ પારેખ
3) શ્રીમદ ભાગવત ગીતા - અધ્યાય ૭, શ્લોક ૧૬
૪) શ્રી સૂયગડાંગ સૂત્ર - અધ્યયન ૬, ગાથા - ૨
૫) શ્રી ભગવદ્ ગોમંડળ - પૃ. ૮૯૭૫
૬) ભક્તામર અંતરાલનો સ્પર્શ - આચાર્ય મહાપ્રજ્ઞ. પૃ. ૧૪
૭) ભક્તામર રહસ્ય - પ્રસાતવના ધીરજલાલ ટોકરશી શાહ. પૃ. ૧૧
૮) જૈન ચિંતામણી સર્વસંગ્રહ સાર્થ (ભાગ - ૧/૨) નંદલાલ દેવલુક પૃ. ૮૪૭
૯) વૈદિક કોશ, બનારસ હિંદુ યુનિ. ૧૯૬૩, સં. સૂર્યકાંત પૃ. ૫૮૦
૧૦) ભક્તિનો ભાગ. શ્રી કિંજવડેકર આ - ૧
૧૧) શિવાનંદ લહરી, Preface (Ed) શંભુ ભટ્ટ
૧૨) શ્રી કલ્યાણ લહરી. સં. Foreward શંભુ ભટ્ટ
૧૩) મુનિદ્રય અભિનંદન ગ્રંથ, મુનિશ્રી હજારીમલ સ્મૃતિ પ્રકાશન વ્યાપર, પૃ. સં. ૨૯
૧૪) સ્તોત્રાવલી. શ્રી યશોદેવસૂરિ મહારાજ સાહેબ પૃ. ૪૨
૧૫) જૈન ચિંતામણિ સર્વસંગ્રહ સાર્થ. (ભાગ ૧/૨) નંદાલાલ દેવલુક પૃ. ૬૮૪
૧૬) પર્વ પૂજનમ્ પ્ર. પરમ પ્રમાણ દર્શન પૃ. ૫૧
૧૭) શ્રી ઉત્તમ સૂત્ર અધ્યયન ૨૯ બોલ નં.
૧૮) ઋગ્વેદ દર્શન મંડલ - ૧ સૂક્ત ૧૧૫ ભાણદેવ - પ્રવીણ પ્રકાશન - પૃ. ૬૮
૧૯) પર્વ પૂજનમ્ પ્ર, પરમ પ્રમાણ દર્શન પૃ. ૫૧
૨૦) પર્વ પૂજનમ્ પ્ર. પરમ પ્રમાણ દર્શન પૃ. ૫૪
૨૧) A History of Indian Literature M. Winternitz, Vt. II P. 380
૨૨) બૌધ્ધસંગ્રહ, સં. દલિનાક્ષ દત્ત, સાહિત્ય અકાદમી - દિલ્હી. પૃ. ૭૨
23) ધી વિઝડમ્ ઓફ ધી કુરાન, લે. મહંમદ મુહતર પાશા. પ્રસ્તાવના પૃ. ૪૫
૨૪) ઈસ્લામ, લે. મેજર આર્થર ગ્લીન લીઓનાર્ડ, પૃ. ૧૦૫ - ૧૦૬

પ્રકરણ - ૨ :

કલ્યાણમંદિર સ્તોત્રના રચિયતા - રચનાકાળ - રચનાકથા.

ભારતીય તત્ત્વજ્ઞાનનું આકાશ અનેક તારલાઓથી ઝગમગે છે. એ આકાશમાંનો એક જ્વલંત તારક એટલે શ્રી સિદ્ધસેન દિવાકર. જૈન તત્ત્વજ્ઞાનના પરિચયનું કોઈપણ પુસ્તક એમના ઉલ્લેખ વિના અધૂરું ગણાય. શ્રમણ પરંપરામાં અનેક પ્રતાપી આચાર્યો, ઉપાધ્યાયો અને શ્રમણો થયા છે, તેમાં શ્રી સિદ્ધસેનસૂરિનું નામ ઘણી રીતે વિશિષ્ટ છે. સમગ્ર જૈન સંઘ જેમના માટે ગૌરવ અનુભવે છે તથા સૈકાઓ બાદ પણ જેમની ખ્યાતિ સંપ્રદાયના સીમાડા ઓળંગી જાય એટલે પ્રખર પ્રતિભાના સ્વામી શ્રી સિદ્ધસેનસૂરિ ચારિત્ર્યબળ, તપોબળ, વિદ્યાબળ અને સાધનાબળથી છલકાતા વિરાટ વ્યક્તિત્વના ધારક હતા. સન્મતિતર્ક પ્રકરણ, ન્યાયાવતાર, દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા તથા કલ્યાણમંદિર સ્તોત્ર જેઓની મુખ્ય કૃતિઓ છે તેવા ઉદાર વ્યક્તિત્વ, સૂક્ષ્મ ચિંતન તથા ગંભીર દાર્શનિક દૃષ્ટિના કારણે શ્રી સિદ્ધસેનસૂરિનો પ્રભાવ સંપૂર્ણ જૈન સમાજ પર જણાય છે. શ્વેતાંબર તથા દિગંબર બંને પરંપરાના વિદ્વાન આચાર્યોએ પોત - પોતાના ગ્રંથોમાં આચાર્ય સિદ્ધસેનજીને વિશિષ્ટ આદરભાવ સહિત યાદ કર્યા છે.

આચાર્ય હરિભદ્રસૂરિએ સિદ્ધસેનને દુઃષમ કાલરાત્રિમાં દિવાકર સમાન બતાવતાં પોતાના ગ્રંથ 'પંચવસ્તુક'માં કહ્યું છે;

"आयारिय सिद्धसेणेण सम्मईए पइट्ठिअजसेणं ।
दूसमणिसा - दिवागर कप्पंतणओ तदक्खेण ।।" (૧)

હરિવંશ પુરાણના કર્તા આચાર્ય જિનસેને સિધ્ધસેનની સૂક્તિઓને તીર્થંકર ઋષભદેવની સૂક્તિયોં સમાન સરખાવતાં કહે છે;

जगत्प्रसिद्धबोधस्य वृषभस्येव निस्तुषाः ।
बोधयन्ति सतां बुद्धि सिध्धसेनस्य स्कूत्यः ।। (૨)

કલિકાલ સર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રે સિદ્ધસેનની પ્રતિભા પાસે નતમસ્તક થતાં કહ્યું છે કે-

क्व सिद्धसेनस्तुतयो महार्था अशिक्षितालापकला क्व चैषा ।
तथाऽयि यूथाधिपतेः पथिस्थः स्खलद्गतिस्तस्य शिशुर्न शोच्यः ।। (૩)

શ્રી હીરાલાલ કાપડિયા જણાવે છે કે,

"શ્વેતામ્બરોનાં સ્તુતિકાર તરીકે આદ્ય સ્થાન ભોગવનારા કોઈ હોય તો તે સમગ્ર દર્શનોનું વર્ણન કરનારાઓમાં સૌથી પ્રથમ, તાર્કિકચૂડામણિ આચાર્ય સિદ્ધસેન દિવાકર છે. એમ કહેવું ખોટું નહીં ગણાય."(૪)

સાહિત્યકલારત્ન આચાર્ય વિજયયશોદેવસૂરિમહારાજ સાહેબ આચાર્ય સિદ્ધસેન દિવાકરના સંદર્ભમાં જણાવે છે કે, "સિદ્ધસેન દિવાકરને જૈન સ્તોત્રકારોમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત થયેલું છે. એમનો સમય જૈન પરંપરા અનુસાર વિક્રમની પ્રથમ સદી માનવામાં આવે છે."

પં. સુખલાલ જૈન સિદ્ધસેન દિવાકરને "આદ્યજૈન તાર્કિક, આદ્યજૈન કવિ, આદ્યજૈન સ્તુતિકાર, આદ્ય જૈનવાદી, આદ્ય જૈન દાર્શનિક તથા આદ્ય સર્વદર્શનસંગ્રાહક માન્યા છે."

આ સિવાય પણ 'રાજવાર્તિક'ના કર્તા ભટ્ટ અકલંક (ઈ.સ. ૭૨૦-૭૮૦), 'સિદ્ધિવિનિશ્ચય' ના કર્તા અનન્તવીર્ય (૧૦મી સદી), 'પાર્શ્વનાથચરિત' ના કર્તા વાદિદેવસૂરિ આદિ, દિગમ્બર વિદ્વાનો તથા 'પ્રમાણનયતત્વાલોકાકાર'ના કર્તા વાદિદેવસૂરિ ઈ.સ. ૧૧૪૩-૧૨૨૬), અણમચરિત ના રચનાકાર આચાર્ય મુનિરત્નસૂરિ (ઈ.સ. ૧૨૨૪) આદિ શ્વેતામ્બર વિદ્વાનોએ આચાર્ય સિદ્ધસેનની પ્રતિભાના ખૂબ વખાણ-પ્રશંસા કરી છે.

પોતાના જીવનવૃત્તાંત વિષે દિવાકર સિદ્ધસેને પોતે કાંઈ લખ્યું હોય અગર તે વિષે તેમના સમસમયવર્તી કે તેમની પછી તુરંત જ થનાર કોઈ વિદ્વાને કાંઈ લખ્યું હોય તેવું કાંઈ સાધન હજી મળ્યું નથી. તેમના જીવન વિષે જે થોડી કે ઘણી અધૂરી કે પૂરી, સંદિગ્ધ કે નિશ્ચિત માહિતી મળે છે અગર મેળવી શકાય તેમ છે, તે મુખ્યપણે ત્રણ સાધનોને આભારી છે; (૧) પ્રબંધો, (૨) ઉલ્લેખો અને (૩) સ્વકૃતિઓ

દિવાકરના જીવનને સ્પર્શ કરનાર પાંચ પ્રબંધો અત્યારે આપણી સામે છે, તેમાં બે લખેલા અને ત્રણ છપાયેલા છે. લખેલમાં એક ગદ્યબદ્ધ અને બીજો પદ્યબદ્ધ છે. ગદ્ય પ્રબંધ ભદ્રેશ્વરની 'કથાવલિ'માંનો હોઈ, લગભગ દસમા અગિયારમાં સૈકા જેટલો જૂનો છે. પદ્યપ્રબંધનો લેખે કે તેનો સમય અજ્ઞાત છે, તેમ છતાં તે.વિ. સં. ૧૨૯૧ પહેલાં ક્યારેક રચાયો છે એ તો નિશ્ચિત છે. કારણ કે ૧૨૯૧ ની લખેલી તાડપત્રની પ્રતમાં તેનો ખંડિત ઉતારો ૩૩ મળે છે. બંનેમાં ગદ્યપ્રબંધ પ્રમાણમાં ટૂંકો છે. પદ્યપ્રબંધમાં ગદ્યમાં આવેલી બાબતો વિસ્તારપૂર્વક વર્ણવાયેલી છે અને તેમાં થોડીક હકીકત વધારે પણ છે. એકંદરે એ બંનેમાં ગદ્યપ્રબંધ જૂનો લાગે છે, અને તેને આધારે પદ્યપ્રબંધની રચના થઈ હોય એમ લાગે છે. છપાયેલા ત્રણે પ્રબંધો લગભગ ૭૫ વર્ષ જેટાલ વખતમાં થોડે થોડે અંતરે રચાયેલા 'પ્રભાવકચરિત્ર', 'પ્રબંધચિંતામણિ' અને 'ચતુર્વિંશતિપ્રબંધ'માં આવે છે. સમયની દૃષ્ટિએ 'પ્રભાવકચરિત્ર' માંનો પ્રબંધ લિખિત ઉક્ત બે પ્રબંધો કરતાં અર્વાચીન છે. તેમ છતાં તેનું મહત્ત્વ વિશેષ હોવાનાં ત્રણ કારણો છે. પહેલું એ કે તે પ્રબંધમાંની કેટલીક હકીકત પ્રબંધને અંતે સૂચવ્યા મુજબ એક જીર્ણ અને પ્રાચીન મતની પ્રશસ્તિમાંથી લેવામાં આવી છે.(૫) બીજું કારણ એ છે કે, એ પ્રબંધને પ્રાચીન કવિઓના રચેલ ગ્રંથોનો પણ આધાર છે, અને ત્રીજું કારણ એ છે કે જેમ 'પ્રભાવકચરિત્ર'માંના એ પ્રબંધમાં લિખિત ઉક્ત બે પ્રબંધોનો સાર સમાઈ જાય છે, તેમ એ જ પ્રબંધ 'ચતુર્વિંશતિપ્રબંધ'માંના પ્રસ્તુત પ્રબંધનો આધાર પણ છે. આ મહત્ત્વને લીધે અહીં 'પ્રભાવકચરિત્ર' માંના પ્રસ્તુત પ્રબંધમાંથી દિવાકરને લગતો સાર પ્રથમ આપવો ઉચિત ધાર્યો છે.(૬) એ સાર આપ્યા પછી અન્ય પ્રબંધોમાં જે વધઘટ કે ખાસ ફેરફાર હશે, તે પણ સૂચવીશ. તેથી દિવાકરના જીવનને લગતી પરંપરાની નોંધાયેલી બધી બાબતો બેવડાયા વિના એક જ સ્થળે સુલભ થશે. પછીના પ્રબંધોમાં પૂર્વના પ્રબંધોમાંથી કેટકેટલું આવ્યું છે એ કેટકેટલું કોઈ બીજા સાધનોથી ઉમેરાયું છે એ પણ સહેજે જાણી શકાશે.

જૈન શાસનરૂપ નંદનવનમાં કલ્પવૃક્ષ સમાન, સર્વ શ્રુતિના અનુયોગરૂપ કંદને વિકસિત કરવામાં મેઘ સમાન, તથા વિદ્યાધરોના ઉત્તમ આમ્નાય (વંશ) માં વાંછિત આપનાર ચિંતામણી સમાન શ્રી પાદલિપ્ત સૂરિના કુલમાં શ્રી સ્કંદિલાચાર્ય થયા. અસંખ્ય શિષ્યો રૂપ માણિક્ય માટે રોહણાચલ સમાન તે મુનીશ્વરે એકદા ગૌડ દેશમાં વિહાર કર્યો.ત્યાં કોશલા ગામમાં નિવાસ કરનાર એક મુકુંદ નામે શ્રેષ્ઠ બ્રાહ્મણ કે જે સત્ત્વમાં સાક્ષાત્ મુકુંદ (કૃષ્ણ) જેવો હતો. એકવાર

બાહ્ય ભૂમિમાં વિચરતા સૂરિમહારાજની સાથે કોઈ પ્રસંગે તે વિપ્રનો સમાગમ થયો. કારણકે સર્વ કાર્યોમાં સર્વની ભવિત્વયતા તો જાગૃત જ હોય છે. તેણે ગુરુ પાસે અતિ વૈરાગ્યથી રંગાએલા સંયમધારી મુનિઓને સુસાધ્ય અને પ્રાણીઓની દયારૂપ એવો સુખકારી ધર્મ સાંભળ્યો. એટલે તે કહેવા લાગ્યે કે - 'અનાર્ય દુર્જનોની જેમ અકાર્ય કરાવનાર તથા ભ્રમ ઉપજાવનાર ચિત્રો જેવા વિષયોથી હું છેતરાયો છું. માટે હે ગુરુરાજ ! હે આંતરશત્રુનો ધ્વંશ કરનાર ! અને હે દયાના નિધાન ! પલાયન કરવામાં પણ કાયર એવા મને તે વિષયોથી સત્વરે બચાવો.' એમ બોલતાં તે વિપ્રને જૈનદીક્ષા આપીને ગુરુ મહારાજે તેના પર પ્રસાદ કર્યો. કારણ કે સુકાર્યમાં ઉતાવળ કરવી જ સારી કહેલ છે. વિલંબ કરવાથી તેમાં અવશ્ય વિઘ્ન આવે છે.

પછી એકદા ગુરુ મહારાજ વિહાર કરતા કરતા લાટ દેશના અલંકારરૂપ અને રેવાનદીની સેવાથી પવિત્ર થયેલ એવા ભૃગુકચ્છ (ભરૂચ) નગરમાં આવ્યા ત્યાં મુકુંદમુનિના ગોખવાનો અવાજ એટલો મોટો હતો કે એના પડઘા પડતા હતા. સાગરના તરંગ જોડે સ્પર્ધા કરતો આ અવાજ દુઃખદાયી થઈ પડ્યો. સ્વાધ્યાયનો અભ્યાસ કરતા તથા વૃદ્ધપણાને લીધે અત્યંત આગ્રહી બનેલા એવા મુકુંદ મુનિ નિદ્રાથી પ્રમાદી થયેલા અન્ય મુનિઓની ઊંઘ બગાડવા લાગ્યા. ત્યારે બુદ્ધિશાળી એક યુવાન મુનિએ તેને શિખામણ આપતાં જણાવ્યું કે 'હે મુનિ ! આ તમારા ધ્વનિથી જાગ્રત થયેલા હિંસક પ્રાણીઓ જીવવધ કરે, માટે સાધુએ ધ્યાનરૂપ ઉત્તમ આભ્યંતર તપ આચરવું. હે મહાત્મન્ ! શાંત સમયે વચનયોગનો સંકોચ રાખવો તે ઉચિત છે.'

એ પ્રમાણે સાંભળ્યા છતાં વૃદ્ધપણાથી ઉત્પન્ન થયેલી જડતાને લીધે શિક્ષાનો આદર ન કરતાં તે જ પ્રમાણે તે મુનિ પ્રગટ રીતે ઘોષ કરવા લાગ્યા. ત્યારે તેના નાદથી ભારે કંટાળી ગયેલ તે અણગાર પ્રથમ પોતાના તારુણ્યને ઉચિત મૃદુ વાણીથી અને પછી તેના કૃત્યથી ઈર્ષ્યા આવતાં કર્કશ વચનથી મુકુંદ મુનિને કહેવા લાગ્યા - હે મુનિ ! પોતાની વૃદ્ધાવસ્થામાં અંતને ન જાણતાં ઉગ્ર પાઠના આદરથી આકુળ થયેલ તું મોગરાની લતાની જેમ મુશળ ઉપર શી રીતે ફુલ ઉગાડી શકીશ ?

એ પ્રમાણે સાંભળતાં તે વૃદ્ધ મુનિ વિષાદ પામ્યા એ ચિંતવવા લાગ્યા કે - 'જ્ઞાનાવરણથી દૂષિત થયેલ મારા જન્મને ધિક્કાર છે. માટે હવે ઉગ્ર તપથી સરસ્વતી દેવીનું હું આરાધન કરીશ, કે જેથી ઈર્ષ્યા વચન પણ સત્ય થાય. એમ ધારી નાલિકેવસતિ નામના જિનાલયમાં સમર્થ એવી ભારતી દેવીનું આરાધન તેણે શરૂ કર્યું. ત્યાં દ્રઢ વ્રતધારી સ્ફૂરાયમાન ધ્યાનાગ્નિથી જડતાની ભીતિને ટાળનાર, સમતાને ધરનાર, વિકલ્પરૂપ કાલુષ્ય (મલિનતા) નિરસ્ત થવાથી શુદ્ધ બુદ્ધિને પ્રગટાવરનાર તથા શરીરે નિષ્કંપ રહી મૂર્તિના ચરણ-કમળમાં પોતાની દ્રષ્ટિને સ્થાપન કરનાર એવા તે વૃદ્ધ મુનિ શરીરના આધારૂપ ચાર પ્રકારના આહારનો ત્યાગ કરીને એક મુહૂર્તની જેમ એકવીશ દિવસ ત્યાં સ્થિર બેસી રહ્યા એટલે તેમના આ સત્ત્વથી સંતુષ્ટ થયેલ ભારતી દેવી સાક્ષાત્ પોતે પ્રગટ તઈને મુનિને કહેવા લાગી કે - 'હે ભદ્ર ! ઉઠ, હું પ્રસન્ન થઈ છું. તમારા મનોરથ બધા પૂર્ણ થાઓ, હવે તને સ્ખલના નહિ થાય માટે તને જે ઈષ્ટ હોય તે કર.'

એ પ્રમાણે સરસ્વતી દેવીનું વચન સાંભળતાં તે મુનિ ઊઠ્યા, અને પારણા માટે કોઈ ગૃહસ્થના ઘરે જતાં ત્યાં મુશળ તેમના જોવામાં આવ્યું. એટલે પૂર્વે યતિના મુખથી હાસ્ય - વચન સાંભળવાના અપમાનથી પોતે કરેલ પ્રતિજ્ઞાને પૂર્ણ કરવા માટે તે ઋષિ બોલ્યા કે - 'હે

ભારતી ! તારા પ્રસાદથી જો અમારા જેવા પણ પ્રાજ્ઞ થઈ વાદી થતા હોય, તો આ મુશળ પુષ્પિત થાઓ, 'એમ કહીને મુનિએ પ્રાસુક જળથી મુશળને સિંચન કર્યું. જેથી તારાઓ વડે આકાશની જેમ તે તરત પલ્લવિત અને પુષ્પોથી યુક્ત થયું. પછી મુનિ ઘોષ કરીને કહેવા લાગ્યા કે - 'સસલાનું શૃંગ (શીંગડું), ઇંદ્રધનુષ્યનું પ્રમાણ, શીતલ અગ્નિ અને નિષ્પ્રકંપ વાયુ - આ વાક્યમાં જે કોઈને કંઈ ગમતું ન હોય, તો વૃદ્ધ વાદી કહે છે કે તે મારી સામે આવીને બોલે.' આ તેની પ્રતિજ્ઞાથી જ તે વખતના વાદીઓ બુદ્ધિમાં પ્રતિહત થઈ બધા શૂન્યમતિ જેવા બની ગયા. આથી ગુરૂએ ભારે વાત્સલ્યથી તેમને આચાર્યપદે સ્થાપ્યાં. કારણ કે પાત્રે નિયુક્ત થયેલ અર્થની જેમ ગુણો વૃદ્ધિ પામે છે. પોતે વૃદ્ધ છતાં જગતમાં તે વાદમુદ્રાથી વિભૂષિત થઈને વિખ્યાત થયા. તેથી તે વૃદ્ધ આચાર્ય વૃદ્ધવાદી એવી અન્વયયુક્ત પ્રસિદ્ધિને પામ્યા. એવામાં શ્રી જિનશાસનરૂપ કમળવનને વિકસિત કરવામાં ભાસ્કર સમાન એવા આ. શ્રી સ્કંદિલાચાર્ય અનશન લઈને સ્વર્ગસ્થ થયા. એટલે ગચ્છરૂપ પર્વતને ધારણ કરવામાં કચ્છપ (કાચબા) સમાન એવા વૃદ્ધવાદી ગુરૂએ ગુણ સંતતિના સ્થાનરૂપ એવી વિશાલા નગરી ભણી વિહાર કર્યો.

એ અરસામાં દારિદ્રયરૂપ અંધકારનો નાશ કરવામાં સૂર્ય સમાન એવો વિક્રમાદિત્ય નામે રાજા રાજ્ય કરતો હતો. ત્યાં કાત્યાયન ગોત્રમાં ઉત્પન્ન થયેલ દેવર્ષિ બ્રાહ્મણ અને દેવશ્રીનો પુત્ર સિદ્ધસેન નામે એક વિદ્વાન વિપ્ર પ્રખ્યાત હતો. સર્વ શાસ્ત્રમાં પારંગત એવો તે કોઈવાર ત્યાં આવ્યો અને શ્રીમાન વૃદ્ધવાદીસૂરિને મળ્યો. એટલે પ્રશ્ન કર્યો કે - હે મુનિનાથ! આજકાલ વૃદ્ધવાદી અહીં વિદ્યમાન છે ?

ત્યારે ગુરૂ બોલ્યા - 'હું પોતે જ તે વૃદ્ધવાદી છું, એમ સમજી લે.'

ત્યાં સિદ્ધસેને કહ્યું - 'મારે વિદ્વદ્‌ગોષ્ઠી કરવાની ઈચ્છા છે, માટે અહીં જ આપણે તે કરવા બેસીએ, કે જેથી લાંબા વખતનો મારો સંકલ્પ સિદ્ધ થાય.' એટલે આચાર્ય બોલ્યા - જો એમ હોય, તો પોતાના હૃદયને સંતોષ પમાડવા માટે આપણે વિદ્વાનોની સભામાં શા માટે ન જોઈએ ? કારણ કે સુવર્ણની પ્રાપ્તિ થતી હોય, તો પિત્તળને કોણ ગ્રહણ કરે ? એમ કહ્યાં છતાં પણ જ્યારે તેણે 'મારે તો અહીં જ વાદ કરવો, એવો પોતાનો કદાગ્રહ ન મૂક્યો, ત્યારે આચાર્યે એ વાત કબૂલ અને ગોવાળોને તે વખતે સભાસદો બનાવ્યા. એટલે પ્રથમ સિદ્ધસેને પોતાનો પક્ષ સ્થાપન કરતાં જણાવ્યું કે - 'સર્વજ્ઞ કોઈ છે જ નહિ, કારણ કે આકાશપુષ્પના દૃષ્ટાંતના માફત પ્રત્યક્ષ, અનુમાનાદિક પ્રમાણોથી તે ઉપલબ્ધ નથી.' એમ કહીને તે મૌન રહ્યો.

ત્યારે ગોવાળોને સંતોષ પમાડતાં વૃદ્ધવાદી કહેવા લાગ્યા કે - 'આ સિદ્ધસેનનું કથન તમે કાંઈ સમજી શક્યા કે નહિ ?

તેઓ બોલ્યા - 'ઈરાની (પારસીક) ભાષા જેવું અવ્યક્ત વચન શી રીતે સમજી શકાય ? '

એટલે વૃદ્ધવાદીએ જણાવ્યું - 'હે ગોવાળો ! એનું વચન હું બરાબર સમજી શક્યો છું. એ કહે છે કે - જિન - વીતરાગ નથી,' માટે તમે સત્ય કહી બતાવો કે તમારા ગામમાં વીતરાગ સર્વજ્ઞ છે કે નહિ ?'

ત્યારે એ બધા બોલી ઉઠ્યા કે - 'જૈન ચૈત્યમાં જિન સર્વજ્ઞ વિદ્યમાન છે, માટે એનું વચન મિથ્યા છે. આ પ્રમાણ વિનાના વિપ્રવચનને અમે માન્ય કરતા નથી.'

પછી આચાર્ય પુનઃ કહેવા લાગ્યા કે - 'હે વિપ્ર ! હું સત્ય વચન કહું છું, તે સાંભળ - તરતમતા ધરાવતો પ્રજ્ઞાનો અતિશય ક્યાંક તો વિરામ પામે છે. પરિમાણમાં જેમ ઉત્કૃષ્ટ પરિમાણ હોય છે તેમ પ્રજ્ઞામાં ઉત્કૃષ્ટતા સ્પષ્ટ છે અને તે લઘુ કે ગુરુતર, પરમાણુ અને આકાશમાં પણ ઉપલબ્ધ છે. પ્રજ્ઞાનો અવધિ તે કવળજ્ઞાન સિદ્ધ જ છે. એ જ્ઞાન તો ગુણ છે, માટે વિચાર કરો, તેના આધારરૂપ કંઈ દ્રવ્ય પણ હોવું જ જોઈએ તે આધારરૂપ દ્રવ્ય તે જ સર્વજ્ઞ છે. એમ સર્વજ્ઞની એ સિદ્ધિ થઈ જ જાય છે.'

એ પ્રમાણે વચન વિસ્તારથી આ વૃદ્ધવાદી સૂરિએ પોતાને પંડિત માનનાર એવા સિદ્ધસેન બ્રાહ્મણને જીતી લીધો કારણ કે આવા સમર્થ વિદ્વાન આગળ તે શું માત્ર છે ?

એવામાં હર્ષાશ્રુથી લોચનને આર્દ્ર બનાવતાં સિદ્ધસેન પણ કહેવા લાગ્યા કે - 'હે ભગવાન પ્રથમ તો તમે પોતે જ ખરેખરા સર્વજ્ઞ છો કે મને જીતી લીધો, તો હવે મેં પૂર્વે કરેલ પ્રતિજ્ઞા પ્રમાણે તમે મને શિષ્ય થવાની અનુમતિ આપો, અર્થાત્ શિષ્ય બનાવો. કારણ કે - પૂર્વે મેં એવી પ્રતિજ્ઞા લીધી છે કે - 'જેને હું ઉત્તર આપવા અસમર્થ થાઉં, તેનો શિષ્ય બનું. એટલે ગુરુ મહારાજે પોતે તત્પર થયેલ એવા સિદ્ધસેન વિપ્રને જૈન વિધિ પ્રમાણે દીક્ષા આપી, અને તેનું કુમુદચંદ્ર એવું નામ રાખ્યું. પછી બાણની જેમ પોતાની તીક્ષ્ણ અને પ્રકૃષ્ટ પ્રતિભાના બળે સિદ્ધસેન મુનિ તે કાળના સર્વ સિદ્ધાંતના સત્વરે પારગામી થઈ ગયા. એટલે ગુરુએ મોદપૂર્વક તેમને આચાર્યપદે સ્થાપન કર્યા. તેમનું પૂર્વાવસ્થાનું નામ જ પાછું રાખ્યું. પછી ગુરુમહારાજે આ. શ્રી સિદ્ધસેનસૂરિને ગચ્છ ભળાવીને પોતે અન્યત્ર વિહાર કર્યો. કારણ કે ગુરુ દૂર રહીને જ શિષ્યનો પ્રભાવ જુએ છે.

હવે એકદા આ. શ્રી સિદ્ધસેનસૂરિ બાહ્ય ભૂમિકાએ જતા હતા, તેવામાં રાજમાર્ગે થઈને જતા વિક્રમાદિત્ય રાજાના જોવામાં આવ્યા ત્યારે અલક્ષ્ય રીતે રાજાએ તેમને પ્રણામ કર્યા. એટલે ઊંચા અવાજે ગુરુએ તેને ધર્મલાભ આપ્યો. આ તેમની દક્ષતાથી સંતુષ્ટ થયેલ રાજાએ પ્રીતિદાનમાં તેમને એક કોટિ સોનામહોર આપી અને પત્રમાં લેખ લખ્યો કે -

"धर्मलाभ इति प्रोक्ते, दूरादुद्धृतपाणये । सूरये सिद्धसेनाय, ददौ कोटिं नराधिपः" ॥१॥

એટલે - દુરથી હાથ ઊંચો કરીને ધર્મલાભ આપતાં આ.શ્રી સિદ્ધસેનસૂરિને રાજાએ એક કોટિ સોના મહોર આપી.

પછી રાજાએ આચાર્યને બોલાવીને નિવેદન કર્યું કે - 'હું તમને દ્રવ્ય આપવા માગું છું.'

ત્યારે ગુરુ બોલ્યા - દ્રવ્ય લેવું અમને કલ્પે નહિ. માટે તમને રુચે તેમ કરો. આથી રાજાએ ગરીબ સાધર્મીબંધુઓ અને ચૈત્યોના ઉદ્ધાર માટે તે દ્રવ્યનો એક સાધારણ ભંડાર કર્યો.

એક વખતે સિદ્ધસેન મુનીશ્વર ચિત્રકૂટ પર્વતપર આવ્યા, ત્યાં પર્વતના એક ભાગમાં એક સ્તંભ તેમના જોવામાં આવ્યો કે જે કાષ્ઠ, પત્થર કે માટીથી બનાવેલ ન હતો. ત્યારે વિચાર કરતાં તે ઔષધના ચૂર્ણનો બનાવેલ તેમના જાણવામાં આવ્યો એટલે તેના રસ, સ્પર્શ અને ગંધાદિકની પરીક્ષાથી તથા મતિના બળથી ઔષધો ઓળખીને તેમને તેના વિરોધી ઔષધોને મેળવ્યાં અને તેના વતી વારંવાર ઘર્ષણ કરતાં તે સ્તંભમાં એક છિદ્ર કર્યું. એટલે ત્યાં

હજારો પુસ્તકો તેમના જોવામાં આવ્યાં તેમાથી એક પુસ્તક લઈ ઉઘાડતાં તેમાંના એક પત્રમાંની એક પંક્તિ તેમણે વાંચી, તો તેમાં સુવર્ણસિદ્ધિનો યોગ જોવામાં આવ્યો; તેથી વિસ્મય પામતાં બીજો એક શ્લોક વાંચ્યો, તેમાં સરસવથી સુભટો બનાવવાનું લખ્યું હતું. આથી વિશેષ હર્ષ પામી સાવધાન થઈને જેટલામાં આગળ વાંચવા લાગ્યા, તેવામાં શાસનદેવીએ તે પત્ર અને પુસ્તક હરી લીધું. કારણ કે કાળના દોષથી તેવા સમર્થ પુરુષોની પણ તેવા પૂર્વગત ગ્રંથો વાંચવાની યોગ્યતા તેના જોવામાં ન આવી, પણ સત્ત્વહાનિનો સંભવ તેણે જોયો.

પછી એકદા તે બંને વિધાયુક્ત આ. શ્રી સિદ્ધસેનસૂરિ વિહાર કરતાં પૂર્વ દેશના પ્રાંતમાં રહેલ કર્મારિ નગરમાં ગયા. ત્યાં પરાક્રમથી પ્રખ્યાત થયેલ એવો દેવપાલ નામે રાજા રાજ્ય કરતો હતો, તે સત્વરે શ્રી સિદ્ધસેન ગુરુને નમસ્કાર કરવા આવ્યો. એટલે આક્ષેપણી વિગેરે ચાર પ્રકારની ધર્મવ્યાખ્યાનથી ગુરૂએ તેમને પ્રતિબોધ પમાડ્યો અને મિત્રતામાં સ્થાપન કર્યો.

એવામાં એકદા અધર્મમાં મતિ રાખનાર કામરૂપ દેશના વિજયવર્મ રાજાએ તેને ઘેરી લીધો, અને અસંખ્ય અગ્રગામી સુભટોએ તેને ભારે પરાભવ પમાડ્યો ત્યારે દેવપાલ રાજાએ ગુરૂને વિનંતી કરી કે - 'હે દેવ ! આ રાજાના તીડની શ્રેણિ સમાન અદ્‌ભુત સૈનિકો, અલ્પ ભંડારવાળા એવા મારા સૈન્યને વિખેરી નાખશે. માટે હે સ્વામિન્ ! હવે આપ જ મારા શરણરૂપ છો.'

ત્યારે આચાર્ય બોલ્યા - 'હે રાજન્ ! તું એ સંકટથી ભય ન પામ. હું પ્રાયઃ તેનો પ્રતિકાર કરીશ.' પછી તેમણે સુવર્ણસિદ્ધના યોગથી અગણિત દ્રવ્ય અને સરસવના યોગથી ઘણા સુભટો ઉત્પન્ન કર્યા. આથી તે ગુરુના પ્રસાદથી દેવપાલ રાજાએ શત્રુને પરાજિત કર્યો. કારણ કે તેવા ગુરૂની ઉપાસનાથી શું ન થાય ? પછી રાજાએ જણાવ્યું કે - 'હે ભવતારક નાથ! હું શત્રુના ભયરૂપ અંધકારમાં પડ્યો હતો; પણ સૂર્ય સમાન તમે તેમાંથી મારો ઉદ્ધાર કર્યો. માટે હે પ્રભો ! દિવાકર એવું આપનું નામ પ્રસિદ્ધ થાઓ. ત્યારથી સિદ્ધસેન દિવાકર એવા નામથી પ્રસિદ્ધ થયા. પછી રાજાને તે અત્યંત માનનીય થઈ પડ્યા. તેથી રાજા તેમને ભક્તિથી બલાત્કારે સુખાસન તથા હસ્તી વિગેરે ઉપર બેસાડતો અને તે રાજભવનમાં જતા. એ હકીકત લોકોના મુકથી વૃદ્ધવાદીસૂરિના જાણવામાં આવી એટલે રાજસન્માનના ગર્વથી ભ્રમિત થયેલ મતિયુક્ત શિષ્યને શિક્ષા આપી ક્ષણવારમાં તેનો દુષ્ટ આગ્રહ દૂર કરવાને પોતાનું રૂપ છુપાવીને ગુરૂ કર્મારિપુરમાં આવ્યા. ત્યાં રાજાની માફક સુખાસનમાં બેઠેલ અને બહુ લોકોથી પરિવરેલા એવા સિદ્ધસેન શિષ્યને તેમણે રાજમાર્ગમાં જોયો. ત્યારે ગુરૂ તેને કહેવા લાગ્યા કે - 'તું બહુ વિદ્વાન છે. માટે મારા સંદેહને દૂરે કર. તારી ખ્યાતિ સાંભળીને હું બહુ દૂર દેશાંતરતી આવ્યો છું.'

એટલે સિદ્ધસેન સૂરિએ કહ્યું - 'તારે જે પૂછવું હોય, તે પુછ.'

ત્યારે સમીપે રહેલા વિદ્વાનોને વિસ્મય પમાડતાં ગુરુ ઉચ્ચ સ્વરે કહેવા લાગ્યા કે -

"अणहुल्लीयफुल्ल म तोडहु मन आरामा म मोडहु ।
मणकुसुमेहिं अच्चि निरंजणु हिंडह काइं वणेण वणु" ॥ १ ॥ (७)

આ ગાથાનો વિચાર કરતાં પણ અર્થ જાણવામાં ન આવ્યો, તેની તેણે ખોટો ઉત્તર કહીને જણાવ્યું કે - 'બીજું કંઈ પૂછો.'

એટલે ગુરુ બોલ્યા - 'એ જ ગાથાનો વિચાર કરો.' આથી તેણે અનાદર પૂર્વક અસંબધ કંઈક કહી બતાવ્યું. કે જે ગુરુએ માન્ય ન કર્યું, ત્યારે સિદ્ધસેન સૂરિએ કહ્યું - 'તો પછી તમે એનો અર્થ કહી બતાવો.'

જેથી વૃદ્ધવાદી ગુરૂ કહેવા લાગ્યા - "હે ભદ્ર ! તું સાવધાન થઈને સાંભળ કે જેથી તું માર્ગભ્રિષ્ટ છતાં એનું તત્ત્વ સાંભળવાથી પુનઃ માર્ગને પામી શકે, તે આ પ્રમાણે -

જેનું અલ્પ આયુષ્ય રૂપ પુષ્પ છે એવું મનુષ્યનું શરીર, તેના આયુખંડ રૂપ પુષ્પોને રાજસન્માનના ગર્વ રૂપ લાકડી વતી તોડ નહિ. આત્મા સંબંધી અને સંતાપને હરનારા એવા યમ, નિયમાદિ રૂપ બગીચાને ભાંગ નહિ. ક્ષમા, માર્દવ, આજર્વ અને સંતોષાદિ મન-પુષ્પોથી નિરંજનનું પૂજન કર. અર્થાત્ જેના અહંકારનાં સ્થાન જાતિ લાભાદિ રૂપ અંજન દૂર થયેલ છે તથા સિદ્ધપદને પ્રાપ્ત થયેલ એવા નિરંજનનું ધ્યાન ધર. મોહાદિ વૃક્ષઘટાથી ગહન એવા આ સંસાર રૂપ અરણ્યમાં એક સ્થાનથી બીજે સ્થાન શા માટે ભમે છે. આ એક અર્થ થયો.

(હવે બીજો અર્થ બતાવે છે)

અથવા અણુ એટલે અલ્પ ધાન્ય તે અલ્પ વિષયપણાથી માનવદેહનાં પુષ્પો સમજવાં. તે અલ્પપુષ્પી નરદેહના શીલાંગ મહાવ્રત રૂપ પુષ્પોનો વિનાશ કર નહિ. મન રૂપ આરામને મરડી નાખ, એટલે કે ચિત્તના વિકલ્પજાળનો સંહાર કર, તથા મુક્તિપદને પ્રાપ્ત થયેલા નિરંજન વીતરાગ દેવની પુષ્પોથી અર્ચના કર. અર્થાત્ ગૃહસ્થને ઉચિત છકાય જીવની વિરાધના રૂપ દેવપૂજામાં પ્રયત્ન ન કર. કારણ કે તે સાવધ છે. કીર્તિની કામનાથી સંસાર રૂપ અરણ્યમાં શા માટે ભ્રમણ કરે છે ? અર્થાત્ મિથ્યાવાદને તજી જિનેશ્વરે કહેલ સત્યમાં આદર કર. એ બીજો અર્થ બતાવ્યો.

(હવે ત્રીજો અર્થ કહે છે)

અથવા તો કીર્તિના સ્યાદ્વાદ વચન રૂપ પુષ્પોને તોડ નહિ. તથા મનના અધ્યાત્મોપદેશ રૂપ આરાને તોડી ન નાખ, અર્થાત્ ખોટી વ્યાખ્યાથી તેનો વિનાશ ન કર, વળી રાગાદિ લેપરહિત નિરંજન મનની, સુગંધી અને શીતળ સદ્ગુરુના સદુપદેશ રૂપ પુષ્પોથી પૂજા કર. અર્થાત્ મનને શ્લાદ્ય બનાવ. તથા સંસાર રૂપ અરણ્યના સ્વામી પરમ સુખી હોવાથી તે તીર્થંકર છે 'તેમના શબ્દ - સિદ્ધાંત સૂત્રમાં ભ્રાંતિ શા માટે લાવે છે ? કારણ કે તે જ સત્ય છે. માટે તેમાં જ પ્રેમ - ભાવના રાખવી જોઈએ ? એ ત્રીજો અર્થ બતાવ્યો.

ઈત્યાદિ શ્રી વૃદ્ધવાદી મહારાજે તે ગાથાના બુદ્ધિપૂર્વક અનેક અર્થ બતાવ્યા પણ અમે જડ જેવા તે કેટલું સમજી શકીએ ? એ રીતે ગુરુના ઉપદેશરૂપ મેઘના ગર્જારવ અને વર્ષણના આડંબરથી આ. સિદ્ધસેન સૂરિની મનોભૂમિ બોધને લીધે અંકુરિત થઈ, એટલે તેમને વિચાર થયો કે - 'મારા ધર્માચાર્ય વિના આવી શક્તિ બીજા કોઈમાં નથી.' એમ ધારી શિબિકાથી નીચે ઊતરીને તે ગુરુના ચરણે ઢળી પડ્યા, અને કહેવા લાગ્યા કે - ભાવ - શત્રુઓથી જીતાયેલા એવા મેં આપ ગુરુની મોટી આશાતના કરી, આપ દયાળુ તે ક્ષમા કરો.'

એ પ્રમાણે સાંભળતાં ગુરુ બોલ્યા કે - 'હે વત્સ ! એમાં તારો દોષ નથી, આ સમય જ એવો છે. આ દુઃષમાકાળ શત્રુની જેમ પ્રાણીઓની સદ્ગતિનો નાશ કરે છે. જૈન સિદ્ધાંતનું પાન કરાવીને મેં તને સંપૂર્ણ તૃપ્ત કર્યો, છતાં મંદ અગ્નિવાળાને સ્નિગ્ધ ભોજનની જેમ જે તું પણ જીર્ણ ન કરી શક્યો તો જડતારૂપ વાયુ, પીનસા (નાસિકારોગ) તથા શ્લેષ્મવાળા અને

અલ્પ સત્ત્વરૂપ અગ્નિવાળા અન્ય જીવો વિધારૂપ અન્ન શી રીતે પચાવી શકે ? માટે હે ભદ્ર ! ક્ષુધાતુર થયેલ તું પોતે, મેં આપેલ શ્રુત, સંતોષરૂપ ઔષધથી વૃદ્ધિ પામેલ ધ્યાનરૂપ અંતર - અગ્નિવડે જીર્ણ કર, સ્તંભથકી પ્રાપ્ત થયેલ પુસ્તક તારી પાસેથી શાસન દેવીએ છીનવી લીધું, તે યોગ્ય કર્યું છે. કારણકે આજ કાલના જીવો તેવા પ્રકારની શક્તિને શું ઉચિત છે. ?'

ગુરૂના મુખથી એ વચન સાંભળતા સાધુશિરોમણિ શ્રી સિદ્ધસેન કહેવા લાગ્યા કે - 'અજ્ઞાનના દોષથી જો શિષ્યો દુષ્કૃત ન જ કરે, તો હે નાથ ! પ્રાયશ્ચિતનાં શાસ્ત્રો ચરિતાર્થ કેમ થાય ? માટે હે ભગવન્ ! અવિનીત એવા મને પ્રાયશ્ચિતથી શુદ્ધ કરો.'

ત્યારે વૃદ્ધવાદી ગુરૂએ વિચાર કરીને તેને આલોચના તપનું પ્રાયશ્ચિત આપ્યું, પછી આ. સિદ્ધસેન સૂરિને પોતાના પદે સ્થાપી, પોતે અનશનપૂર્વક આરાધના કરીને સ્વર્ગે ગયા એટલે આ. સિદ્ધસેન સૂરિએ પણ શાસનની પ્રભાવના કરતા રાજાની અનુમતિથી વસુધાપર વિહાર કર્યો.

એકદા બાલ્યાવસ્થાથી સંસ્કૃતના અભ્યાસી, કેવળજ્ઞાનીએ પ્રરૂપેલ પ્રાકૃતને વિષે આદરરહિત તથા પોતાના કર્મદોષથી દૂષિત થયેલ એવા આ. સિદ્ધસેનસૂરિએ લોકવાક્ય (લોકોના કહેવા) થી તથા પોતાના સામર્થ્યથી સિદ્ધાંતને સંસ્કૃત બનાવવા માટે શ્રી સંઘને વિનંતી કરી એટલે સિદ્ધાંતના પ્રભાવની મોટાઈને ન જાણતાં સંસ્કૃતમોહિત થયેલ એવા તેમને સંઘના પ્રધાન પુરૂષોએ ચિત્તની કલુષતાને લીધે કર્કશ બનેલા વચનથી નિવેદન કર્યું કે - 'યુગપ્રધાન આચાર્યોના અલંકારને ધારણ કરનારા તથા આજ કાલના સાધુ-સમુદાયના મુગટ સમાન એવા આપ જેવા પૂજ્યની ચિત્તવૃત્તિમાં પણ જો અજ્ઞાનરૂપ શત્રુ આવીને ઉત્પાત કરશે, તો આજે અમારા જેવાની તો વાત જ શી કરવી ? અમે પૂર્વના સંપ્રદાય થકી સાંભળેલ છે કે પૂર્વે ચૌદે પૂર્વો સંસ્કૃત ભાષામાં હતાં, તે પ્રજ્ઞાતિશયથી સાધ્ય હતા. આજે કાળના દોષથી તેનો ઉચ્છેદ થયો અને હવે સુધર્મા સ્વામીએ કહેલ અગિયાર અંગ રહ્યાં. બાળ, સ્ત્રી, મૂઢ, મૂર્ખાદિ જનોના અનુગ્રહ માટે તે પ્રાકૃત ભાષામાં કર્યા. તો આપની એમાં અનાસ્થા કેમ છે ? આ તો વચન દોષથી તમે મોટું પાપ ઉપાર્જન કર્યું. તેથી હવે એનું પ્રાયશ્ચિત તો શ્રુતના આધારે સ્થવિરો જ આપી શકે.'

ત્યારે સ્થવિર બોલ્યા કે - 'જે બાર વરસ ગચ્છ ત્યાગ કરી, ગુપ્ત જૈનલિંગે રહી દુષ્કર તપ તપે, મહાદોષથી દૂષિત થયેલ આ મુનીંદ્રની એ પારાચિંત નામના પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થાય તેમ છે, નહિ તો જિનાજ્ઞાની વિરાધના જ છે. વળી તે દરમ્યાન જો શાસનની અદ્‌ભુત કાંઈ પ્રભાવના કરે તો તેટલા વરસની અંદર પણ પોતાનું પદ પામી શકે.'

પછી શ્રી સંઘની અનુજ્ઞા લઈને સાત્ત્વિક શિરોમણિ આ. સિદ્ધસેનસૂરિએ પોતાન વ્રતને અવ્યક્તપણે ધારણ કરતાં ગચ્છના ત્યાગ કર્યો. એમ ભ્રમણ કરતાં તેમણે સાત વરસ વ્યતીત કર્યા.

પછી એક વખતે વિહાર કરતાં કરતાં ઉજ્જયિની નગરીમાં આવ્યા. ત્યાં રાજમંદિરના દ્વાર પર આવીને તેમણે દ્વારપાલને જણાવ્યું કે - હે ભદ્ર ! તું વિશ્વવિખ્યાત રાજાને મારા શબ્દોમાં મારી ઓળખાણ આપતાં નિવેદન કર કે - 'હાથમાં ચાર શ્લોક લઈને આવેલ એક ભિક્ષુ - સાધુ આપને મળવા ઈચ્છે છે, તેને દ્વાર પર અટકાવી રાખેલ છે, માટે તે આવે કે પાછો ચાલ્યો જાય ?'

એટલે ગુણવંત પર પક્ષપાત ધરાવનાર રાજાએ તેમને બોલાવ્યા. ત્યાં તેણે દર્શાવેલ આસન પર બેસીને સિદ્ધસેન તેની સ્તુતિ કરતાં બોલ્યા કે -

"अपूर्वेयं धनुर्विद्या भक्ता शिक्षिता कुतः ?
मार्गनौघः समभ्येति गुणो याति दगन्तरम्" (११)
"अभी पानकरंकाभाः सप्तापि जलराशयः ।
पद्यशोराजहंस्य पंजरं भुवनत्रयम्" ॥ २ ॥
"सर्वदा सर्वदोऽसीति मिथ्या संस्तूयसे बुधैः ।
नारयो लेभिरे पृष्ठं नवक्षः परयोषितः"॥ ३ ॥
"भयमेकमनेकेभ्यः शत्रुभ्यो विधिवत्सदा ।
ददासि तच्चते नास्ति राजंश्चित्रमिदं महत्" ॥ ४ ॥

હે રાજન્ ! આ અપૂર્વ ધનુર્વિદ્યા તું ક્યાથી શીખ્યો કે જેમાં માર્ગણ (બાણ કે યાચક) સમૂહ પાસે આવે છે અને ગુણ (ધનુષ્યની દોરી અથવા યશ) દૂર દિગંત સુધી જાય છે. ૧

જેના યશરૂપ રાજહંસને ત્રણે ભુવન પાંજરા તુલ્ય છે, આ સાતે સમુદ્રો જળપાન કરવામાં કુડા જેવા છે, અર્થાત્ ત્રણે ભુવનમાં જેનો યશ ગવાઈ રહ્યો છે. ૨

હે રાજન્ ! તું સર્વદા સર્વ ઈચ્છિતને આપનાર છે, એમ પંડિત જનો જે તારી સ્તુતિ કરે છે, તે મિથ્યા છે; કારણ કે શત્રુઓને તેં પીઠ નથી આપી એ પરરમણીઓને વક્ષસ્થલ નથી આપ્યું. ૩

હે રાજન્ ! અનેક શત્રુઓને સદા કાયદા પ્રમાણે તું એક ભય જ આપે છે, છતાં તે તારી પાસે ઉપસ્થિત નથી, આ એક મોટે આશ્ચર્યની વાત છે. અર્થાત્ તું સદા નિર્ભય છે. ૪

એ પ્રમાણે તે ભારે યશસ્વી રાજાની સ્તુતિ કરતાં રાજા પ્રસન્ન થઈને ગુરુને કહેવા લાગ્યો કે - 'અહો ! જ્યાં તમે બિરાજમાન છો, તે સભા ધન્ય છે, માટે તમારે સદા મારી પાસે રેહવું.' એમ રાજાના સન્માનથી અને આગ્રહથી આ. સિદ્ધસેન સૂરિ ત્યાં રહ્યા. એવામાં એક વખતે તે ચતુર સૂરિ રાજાની સાથે શિવમંદિરમાં ગયા ત્યાં તેના દ્વારથકી જ તે પાછા વળ્યા, એટલે રાજાએ પ્રશ્ન કર્યો કે - 'તમે દેવની અવજ્ઞા કેમ કરો છો ? નમસ્કાર કેમ કરતા નથી ?'

ત્યારે આચાર્ય બોલ્યા કે - 'હે રાજન ! સાંભળ - તું મહા પુણ્યશાલી પુરૂષ છે, તેથી હું તારી આગળ કહું છું, કારણ કે અજ્ઞ પુરુષો સાથે વાદ કરતાં કોણ કંઠશોષ કરે ? એ શંકર મારા પ્રમાણને સહન કરી શકે તેમ નથી. તો હું કેમ પ્રણામ કરું ? મારા પ્રણામને સહન કરે, તે દેવો જ બીજા છે.'

એમ સાંભળતાં કૌતુકી રાજાએ તરત જણાવ્યું કે - 'તમે પ્રણામ કરો, તેથી શું થવાનું છે ? વળી તમારાં પ્રણામને યોગ્ય એવા અન્ય દેવો પણ મને બતાવો.'

એ પ્રમાણે આગ્રહ કરતા રાજાને ગુરુએ કહ્યું કે - 'હે ભૂપ ! કંઈ ઉત્પાત થાય, તો મારો દોષ નહિ.' ત્યારે રાજા બોલ્યો કે - 'ખરેખર ! પરદેશી લોકો કંઈ આશ્ચર્ય થાય તેવું જ બોલે છે. હે ઋષિ ! દેવો શું ધાતુયુક્ત શરીરને ધારણ કરતા એવા મનુષ્યનાં પ્રણામને સહન કરવામાં અસમર્થ હશે ?'

એ પ્રમાણે સાંભળતાં સિદ્ધસેન ગુરુ શિવલિંગની સમક્ષ બેસીને ઊંચા અવાજે સ્તુતિના શ્લોક કહેવા લાગ્યા :-

"હે નાથ ! એક તમે જેમ ત્રણે જગતને સમ્યક્ રીતે પ્રકાશિત કર્યા, તેમ અન્ય સમસ્ત તીર્થાધિપતિઓએ પ્રકાશિત કર્યા નથી. અથવા તો એક ચંદ્રમા પણ જેમ લોકને પ્રકાશિત કરે છે, તેમ ઉદય પામેલ સમગ્ર તારાઓ પણ શું પ્રકાશી શકે ?, તમારા વાક્યથી પણ જો કોઈને બોધ ન થાય, તો એ મોટા આશ્ચર્યની વાત છે. કારણ કે સૂર્યનાં કિરણો કોને પ્રકાશ નથી આપતા ? અથવા તો તેમાં આશ્ચર્ય જેવું કાંઈ નથી. કારણ કે ભાસ્કરનાં કિરણો સ્વચ્છ છતાં સ્વભાવે મલિન મનવાળા ઘુવડને તે અંધકારરૂપ ભાસેછે."

ઈત્યાદિ ન્યાયાવતારસૂત્ર, શ્રી વીરસ્તુતિ, તથા બત્રીશબત્રીશ શ્લોકના પ્રમાણવાળી બીજી પણ ત્રીશ સ્તુતિઓ તેમણે બનાવી. પછી ચુમાળીશ શ્લોકની એક સ્તુતિ રચી કે જે અત્યારે જિનશાસનમાં કલ્યાણમંદિરના નામથી વિખ્યાત છે. એનો અગીયારમો શ્લોક બોલતાં ધરણેન્દ્ર પોતે ત્યાં આવ્યો. કારણ કે તેવા દૃઢ ભક્તિધારી સમર્થ પુરુષોને શું અસાધ્ય હોય ? એટલે તેના પ્રભાવથી શિવલિંગમાંથી ધુમાડો નીકળવા લાગ્યો કે જેથી નિબિડ ધૂમસમૂહને લીધે મધ્યાહ્નકાળે રાત્રિ જેવો દેખાવ થઈ રહ્યો. અને તેથી આકુળવ્યાકુળ થઈને ભાગવાને ઈચ્છતા લોકોને દિશાઓનું ભાન ન રહ્યું. એટલે પત્થરના સ્તંભ અને ભીંતો સાથે તેઓ જોરથી અથડાઈ પડ્યા. પછી જાણે લોકોની દયાને લીધે જ તે લિંગમાંથી, સમુદ્રના આવર્તની અથડામણથી પ્રગટ થયેલ વડવાનલ સમાન જવાળાઓ નીકળવા લાગી. ત્યાર પછી પુરૂષોત્તમ (કૃષ્ણ)ના હૃદયમાં રહેલ કૌસ્તુભમણિની જેમ તેમાંથી શ્રી પાર્શ્વનાથ ભગવંતની પ્રતિમા પ્રગટ થઈ. એટલે પરમભક્તિથી પ્રભુને સ્તુતિપૂર્વક પ્રણામ કરીને સિદ્ધસેન ઋષિ બોલ્યા કે - 'હે રાજન્ ! આ મુક્તાત્મા એવા આ દેવો જ મારા પ્રણામને સહન કરી શકે.'

એ પ્રમાણે વિક્રમાદિત્ય રાજાને પ્રતિબોધ પમાડતાં પ્રવેશાદિ મહોત્સવથી તેમણે વિશાલા નગરીમાં જિનસાસનની પ્રભાવના કરી. તેથી સંઘે તેમના બાકી રહેલ પાંચ વર્ષ મૂકી દીધાં અને શ્રીમાન્ સિદ્ધસેન દિવાકરને પ્રગટ કર્યા. ત્યાં કેટલોક કાળ ફણાવલિ શિવલિંગની ઊંચે રહી અને લોકો તેની પૂજા કરતા, પણ પાછળથી તે સ્થાન મિથ્યાત્વીઓના હાથમાં ગયું.

હવે એકદા બલાત્કારથી રાજાની અનુમતિ લઈને અપ્રતિબદ્ધ બુદ્ધિવાળા તથા શ્રી સંઘરૂપ સરોવરમાં કમળ સમાન એવા શ્રી આચાર્ય મહારાજે ત્યાંથી વિહાર કર્યો. ગીતાર્થ મુનિઓની સાથે દક્ષિણ દિશામાં વિહાર કરતાં તે ભૃગુકચ્છ નગરની પાસેના ભૂમિપ્રદેશમાં પહોંચ્યા. ત્યાં નગર અને ગામડાંઓની ગાયોનું રક્ષણ કરનારા ગોવાળો હતા, તેઓ ધર્મ સાંભળવાની ઈચ્છાથી ગુરુ મહારાજ પાસે આવ્યા, અને કહેવા લાગ્યા કે - 'હે પૂજ્ય ! ક્યાં પણ વિસ્મય ન પામેલા એવા અમને તમે શાંતિ પમાડો.'

ત્યારે ગુરુ બોલ્યા - 'અમે લાંબા વખતથી વિહાર કરતાં માર્ગમાં શ્રમ પામ્યા છીએ, તો શું બોલીને તમારો ખેદ દૂર કરીએ ? ત્યારે ગોવાળોએ કહ્યું કે - અહીં વૃક્ષની છાયામાં આરામ કરી ધર્મનું વ્યાખ્યાન કરો. અમે આપને ગોરસ આપીશું.' પછી તે અજ્ઞ જનો સમજી શકે તેમ તાલમાનથી તાળી દેતા અને ભમતા ભમતા આચાર્ય તેમને પ્રતિબોધ પમાડવા માટે તરત પ્રાકૃત ભાષામાં રાસ બનાવીને હુંબડ ગીત વડે કહેવા લાગ્યા. કારણ કે તેવા સામાન્ય લોકોને તેવી સામાન્ય લોકોને તેવી ભાષા જ ઉચિત છે તે આ પ્રમાણે -

"न वि मारियइ न वि चोरियइ, परदारह अत्थु निवारयइ ॥
थोवाह वि थोवं दाउअइ, तउ सग्गि टगु मगु जाइयइ' ॥ १ ॥ (८)

કોઈને મારો નહીં, ચોરી પણ કરો નહીં, પરસ્ત્રીસંગ કદી કરો નહીં, થોડામાંથી પણ થોડું આપો, તો ઝટપટ સ્વર્ગને પામો. આ તેમની વાણીથી તે ગોવાળો પ્રતિબોધ પામ્યા, જેથી તેમણે ત્યાં ધન - ધાન્યાદિકથી પૂર્ણ એવું તાલારાસક નામનું ગામ વસાવ્યું.

એ પ્રમાણે ત્યાં પ્રભાવના કરી ગુરુ મહારાજ ભૃગુપુરમાં ગયા. ત્યાં બલમિત્રનો પુત્ર ધનંજય નામે રાજા હતો. તેણે ભક્તિ પૂર્વક આચાર્ય મહારાજનો આદર સત્કાર કર્યો.

એવામાં એકદા મર્યાદા રહિત સમુદ્ર સમાન શત્રુઓએ આવીને તે રાજાના નગરને ઘેરી લીધું. એટલે પોતાની પાસે અલ્પ સૈન્ય હોવાથી તે ભયભીત થઈને ગુરુના શરણે આવ્યો. ત્યારે આચાર્યે એક પ્રસ્થ જેટલાં સરસવ મતંરીને તેલના કૂવામાં નાખ્યા. એવામાં તે સરસવ અસંખ્ય પુરુષો બનીને કૂવામાંથી બહાર આવ્યા. તેમણે શત્રુસૈન્યને ભગ્ન કર્યું અને શત્રુઓને પરાસ્ત કર્યા. આથી તેમનું સિદ્ધસેન એવું અન્વયયુક્ત શ્રેષ્ઠ નામ સાર્થક થયું. પછી ત્યા રાજાએ વૈરાગ્યથી તેમની પાસે દીક્ષા લઈ લીધી. એમ દક્ષિણ દેશમાં શાસનની પ્રભાવના કરતા સિદ્ધસેનસૂરિ કવિઓમાં અગ્રપદને પામતા પ્રતિષ્ઠાન નગરમાં આવ્યા. ત્યાં પોતાનું આયુષ્ય ક્ષીણ થયેલ જાણી, યોગ્ય શિષ્યને પોતાના પદે સ્થાપી, અનશન લઈને શ્રીસિદ્ધસેન દિવાકરજી સંઘને અનાથપણાનું દુઃખ પમાડતાં સ્વર્ગે ગયા. કારણ કે તેવા પુરુષનો વિરહ થતાં કયો સચેતન દુઃખ ન પામે ? એવામાં એક વૈતાલિક - ચારણ તે નગરથી વિશાલા નગરીમાં ગયો. ત્યાં સિદ્ધસેનગુરૂની સિદ્ધશ્રી નામની બહેનને તે મળ્યો. એટલે ગુરુ યાદ આવવાથી નિરાનંદ પણે તે શ્લોકનો પૂર્વાર્ધ બોલ્યા -

"स्फुरन्ति वादिखद्योता: साम्प्रतं दक्षिणापथे"

એટલે - 'અત્યારે દક્ષિણ દેશમાં વાદીરૂપ ખદ્યોત (ખજુઆ) સ્ફૂરાયમાન થઈ રહ્યા છે,'

એમ સાંભળતાં તે પોતાની મતિના અનુમાનથી ઉત્તરાર્ધ બનાવીને બોલી કે,

"ननमस्तंगतो वांदी, सिद्धसेनो दिवाकरः" ॥ १ ॥

એટલે - 'ખરેખર ! વાદી સિદ્ધસેન દિવાકર (સૂર્ય) અસ્ત (મૃત્યુ) પામ્યા હોય એમ લાગે છે. પછી સિદ્ધશ્રીએ પણ પોતાના શરીરની નશ્વરતાનો વિચાર કરીને અનશન કર્યું અને ગીતાર્થ મુનિ પાસે આરાધના કરતાં તેણી સદ્‌ગતિને પામી.

પ્રબંધોની હકીકતોમાં વધઘટ

કથાવલીમાંના સિદ્ધસેન વિષેના ગદ્ય પ્રબંધમાં ફક્ત જે ચાર બાબતો આવે છે, તે આ પ્રમાણે : ૧. પ્રણામના બદલમાં રાજાને ધર્મલાભ અને રાજા દ્વારા દિવાકરને કોટિ દ્રવ્યનું અર્પણ; ૨. પ્રાકૃત આગમને સંસ્કૃતમાં ઉતારવાનો દિવાકરનો વિચાર અને તેના દંડરૂપે સંઘ દ્વારા તેમને પારાંચિત પ્રાયશ્ચિતનું વિધાન; ૩. અજ્ઞાતવેશમાં દિવાકર દ્વારા કડુંગેશ્વરની સ્તુતિ અને બત્રીશીઓ વડે તેમાંથી પાર્શ્વનાથની પ્રતિમાનું પ્રકટ થવું; ૪. દિવાકરનું દક્ષિણમાં વિચરવું અને ત્યાં જ સ્વર્ગવાસી થવું.

પ્રથમ સૂચવેલ ખંડિત પ્રદ્યપ્રબંધમાં ગદ્યપ્રબંધમાં ગદ્યપ્રબંધમાંની ઉક્ત ચાર બાબતો પૈકી પહેલી ત્રણ બાબતો તો છે જ અને વધારામાં બીજી પણ ત્રણ બાબતો છે :- ૧. સિદ્ધસેનનો વૃદ્ધવાદી સાતે શાસ્ત્રાર્થ અને તેમાં હારી છેવટે વૃદ્ધવાદીના શિષ્ય થવું; ૨. કોઈ આપત્તિગ્રસ્ત રાજાને ધન અને સૈન્યથી મદદ કરવી અને તેથી વિજય પામેલ તે રાજા દ્વારા સમ્માનિત થવું; ૩. રાજસત્કારના લોભમાં પડવું અને છેવટે ગુરુ વૃદ્ધવાદીના ઉદ્દેશ સાવધાન

થવું. આ છયે બાબતો પ્રભાવક ચરિત્રમાંની તે તે બાબતો સાથે સહેજસાજ ફેરફાર તો ધરાવે છે જ;પણ પ્રતનાં પાનાં ગયેલાં હોવાથી તે ઓછીવત્તી ખંડિત છે. તેથી સિદ્ધસેને કયા રાજાને ધન અને સૈન્યની મદદ આપી તે નામ તેમાં નથી મળતું અને સિદ્ધસેનના સ્વર્ગવાસના સ્થળ વિષે પણ તેમાં કાંઈ ઉલ્લેખ નથી દેખાતો.

'ચતુર્વિંશતિપ્રબંધ' ની રચના 'પ્રભાવકચરિત્ર'ને આધારે થયેલી હોવાથી 'પ્રભાવકચરિત્ર' માંની સિદ્ધસેનને લગતી બધી જ બાબતો ચતુર્વિંશતિપ્રબંધમાં લગભગ શબ્દશઃ છે છતાં તેમાં પણ 'પ્રભાવકચરિત્ર'માં નથી તેવી મુખ્ય બે બાબતો ઉમેરાયેલી છે; પહેલી બાબત મહાકાલપ્રાસાદની ઉત્પત્તિનું દિવાકર દ્વારા વિક્રમ રાજા સામે વર્ણન અને બીજી બાબત ઉંકાર નગરમાં શૈવમંદિરની સ્પર્ધાને લીધે વિક્રમ રાજા પાસે દિવાકર દ્વારા જૈન પ્રાસાદનું કરાવવું તે.

હવે છેલ્લો પાંચમો પ્રબંધ જોઈએ. એ પ્રબંધ 'પ્રબંધ-ચિંતામણિ' માંના विक्रमार्क પ્રબંધની અંદર સિદ્ધસેનનોપ્રસંગ આવતાં પ્રસંગોપાત્ત આવેલો છે. એમાં આવેલી વૃદ્ધવાદી એ સિદ્ધસેનની હકીકત ઉપર આપેલ ચારે પ્રબંધોની હકીકતથી કેટલીક મહત્ત્વની બાબતોમાં તદ્દન જુદી પડે છે. જેમ કે : ૧. 'પ્રભાવકચરિત્ર' વૃદ્ધવાદીને સ્કંદિલાચાર્યના શિષ્ય કહે છે ત્યારે 'પ્રબંધચિંતામણિ'નું ટિપ્પણ એમને આર્યસુહસ્તીના શિષ્ય વર્ણવે છે ; ૨. 'પ્રભાવકચરિત્ર' આદિ ઉપરથી સિદ્ધસેન ઉજ્જેની તરફના નિવાસી હોય એમ લાગે છે ત્યારે 'પ્રબંધચિંતામણિ' એમને દક્ષિણ કર્ણાટકના નિવાસી કહે છે ; ૩. 'પ્રભાવકચરિત્ર' આદિ ચારે પ્રબંધો સ્તુતિ દ્વારા પાર્શ્વનાથની પ્રતિમા પ્રકટ થયાનું કહે છે, ત્યારે 'પ્રબંધચિંતામણિ' ઋષભદેવની પ્રતિમા દિવાકરની સ્તુતિના પ્રભાવથી શિવલિંગમાંથી પ્રકટ થઈ એમ કહે છે ; ૪. 'પ્રભાવકચરિત્ર' આદિ ચારે પ્રબંધોમાં ધર્મલાભના બદલામાં વિક્રમે આપેલ દાનનો ઉપયોગ ચૈત્ય ઉદ્ધાર આદિ કાર્યોમાં થયાનું કહે છે, ત્યારે 'પ્રબંધચિંતામણિ' એ દાન લોકોનું કરજ ફેડવામાં વપરાયાનું અને પછી જ વિક્રમ રાજા દ્વારા વિક્રમસંવત પ્રચલિત કરાયાનું કહે છે ; ૫. 'પ્રભાવકચરિત્ર' આદિમાં સિદ્ધસેને દેવપાલ રાજાને મદદ કર્યાનું વર્ણન છે, ત્યારે 'પ્રબંધચિંતામણિ' માં વિક્રમને એ મદદ આપ્યાનું કથન છે ; ૬. 'પ્રભાવકચરિત્ર' માં સંઘે કે સ્થવિરોએ સિદ્ધસેનને પ્રાયશ્ચિત આપ્યાનું કથન છે, ત્યારે 'પ્રબંધચિંતામણિ'માં એ પ્રાયશ્ચિત ગુરુ આપે છે.

કાંઈક વધઘટવાળી, કાંઈક ફેરફારવાળી અને કાંઈક તદ્દન જુદી એવી ઉક્ત પાંચ પ્રબંધોમાંની હકીકતો ઉપરથી સિદ્ધસેનના જીવનને લગતું ટૂંકુ વિરોધ વિનાનું તારણ આ પ્રમાણે કાઢી શકાય :- (૯)

૧. વિદ્વત્તાનું ચડિયાતાપણું ન છતાં સમયસૂચકતા, ગંભીરતા અને ત્યાગને બળે વૃદ્ધવાદીએ એકવચની અને મહાવિદ્વાન સિદ્ધસેનને આકર્ષ્યા અને શિષ્ય બનાવ્યા; ૨. દક્ષિણ હિંદુસ્તાન પેઠેણથી ઉત્તર હિંદુસ્થાનમાં ઉજ્જૈની સુધીનું વિહારક્ષેત્ર જેમાં ભરૂચ પ્રધાનપદ ભોગવે છે; ૩. વિક્રમાદિત્ય ઉપાધિ ધારણ કરનાર ઉજ્જેનીના કે કોઈ બીજા રાજા સાથે સિદ્ધસેનનો ગાઢ સંબંધ જેમાં ધર્મપ્રચાર અને ધર્મરક્ષા માટે સિદ્ધસેન રાજશ્રય લે છે એ શત્રુભય - નિવારણ માટે રાજા સિદ્ધસેનનો આશ્રય લે છે; ૪. પ્રાકૃત આગમને સંસ્કૃતમાં ઉતારવાનો દિવાકરનો સૌથી પહેલાં થયેલો વિચાર અને તેને પરિણામે સંઘ તરફથી સહેવી પડેલી સખત આકૃત; ૫. દિવાકરનું સંસ્કૃત વિષયક પાંડિત્ય અને તેમના દ્વારા સંસ્કૃત ગ્રંથોનું રચાવું; ૬. દિવાકરનું રાજ-સત્કારમાં લોભાઈ સાધુધર્મ માંથી શિથિલ થવું અને ફરી ગુરુ દ્વારા સાવધ થઈ જવું; ૭. દક્ષિણ દેશમાં દિવાકરનું સ્વર્ગવાસી થવું.

સિધ્ધસેન દિવાકરની રચનાઓ :-

શ્વેતામ્બર અને દિગમ્બર બંને સંપ્રદાયોમાં સિદ્ધસેન દિવાકરના નામથી જે ગ્રંથ પ્રાપ્ત થાય છે જેમાં અમુક ગ્રંથો સિદ્ધસેન દિવાકરના ન હોવા છતાં ઉત્તરવર્તી સિદ્ધસેનોની કૃતિઓ છે :- જેમ કે, ૧) જીતકલ્પચૂર્ણિ ૨) તત્વાર્થાધિગમસૂત્રની ટોકા 3) પ્રવચન સારોદ્ધારની વૃત્તિ ૪) એક વિંશતિસ્થાન પ્રકરણ તથા ૫) જિનસહસ્ત્રનામસ્તોત્ર (શકસ્તવ) નામનું ગદ્યસ્તોત્ર ! (૧૦)

અમુક ગ્રંથો એવા છે જેનો સિદ્ધસેનના નામથી ઉલ્લેખ તો છે પણ તે કૃતિઓ ઉપલબ્ધ થઈ શકતી નથી. જેમ કે, (૧) બૃહત્ષડ્દર્શનસમુચ્ચય.... બની શકે કે આ ગ્રંથ હરિભદ્રસૂરિના ષડ્દર્શન સમુચ્ચય જ હશે પણ ભૂલથી સૂરતના શેઠ ભગવાનદાસજીની પોતાની લાઈબ્રેરી સંગ્રહમાં સિદ્ધસેનજીના નામથી લખાયેલ છે.

(૨) વિષોગ્રહશમન વિધિ.... જેનો ઉલ્લેખ ઉગ્રાદિત્યાચાર્ય (વિક્રમ ૯મી શતાબ્દી) ના કલ્યાણકારક વૈદ્યક ગ્રંથ (૨૦-૮૫) માં પ્રાપ્ત થાય છે. (૧૧)

(3) નીતિસારપુરાણ.... જેનો ઉલ્લેખ કેશવસેનસૂરિ (વિ.સં. ૧૬૮૮) કૃત કર્ણામૃતપુરાણ (શ્લોક સ. ૧૫૬૩૦૦) માં મળે છે (૧૨)

(૪) પ્રમાણદ્વાત્રિંશિકા (૧૩) - સિધ્ધસેન દિવાકરના જે ગ્રંથો ઉપલબ્ધ થાય છે તેમાં મુખ્ય ચાર કૃતિ પ્રસિદ્ધ છે :-

સિદ્ધસેન દિવાકરના જે ગ્રંથો ઉપલબ્ધ થાય છે. તેમાં મુખ્ય ચાર કૃતિ પ્રસિદ્ધ છે :-

૧. સન્મતિતર્ક
૨. દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા
૩. ન્યાયાવતાર
૪. કલ્યાણમંદિર સ્તોત્ર

૧) સન્મતિતર્ક પ્રકરણ :

મહાવાદિ - શ્રુતકેવલિ પૂજ્ય આચાર્ય શ્રી સિદ્ધસેન દિવાકરસૂરીશ્વરજી મહારાજા રચિત અનેક ગ્રંથોમાં શ્રેષ્ઠ ગ્રંથ તરીકે સંમતિતર્ક ગ્રંથને જ સ્થાન આપવું ઘટે. આ ગ્રંથમાં વિષયોની વ્યાપકતા, જૈન શાસનના મૂળભૂત પદાર્થોની સ્પષ્ટતા, અર્થની ગંભીરતા, અનેકાંતવાદીની સુદૃઢ સ્થાપના, અનુભવનાપરિપાકરૂપ વચનો વગેરે આ ગ્રંથમાં સવિશેષ જોવાંમળે છે.

આ ગ્રંથ ત્રણ કાંડમાં વિભક્ત છે. ત્રણે કાંડના સામાન્ય વિષયોને અનુસરીને તેની ઓળખ આપવી હોય તો પ્રથમ કાંડને નયકાંડ, દ્વિતીય કાંડને ઉપયોગકાંડ અથવા જ્ઞાનકાંડ તથા તૃતીય કાંડને જ્ઞેયકાંડ તરીકે ઓળખાવી શકાય. (૧૪)

ગ્રંથકારશ્રીએ પ્રથમ નયકાંડના પાર્ભમાં જ જિનશાસનના અસાધારણ ગુણોની સ્તવના દ્વારા મંગલાચરણ કર્યા બાદ પ્રતિજ્ઞા કરી છે કે, "આગમના પદાર્થોને સમજવામાં મંદ બુદ્ધિવાળા જીવો શાસ્ત્રના પરમાર્થના વિસ્તારનો પ્રકાશિત કરનારા મહાપુરુષોની સેવા કરવા પ્રેરાઈને આગમના હાર્દને પામી શકે તે રીતે અર્થને કહીશ. દ્રવ્યાનુયોગના મહાન ગ્રંથરત્નના પ્રારંભમાં જ આ સ્વરૂપની પ્રતિજ્ઞા દ્વારા ગચ્છમાં જ રહેવું, ગુરુનિશ્રાએ વસવું, ગુરુ ભગવંતની સેવા - ભક્તિ - વિનય - વૈયાવચ્ચ કરવી. તેના દ્વારા જ્ઞાનને પાત્ર બની જ્ઞાન મેળવવું વગેરે બાબતોનો અદ્ભુત દિશાનિર્દેશ કરવામાં આવ્યો છે.

તે પછી દ્રવ્યાસ્તિકનય અને પર્યાયાસ્તિકનયનું સ્વરૂપ વર્ણવી, તેના જ ભેદ સ્વરૂપ અન્ય સર્વે નયો છે તે વાતની સ્પષ્ટતા કરી છે. નૈગમનયનો, સંગ્રહનય એ વ્યવહારનયમાં સમાવેશ કરી સંગ્રહ વગેરે છે નયોને જ સ્વીકારનાર ગ્રંથકારશ્રી છએ નયોને દ્રવ્યાસ્તિકનય અને પર્યાયાસ્તિકનયમાં વિભાજિત કર્યા છે. ત્યારબાદ પરસ્પર નિરપેક્ષ એવા દ્રવ્યાસ્તિકનય અને પર્યાયાસ્તિકનય મિથ્યારૂપ છે, તેની સ્પષ્ટતા કરીને બંને નયોનો સાધારણ વિષય, વિવક્ષાથીજ નયોનો ભેદ, એક નયને માન્ય વિષય બીજા નય માટે અમાન્ય, પરસ્પર નિરપેક્ષ બંને નયોને માન્ય વસ્તુનું ભિન્ન ભિન્ન સ્વરૂપ, પરસ્પર નિરપેક્ષ દ્રવ્ય અને પર્યાયનો અભાવ જણાવી દ્રવ્યનું લક્ષણ, બંને નયો સુનય સ્વરૂપ કે દુર્નય સ્વરૂપ થવાનું કારણ વગેરે બાબતો તર્કપ્રધાન શૈલીથી સ્પષ્ટકરી છે. આટલું વર્ણન કર્યા બાદ મુખ્ય નયોના વિષયને જ અન્ય નયો સ્પષ્ટ કરતા હોવાથી જે રીતે નિરપેક્ષ મુખ્ય નયો દૂષિતબને છે તે જ રીતે અન્ય નયોપણ દૂષિતબને છે. આ રીતે મુખ્ય નયો હોય કે તેના આધાર પર રહેલા અન્ય નયો હોય, પણ જો તે નિરપેક્ષ હોય - અન્ય નયની માન્યતાનું ખંડન કરી પ્રવર્તતા હોય તો તે નયોમાં સંસારસ્થિતિ, સુખ - દુઃખનો સંબંધ, કર્મબંધ, કર્મસ્થિતિ કે કર્મથી મોક્ષ વગેરે કાંઈપણ ઘટી શકતું નથી; તે વાત સચોટ રીતે જણાવવામાં આવી છે. આટલી સ્પષ્ટતા બાદ સર્વ નયો મિથ્યારૂપ કે સમ્યક્‌રૂપ ક્યારે બને ? તે વાત રત્નાવલીના દૃષ્ટાંતથી જણાવવામાં આવી છે. સાથોસાથ દૃષ્ટાંતનું શું મહત્ત્વ છે ? તેનાથી લાભ શું ? તે જણાવી કાર્ય - કારણ અંગે નિરપેક્ષપણે પ્રવર્તતા સત્કાર્યવાદ, અસત્કાર્યવાદ અને કાર્ય - કારણની અભિન્નતા માનનાર અદ્વૈતવાદની મિથ્યા માન્યતાઓનું ખંડન કરી સ્યાદ્‌વાદ - સાપેક્ષતા દ્વારા જ તેનો સમન્વય થઈ શકે છે તે વાત સ્પષ્ટ કરી છે. ત્યારબાદ દ્રવ્યાસ્તિકનય અને પર્યાયાસ્તિકનયના વિષયરૂપ ક્રમિક અભેદ અને ભેદનું વર્ણન કરી દ્રવ્યને એક કે અનેક કઈ અપેક્ષાએ કહેવાય તે માટે દ્રવ્યના વ્યંજન - પર્યાયો અને અર્થ - પર્યાયોનું દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટીકરણ કરી દ્રવ્યને એકાંતે એક કે અનેક માનવામાં આવતા દોષો જણાવ્યા છે.

આટલું વર્ણન કર્યા બાદ સ્યાદ્‌વાદની પીઠિકા સ્વરૂપ સપ્તભંગીનું પ્રતિપાદન કરી, વ્યંજન - પર્યાય અને અર્થ - પર્યાયમાં કેટકેટલા ભંગ સંભવે છે, તેનું નિરૂપણ કર્યું છે. તે પછી માત્ર પર્યાયનયની કે માત્ર દ્રવ્યાસ્તિકનયની દેશનામાં અપૂર્ણતા જણાવી કેટલાંક દૃષ્ટાંતોનો સહારો લઈ દેશનાનું ઔત્સર્ગિક અને આપવાદિક સ્વરૂપ વર્ણવી ધર્મોપદેશકોને ઉત્તમ માર્ગદર્શન પૂરું પાડીને પ્રથમ કાંડની પૂર્ણાહુતિ કરી છે. આ રીતે પ્રથમ કાંડમાં દ્રવ્યાસ્તિકનય અને પર્યાયાસ્તિકનયની મુખ્ય ધરી ઉપર આરોહણ કરી વિષયનું નિરૂપણ કરવામાં આવ્યું છે અને મુખ્ય નયો હોય કે તેના ભેદ સ્વરુપ અન્ય નયો હોય, પણ જ્યાં સુધી તે નયો સમ્યક્પણાને - સુનયપણાને પામી શકતા નથી. તે વાત અત્યંત સચોટ અને સ્પષ્ટપણે જણાવી છે.

ઉપયોગ કાંડ કે જ્ઞાનકાંડ સ્વરૂપ દ્વિતીયકાંડનો પ્રારંભ કરતાં પ્રથમ ગાથામાં દ્રવ્યાસ્તિકનયના વિષયરૂપ દર્શનનું (સામાન્યબોધનું) તથા પર્યાયાસ્તિકનયના વિષયરૂપ જ્ઞાનનું (વિશેષબોધનું) સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે. આ દર્શન અને જ્ઞાન બંને પરસ્પર સાપેક્ષ છે, તેમ જણાવી ઉપયોગવાદની ચર્ચાનો પ્રારંભ કર્યો છે. મતભેદ વગરના છદ્મસ્થના ઉપયોગનું નિરૂપણ કરી, મતભેદવાળા કેવલીના ઉપયોગમાં પ્રચલિત ત્રણ વાદો જણાવ્યા છે. ૧. પૂ.આ.શ્રી. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણનો ક્રમવાદ, ૨. પૂ.આ.શ્રી. મલ્લવાદિસૂરિજી મહારાજાનો સહવાદ. અને ૩ - સ્વમાન્ય અભેદવાદ.

તે પૈકી સૌ પ્રથમ ગાથા ૪ થી ૮ માં સહવાદિપક્ષ દ્વારા ક્રમવાદિપક્ષનું અનુમાન, આગમન અને તર્ક દ્વારા ખંડન કરવામાં આવ્યું છે ત્યારબાદ ગાથા ૯ થી ૧૪ માં ભિન્ન ભિન્ન તર્કો દ્વારા સહવાદનું ખંડન કરી અભેદોપયોગવાદનું સ્થાપન કરવામાં આવ્યું છે. ફરી ક્રમવાદિના પ્રશ્નને ઉપસ્થિત કરીને તેનો ઉત્તર આપી તર્કસિદ્ધ જે અર્થ છે તે મુજબ જ સૂત્રની વ્યાખ્યા કરવાનથી આગમ વિરોધ પણ નહિ આવે તેમ સ્પષ્ટ રીતે જણાવ્યું છે. આ રીતે અભેદ ઉપયોગસિદ્ધ થવા છતાં કેવલજ્ઞાનથી કેવલદર્શનના ભિન્ન ઉલ્લેખનું કારણ શું ? તેનું સમાધાન આપીને અભેદવાદને સિદ્ધ કર્યો છે. ત્યારબાદ એકદેશી મત મુજબ દર્શન અને જ્ઞાનના સ્વરૂપમાં આવતા દોષો જણાવી ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન શબ્દનો અર્થ જણાવ્યો છે. આ રીતે કરેલ 'દર્શન' શબ્દની વ્યાખ્યા મુજબ મનઃપર્યયિજ્ઞાનમાં 'દર્શન' માનવાની આપત્તિનું નિરાકરણ, શ્રુતજ્ઞાનમાં 'દર્શન' શબ્દનો અસંભવ, અવધિજ્ઞાન તથા કેવલજ્ઞાનમાં 'દર્શન' શબ્દની ઘટમાનતા કરી નિષ્કર્ષ જણાવ્યો છે કે, 'એક જ કેવલોપયોગ બંને સ્વરૂપ છે આ જ સ્વસિદ્ધાંત છે અને અન્ય ક્રમિક ઉત્પત્તિ કે સહવાદ એ પરસિદ્ધાંત છે.'

આ રીતે કેવલીના ઉપયોગ અંગેના વાદની સ્પષ્ટતા કરી 'શ્રદ્ધા' અર્થમાં વપરાતા સમ્યગદર્શન શબ્દને પણ સ્પષ્ટ કરી તેને સમ્યગજ્ઞાન સ્વરૂપે જ સ્વીકાર્યો છે. ત્યારબાદ 'કેવલજ્ઞાન સાદિ-અનંત' છે આ સૂત્રનું સ્પષ્ટીકરણ કરી જીવ અને જ્ઞાનરૂપ જીવના પર્યાયો પરસ્પર ભિન્ન છે એવા એકાંતપક્ષનું દૃષ્ટાંતપૂર્વક ખંડન કરી "દ્રવ્ય એ પર્યાયોથી એકાંતે ભિન્ન થી" આ વાતનું સ્પષ્ટીકરણ કર્યું છે અને છેલ્લે આત્મદ્રવ્યનું સ્વાભાવિક અને વૈભાવિક પર્યાયો વડે એકપણા - અનેકપણાનું વર્ણન કરી અનેકાંતવાદની સ્થાપના કરીને આ કાંડનું પણ સમાપન કરવામાં આવ્યું છે.

જ્ઞેયરૂપ ત્રીજા કાંડની શરૂઆતમાં જ સામાન્ય અને વિશેષ પરસ્પર સાપેક્ષ જ છે અને તે બંનેને નિરપેક્ષપણે રજૂ કરવાથી શું પ્રાપ્ત થાય તેની સ્પષ્ટતા કરી છે. ત્યારબાદ આપત્વચનનું સ્વરૂપ રજૂ કરાયું છે. તે પછી કોઈપણ પર્યાયને એકાંતે માનવામાં આપત્તિ આવે છે માટે અનેકાંતથી જ કોઈપણ પર્યાયને સ્વીકાર કરવો જોઈએ તે જણાવી દ્રવ્ય અને ગુણ વચચ્ચે એકાંતે ભદે માનનાર પૂર્વપક્ષનું એકાંતે અભેદ માનનાર પક્ષ દ્વારા ખંડન કરાવી તેનું પણ ખંડન તર્કબદ્ધ રીતે કરવામાં આવ્યું છે. ત્યારબાદ એકાંતે ભેદ તથા એકાંતે અભેદ માનવા સંબંધી પ્રસ્તુત ચર્ચાનો ઉપસંહાર કરતાં જણાવ્યું છે કે, જૈન શાસનમાં એકાંતે અભેદ માન્ય જ નથી. માત્ર શિષ્યની બુદ્ધિના વિકાસ મારે જ આ વાત રજૂઆત કરવામાં આવી છે. ત્યાર બાદ પરમાત્માના વચનમાં અનેકાંત સિદ્ધાંતની વ્યાપકતા જણાવતાં કહ્યું છે કે, "ખરેખર, અનેકાંત સિદ્ધાંત પણ અનેકાંતથી જ સમજાય છે." ત્યારબાદ ગતિયુક્ત દ્રવ્ય, ગુણનિષ્પન્ન નામો તથા કુંભ-જીવનાં દૃષ્ટાંતો વડે અનેકાંત સિદ્ધાંતનું અત્યંત સરળ ભાષામાં સ્પષ્ટીકરણ કર્યું છે. તે પછી દ્રવ્યના ઉત્પાદ તથા નાશનું પેટા ભેદો દ્વારા સ્વરૂપ વર્ણન, ઉત્પાદ - નાશ અને સ્થિતિનો કાળભેદથી ભેદભેદ, એક જ સમયમાં ઉત્પાદ વગેરે ત્રણનું દૃષ્ટાંત વડે સ્પષ્ટીકરણ, વિભાગથી ઉત્પન્ન થનારા ઉત્પાદને નહિ માનનાર વૈશેશિકમતનું ખંડન, વિભાગથી થનારા ઉત્પાદનનું સ્વરૂપ, ઉત્પાદ - વિનાશ અને સ્થિતિની સમાનતા વગેરે પદાર્થો રજૂ કર્યા છે. ત્યારબાદ હેતુવાદ અને અહેતુવાદ (શ્રદ્ધાવાદ) રૂપ આગમવાદનું નિરૂપણ કર્યું છે. સિદ્ધાંતની પ્રરૂપણામાં કુશળતા ક્યારે પ્રગટે ? પરિશુદ્ધ અને અપરિશુદ્ધ નયવાદનું સ્વરૂપ અને અન્ય દર્શનોનું

પ્રમાણ વર્ણવી સાંખ્યદર્શન - બૌદ્ધદર્શન અને વૈશેષિક દર્શનની ઉત્પત્તિ યા નયને આભારી છે તેની સ્પષ્ટતા કરી તે કેમ ખોટા છે, તેના કારણ સ્વરૂપ નિરપેક્ષતાનું વર્ણન કર્યું છે. તે પછી કાળ नास्ति વગેરે કારણો, अस्ति વગેરે છે મતો એકાંતદૃષ્ટિને કારણે કઈ રીતે મિથ્યા બને છે તેની સ્પષ્ટતા કરી તેમાં સમ્યક્પણું ક્યારે આવે તે માટે અનેકાંતની - સાપેક્ષતાની જ મહત્તા બતાવવામાં આવી છે. આગળ વધીને અનેકાંતવાદનું મહત્ત્વ જણાવતા કહ્યું કે, "જો વાદી વાદમાં અનેકાંતવાદનો સહારો ન લે તો તે ક્યારેય જીતી શકતો નથી અને જો તે અનેકાંતવાદની સહારો લે તો તેને જીવતો અશક્ય છે." આ રીતે વાદમાં પણ અનેકાંતવાદની જ મહત્તા દર્શાવી પ્રરૂપણામાં પણ તેની મહત્તા સૂચવી છે.

પ્રરૂપણામાં વિવેકની, અનેકાંતસિદ્ધાંતના જ્ઞાનની અને સૂત્ર સાથે અર્થજ્ઞાનની મહત્તા જણાવી શાસ્ત્રપર્યાલોચન ઉપર અત્યંત ભાર મૂક્યો છે. આગળ વધીને ચારિત્રના સારને પામવા માટે પણ સ્વપર સિદ્ધાંતના પર્યાલોચનની કેટલી મહત્તા છે, તે વર્ણવી અંતે માત્ર જ્ઞાનથી કે માત્ર ક્રિયાથી મોક્ષ મળવો શક્ય નથી. પણ "ज्ञानक्रियाभ्यां मोक्षः" જણાવી છેલ્લી ગાથામાં ચાર ચાર વિશેષણો વડે શ્રી જિનવચનની કલ્યાણ કામના કરવામાં આવી છે.

આ રીતે અનેકાંતવાદની મહત્તા, ઉત્પાદ વિભાગનું સ્વરૂપ, ધર્મવાદનું સ્વરૂપ, અન્ય દર્શનોની ઉત્પત્તિમાં કારણભૂત નયો, એકાંદ્રષ્ટિનું મિથ્યાપણું, વાદમાં તથા પ્રરૂપણામાં અનેકાંતની આવશ્યકતા સવિશેષ વર્ણવી ત્રીજા કાંડની સમાપ્તિ કરવામાં આવી છે.

આમ ત્રણે કાંડમાં મુખ્ય અનેકાંત સિદ્ધાંતની વ્યાપકતા જ સવિશેષ જોવા મળે છે.

(૨) દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા :-

દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા આચાર્ય સિદ્ધસેન દ્વારા રચિત બત્રીસ-બત્રીસના પદ્યની રચના છે. જેમાંથી હાલ ૨૧ જ ઉપલબ્ધ છે. (૧૫)

૨૧માંથી પંદર બત્રીસીમાં જ પૂરા ૩૨ શ્લોકો છે. બાકીની કેટલીકમાં ૩૨થી ઓછા છે, એકમાં ૩૩ છે અને એકમાં ૩૪ છે. ૨૧ બત્રીસીઓના બધા મળીને ૭૦૫ શ્લોક બધા જ મુદ્રિત પ્રકાશનોમાં જોવા મળે છે. ઓગણીસમી બત્રીસીમાં ૩૧ શ્લોક જ બધા સ્થળે છપાયા છે. આ બત્રીસીના ખૂટતા પદો પાછળથી મળી આવ્યા છે, એટલે ૭૦૬ શ્લોક હાલ ઉપલબ્ધ છે.

દિવાકરજી વિશે કેટલીક અંતરંગ માહિતી આ બત્રીસીઓમાંથીજ સૂચિત થાય છે. એ યુગમાં સંસ્કૃતનો મહિમા વધ્યો હતો. અને જૈન સંઘ પણ ધીરે ધીરે સંસ્કૃત તરફ વળવા માંડ્યો. ષટ્ દર્શનો વચ્ચે વાદવિવાદ ખૂબ ચાલતા હતા. આથી પરપક્ષના વિદ્વાન પંડિતો સાથે શાસ્ત્રાર્થ કરી તેમને હરાવવાના પડકારનો દરેક પક્ષના વિદ્વાનોએ સામનો કરવા પડતો હતો.

દિવાકરજી વાદવિધાના ઉચ્ચ કોટિના જાણકાર અને વાદિવિજેતા મહાપંડિત હતા, તે સમયે પ્રચલિત સર્વ દર્શનશાસ્ત્રોના પારંગત હતા -

દિવાકરજી બ્રાહ્મણકુળના હતા અને શ્વેતામ્બર જૈનસંઘમાં દીક્ષિત થયા હતા એ હકીકત પણ બત્રીસીઓમાં વ્યક્ત થયલા અમુક વિચારોથી સિદ્ધથાય છે. રાજાઓ સાથે તેમના નિકટ સંબંધો હતા તેમ જ વાદસભાઓનો તેમને પ્રત્યક્ષ અને ગાઢ અનુભવ હતો તે પણ બત્રીસીઓ પરથી જાણી શકાય છે. ભાષાસામર્થ્ય,કલ્પનાશીલતા, વિચારવૈભવ વગેરે વિશેષતાઓ તેમનામાં સહજ રૂપે સ્ફૂરાયમાન થતી હતી. ભગવાન મહાવીર પ્રત્યે ઊંડી શ્રદ્ધા

તેમણે સ્પષ્ટ શબ્દોમાં વ્યક્ત કરી છે. તેઓ વિનોદ અને કટાક્ષ પણ છૂટથી કરી શકતા હતા. સ્વતંત્ર વિચાર અને ચાલી આવતી પરંપરાથી જુદા પડવાનું સાહસ તો તેમના વ્યક્તિત્વનું પ્રમુખ લક્ષણ જ ગણાય. દિવાકરજીના જ્ઞાન, સામર્થ્ય, શ્રદ્ધા અને સ્વતંત્ર વિચારસરણીની ઝાંખી બત્રીસીઓ દ્વારા જ આપણી સમક્ષ અનાવૃત થાય છે.

● બત્રીસીઓનાં નામ અને વિષયવસ્તુનો સંક્ષિપ્ત પરિચય :-

પ્રથમ દ્વાત્રિંશિકામાં સ્તોત્રરચનાનો હેતુ તર્કયુક્ત શૈલીમાં સ્પષ્ટ કરતાં શ્રી દિવાકરજી કહી રહ્યા છે કે -

न काव्यशत्केर्न परस्परेर्ष्यया न वीर - कीर्ति - प्रतिबोधनेच्छया ।
ना केवलं श्राध्द्रतयैव नूचसे गुणज्ञ - पूज्योऽसि यतोऽयमादरः ।। (१६)

અર્થાત્ "હું મારી કવિત્વ શક્તિનો પરિચય દેવા માટે આ સ્તુતિનું લેખન નથી કરતો, નથી તો કોઈ ઈર્ષાવશ થઈને રચના કરતો. નથી તો મારા મનમાં માત્ર મહાવીરની કીર્તિનો જ વિસ્તાર કરવાની કામના અને નથી તો હું શ્રદ્ધામાત્ર જ આ સ્તોત્રના કાર્યના પ્રવૃત થયો. પણ, વાસ્તવિક વાત તો તે છે કે આપ ગુણજ્ઞ વ્યક્તિઓ દ્વારા પૂજ્ય છો, આ કારણે મારા મનમાં આપના પ્રત્યેનો આદરભાવ ઉત્પન્ન થયો છે અને તે જ આદરભાવથી પ્રેરિત થઈ હું આ સ્તોત્રકાવ્યની લેખન પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થયો છું."

એક સામાન્ય તથ્યમાં અનેક યુક્તિઓ સાથે આચાર્યશ્રીએ સુંદર પ્રતિપાદન કર્યું છે.

પ્રથમ પાંચ બત્રીસીઓનો વિષય પ્રભુ મહાવીરની સ્તુતિ છે. ભગવાન મહાવીર પ્રત્યેની આપ્તપુરુષ તરીકેની શ્રદ્ધા અને ભગવાનના લોકોત્તર ગુણો તરફનો અનુરાગ દિવાકરજીએ આ બત્રીસીઓમાં રસાળ શૈલીમાં ગૂંથ્યો છે. દિવાકરજીની વિદ્વત્તા અને કવિતાને અહીં ભક્તિનો ઓપ ચડ્યોછે. કાવ્યદૃષ્ટિએ

બત્રીસીઓ અગ્રસ્થાને છે. પાંચમી બત્રીસીના અંતે 'સ્તુતિ દ્વાત્રિંશિકા' એવું નામ મળે છે, પરંતુ પાંચેય બત્રીઓ મહાવીર પ્રભુના ગુણોનું વર્ણન ભિન્ન ભિન્ન રીતે કરે છે.

પ્રથમ બત્રીસીમાં મહાવીર પ્રભુનો માર્ગ જેનો નિર્દોષછે અને તેમનો બોધ જેવો જનહિતકારી છે તેવો બીજા કોઈનો નથી એ વાત ગૂંથી લેવાઈ છે. મહાવીર જેવું બીજું કોઈ નથી એ આ બત્રીસીનો મુખ્ય સૂર છે. વિદ્વાનો જેને અન્ય યોગ વ્યવચ્છેદ કહે છે તે મુદ્દો આમાં મુખ્ય છે. આ બત્રીસીને 'અનન્યગુણવર્ણન દ્વા.' કહી શકીએ.

બીજી બત્રીસીમાં ભગવાનના ગુણોની વિશિષ્ટતા, અલૌકિકતા અને ઉત્કૃષ્ટતાનું ચિત્રણ છે. આને 'વીરગુણોત્કર્ષખ્યાપન દ્વા.' કહી શકીએ. (૧૭)

ત્રીજી બત્રીસીમાં મુખ્યત્વે ભગવાન મહાવીરના તત્ત્વબોધ અને તત્ત્વદર્શનની ખૂબીઓનું વિરોધાભાસની શૈલીએ રસિક અને પ્રૌઢ શબ્દાવલી દ્વારા વર્ણન કરવામાં આવ્યું છે. પ્રથમ શ્લોકમાંના 'मतिप्रोद्गम' શબ્દને લઈને વીરમતિ પ્રોદ્ગમ દ્વા. એવું નામ આ બત્રીસીને આપી શકાય.

ચોથી બત્રીસીમાં ભગવાન મહાવીરનું દર્શન યથાર્થ છે અને વિચારશીલ જનોને તે સ્વીકાર્ય લાગ્યા વિના રહેશે નહિ એ વિષય ગૂંથી લેવાયો છે. આને 'અવિરોધખ્યાપન દ્વા.' જેવું નામ આપી શકાય.

પાંચમી બત્રીસીમાં ભગવાન મહાવીરના જીવનપ્રસંગોનું કાવ્યમય શૈલીમાં ચિત્રણથયું છે. ભગવાનના જીવનની અદ્‌ભુતતા દર્શાવતી આ બત્રીસીને 'વીર માહાત્મ્ય દ્વા.' નામ આપી શકાય.

છઠ્ઠી બત્રીસીના અંતે નામ નથી. તત્ત્વગવેષણા કે ધર્માચરણના ક્ષેત્રે પરંપરા અને પ્રાચીનતાનો એકમાત્ર માપદંડ ચાલી ન શકે એ આ બત્રીસીનો મુખ્ય સૂર છે. પ્રાચીન પુસ્તકમાં લખેલું છે અથવા કોઈ પ્રાચીન વ્યક્તિ કહી ગઈ છે એટલે તે સ્વીકારી લેવું જોઈએ એવી મનોવૃત્તિ ઉપર દિવાકરજીએ આ બત્રીસીમાં આકરા પ્રહારો કર્યો છે. સ્વતંત્ર વિચારક તરીકેની દિવાકરજીની આગવી પ્રતિભાના મૂળ પ્રેરક તત્ત્વો આ બત્રીસીમાં જોઈ શકાય. વર્ણિત વિષયના આધારે આ બત્રીસીને પ્રાચીનત્વમીમાંસા અથવા આપ્ત વિનિશ્ચય એવું નામ આપી શકાય.

સાતમી બત્રીસીને વાદોપનિષદ્‌ નામ અપાયું છે. જુદા જુદા દર્શનોના અનુયાયીઓ વચ્ચે પોતાના મતદર્શનની શ્રેષ્ઠતા સાબિત કરવા વાદ થતા. આવા વાદના નિયમો, વાદમાં સફળ થવા માટે જરૂરી તૈયારીઓ, વક્તૃત્વ કળા, પ્રતિપક્ષીનું માપ કેવી રીતે કાઢવું વગેરે વ્યાવહારિક બાબતોનું રસભર્યું અને અનુભવસિદ્ધ આલેખન આમાં છે. દિવાકરજીની આ વિષયની નિપુણતાનો પુરાવો આ બત્રીસી આપે છે.

આઠમી બત્રીસીનુંનામ વાદ દ્વિત્રિંશિકા એવું અપાયું છે. ખરેખર તો આને વાદ વૈગુણ્ય દર્શન જેવું નામ અપાવું જોઈએ. હાર-જીતના ઘોરણે થતા વાદોની આકરી ટીકા કરી, આવા વાદો આત્મવિકાસમાં નિરુપયોગી જ નહિ, અવરોધક છે એમ સ્પષ્ટ શબ્દોમાં દિવાકરજી આમાં પ્રતિપાદન કરે છે. પાંડિત્યનો ગર્વ, પરસ્પર ઈર્ષ્યા, રાગ - દ્વેષને પોષણ, શક્તિનો દુર્વ્યય વગેરે મુદ્દા પર રમૂજ, કટાક્ષ અને ઊંડા સંવેદન સાથે નીકળેલા ઉદ્‌ગારો હૃદયસ્પર્શી છે.

નવમી બત્રીસીની નામ વેદવાદદ્વાત્રિંશિકા છે. ઉપનિષદોના કોઈ ઋષિ બોલતા હોય એવા અધિકાર સાથે ઉપનિષદ અને વેદના મંત્રોની ભાષામાં દિવાકરજીએ બ્રહ્મતત્ત્વનું શબ્દચિત્ર આલેખ્યું છે. આ બત્રીસીમાં દિવાકરજીનું એક જૂદું જ સ્વરૂપ છતું થાય છે. આખી બત્રીસીમાં જૈન પરંપરાની પદાવલીનો બિલકુલ પ્રયોગ થયો નથી, પરંતુ સ્યાદ્‌વાદ અને સપ્તભંગીના માધ્યમથી આત્મતત્ત્વના સંદર્ભમાં જૈનો ખુશીથી આ બત્રીસીનું અર્થઘટન કરી શકે એવી યોજના આમાં છે.

દશમી બત્રીસીમાં અધ્યાત્મ જગતની કેટલીક ચર્ચા સાથે મુમુક્ષુઓને સીધું માર્ગદર્શન અપાયું છે. અહીં તાર્કિક સિદ્ધસેન નહિ, પણ તત્ત્વજ્ઞ ગુરુ સિદ્ધસેન બોલે છે. જૈન દર્શનની દૃષ્ટિએ આત્મવિકાસના ક્રમનું સ્વરૂપ રજૂ કરવા સાથે મુમુક્ષુએ યોગમાર્ગનું અનુસરણ કેવી રીતે કરવું તેનું દિગ્‌દર્શન આમાં છે. આ અને આવી બીજી પણ - ચાર બત્રીસીઓમાં દિવાકરજીના આધ્યાત્મિક વિષયના વિચારો આપણને જાણવા મળે છે. નિરૂપિત વિષયના આધારે આનું નામ યોગાચાર દ્વાત્રિંશિકા યોજી શકાય.

અગિયારમી બત્રીસીનું નામ ગુણ વચન દ્વાત્રિંશિકા છે. કોઈક રાજાની પ્રશસ્તિરૂપે રચાયેલી આ બત્રીસીમાં દિવાકરજીનું કવિત્વ બરાબર ખીલ્યું છે. બત્રીસીમાં રાજાનું નામ નથી, વળી બત્રીસી અપૂર્ણ છે એટલે કયા રાજાની પ્રશસ્તિ કરાઈ છે તેના વિશે વિદ્વાનોમાં મતભેદો છે.

બારમી બત્રીસીનું નામ છે ન્યાય દ્વાત્રિંશિકા. નૈયાયિક દર્શનનો સાર અને ખાસ કરીને તર્કમાં વપરાતા હેતુ અને હેત્વાભાસની વિસ્તૃત ચર્ચા આ બત્રીસીમાં છે. સામા પક્ષના તર્કોમાં

ક્યાં ભૂલ છે કે ક્યાં નિર્બળતા છે તે શોધી પ્રતિપક્ષનું કેવી રીતે ખંડન કરી શકાય તેની વિશદ ચર્ચા પણ આમાં છે.

તેરમી બત્રીસીનું નામ સાંખ્યા પ્રબોધ છે. આમાં સાંખ્યદર્શનનો સાર દિવાકરજીએ પોતાની આગવી ઢબે આપ્યો છે. ચૌદમી બત્રીસીનું નામ વૈશેષિક દ્વાત્રિંશિકા એવું મળે છે. આમાં તે સમયે પ્રચલિત વૈશેષિક દર્શનની માન્યતાનું આલેખન થયું છે. પંદરમી બત્રીસીનો વિષય છે બૌદ્ધદર્શન અને તેનું નામ બૌદ્ધસંતાના દ્વાત્રિંશિકા એવું મળે છે. સોળમી બત્રીસીમાં નિયતિવાદની માન્યતાઓનું સંકલન થયું છે, તેનું નામ નિયતિ દ્વાત્રિંશિકા એવું મળે છે. દર્શનોનો સાર સંક્ષેપ રજૂ કરતી આ બત્રીસીઓ અતિ દુર્બોધ છે. કંઈક પાઠ અશુદ્ધ હોવાના કારણે, કંઈક તે તે દર્શનના જે ગ્રન્થોનો દિવાકરજીએ ઉપયોગ કર્યો હશે તે આજે ઉપલબ્ધ ન હોવાના કારણે અને કંઈક તો અત્યંત સંક્ષિપ્ત સૂત્રાત્મક રચના હોવાના કારણે આ બત્રીસીઓનો ઘણો ભાગ અસ્પષ્ટ રહે છે.

સત્તરમી બત્રીસીનું નામ હસ્તપ્રતમાં મળતું નથી. આ બત્રીસીમાં નિશ્ચયનયના દૃષ્ટિકોણથી ધાર્મિક - આધ્યાત્મિક વિષયોની ગહન વિચારણા થઈ છે. અઢારમી બત્રીસીમાં ગુરુએ શિષ્યનું અનુશાસન કેવી રીતે કરવું એ અંગે મૂલ્યવાન અને વ્યવહારુ માર્ગદર્શન છે. દિવાકરજીનું ધર્મ અને સાધનાવિષયક ચિંતન કેવા પ્રકારનું હતું તે જાણવા માટે ૧૭-૧૮ બંને બત્રીસીઓ સારી સામગ્રી પૂરી પાડે છે. સત્તરમી બત્રીસીને અધ્યાત્મક દ્વાત્રિંશિકા અને અઢારમીને અનુશાસન દ્વિત્રિંશિકા ના આપી શકાય.

ઓગણીસમી બત્રીસી જૈન દર્શનમાન્ય મોક્ષમાર્ગ અને તત્ત્વજ્ઞાનનું ગહન સ્તરેથી પ્રદિપાદન કરે છે. આનું નામ નિશ્ચય દ્વાત્રિંશિકા એવું મળે છે. વીસમી બત્રીસીનું નામ દૃષ્ટિ પ્રબોધ દ્વાત્રિંશિકા છે. આમાં જૈન તત્ત્વજ્ઞાનના કેટલાક પદાર્થોનું અતિ સૂક્ષ્મ દ્રષ્ટિએ વિશ્લેષણ થયું છે. આ બંને બત્રીસીઓ કદાચ સૌથી વધુ કઠિન અને ગંભીર બત્રીસીઓ છે. જૈન દર્શનમાન્ય તત્ત્વોની ચર્ચા હોવા છતાં વિષય અપરિચિત સમો ભાસે છે.

એકવીસમી બત્રીસી છે મહાવીર દ્વાત્રિંશિકા. ભગવાન મહાવીરની એક મહાન માર્ગદર્શક તરીકે દિવાકરજીએ આ બત્રીસીમાં મુક્ત કંઠે સ્તવના કરી છે. ભગવાનનાં ગુણ, જ્ઞાન, કાર્ય તથા પરમાત્મ સ્વરૂપને જ કેન્દ્રમાં રાખીને સરલ - સુગમ શૈલીમાં રચાયેલી આ બત્રીસી શ્રી સિદ્ધસેનની મહાવીરભક્તિને ઉજાગર કરે છે.

શ્રી દિવાકરજીનું બહુ થોડુંક જ સાહિત્ય આજે બચ્યું છે. જેટલું છે તેટલું પણ તેમની પ્રચંડ પ્રતિભાની ઝાંખી કરાવવા સમર્થ છે.

(૩) ન્યાયાવતાર

ન્યાયાવતાર જૈન દાર્શનિક સાહિત્યમાં જૈનન્યાય અને પ્રમાણ મીમાંસાનું નિરૂપણ કરનારો એક મહત્વપૂર્ણ ગ્રંથ મનાય છે. રચનાકારે આ ગ્રંથમાં જૈનદર્શન સમ્મત પ્રમાણ - મીમાંસાના મૌલિક સિદ્ધાંતોનો સંક્ષિપ્ત પરંતુ વિશદ્ વિવેચન કરેલ છે. ન્યાયાવતારને જૈન પ્રમાણ શાસ્ત્રનો એક મહત્ત્વપૂર્ણ ગ્રંથ માનવામાં આવે છે. ન્યાયાવતારમાં અનુષ્ટુપ છંદમાં રચિત કુલ ૩૨ કારિકાઓ છે. તેની ભાષા સંસ્કૃત અને શૈલી બોધગમ્ય છે. બત્રીસ કારિકાઓની રચના હોવાને કારણએ પંડિત સુખલાલજી આદિ વિદ્વાનો આ ગ્રંથને ઉપલબ્ધ બાવીશ દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકાઓમાંથી બાવીસમી દ્વાત્રિંશિકાના રૂપમાં ગણના કરેલ છે. (૧૮)

ન્યાયાવતારની વિષયવસ્તુ પ્રમાણમીમાંસા છે. રચનાકારે પ્રથમ કારિકા 'प्रमाणमं स्वपरमासि ज्ञानं बाधविवर्जितम्' માં પ્રમાણની પરિભાષા કરતાં સ્વપરપ્રકાશક બાધારહિત જ્ઞાનને જ પ્રમાણની સંજ્ઞા દીધી છે તથા પ્રત્યક્ષ અને પરોક્ષ રૂપથી તેના બે ભેદ કહ્યા છે. બીજીથી ચોથી કારિકામાં પ્રત્યક્ષ અને પરોક્ષનાં લક્ષણ, પાંચમી કારિકામાં અનુમાનની પરિભાષા અને અભ્રાન્તપદથી તેનું નિર્વચન, છઠ્ઠી - સાતમીમાં યોગાચાર વાદી મતનું ખંડન, આઠમી - નવમીમાં શબ્દ પ્રમાણનું લક્ષણ, દશથી તેર કારિકામાં પરાર્થાનુમાન અને પારમાર્થિક પ્રત્યક્ષનું સામાન્ય લક્ષણ, ચૌદથી સોળ કારિકામાં પક્ષનું લક્ષણ, સત્તરમી કારિકામાં વિવિધ હેતુ, અઢારમીથી વીસમી કારિકામાં સાધર્મ્ય -વૈધમ્યનું લક્ષણ, એકવીસમીમાં વૈધર્મ્યદૃષ્ટાંત દોષ બાવીસમીથી છવ્વીસમી કારિકામાં દૂષણ અને દૂષણાભાસનું લક્ષણ, સત્તાવીશમી કારિકામાં પારમાર્થિક પ્રત્યક્ષનું નિરૂપણ, અઠાવીશમીમાં પ્રમાણફૂલ, ઓગણત્રીશમીમાં નયવાદ, ત્રીશમીમાં સ્યાદ્વાદ. એકત્રીસમીમાં પ્રમાતાનું નિરૂપણ કરતાં છેલ્લે બત્રીશમીમાં પ્રમાણાદિ વ્યવસ્થાના અનાદિ તત્ત્વનું ખ્યાપન કરવામાં આવ્યું છે.

(૪) કલ્યાણમંદિર સ્તોત્ર

આ સ્તોત્રની વિશદચર્ચા - વિવેચન પ્રકરણ - ૩ માં કરીશું.

કલ્યાણમંદિર સ્તોત્રના કર્તા સંબંધી મતમતાંતર

દિગંબર પરંપરા માને છે કે કુમુદચન્દ્રાચાર્ય નામે ૧૧મી સદીમાં થયેલા પ્રભાવક આચાર્યની આ રચના છે. કેટલાક સંશોધકો પણ આ મત સાથે સહમત થાય છે. ૩૧મી અને ૩૨મી ગાથામાં આવતું ઉપસર્ગવર્ણન દિગંબર પરંપરા અનુસાર છે. કુમુદચંદ્રાચાર્યની અન્ય રચના 'લઘુ પચીસી' પ્રાપ્ત થઈ છે, તેમાં અંતે આવતી નામનિર્દેશની પદ્ધતિ પણ 'કલ્યાણમંદિર' સંદેશ છે.

સંદર્ભ નોંધ

(૧) પંચવસ્તુક ગાથા - ૧૦૪૮, શ્રેષ્ઠિ દેવચન્દ્ર લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર સંસ્થા, વિ.સં. ૧૯૮૩, મુંબઈ, ૧૦૪૮

(૨) હરિવંશ પુરાણ, સંપા. - પં, પન્નાલાલ જૈન, ભારતીય જ્ઞાનપીઠ, કાશી.

(૩) હેમચંદ્રાચાર્ય, અયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા, શ્રી જૈનગ્રંથ પ્રકાશક સભા, ગ્રંથાક - ૨૮, ભાવનગર વિ.સં. ૧૯૬, શ્લોક - ૩.

(૪) ષટ્‌ખંડાગમ ધવલાટીકા, ડૉ. હીરાલાલ કાપડિયા, પ્રસ્તાવના.

(૫) પ્રભાવક ચરિત્ર - વૃદ્ધવાદિ પ્રબંધ - શ્લોક ૧૭૭- ૧૭૯, ૧૮૦

(૬) પ્રભાવક ચરિત્ર - વદ્ધવાદિ પ્રબંધ - પૃ. ૧૫૭ થી ૧૬૫

(૭) (અ) પ્રભાવક ચરિત્ર - પ્રબંધ ૮ / ૯ (બ) પ્રબન્ધ કોશ - ૧૪

(૮) પ્રબન્ધકોશ - ૬

(૯) સન્મતિ પ્રકરણ, પ્રસ્તાવના, પંડિત સુખલાજી, પૃ. ૮૮

(૧૦) શ્રી જિનરત્નકોશ : હરિદામોદર વેલંકર, ભંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઈન્સ્ટ્રીટ્યુટ અંક - ૧, પૃ. ૧૩૮

(૧૧) પુરાતન - જૈનવાક્ય - સૂચિ, પૃષ્ઠ ૧૨૭

(૧૨) વહી - પૃષ્ઠ ૧૨૭

(૧૩) તત્વાર્થ ભાષ્ય વૃત્તિ, અ. ૧ સૂત્ર ૧૦, પૃષ્ઠ - ૭૧

(૧૪) સન્મતિ પ્રકરણ - પૃષ્ઠ - ૨૮

(૧૫) દ્વાત્રિંશિકાઓ - જૈનધર્મ પ્રસારક સભા - ભાવનગર, વિ.સં. ૧૯૬૫

(૧૬) દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા - ૧/૪

(૧૭) દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા - ૨/૧૯, ૨૨, ૨૫, ૩૧

(૧૮) સન્મતિ પ્રકરણ - પ્રસ્તાવના - પૃષ્ઠ - ૨૨

પ્રકરણ - 3 : શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર વિવેચનાર્થ

કલ્યાણમંદિર સ્તોત્ર

कल्याण-मन्दिरमुदारमवद्य-भेदि,
भीताभय-प्रदमनिन्दितमङ्घ्रि-पद्मम् ।
संसार-सागर-निमज्जदशेष-जन्तु-
पोतायमानमभिनम्य जिनेश्वरस्य ॥ १ ॥

यस्य स्वयं सुर-गुरुर्गरिमाम्बु-राशेः,
स्तोत्रं सु-विस्तृत-मतिर्न विभुर्विधातुम् ।
तीर्थेश्वरस्य कमठ-स्मय-धूम-केतो-
स्तस्याहमेष किल संस्तवनं करिष्ये ॥ २ ॥ युग्म् ॥

કલ્યાણોના ગૃહસમ વળી પાપભેદી ઉદાર,
બીધેલાંને જગતભરમાં નિર્ભીતિ આપનાર;
ડૂબતાને ભવજલધિમાં જેહ છે તારનારી,
તીર્થેશોનાં ચરણયુગમાં વંદના હો અમારી ॥ ૧ ॥

જેને બુદ્ધિ અતિશય વરી દેવગુરુ સમાન,
તેઓથી યે નવ થઈ શકે આપનાં ગુણગાન;
જે છે અગ્નિ સમ કમઠના ગર્વનાશે અધીશ,
નિશ્ચે એવા જિનવર તણી હું સ્તુતિને કરીશ ॥ ૨ ॥

● **<u>શબ્દાર્થ :-</u>**

કલ્યાણ મંદિર - કલ્યાણ (સુખ)નું મંદિર, ઉદારમ્ - ઉદાર અવદ્યભેદિ - પાપોનો નાશ કરનાર, ભીત - ભયભીત થયેલાં પ્રાણીઓને અભયપ્રદમ્ - અભય આપનારા, અનિન્દિતમ્ - પ્રશસ્ત, સંસાર સાગર સંસારૂપી સાગરમાં, નિમજ્જત્ - ડૂબતાં, અશેષ - સર્વ, જન્તુ - જીવોને માટે, પોતાયમાનં - જહાજ સમાન, જિનેશ્વરસ્ય - જિનેન્દ્ર ભગવાનના, અંઘ્રિપદ્મમ્ - ચરણકમળમાં, અભિનમ્ય - નમસ્કાર કરીને.

ગરિમા - અંબુરાશેઃ - મહિમાના મહાસાગર પ્રભુ, યસ્ય - જેની, સ્તોત્રં - સ્તુતિ, વિધાતુમ - કરવા માટે, સ્વયંસુવિસ્તૃતમતિ :- ખુદ વિશાલ બુદ્ધિવાળા, સુરગુરુ :- દેવોના ગુરુ બૃહસ્પતિ, નવિભુ :- સમર્થ નથી, કમઠસ્મય - કમઠનાં અભિમાનને, ધૂમકેતો - અગ્નિ

સમાન, તસ્ય - તે, તીર્થેશ્વરસ્ય - તીર્થંકર (પાર્શ્વપ્રભુ)ની કિલ - નિશ્ચયથી, અહમ્ - હું, એષ - આ, સંસ્તવનં - સ્તુતિ, સ્તવના, કરિષ્યં - કરીશ...

● **ભાવાર્થ :-**

કલ્યાણના મંદિરરૂપ, ઈચ્છિત વસ્તુને આપનારા ઉદાર, પાપોનો નાશ કરનાર, સંસારમાં ભયભીત અને ત્રસ્તજીવોને અભય આપનારા, સંસારસાગરમાં ડૂબતા જીવોને જહાજ-સ્ટીમર સમાન એવા જિનેશ્વરનાં ચરણકમળમાં નમસ્કાર કરીને...

જે ગરિમાના સમુદ્ર હતા, કમઠના માનને ભસ્મીભૂત કરનારા હતા તથા બૃહસ્પતિ પણ જેની સ્તુતિ કરવામાં અસમર્થ છે, તેવા જિનેન્દ્ર પાર્શ્વનાથ પ્રભુની (તેનાં ચરણકમળમાં નમન કરીને) હું સ્તુતિ કરીશ.

● **વિવેચન :-**

પાર્શ્વનાથ ભગવાનનું આ મહાન ભક્તિસ્તોત્ર છે કે જેની રચના આચાર્યશ્રી સિધ્ધસેન દિવાકરજીએ અદ્‌ભુત ભાવો સાથે કરેલ છે. ઉચ્ચકોટિના સાહિત્યિક અલંકારો સાથે અલંકૃત આ સ્તોત્રની રચનાના પ્રથમ શ્લોકમાં આચાર્યશ્રીએ પરમાત્માના ગુણગરિમાનું ગુણદર્શન કરાવતાં મંગલાચરણ કર્યું છે. તો, સર્વપ્રથમ પ્રશ્ન થાય કે મંગલાચરણ જરૂરી શા માટે ? તેના સંદર્ભમાં આચાર્ય આત્મારાજી મહારાજ સાહેબ કહે છે, "અધ્યયન, અધ્યાપન, રચના તેમજ સંકલનની પૂર્વ અધ્યેતા અથવા પ્રણેતાનું આ પરમ કર્તવ્ય થઈ જાય છે કે પોતાના અભિષ્ટ શાસનદેવને તથા અન્ય સંયમ - પરાયણ શ્રદ્ધાસ્પદ ગુરુ ભગવંત અથવા બહુશ્રુત મુનિવરોને વંદન નમસ્કાર કરવા અને તેમની સ્વીકૃતિ અથવા મંગલ શુભકામના મેળવી લેવી કેમ કે તેઓના વંદન-ગુણાનુવાદ કરવાથી વિઘ્નનો સમૂહ સ્વયં ઉપશાંત થઈ જાય છે. જો પ્રગતિબાધક વિઘ્ન પહેલેથી જ ન હોય તો મંગલાચરણ આધ્યાત્મિક નિર્જરાનું કારણ બને છે તેમજ પુણ્યાનુબંધી પુણ્યનું પણ કારણ બને છે. કાર્યમાં જ્યારે સફળતા પ્રાપ્ત થઈ જાય ત્યારે તેમાં અહંભાવ ન આવે એવો હેતુ પણ મંગલાચરણ પાછળ રહેલો છે. મંગલાચરણ કરનાર એમ વિચારે કે આ સફળતાની મારી શક્તિ નથી, પણ મંગલાચરણની શક્તિથી થઈ છે. આ પ્રકારે અહંભાવની વૃદ્ધિ થતી નથી, અન્યથા અહંભાવ આવ્યા વગર રહેતો નથી. અહંભાવ એ ખરેખર વિનયનો નાશ અને વિઘ્નોને અહ્‌વાહન કરે છે."(૧)

આવા જ કોક શુભભાવથી મંગલાચરણ કરી આચાર્યશ્રી પાર્શ્વનાથ પ્રભુની સ્તુતિ હૃદયના ભાવોલ્લાસપૂર્વક કરી રહ્યા છે. આ સ્તોત્રનું અભિધાન છે 'કલ્યાણ મંદિર સ્તોત્ર'. પ્રથમ શ્લોકના પ્રથમ શબ્દ ઉપરથી આ નામ રાખવામાં આવ્યું છે. પ્રથમ શ્લોકમાં આચાર્યશ્રી પરમાત્માનાં ચરણકમળમાં જ્યારે નમસ્કાર કરે છે ત્યારે પાદપદ્મને નિહાળીને ભાવવિભોર બનતા કહે છે...

"जिनेश्वरस्य अंध्रिपद्मम् अभिनम्य' - હું જિનેશ્વર પાર્શ્વનાથના ચરણકમળમાં નમસ્કાર કરું છું. ચરણોમાં જ નમસ્કાર શા માટે કરવામાં આવે છે ? એ પ્રશ્નનો ઉત્તર આપતાં શ્રી આચાર્ય મહાપ્રજ્ઞ જણાવે છે કે, "શરીરમાં ઉત્તમ અંગ છે મસ્તિષ્ક. જે મસ્તિષ્ક ઉત્તમ અંગે છે એને પ્રણામ નથી કરવામાં આવ્યા પણ પગ પ્રણામ છે, નીચે રહે છે, જમીન ઉપર ચાલનાર છે, જમીનને અડનાર છે એને પ્રણામ કરવામાં આવ્યાં આવું કેમ ? ખરેખર તો થવા જોઈએ મસ્તિષ્કને પ્રણામ અને કરવામાં આવ્યા છે પગને. આ ભારતીય ચિંતનની મોટી વિશેષતા છે. પ્રણામ તો એને છે કે જે જમીનની સાથે ચાલે છે અને જમીનને અડે છે. નમસ્કાર એને કરવામાં આવે છે જે મૂળ છે. પગ આપણા જીવનનો આધાર છે તેથી એને પ્રણામ કરવામાં આવ્યા છે, જે મૂળને છોડીને પાંદડાં, ફૂલ કે ફળને પ્રણામ કરે છે, પગને છોડી ઉત્તમ અંગને પ્રણામ કરે છે, ધ્વજ દંડને છોડીને ફક્ત ધ્વજને પ્રણામ કરે છે, તે કદાચ સત્ય વિસારી દે છે. આધાર છે પગ, આધાર છે ધ્વજદંડ, આધાર છે મૂળ, તે દરેક વૃક્ષનું સિંચન કરે છે. પગ આપણો આધાર છે. સમગ્ર શરીરનું મૂળ છે... આપણાં પગ." (૨)

સિધ્ધસેને અર્હંત્ પાર્શ્વનાથની સ્તુતિના પ્રારંભમાં ચરણયુગલમાં નમસ્કાર કરતાં પ્રભુના ચરણયુગલમાં જે વિશેષતાઓ છે તેનો ઉલ્લેખ પ્રથમ શ્લોકમાં કર્યો છે. ચરણયુગલની પ્રથમ વિશેષતા છે - कल्याणमंदिरम् "मंदिर" આ શબ્દ સંભળાય કે લખેલો વંચાય તો તરત જ આપણી કલ્પનામાં સંગેમરમરના દૂધ જેવા ધવલ પત્થરોથી નિર્મિત, ગગનચુંબી ગોળ ઘુમ્મટવાળું, જેના પર સોનાના કળશો ચમકતા હોય, ધ્વજાઓ ફરકતી હોય, દીપકોથી ઝળહળતું, ઘંટાવરવથી ગુંજતું, ધૂપથી મઘમઘતું, ભાવિકભક્તજનોથી ઊભરાતું તથા દૂરથી સૌને આકર્ષણ કરતું એક પવિત્ર સ્થાન આવી જાય. પરંતુ, અહીં શિલ્પ અને સ્થાપત્યના અજોડ નમૂનારૂપ કોઈ સ્થાવર મંદિરની વાત નથી. પરંતુ આચાર્યશ્રી તો ચૈતન્યવંતા, મહામના એક જંગમ મંદિરને સ્મરણપટમાં લાવે છે ને કહે છે... પ્રભુ ! કલ્યાણના મંદિર સ્વરૂપ છે. અહીં 'કલ્યાણ' શબ્દને સામાન્ય શબ્દ અથવા કેવળ સ્વાર્થમૂલક કલ્યાણ એમ નહીં, પરંતુ આ પરમાર્થમૂલક કલ્યાણ છે. કલ્યાણ શબ્દ જેમ એક વ્યક્તિના સુખ-શાંતિનો સૂચક છે તેમ વ્યાપક અર્થમાં સમાજ અને વિશ્વકલ્યાણનો પણ સૂચક છે. કલ્યાણ શબ્દ ભૌતિક ઉન્નતિ તેમજ આધ્યાત્મિક ઉન્નતિનો પણ દ્યોતક છે. કલ્યાણમાં તત્ત્વપરીક્ષાનો બોધ પણ છે, જેનું કલ્યાણ થઈ રહ્યું છે તે કલ્યાણી જીવ ક્ષણિક સુખનું અને શાશ્વત સુખનું પણ વેદન કરે છે. આથી, સર્વપ્રકારની ઉન્નતિ માટે પ્રભુચરણને કલ્યાણનાં આધાર માન્યાં છે.

ચરણયુગલની બીજી વિશેષતા છે - उदारम् - ઉદાર છે. ઉદારનો અર્થ છે દાતા. પાર્શ્વનાથનું ચરણ, છે મનોવાંછિત ફલપૂર્તિ માટે સમર્થ છે. પાર્શ્વનાથના અનેક મંત્રો કામનાપૂર્તિ માટે, ઈષ્ટની પ્રાપ્તિ માટે તથા ચિંતાના નાશ માટે પ્રાપ્ત થાય છે. અર્થાત્ પ્રભુ પાર્શ્વનાથ, વ્યક્તિના જીવનમાં રહેલી આધિ, વ્યાધિ - ઉપાધિરૂપ સમસ્યાને દૂર કરી શાંતિને સમાધિ આપવામાં સમર્થ છે. ને ઉદાર એટલે માત્ર બાહ્ય જ ભૌતિક માંગ જ નહીં પણ તીર્થંકર પરમાત્માની ભક્તિ જ્યારે ભક્ત ચરમસીમાએ કરે છે ત્યારે તેની આધ્યાત્મિક ક્ષેત્રે એક જ માંગ હોય છે કે - "सिद्धा सिद्धि मम दिसंतु". ને જ્યારે ભક્તની ચરમસીમાની ભક્તિ દ્વારા

તેનાં કર્મ ક્ષય થાય ત્યારે પરમાત્મા તેની આ માંગ પૂર્ણ કરવામાં પણ દાતા - ઉદાર પુરસ્કાર થાય છે.

ચરણયુગલમાં ત્રીજી વિશેષતા છે - अवद्यभेदि અર્થાત્ પાપને નષ્ટ કરવાવાળા. કલ્યાણરૂપ આત્મમંદિરમાં પ્રવેશ કરવા માટે ઉદાર તેવા પરમાત્માચરણોનું આલંબન જીવાત્માને પાપના ભારથી મુક્ત કરવાનું સામર્થ્ય ધરાવે છે. પ્રભુની ભક્તિ કરનાર જીવાત્માને મોટા અશુભ પાપકર્મોનો આશ્રવ થતો નથી, ને તેનાથી'ય વિશેષ કે પ્રભુચરણોમાં સમર્પિત થઈ જીવનારના પૂર્વનાં બંધાયેલાં અશુભકર્મો પણ નાશ પામે છે. પ્રભુનો મહિમા જ તેવો જ કે, પાપરૂપી અંધકારને નાશ કરી આત્મા પ્રકાશ પામવા માટે તે ઉપકારક બને છે.

ચરણયુગલની ચોથી વિશેષતા છે - भीताभयप्रदम् જ્યાં પાપ હોય ત્યાં ભય અવશ્ય હોય છે. પણ પાપનો નષ્ટ કરનાર પરમાત્મા ભયભીત થયેલાંને અભય આપનારા છે. સંસારક્રમમાં પરિભ્રમણ કરનારો પ્રત્યેક જીવ કોઈને કોઈ પ્રકારના ભયથી પીડાતોહોય છે. ભયમોહનીય કર્મના ઉદયથી આત્મામાં થતાં ઉદ્વેગરૂપ પરિણામ સ્વરૂપ સાત પ્રકારનાભય બતાવતાં આવશ્યક સૂત્રમાં કહ્યું છે કે -

"सत्तहिंभयट्ठाणेहिं !"

ભયના સાત પ્રકારછે : (૧) ઈહલોક ભય :- પોતાની જ જાતિના પ્રાણીઓથી ડરવું તે ઈહલોક ભય છે. જેમ એક મનુષ્યને બીજા મનુષ્યનો ભય લાગવો, તિર્યંચને તિર્યંચનો ભય લાગવો... જેમ - ઉંદરને બિલાડીનો ભય ઈત્યાદિ, (૨) પરલોક ભય :- પોતાના સિવાયની બીજી જાતિવાળા પ્રાણીઓથી ડરવું તે પરલોક ભય છે. જેમ મનુષ્યને સિંહ આદિ જંગલી પ્રાણીઓનો ભય ઈત્યાદિ, (૩) આદાન ભય :- પોતાની વસ્તુની રક્ષા માટે ચોર આદિથી ડરવું, (૪) અકસ્માત્ ભય :- કોઈ બાહ્ય નિમિત્ત વિના પોતેજ પોતાનાથી સશંક થઈ રાત્રિ આદિમાં અચાનક ડરી જવું, (૫) આજીવિકા ભય :- દુર્ભિક્ષ આદિમાં જીવનયાત્રા માટે ભોજન આદિની અપ્રાપ્તિથી ડરવું, (૬) મરણ ભય :- મૃત્યુથી ડરવું, (૭) અપયશ ભય :- અપયશની આશંકાથી ડરવું... આવા કોઈને કોઈને કોઈ ભયને કારણે અનેક દુઃખો વેઠતો જીવ જ્યારે પ્રભુના ચરણનું શરણ સ્વીકાર કરે છે ત્યારે તે ભયના ભયથી મુક્ત બની અભય બને છે. ભયથી મુક્ત કરવાનો અર્થ છે - સર્વ પ્રકારના વિકારો અને વિભાવોથી મુક્ત કરીને જીવના શુદ્ધ સ્વરૂપનું પ્રદાન કરે છે.

ચરણયુગલની પાંચમી વિશેષતા છે - अनिन्दितम् આ જગતમાં જીવનાર દરેક આત્માની અંદર પોતાની છદ્મસ્થ અવસ્થાને કારણે અનેક ભૂલો અને ખામીઓ થવાની સંભાવના છે. ને આ ખામીઓ જગતની દૃષ્ટિમાં આવતાં તે લોકનિંદાનું માધ્યમ બને છે પણ પરમાત્મા તો સર્વદોષોથી મુક્ત થઈ તસર્વગુણોથી યુક્ત બનેલા છે. આથી પરમાત્માની અંદર દોષોની સંભાવના નથી. પરમાત્મા સર્વજન માટે અનિન્દિતમ્ અર્થાત્ નિંદા નહીં પણ માત્ર પ્રશંસાપાત્ર

જ બન્યા છે. ને આચાર્યશ્રીએ પરમાત્માને આ ઉપમા દ્વારા પોતાના દૃષ્ટિ તથા પોતાનું સ્વરૂપ પણ 'અનિન્દિતમ્' બને તેવી રૂડી ભવ્ય ભાવનાનો ગુપ્ત નિર્દેશ કરતા જણાય છે.

ચરણયુગલની વિશેષતા બતાવી પ્રભુના ચરણોનો અપૂર્વ મહિમા દર્શાવતા બતાવી છઠ્ઠી વિશેષતા છે :- પોતાયમાન - આચાર્યશ્રી કહે છે, જહાજ સમાન... સંસારરૂપી સાગરમાં ડૂબતા જીવોને આપના ચરણો જહાજ સમાન છે. સંસારને અનેક ઉપમાઓમાં એક ઉપમા આપી સંસારને સાગર સાથે સરખાવ્યો છે. તો, સંસારની ને સાગરની સામ્યતા બતાવતાં શ્રીમદ્ રાજચંદ્રજી મોક્ષમાળામાં બતાવે છે કે :-

"સંસારને તત્ત્વજ્ઞાનીઓ એક મહાસમુદ્રની ઉપમા આપે છે. સંસારરૂપી સમુદ્ર અનંત અને અપાર છે. સમુદ્રમાં જેમ મોજાંની છોળો ઊછળ્યા કરે છે, તેમ સંસારમાં વિષયરૂપી અનેક મોજાંઓ ઊછળે છે. જળ ઉપરથી જેમ સપાટ દેખાય છે, તેમ સંસાર પણ સરળ દેખાય દે છે. સમુદ્ર જેમ ક્યાંક બહુ ઊંડો છે અને ક્યાંક ભમરીઓ ખવરાવે છે, તેમ સંસાર કામ વિષય પ્રપંચાદિકમાં બહુ ઊંડો છે તે મોહરૂપી ભમરીઓ ખવરાવે છે. થોડું જળ છતાં સમુદ્રમાં જેમ ઊભા રહેવાથી કાદવમાં ખૂંપી જઈએ છીએ, તેમ સંસાર અનેક પ્રસંગમાં તે તૃષ્ણારૂપી કાદવમાં ગૂંચવી દે છે. સમુદ્ર જેમ નાનાં પ્રકારનાં ખરાબા અને તોફાનથી નાવ કે વહાણને જોખમ પહોંચાડે છે, તેમ સ્ત્રીઓરૂપી ખરાબા અને કામરૂપી તોફાનથી સંસાર આત્માને જોખમ પહોંચાડે છે.

સમુદ્ર જેમ અગાધ જળથી શીતલ દેખાતો છતાં વડવાનળ નામના અગ્નિનો તેમાં વાસ છે, તેમ સંસારમાં માયારૂપી અગ્નિ બળ્યા જ કરે છે. સમુદ્ર જેમ ચોમાસામાં વધારે જળ પામીને ઊંડો ઊતરે છે તેમ પાપરૂપી જળ પામીને સંસાર ઊંડો ઊતરે છે, એટલે અનંત સંસારનો પાયો મજબૂત કરતો જાય છે."

અનંત દુઃખમય ચર્તુગતિરૂપ સંસારનો અંત કરવા માટે, સંસારસાગરમાં ડૂબતા જીવો માટે પ્રભુનાં ચરણો જહાજ સમાન છે. જે પ્રભુના શરણરૂપી જહાજમાં સમર્પિત થઈ બેસી જાય છે તે સંસાર સાગરથી પાર થઈ સામે કિનારે અર્થાત્ મોક્ષમાં જાય છે.

પ્રભુના ચરણનો અપૂર્વ મહિમા દર્શાવી આચાર્યશ્રી પ્રભુની ભક્તિ કરવા ઉત્સુક બન્યા છે પણ કયા તીર્થંકર પ્રભુની ભક્તિ કરવા પ્રેરાયા છે ? તે રહસ્ય બીજા શ્લોકમાં જણાવે છે.

● **બીજા શ્લોકનું :-**

પ્રથમ શ્લોકમાં સ્તોત્ર કર્તા આચાર્ય સિદ્ધસેન પ્રભુનાં ચરણોનો મહિમા દર્શાવ્યા બાદ પોતાના દૃઢ સંકલ્પનું દર્શન કરાવતાં બીજા શ્લોકમાં કહે છે - संस्तवनं करिष्ये ! - હું સ્તવન કરીશ...

આચાર્યશ્રી પોતાની મર્યાદા તથા પ્રભુના સર્વગુણોને શબ્દોમાં સમાવિષ્ટ કરવાની પોતાની અસમર્થતા જાણતાં હોવા છતાં સ્તવન કરીશ તેવો ભાવ દૃઢ સંકલ્પની જાણ કરાવે છે. જેમ સમુદ્રના બિંદુ ગણી શકાય નહિ તેમ પરમાત્માના વિશાલ સમુદ્ર સમા અનંતગુણોનું કથન કથી કે વર્ણવી શકાય તેમ નથી. દેવોના ગુરુ તથા મહાબુદ્ધિશાળી બૃહસ્પતિ પણ પણ પ્રભુના ગુણોરૂપી - મહિમારૂપી સાગરનું વર્ણન કરવા સમર્થ નથી.

બુદ્ધિ માટે કે વિદ્યાના વિકાસ માટે બૃહસ્પતિનું ધ્યાન કે સાધના કરવામાં આવે છે કે જેનાથી વ્યક્તિની પ્રજ્ઞાશક્તિનો વિકાસ થાય છે. આ બુદ્ધિને શક્તિમાં વિશેષ સંપન્ન દેવોના ગુરુસમાન બૃહસ્પતિ પણ પ્રભુના ગુણોનું વર્ણન પૂર્ણપણે પ્રગટ કરી શકતા નથી. કબીરજી પણ પ્રભુમહિમા વર્ણનની અસમર્થતા બતાવતાં કહે છે,

"સાત સમુદ્ર કી શાહી કરું, કલમ કરું વનરાઈ,
પૃથ્વી કા કાગજ કરું, હરિગુન લિખ્યા ન જાઈ."(૩)

વળી, આગળ આચાર્યશ્રી બતાવે છે કે - गरिमाम्बुराशेः ! પરમાત્મા તો મહિમાના, ગરિમાના મહાસાગર છે. કોઈ વ્યક્તિમાં થોડા - ઘણા ગુણો હોય તો તેના ગુણોનું વર્ણન કરવું કે કહેવા સરળ છે પણ સાગરનાં બિંદુ અગણ્ય છે તેવા પ્રભુના ગુણ અગણ્ય છે. પોતાની ક્ષમતા બિંદુ જેટલી ને પ્રભુ તો સિંધુ જેવા છતાં હૃદયમંદિરમાંથી નીકળતો ભવ્ય ભક્તિનો ઘોધ પ્રભુની સ્તુતિ કરવા વારંવાર પ્રેરે છે. કયા તીર્થંકર પ્રભુની સ્તુતિ કરવા આચાર્યશ્રી પ્રવૃત્ત થયા છે, એની સ્પષ્ટતા આપણને બીજા શ્લોકની ત્રીજી પંક્તિમાં મળી રહે છે. જે પ્રભુ કમઠનાં અભિમાનને બાળવામાં અગ્નિ સમાન પુરવાર થયા હતા તે પ્રભુની સ્તુતિ કરવા આચાર્યશ્રી પ્રવૃત્ત થયા છે. ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પરમાત્માને કમઠ નામના દૈત્યે પૂર્વભવના વેરને કારણે અનેક ઉપસર્ગ કર્યા હતા.

પ્રભુ પાર્શ્વનાથ તથા કમઠ નામના દૈત્યની પૂર્વ દશ-દશ ભવોથી વૈરની પરંપરા ચાલતી આવતી હતી. તે વૈર શાને કારણે બંધાયેલ ? તથા કયા ભવમાં વૈરાનુબંધથી જોડાયેલ તેની વાત આગળના શ્લોકમાં કરવામાં આવશે.

પણ, અત્ર 'કમઠ'ના નામનિર્દેશથી પ્રભુ પાર્શ્વનાથની જ સ્તુતિ છે, તે વાત નિઃસંદેહ રીતે જાણવા મળે છે.

કમઠના અહંકારને અગ્નિ સમાન બાળનારા બતાવી આચાર્યશ્રીએ ગુપ્તપણે પરમાત્માને પોતાના અહંકારને પણ દૂર કરવાની પ્રાર્થના કરી છે. તાત્ત્વિક દૃષ્ટિથી આગમગ્રંથોના આધારે કહી શકાય કે - અહંકાર પ્રાણીમાત્રનો સ્વભાવ છે. આગમકારો કહે છે કે - સૂક્ષ્મમાં સૂક્ષ્મ તેવા નિગોદના જીવની અંદર પણ અહંકાર પ્રબલ હોય છે. અહંકાર તે જીવમાત્રની મૌલિક મનોવૃત્તિ છે ને જ્યાં સુધી જીવાત્માની અંદર અહંકારનો નાશ થતો નથી ત્યાં સુધી તેની આત્મિક પ્રગતિ કે જીવનવિકાસ પણ નથી માટે જ આચાર્યશ્રીએ કમઠના અહંકારને દૂર કરવાના પરમાત્મા છદ્મસ્થાવશ મારામાં પણ જે અહંકાર છે તે દૂર કરોની મનોમન રૂડી ભાવના કરી હોવાનો નિર્દેશ થાય છે.

● **શ્લોક 3 જો :-**

सामान्यतोऽपि तव वर्णियतुं स्व-रूप-
मस्मादशा: कथमधीरा ! भवन्त्यधीशा:? ।
धृष्टोऽपि कौशिक-शिशुर्यदिवा दिवान्धो
रूप प्रसूपयति किं किल धर्म-रश्मे:? ॥ ३ ॥

ગાવા માટે પ્રભુ તુજ ગણો સ્થૂલરૂપે સમર્થ !
મારા જેવો જનગણ પ્રભુ કેમ થાયે સમર્થ ?
જો કે દેખી નવ શકતું જે દિનમાં ઘૂડ પોતે,
કેવી રીતે વરણવી શકે સૂર્યનું રૂપ તોતે. 3

● **શબ્દાર્થ :-**

सामान्यतोऽपि - સામાન્ય રીતે પણ, तव - તમારા, स्वरूपम् वर्णयितुं - સ્વરૂપનું વર્ણન કરવાને માટે, अस्मादृशा - અમારા જેવા, कथम् - કેવી રીતે, अधीश - હે, સ્વામી:, भवंति - થાય अधीशा: - સમર્થ, धृष्टोऽपि - ચતુર, ધૈર્યવાન, कौशिकशिशु - ઘુવડનું બચ્ચું, यदि वा - અથવા, दिवान्धो - દિવસમાં નહિ દેખનાર, रूपं - સ્વરૂપનું, प्रसूपयति - વર્ણન કરી શકે, किं - શું, किल - ખરેખર, धर्मरश्मे: - સૂર્યના.

● **ભાવાર્થ :-**

હે પ્રભો ! આપના સ્વરૂપનું સામાન્ય વર્ણન કરવા માટે પણ અમારા જેવા ક્યાંથી શક્તિમાન હોય ? (ન જ હોય) કારણકે - જુઓ ઘુવડનું બચ્ચું કે જે દિવસે દેખી શકતું નથી, તે ગમે તેટલું ચતુર હોય પણ સૂર્યના સ્વરૂપને વર્ણવવાને ક્યાંથી સમર્થ બને ?... અર્થાત્ ન જ બને.

● **વિવેચન :-**

સ્તુતિકાર આ શ્લોકમાં પોતાની નમ્રતા - લઘુતા બતાવે છે અને પરમાત્માની મહાનતા - પ્રભુતાનું દર્શન કરાવે છે.. તેઓ કહે છે આપના સ્વરૂપનું સામાન્ય વર્ણન કરવા પણ હું શક્તિમાન નથી. ગુણોના બે પ્રકાર છે - સામાન્ય ગુણ અને વિશેષ ગુણ... વ્યાવહારિક દૃષ્ટિથી કહેવામાં આવે તો આ માણસ બહુ સારો છે... વગેરે સામાન્ય ગુણ પણ વ્યક્તિની અંદર રહેલી ગંભીરતા, ઉદારતા, સરળતા, નીતિમત્તા, પ્રામાણિકતા, પરોપકારિતા વગેરે વિશેષ ગુણો કહેવાય. અહીં સિદ્ધસેન કહી રહ્યા છે - "सामान्यतोऽपि तव वर्णयितु स्वरूपं" - આપના

સામાન્ય ગુણોનું વર્ણન કરવામાં મારા જેવા અલ્પજ્ઞને કઠિન લાગે છે તો પછી વિશેષ ગુણોનું વર્ણન, આપના સત્ - ચિદ્ - આનંદમય ત્રિકાલાબાધિત, જ્ઞાનજ્યોતિર્મય સ્વરૂપનું વર્ણન તો કેમ કરી થઈ શકશે ?

પૂ. ભાનુવિજયજી મ.સા. સ્વરૂપશબ્દને સમજવા માટે કહે છે કે : સ્વરૂપ સમજવા માટે નીચેના શબ્દો સમજી લઈએ :(૪)

(૧) રૂપ : જે દેખાય છે તે, આપણે જેને જોઈ શકીએ છીએ, જેને આકાર છે, વજન છે, જે દૃશ્ય છે, જે આપણી પકડમાં આવી શકે છે. જૈન પરંપરામાં તેના માટે પુદ્ગલ શબ્દ વપરાય છે. આ જડ જેને આપણે નજરે જોઈ શકીએ છીએ તે રૂપ.

(૨) અરૂપ : એક બીજું તત્ત્વ છે અરૂપ. છે ખરું પણ દેખાતું નથી, આકાશ છે ખરું પણ દેખાતું નથી, ધર્માસ્તિકાય, અર્ધમાસ્તિકાવ દ્રવ્ય છે ખરા પણ દેખાતા નથી. જેનું હોવાપણું છે પણ આપણને દેખાતું નથી તે અરૂપ.

(૩) સ્વરૂપ : સ્વ એટલે પોતાનું રૂપ, સ્વનું રૂપ એટલે આનંદ, સમાધિ તે સ્વરૂપ છે, જ્ઞાન એ સ્વરૂપ છે, પરમશાંતિ તે સ્વરૂપ છે. સ્વરૂપને રંગ - આકૃતિ પણ છે. પણ સ્વરૂપ દશાને પામેલો આત્મા આનંદમય, સુખમય, સમાધિમય, જ્ઞાનમય, સમતામય, શાંતિમય છે. પોતાના સ્વ સ્વરૂપને પામી આત્માની પરમાત્મદશા દુઃખમુક્ત અવસ્થા તે સ્વરૂપ..

આચાર્યશ્રી કહી રહ્યા છે કે - આવા વિશિષ્ટ ગુણોનું કથન કરવું કઠિન છે. આ વાતને ઉપમાથી સમજાવવા માટે આચાર્યશ્રી "કૌશિકશિશુ" અર્થાત્ ઘુવડના બચ્ચાનું ઉદાહરણ આપે છે.

ઘુવડના બચ્ચાને આંખો હોવા છતાં સૂર્યના પ્રકાશમાં તેની આંખો એવી અંજાયેલી રહે છે કે જેના કારણે તેને સર્વત્ર અંધકાર જ દેખાય છે. વળી, તે સૂર્યનાં દર્શન પણ કરી શકતું નથી. બીજા પાસેથી સૂર્યના પ્રકાશની અને સૂર્ય વિશેની અન્ય વાતો સાંભળી તે સૂર્યને જોવા તત્પર બને તો પણ તેની જન્મજાત અશક્તિને કારણે તે સૂર્યના રૂપને જોવામાં ક્યારેય સફળતા પામી શકવાનું નથી. અને જે ઘુવડના બચ્ચાંએ સ્વયં સૂર્યને જોયો જ ન હોય તે તેનું યથાર્થ વર્ણન કઈ રીતે કરી શકવાનું ?

આ ઉદાહરણ દ્વારા આચાર્યજી પોતાની મર્યાદા અને અસમર્થતાને વ્યક્ત કરે છે. પોતે લબ્ધિવંત આચાર્ય હોવા છતાં એક સામાન્ય ઘુવડના બચ્ચા સાથે પોતાની સરખામણી કરી અત્યંત લાઘવતા અને પ્રભુના ગુણોની તેજસ્વિતા, પ્રભુની મહત્તા દર્શાવી છે. આચાર્યશ્રી બતાવવા માંગે છે કે પોતાના આત્મા પર પણ અનાદિથી અજ્ઞાનનો અંધકાર છવાયેલો છે. પણ ઘૂવડનું બચ્ચું અંધકારને કારણે સૂર્યનાં તેજ-કિરણોને પામી શકતો નથી, તેમ મિથ્યાત્વ અને અજ્ઞાન દશામાં પડેલા જીવો પણ પરમાત્માનાં જ્ઞાન-કિરણોને સ્પર્શી શકતા નથી.

આ જગતમાં પ્રકાશ કરનારી વસ્તુઓ ઘણી છે. જો જંતુસૃષ્ટિ તરફ નજર કરીએ તો આગિયો પ્રકાશ કરનારો છે. અંધારી રાતે તે આકાશમાં ઊડતો હોય, ત્યારે પ્રકાશમાન તણખા જેવો લાગે છે. દરિયામાં અનેક પ્રકારની માછલીઓ થાય છે. તેમાં કેટલીક માછલીઓ પ્રકાશ કરનારી હોય છે તે તરતી હોય ત્યારે પ્રકાશના લીસોટા પડે છે. ચંદ્રકાંતમણિ અને સૂર્યકાંતમણિ પ્રકાશ કરનાર હોય છે. દીપક તેલનો હોય, ઘીનો હોય કે વીજળીનો હોય, પણ તે પ્રકાશ કરે છે. સર્ચલાઈટો તેમના પ્રકાશ માટે જાણીતી છે. આકાશમાં ટમટમતા તારા પણ પ્રકાશકરની ગણતરીમાં આવે છે. પરંતુ પ્રકાશકરની ખરી ખ્યાતિ તો ચંદ્ર અને સૂર્યને પ્રાપ્ત થયેલી છે. તેમનો પ્રકાશ હજારો કીલોમીટરનું અંતર વટાવીને પૃથ્વી સુધી પહોંચે છે. જો ચંદ્ર કે સૂર્ય એ બેમાંથી કોઈપણ ભાગ જોઈ શકીએ નહિ અને તેથી જીવન જીવવા જેવું રહે નહિ. પરંતુ ચંદ્ર-સૂર્ય મહાન પ્રકાશકરની ખ્યાતિ પામેલા છે, પણ તે પણ મર્યાદિત ક્ષેત્રમાં જ પ્રકાશ કરે છે. તેમનો પ્રકાશ સમસ્ત લોકના સોમા ભાગમાં પણ પહોંચતો નથી. અહીં પ્રશ્ન થવો સ્વાભાવિક છે કે, "તો પછી સમસ્ત લોકને પ્રકાશિત કરી શકે એવી કોઈ વસ્તુ આ લોકમાં ખરી ?" તેનો ઉત્તર જૈન શાસ્ત્રકારો આપ્યો છે. તેઓ કહે છે કે, "આ લોકમાં બે જાતના પ્રકાશ છે : એક પુદ્‌ગલ - પરિણામી અને બીજા આત્મા-પરિણામી. તેમાં પુદ્‌ગલ - પરિણામી પ્રકાશ લોકના અમુક ભાગને જ પ્રકાશિત કરી શકે છે. જ્યારે આત્મા પરિણામી પ્રકાશ સમસ્ત લોકને પ્રકાશિત કરે છે." આત્માના મૂળભૂત ગુણોને વિકાસ થતાં જે જ્ઞાન પ્રગટે છે, તેને આત્મ-પરિણામી પ્રકાશ કહેવાય છે. જ્ઞાન વડે વસ્તુને જાણી શકાય છે, તેના સ્વરૂપનો બોધ કરી શકાય છે, એટલે તેને પ્રકાશ કહેવામાં આવ્યો છે. પરમાત્મા આ વિશિષ્ટ ગુણયુક્ત, વિશિષ્ટ જ્ઞાનયુક્ત સ્વરૂપને ધરાવનારા છે. માટે, આચાર્યશ્રી પોતાની મૂંઝવણ દર્શાવતા કહે છે...

"किं प्ररुपयति ?"- કેમ વર્ણન થઈ શકે ?

અત્રે આચાર્યશ્રી ઘુવડના બચ્ચા સાથે પોતાની સરખામણી કરે છે પરંતુ ઘૂવડનું બચ્ચું જ્યારે સૂર્યના રૂપને વર્ણવવા તૈયાર થાય ત્યારે પોતાની મર્યાદાનો સ્વીકાર કરતું નથી, જ્યારે આચાર્યશ્રીની બાબત સાવ વિરોધી છે. જ્યાં સુધી કર્મના કાષ્ટ નીચે દબાયેલો આત્મા, પોતના સ્વચ્છંદીપણાને તથા અંહકારયુક્ત ભાવને છોડી શક્તો નથી, ત્યાં સુધી તેનામાં નમ્રતાનો ભાવ કે લઘુતાનો ભાવ પણ આવતો નથી. ને નમ્રતા વિનાનો વ્યક્તિ પોતાની અહંકારશીલતાને ન છોડવાને કારણે સ્વયંની અસમર્થતા કે મર્યાદા કબૂલ કરવા તૈયાર પણ થતો નથી. પરંતુ આચાર્યશ્રીને આ તત્ત્વો નડી શકે તેમ નથી. આચાર્યશ્રીએ નમ્ર બની પોતાની મર્યાદાઓ સૌ પ્રથમ જ સ્વીકારી લીધી છે ને પ્રભુની સાચી ઓળખાણ કરવા માટે અનન્ય શ્રદ્ધાભાવે પ્રારંભમાં જ ભક્તિભાવપૂર્વક વંદન કર્યા છે. અત્રે આચાર્યશ્રી 'કૌશિકશિશુ'ની ઉપમા આપે છે. "કૌશિક" સ્વંય દિવાન્ધ હોય છે, પરંતુ તેનું બચ્ચું તો વધારે પ્રકાશના અભાવનો અનુભવ કરે છે. શિશુની ઉપમા આપીને તેઓએ નિર્દોષભાવ પણ વ્યક્ત કર્યો છે. બાળકની પ્રવૃત્તિ સહજનિર્દોષ હોય છે. બુદ્ધિશાળી વર્ગમાં સમર્પણ ભાવના ઓછી હોય છે. જ્યારે બાળક સમર્પણ કરી શકે છે ને આચાર્યશ્રીનું હૃદય પણ આવું બાળક જેવી સરળતાને

સમર્પણતાનો સ્પર્શ કરી રહ્યું હોય તેવું જણાય છે. માટે જ સ્તુતિમાં નમ્રભાવે કહી રહ્યા છે - હે પરમાત્મા ! મારી ક્ષાયિક જ્ઞાનની આંખો પણ હજુ ખૂલી નથી કે જેના દ્વારા હું આપના સ્વરૂપને સાક્ષાત્ નિહાળી શકું. વળી, મારો જ્ઞાનનો ક્ષયોપશમ પણ એટલો તીવ્ર નથી કે ગણધરો, ચૌદ પૂર્વધરો, બહુસૂત્રીઓની જેમ આપના ગુણોનું વર્ણન કરી શકું.

પહેલાના બે શ્લોકમાં આચાર્યશ્રીએ પ્રભુના સ્તવનનો સંકલ્પ કર્યો હતો, પરંતુ તે સ્તવન રચના પોતાના માટે કેટલી મુશ્કેલ છે - તે સ્તુતિને આગળ વધારતાં તેઓએ સ્વયંને અલ્પજ્ઞ અને અસમર્થરૂપે પ્રસ્તુત કરેલ છે અને એક અતિ શક્તિવિહીન કૌશિકશિશુના ઉદાહરણ દ્વારા કાવ્યરસને ઉપમાથી સજાવ્યો છે. આ ત્રીજો શ્લોક સ્તુતિની પૂર્વભૂમિકા છે. શ્લોકના શબ્દોના સૌષ્ઠવ અને રમણીય ભાવોથી ભરપૂર છે. જો કે ઘાતીકર્મના ક્ષય વિના અસાધારણ પરમાત્માની સ્તવના કેમ કરી થઈ શકે ? તેવા બાબતનું નિર્દેશન કરતાં ચોથા શ્લોકમાં બતાવે છે...

मोहक्षयादनुभवन्नपि नाथः! मर्त्यो,
नूंन गुणान् गणयितुं न तव क्षमेत ।
कल्पान्त-वान्त-पयसः प्रकटोऽपि यस्मान् ।
मीयेत केन जलधेर्ननु रत्नराशिः? ॥ ४ ॥

પ્રાણી જો કે અનુભવી થઈ મોહનાશે કદાપિ,
ગાઈ તારા ગુણ નવ શકે નાથ તારા તથાપિ;
કલ્પો કેરા પ્રબળ બળથી ઊછળેલો જણાય,
તો યે કોથી જલનિધિતણો રત્નરાશિ ગણાય ?

● **<u>શબ્દાર્થ :-</u>**

મોહક્ષયાત્ - મોહનીય આદિ ઘાતિકર્મોના ક્ષયથી, અપિપણ, અનુભવત્ - અનુભવવા છતાં, નાથ - હે નાથ, સ્વામી, મર્ત્ય :- મનુષ્ય, નૂનં - ખરેખર, તવ ગુણાન્ - તમારાગુણોને, ગણયિતું - ગણવાને માટે, ન ક્ષમેત - કોઈ સમર્થ થઈ શકતા નથી, યસ્માત્ - કારણકે, કલ્પાન્ત - પ્રલય સમયે, વાન્ત - પવનથી ઉછળેલા, પયસ :- પાણી, પ્રકટોડપિ - પ્રગટ થયેલ હોવા છતાં પણ, જલધે :- સમુદ્રની, રત્નરાશિ :- રત્નરાશિને, નનુ - ખરેખર, કેન - કોના વડે, મીયેત - ગણી શકાય, માપી શકાય.

● **<u>ભાવાર્થ :-</u>**

હે પ્રભો ! મોહનીય કર્મનો ક્ષય થવાથી કેવળજ્ઞાનમાં આપના ગુણોને પ્રત્યક્ષ દેખતાં - અનુભવતાં છતાં પણ તમારા ગુણોનું કથન કરવાને કોઈ મનુષ્ય (કેવલી) સમર્થ નથી, કારણકે કલ્પાંતકાળના સમયે ભયંકર મહાસંવર્તક વાયુ વાય ત્યારે પાણી દૂર થઈ જાય છે અને દરિયાની અંદરની રત્નરાશિ પ્રત્યક્ષ દેખાય જાય છે. પરંતુ એ રત્નરાશિનું માપ કરવા કઈ વ્યક્તિ સમર્થ હોય શકે, અર્થાત્ તેને કોઈ ગણી શકે નહિ.

● **<u>વિવેચન :-</u>**

અત્રે 'મોહક્ષયાત્' શબ્દથી જૈનધર્મના હાર્દ સમી કર્મપ્રકૃતિનું સ્વરૂપ પ્રગટ કર્યું છે. સઘળા સંસારી જીવોને ભવાટવીમાં ભ્રમણ કરાવનારા મુખ્ય આઠ કર્મો કહ્યાં છે. તેનું સ્વરૂપ જૈનાગમ શ્રી ઉત્તરાધ્યયન -સૂત્રના 33માં અધ્યનમાં કહ્યું છે. જે આ પ્રમાણે છે :

અટ્ઠ કમ્માંઇ વોચ્છામિ, આણુપુવ્વિં જહાકરમ ।
જેહિં બધ્ધો અયં જીવો, સંસારે પરિવટ્ટઇ ॥ ૧ ॥

નાણસ્સાવરણિજ્જં, દંસણાવરણં તહા ।
વેયણજ્જં તહામોહં, આઉકમ્મં તહેવય ॥ ૨ ॥
નામકમ્મં ચ ગોયં ચ, અન્તરાયં તહેવ ય ।
એવ મેયાઈ કમ્માઈ, અટ્ઠેવ ઉ સમાસઓ ॥ ૩ ॥ (૫)

અર્થાત્ :-

આ જીવ જે આઠ કર્મોથી બંધાઈને સંસારમાં પરિભ્રમણ કરે છે તે કર્મના સ્વરૂપને આ પ્રમાણે કહે છે : (૧) જ્ઞાનાવરણીય (૨) દર્શનાવરણીય (૩) વેદનીય (૪) મોહનીય (૫) આયુષ્યકર્મ (૬) નામકર્મ (૭) ગોત્રકર્મ (૮) અંતરાયકર્મ - આ આઠ પ્રકારે કર્મ છે.

કર્મ એક કરતાં જુદાં જુદાં પરિણામોની અપેક્ષાએ તેના આઠ વર્ગ મુખ્યત્વે પાડ્યા છે. તેમાં સૌથી પ્રબળ સત્તા, પ્રબળ સામર્થ્ય, પ્રબળ કાળસ્થિતિ અને પ્રબળ રસ સંવેદન એક માત્ર મોહનીયકર્મનાં મનાય છે. મોહનીય એટલે ચૈતન્ય અર્થાત્ આત્માની પોતાની જ પોતાના સ્વરૂપ વિષેની ભ્રાંતિથી - ભ્રમણાથી ઉત્પન્ન થયેલું કર્મ. તે કર્મ મદિરાની જેમ ભાન ભુલાવનારું એવું તો પ્રબળ રહેલું છે કે આત્મા પોતાના જ સાચા સ્વરૂપનું ભાન ભૂલી જાય છે. તેથી જ, આ કર્મની પ્રભળતા જણાવવા આત્મસિદ્ધિ શાસ્ત્રમાં શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે :

"આત્માની શંકા કરે, આત્મા પોતે આપ,
શંકાનો કરનાર તે, અચરજ એ હું અમાપ." ॥ ૫૮ ॥

"આત્મા પોતે જ પોતાના સ્વરૂપની જ શંકા કરે છે તેને અત્રે દુનિયાભરનું મોટામાં મોટું આશ્ચર્ય કહ્યું." અને સંસાર વહેવારમાં જીવનું આવું જ સ્વરૂપ જોવામાં આવે છે. તેનું મુખ્ય કારણ આઠે કર્મોમાં મોહનીયકર્મની પ્રબળતા છે. આ મોહનીયકર્મથી યુક્ત વ્યક્તિ સર્વજ્ઞ બની શકતો નથી. કર્મશાસ્ત્ર અનુસાર વીતરાગ બનતાં જ વ્યક્તિ બારમાં ગુણસ્થાનકે આવી જાય છે. ને મોહકર્મ એક જ ક્ષીણ થવાથી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય એ અંતરાયકર્મ ટકી શકતાં નથી. આ માટે જૈનાગમશ્રી દશાશ્રુતસ્કંધ સૂત્રમાં બતાવ્યું છે કે :

"સેણાવતિમ્મિ ણિહતે, જધા સેણા પણસ્સતી ।
એવં કમ્મા પણસ્સંતિ, મોહણિજ્જે ખયં ગતે ॥" (૬)

અર્થાત્ સેનાપતિ ભાગી જાય તો પછી સેના ક્યાંથી ઊભી રહે ? મોહકર્મ સેનાપતિ છે. તેના એકના જવાથી શેષ ત્રણ ઘાતીકર્મ આપમેળે ચાલ્યાં જાય છે.

મૂળકર્મ મોહ છે. આચાર્યશ્રી આ શ્લોકમાં પરમ દાર્શનિકતાથી કહી રહ્યા છે - 'मोहक्षयाद्नुभवन्नपि'. જેનો મોહ ક્ષય થઈ જાય તે કેવળી બની જાય, સર્વજ્ઞ બની જાય ને

તે વ્યક્તિ આપના ગુણોને જાણી શકે છે. પરંતુ આપની વિશેષતાને ગુણગરિમા જાણવા છતાં તેનું વિશ્લેષણ તે કરી શકતાં નથી. આપના ગુણોનું વર્ણન કરી શકતાં નથી. ગુણ જાણે છે પણ કહી શકતાં નથી તે વિષય બાબત છે. તત્ત્વ બે પ્રકારના છે : (૧) અભિલાપ્ય અને (૨) અનભિલાપ્યા... અભિલાપ્ય, કે જે કહી શકાય. શબ્દો દ્વારા વર્ણન કરી શકાય. બીજું છે અનભિલાપ્ય, જે કહી શકાતું નથી. સ્થૂલ પર્યાયોને કહી શકાય છે, જ્યારે સૂક્ષ્મ પર્યાયોને કહી શકાતું નથી. ગુણ અનંત છે, પર્યાય અનંત છે, પ્રભુનો મહિમા અનંત છે ને શબ્દો સીમિત છે ને વ્યક્તિનું આયુષ્ય પણ સીમિત છે. અરે ! સો વર્ષનું આયુષ્ય પામનાર વ્યક્તિ પણ માનો રોજના દશ હજાર ગુણો કદાચ વર્ણવે છતાં તેના કુલ આયુષ્યમાં અનંત તો શું ? અસંખ્યાતા ગુણોનું પણ વર્ણન કરી શકાતો નથી. સાક્ષાત્ કેવળી પરમાત્મા પણ આપના ગુણોનું વર્ણન કરવા સમર્થ નથી તો મારી કયાં વાત ?

આ વાત સમજાવવા માટે આચાર્યશ્રી ઉપમાનો સહારો લેવા ચારે બાજુ વિચારણા કરી સરસ મજાની રત્નરાશિની અર્થાત્ સમુદ્રની ઉપમા આપે છે. સમુદ્રમાં રત્નો ભંડાર ભર્યો હોય છે. પણ આ રત્નો તે જ પામી શકે કે જે સમુદ્રમાં મરજીવો બની ડૂબકી મારે. પરંતુ કયારેક પ્રલયકાળ સમયે સમુદ્ર પોતાની મર્યાદા ત્યાગીને તાંડવ શરૂ કરે છે, ભયંકર તોફાનો સમુદ્રમાં પ્રગટ થાય છે, અને તોફાન સમયે જળના સ્થાને સ્થળ અને સ્થળ ત્યાં જળ પ્રવાહ જેવાં ફેરફારો થઈ જાય છે ને આવા સમયે ચારેબાજુ ફેલાતું જતું પાણીમાં કયાંકથી રત્નોના ઢગલા ઊંચા આવે છે. પરંતુ એ રત્નના રાશિને કોણ ગણી શકે ? કોઈ વ્યક્તિ એ વિશાળ રત્નરાશિને ગણવા શક્તિમાન નથી, એટલા અમાપ હોય છે. નાના હાથથી, નાના સાધનથી મોટી વસ્તુનું માપ કાઢવા જવાં છતાં મહેનત વ્યર્થ જાય છે. આ ઉપમાનો અધ્યાત્મ સમન્વય કરી ભાવાર્થ કરવો હોય તો કહી શકાય કે કર્મોનો સમૂહ અર્થાત્ ઘાતી કર્મોની પ્રચંડ જલરાશિ આત્માના અસંખ્ય ગુણરત્નોને ઢાંકીને બેઠી છે, પરંતુ જીવના સંસારનો અંત આવે છે ત્યારે ક્ષાયિક ભાવોને પ્રચંડ વેગ આ કર્મસમુદ્રને છિન્નભિન્ન કરી નાંખે છે અને આત્માના અનંતગુણોને પ્રગટ કરે છે. અહીં પણ ક્ષાયિકભાવની ક્રિયાનું ફળ તે થાય છે કે, કર્મોનું છેદન અને ગુણોની ઉત્પત્તિ ! તે પણ સામાન્ય એક - બે ગુણ નહિ, અનંત ગુણોની કિરણાવલી છે. આવા પ્રભુના અનંતગુણોને કેમ વર્ણવી શકાય ? આ વાત માટે 'અપૂર્વ અવસર' કાવ્યમાં શ્રીમદ્જીએ એ જ વાત કહી છે કે -

"જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહિં પણ તે શ્રી ભગવાન જો
તેહ સ્વરૂપને અન્ય પ્રાણી તે શું કહે,
અનુભવ ગોચર માત્ર રહ્યું તે અજ્ઞાન જો... (૨૦)

વાણી તે અંતઃકરણના ભાવોને વ્યક્ત કરવાનું એક સાધન ખરું. પણ, શબ્દસ્વરૂપ ધર્યા પછી એ પુદ્ગલ હોઈને એનું સ્વરૂપ પલટાય જાય છે. એટલે જ ગમે તેવા પ્રેરકભાવોથી વાણી નીકળી હોય તો'યે પાઠકનો આત્મા, પ્રેરણા ઝીલી શકે તેટલો તૈયાર ન હોય તો એને

સાધક થતી નથી. આ રીતે શબ્દાત્મક વાણી એ પુદ્‌ગલ લક્ષણ છે અને જ્ઞાન એ ચૈતન્ય લક્ષણ છે. એટલે જ કહે છે કે :-

પરમપદનો અનુભવ થવા છતાં પ્રભુ ! એ અનુભવને વાણીમાં ઉતારી શકતો નથી. કારણકે ચૈતન્યનો અનુભવ, પુદ્‌ગલમાં કેમ ઊતરી શકે ? આચાર્યશ્રી સામે પહેલી સમસ્યા એ હતી કે, આપના સ્વરૂપનું વર્ણન કેવી રીતે કરવું ? ને બીજી સમસ્યા ગુણોની ગણના માટેની...!! આપનામાં તો અનંતગુણો છે તેની ગણના કે અભિવ્યક્તિ કઈ રીતે થઈ શકે ? છતાં, વિચાર કરે છે - આપના ગુણોનું વર્ણન તો કેવળી પણ કરી શકતા નથી... જો બીજું કોઈ કરી શકત ને હું ન કરી શકત તો હીન ભાવના થાત પરંતુ જો કેવળી પણ ન કરી શકતા હોય તો મારી તો શું વિસાત ? ને આમ, વિચારી જેટલા ગુણોની અભિવ્યક્તિ થાય તેટલાની.. પણ ભક્તિ તો મારે કરવી જ છે તેવો દૃઢ નિશ્ચય કરે છે.

આચાર્યશ્રીએ મનોમન વિચાર્યું છે કે પોતાનામાં જેટલી ક્ષમતા છે તેનો ઉપયોગ કરવો છે. આ સંકલ્પ સાથે અંતદ્વન્દ્વ સમાપ્ત થઈ ગયું અને સ્તુતિનો પ્રવાહ અવિરત બની ગયો. ભગવાનના ગુણની સ્તુતિ ભાવની વિશુદ્ધિ માટે છે. તે વિશુદ્ધિથી સંવર નિર્જરા પણ થાય છે અને ભવનો નિસ્તાર પણ થાય છે. આવી જ ધારણા સાથે હવે મારાથી સ્તુતિ થશે જ એવો દૃઢ સંકલ્પ ધરી આગળ વધી રહ્યા છે...

अभूयद्यतोऽस्मि तव नाथ ! जडाशयोऽपि
कर्त्तुं स्तवं लसदसंख्य-गुणाकरस्य ।
बालोऽपि किं न निज-बाहु-युगं वितत्य,
विस्तीर्णता कथयति स्वधियाऽम्बु-राशेः? ॥ ५ ॥

ગુણો તારા અગણિત છતાં તેમનાં ગાન કાજે,
જો કે હું છું જડસમ છતાં નાથ તૈયાર આજે;
જોયો મોટો જલનિધિ અમે આવડો તો હતો તે,
દેખાડે છે કરયુગલથી બાળકો માપ પોતે.

● **<u>શબ્દાર્થ :-</u>**

અભ્યુદ્યતોડસ્મિ - હું ઉદ્યમવંત થયો છું, તવ - તમારા, નાથ - હે નાથ, જડાશયોડપિ - મંદબુદ્ધિવાળો હોવા છતાં, કર્તુસ્તવં - સ્તુતિ કરવાને માટે, લસદ્ - ઉજ્જવલ, અસંખ્ય ગુણાકરસ્ય - અસંખ્ય ગુણોની ખાણ, બાલોડપિ - બાળક પણ, કિં-શું, ન - નહિ, નિજબાહુયુગં - પોતાના બંને હાથને, વિતત્ય - પહોળા કરીને, વિસ્તીર્ણતાં - વિસ્તારને, કથયતિ - કહે છે, સ્વધિયા - પોતાની બુદ્ધિથી, અમ્બુરાશે :- સમુદ્રના વિસ્તારને...

● **<u>ભાવાર્થ :-</u>**

હે નાથ ! હું જડબુદ્ધિવાળો હોવા છતાં પણ અસંખ્ય ગુણોની ખાણ એવા આપની સ્તુતિ કરવાને માટે ઉદ્યમવંત થયો છું. જેમ સમુદ્ર તો વિશાળ છે. બાળકના હાથ તો નાના હોવા છતાં તે બાળક બંને હાથ ફેલાવીને સમુદ્રનું માપ પોતાની બુદ્ધિ વડે શું નથી કહેતો ??

● **<u>વિવેચન :-</u>**

આચાર્યશ્રી આ શ્લોકમાં કહે છે કે...."હે પરમાત્મા ! આપ તો અનંતગુણોની ખાણ છો અને હું તો મંદબુદ્ધિ - જડબુદ્ધિવાળો છું, મારા જ્ઞાનનો ક્ષયોપશમ અતિ અલ્પ છે. હું ચૌદપૂર્વી કે ચાર જ્ઞાનનો ધારક નથી. કંઈક મારાથી વિશિષ્ટ બુદ્ધિવાળા મહાપુરુષો પણ આપના ગુણોનું વર્ણન કરવા શક્તિમાન નથી, તો હું તો ક્યાંથી થઈ શકું ? છતાં આપની સ્તુતિ કરવા માટે "અભ્યુદ્યતોડસ્મિ" હું ઉદ્યમવંત થયો છે..."

'अभ्युद्यत' શબ્દ પ્રેરણાના સ્ત્રોતસમો શબ્દ છે. 'उद्यत' શબ્દમાં એક પ્રકારના પુરુષાર્થની ઝલક છે. પરંતુ 'अभ्युद्यत' શબ્દ તે વિશિષ્ટ પ્રકારના પુરુષાર્થની ઝાંખી કરાવે છે. આ સમગ્ર

સ્તોત્ર નિર્માણ પાછળ માત્ર આ એક જ શબ્દ મૂળ છે કે જ્યારે આચાર્યશ્રીએ પ્રબળ પુરુષાર્થ - વિશેષ ઉદ્યમવંત બની રચના કરવાની શરૂઆત કરી માટે જ સ્તોત્રનું નિર્માણ થઈ શક્યું. જો તેમનો ઉદ્યમ અતિ ઉચ્ચકક્ષાએ ન પહોંચ્યો હોત તો આવા ઉચ્ચકોટિના "કલ્યાણમંદિર સ્તોત્ર"ની રચના થઈ જ ના હોત ! આચાર્યશ્રીનો અભ્યુદ્યત પુણ્યમય એ ભક્તિમય હોવાથી તેમની પોતાની ભક્તિની સાથે સાથે કલ્યાણમંદિર જેવા મંગલમય સ્તવનનું પ્રદાન કરીને સમાજ - સમષ્ટિનું પણ કલ્યાણ કરી દીધું છે.

એક પછી એક ઉપમાનો ઉપયોગ કરતાં આ શ્લોકમાં આચાર્યશ્રીએ પોતાની સરખામણી બાળક સાથે કરે છે. પોતે પ્રખર પંડિત હોવા છતાં અત્રે પોતાની સરખામણી બાળક સાથે કરીને પોતે હજી પંડિત દશાને પામ્યા નથી પણ બાળદશામાં છે તેમ કહી, ફરી પોતાની લાઘવતા પ્રગટ કરે છે. બાળક જેમ મહાસાગરના અસીમ વિસ્તારને પણ પોતાના બે નાનકડા હાથોથી યથાર્થ દર્શાવે છે, પોતાની મર્યાદા કે અશક્તિના ખ્યાલ વિના. પોતે જે કંઈ વર્ણવવા ઈચ્છે છે તેને અમુક અંશે ફલિતાર્થ થતું જોઈને તે બાળક આનંદ તથા સંતોષને અનુભવે છે. બાળક બાલ સહજ ચેષ્ટા કરી સમુદ્રને માપવાની ક્રિયા કરે છે કે જેમ નાનો બાળક હોય તેને કોઈ પૂછે "આ દરિયો કેવડો મોટો છે ?" તો તે બાળક બંને હાથ પહોળા કરીને કહેશે, "આવડો મોટો છે." તે બાળક છે - તેની પાસે બાળકબુદ્ધિ છે, તેમ હું પણ જ્ઞાનીજનોની પાસે બાળક સમાન જ છું, બાળક છું. મારી પાસે અલ્પમતિ છે. છતાં બાળચેષ્ટાની જેમ જ તમારા સમસ્ત ગુણોનું યથાર્થ વર્ણન મારી અલ્પબુદ્ધિ પ્રમાણે પણ અવશ્ય કરી શકીશ, આમ કહીને આચાર્યશ્રીના અંતરમાં પ્રભુભક્તિની જે અસીમ સરવાણી વહી રહી છે તેની શક્તિ વડે પોતે શ્રી પાર્શ્વપ્રભુનું સ્તોત્ર રચશે જ એવી અનન્ય શ્રદ્ધા અત્રે પ્રગટ કરીને આ કૃતિ રચવાનું સઘળું શ્રેય પ્રભુને આપે છે.

અહીં આચાર્યશ્રી બાળક અને સમુદ્ર વચ્ચે જેવો તફાવત છે, તેવો ભક્ત અને ભગવાન વચ્ચેનો તફાવત પ્રદર્શિત કર્યો છે, અર્થાત્ પ્રભુને સાગર જેવા અપેક્ષાએ કહ્યા છે. સાગર તે વિશાળતા ને ગંભીરતાના ગુણથી યુક્ત છે. સાગરમાં ગમે તેટલી નદીઓ ઠલવાઈ છતાં વિશાળ બની દરેક નદીના પાણીને તે પોતાની અંદર સમાવી લે છે ને ગંભીરતાપૂર્વક પોતાની અંદર રહેલાં રત્નો, માણેક ને મોતીને પણ સાચવી જાણે છે. અરે ! પ્રખર તાપના પ્રહારથી સારા સમુદ્રને સૂર્ય શોષી લેવા પ્રયત્ન કરે કે અંદરનો વડવાગ્નિ ભડકે ચડી તેને પરેશાન કરે છતાં સાગર ગંભીરતાથી પરિસ્થિતને નિભાવી લે છે તેમ પ્રભુની અંદર પણ ગંભીરતા, વિશાળતા ને સહનશીલતાના અજબ-ગજબના ગુણોનો વૈભવ છે. જેમ સમુદ્ર પોતાની અંદર રત્નોની સમૃદ્ધિ હોવા છતાં ગંભીર છે તેમ પ્રભુજી પણ પોતાના અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર, અનંતતપ, અનંતવીર્યને અનંતધૈર્યના ષટ્‌ગુણનો વૈભવ હોવા છતાં ગંભીર બનીને સર્વશક્તિઓને પોતાનામાં સમાવી દે છે. વળી, લોકાલોકના જ્ઞાતા પરમાત્મા જગતના તમામ જીવોના ભાવને, અસંસ્કારને જોતાં હોવા છતાં તમામના દુર્ગુણને વિશાળતાથી ભૂલીને સર્વજીવો માટે સદ્‌ગુણી યાવત્ સિદ્ધાત્મા બનાવાનો માર્ગ પણ બતાવે છે. પ્રભુ સાધનાકાળમાં કે જીવનકાળમાં ગમે તે વ્યક્તિ કે ગમે તે ગતિના જીવો દ્વારા ઉપસર્ગોને પરિષહોને સહનશીલતાપૂર્વક સહન કરી સમતાભાવે કર્મક્ષય કરે છે.

અરે ! કદાચ સમુદ્રની સમૃદ્ધિ કે સ્થિતિને માપવા માટે વિજ્ઞાનનાં અવનવાં સાધનોથી કદાચ તેનો તાગ કાઢી શકાય પણ અપાર ગુણસમૃદ્ધિના ધારક ને અવ્યાબાધ - અક્ષયસ્થિતિના સ્વામી તેવા પરમાત્માને માપવા જ નહિ પણ પામવા પણ અતિદુષ્કર છે.

છતાં આચાર્યશ્રી ભાષાની નહિ પણ ભાવની મહત્તા સમજી આ સ્તોત્રની રચના કરવા માટે ઉદ્યમવંત બન્યા છે. સાથોસાથ આચાર્યશ્રીએ પોતાની માટે 'जडाशयोऽपि' શબ્દ વાપર્યો છે. અહો ! પરમાત્મા ! હું જડ - આશયવાળો... મારી દૃષ્ટિ આજ સુધી જડપદાર્થોની અંદર, જડબુદ્ધિમાં જ વપરાતી રહી છે. જડનો સહારો મૂકી ક્યારેય ચૈતન્ય તરફ દૃષ્ટિ કરી જ નથી. અનાદિકાળથી જડપદાર્થોને આધીન બનેલો જીવાત્મા ચૈતન્ય તરફ પુરુષાર્થવંત બન્યો જ નથી. જો જડની આસક્તિ છોડી જીવાત્મા ચૈતન્યના ચાહક બની જાય તો 'જડાશય' માંથી 'ચિદાશય' બની જાય માટે જ અહીં જડાશય શબ્દની સાથે 'अपि' શબ્દ પણ મૂક્યો છે. 'અપિ' શબ્દ મૂકી આચાર્યશ્રીએ બંને અવસ્થાનું પ્રદર્શન કર્યું છે કે જો જડાશય વ્યક્તિ પણ ભક્તિરસની અંદર ભીંજાઈને તરબોળ બની જાય તો ચિદાશયને જરૂર પામશેજ.

પ્રથમ શ્લોકથી જ આચાર્યશ્રીએ ભક્તિગાન કરતાં કરતાં ભિન્ન - ભિન્ન પ્રકારે પોતાની અનભિજ્ઞતા, નિર્બળતાને લઘુતા વારંવાર પ્રગટ કરે છે તે તેઓની મહાનતાનું દર્શન કરાવે છે. જુદી - જુદી ઉપમાઓ અને રૂપકો દ્વારા આચાર્યશ્રી પરમાત્માની મહાનતા અને તેઓની અનંતશક્તિનું વર્ણન કરે છે. વ્યક્તિ નમ્ર બની જેટલી વધારે લઘુતા ધારણ કરે છે એટલી તેની ભક્તિનો વિસ્તાર થાય છે અને તેનું હૃદય ભક્તિભાવથી ભરપૂર બનતું જાય છે. 'લઘુતામાં પ્રભુતા' આ ઉક્તિ પ્રમાણે આચાર્યશ્રી આ ભાવનું નિરંતર અવલંબન લઈ ભક્તિભાવ પ્રદર્શિત કરે છે.

ये योगनामपि न यान्ति गुणास्तवेश ।
वक्तुं कथं भवति तेषु ममावकाश:
जाता तदेवमसमीक्षित-कारितेयं,
जल्पन्ति वा निज-गिरा ननु पक्षिणोऽपि ।। ६ ।।

તારા ગુણો નવ કહી શકે નાથ યોગીજનો યે,
તે ગાવાને મુજમહિં કહો કેમ સામર્થ્ય હોયે ?
લાગ્યું એથી પગલું મુજ આ ભૂલવાળું કદાપિ,
બોલે છે યે નિજવચનથી પક્ષીઓ રે તથાપિ.

● **<u>શબ્દાર્થ :-</u>**

યે - જે, યોગિનામપિ - યોગી પુરુષોને પણ, ન યાન્તિ વક્તું - કહી શકતા નથી, તવ - આપના, ગુણા :- ગુણો, ઈશ - હે પ્રભુ, કથં - કેવી રીતે, ભવતિ - થાય, તેષુ - તે વિષયમાં, મમાવકાશ :- મારો અવકાશ, જાતા - થઈ, તદેવમ્ - તેથી આ પ્રમાણે, અસમીક્ષિતકારિતા - વિચાર્યા વિનાની, ઈયમ્ - આ સ્તુતિ, જલ્પન્તિ - બોલે છે, વા - અથવા, નિજગિરા - પોતાની વાણી, ननु - ખરેખર, પક્ષિણોડપિ - પક્ષીઓ પણ.

● **<u>ભાવાર્થ :-</u>**

હે, પ્રભુ ! આપના ગુણોનું કથન યોગી પુરુષો દ્વારા પણ થઈ શકતું નથી, અર્થાત્ યોગીપુરુષો માટે પણ આપના ગુણો અકથ્ય છે, તો પછી મારો તો એમાં અવકાશ જ ક્યાં છે? તેથી સારું આ સ્તુતિ કાર્ય વગર વિચાર્યું જણાય છે. પરંતુ જેમ પક્ષીઓ મનુષ્યોની ભાષા બોલવા અસમર્થ છે, છતાં તે પોતાનો ભાવ જણાવવા પોતાની ભાષામાં બોલતાં નથી ?

● **<u>વિવેચન :-</u>**

આચાર્યશ્રી પ્રથમ પાંચ શ્લોકોમાં પ્રભુભક્તિ કરવા માટેની પોતાની અસમર્થતા દર્શાવ્યા બાદ આ છઠ્ઠા શ્લોકમાં હજુ પણ મનમાંથી સંદેહ જતો નથી તેથી ફરી ફરી પોતાના પ્રભુસ્તુતિ કરવા પાછળની અસમર્થતા બતાવે છે. છતાં હવે પોતે વિચારે છે... કે મને ખબર છે કે આ સ્તુતિ રચવાનું કાર્ય અણવિચાર્યું છે છતાં હવે મારા હૃદયમાં ઊછળતો ભક્તિનો વેગ હું રોકી શકું તેમ નથી. શ્લોકની શરૂઆતમાં જ આચાર્યશ્રીએ "યોગિનામપિ" - યોગીપુરુષો પણ - "અહો ! પરમતારક 'પાર્શ્વનાથ પરમાત્મા ! આપના ગુણોનું વર્ણન તો યોગી પુરુષો પણ કરી શકતા નથી. યોગી શબ્દ દર્શાવ્યો છે. તો પ્રથમ તો યોગી કોણ ? યોગી શબ્દપ્રયોગ કરવા પાછળ એક આધ્યાત્મિક રહસ્ય પણ જણાય છે. અત્રે આચાર્યશ્રી 'વિદ્વાન' શબ્દ ન મૂકતાં

'યોગી' જ કેમ પ્રયોજ્યો ?(૭) પ્રભુના ગુણોનું વર્ણન તો કદાચ બુદ્ધિવાન અને વિદ્વાન પણ કરી શકે તેમ નથી તેમ બતાવવા વિદ્વાનને બદલે યોગી જ કેમ ? કારણ એમ વિચારી શકાય કે યોગી અને વિદ્વાન બંનેમાંથી એક સાધનાના માર્ગે આત્મગુણોનો વિકાસ કરે છે જ્યારે બીજામાં બૌદ્ધિક સંપદાનો જ વિકાસ છે. જેઓ યોગોનું અવલંબન લઈને સાધના દ્વારા પોતાના આત્માની નિર્મળતા પ્રગટાવી નિર્મળ બને છે ત્યારે તે પરમાત્માના ગુણોનું વર્ણન કરી શકે છે. યોગી એટલે મન, વચન અને કાયાના યોગને સંયમિત કરી આત્મદશાની ઉચ્ચ અવસ્થાએ બિરાજીત જીવો કે જેઓ એના ત્રણેય યોગ બાહ્યભાવથી દૂર ખસી માત્રને માત્ર આત્મસ્વરૂપની ચિંતવના કરવામાં જ જોડાયેલા હોય. આવા યોગી આત્મા પરમાત્માને પામવા, પરમાત્મા સ્વરૂપમય બનવા પુરુષાર્થશીલ બનતાં એક જ ભાવમાં - એક જ ચિંતવનામાં રમણતા કરે કે, "હે પ્રભો ! બુદ્ધિની તીક્ષ્ણતા કે બુદ્ધિની વૃદ્ધિથી નહીં પણ યોગોની શુદ્ધિ અને ત્રિયોગની નિર્મળતાથી મારામાં સન્માર્ગની સમજ આવે કે જેના વડે સન્માર્ગે ચાલીને સત્વ પામી શકાય. મનયોગની એકાગ્રતા વડે મન સુમન બની અમન એટલે કે ઈચ્છારહિત અને વિચારરહિત નિર્વિકલ્પ બને... સંબુદ્ધપદની પ્રાપ્તિ થાય.. મન યાને ચિત્ત સ્થિર શ્રી ચિદ્રૂપે પરિણમે. વચનયોગની નિર્મળતા એવી પ્રગટો કે વાણીમાં નિરાગ્રહતા, વ્યાપકતા, વિશાળતા, અનેકાન્તતાને અંતે વીતરાગતા આવે ને કાયયોગની અર્પણતા, સમર્પણતા, સ્વાર્પણતા અને સર્વાર્પણતા એ ન્યોચ્છાવરીના એક પછી એક ઉત્તરોત્તર પગથિયાં પકડી એકાકાર બની શૂન્યાકાર બની સર્વાકાર ભણી જઈ શકાય. આવા યોગોમાં વિશુદ્ધ રીતે રમણતા કરનાર યોગીઓનું મુખ્ય કાર્ય પ્રભુ સાથે ઐક્યભાવ જોડીને સંસારથી અલિપ્ત ને ભવચક્રથી મુક્ત બનવાનું છે. આવા ભાવમાં રમનાર યોગીઓ પણ પ્રભુના ગુણોનું યથાર્થ રીતે વર્ણન કરવામાં સફળ થઈ શકતા નથી. અરે ! ભૌતિક લબ્ધિ ને અપાર શક્તિવાળા ઈન્દ્રો પણ હજાર જીભ વડે પ્રભુના ગુણોનું વર્ણન યથાથ વર્ણવી શકતા નથી તેવું આગળ આચાર્યશ્રી એ વર્ણવ્યું... જો અપાર લબ્ધિને શક્તિયુક્ત કેવળી પણ ગુણવૈભવ વર્ણવી ન શકે તો, આ શ્લોકમાં કહે છે આત્મવૈભવ ઈચ્છુક યોગીઓ પણ વર્ણવી શકે તેમ નથી. આવું વિચારી આચાર્યશ્રી ફરી વિચારે ચઢ્યા છે કે, 'જો કેવળીઓ ને યોગીપુરુષો પણ યથાર્થ રીતે પ્રભુગુણને વર્ણવી શકે તેમ નથી તો મારી અલ્પશક્તિથી હું આપના ગુણોનું વર્ણન કઈ રીતે કરી શકીશ? સ્વશક્તિ કરતાં મોટું કાર્ય હાથમાં લેવામાં આવે તો તે કાર્ય પંડિતજનોનું નહિ પરંતુ મૂર્ખજનોનું છે. કારણ કે વિદ્વાનો અને પંડિતોનું લક્ષણ છે કે તેઓ પોતાની શક્તિ અને મર્યાદાનો ખ્યાલ કરીને જ કાર્યોનો આરંભ કરે છે. યોગીપુરુષો પણ આ કાર્ય પાર પાડી શક્યા નથી. તે પ્રભુની સ્તુતિ કરવાનું કાર્ય કરવા હું પ્રવૃત્ત થયો છું. છતાં પ્રભુની રોમેરોમ પ્રગટેલી ભક્તિમાં એવી શક્તિ છે કે મને આ સ્તુતિ કરવા બોલાવી રહી છે.

આચાર્યશ્રી પોતાના આ નિર્ધારને સમર્થન કરે એવું એક સુંદર દૃષ્ટાંત કુદરતના ખોળે રમતાં પંખીઓ પાસેથી મેળવી લે છે. તેઓ પ્રભુને જ પ્રશ્ન કરે છે કે શું મનુષ્યની ભાષાથી અજાણ હોવા છતાં પક્ષીઓ પોતાના ભાવની અભિવ્યક્તિ માટે પોતાની જ ભાષામાં મનુષ્યને સમજાવવાનો પ્રયત્ન કરતાં નથી ? મનુષ્ય પક્ષીની ભાષાને સમજી શકતા નથી છતાં પક્ષીઓ પોતાના ભાવનો આનંદ મધુર કલરવ કરીને વ્યક્ત કરતાં જરા પણ અચકાટ કે ખચકાટ

અનુભવતાં નથી. પોતાને સામાન્ય પક્ષીઓ સાથે સરખાવી પ્રખર પંડિત આચાર્યશ્રી પોતાનો સંકલ્પ પૂરો કરવા પ્રયત્નશીલ બન્યા છે. પક્ષી પોતાના ભાવ દર્શાવ્યા માટે પ્રયત્ન કરે જ છે તેમ હું પણ પ્રભુ તમારી સમક્ષ મારા મનોભાવ - ભક્તિભાવ દર્શાવીને જ રહીશ.

હવે, આચાર્યશ્રી પોતાનો મનોબળને સંકલ્પબળ મજબૂત કરી પોતાની અલ્પતા, અસમર્થતા અને મનની મૂંઝવણોને મૂકીને ભગવત્દશા મેળવવાની પૂર્વભૂમિકા રૂપે તથા પ્રભુના નામનો, સ્મરણનો મહિમા દર્શાવતા સાતમા શ્લોકમાં પોતાના ભાવની અભિવ્યક્તિ કરે છે.

आस्तामचिन्त्-महिमा जिन :? संस्तवस्ते
नामा-ऽपि पाति भवतो भवतो जगन्ति ।
तीव्रातपोपहतपान्थ-जनान्निदाघे
प्रीणाति पद्म-सरसः सरसोऽनिलोऽपि ।। ७ ।।

દૂર રાખો સ્તવન પ્રભુજી આપનાં એકધારાં,
રક્ષાયે છે મનુજ સઘળા નામથી આપકેરાં;
ઉનાળાના સખત તડકે પાંથિકો તાપતાંને,
આપે શાંતિ કમળસરનો વાયરો યે બધાને.

● **<u>શબ્દાર્થ :-</u>**

જિન :- હે જિનેશ્વર, આસ્તામ્ - દૂર રહો, અચિન્ત્યમહિમા - અચિન્ત્યમહિમાવાળી, સંસ્તવ - સ્તુતિ, તે - આપની, નામાપિ - નામ પણ, પાતિ - રક્ષણ કરે છે, ભવતો - આપનું, ભવત :- સંસારથી, જગન્તિ - જગતના જીવોને, તીવ્રતપોપહત - તીવ્ર પાપથી સંતપ્ત, પાન્થજનાન્ - પથિકજનોને, નિદાઘે - ગ્રીષ્મઋતુના, પ્રીણાતિ - સંતુષ્ટ કરે છે, પદ્મસરસ :- પદ્મસરોવરના, સરસ : અનિતલ : - પાણીનાં બિંદુથી યુક્ત પાવન, અપિ-પણ.

● **<u>ભાવાર્થ :-</u>**

હે જિનેશ્વર ! આપનું અચિન્ત્ય મહિમાવાન સંસ્તવનું કથન તો દૂર રહો, પરંતુ આપનું નામસ્મરણ પણ આ વિશ્વના જીવોને ભવભ્રમણમાંથી બચાવી લે છે. જેમ ગ્રીષ્મઋતુના પ્રચંડ તાપથી સંતપ્ત થયેલા પથિકોને શીતલતા આપનારા પદ્મસરોવર તો દૂર રહો, પરંતુ તેના ઉપરથી પસાર થઈને આવતી શીતલ પવનની લહર પણ પ્રાણીઓને શીતલતા આપી સંતુષ્ટ કરે છે.

● **<u>વિવેચન :-</u>**

આચાર્યશ્રી આચાર્યશ્રી પ્રભુસ્તુતિ ને પ્રભુભક્તિ દ્વારા આત્માનો પરમાત્મા સાથે સેતુ બાંધવા પ્રયત્નશીલ બન્યા છે, ત્યારે આ શ્લોકમાં પ્રભુની સ્તુતિ કે સ્તવનોનું ગાન કે પ્રભુની પૂજા - અર્ચના કરતાં પણ ફક્ત પ્રભુના નામનું સ્મરણ પણ કેવી તાકાત ધરાવે છે, તેની વાત કરી છે. ભવોભવના ચક્રમાંથી છૂટવા માટે પ્રભુના નામનું ઉલ્લસિત - ભાવથી અને અહોભાવથી સ્મરણ પણ સામર્થ્ય ધરાવે છે.

ભવચક્રથી છૂટવા માટે પરમાત્માના નામનું સ્મરણ એ પ્રથમ ઉપાસના છે. પ્રભુની સ્થાપનાની ઉપાસના તો જ્યારે મંદિરમાં પ્રતિમા સામે બેસી ત્યારે જ શક્ય છે, પણ પ્રભુના નામસ્મરણની ઉપાસના તો ચોવીસે કલાક શક્ય છે. દિવસ દરમ્યાન સતત પરમાત્માનું સાન્નિધ્ય સંપ્રાપ્ત કરવાનો અમોઘ ઈલાજ છે નામસ્મરણ.... ઉપાસ્ય દેવને યાદ કરવા, પાર્શ્વ દેવનું નામ બોલવું, ઉપાસ્યદેવના નામનું રટણ કરવું કે જપ કરવો તેને નામસ્મરણ કહેવામાં આવે છે. ને પ્રભુના નામસ્મણનો અદ્‌ભુત પ્રભાવ દેખાડવા માટે મહાન સંતુપુરુષ કબીરજીએ પોતાની વાણીમાં કહ્યું છે કે -

"સુમિરન સે સુખ હોત હૈ, સુમિરન સે દુઃખ જાય,
કહે કબીર સુમિરન કિયે... સાઈ માંહિ સમાય."

નામસ્મરણથી સુખ એટલે નિજસ્વરૂપાનંદની પ્રાપ્તિ થાય છે અને દુઃખ એટલે જન્મ, જરા તથા મરણનો નાશ થાય છે. કબીર કહે છે કે, (સાંઈનું) - ભગવાનનું નામ સ્મરણ કરવાથી છેવટે તેમાં ભળી જવાય છે. વળી, પ્રભુનું નામસ્મરણ કેવી રીતે - ક્યાં કરવું તે સંદર્ભમાં કબીરજી આગળ કહે છે કે -

"સુમરન કી સુધિયોં કરો, જ્યોં ગાગર પનિહારી !
હાલે ડોલે સુરતિ મૈં, કહેં કબીર વિચારી."

કબીરજી કહે છે - જેવી રીતે પનિહારી રસ્તામાં ચાલતાં, ડોલતાં તથા બહેનપણીઓ સાથે વાત કરતાં પોતાનું લક્ષ માથે લીધેલાં બેડાં ઉપર રાખે છે, તેવી રીતે તમે દુનિયાનો વ્યવહાર ચલાવવા છતાં તમારું લક્ષ ભગવાનના નામસ્મરણમાં રાખો તો તમારો જરૂર ઉદ્ધાર થશે.

પ્રભુના નામસ્મરણમાં કેવી તાકાત છે, તેનો પ્રભાવ વર્ણવવા માટે આચાર્યશ્રી જનમાનસ જલદી સમજી શકે તેવી પરિસ્થિતિનું વર્ણન કર્યું છે. આ પરિસ્થિતિ બતાવવા પાછળ તેમનો હેતુ અને દૃષ્ટાંત દ્વારા સમજી શકાય તેમ છે. ગરમીનો સમય... મધ્યાહ્નનો સમય, પ્રચંડ તાપ રેલાવતો સૂર્ય પોતાનાં તેજકિરણોથી ખૂબ ગરમી ફેંકતો હોય... તેવા સમયે કોઈ વ્યક્તિ માર્ગ પરથી પસાર થઈ રહ્યો હોય ! સખત તાપમાં મુસાફર બનેલો વ્યક્તિ અગ્નિ ઝરતી લૂ અને માથા પર આવતાં તીવ્ર તાપથી પરેશાન હોય, ખૂબ તૃષા લાગી હોય ને આવા સમયે ચાલતાં - ચાલતાં તે એક પદ્‌મ સરોવરની નજીક આવ્યો, કે જે સરોવરમાં સુંદર તેવાં કમળો ખીલેલાં છે. ને આ પદ્‌મ પરોવર પર થઈ આવતો પવન દાહકતાને બદલે શીતલતાનો સ્પર્શ કરાવે છે. તે હવા કેવી હતી ? તે બતાવવા આચાર્યશ્રી "સરસઃ" શબ્દ પ્રયોગ કરે છે. તેના બે અર્થ થાય છે. (૧) સર + સઃ - શીતળ જળથી ભરેલું સરોવર અને (૨) સ + રસઃ - જળના સ્પર્શથી શીતળ બનેલો પવન. નદી, તળાવ, ઝરણાં કે સરોવર પર થઈ પસાર થતાં પવનમાં જલકણ

ભરેલા હોય છે ને તે શીતલ અને ઠંડકયુક્ત લાગે છે. અહીં, પદ્મસરોવર પર થઈ આવતો પવન પણ શીતળતાયુક્ત છે. માટે, તે સમયે કાળઝાળ ગરમીનો અનુભવ કરતો મુસાફર આવા પવનના સ્પર્શમાત્રથી પ્રસન્ન થઈ જાય છે ને થોડા સમય માટે પણ અલ્પ આનંદનો અહેસાસ કરે છે.

આ પરિસ્થિતિ વર્ણવી આચાર્યશ્રી જણાવે છે કે, કમળતળાવ પર થઈ આવતો પવન અસહ્ય ગરમી-તાપથી દાઝતાં મુસાફરને જેમ શાતાનો અને શીતળતાનો અનભુવ કરાવે છે તેમ પ્રભુનું નામસ્મરણ સંસારના અસહ્ય તાપથી દાઝતા જીવને માટે શાતા ને શીતલતાનો અનુભવ કરાવનાર છે. તાપ શબ્દનો એક અર્થ ગરમી છે પણ બીજો અર્થ તાપનો તનાવ પણ થાય છે! સંસારી દરેક વ્યક્તિ કોઈને કોઈ તનાવમાં કે સંતાપમાં જીવતો હોય છે. સમયે - સમયે સમસ્યાઓને મિનિટે-મિનિટે મૂંઝવણો અનુભવતો માનવી પ્રભુ નામસ્મરણ કરવાથી ઉકળાટ અને ઉપાધિમય વાતાવરણમાં શાંતિ મેળવી શકે છે.

આ શ્લોકમાં આચાર્યશ્રીએ પરમાત્મા માટે "જિન" શબ્દ પ્રયોગ કર્યો છે. જે જિતે, જય પામે, વિજયી થાય, તે જિન કહેવાય. વિશેષ રીતે અર્થ કરતાં કહીએ તો જે રાગ-દ્વેષાદિ અંતરંગ શત્રુઓ સામે લડીને તેમાં જિત મેળવે, જય પામે, વિજયી થાય તે જિન કહેવાય.

બાહ્ય શત્રુઓ એટલે મનુષ્યો, પશુઓ વગેરે સામે લડીને વિજયી થવું, એ સહેલું છે. પણ અંતરંગ શત્રુઓ સામે લડીને વિજયી થવું, એ કઠિન - ઘણું કઠિન છે. લડાઈના મેદાનમાં એક પછી એક સેંકડો સુભટો સામે લડનારો અને તેમને મહાત કરીને યશઃ પુંજ પ્રાપ્ત કરનારો રાગદ્વેષાદિ અંતરંગ શત્રુઓ આગળ ઝૂકી પડે છે અને તેનો તાબેદાર સેવક બની જાય છે. બાહ્ય શત્રુઓ સામે લડવામાં મુખ્યત્વે શારીરિક બળ અને ઝનૂનની જરૂર પડે છે, જ્યારે અંતરંગ શત્રુઓ સામે લડવામાં ઉચ્ચ પ્રકારની સમજ સાથે વૈરાગ્ય - ત્યાગ આદિ મહાનગુણોની અપેક્ષા રહે છે, એટલે અંતરંગ શત્રુઓને જિતનારનું સ્થાન ઘણું ઊંચું મનાયેલું છે. આ સંદર્ભમાં - જૈનાગમ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૯માં અધ્યાયમાં કહ્યું છે કે -

जो सहस्सं सहस्साणं, संगामो दुज्जए जिए ।
एगं जिणेज्ज अप्पाणं, एस से परमो जओ ।।
अप्पाणमेव जुज्झाहि, किं ते जुज्झेण बज्झओ ।
अप्पाणमेव अप्पाणं, जइता सुहमेहुए ।।

'એક મનુષ્ય દુર્જય સંગ્રામમાં દશ લાખ શત્રુઓને જિતે, તે કરતાં તે પોતાના આત્માને જિતે, એ શ્રેષ્ઠ વિજય છે. હે પુરુષ ! તું આત્માની સાથે જ યુદ્ધ કર. બહારના શત્રુઓ સાથે શા માટે લડે છે ? આત્મા વડે આત્માને જીતવાથી સાચું સુખ મળે છે.'

જે મહાપુરુષો આ જાતની સમજ કેળવીને સંયમ સાધના કે યોગસાધનાનો સ્વીકાર

કરતાં અને કામક્રોધાદિ પર જય મેળવીને જ્ઞાનની વિશિષ્ટ ભૂમિકાએ પહોંચતા, તે બધાને માટે જૈનશાસ્ત્રોમાં 'જિન' શબ્દનો પ્રયોગ થયેલો છે. અર્હત્ કેવલી માટે આ શબ્દનો વિશેષ પ્રયોગ થતાં તે અર્હત્ના અર્થમાં રૂઢ બનેલો છે.

વૈદિક સાહિત્યમાં વિષ્ણુને 'જિન' કહેવામાં આવ્યાં છે અને બૌદ્ધ સાહિત્યમાં બુદ્ધને 'જિન' કહેવામાં આવ્યાં છે પણ જૈનધર્મમાં જિન શબ્દ અતિ માનવંતો બન્યો, ત્યાર પછી અનુકરણરૂપે ત્યાં, એ શબ્દપ્રયોગ થયેલો છે.

સમસ્ત આર્યસંસ્કૃતિમાં 'જિન' શબ્દ કેટલો ગૌરવવંતો હતો, તેનો ખ્યાલ યોગવાશિષ્ઠના વૈરાગ્ય પ્રકરણમાં આવતા નીચેના શ્લોક પરથી આવી શકશે :

नाहं रामो न मे वाञ्छा, भविषु च न मे मनः ।
शान्त आसितुमिच्छामि, स्वत्मन्येव जिनो यथा ।। (૮)

"હું રામ નથી, મને કોઈ પ્રકારની ઈચ્છા નથી, ભવો એટલે વિષયોમાં મારું નામ ચોંટતું નથી. હું તો જિનની માફક મારા આત્મામાં જ શાંતિથી રહેવા ઈચ્છું છું."

અહીં આચાર્યશ્રી પણ આવા જ 'જિન'ના નામસ્મરણની મહત્તા દર્શાવી છે. શ્રીમદ્ ભાગવત ગીતામાં પણ નામસ્મરણની મહત્તા દર્શાવતા કહ્યું છે કે -

"नाम संकीर्तनं यस्य सर्वपापप्रणाशनम् ।" (૯)

અર્થાત્ નામસ્મરણ - નામ સંકીર્તન સર્વ પાપને પ્રજાળે છે અને પ્રભુને પ્રગટ કરે છે.

નામનો મહિમા વ્યાસજીથી લઈ સંત તુલસીદાસજી પર્યંત સૌએ ગાયો છે. રામ કરતાં રામના નામનો વિશેષ પ્રભાવ સંતોએ કહ્યો અને અનુભવ્યો છે...

કહૌં કહાં લાગે રામ નામ બડાઈ ।
રામુ ન સકહિં નામ ગુન ગાઈ ।।
(બા. ૨૫, ૨૬)

આલોચ્ય સર્વશાસ્ત્રાણિ વિચાર્ય ચ પુનઃ પુનઃ ।
એક મેવ સુનિષ્પન્નં, હરિનામૈવ કેવલમ્ ।।

"સર્વશાસ્ત્રોનું મંથન કર્યા પછી, વારંવાર વિચાર કર્યા પછી ઋષિ-મુનિઓને જે એક સત્ય લાગ્યું તે ભગવત્ નામ."

મહાન આચાર્યશ્રી માનતુંગસૂરિજીએ પણ 'ભક્તામર સ્તોત્ર'ની નવમી કડીમાં આ જ ભાવની સમાનતા કરતો નામસ્મરણનો મહિમા દર્શાવતો ભાવ રજૂ કર્યો છે કે આપનું સ્તવન તો દૂર, આપની કથા પણ લોકોનાં દુઃખોને નષ્ટ કરનારી છે.

"આસ્તાં તવ સ્તવનમસ્ત સમસ્ત દોષં ।
ત્વત્ સંકથાડપિ જગતાં દુરિતાનિ હન્તિ ॥"

મહર્ષિ નંદિષેણે 'અજિત-શાંતિ-સ્તવ' માં કહ્યું છે કે -

अजियजिण ! सुहप्पवत्तणं, तव पुरिसुत्तम नामकित्तणं ।
तह य धिइमह - च्चवत्तणं, तव य जिणुत्तम संति कित्तणं ॥

'હે પુરુષોત્તમ અજિતનાથ ! તમારું નામ-કીર્તન શુભને પ્રવર્તાવનારું છે, તેમજ ધૃતિ અને મતિને આપનારું છે. હે જિનોત્તમ શાંતિનાથ ! તમારું નામ-કીર્તન પણ એવું જ છે.'

આમ, આ શ્લોકમાં પરમાત્માના નામસ્મરણનો મહિમા દર્શાવ્યો છે. સ્તવન કે નામ જપરૂપી સરળ માર્ગથી પણ અનુપમ લાભ મળી શકે છે.

हृद्वर्त्तिनि त्वयि विभो ! शिथिलीभवन्ति
जन्तोः क्षणेन निबिडा अपि कर्म-बन्धाः ।
सद्यो भुजङ्गममया इव मध्य-भाग-
मभ्यागते वन-शिखण्डिनि चन्दनस्य ॥ ८ ॥

જ્યારે જ્યારે હૃદયમહિં હો નાથજી લોકકેરા,
ત્યારે ત્યારે શિથિલ બનતા જન્મના સર્વફેરા;
જ્યારે આવે મયૂર વન શ્રીખંડના મધ્યભાગે,
ત્યારે સર્પો ઝટપટ છૂટી આમ ને તેમ ભાગે.

● **<u>શબ્દાર્થ :-</u>**

વિભો - હે વિભુ, હૃદયવર્તિનિ - હૃદયમાં, ત્વયિ - તમારા, શિથિલીભવન્તિ - શિથિલ થઈ જાય છે, જંતો :- જીવોના, ક્ષણેન - ક્ષણવારમાં, નિબિડા - ગાઢ, અપિ - પણ, કર્મબંધા :- કર્મબંધન, સદ્ય :- તત્કાળ, ભુજંગમમયા ઈવ - સર્પની જેમ, મધ્યભાગમ્ - મધ્યભાગે, અભ્યાગતે - આવે ત્યારે, વનશિખંડિર્નિ - વનમયૂરો, ચંદનસ્ય - ચંદનનાં વૃક્ષોની.

● **<u>ભાવાર્થ :-</u>**

હે વિભો ! જ્યારે આપ ભક્તોનાં હૃદયમાં બિરાજમાન થાઓ છો ત્યારે તેનું ગાઢ કર્મબંધ પણ શિથિલ થઈ જાય છે. જે રીતે વનના મયૂરો ચંદન વૃક્ષની વચ્ચે જાય છે ત્યારે ચંદનવૃક્ષો પર વીંટળાઈને રહેલા સર્પનાં ગાઢ બંધન તત્કાળ શિથિલ થઈ જાય છે. અર્થાત્ તે સર્પ મયૂરના આવવા પર ચંદનવૃક્ષને છોડીને દૂર ચાલ્યા જાય છે.

● **<u>વિવેચન :-</u>**

આ શ્લોકના પ્રારંભમાં જ આચાર્યશ્રીએ મનુષ્યના મર્મસ્થાનસમા હૃદયનો ઉલ્લેખ કરતાં 'હૃદયવર્તિનિ' શબ્દ પ્રયોજ્યો છે. પ્રભુ જ્યારે માનવહૃદયમાં પ્રતિષ્ઠિત થાય ત્યારે કર્મબંધ આપોઆપ શિથિલ થઈ જાય છે. પરંતુ હૃદયમાં પ્રભુની પ્રતિષ્ઠા થાય ક્યારે ? જ્યારે પામર તેવો વ્યક્તિ પરમાત્મસ્વરૂપમાં, જીવ જ્યારે શિવસ્વરૂપમાં એકાત્મકતા સાધે ત્યારે જ તેના હૃદયમાં પરમાત્મા સ્થાપિત થઈ શકે. વ્યક્તિના હૃદયમાં પ્રભુ પદાર્પણ માટેની પ્રથમ શરત છે તાદાત્મ્યભાવ, એકાત્મકતા સ્થાપિત કરવાની. જો એકાત્મકતા ન સધાય તો પ્રભુ હૃદયમાં ક્યારેય ન પ્રવેશી શકે. પાર્શ્વપ્રભુમાં જે વિશેષતા છે તે વિશેષતાઓમાં સ્તોત્રકાર આચાર્યશ્રી સિદ્ધસેન જો એકાત્મક ન થયા હોત તો આવી હૃદયપૂર્વકની ભાવાત્મક સ્તુતિ પણ ન કરી શકત.

ધ્યાનનો એક પ્રયોગ છે તન્મય ધ્યાન, જ્યારે વ્યક્તિ બીજી વ્યક્તિના ગુણોથી આકર્ષિત બની તે ગુણો કે વિશેષતાઓ પોતાનામાં પ્રગટ કરવા ઈચ્છતો હોય તો તેને તાદાત્મયતા પ્રકટાવવી પડે અને જ્યારે આવી તન્મયતા કે તાદાત્મયતા પ્રગટે વ્યક્તિ હૃદયમંદિરમાં પ્રવેશ્યા વિના રહે નહીં. અહીં, કલ્યાણના મંદિર સુધી પહોંચવા માટે હૃદયમંદિરમાં પરમાત્માની પધરામણી અતિ આવશ્યક છે. માટે જ, આચાર્યશ્રી પ્રથમ શબ્દ "હૃદયવર્તિની" - હૃદયમાં બિરાજમાન થવાની વાત કરી છે ને પરમાત્માને 'વિભુ' સંબોધનથી સંબોધે છે. 'વિભુ' એટલે પ્રકાશિત કરનાર. જ્યાં અંધકાર છવાયો હોય ત્યાં પ્રકાશ પાથરે તે વિભુ. સાધ્વીજી ડૉ. દિવ્યપ્રભાજી જણાવે છે કે, "વિભુ એટલે વ્યાપક, આપ આપનાં અનંત જ્ઞાન અને દર્શન દ્વારા સૃષ્ટિલોકમાં વ્યાપ્ત છો."(૧૦)

विभाति परमेश्वर्येण शोभत इति विभु । - જે પરમ ઐશ્વર્યથી શોભે છે તે વિભુ. આ ઐશ્વર્ય એટલે માત્ર બાહ્ય રૂપ - દેખાવ કે દેવતાઈ રિદ્ધિ-સિદ્ધિનું જ નહિ, પરંતુ આંતરિક દુર્ગુણોનો નાશ કરી ક્રોધાદિ કષાયો ને ષડ્રિપુઓના છેદ દ્વારા આંતરિક પરમ ઐશ્વર્યથી શોભતા વિભુ... જે આવા વિભુનું શરણ જ, આવા વિભુની ઉત્કૃષ્ટ ભાવયુક્ત ભક્તિ જીવાત્માના કર્મબંધને શિથિલ કરી શકે છે. અહીં, આચાર્યશ્રીએ જગતજીવોને 'જંતુ' કહ્યા છે. જેટલા પણ મોહાધીન પ્રાણીઓ છે તે બધાં એક 'જંતુ' જેવાં છે. જેઓને જ્ઞાનદૃષ્ટિ પ્રાપ્ત થઈ નથી તે મનુષ્ય હોવા છતાં પણ એક જંતુ સમાન છે. ભોગાત્મક જીવ પશુ હોય કે મનુષ્ય - ત્યાં સુધી તેમની વચ્ચે કોઈ જ તફાવત નથી જ્યાં સુધી જ્ઞાનપર્યાયનો ઉદ્ભવ ન થાય. જંતુનો અર્થ છે - કર્માધીન પરાસ્ત જીવ. પણ, આવા જંતુ સમાન જીવો અર્થાત્ કર્મના ભારથી દબાયેલા જીવોના હૃદયમાં જો પ્રભુ બિરાજીત થઈ જય તો કર્મના દળને ઢીલા થયા વગર છૂટકો નથી. કર્મબંધ બે પ્રકારના છે : પાપકર્મઅને પુણ્યકર્મ. જીવ જ્યારે અશુભભાવોમાં - ક્રોધાદિ કષાયભાવોમાં રમણતા કરે છે ત્યારે અશુભકર્મ અર્થાત્ પાપકર્મ બંધાય છે ને જ્યારે જીવનાં પરિણામો કષાયાદિ પરિણામોથી રહિત થઈ શુદ્ધ અધ્યવસાય હોય ત્યારે પુણ્યકર્મનો બંધ થાય છે. જ્યારે પ્રભુનો હૃદયમાં પ્રવેશ થાય છે ત્યારે અશુભકર્મોનો ક્ષય થાય છે ને પુણ્યકર્મોમાં વૃદ્ધિ થતાં નિબીડ કર્મો શિથિલ થાય છે. કર્મની બે અવસ્થાઓ છે : ક્ષયની અવસ્થા અને શિથીલકરણની અવસ્થા. કર્મક્ષય કરવા માટે પહેલાં તો કર્મને શિથિલ કરવાં પડે છે. કર્મને સીધા સમાપ્ત કરવા ઈચ્છીએ પણ કર્મો સીધાં સમાપ્ત થતાં નથી. શિથિલ, ઢીલાં કરવા પડે છે માટે જ અહીં, આચાર્યશ્રી સિદ્ધસેનજી કહી રહ્યા છે, "પ્રભો ! આપ જ્યારે મારા હૃદયમાં પ્રતિષ્ઠિત છો તો પછી મારે ક્યાં કંઈ કરવાની જરૂર છે ? બસ, મારા હૃદયમાં આપનું પદાર્પણ થતાં જ કર્મો ઢીલાં પડવાની શરૂઆત કરશે."

આ બાબતને સમજવા જ્યારે કવિ દૃષ્ટાંત યા ઉપમાથી કહે છે કે, ચંદનવનમાં ચંદનની સુગંધથી આકર્ષાઈને આવેલા સર્પો, ચંદનની સુગંધ તથા ઠંડક પામવા માટે તે વૃક્ષને ભરડો દઈને પડ્યા રહે છે, અને વૃક્ષને અનેક પ્રકારે કષ્ટ કરે છે. પરંતુ એ વનમાં જ્યારે મોરલા પ્રવેશ કરે છે ત્યારે તેનો ટહુકાર કે પવિત્રતા સહન ન કરી શકવાથી વૃક્ષને ભરડો થઈ બેઠેલા સર્પો

ત્યાંથી તત્ક્ષણ અન્યત્રે ચાલ્યા જાય છે. અહીં, આત્માની ઉપમા ચંદનવૃક્ષથી છે અને પરમાત્માને મયૂરની ઉપમાથી ઉપમિત કરે છે, તેમજ કર્મબંધનની સર્પબંધન સાથે તુલના કરી છે. પરમાત્મા આત્મપ્રદેશોમાં પ્રગટ થતાં સ્વયં કર્મબંધ ક્ષણમાત્રમાં વિલીન થાય છે. આ રીતે ઉપમા અલંકારનું અવલંબન લઈને કાવ્યની શોભામાં અભિવૃદ્ધિ કરેલ છે.

અહીં આત્મા એ ચંદનવૃક્ષ સમાન છે, તે ગમે તે સંયોગોમાં એમ જ રહે છે - ચાહે સર્પરૂપી કર્મસર્પો ભરડો લે તો પણ તે પોતાની સુગંધ કે ઠંકડનો ત્યાગ કરતો નથી.

સર્પ અને મયૂરના ગજગ્રાહની વચ્ચે ચંદનવૃક્ષ અલિપ્ત રહે છે. ચંદનવૃક્ષ કોઈને નથી તો આમંત્રણ આપતું કે નથી તો તિરસ્કાર કરતું, તેમ જીવ પોતાના ભાવાનુસાર બંનેને નિમિત્ત આપે છે. આત્મા ચંદનવૃક્ષ સમાન છે. તેના પર મિથ્યાત્વાદિ અનેક કર્મો આત્માની વિભાવ અવસ્થામાં સર્પની જેમ તેને ચિટકી જાય છે. પણ મયૂરરૂપ પ્રભુને હૃદયમાં સ્થાપિત કરતાની સાથે તે નાશવા લાગે છે. હવે, હૃદયમાં પ્રભુને સ્થાપિત કરી કર્મરૂપ સર્પોને કેમ ભગાડવા તે આત્માના સ્વયંના પુરુષાર્થ પર આધીન છે.

આમ, પ્રસ્તુત શ્લોકમાં આચાર્યશ્રી જીવાત્માના કર્મના ભારથી મુક્ત બનવા માટે એકદમ સરળને સહજ માર્ગ બતાવતાં હૃદયમાં પ્રભુની પધરામણીનો મંગલ સંદેશ આપે છે.

मुच्यन्त एव मनुजाः सहसा जिनेन्द्र !
रौद्रैरुपद्रवशतैस्त्वयि वीक्षितेऽपि ।
गो-स्वामिनि स्फुरित-तेजसि दृष्टमात्रे,
चौरैरिवाशु पशवः प्रपलायमानैः ॥ ९ ॥

સંતાપે જો જગત જનને ખેદ કે દુઃખતાપ,
મૂકાયે છે મનુજગણ તે આપનો છે પ્રતાપ;
તાજા તેજે ઝળહળ થતા સૂર્યને જોઈ જેમ,
નાસી જાયે પશુગણ બધે ચોરથી આમ તેમ.

● **<u>શબ્દાર્થ :-</u>**

મુચ્યન્ત :- મુકાય છે, એવ-જ મનુજા :- મનુષ્યો, સહસા - શીઘ્ર, જિનેન્દ્ર - હે જિનેશ્વર, રૌદ્રે :- ભયંકર, ઉપદ્રવશતૈ - સેંકડો ઉપદ્રવોથી, ત્વયિ - આપના, વીક્ષિતેઽપિ - દર્શન થતાં જ, ગોસ્વામિની - ગોવાળ - સૂર્ય, સ્ફુરિત તેજસિ - સ્ફુરાયમાન તેજસ્વી, દૃષ્ટિમાત્રે - જોતાં જ, ચૌરૈરિવ - ચોરોની જેમ, આશુ - શીઘ્ર, પશવ :- પશુઓ, પ્રપલાયમાનૈ :- ભાગી જતાં (ચોરો).

● **<u>ભાવાર્થ :-</u>**

હે જિનેન્દ્ર ! આપનાં દર્શનમાત્રથી મનુષ્યોના સેંકડો ઉપદ્રવો શીઘ્ર જ દૂર થઈ જાય છે. જેમ તેજસ્વી સૂર્ય અથવા ગોવાળને જોતાં જ ચોરો પશુઓને છોડીને પલાયમાન થઈ જાય છે તેમ.

● **<u>વિવેચન :-</u>**

આચાર્યશ્રી સાતમાં શ્લોકમાં નામસ્મરણનો મહિમા દર્શાવતા કહે છે, આપનું નામ પણ રક્ષા કરે છે, આઠમા શ્લોકમાં જે કોઈ પ્રભુને હૃદયમાં સ્થાપે છે તે સર્વને પ્રભુનાં કેવાં માહાત્મ્યનો પરિચય થાય છે તે દર્શાવ્યું છે. આ ઉત્તરોત્તર શ્લોકોમાં વિચારપૂર્વક જોવામાં આવે તો લાગે છે કે આચાર્યશ્રીએ સાધનાની પદ્ધતિઓ બતાવી છે. સાધનાની પ્રથમ પ્રક્રિયા છે... નામ - જપ, બીજી પ્રક્રિયા છે હૃદયમાં ઈષ્ટ પરમાત્માની પધરામણી બાદ ત્રીજી પ્રક્રિયા છે દર્શનની ! પ્રસ્તુત શ્લોકમાં આચાર્યશ્રી દર્શનનું મહત્ત્વ બતાવે છે.

આચાર્યશ્રી મનોમંથન કરતાં વિચારે છે... "પ્રભો ! તારા દર્શનની આડે ઘણા અંતરાયો છે. એક તો પ્રભુ તારું દર્શન - તારો મેળાપ થવો જ દુર્લભ છે. ભાવનિક્ષેપાથી તારા ભાવદર્શન

થવા, તારો સાક્ષાત્ યોગ થવો તો દુર્લભ છે જ પરંતુ નામ, સ્થાપના અને દ્રવ્ય નિક્ષેપાથી પણ આપશ્રીના દર્શનનો યોગ થવો દુષ્કર છે." માત્ર પ્રભુદર્શન થવાથી પણ જીવ અનેક ઉપદ્રવોથી માંથી દૂર થઈ શકે છે. દરેક જીવાત્મા કોઈને કોઈ મુશ્કેલીઓ કે ઉપદ્રવોમાં ફસાયેલો જ છે. ચાહે તે ઉપદ્રવો આધ્યાત્મિક માર્ગની પ્રગતિના હો, કે વ્યાવહારિક - સાંસારિક માર્ગની પ્રગતિના હો... સંસારચક્રમાં ફરતો જીવાત્મા આવી અનેક ઉપાધિને ઉપદ્રવમાં હોય ત્યારે તે સતત શાંતિ ને સમાધિ ઝંખે છે. વિશેષ સાધનામાં રત યોગીકક્ષાના આત્માઓ બાહ્ય ઉપદ્રવોથી પર થઈને પણ સાધના કરી શકે છે પણ, સામાન્યકક્ષાના આત્માઓ જો આ ઉપદ્રવોથી બહાર નહીં નીકળે તો સાધનામાર્ગે આગેકદમ કરી શકતાં નથી. માટે, આવા સાધકોને ઉપદ્રવદશાથી મુક્ત કરવા માટે આચાર્યશ્રી કહે છે, મનુષ્ય રૌદ્ર અને ભયંકર ઉપદ્રવોથી ત્યારે બચી જાય છે કે જ્યારે જિનેશ્વરપ્રભુની દૃષ્ટિ તેના પર પડે છે.

અહીં ઉપદ્રવ સાથે 'शतै' શબ્દપ્રયોગ કોઈ રહસ્યમયભાવ દર્શાવે છે. ઉપદ્રવ તો એક હોય કે સેંકડો પણ તે ઉપદ્રવ જ છે. તો પછી 'शतै' શબ્દ કેમ પ્રયોજ્યો ? તેનું સમાધાન કરતાં પણ દાર્શનિક પૂ. જયંતમુનિજી મ.સા. કહે છે કે,(૧૧) "સાધારણ ઉપદ્રવ એક વિભાગમાં આવે છે, પરંતુ મીમાંસા કરતાં પરિણામભેદથી ઉપદ્રવ વિભિન્ન પ્રકારના હોય છે. અનાદિકાળથી જીવાત્મા સાથે જે મિથ્યાત્વ લાગેલું છે તે એક પ્રકારને વાસ્તવિક અનોખે ઉપદ્રવ છે તે અસંખ્ય ઉપદ્રવોનું મૂળ છે. મનુષ્ય માત્ર દૃશ્યમાન ઉપદ્રવને જ જુએ છે, પરંતુ અદૃશ્ય ઉપદ્રવ ત્યાં સુધી દૃષ્ટિગત થતા નથી જ્યાં સુધી જ્ઞાનદૃષ્ટિ ખુલતી નથી. મિથ્યાત્વ જેવો બીજો ભયાનક ઉપદ્રવ અજ્ઞાન છે. બન્નેના ફળસ્વરૂપ ત્રીજો ઉપદ્રવ આસક્તિ, ભોગેચ્છા અથવા વાસના છે. આ રીતે જીવમાં ત્રિદોષ સેંકડો દોષોનું કારણ બને છે. શત દોષ કહેવાનું તાત્પર્ય છે કે માયાજાળના સેંકડો પ્રકાર છે અને એક - એક પ્રકાર સો - સો ઉપદ્રવોનો જન્મદાતા છે. પ્રભુદર્શનના પ્રભાવે ઉપદ્રવો કેવા દૂર થઈ જાય છે તે સમજાવવા માટે આચાર્યજી એક ઉદાહરણ આપે છે...

રાત્રિના અંધકારનો લાભ લઈને ચોર લોકો પશુઓને તેમના નિવાસસ્થાનેથી ચોરી જવાનો પ્રયત્ન કરતા હોય છે. એ ચોરી કરતી વખતે અન્ય કોઈ જોઈ ન જાય કે ચોર પકડાય ન જાય તે માટે ખૂબ સાવચેતી અને તકેદારી રાખતા હોય છે. તેમ છતાં કોઈ કારણે પશુઓના અવાજને કારણે અથવા તો અન્ય કોઈ કારણે પશુમાલિકનું ધ્યાન તે તરફ દોરવાય કે પછી ચોરોને પોતાનું કાર્ય પૂર્ણ કરતાં વાર લાગે અને પરોઢના સમય થતાં ધીમે-ધીમે સૂર્યનાં સોનેરી કિરણો જો ચારે તરફ ફેલાવવા લાગે તો પકડાઈ જવાના ભયથી તે ચોરો પોતાનું ચોરીકાર્ય અર્થાત્ પશુઓને એમને એમ, ત્યાં જ છોડી ચાલ્યા જાય છે. 'ગોસ્વામી' શબ્દના ત્રણ અર્થ થાય છે. ગોસ્વામનો એક અર્થ છે. રાજા, બીજો અર્થ થાય છે ગાયોનો માલિક અને ત્રીજો અર્થ છે સૂરજ. અહીં, આ ત્રણે અર્થ બંધ બેસતા લાગે છે, કારણવશાત્ રાજા આવી જાય તો પણ ચોર ગાયો છોડી ભાગી જાય, ગોવાળ એટલે પશુમાલિક આવી જાય કે સૂર્યપ્રકાશથી પણ ચોરો ભાગે છે. જેમ ચોર ગોસ્વામીને દેખીને ભાગે છે તેમ આપનાં દર્શન માત્રથી સેંકડો ઉપદ્રવ પણ શાંત થઈ જાય છે.

અત્રે પ્રભુદર્શનના ઉપલક્ષણે સમ્યક્‌દર્શનનું માહાત્મ્ય પણ બતાવ્યું છે. સૂર્ય, રાજા કે ગોવાળના દર્શન માત્રથી જ રાત્રીનાં અંધકારમાં ચોરેલાં પશુઓને શીઘ્ર છોડી દઈને ચોરો ભાગવા લાગે છે, તેમ જ મિથ્યાત્વરૂપી અંધકારમાં રાગદ્વેષરૂપી ચોરો આત્માના સ્વભાવના જે સમ્યક્‌ જ્ઞાન દર્શન ક્ષમાદિ ગુણોને લૂંટી રહ્યા હતા તે આપના દર્શન માત્રથી અર્થાત્‌ સમ્યક્‌દર્શન આવવા માત્રથી આત્માના ગુણરૂપી ખજાનાને મૂકી દઈને તુરંત જ નાસવા માંડે છે, એટલે કે સમક્તિરૂપી સૂર્યનો ઉદય થતાં જ, મિથ્યાદૃષ્ટિ અને અજ્ઞાનનો ઘોર અંધકાર ક્ષણવારમાં જ નાશ પામે છે. તેવું સમ્યક્‌દર્શન ચારેગતિના જીવોમાં પ્રથમ વાર મનુષ્યગતિમાં જ થાય છે અને મોક્ષ પણ જીવાત્માને માત્ર મનુષ્યભાવમાં જ પ્રાપ્ત થાય છે તેથી જ અત્રે "મુચ્યંત એવ મનુજાઃ" કહીને ચારેગતિમાં મનુષ્યભવ પર જ ભાર મૂક્યો છે. મનુષ્યભવની દુર્લભતા અને મહત્તા માટે જૈનાગમ શ્રી ઉત્તરાધ્યયનસૂત્રના ત્રીજા અધ્યયનથી પ્રથમ જ ગાથામાં કહ્યું છે -

"चत्तारि परमंगाणि, दुल्लहाणिह जंतुणो ।
माणुसतं सुई सद्धा, संजमम्मि य वीरियं ॥"

જીવાત્માને ચાર અંગ મતલબ કે ચાર વસ્તુની ઉપલબ્ધિ થવી દુર્લભ છે. જેમાં પ્રથમ જ બતાવ્યું છે મનુષ્યભવ મળવો દુર્લભ છે. ચારેગતિમાં માત્ર મનુષ્યગતિની તાકાત જ છે કે જીવને મુક્તિના મંગલસ્થાન સુધી પહોંચાડવાનો પુરુષાર્થ જો કરવામાં આવે તો સર્વકર્મોનો ક્ષય કરી ભગવત્‌દશા પ્રગટાવીશકે.. બાકીની અન્યગતિમાં કદાચ પ્રભુનાં દર્શન અને શરણું પ્રાપ્ત થવાથી સમક્તિ પ્રાપ્ત થાય કે તેનાથી થોડી ઉચ્ચકક્ષા સુધી પહોંચાડી શકે પણ અન્યગતિના જીવો પૂર્ણતાએ પહોંચી શકતા નથી.

અગાઉના શ્લોકમાં જોયું કે પ્રભુના નામસ્મરણમાં કેવી તાકાત છે -જો નામસ્મરણમાં તેટલી તાકાત હોય તો પ્રભુદર્શનમાં તો તેનાથી અનેકગણી તાકાત સમાવિષ્ટ હોય જ ને માટે જ કહેવાયું છે કે .... 'જિનેશ્વર ભગવાનની મુખમુદ્રાના દર્શન કરતાં કરતાં આગળ વધીને જે કોઈ, ભગવંતના અંતરના દર્શન એટલે કેવળદર્શન અને કેવળજ્ઞાનને દેખશે ને સમજશે તે પણ દર્શન કરતાં કરતાં સ્વયંના આત્માને દર્શનપાત્ર બનાવવા સમર્થ બનશે. વળી, દર્શનનું માહાત્મ્ય બતાવતાં નીચેના શ્લોકો દર્શનનો મહિમા બતાવી રહ્યા છે.

"दर्शनं देव देवस्य, दर्शनं पाप नाशनम्‌,
दर्शनं स्वर्ग सोपानं, दर्शनं मोक्ष साधनम्‌."

"प्रभु दरिसण सुख-संपदा, प्रभु-दरिसण नवनिध,
प्रभु - दरिसण पामीओ, सकळ पदारथ सिद्ध."

આમ, પ્રસ્તુત શ્લોકમાં આચાર્યશ્રી પ્રભુદર્શનના મહિમાનો પ્રભાવ બતાવે છે.

त्वं तारको जिन ! कथं भविनां त एव,
त्वामुद्वहन्ति हृदयेन यदुत्तरन्तः ।
यद्वा दतिस्तरति यज्जलमेष नून -
मन्तर्गतस्य मरुतः सकिलानुभावः ॥ १० ॥

કેવી રીતે પ્રભુભવિકને આપ તારી રહ્યા છો,
ભવ્યોકેરા હૃદય કમળે આપ પોતે વ્હાય છો;
દેખાયે છે મશક તરતી વાયુ જો સંચરે છે,
નિશ્ચે પોતે પવનબળથી પાણીમાંહે તરે છે.

● **<u>શબ્દાર્થ :-</u>**

ત્વં - આપ, તારકો - તારક, જિન - હે જિન !, કથં - કેવી રીતે, ભવિનાં - ભવ્યજીવોના, તે - તે ભવ્યો, એવ - જ, ત્વામ્ - આપને, ઉદ્વહન્તિ - ધારણ કરે છે, હૃદયેન - હૃદયમાં, યત્ - કારણકે, ઉત્તરન્ત :- સંસારસમુદ્રથી પાર થતા થકા, યદ્વા - અથવા, દતિ - મશક, તરતિ - તરે છે, યત્ - જે, જલમ્ - પાણીમાં, એષ :- આ, નૂન - ખરેખર, અંતર્ગતસ્થ - અંદર રહેલ, મરુત :- વાયુનો, સ - તે, કિલ - નિશ્ચયથી, અનુભાવ :- પ્રભાવ છે.

● **<u>ભાવાર્થ :-</u>**

હે જિનેશ્વર ! આપ ભવ્યજીવોના તારક કેમ થઈ શકો ? કારણકે આપને હૃદયમાં ધારણ કરીને તેઓ સંસારસાગરને તરે છે, જેથી તેઓ તરતા હોય તેમ લાગે છે. પરંતુ તે ઠીક છે, કારણકે મશકની અંદર ભરેલ વાયુ મશકને પાણી ઉપર તારે છે, તેવી જ રીતે આપ ભવ્યજીવોના હૃદયમાં રહીને ભવ્યોને તારો છો.

● **<u>વિવેચન :-</u>**

આચાર્યશ્રી સિદ્ધસેન દિવાકરજી પરમાત્મા સાથે અનુસંધાન જોડી સંવાદરૂપે તર્કસહિત પ્રશ્નો કરી રહ્યા છે. 'તાર્કિક શિરોમણી'નું બિરુદ પામેલા આચાર્યશ્રી પ્રથમ તર્કબુદ્ધિથી પરમાત્માને પ્રશ્ન પૂછે છે ને ત્યારબાદ સદૃષ્ટાંત આપણાં જેવા જિજ્ઞાસુઓનું સમાધાન કરવા પ્રત્યુત્તર પણ પાઠવી રહ્યા છે.

આ શ્લોકની શરૂઆતનો પ્રથમ શબ્દ છે "त्वं". 'त्वं' અર્થાત્ તું... આચાર્યશ્રીએ પરમાત્મા પ્રત્યે તીવ્ર વાત્સલ્યભાવ કે પ્રેમભાવથી તું કહ્યું છે. એકવાત જગવિખ્યાત છે કે,

માનવાચક શબ્દો કરતાં 'તું' કારવાચક શબ્દોમાં આત્મીયતા ને મારાપણાનો ભાવ વધારે સૂચિત થાય છે. માટે, ઘણી જગ્યાએ બાળકો માતને 'તું' કહીને સંબોધે છે. ઘણા કવિરાજો પણ પોતાની કૃતિમાં પરમાત્માને 'તું' સંબોધન જ મૂકે છે. 'બાઈબલ' નામનો ધર્મગ્રંથ તો આખો તુંકારથી જ ભરેલો છે. ત્યાં ભગવાનને You કહીને Thou કહ્યા છે. ભક્ત જ્યારે તીવ્ર પ્રેમરસમાં ડૂબે છે ને ત્યારે તું કહે છે તેમ આ પદમાં પણ આચાર્યશ્રીએ 'ત્વં' શબ્દ પ્રયોગનો ઉપયોગ તેઓના પ્રેમભર્યા ભક્તિભાવનાં દર્શન કરાવે છે. પ્રભુને પડકારીને તેઓ કહે છે કે, ભવિજનોને તારનારો એવો તું કોણ ? અરે ! ભવિજનો પોતાના હૃદયરૂપી નાવમાં તમને બેસાડીને જાણે સંસાર - સાગરને પાર ઊતરતા જણાય છે. કારણકે બાહ્ય વાહકમાં વાહનને તારકપણાનો અસંભવ છે, તે એ રીતે : "જેમ નાવ છે તે પોતાના મધ્યબાગમાં બેઠેલા મુસાફરોને તારે છે પણ નાવમા બેઠેલા મુસાફરો કાંઈ નાવને તારતા નથી. તે જ રીતે ભવ્ય જીવો પણ તમને પોતાના હૃદયમાં રાખીને તારે છે. પણ તમે તે ભવ્યજીવોને તારો છો એમ કહેવું તે તો મોટું આશ્ચર્ય દેખાય છે ! તમે કેમ તારી શકો ?"

આવો તર્ક ઉઠાવીને આચાર્યશ્રી પ્રભુને પ્રશ્ન પૂછે છે. ત્યારબાદ સ્વયં જ તર્કયુક્ત આધ્યાત્મિક સમાધાન પણ કરે છે. આચાર્યશ્રીએ 'તારક' શબ્દોનો પ્રયોગ કર્યો છે. જૈનસૂત્ર "નમોત્યુણં" માં પરમાત્મા માટે "તિન્નાણં તારયાણં" વિશેષણ પ્રયોજ્યું છે. પરમાત્મા અવશ્ય પોતે તો તરવાવાળા છે પણ તે પોતાના શરણાગતને ઉપાસના કરનાર ભક્તજનોને પણ તારે છે પરમાત્મા સ્વરૂપને નિમિત્ત બનાવી જીવ પરમાત્માને પોતાના હૃદયમાં પ્રતિષ્ઠિત કરે છે, તે આત્મા સંસારસાગરથી સહેલાઈથી તરી શકે છે. જેને પરમાત્મા ઉપર વિશ્વાસ શ્રદ્ધા ને સાચી આસ્થા છે. તે તો પોતાના હૃદયમંદિરમાં બિરાજમાન છે. જેને પ્રેમના પરમપાત્ર માત્ર પરમાત્મા છે. તેને સંસારમાં ભટકવું પડતું નથી. આનંદઘનજી મહારાજ કહે છે કે -

"ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઔર ન ચાહુ રે કંત."

આ શ્લોકમાં આચાર્યશ્રીએ સંસારસાગર પાર ઊતરવાવાળા જીવાત્મા માટે જડીબુટ્ટીસમાન વાત રજૂ કરી છે કે જેને પાર ઊતરવું છે તેને પરમાત્મા સાથે નાતો જોડવો પડશે, એકાત્મકતા અને અનુસંધાન મજબૂત કરવું પડશે.

આ વાત સામાન્ય વ્યક્તિ પણ સહેલાઈથી સમજી શકે માટે, ઉદાહરણરૂપે આચાર્યશ્રી જણાવે છે કે, ચામડાની મશક ખાલી હોય તો પાણીમાં વજનને કારણે ડૂબી જાય છે, તરી શકતી નથી. પણ તેમાં જો હળવી હવા ભરવામાં આવે તો તેની ઘનતા ઘટતાં હળવી બની તે પાણીમાં તરવા લાગે છે, એટલે કે મશકની અંદર રહેલી હવાના આધારથી જ મશક તરી શકે છે. આ દૃષ્ટાંત આપી વાત સમજવા ઉપમાનો આધાર આપ્યો છે. પાણીને ડૂબવાનું નિમિત્ત બનાવ્યું છે, હવાને તરવાનું નિમિત્ત બનાવ્યું છે અને મશકને તરવાનું સાધન. સંસારી જીવ છે મશકના સ્થાને, ને ભગવાનનું દિવ્યસ્વરૂપ હવાના સ્થાને અને ચતુર્ગતિરૂપ સંસાર છે પાણીના સ્થાને. જો જીવ એકલો તરવા ઈચ્છે તો તરી શકતો નથી, પણ મશકમાં હવા ભરવાથી જેમ તે તરે છે, જે હૃદયમાં પ્રભુને સ્થાપે તે તરી શકે છે.

વિશ્વના આસ્તિક દર્શનોએ પરમાત્માની સર્વોપરિતા, ઉધ્ધારકતા માની છે. વિશ્વ સામે એ માન્યતા ઘટી છે ને સિદ્ધ પણ કરી બતાવ્યું છે કે, "વિશ્વમાં સૌથી સમર્થ વ્યક્તિ હજારો, લાખો નહિ બલ્કે કરોડો દૃષ્ટિકોણથી સમર્થ પરમાત્મા જ છે." 'ઈશ્વર કર્તૃત્વ' માં માનનાર દર્શનો તો ત્યાં સુધી કહે છે કે, "ઈશ્વરેચ્છા વિના પાંદડું પણ હલતું નથી." જો કે જૈનદર્શન પરમાત્માને સર્વસૃષ્ટિના કર્તા, હર્તા કે ભર્તા ન માને. છતાં વિશ્વના દીન, હીન પ્રાણીઓને ધર્મનો ઉત્તમોત્તમ માર્ગ બતાવી, શ્રેયમાર્ગની પ્રરૂપણા કરી તે માર્ગનું અનુસરણ કરનારને તારનાર અવશ્ય માને જ છે.

આ શ્લોકમાં ભવિજીવોના તારક ભગવાનને કહીને જૈન તત્ત્વજ્ઞાનની વાત કરી છે. જીવના બે પ્રકાર મુખ્યત્વે છે, ભવિ અને અભવિ. જ્યારે જીવ પરિતસંસારી થઈને તમામ કર્મબંધનોને એક કોડાકોડી સાગરોપમની સ્થિતિમાં લાવી દે છે ત્યારે તે કલ્યાણને સન્મુખ થાય છે. તે જ ભવ્યજીવ જિનેશ્વરને હૃદયમાં ધારણ કરે છે. ભવિજીવો જ મોક્ષે જવાની લાયકાત ધરાવે છે અને અભવિ કદાપિ પણ મોક્ષગતિને પામતા નથી, તેમ છતાં અભવિ પણ તપ-જપાદિ ક્રિયાઓના આલંબને નવમી ગ્રેવેયક સુધી જાય છે માટે તપ-જપાદિ ક્રિયાઓનો વિરોધ તો ન જ કરી શકાય પણ મોક્ષ જવાની પાત્રતા કે લાયકાત માત્ર ભવિજીવો જ કેળવી શકે છે. ને આવા ભવ્યજીવો જ્યારે પ્રભુને પોતાના હૃદયમાં પ્રતિષ્ઠિત કરે છે તે ત્યારે નિશ્ચય તરી શકે છે.(૧૨)

ભક્તિના અભિનવ ભાવો સાથે એક પછી એક શ્લોકોની રચના કરી પ્રભુભક્તિમાં તલ્લીન બનનારા આચાર્યશ્રીએ પૂર્વના નવ શ્લોકોમાં નામનો - દર્શનનો મહિમા પ્રગટ કર્યોને હવે, દશમાં શ્લોકમાં ભાવનો મહિમા બતાવ્યો છે. ને પ્રભુને મહા સામર્થ્યવાન સંસારસાગરથી તારવા માટે આધારરૂપ - સહારારૂપ જણાવી ભવ્યભાવો પ્રદર્શિત કરેલ છે.

यस्मिन् हर-प्रभृतयोऽपि हत-प्रभावाः
सोऽपि त्वया रति-पतिः क्षपितः क्षणेन ॥
विध्यापिता हुत-भुजः पयसाथ येन,
पीतं न किं तदपि दुर्धर-वाडवेन ? ॥ ११ ॥

મોટા મોટા હરિ હર સમા નાથ જેથી ઘવાયા,
એવા મોટા રતિપતિ વડે આપ તો ના છવાયા;
જે પાણીથી ઠરી હિમ થતો દીસતો લોક અગ્નિ,
તે પાણીને ઝટપટ પીએ શું નહિ વાડવાગ્નિ ?

● **<u>શબ્દાર્થ :-</u>**

યસ્મિન - જે વિષયમાં, હરપ્રભૃતયોઽપિ - મહાદેવ આદિ પણ, હતપ્રભાવા :- પ્રભાવરહિત થઈ ગયા છે, સ - તે, રતિપતિ અપિ - કામદેવને પણ, ત્વયા - આપના દ્વારા, ક્ષપિત :- નાશ કરી દીધો, ક્ષણેન - ક્ષણમાત્રમાં, વિધ્યાપિતા - બુઝાવ્યો છે, હુતભુજ :- અગ્નિ, યેન - જે, પયસા - પાણી વડે, અથ - અથવા ઠીક છે કે, પીતં ન કિં - ન પીવાઈ ગયું, અર્થાત્ પી ગયું, તત્ અપિ - તે પાણી પણ, દુર્ધરવાડવેન - પ્રચંડ વડવાનલ દ્વારા.

● **<u>ભાવાર્થ :-</u>**

હે મહાપ્રભુ ! જે કામદેવ પર વિજય મેળવવામાં હરિહર બ્રહ્મા આદિ મહાપુરુષો પણ પ્રભાવરહિત થયા, અર્થાત્ તે કામદેવથી પરાજિત થઈ ગયા. તે ત્રિભુવનવિજયી કામદેવને આપે ક્ષણવારમાં નષ્ટ કરી દીધો, તેમાં કાંઈ આશ્ચર્ય નથી. કારણ કે પાણી સંસારની સમસ્ત અગ્નિને બુઝાવી શકે છે, પરંતુ તે પાણીને શું સમુદ્રનો પ્રચંડ વડવાનલ નષ્ટ નથી કરી શકતો? અવશ્ય કરે છે.

● **<u>વિવેચન :-</u>**

પ્રસ્તુત શ્લોકમાં આચાર્યશ્રીએ પરમાત્માના ગુણોનું રસદર્શન કરાવતાં પરમાત્માનો મુખ્ય ગુણ 'કામવિજેતા' કહ્યો છે. સૃષ્ટિમાં વસવાટ કરનારા સામાન્ય જીવોનું જો નિરીક્ષણ કરવામાં આવે તો, તે નિરીક્ષણ કરતાં ખ્યાલ આવે છે કે, દરેક સામાન્ય જીવોમાં રાગી-વિરાગીપણું, વિકારીભાવ અને ચળઅવિચળપણું અથવા તો વિચલન કે અવિચલન નાનાં-મોટાં પ્રમાણમાં હોય જ છે. તેમાં સમગ્ર સૃષ્ટિમાં વિરાગી જીવો કરતાં રાગી જીવો વધારે પ્રમાણમાં જ હોય છે ને આ રાગી જીવો કાયમ વિરાગી જીવોને વિચલિત કરવા માટે કોઈને કોઈ

પ્રકારે પ્રયોગ કરતાં પણ જણાય છે. પણ જેને એકવાર ખરા અર્થમાં વિરાગીદશા કેળવી વીતરાગીપણાનો સ્પર્શ કરી લીધો હોય તે જીવો આવા રાગી દ્વારા થતાં કાર્યોથી ચલિત થઈ શકતા નથી. પરંતુ સામાન્ય કક્ષાના જીવો તો કર્મને આધીન બનતાં નિમિત્તાધીન બનતાં વિકારીભાવોમાં ક્યારેક ભળી પણ જાય છે. સમસ્ત સૃષ્ટિમાં ત્રણ પ્રકારના જીવો હોય છે. પ્રથમ પ્રકારના જીવો એવા છે કે જે વિકારનું નિમિત્ત મળતાં જ તેના તન-મનમાં વિકૃતિના વિષ પ્રસરવા લાગે છે.. બીજા પ્રકારના જીવો એવા છે કે, જેઓ સમજણપૂર્વક સંયમ રાખે છે ને વિકારનું નિમિત્ત ન મળે તો વિચલિત પણ થતાં નથી પણ પરમાત્માકક્ષાના, ઉત્તમ પ્રકારના જીવો ત્રીજી કક્ષામાં આવે છે કે જેઓ વિકારનું નિમિત્ત મળવા છતાં લેશમાત્ર પણ ત્રિયોગથી વિચલિત થતા નથી. પરમાત્માના કલ્યાણક મહોત્સવની ઉજવણી કરવા માટે અનેક દેવ-દેવીને દેવાંગના પ્રભુ સમક્ષ આવે છે ત્યારે વિવિધ પ્રકારના નૃત્યો પ્રદર્શિત કરે છે પણ પરમાત્મા લેશમાત્ર પણ વિચલન પામતા નથી. કારણ પ્રભુ જે શાશ્વત, મોક્ષરૂપી શિવરમણીને શોધમાં સાધના કરે છે તેની સામે આવાં સર્વ પ્રલોભનો તુચ્છ લાગે છે....

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના તેરમા અધ્યયનમાં આવે છે -

न तं सुहुं कामगुणेसु रयं, जं भिक्खुणं सीलंगुणे रयाणं ।

આર્થાત્ શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શરૂપ કામગુણમાં રક્ત બનેલા અજ્ઞાનીને, જે સુખ નથી તે સુખશીલગુણમાં રક્ત બનેલા ભિક્ષુક તપોધન ને છે. કામગુણ ગમે તેવા મનોહર હોય, તો પણ પરિણામે ભયંકર છે. જ્યારે ક્ષમા, ઋજુતા, મૃદુતા, સત્ય બ્રહ્મચર્ય વગેરે શીલગુણો આલોક ને પરલોક બંનેમાં હિતકારી છે. શીલગુણના સેવનથી આલોકમાં આરોગ્યતા, પ્રસન્નતા, આંતરિક સ્વસ્થતા મળે છે જ્યારે મૃત્યુ સમયે સુંદર સમાધિ ને પરલોકમાં સદ્ગતિ મળે છે. જે પરંપરાએ પરમલોકને પમાડનારી છે.

રાવણ ત્રણ ખંડના સામ્રાજ્યનો માલિક પ્રતિવાસુદેવ હતો. તેના અંતેપુરમાં મંદોદરી જેવી પટરાણી હતી તેમજ બીજી અનેક રાણીઓ હતી. છતાં એક સીતાની પાછળ કામલંપટ બનેલા રાવણ ભયંકર યુદ્ધમાં અનેકોનો સંહાર કરી અંતે દુર્ગતિના દ્વારે પહોંચી ગયો.

વેદના ઉદયથી મળતું કામભોગનું સુખ તો પરાધીન, અસ્થાયી ને ક્ષણિક છે જ્યારે કામભોગની મુક્તિથી મળતું સુખ સ્વાધીન, સ્થાયી ને શાશ્વત છે... આ વેદના ઉદયની ભયંકરતા સમજાવતાં આદિ શંકરાચાર્ય સ્વરચિત 'ભજ ગોવિન્દમ્' માં લખે છે કે -

नारीस्तनभरनाभिनिवेशं, मिथ्यामायामोहावेशम् ।
एतन्मांसवसादिविकारं, मनसि विचिन्तय वारंवारम् ।। (૧૩)

નારીનાં ભરાવદાર સ્તન અને મનોહર નાભિ વગેરેનું સૌંદર્ય માયામોહના મિથ્યા

આવેશને જન્માવનાર છે. ભલા ! આ નારીદેહ તો માંસ અને ચરબી વગેરેનું હાડપિંજર જ છે. એમ મનમાં વારંવાર વિચાર કર અને ગોવિંદને ભજ, ગોવિંદને ભજ !

તૃષ્ણાની જેમ કામ પણ માણસની સુખશાંતિનો શત્રુ જ ગણાય. કામ શબ્દના ઘટક બે અવયવ છે, 'ક' અને 'આમ'. તેમાં 'ક' એટલે સુખ અને 'આમ' એટલે રોગ અથવા કાચું... જે ભોગ સુખરૂપે પ્રતીત થાય છે, તે વાસ્તવમાં રોગ હોય છે. જે સુખ કાચું હોય તેને કામ કહે છે. કાચું સુખ પરાધીન, અસ્થાયી અને ક્ષણિક હોય છે. આ કામનો ઉદ્‌ભવ મોહને લીધે થાય છે. પરમાત્મા તો મોહનીય કર્મ પર જ વિજય મેળવી 'મોહવિજેતા' બન્યા છે ને મોહના વિજયને કારણે જ પ્રભુએ કામદેવને અર્થાત્ રતિપતિઃ ને કેવી રીતે જીત્યો ? તે બતાવવાં આચાર્યશ્રી કહે છે "क्षपितः क्षणेन..." એક ક્ષણ માત્રમાં કામને નષ્ટ કરી દીધો.

આ શ્લોકમાં પ્રભુને કામવિજેતા તરીકે કહીને, બ્રહ્મચર્યવ્રતનું મહાત્મ્ય બતાવ્યું છે. સાધકજીવનની અમૂલ્યનિધિ બ્રહ્મચર્યવ્રત છે. તે જ સાધનાનો મેરુદંડ છે. સાધકજીવનની સમસ્ત સાધનાઓ તપ, જપ, સમત્વ, ધ્યાન, કાયોત્સર્ગ, પરિષહવિજય, કષાયવિજય, વિષયાસક્તિ ત્યાગ, ઉપસર્ગ સહનશીલતા વગેરે બ્રહ્મચર્યરૂપી સૂર્યની આસપાસ ફરનારા ગ્રહ નક્ષત્રો સમાન છે. જેનું બ્રહ્મચર્ય સુદૃઢ અને સુરક્ષિત હોય તેની સર્વ સાધના સફળ થાય છે. આ બ્રહ્મચર્યવ્રતનો મહિમા અને તેનું ઉત્તમફળ બતાવતાં જૈનાગમ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૧૬માં અધ્યયનમાં કહ્યું છે કે -

देव - दाणव - गंधव्वा, जक्ख - रक्खस - किण्णरा ।
बंभयारिं णमंसंति, दुक्करं जे करंति तं ।। १६ ।।

જે દુષ્કર બ્રહ્મચર્યને પાળે છે, તેવા બ્રહ્મચારી પુરુષોને દેવો, દાનવો અને ગંધર્વ જાતિના દેવો, યક્ષો, રાક્ષસો, કિન્નર જાતિના દેવો પણ નમસ્કાર કરે છે.

एस धम्मे धुवे णिच्चे, सासए जिणदेसिए ।
सिद्धा सिज्झति चाणेणं, सिज्झिस्संति तहावरे ।। १७ ।।

આ બ્રહ્મચર્યરૂપ ધર્મ નિરંતર સ્થિર છે, નિત્ય છે, શાશ્વત છે અને જિનોપદિષ્ટ છે. તે ધર્મનું પાલન કરી જીવાત્માઓ અંતિમ લક્ષ્ય, સિદ્ધસ્થાનને પામ્યા છે, પામી રહ્યા છે અને પામશે...

આવા અપૂર્વફળદાયક બ્રહ્મચર્યવ્રતની ઉપાસના કરી પરમાત્મા કામદેવને તો ક્ષણવાર જ પરાસ્ત કરી નિર્વિકાર બની ગયા. અત્રે પ્રભુની વિશેષ મહત્તા બતાવવા આચાર્યશ્રી કહી રહ્યા છે. "हरप्रभृतयोऽपि" - મહાદેવ આદિ પણ... જે કામદેવ પણ હરિહર આદિ પણ પરાજિત થાય છે... અહીં, 'હર' અર્થાત્ મહાદેવ બતાવી કોઈ જ દેવને નિમ્ન દેખાડવાની

આચાર્યશ્રીની ભાવના કદાપિ ન હોય શકે. હર સાથે પ્રભૃત અર્થાત્ આદિ શબ્દ જોડાયેલા છે. મતલબ કે, મહાદેવ આદિ ગમે તે દેવ - દેવી કે ગમે તે સાધક, ચાહે તે જૈનધર્મી હોય કે અન્યધર્મી બધાં જ કામદેવથી પરાસ્ત થયેલા છે. માત્ર અત્રે પ્રભુની ગરિમા તથા તેમના જીવનના ઉચ્ચ આદર્શો અલંકૃત કરવા જ આ પ્રયોગ કર્યો હશે. પણ છતાં, વ્યવહારમાં એમ કહેવાય છે કે... શંકર પાર્વતીમાં મોહાઈને કામદેવથી હાર્યા છે અને વિષ્ણુ લક્ષ્મીમાં અને બ્રહ્મા સાવિત્રીના રૂપે કામદેવથી પરાજય પામ્યા છે. આવા મોટા અને મહાન ગણાતા દેવો પણ કામદેવની જાળમાંથી બહાર રહી બચી શક્યા નથી, તો પછી અન્યની તો શું વાત ?

પરમકક્ષાએ પહોંચેલાં ઓ, તારક પરમાત્મા ! આપ સિવાય સામાન્ય જીવો તો તુરંત રતિપતિથી પ્રભાવ પામી પરાસ્ત થાય છે પણ આ ક્ષણ માત્રમાં કામદેવને પરાસ્ત કર્યો. આ વાતને સદૃષ્ટાંત સમજાવવા માટે, યોગ્ય ઉદાહરણ રજૂ કરવાં 'વાડવ' નામના અગ્નિનો સહારો લે છે.

જગતના તમામ જીવો માટે જળતત્ત્વ તે સહાય પરિબળ છે. તેના વિના પ્રાણી, પશુ, જંતુ કે માણસ કોઈનું જીવન ચાલી શકે તેમ નથી. આ જળતત્વ જ અગ્નિને શાંત કરવામાં યાવત્ અગ્નિને બુઝાવવા માટે પણ ઉપકારક નીવડે છે. તેમ છતાં એ જ જળતત્ત્વને સમુદ્રમાં રહેલો 'વાડવ' નામનો અગ્નિ શોષ્યા કરે છે, જે પાણી દ્વારા ગમે તેવો ભડભડતો અગ્નિ પણ બુઝાય જાય છે તે જ પાણીને સમુદ્રમાંનો વડવાનલનો અગ્નિ પી જાય છે. આમ, બતાવી પ્રભુને અહીં 'વાડવાગ્નિ' જેવાં કહ્યાં છે. બધાને પરાજિત કરનાર કામદેવનુંવર્ચસ્વ ભલે બધે છવાયેલું હોય પરંતુ તેના સામ્રાજ્યની વચ્ચે રહેવા છતાં પણ પ્રભુ તેના થકી લેશમાત્ર પરાજિત થતા નથી.

પરમભક્તિવંત બનેલા આચાર્યશ્રીએ આ શ્લોકમાં લૌકિક અને લોકોત્તર બંને પ્રકારના ભાવ પ્રદર્શિત કર્યા છે. લૌકિક ભાવરૂપે કામદેવના માયાવીરૂપનું વિસ્તૃત વર્ણન મળે છે અને કામાસક્તિના પ્રભાવનું દર્શન થાય છે જ્યારે લોકોત્તરભાવમાં કામદેવનું કોઈ સ્થાન કે મહત્ત્વ નથી તેમ પણ બતાવ્યું છે. સાધકદશાનાં શિખરો સર કરવામાં બાધકરૂપ 'કામ'ને બતાવી આચાર્યશ્રી દર્શાવવા માંગે છે કે, પ્રભુનું નામસ્મરણ, હૃદયમાં પ્રભુનું સ્થાપન, પ્રભુમિલન-દર્શનની ઝંખનાની અનુભૂતિ કરતાં ઉચ્ચ આત્મઅવસ્થાને પામનાર જીવાત્મા આવા કામદેવને પરાસ્ત કરી સ્વયં પણ પરમાત્મપદની પાત્રતા વિકસાવી પરમપદનો આસ્વાદ, પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ કરી શકે છે.

स्वामिन्ननल्प-गरिमाणमपि प्रपन्ना-
स्त्वां जन्तवः कथमहो हृदये दधानाः ।
जन्मोदधिं लघु तरन्त्यति-लाघवेन ?
चिन्त्यो नहन्त महतां यदि वा प्रभावः ॥ १२ ॥

મોટાઈના ઘર સમ પ્રભુ આશરે આપ કેરા,
આવેલાઓ હૃદય ધરીને તોડતા સર્વ ફેરા;
થાયે સે'લો ભવજલતણો અંત તો માનવોથી,
મોટાકેરો વિભવ જગમાં ચિંતવ્યો જાય કોથી ?

● **<u>શબ્દાર્થ :-</u>**

સ્વામિન - હે સ્વામી, અનલ્પ ગરિમાણં - ઘણીગુરુતા - એટલે અતિશય ભારવાળા, અપિ - છતાં, ત્વાં - આપને, પ્રપન્ના :- પ્રાપ્ત થયેલા, જન્તવ :- પ્રાણીઓ, અહો - આશ્ચર્ય છે કે, કથમ્ - કેવી રીતે, હૃદયે - હૃદયમાં, દધાના :- ધારણ કરતા, જન્મોદધિં - ભવસાગરને, લઘુ - શીઘ્ર, તરન્તિ - તરી જાય છે ? અતિ લાઘવન - અતિશય હળવા બનીને, ચિન્ત્યો ન - અચિંત્ય, હન્ત - આશ્ચર્ય, મહતાં - મહાપુરુષોનો, યદિવા - અથવા, પ્રભાવઃ પ્રભાવ.

● **<u>ભાવાર્થ :-</u>**

હે નાથ ! મહાગરિમાવાળા આપને હૃદયમાં ધારણ કરીને પ્રાણીઓ ભારે બની જવા જોઈએ, પરંતુ આશ્ચર્ય તો એ છે કે તેઓ ઊલટા અતિશય હળવા બનીને ભવસાગરને શીઘ્ર તરી જાય છે... તેથી લાગે છે કે મહાપુરુષોનો પ્રભાવ અચિન્ત્ય અને અલૌકિક છે.

● **<u>વિવેચન :-</u>**

પરમ પ્રજ્ઞાસંપન્ન આચાર્યશ્રી એક પછી એક શ્લોકોમાં પ્રભુ પ્રત્યેની અનહદ શ્રદ્ધા સાથે પોતાની તીવ્ર તર્કબુદ્ધિથી નવા-નવા પ્રશ્નો સ્વયં ઊભા કરે છે ને તેનું સમાધાન પણ સામાન્ય જીવોને સમજાય જાય માટે યોગ્ય ઉદાહરણ કે રૂપક પણ પ્રયોજે છે. કલ્યાણમંદિર સ્તોત્ર માત્ર આધ્યાત્મિક દૃષ્ટિએ જ નહીં, પણ સાહિત્યિક દૃષ્ટિએ પણ ઉચ્ચ સ્થાને બિરાજિત છે. અત્રે વિરોધાલંકારનો ઉપયોગ કરી પોતાની વાત પ્રસ્તુત કરતાં આચાર્યશ્રી કહે છે કે -

સામાન્ય રીતે પાણીમાં પાણી કરતાં અલ્પ વજનવાળી ચીજ-વસ્તુ તરી શકે છે પણ પાણીમાં મુકાયેલ પદાર્થ જો પાણીસમૂહના વજન કરતાં વધારે વજન-ઘનતા વધારતો હોય તો તે પદાર્થ તરવાને બદલે ડૂબી જાય છે. પરંતુ અહીં પરમાત્મા વિશે વિચાર કરતાં આચાર્યશ્રીના

અંતરમાં વિરૂદ્ધ પ્રકારની સ્થિતિ બનતી જાય છે. ને તેથી 'અહો' શબ્દ મૂકી પોતાનું આશ્ચર્ય વ્યક્ત કરે છે. આ સંસારચક્રમાં અનેક જીવાત્મા પોતાની કર્મવર્ગણાના સંબંધોથી સતત પરિભ્રણ કરતા રહે છે. આવા સંસારસાગરમાં કર્મભારના વજનથી જીવો ડૂબતાં જ જણાય છે, પરંતુ આવા ડૂબી રહેલા જીવો પણ જ્યારે પરમાત્માને હૃદયમાં સ્થાપિત કરે છે ત્યારે તેઓ ડૂબવાને બદલે તરતા જણાય છે.

અત્રે 'ગરિમા' શબ્દના બે અર્થ થાય છે. એક અર્થ છે મહિમા અને બીજા અર્થ છે અત્યંત ભારે... માટે બીજા અર્થની અપેક્ષાએ વિચારતાં જણાય છે અત્યંત ભારે તેવા આપને લઈને તરે કેવી રીતે ? પણ સાથોસાથ ચતુર્થ ચરણમાં પરમાત્મા માટે 'ચિંત્યો ન' કહી પરમાત્માનો અચિંત્ય પ્રભાવને મહિમાનો ભાવ પ્રદર્શિત કહે છે. પરમાત્મા આપશ્રી તો અચિંત્ય છો. કારણકે... મહાન યોગીઓ પણ આપનું પૂર્ણપણે ચિંતન કરી શકતા નથી. આપના વિશે કોઈ કહેવા સમર્થ નથી. જ્યારે બુદ્ધિમત્તાના સહારે પ્રભુનું ચિંતન કરવા પંડિતો, યોગીઓ કે શાસ્ત્રકારો એકત્રિત થાય છે ને પ્રભુને વર્ણવે છે, સમજવા પ્રયત્ન પણ કરે છે પણ ત્યારબાદ વિચારે છે કે, પ્રભુ વિશે આપણે જેટલું ચિંતન કર્યું તેના કરતાં હજુ તો અનેકગણું પ્રભુને સમજવાનું બાકી છે માટે પરમાત્મા ચિંતન કરવા છતાં પૂર્ણપણે સમજી શકાય તેમ નથી કહી પરમાત્માનો અપૂર્વ મહિમા વર્ણવ્યો છે. આવા અતિ મહિમાવાન એવા પ્રભુને હૃદયમાં ધારણકરીને જીવો સહેલાઈથી ભવસાગરને તરી જાય છે તે યોગ્ય જણાય છે.(૧૪)

પ્રભુને હૃદયમાં ધારણ કરવા એટલે કે, જિનવચનમાં અત્યંત શ્રદ્ધા કરી તેને અંતરમાં અવધારવા. જિનવચનમાં પરમશ્રદ્ધા હોવી તે જ સમકિતનું લક્ષણ છે અને સમકિતની પ્રાપ્તિ-વાળો જીવ જ આ સંસારસાગરને - ભવસાગરને તરી શકે છે. માત્ર અત્રે આચાર્યશ્રીએ પરોક્ષ રીતે સમકિતની યાને દૃઢશ્રદ્ધાની વાત કરી છે. દૃઢશ્રદ્ધાવાન જીવ સંયોગની સ્થિતિ કે વિષમ વાતાવરણમાં માત્ર જ્ઞાતાદૃષ્ટા બની આવેલ ઉદયનો સ્વીકાર કરી લે છે. કારણ તેનું લક્ષ્ય આવા સંયોગોમાં ભળી કર્માધીન બનવાને બદલે માત્રને માત્ર તરવાનું અર્થાત્ પરમસ્વરૂપની પ્રાપ્તિ કરવાનું હોય છે. આવી ધર્મશ્રદ્ધા કરવાથી જીવ શું પામે છે તેનો પ્રત્યુત્તર શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯માં અધ્યાયમાં પાંચમાં બોલની અંદર ધર્મશ્રદ્ધાની બાબતે જણાવ્યું છે કે -

धम्मसध्धाए णँ भंते ! जीवे किं जणयहे ?

धम्मसध्धाए णं सायासोक्खेसु रज्जमाणे विरज्जइ, आगारधम्मं च णं चयइ, अणगारिए णं जीवे सारीरमाणंसाणं दुक्खाणं छेवण भेय - संजीगाईणं वीच्छेयं करेर, अव्वाबाहं च सुहं णिवत्तेइ ।

પ્રશ્ન - હે ભગવાન ! ધર્મશ્રદ્ધાથી જીવને શું લાભ છે ?
ઉત્તર - ધર્મશ્રદ્ધાથી જીવ શાતાવેદનીય કર્મજનિત વૈષયિક સુખોની આસક્તિથી વિરકત થઈ જાય છે, આગાર ધર્મ - ગૃહસ્થ સંબધી પ્રવૃત્તિનો ત્યાગ કરે છે. તે અણગાર થઈને છેદન -

ભેદન અને સંયોગ - વિયોગજન્ય શારીરિક અને માનસિક દુઃખોનો વિનાશ કરે છે તથા અવ્યાબાધ સુખ પ્રાપ્ત કરે છે.

જીવ ત્યારે જ અવ્યાબાધ સુખનો સ્વામી બની શકે છે કે જ્યારે તે ધર્મશ્રદ્ધાને મજબૂત કરે ને તે શ્રદ્ધા સમજબૂત થતાં સમસ્ત પાપોનો વિનાશ થાય છે. જીવ શિવ સ્વરૂપી બની આ સંસારસાગરને તરવામાં સમર્થ પુરવાર થાય છે. અચિંત્ય અને મહિમાશાળી પરમાત્માનો તે જ તો પ્રભાવ છે કે પ્રભુ જીવાત્માની પાત્રતા, યોગ્યતાને સાધકતાના કર્મમાં વધારો થતાં અંતે પોતાના જેવો જ પરમાત્મા બનાવી દે છે.

અહીં શ્લોકમાં વપરાયેલ "જન્મોદધિ" શબ્દ ખૂબ રહસ્ય દર્શાવે છે. જન્મને સાગરની ઉપમા આપવામાં આવી છે... જેમ સાગરના જળબિંદુઓ અમાપ છે તેમ આજ સુધી જીવાત્માની ચાલી આવતી જન્મયાત્રા પણ અનેક અવતારો ને અનેક રૂપોમાં જન્મને ધારણ કરી ચૂકી છે. પણ છતાં સાગરનું માપ કે વિસ્તાર તો કદાચ વિજ્ઞાનનાં સાધનોની મદદથી કદાચ માપી શકાય જન્મોજન્મની યાત્રાની ગણતરી કરવી અતિ મુશ્કેલ થઈ શકે નથી. માટે જ, આચાર્યશ્રીએ જન્મને ઉદધિની-સાગરની ઉપમા આપેલ છે.

क्रोधस्त्वया यदि विभो ! प्रथमं निरस्तो
ध्यस्तास्तदा बत कथं किल कर्म-चौराः ? ।
प्लोषत्यमुत्र यदिवा शिशिरापि लोके
नीलद्रुमाणिविपनानि न किं हिमानी ? ॥ १३ ॥

પેલા જ્યારે ઝટ દઈ પ્રભુ ક્રોધ આપે હટાવ્યા,
શી રીતે એ પ્રબળબળશા કર્મવૈરી નમાવ્યા ?
જાણે સર્વે હિમતિ અતિ શીતતાથી સુહાયે,
તો યે બાળે તરુવરતણાં જંગલોને સદાયે.

● **<u>શબ્દાર્થ :-</u>**

ક્રોધ :- ક્રોધ, त्वया - તમારા વડે, यदि - જ્યારે, विभो - પ્રભુ, प्रथमं - પ્રથમ, निरस्तो - નષ્ટ કરાયો, ध्वस्ता - નાશ કરાયા, तदा - ત્યારે, बत - આશ્ચર્ય, कथं - કેવી રીતે, किल - ખરેખર, કર્મચૌરા - કર્મરૂપી ચોરો, प्लोषति - બાળી નાખે, अमुत्रलोके - આ લોકમાં, यदि वा - અથવા, शिशिरापि - શીત હોવા છતાં પણ, नीलद्रुमाणि - લીલા વૃક્ષોવાળાં, विपिनानि - જંગલો, न - નહિ, किं - શું, हिमानी - હિમવર્ષા.

● **<u>ભાવાર્થ :-</u>**

હે પ્રભુ ! આપે જો ક્રોધરૂપી અગ્નિનો નાશ પ્રથમથી જ કર્યો હતો, તો પછી કર્મરૂપી ચોરોને કેવી રીતે બાળી નાંખ્યા ? ખરેખર આ લોકમાં પણ એવું બને છે કે શીતલ હિમવર્ષાથવાથી લીલાં વૃક્ષોવાળા જંગલોનાં જંગલો બળીને ભસ્મ થઈ જાય છે. તેવી રીતે પ્રભુ ! આપે શાંતિરૂપી હિમ વડે કર્મરૂપ ચોરોને બાળી નાંખ્યા છે.

● **<u>વિવેચન :-</u>**

પરમાત્માના અનંતગુણોનું દર્શનને વર્ણન કરાવવાની ભાવના સહ આચાર્યશ્રી એકેક શ્લોકોમાં ગૂઢ રહસ્યમ ભાવોનું આલેખન કરેલ છે. પ્રસ્તુત શ્લોકમાં કષાયભાવોનું વર્ણન તથા કષાયોથી પ્રભુ મુક્તિ મેળવી ચૂક્યા છે એ વાત રજૂ કરી છે. મનોમન પ્રભુને આચાર્યશ્રી ભાવોની અભિવ્યક્તિ દ્વારા કહી રહ્યા હશે કે - અહો તારક પરમાત્મા ! આત્માની પાસે અનંત અવ્યાબાધ ગુણોનો ભંડાર છે, પરંતુ આત્મા આજે પોતાની ગુણસમૃદ્ધિને ભૂલી અર્થાત્ સ્વભાવના ભાન વિના વિભાવની ગંદી ગટરમાં ફસાતાં મૂઢ - પામરને બિચારો બની ગયો છે. તેના ગુણરૂપી ધનને કર્મરૂપી ચોરો લૂંટી રહ્યા છે, છતાં તે મોહાધીન બની શુભાશુભ કર્મનાં

આધારે જીવી રહ્યો છે. ને આ શુભ-અશુભ કર્મના ઉદય પ્રમાણે ઉચ્ચ-નીચગતિમાં પરિવર્તિત થઈ રહ્યો છે અને કર્મના ફલસ્વરૂપે સુખ - દુઃખના અનુભવ કરી રહ્યો છે. પરંતુ, જ્યારે આપને આ કર્મની સ્થિતિની પરાધીનતા સમજાઈ ગઈ ત્યારથી પ્રભુ આપે તેની ચુંગાલમાંથી છૂટવાનો પ્રયત્ન કર્યો ને પ્રથમ ક્રોધને નષ્ટ કર્યો...

ક્રોધ, માન, માયા ને લોભ ચારેય કષાયોમાં ક્રોધ કષાય ચારિત્રમોહનીયનો પ્રથમ સ્તંભ છે. બાકીના કષાયો પણક્રોધના પરોક્ષ પ્રભાવને કારણે જ વિદ્યમાન થાય છે. માટે, જ સર્વપ્રથમ આવા કટુવિપાકને જાણી પરમાત્માએ ક્રોધ કષાયનો સંપૂર્ણ નાશ કર્યો છે. પરંતુ આચાર્યશ્રી દ્વિધા વ્યક્ત કરતાં પ્રભુને પ્રશ્ન કરે છે કે, "આપે ક્રોધાગ્નિનો જ નાશ કર્યો છે, તો કર્મરૂપી ચોરોને શી રીતે હણી નાંખ્યા ?" સામાન્ય રીતે એમ અનુભવાય છે કે, કોઈ વસ્તુનો નાશ કરવો હોય, બાળીને ભસ્મ કરવું હોય તો અગ્નિનો આશરો લેવો પડે છે. તો હે વિભુ ! બાકીનાં કર્મને કેમ (બાળશો) હણશો ?

અહીં, આચાર્યશ્રી કર્મને ચોરની ઉપમા આપી ઘટાવે છે. જેમ ચોર માલિકની નજર બહાર તેની વસ્તુ કે ચીજ લઈ જાય છે તેમ કર્મરૂપી ચોરો આત્મસ્વરૂપી માલિકના અનંતગુણોને લઈ પલાયન થઈ જાય છે. ક્રોધાદિ કષાયો કર્મરૂપી ચોરોને મજબૂત કરવામાં સહાયક બને છે ને આ કર્મચોરો અનંતવૈભવ ધરાવતા ચૈતન્યને એક ભિખારી જેવો બનાવી દે છે. માટે, અનંત માનાદિ વૈભવનો ખજાનો પ્રાપ્ત કરવા માટે પરમાત્માએ ક્રોધાદિ કષાયોને નાશ કરી કર્મરૂપી ચોરોને પલાયન કર્યા.

ગુણસ્થાનક આરોહણ ક્રમમાં ક્ષપક શ્રેણી ચડેલો સાધક - તીર્થંકર પરમાત્મા નિયમા ક્ષપક શ્રેણીએ જ ચડેલા હોય છે. સૌથી પ્રથમ આઠમે ગુણસ્થાનકે ક્રોધ પ્રકૃતિને ખપાવે છે. પણ માનાદિ શેષ કષાયોને કેવી રીતે દૂર કર્યા ? તેનું સમાધાન કરતાં, પોતાના ઊઠેલા તર્કનું સદૃષ્ટાંત નિરાકરણ કરતાં આચાર્યશ્રી જગતમાં જોવા મળતી કુદરતની અનુપમ લીલાનું યથાર્થ દૃષ્ટાંત આપી સમાધાન કરે છે...

વર્ષાઋતુના સમયકાળમાં વરસાદી પાણીથી ખેતરોમાં લીલોછમ પાક થાય છે. પણ વરસાદી માહોલ બાદ શિયાળાના સમયકાળમાં અતિશય ઠંડુ મોજું આવે અથવા હિમપ્રપાત કે બરફવર્ષા જેવા કોઈ કારણોસર પણ લીલોછમ ખેતરનો વિસ્તાર બળીને ભસ્મ થઈ જાય છે અતિશય તાપથી તો હરિયાળી નાશ પામે પણ અતિશય ઠંડકથી પણ હરિયાળી નાશ પામે જ છે. અગ્નિનું બળેલું તો અપેક્ષાએ સારું કેમકે તેતો ઉપરથી જ બાળે છે, તેના મૂળને તો સાબૂત રાખે છે તેથી પાક ફરી ઊગી શકે પણ, હિમવર્ષા તો ભારે ભયાનક. કેમ કે તે તો જડમૂળથી લીલાંછમ ખેતરોને ક્ષણવારમાં બાળીને ભસ્મીભૂત કરી નાખે છે, તે જ પ્રમાણે પ્રભુ પણ હવે ક્રોધાગ્નિ પ્રથમ દૂર થવાથી હિમ સરખા અત્યંત શીતલીભૂત બની ગયા હોય છે. એટલે ક્ષમાદિરૂપી હિમ વડે બાકીના સઘળા કર્મચોરોને બાળીને જડમૂળથી ભસ્મીભૂત કરી દે છે, કે જેથી ફરી ઉદયમાં ન આવે. આ વાતને દર્શાવવા જ આચાર્યશ્રીએ "નિરસ્ત" શબ્દ પ્રયોજ્યો

છે. કોઈ ભાવનો લય થાય તે અસ્ત થયો કહેવાય પણ જે કોઈ ભાવોનો સંપૂર્ણનાશ જ થઈ ગયો છે તેને નિરસ્ત કહેવામાં આવે છે. અસ્ત થયેલ તો ફરી ઊગવાની શક્યતા છે (જેમ કે સૂર્ય) પણ નિરસ્ત અર્થાત્ ફરીથી ઊગવાની શક્યતા નથી. માટે, આ ગૂઢાર્થથી કહેવા માંગે છે કે પ્રભુના કર્મક્ષયની ક્રિયા ઉપશમ ક્રિયા નથી પરંતુ સંપૂર્ણ ક્ષયક્રિયા છે.

આ પ્રમાણે સર્વથા ઘાતીકર્મોને જડમૂળથી બાળીને પ્રભુ કેવળજ્ઞાન - કેવળદર્શન પ્રગટાવે છે ને તેરમે ગુણસ્થાનકે આવે છે. કષાયના અભવામાં કર્મ ઝાઝો સમય ટકી શકતાં નથી. માટે, બારમાં ગુણસ્થાને કષાયનો સર્વથા ક્ષય કરી પ્રભુ વીતરાગી બન્યા. તેરમા ગુણસ્થાનકે બાકીનાં ઘાતીકર્મોનો પણ ક્ષય થતાં પ્રભુ સર્વજ્ઞ બન્યાં ને ચૌદમા ગુણસ્થાન કે મન, વચન ને કાયાના યોગોને રૂંધી અયોગી સ્વરૂપ પ્રગટાવી, ચારે અઘાતિકર્મોને ખપાવીને કર્મમુક્ત બની એક સમયમાં સિદ્ધ, બુદ્ધ ને મુક્ત બની જઈ સ્વરૂપ દશાને પામી અવ્યાબાધ શાશ્વતા સુખની લહેરમાં સિદ્ધશીલાએ જઈ બિરાજ્યા.

પાણી સ્વભાવથી વનસ્પતિનું પોષણ કરે છે, તે રીતે કષાયો સંસારના રસના પોષક છે, તે જ પાણી જ્યારે ઠરીને હિમ બની જાય છે. ત્યારે પાણી પણે જે વનસ્પતિને પોષનારું તત્ત્વ હતું તે જ બાળીને ભસ્મ કરે છે, તે જ પ્રમાણે ક્રોધાગ્નિ જવાથી આત્મા હિમ સરખો શીતળ બની જાય છે એટલે જે આત્મા અત્યાર સુધી વિષય કષાયના રસમાં ઓતપ્રોત હતો. તેજ હવે તે સંસારના રસને બાળીને પોતાનું શુદ્ધ આત્મસ્વરૂપ પ્રગટાવે છે.

આ પદમાં સ્પષ્ટ કહ્યું છે કે ક્રોધ કષાયનો ક્ષય કરવાથી હે વિભુ ! બાકીના વિકારીભાવો સ્વયં ધ્વંસ થાય છે અને જિનેશ્વરરૂપી દિવ્ય સ્વરૂપનું પ્રાગટ્ય થાય છે. આચાર્યશ્રી સ્વયં ધુરંધર દાર્શનિક વિદ્વાન છે. માટે આ ભક્તિસ્તોત્રમાં અનેક દાર્શનિક ભાવોની ઝલક જોવા મળે છે. અવનવી ઉપમાઓનો રસાળ શૈલી પ્રયોગ કરી પ્રભુ કષાયમુક્ત - ક્રોધાદિ શત્રુઓથી મુક્ત બની શુદ્ધ - બુદ્ધ સ્વરૂપને પામ્યા તેની વાત પ્રદર્શિત કરે છે.

त्वां योगिनो जिन ! सदा परमात्म-रूप-
मन्वेषयन्ति हृदयाम्बूज-कोश-देशे ।
पूतस्य निर्मल-रुचेर्यदिवा किमन्य-
दक्षस्य सम्भवि पदं ननु कर्णिकाया: ? ॥ १४ ॥

યોગીઓએ પરમ પ્રભુજી આપને હે જિનેશ,
જોયેલા છે નિજ હૃદયના મધ્યભાગે હંમેશ;
જેની કાંતિ વિમળ અતિ છે એ સમું અક્ષ છે તો,
તેનો વાસો કમલ કલિકાથી બીજે સંભવે શો ?

● <u>શબ્દાર્થ :-</u>

ત્વાં - આપને, યોગિનો - યોગીપુરુષ, જિન - હે જિન !, સદા - હંમેશા, પરમાત્મરૂપમ્ - પરમાત્મસ્વરૂપ, અન્વેષયન્તિ - શોધે છે, હૃદયામ્બુજકોશદેશે - પોતાના હૃદયકમલના મધ્યભાગમાં, પૂતસ્ય - પવિત્ર, નિર્મલરુચે :- નિર્મળકાંતિવાળા, યદિ - જો કે, વા - અથવા, કિમન્યત્ - કયું, અન્યત્ર હોય શકે, અક્ષસ્ય - આત્માનું, સંભવિપદં - પ્રાપ્ત કરવાનું સ્થાન, ननु - ખરેખર, કર્ણિકાયા :- હૃદયકમળની કર્ણિકાને.

● <u>ભાવાર્થ :-</u>

હે જિનેશ, પરમાત્મસ્વરૂપ એવા આપને યોગીઓ નિરંતર પોતાના હૃદયકમળના કોશમાં - મધ્યભાગમાં જ શોધે છે તે યોગ્ય જ છે, કારણકે પવિત્ર અને ઉજ્જવલ કાંતિમાન કમળનાં બીજનું સ્થાન કમળના મધ્યભાગમાં રહેલ કર્ણિકામાં જ સંભવિત છે. તેવી જ રીતે શુદ્ધ આત્માનું સ્વરૂપ પણ આ શરીરના મધ્યભાગમાં જ છે, એટલે આત્મા શરીરમાં જ રહે છે.

● <u>વિવેચન :-</u>

પરોક્ષમાંથી સ્તુતિ પ્રભાવે પ્રત્યક્ષ થયેલા શ્રી પ્રભુનું સ્થાન કઈ જગ્યાએ છે તે જણાવતાં આચાર્યજી આ કડીમાં કહે છે કે, 'હે જિનેશ્વર પ્રભુ ! પરમાત્મ સ્વરૂપ એવા આપને યોગીઓ નિરંતર પોતાના હૃદયકમળમાં જુએ છે (શોધે છે) તે યોગ્ય જ છે, કેમ કે પવિત્ર અને નિર્દોષ કાંતિવાળા કમળનાં બીજનું સ્થળ, કમળના મધ્ય પ્રદેશમાં રહેલી કર્ણિકામાં સંભવે છે, તેમજ બીજરૂપ આપનું સ્થળ પણ માણસના હૃદયકમળમાં છે, એ વાસ્તવિક જ છે.

આ કડીમાં પ્રભુ ક્યાં બિરાજે છે તે આપણને આચાર્યજી યોગીના દૃષ્ટાંતથી જણાવે છે.

તેઓ અહીં પ્રભુને 'જિન' તરીકે સંબોધે છે. 'જિન' એટલે જિતેન્દ્રિય. જેમણે ઈન્દ્રિયોનો આશરો છોડી પોતાનું ઈન્દ્રિયાતીત સ્વરૂપ પ્રગટાવ્યું છે તે. આવા જિન પ્રભુને યોગીઓ પોતાના હૃદયકમળમાં જુએ છે. યોગીઓ એટલે મન, વચન અને કાયાના યોગને ધારણ કરીને સ્વરૂપને પ્રગટાવવા મથતા જીવો. આ યોગીઓ બાહ્યદૃષ્ટિ ત્યાગી આંતર્દૃષ્ટિ ધારણ કરે છે, તેઓ અંતર્મુખ બને છે, અને ઉપયોગને અંદરમાં કેન્દ્રિત કરે છે, જ જગ્યાએ જિનપ્રભુ બિરાજ્યા હોય છે. પ્રભુને જોવા માટે ચર્મચક્ષુની જરૂર પડતી નથી પણ આંતરચક્ષુની. જ્ઞાનદૃષ્ટિની જરૂરિયાત છે. આ અગાઉની કડીઓમાં આચાર્યજીએ આપણને બતાવ્યું છે કે જે જીવો પોતાના હૃદયમાં પ્રભુને સ્થાપે છે તે જીવો સહેલાઈથી સંસાર-સમુદ્ર પાર કરી જાય છે. એના અનુસંધાનમાં, તેઓ પ્રભુની શોધ ક્યાંય બહાર નહિ પણ અંદર જ ચલાવે છે. જો એક વખત પ્રભુ અંદર આવી ગયા તો પછી તે ધારક જીવન અવશ્ય ભવસમુદ્ર તરી જવાનો. આથી યોગી અંતરમાં પ્રભુને શોધીને ખૂબ પ્રસન્ન થાય છે કે પ્રભુ અંદરમાં જ છે તેથી હવે કિનારો નજીક જ છે.

પવિત્ર અને નિર્મળ કાંતિવાળા કમળનું બી, કમળના મધ્ય પ્રદેશમાં રહેલી કર્ણિકાના મધ્ય ભાગમાં જ રહે છે. વસ્તુની જેટલી વધારે પવિત્રતા, તેટલી વધારે પવિત્રતા તેને ધારણ કરનારની જોઈએ. કમળ પવિત્ર છે. કાદવ કે પાણીમાં તે ઊગવા છતાં તેનો પાશ તેને જરા પણ લાગતો નથી, તે તો કાદવ અને પાણીથી અલિપ્ત જ રહે છે. આવા કમળને જન્મ આપનાર, તેનું બી જેમાંથી કમળ ઉત્પન્ન થાય છે, તે પણ પવિત્ર જ હોય છે. આ કમળનું બી, કમળના મધ્યભાગમાં ન રહે તો બીજે ક્યાં રહે ? કમળ જેવી પવિત્રતા, તેના વેલાના બીજા કયા ભાગમાં મળવાની હતી ? આ પવિત્ર કમળમાં વાસ કરી, કાંતિવાળું કમળનું બી પોતાની પવિત્રતા જાળવી શકે છે. આમ અન્યોન્ય પવિત્રતા અર્પી તેઓ વસે છે. અર્થાત્ સમાન વચ્ચે મૈત્રી સંભવે છે.(૧૫)

આ ઉદાહરણ પરથી આપણને યોગી અને પરમાત્માનો સંબંધ સમજાય છે. યોગી પોતે પરમાત્મા જેવા પવિત્ર થવાનો પુરુષાર્થ કરી રહ્યા હોય છે, તેથી અમુક અંશે પવિત્રતા પ્રગટાવી ચૂક્યા હોય છે. આખા દેહમાં હૃદય એ સૌથી અગત્યનું અંગ છે. તેની તંદુરસ્તી વિના દેહ ટકી શકતો નથી. દેહના અન્ય કોઈ અંગમાં બગાડો હોય તો એ બગાડા સાથે, અથવા તો એ અંગ વિના શરીરનું કાર્ય ચાલી શકે છે, ત્યારે હૃદય વિના તો મનુષ્ય શરીર અસ્તિત્વ જ ધરાવી શકતું નથી. એટલું જ નહિ પણ હૃદયમાં બગાડો થાય તો તે પણ જીવન સમાપ્ત થઈ જાય છે. એટલે કે હૃદય એ શરીરનું સૌથી અગત્યનું અંગ છે. વળી જ્યારે જીવ પવિત્રતા ધારણ કરવાની શરૂઆત કરે છે, ત્યારે તેનો આરંભ પણ હૃદયથી થાય છે. પહેલાં હૃદય પવિત્ર થાય છે પછી બીજાં અંગો, પવિત્રતા વિસ્તરતા પવિત્ર થાય છે. આ અપેક્ષાથી પણ હૃદય અગત્યનું અંગ છે. આવા મહત્ત્વના ભાગમાં મહા પવિત્ર એવા પરમાત્મા વસે છે. જેઓ પરમ પવિત્ર થયા છે, તેવા મહાન આત્માનું સ્વરૂપ હૃદયમાં પ્રકાશિત થાય છે. કારણકે એના જેવું બીજું પવિત્ર અંગ શરીરમાં નથી. તેથી જ્યારે યોગીઓ પરમ સ્વરૂપની ખોજમાં પડે છે ત્યારે તેઓ અન્ય કોઈ અંગ કે સ્થળની તપાસ ન કરતાં જ્યાં પવિત્રતાનો વાસ છે તે હૃદયના મધ્યભાગની જ તપાસ

કરે છે. ત્યાં પોતાની વૃત્તિને સ્થિર કરી ઝળહળતા પરમાત્મા સ્વરૂપનો અનુભવ કરે છે. જ્યારે પ્રભુ પ્રતિના પ્રેમ તથા લાગણી ઘણાં વધે છે ત્યારે પ્રભુ સ્વયં જ યોગી ના હૃદયના મધ્યભાગમાં આવી, તેને પવિત્ર કરવાનું કાર્ય શરૂ કરી દે છે. આમ, પરમાત્માના વાસથી યોગી પવિત્ર થતા જાય છે અને હૃદયની પવિત્રતાના કારણે પ્રભુનો વસવાટ ત્યાં સ્થિર રહે છે. આમ, આ અન્યોન્ય પવિત્ર સંબંધના કારણે યોગીઓ પણ સંસારમાં કમળની જેમ અલિપ્ત બનીને રહે છે અને રાગદ્વેષની જાળમાં ગૂંચવાતા નથી.

સંસાર એ કાદવ સમાન છે. જ્યાં જાત જાતના વિષય, વિકાર અને કૂડ કપટ જેવો કાદવ ચારે બાજુ ફેલાયેલો છે. એવા કાદવની વચ્ચે યોગીઓ રૂપે પવિત્ર કમળ ખીલે છે તેઓ કાદવમાં કમળમાં જેમ સંસારની આંટીઘૂંટીથી અલિપ્ત જ રહે છે અને પ્રભુ એ કમળના પવિત્ર નિર્મળ બી સમાન છે. કમળના એક બીજમાંથી જેમ અનેક કમળ ઉત્પન્ન થાય છે તેમ પરમાત્માના સંપર્કથી અનેક જીવમાંથી શિવસ્વરૂપ પ્રગટ થાય છે. પ્રભુના પ્રતાપે અનેક યોગીઓ સંસારથી અલિપ્ત બની, ભવસમુદ્ર તરી પાર ઊતરે છે. આ ઉદાહરણ આપણને એકદમ યોગ્ય લાગ્યા સિવાય રહેતું નથી અને જેમ જેમ તેના વિશે વિચારીએ તેમ તેમ તેની વિશેષ યથાર્થતા જણાતાં આનંદ પ્રવર્તે છે.

ध्याना ज्जिनेश ! भवतो भविनः क्षेणेन,
देहं विहाय परमात्म - दशां व्रजन्ति ।
तीव्रानलादुपल-भावमपास्य लोके,
चामीकरत्वमचिरादिव धातु-भेदाः ॥ १५ ॥

ધ્યાનાગ્નિએ ભવિજન અહા સર્વ કર્મો જલાલવી,
અંતે પામે પરમપદને દેહનો અંત લાવી;
અગ્નિકેરા પ્રબળ બળથી ભેદી પાષાણ ભાવ,
પામે સોના સરખી સઘળી ધાતુઓ શુદ્ધ ભાવ.

● **<u>શબ્દાર્થ :-</u>**

ધ્યાનાત્ - ધ્યાનથી, જિનેશ - હે જિનેશ્વર ! ભવત :- આપના, ભવિ :- ભવ્યજીવોના, ક્ષણેન - ક્ષણવારમાં, દેહં - શરીરને, વિહાય - છોડીને, પરમાત્મદશાં - પરમાત્મદશાને, વ્રજન્તિ - પ્રાપ્ત થાય છે, તીવ્રાનલાત્ - તીવ્ર અગ્નિના સંબંધથી, ઉપલભાવમ્ - પથ્થર રૂપને, અપાસ્ય - છોડીને, લોકે - લોકમાં, ચામીકરત્વમ્ - સુવર્ણપર્યાયને, અચિરાત્ - શીઘ્ર, ઈવ - જે રીતે, ધાતુભેદા :- અનેક ધાતુઓ....

● **<u>ભાવાર્થ :-</u>**

હે જિનેશ્વર ! આપણા ધ્યાનથી ભવ્યજનો આ દેહને છોડી શીઘ્ર જ પરમાત્મદશાને પ્રાપ્ત કરે છે જેમ પ્રચંડ અગ્નિના સંયોગથી વિવિધ ધાતુ પાષાણ ભાવને છોડીને તત્કાલ સુવર્ણત્વને પ્રાપ્ત કરે છે.

● **<u>વિવેચન :-</u>**

બાર પ્રકારનાં તપમાં છ પ્રકારનાં તપ તે આભ્યંતર તપ છે : જેમાં પાંચમો ભેદ છે ધ્યાન... મનનું એક વિષયમાં સ્થિર થવું અર્થાત્ મનની એકાગ્ર અવસ્થાનું નામ ધ્યાન છે. 'શ્રી તત્ત્વાર્થ મહાસૂત્ર'માં આચાર્ય ઉમાસ્વાતિજી ધ્યાનની વ્યાખ્યા કરતાં જણાવે છે -

"उत्तमसंहननस्यैकाग्रचिन्तानोरोधाध्यानम्" **(૧૬)**

અર્થાત ઉત્તમ સંહનનવાળા વ્યક્તિ દ્વારા એક વિષયમાં અંતઃકરણની વૃત્તિની સ્થાપના તે ધ્યાન છે. 'દ્વાત્રિંશદ્ દ્વાતિશિકાં'માં આચાર્ય સિદ્ધસેન દિવાકરજી ધ્યાનની વ્યાખ્યા કરતાં જણાવે છે -

'शुभैकप्रत्ययौ ध्यानम्'

અર્થાત્ શુભ અને પવિત્ર આલંબન પર એકાગ્ર થવું તેને ધ્યાન કહેવાય. તો, આચાર્ય હેમચંદ્રજી અનુસાર ધ્યાન અટલે... અભિધાનચિંતામણી કોશમાં.

'ध्यानं तु विषये तस्मिन्नेकप्रत्ययसंतितः !' (૧૭)

પોતાના વિષયમાં મનનું એકાગ્ર થઈ જવું તે ધ્યાન છે. આ પ્રકારે સુસ્પષ્ટ થાય છે કે શુભતા તરફ વધતું મન જ્યારે કોઈ વિશેષમાં તન્મય થઈ જાય છે તો તે ધ્યાન કહેવાય છે. જૈનાગમોમાં ધ્યાનના ચાર ભેદ બતાવ્યા છે. (૧) આર્તધ્યાન (૨) રૌદ્રધ્યાન (૩) ધર્મધ્યાન (૪) શુકલધ્યાન

પીડા, દુઃખ, શોક કે કષ્ટ આદિથી સંબંધિત ધ્યાન તે આર્તધ્યાન. હિંસા, અસત્ય, ચોરી અને ઈન્દ્રિયવિષયોના સંરક્ષણમાં સતત ચિંતિતિ તે રૌદ્રધ્યાન. વસ્તુ કે ધર્મનું સ્વરૂપ સમજવામાં, પ્રભુની આજ્ઞા, અપાય (જીવનનાં દોષો), વિપાક (કર્મનું ફળ) અને સંસ્થાપન (લોકસ્વરૂપ) વિષયમાં ચિંતન - મનન કરી પોતાની ચેતનાને એકાગ્ર કરવું તે ધર્મધ્યાન. અર્થાત્ સમસ્ત વિકલ્પોને છોડીને આત્મસ્વરૂપમાં મનનો આનંદ નિરોધ કરવો તે ધર્મધ્યાન છે ને આત્માના શુદ્ધરૂપની સહજ પરિણિતીને 'શુકલધ્યાન' કહેવાય છે. શુકલધ્યાન તે પરમ ઉજ્જવલ ને નિર્મલ દશા છે. આ ચાર ધ્યાનમાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન સંસાર વધારનારાં હોવાથી ત્યાગવા યોગ્ય છે ને ધર્મધ્યાન ને શુકલધ્યાન મોક્ષના કારણભૂત, પરમાત્મદશા પ્રાપ્ત કરવામાં સહાયભૂત હોવાથી ઉપાદેય છે.

ધર્મધ્યાન ને શુકલધ્યાન નામક શુભધ્યાનને અગ્નિ, પ્રદીપ, ઔષધિ, ચક્ર આદિ વિભિન્નરુપોમાં કર્મોનાં નાશક બતાવ્યાં છે.(૧૮) જેમકે 'સ્વયંભૂસ્તોત્ર'માં કહ્યું છે કે -

"स्वदोषमूलं स्वसमाधितेजसा, निनाय यो निर्दयभस्मसात्क्रियाम् ॥" (૧૯)

ધ્યાન તે તેજ (અગ્નિ) છે, જેના દ્વારા સમસ્ત દોષોનાં મૂળ કર્મસમૂહ ને નિર્દયતાપૂર્વક નષ્ટ કરવામાં આવે છે. આવા ધ્યાનની સાધનાથી અને ધ્યાનના પ્રભાવથી આત્મા સ્વયં પરમાત્માદશાને પામે છે અને ધ્યાન ધરતો જીવાત્મા દેહથી આત્માની ભિન્નતાનો અનુભવ કરે છે. પરમાત્માનું શરણું સ્વીકારી ધ્યાનમાં તલ્લીન બનતાં જીવાત્માને પોતાની સમર્પણતાના પ્રભાવે તથા દૃઢભાવનાને સાધનાથી સાધકદશામાં આગળ વધવાની પ્રેરણા તથા બળ મળી રહે છે. ને આ બળ મેળવી આરાધના કરનાર અલ્પકાળમાં જ દેહથી ભિન્ન અવસ્થાને પામતો હોય તેવો અનુભવ કરી શકે છે.

અહીં શ્લોકમાં, "અક્ષ" શબ્દનો શ્લેષલંકાર તરીકે ઉપયોગ કર્યો છે. 'અક્ષ'ની વ્યુત્પત્તિ કરીએ તો 'અક્ષણાતિ ઈતિ અક્ષઃ' અર્થાત્ 'જે જાણે છે તે આત્મા છે.' 'અક્ષ' ધાતુનો અર્થ થાય છે જાણવું. તેથી તેનો એક અર્થ થાય છે જાણનાર તે 'આત્મા'. ને બીજો અર્થ થાય છે 'કમળનું બીજ'. હવે કમળના પવિત્ર બીજનું સ્થાન કમળની દાંડીના મધ્યભાગમાં છે અને શુદ્ધ નિર્મળ આત્માનું સ્થાન શરીરના વિષે હૃદયકમળના મધ્યભાગમાં છે. તેથી જ યોગી લોકો હૃદય વિષે પ્રભુનું ધ્યાન ધરે છે, અને પરમ આત્માના શુદ્ધ સ્વરૂપની અનુભૂતિ પણ પોતાના અંતરમાં જ કરે છે તે યથાર્થ છે, એમ કહીને ભારપૂર્વક એ કહ્યું કે મહાન યોગીઓને પણ ધ્યાન ધરવા જેવું કોઈ સ્વરૂપ હોય તો તે એકમાત્ર કર્મયુક્ત થઈને નિર્મળ બનેલા જિનેશ્વર પરમાત્માનું જ છે. અને તેમનું ધ્યાન ધરતો થકો જીવાત્મા જ સિદ્ધપદને પામે છે.

આ શ્લોકના બીજા ચરણમાં આચાર્યશ્રી "દેહં વિહાય" શબ્દ પ્રયોજ્યો છે જેનો અર્થ થાય છે દેહ (શરીર) છોડીને... તો મનમાં સંશય ઊઠે કે, દેહના હોવાથી જીવ ધ્યાનની સાધના કરી શકે પણ દેહના અભાવમાં દેહ ન હોવા છતાં ધ્યાનની સાધના કેવી રીતે થઈ શકે ? પરંતુ આચાર્યશ્રી અહીં એ ભાવ દર્શાવવા માંગે છે કે, દેહના અસ્તિત્વમાં ધ્યાનની સાધના શરૂ થાય છે પણ ધીમે ધીમે જેમ સાધક આ સાધનામાં આગળ વધતો જાય તેમ-તેમ ધ્યાનસાધનાની ફલશ્રુતિ સ્વરૂપે દેહથી મુક્તિ મેળવી - દેહથી છૂટી જાય છે. આ શબ્દોનો અર્થ એ છે કે... દેહ હોવા છતાં તે દેહાધ્યાસથી છૂટી જાય છે. દેહની એક-એક ક્રિયાને - તે માત્ર જ્ઞાતાભાવે જોતા રહે છે. દેહની કોઈ પ્રક્રિયા કે દૈહિકક્રિયામાં તે ભળતો નથી માત્ર દૃષ્ટા બની રહે છે. ને દેહથી ભિન્નતાનો અનુભવ કરવો થકો આયુષ્યકર્મની પૂર્ણતાએ કોઈ જ દુઃખ વગર સહેજે - સહેજ દેહબંધન છોડી જાય છે. ન તો તે સાધકમાં જીવવાની જિજીવિષા કે ન તો મૃત્યુની કોઈ કલ્પના કે કામના જૈનાગમોમાં કહ્યા પ્રમાણે "न जीविया संसप्पओगे... न मरणा संसप्पओगे।" બંને દશાથી મુક્ત થઈ સ્વરૂપદશામાં... પરમાત્મદશામાં સ્મરણતા કરે છે. આજ વાત શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રમાં બતાવતાં શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે -

"દેહ છતાં જેની દશા... વર્તે દેહાતીત."

આ વાતનું રહસ્ય સમજાવતાં ડૉ. તરુલત્તાબાઈ મહા. કહે છે - "આપણો દેહ અને દેહભાવ એટલા વ્યક્ત છે કે જેને પ્રમાણે ક્ષણે-ક્ષણે અનુભવી રહ્યા છીએ. દેહભાવ એક ક્ષણ માટે પણ લોપાતો નથી. સુષુપ્તિમાં કે જાગૃતિમાં દેહમાં થનાર પરિણમનને અનુભવી જ રહ્યા છીએ. દેહના એક પણ રોમરાયમાં કાંઈ પણ થાય તે તરત વેદીએ છીએ. તેનાથી ઉત્પન્ન સુખ-દુઃખને વેદીએ છીએ. પણ વેદવાવાળો કોણ છે તેની આપણને ખબર નથી. જો થોડા જ ઊંડા જઈને વિચારીએ તો સમજી શકીએ છીએ કે દેહમાં થતાં પ્રકંપનોને વેદનાર અન્ય કોઈ છે અને તે દેહથી જુદો હોય તેવું જણાય છે. પણ આપણે ઊંડા જતા નથી. ઉપરના સ્તર સુધી જ રહીએ છીએ. તેથી દેહભાવથી બહાર આવતા નથી. એમ દેહની સતત અનુભૂતિ છે. આ અનુભૂતિ

એ જ દેહાધ્યાસ. જ્યાં સુધી દેહાધ્યાસ દૂર થાય નહીં ત્યાં સુધી આત્મા ઉન્નતિના માર્ગે પ્રયાણ કરી શકે નહીં. તો એક તો આપણને દેહભાવમાંથી છોડાવી આત્મોન્નતિના માર્ગે ચડાવવા માટે, અને બીજું આપણે દેહને વધુ ઓળખીએ છીએ તેથી દેહાતીત અવસ્થાને ઓળખવી પણ એટલી જ જરૂરી છે એ બતાવવા માટે." (૨૦)

જ્યારે જીવાત્મા પરમાત્માના ધ્યાન-ભક્તિ માટે એકાગ્ર બની જાય છે, ત્યારે સાધનાના પંથે ધીમે ધીમે આગેકદમ કરતાં-કરતાં સ્વયં પરમાત્મા પદને પામવા માટે પાત્ર બની જાય છે, ને અંતે તે ધ્યાનના માધ્યમે જીવ સ્વયં પરમાત્માપદને પામી જનારો પણ બની જાય છે.

अन्तः सदैव जिन । यस्य विभाव्यसे त्वं
भव्यैः कथं तदपि नाशयसे शरीरम् ? ।
एतत्स्वरूपमथ मध्य-विवर्त्तिनो हि,
यद्विग्रहं प्रशमयन्ति महानुभावाः ॥ १६ ॥

જે કાયામાં મનુજ તમને ચિંતને નાથ નિત્ય,
તે કાયાને ભવિજન કરે કેવી રીતે અનિત્ય ?
મધ્યસ્થોથી જગમહિં બધે કલેશ અગ્નિ શમાય,
એવી ઉક્તિ વિમળમતિથી એકભાવે ગવાય.

● **<u>શબ્દાર્થ :-</u>**

અન્તઃ- અંદર, સદૈવ - હંમેશા, જિન - હે જિનેન્દ્ર !, યસ્ય - જે શરીરની, વિભાવ્યસે - ધ્યાન ધરે છે, ત્વમ - આપનું, ભવ્યૈઃ - ભવ્યજનો, કથં - કેમ, તદપિ - તે પણ, શરીમ્ - શરીરનો, નાશયસે - નાશ કરો છો ?, એતત્સ્વરૂપમહિ - એ સ્વભાવ જ છે, અથ - અથવા, યત્ - કે, મધ્યવિવર્તિન :- મધ્યસ્થ, રાગ-દ્વેષ રહિત, તટસ્થ, મહાનુભાવાઃ- મહાપુરુષ, વિગ્રહમ્ - વિગ્રહ - શરીર અને કલહને, પ્રશમયન્તિ - શાંત કરે છે.

● **<u>ભાવાર્થ :-</u>**

હે જિનેન્દ્ર ! ભવ્યજનો જે દેહના હૃદયકમલમાં આપનું નિરંતર ધ્યાન કરે છે, તે દેહનો જ આપ નાશ કરો છો અથવા ખરેખર એમ જ છે કે માધ્યસ્થભાવી મહાપુરુષોની રીત જ એવી છે કે તે વિગ્રહ (શરીર-કલહ)નો નાશ કરે છે. પોતાના સ્વરૂપને પામવામાં જે નડતરરૂપ રહેલું છે, તેને શાંત કરે છે.

● **<u>વિવેચન :-</u>**

આ શ્લોકમાં અનાદિ અનંતકાળથી, જડ અને ચેતન વચ્ચે દેહ અને આત્મા વચ્ચે જે સંસારચક્રરૂપી સંગ્રામ-વિગ્રહ ચાલી રહેલ છે તેને મિટાવીને જિનેશ્વર આત્માનો ઉદ્ધાર કેમ કરે છે તે બતાવ્યું છે.

આચાર્યશ્રી સિદ્ધસેન પ્રભુ સમક્ષ ઉચ્ચભાવોથી સ્તુતિ કરતાં કહી રહ્યા છે કે, "અહો! પ્રભુ આપની સ્તુતિ કરું છું પણ મારા મનમાં એક મોટી સમસ્યા ઊભી થઈ છે કે, જે સાધનથી આપ સાધના કરો છો તેવા શરીરનો જ કેમ વિનાશ કરો છો ?" જે વ્યક્તિ સહાયતા કરે તેની તો રક્ષા કરવી જોઈએ પણ આપ તો નાશ કરો છો - આગમમાં એક તરફ એમ કહ્યું છે કે

"सरीरमाहु नावत्ति" - શરીર ભવસાગર તરવા નૌકાસમાન છે ને બીજી બાજુ શરીરને બધા જ અનર્થોનું મૂળ કહ્યું છે. નશ્વર, ક્ષણભંગુર, ત્યાજ્ય અને હેય માનવામાં આવ્યું છે. શરીરનો અશુચિનો ભંડાર મનાય છે. પણ, મનમાં વિચાર આવે કે - અશરીરવાળા કોઈ જ વ્યક્તિ આજસુધી સાધના કરી શક્યા નથી. જોવા જઈએ તો એમ લાગે છે, જેની પાસે શરીર સારું તે સાધના સરી કરી શકે ને જે પાસે તંદુરસ્ત, મજબૂત શરીર નથી તે સાધના ઓછી કરે શકે છે. છતાં પ્રભુ ! આપ શરીરને નષ્ટ કરવા કેમ માંગો છો ?

પ્રથમ દૃષ્ટિએ વિચારતાં આશ્ચર્ય થાય છે કે જે શરીર વડે ભક્તો ભગવાનનું ધ્યાન ધરે છે, તે જ શરીરનો પરમાત્મા નાશ કેમ કરતા હશે ? એટલે કે તે શરીરની જરાય આસક્તિ ન રાખવાનો ઉપદેશ તીર્થંકર ભગવાન કેમ આપતા હશે ? પણ તે યોગ્ય જ છે. કેમકે અનાદિકાળથી આ દેહ અને આત્મા સંયોગ - સંબંધથી જોડાયેલા હોવા છતાં ક્ષીર-નીરની જેમ સાથેને સાથે જ છે. સ્થૂલ - ઔદારિક - વૈક્રિય શરીર ભવ પૂરો થતાં છૂટી જાય, તો પણ કાર્મણ - તૈજસ શરીર તો ભવાંતરમાં પણ જીવની સાથે જ જાય છે. આ કાર્મણ શરીર જ નવા-નવા દેહ ધારણ કરાવી જીવને ચારગતિમાં ભમાવે છે અને દુઃખી કરે છે. આ જન્મ-મરણનાં વિષચક્રમાંથી છૂટવું હોય તો તેનો એક જ ઉપાય છે - કાર્મણ શરીરને હણી નાંખો. "धूणे कम्मशरीरगं" (આચારાંગ સૂત્ર) મોહના કારણે જીવને શરીરમાં આસક્તિ થાય છે. આ દેહાસક્તિને તોડો, દેહાધ્યાસને છોડો તો જ દેહમાંથી મુક્ત થઈને અદેહી બની શકશો.

શ્રી ઠાણાંગસૂત્રમાં ત્રણ પ્રકારના પરિગ્રહ બતાવ્યા છે. જેમાં એક છે શરીર, શરીર એક પ્રકારનો પરિગ્રહ જ છે. જો અશરીરી બની જાય તો પદાર્થ પ્રત્યે મમત્વની અપેક્ષા નથી હોતી. બધી જ સમસ્યાઓ શરીરથી જ થાય છે. માટે, જ શરીર પ્રત્યેનો મમત્વભાવ છોડીને પ્રભુ અશરીરી બની ગયા.

આ શ્લોકના ચોથા ચરણમાં આચાર્યનું 'વિગ્રહ' શબ્દ ખૂબ જ ખૂબીપૂર્વક પ્રયોજી શ્લેષ અલંકાર દ્વારા વાતની રજૂઆત અને સ્પષ્ટતા કરે છે. 'વિગ્રહ' શબ્દના બે અર્થ થાય છે. (૧) ઝગડો અને (૨) શરીર. શ્રી પાર્શ્વનાથ પ્રભુ જેવા મહાનુભાવ વિગ્રહનો નાશ કરે છે : એટલે કે આત્મા તથા કર્મ વચ્ચે જે અનાદિકાળથી ગજગ્રાહ ચાલ્યા કરે છે, તે કર્મના નાશ દ્વારા વૈમનસ્યનો અંત આણી, શાંતિની સ્થાપના કરે છે. કર્મના ક્રૂર પાશમાંથી આત્માને છોડાવી, તેને પોતાના સહજ શાંતસ્વરૂપમાં બિરાજમાન કરે છે. વળી જે દેહમાં રહી આ બધાં દુઃખોનો ભોગવટો આત્મા કરે છે, તે દેહનો જ નાશ પ્રભુ કરતાં હોવાથી, આત્માને પરમશાંતિમાં બિરાજમાન થવાનો યોગ પ્રાપ્ત થાય છે. અત્રે 'વિગ્રહ' શબ્દની સાથે 'મધ્યવિવર્તી' એ શબ્દનો પણ શ્લેષ અલંકાર તરીકે ઉપયોગ કર્યો છે. 'મધ્યવિવર્તી' શબ્દનો એક અર્થ છે (૧) મધ્યસ્થ વ્યક્તિ અને (૨) રાગદ્વેષ રહિત અર્થાત્ માધ્યસ્થભાવવાળા વીતરાગ જિનેશ્વર, તીર્થંકર ભગવંતો માધ્યસ્થભાવમાં રહીને આત્માને પરમાત્મા સ્વરૂપ પામવામાં નડતરરૂપ એવા શરીરની આસક્તિ ન રાખવાનો બોધ આપે છે.

વળી, 'प्रशमयन्ति' ક્રિયાપદનો પ્રયોગ કર્યો છે, જે હકીકતમાં મધ્યવર્તી સાધકોની શ્રેષ્ઠ ભૂમિકાનું દિગ્દર્શન કરે છે. શમન એ સાધનાનું અંગ માનવામાં આવે છે. દમન અને શમન બંને સાધનામાં સહાયક છે. દમન કરવાનું પણ કેટલીક જગ્યાએ આવશ્યક કહ્યું છે. પણ દમનક્રિયા એ કનિષ્ઠ ક્રિયા છે. સમભાવી મહર્ષિઓએ શમનને શ્રેયકર માનેલ છે. દમનમાં અજ્ઞાનીનો ભાગ છે. દમનમાં આવેશને દબાવવામાં આવે છે, જ્યારે શમનમાં આવેશને શાંત કરવામાં આવે છે. વિવેકયુક્ત પ્રક્રિયા શમનની શ્રેણીમાં આવે છે.

વળી, શ્લોકમાં 'कथं' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. કલ્યાણમંદિરનો પ્રશ્નાત્મક અલંકાર એ છે કે પ્રાયે આચાર્યશ્રી 'कथं' નો પ્રયોગ કરે છે. કેમ, શું, વગેરે આજ્ઞાપ્રધાન પ્રશ્નો ન કરતાં 'કેવી રીતે' એ આશ્ચર્યજનક પ્રશ્ન કરે છે. આ સ્તોત્રમાં 'कथं' અવ્યવનો નવ વાર ઉલ્લેખ છે, જ્યારે ભક્તામર જેવા દીર્ઘસ્તોત્રમાં એકપણ વાર 'कथं' શબ્દ આવ્યો નથી. 'कथं'ની તુલના એટલે કરીએ છીએ કે, આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ અચિંત્ય ભાવોનો ભંડાર હોય છે. મોટા-મોટા વિદ્વાનો પણ અચિંત્ય ભાવોને આશ્ચર્યજનક માને છે. 'कथं' શબ્દ આશ્ચર્યભાવને વ્યક્ત કરે છે.

સાધનાના ક્ષેત્રમાં આગેકદમ કરવા માટેની એક પછી એક પ્રક્રિયાના ક્રમ આચાર્યશ્રી બતાવવા જાય છે ને સાધનાકાળના વિકાસ માટે સૌથી મહત્ત્વની બાબત બતાવી વિગ્રહશમનની.. દેહાતીત ભાવોને પ્રગટ કરવા માટે પરોક્ષ રીતિથી અવરોધવા શમનનો ઈશારો કર્યો છે.

आत्मा मनीषिभिरयं त्वदभेद-बुद्ध्या
ध्यातो जिनेन्द्र ! भवतीह भवत्प्रभाव: ।
पानीयमप्यमृतमित्यनुचिन्त्यमानं
किं नाम नो विष-विकारमपाकरोति ? ॥ ૧૭ ॥

તારી સાથે કદિ નવ કરે સુજ્ઞ તો ભેદભાવ,
વર્તે તેમાં પ્રભુજી સઘળો આપનો છે પ્રભાવ;
પાણીને યે પીયુષ કરતો મંત્ર કેરો પ્રકાર,
શું તે દૂરે નવ કદિ કરે વિષકેરો વિકાર ?

● **<u>શબ્દાર્થ :-</u>**

આત્મા - આત્મા, મનીષિભિઃ - બુદ્ધિમાનો દ્વારા, અયં - આ, ત્વદભેદ બુદ્ધયા - આપની અભિન્ન એવી બુદ્ધિથી, ધ્યાતઃ - ધ્યાન કરવામાં આવ્યું, જિનેન્દ્ર - હે જિનેશ્વર !, ભવતિ - થઈ જાય છે, ઈહ - અહીંયા, ભવત્પ્રભાવઃ - આપ સમાન પ્રભાવવાળા, પાનીયમ - પાણી, અપિ - પણ, અમૃતમ્ ઇતિ - આ અમૃત છે, અનુચિન્ત્યમારમ્ - એ રીતે નિરંતર ચિંતવન કરતાં, કિં - શું, નામ - અવયવ, વિષવિકારમ્ - વિષના વિકારને, નો અપા કરોતિ - દૂર નથી કરતું ? (અર્થાત્ કરે છે)

● **<u>ભાવાર્થ :-</u>**

હે પ્રભો ! આત્મભાવમાં રમણ કરનારા મનીષીસાધક પોતાના આત્માનું આપના આત્મા સાથે અભેદ-રૂપમાં ધ્યાન કરતાં આપના સમાન પ્રભાવવાળા પરમાત્મસ્વરૂપ બને છે. પાણીને પણ અમૃત છે, તેવું નિરંતર ચિંતન કરતાં તે શું વિષવિકારને દૂર નથી કરતું ?... અવશ્ય કરે છે જ.

● **<u>વિવેચન :-</u>**

પ્રાચીનકાળથી ઋષિમુનિઓએ આત્મા વિશે ઘણું ચિંતન - મનન કર્યું છે. આત્માનું સ્વરૂપ કેવું છે ? જીવન અને જગતનું રહસ્ય શું છે ? દેહ છોડી પછી આત્મા બીજો જન્મ લે છે? મૃત્યુ પછી તે ક્યાં જાય છે ? એક દેહ છોડી બીજો દેહ ધારણ કરવા માટે કઈ રીતે જાય છે? આત્મા કઈ રીતે મુક્ત થઈ શકે ? એવા અનેક પ્રશ્નોના ઉકેલ મેળવવા ઋષિમુનિઓ વિચારણા કરતા ને ઘણી વિચારણા બાદ સર્વતત્ત્વોમાં આત્મતત્ત્વને મુખ્ય માનવામાં આવ્યું છે. ભગવાન મહાવીરે કહ્યું છે કે જે એક આત્મતત્ત્વને જાણે છે તે સર્વ જાણે છે.

"जे एगं जाणई से सव्वं जाणइ ।"(૨૧) 'शाडिल्योपनिषद'માં પણ એજ વાત કહેવામાં આવી છે કે એક આત્મતત્ત્વને જાણવાથી બધું જ જણાય છે.

"यस्मिन् विज्ञाते सर्वमिदं विज्ञातं भवति !" (૨૨)
(शाण्डिल्योपनिषद् ૨-૧)

આ ઉપરથી આત્મતત્ત્વનું મહત્ત્વ સ્પષ્ટ થાય છે. ભારતીય દર્શનોમાં આત્માને ઘણું મહત્ત્વ આપવામાં આવ્યું છે.

ભારતીય દર્શનો મુખ્યત્વે આધ્યાત્મિક દર્શનો છે. આત્મતત્ત્વ એ ભારતીય દર્શનોનો આધાર સ્તંભ છે. ભારતીય દર્શનોની ઉત્પત્તિ અને વિકાસ એક આત્મતત્ત્વને કેન્દ્રબિંદુમાં રાખીને થયેલ છે. તેમના મૂળભૂત સિદ્ધાંતો આત્માને કેન્દ્રમાં રાખી તેની આસપાસ ફરતા રહે છે. તેમણે આત્માની વિદ્યામાનતા સ્વીકારી છે. આત્માને કોઈ દર્શન જીવ કહે છે, તો કોઈ દર્શન પુરુષ કહે છે, કોઈ દર્શન તેને ચૈતન્ય કહે છે, તો કોઈ દર્શન બ્રહ્મ કહે છે. ભારતીય તત્ત્વજ્ઞાનમાં 'આત્મા', 'જીવ', 'પુરુષ', 'ચૈતન્ય', 'બ્રહ્મ' એ સર્વશબ્દો પર્યાયવાચી છે. આવો આત્મા જ્યારે કર્મરજથી દૂર થઈને શુદ્ધ-વિશુદ્ધ સ્વરૂપને પામે છે ત્યારે પ્રભુનો શુદ્ધ થયેલો આત્મા અને પોતાનો વિશુદ્ધ બનેલો તે વખતનો આત્મા બંને સમાન જ છે, એવી અભેદબુદ્ધિ ધારણ કરીને જેઓ પ્રભુનું ચિંતન કરે છે, તેઓ નિશ્ચયથી પ્રભુસમાન એટલે કે વિશુદ્ધ આત્મા બને છે.

વિશ્વમાં મનુષ્યાદિ ચારેગતિમાં ભમતાં-ભમતાં સર્વ જીવો દુઃખો ભોગવી રહ્યાં છે. ચતુર્ગતિ પરિભ્રમણમાં અથડાતા સર્વ જીવો દુઃખી જ છે. ચારેગતિમાં કશે પણ સુખ નથી. આ ચતુર્ગતિ પર્યટનરૂપ એવો આ સંસાર સર્વપ્રકારે અસાર જ છે. અનંત જીવનો વ્યાઘાત, અનંતમરણ, અનંત શોક જેમાં છે એવા સંસારચક્રમાં જીવ ભમ્યા કરે છે, આનું કારણ છે જીવની અનાદિથી ચાલી આવતી બીજભૂત ભૂલ. અનાદિકાળથી ચાલી આવતી મૂળભૂલ છે આત્મસ્વરૂપનું અજ્ઞાન, પરવસ્તુમાં આત્મબુદ્ધિરૂપ વિપર્યાસ. આ મૂળભૂત ભૂલના કારણે બીજી ભૂલોની પરંપરા નીપજે છે. પણ જ્યારે જીવાત્મા આત્માના શુદ્ધગુણો પ્રગટાવવાનો પુરુષાર્થ કરે... પોતે સકર્મી આત્માને અકર્મી બનાવવાનો પ્રયત્ન કરે તે ધીમે ધીમે વિશુદ્ધ અવસ્થાને પામતો જાય છે પણ આ આત્માને પરમાત્મા સમો જ શુદ્ધને વિશુદ્ધ છે તેવું ચિંતન-ધ્યાન જરૂરી છે.

ધ્યાનની બે પદ્ધતિઓ છે : (૧) ભેદ પ્રણિધાન અને (૨) અભેદ પ્રણિધાન

ભેદ પ્રણિધાનની પદ્ધતિમાં ધ્યાતા અને ધ્યેય અલગ-અલગ હોય છે. એક ધ્યાન

કરવાવાળા હોય અને એક તે હોય કે જેનું ધ્યાન કરવામાં આવે - જેમ કોઈ વ્યક્તિ પાર્શ્વપ્રભુનું ધ્યાન કરે છે તો ધ્યાન કરનાર ધ્યાતા કહેવાય ને પાર્શ્વપ્રભુ ધ્યેય કહેવાય. પાર્શ્વપ્રભુ અલગ ને ધ્યાન કરવાવાળા અલગ છે. બંનેમાં ભેદ થઈ ગયો. આ ધ્યાનની પ્રારંભિક પદ્ધતિ છે ત્યારબાદ જેમ-જેમ ધ્યાનનો વિકાસ થતો જાય તેમ-તેમ ભેદ સમાપ્ત થઈ જાય ને અભેદનો પ્રારંભ થઈ જાય. ધ્યાન કરનાર વ્યક્તિ પોતાને ધ્યેયમાં એકાત્મકતા સ્થાપિત કરી લે. ને તેની સાથે જ તાદાત્મનો ભાવ આવી જાય.

આચાર્યશ્રીકહે છે કે આ પ્રકારનું અભેદ ધ્યાન પ્રગટ થાય છે તે કોઈ વ્યક્તિની પ્રતિભા નથી, પરંતુ અહો જિનેન્દ્ર દેવ ! આ અભેદ પણ આપની કૃપાનું જ ફળ છે. આપ કૃપાવંત થાઓ છો ત્યારે આપના પ્રભાવથી આવી સ્થિતિનું નિર્માણ થાય છે. એટલે પદમાં 'भवत्प्रभावः' કહેલ છે. અર્થાત્ જે કાંઈ છે તે આપનો જ પ્રભાવ છે. 'भवत्प्रभाव' પદમાં આ સમાસશબ્દ ગૂઢાર્થ છે. તેના બે અર્થ થઈ શકે છે - (૧) આપના જેવો પ્રભાવશાળી આત્મા થઈ જાય છે. (૨) આપના પ્રભાવથી જ આ પ્રકારનું ધ્યાન સફળ થાય છે. પ્રથમ અર્થમાં જૈનદર્શન અનુસાર આત્મા ભગવાન સમાન છે. આત્માનું ધ્યાન કરવાથી આત્મા પરમાત્મા બની જાય છે. આ સહજ અર્થ છે, પરંતુ બીજો અર્થ ભક્તિયોગથી સંબંધિત છે, અર્થાત્ ભગવાનની કૃપાથી જ આત્માનું પરમાત્મરૂપ પ્રગટ થાય છે. સ્તુતિકાર પ્રખર દાર્શનિક હોવા છતાં પણ ભક્તયોગી સાધકપુરુષ છે - અને આ સંપૂર્ણ સ્તોત્ર પણ ભક્તિયોગનું અનુપમ ઉદાહરણ છે.

છદ્મસ્થ અવસ્થામાં રહ્યા રહ્યા વિશુદ્ધ આત્માનું ચિંતન કરવાથી, ધ્યાન કરવાથી વિશુદ્ધ કેવી રીતે થઈ શકાય ? આ સમજાવવા પાછળની બે પંક્તિઓમાં આચાર્યજીએ એક સુંદર ઉદાહરણ આપ્યું છે. સામાન્ય પાણી લઈને, તેને શ્રદ્ધા રાખીને મંત્રવામાં આવે, અને તે પાણીમાં અમૃતપણાનું આરોપણ કરવામાં આવે ત્યારે ખરેખર તે પાણીમાં અમૃતપણું પ્રગટ થાય છે. જેમ પાણીમાં અમૃત નથી, પણ તે અમૃતમય થવાનું છે તેમ શ્રદ્ધાથી ચિંતવવામાં આવે છે, એજ રીતે જીવ એ વિશુદ્ધ થયેલો નથી પણ પ્રભુ સમાન વિશુદ્ધ થવાનો છે તેમ શ્રદ્ધાથી ચિંતવવાનું છે. અર્થાત્ પાણીમાં અમૃતપણાનું જેમ આરોપણ કરવામાં આવે છે તેમ જીવમાં સંપૂર્ણ શુદ્ધપણું હોવાનું આરોપણ કરવામાં આવે છે. પરિણમનનો સિદ્ધાંત બહુ વિચિત્ર છે અને તેને બહુ સુંદર શબ્દોમાં વ્યક્ત કરતાં કહેવાયું છે કે - "जं जं भावे आविस्सई, तं तं भावे परिणमई" જે ભાવમાં વ્યક્તિ આવિષ્ટ થાય છે તેજ ભાવમાં તે પરિણમન પામે છે. આવી અભેદબુદ્ધિ આત્માની અમુક વિશુદ્ધ અવસ્થાએ પહોંચવા પછી જ પ્રગટે છે, અને તે પછી આ ચિંતન જીવને ખૂબ ઉપકારી નીવડે છે. સામાન્ય રીતે જોઈએ તો ૭માં ગુણસ્થાને જીવમાં પ્રભુ અને પોતાના વચ્ચે અભેદબુદ્ધિ જાગૃત થાય છે. તેમ છતાં તે વિશેનું અનન્ય ચિંતન પ્રગટતું નથી. ત્યાં સુધી તે જીવ જાગૃતિ કેળવી શ્રેણી માંડી શકતો નથી. જ્યારે જીવનું ચિંતન પ્રબળ બને ત્યારે તે કેળવેલી અભેદબુદ્ધિનો ઉપયોગ કરી આત્મા વિશેના અનન્ય ચિંતનમાં લીન બને છે, સર્વ ઘાતીકર્મોનો નાશ કરે છે અને છેવટમાં કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટાવી સર્વજ્ઞ બને છે. આ પ્રક્રિયા સમજવા માટે શ્રીમદ્ રાજચંદ્ર લિખિત 'અપૂર્વ અવસર'ની નીચેની બે પંક્તિઓ સમજાય તેવી છે -

"શ્રેણી ક્ષપકતણી કરીને આરુઢતા,
અનન્ય ચિંતન, અતિશય શુદ્ધ સ્વભાવ જો."

આઠમાથી તેરમા ગુણસ્થાન સુધી ચડવા માટે, આત્માનો શુદ્ધ સ્વભાવ શીઘ્ર પ્રગટાવવા માટે 'ચિંતન' ખૂબ અગત્યનું છે. ને આવું ચિંતન જ કરતો થકો જીવ સર્વઘાતી કર્મોનો ક્ષય કરતો - કરતો, પ્રત્યેક ક્ષણે વિશુદ્ધતા પ્રગટાવતો પ્રગટાવતો અતિશય શુદ્ધ બને છે.

त्वमामेव वीत-तमसं पर-वादिनोऽपि
नूनं विभो ! हरि-हरादि-धिया प्रपन्नाः ।
किं काच-कामलिभिरीश ! सितोऽपि शङ्खो
नो गृह्यते विविध-वर्ण-विपर्ययेण ? ॥ १८ ॥

અજ્ઞાની ને કુમતજનતા આશરો ચ્હાયતારો,
ચિત્તે ચિંતે હરિહરસમી બુદ્ધિએ તોલ તારો;
ધોળો એવો જગમહિં બધે શંખ દેખાય પીળો,
જેની આંખે દરદ કમળો વર્ણદિખાય પીળો.

● **<u>શબ્દાર્થ :-</u>**

ત્વામેવ - આપને જ, વીતતમસં- અજ્ઞાનરૂપી અંધકાર જેનો ટળી ગયો છે તેવા કેવલજ્ઞાની, પરવાદિનોઽપિ - અન્યધર્મીઓ પણ નૂનં - ખરેખર, વિભો ! - હે વિભુ !, હરિહરાદિધિયા - હરહરાદિની બુદ્ધિથી, પ્રપન્નાઃ - પૂજેછે, કિં - શું, કાચકામલિભિ :- કમળાના રોગી, ઈશ - હે ઈશ, સિતોઽપિશંખઃ - સફેદશંખ પણ વિવિધ વર્ણ, વિપર્યયેણ - વિવિધ પ્રકારના રંગે કરીને, નો ગૃહ્યતે - નથી ગ્રહણ કરતાં.

● **<u>ભાવાર્થ :-</u>**

હે વિભુ ! અન્ય ધર્મીઓ પણ આપ વીતરાગને જ પોતાના હરિહરાદિ - દેવના રૂપમાં સ્વીકારે છે. હે ઈશ ! શું સફેદ શંખને પણ કમળાના રોગીઓ જુદા - જુદા રંગવાળા નથી વર્ણવતા ?

● **<u>વિવેચન :-</u>**

આ શ્લોકમાં આચાર્યશ્રીએ નવી વિચારણા દ્વારા પ્રભુભક્તિમાં આગેકદમ કરી રહ્યા છે. સમગ્ર સૃષ્ટિનું અવલોકન કરતાં જણાય છે દરેક ધર્મનુરાગી વ્યક્તિ પોતાના ઈષ્ટદેવ તરીકે કોઈને કોઈની પૂજા - અર્ચના - ભક્તિ કરતા હોય છે. દુનિયામાં કોઈ હરિની પૂજા કરે છે. તો કોઈ હરની પૂજા કરી રહ્યા છે. કોઈ બુદ્ધની પૂજા કરે છે, તો કોઈ અન્ય કોઈની પૂજા કરે છે. તો શું તે બધા ઈષ્ટતત્ત્વો અલગ-અલગ છે ? જો અલગ હોય તો વિવાદનો વિષય બની જાય, પણ.. વાસ્તવિકતામાં પરમાત્મા તો એક જ છે. શુદ્ધ આત્મા તો એક જ હોય તે બે ના હોઈ શકે.

આચાર્યશ્રી ખૂબ વિવેકપૂર્ણ રીતે રજૂઆત કરતા કહે છે કે, "પ્રભુ ! અલગ-અલગ નામોથી પ્રભુની પૂજા ભલે થતી હોય પણ મારી દૃષ્ટિમાં તો બધા એક જ તત્ત્વની પૂજા કરે છે અને તે તત્વ કયું ? તે બતાવતાં "વિતતમસં" શબ્દનો પ્રયોગ કર્યો છે.

સામાન્ય રીતે જૈનદર્શનમાં વીતરાગ શબ્દ પ્રસિદ્ધ છે. "વીતદ્વેષ" શબ્દ ગીતામાં પણ છે અને કઠોપનિષદમાં "વીતશોક" શબ્દનો પ્રયોગ જોવા મળે છે. એ શબ્દોમાં આચાર્યશ્રીએ 'વિતતમસ' કહીને એક નવા જ પ્રકારના શબ્દનો પ્રયોગ કર્યો છે. 'वीतः व्यतीतः !' જે ચીજ વ્યતીત થઈ ગઈ છે, નષ્ટ પામી ચૂકી છે તેને વ્યતીત કહે છે. જે તત્ત્વને પાર થઈ ગયા છે અને દોષનું સંશ્લેષણ પણ રહ્યું નથી તેની સાથે 'વીત' કૃદંતનો પ્રયોગ થાય છે. પછી ભલે રાગ હોય, દ્વેષ હોય, અંધકાર હોય, શોક હોય અથવા કોઈ દોષ હોય - જ્યારે તે વીત સાથે જોડાય છે ત્યારે તે દોષનો સર્વથા લય માનવામાં આવે છે. 'તમસ' શબ્દનો અર્થ થાય છે અંધકાર. અંધકાર બે પ્રકારના છે - દ્રવ્ય અને ભાવઅંધકાર. દ્રવ્ય અંધકાર એટલો હાનિકારક નથી જેટલો ભાવઅંધકાર છે. ભાવઅંધકારમાં વ્યક્તિ રાગ - દ્વેષ - કષાયાદિ ચક્રોમાં ફસાઈ જાય છે પણ, સાધક જેમ રાગથી મુક્ત થઈ વીતરાગ થાય છે, દ્વેષથી મુક્ત થઈ વીતદ્વેષ થાય છે તેવી રીતે ભાવઅંધકારના અનિષ્ટથી દૂર થયેલા 'वीततमसः' શબ્દ ખૂબ વિલક્ષણતાથી પ્રયોજ્યો છે. ને આ દૃષ્ટિકોણને નજરમાં રાખી આચાર્યશ્રી કહે છે 'જેનો અંધકાર દૂર થઈ ચૂક્યો છે, જેનું આવરણ ક્ષીણ થઈ ગયું છે, તે બધા એક જ છે.' આ શ્લોકના જેવા જ ભાવો આચાર્ય હેમચંદ્રજી 'વીતરાગ સ્તોત્ર'માં વર્ણવતા કહે છે કે -

"भवबीजांकुरजनना रागाद्यां क्षयमुपगता यस्य ।
ब्रह्मा वा विष्णुर्वा, हरो जिनो वा नमस्तस्मै ।।"

અર્થાત્ જે વ્યક્તિએ સંસારનાં બીજરુપ રાગ-દ્વેષનો ક્ષય કર્યો છે, તેવા બ્રહ્મા, વિષ્ણુ, શંકર અથવા વીતરાગને હું નમસ્કાર કરું છું.

કર્મનું બીજ કે સંસારનું બીજ છે - રાગ અને દ્વેષ ! આચાર્યશ્રી ઉત્તરાધ્યયન સૂત્રની ભાષામાં કહે છે... સંસારનાં મૂળ બીજ રાગ અને દ્વેષ છે. આ રાગ અને દ્વેષને જેણે ક્ષય કર્યા છે તે આત્મા વંદનીય છે. બ્રહ્મા, વિષ્ણુ, હર જિન, કોઈપણ નામ હોય બધા વંદનીય છે. આ શ્લોકમાં આચાર્યશ્રી સિદ્ધસેને આત્માના આધાર પર એકાત્મકતા સ્થાપિત કરી છે.

જૈનદર્શનનો સૌથી મોટો સિદ્ધાંત છે વીતરાગતા. સાધનાની સિદ્ધિ વીતરાગ બન્યા વિના નથી થતી. વીતરાગનો કોઈ સંપ્રદાય નથી હોતો, વીતરાગનો મતલબ છે શુદ્ધ આત્મા. મને દરેક ઈષ્ટમાં વીતરાગ આપ જ દૃશ્યમાન થાવ છો. પરંતુ બધા જીવો શુદ્ધ દૃષ્ટિ શા માટે કેળવી શકતા નથી ? તે 'કમળાનો રોગ'ના ઉદાહરણથી સમજી શકાય છે. દૃષ્ટિના રોગને સમજાવવા આચાર્ય 'કમળાના રોગ'નું ઉદાહરણ યથાર્થ રીતે આપે છે. રોગ જો માત્ર આંખને જ લાગુ પડ્યો હોય તો તે આંખને નબળી પાડે, દૃષ્ટિને નબળી પાડે, પણ તેથી આખા શરીરને

તકલીફ કે નુકસાન થાય નહિં. પણ 'કમળાનો રોગ' એવો છે કે તેમાં લીવર બગડે છે, અને તેને કારણે આખા શરીરમાં પીળાશ આવે છે. આ પીળાશ ચક્ષુમાં પણ ફેલાય છે, જેથી શ્વેત વસ્તુ પણ કમળાના રોગીને પીળાશવાળી લાગે છે. જીવને લાગુ પડેલો આ કર્મરૂપી રોગ પણ કમળાના રોગ જેવો જ છે. ચાર ઘાતીકર્મોના પ્રભાવથી આત્માની એવી વિભાવબુદ્ધિ થઈ જાય છે કે તે 'આત્મા તે હું' એમ માનવાને બદલે 'દેહ તે હું' એ માન્યતા સ્વીકારી લે છે, અને પછી આત્માને શાતાકારી એવા સર્વજ્ઞ પ્રભુની આરાધનાને બદલે, દેહને શાતાકારી એવા હરિ, હર કે બ્રહ્મા જેવા દેવની આરાધના કરે છે. આ દ્વારા તે વીતરાગતાને બદલે ભૌતિક સુખની પ્રાપ્તિ કરે છે. વીતરાગતાને પરિણામે પ્રાપ્ત થતું સુખ સાશ્વત છે.

અહીં આચાર્યશ્રી શંખના ઉદાહરણ દ્વારા એ સૂચવે છે કે, પ્રભુ એ શંખ જેવા ઉજ્જવળ, પવિત્ર અને નિર્મળ છે. પણ કમળાનો રોગી તે શંખને રોગિષ્ટ દૃષ્ટિને કારણ પીળાશવાળો દેખે છે. તેમ પ્રભુનું અત્યંત ઉજ્જવળ વીતરાગ સ્વરૂપ, તીર્થંકર સ્વરૂપ અન્ય દર્શીઓ સમક્ષ યથાર્થ પ્રગટ થતું નથી. પણ અશુદ્ધ દૃષ્ટિને કારણે હરિ, હર કે બ્રહ્મા જેવું દેવસ્વરૂપ પ્રગટ થાય છે. એટલે કે પ્રભુનું સ્વરૂપ પરધર્મીજીવો અન્ય પ્રકારે જાણે છે.

धर्मोपदेश-समये स-विद्यानुभावा-
दास्तां जनो भवति ते तरुरप्यशोकः ।
अभ्युद्गते दिन-पतौ समहीरुहोऽपि
किं वा विबोधमुपयाति न जीवलोकः ॥ १९ ॥

જ્યારે દાતે જિનવર તમે ધર્મની દેશનાને,
ત્યારે લોકો મુદિત તરું યે વૃક્ષ નિઃશોકતાને;
જ્યારે ઊગી સૂરજ જગમાં ઠાલવે તેજ થોક,
ત્યારે થાયે પ્રકટ નહિ શું સર્વથા જીવલોક ?

● **<u>શબ્દાર્થ :-</u>**

ધર્મોપદેશ સમયે - ધર્મઉપદેશના સમયે, સવિધાનુભાવતા - આપના સાંનિધ્યના પ્રભાવથી, આસ્તાંજનો - મનુષ્ય તો દૂર રહો, ભવતિ - થાય છે, તે - આપના, તરુઃ અપિ - વૃક્ષ પણ, અશોકઃ - શોકરહિત, અભ્યુદ્ગતે દિનપતૌ - સૂર્યનો ઉદય થવા પર, સમહીરુહોઽપિ - વૃક્ષાદિ સાથે પણ, જીવલોકઃ - જીવો, કિં - શું, વા - અથવા, વિબોધમ્ - વિકાસને, ન ઉપયાતિ - પ્રાપ્ત થતા નથી ?

● **<u>ભાવાર્થ :-</u>**

જે પ્રભો ! જ્યારે આપ ધર્મનો ઉપદેશ આપો છો ત્યારે આપના પ્રભાવથી વૃક્ષ પણ શોકરહિત થઈ જાય છે, તો મનુષ્યની તો વાત જ શું કરવી ? સૂર્યનો ઉદય થવા પર મનુષ્ય જ જાગૃત બને છે તેમ નથી, પરંતુ વૃક્ષાદિ સહિત સમસ્ત જીવલોક પ્રબુદ્ધ થાય છે, યાને વૃક્ષો પણ વિકસિત થઈ જાય છે.

● **<u>વિવેચન :-</u>**

પૂર્વના ત્રીજાભવમાં જગતના તમામ જીવોનું કલ્યાણ થાય તેવા શુભ ને નિર્મળભાવોની પ્રભુનો આત્મા તેનાથી બંધાતા પુણ્યાનુબંધી પુણ્યના પરિણામે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરે છે. અને તીર્થંકરત્વ પામીને પ્રભુ જગતજીવોના યોગ-ક્ષેમ, હિત-કલ્યાણ માટે તીર્થ પ્રવર્તાવે છે. પ્રભુના ગુણોનું આંતરિક વર્ણન, પ્રભુની અનુપમ વિશેષતાઓ અને અચિંત્ય મહિમા બતાવ્યા બાદ હવે આગળના ૧૯માં શ્લોકથી ૨૭મા શ્લોકમાં આચાર્યશ્રી અષ્ટ મહાપ્રતિહાર્યોને ભક્તિનો વિષય બતાવી પ્રભુના બાહ્યવૈભવની સાથોસાથ વિશેષતાઓ પણ વર્ણવે છે.

અર્હત્ તીર્થંકર ભગવંત અષ્ટમહાપ્રતિહાર્ય આદિથી પણ સંપન્ન હોય છે કે જે તેઓની ઐશ્વર્યની પૂર્ણતાનાં પણ દર્શન કરાવે છે. કેવળજ્ઞાનની ઉત્પત્તિ બાદ આ પ્રાતિહાર્ય, પ્રતિહારી અર્થાત્ પેહરેદાર સતત સાથમાં રહે છે. ઈન્દ્રમહારાજા આ પ્રતિહારના નિર્માતા હોય છે તથા આ પ્રાતિહાર્યો અરિહંત ભગવાનના વિશેષ મહિમાનું બોધકચિહ્ન છે. આ અષ્ટપ્રાતિહાર્યોનું વર્ણન અનેક સ્તોત્રમાં ભક્તિ એવમ્ સ્તુતિના રૂપમાં સંપ્રાપ્ત થાય છે. મહાકવિ ભૂપાલે 'જિનચતુર્વિંશતિકા'માં એક જ શ્લોકમાં અષ્ટપ્રતિહાર્યોનું વર્ણન કર્યું છે.(૨૪) તો, આચાર્ય સમંતભદ્રએ 'સ્તુતિવિદ્યા'માં બે શ્લોકોમાં સમાવેશ કર્યો છે.(૨૫) ભક્તામર સ્તોત્ર, વીતરાગ સ્તોત્ર, કલ્યાણમંદિર સ્તોત્ર, શાંતિનાથ સ્તોત્ર આદિમાં જુદા-જુદા શ્લોકોમાં અષ્ટપ્રાતિહાર્યોની ચર્ચા કરવામાં આવી છે. પરંતુ, પ્રાતિહાર્યોનો ક્રમ માત્ર 'કલ્યાણમંદિર' અને 'વીતરાગ સ્તોત્ર'માં જ પ્રાપ્ત થાય છે. બાકીના સ્તોત્રોમાં ક્રમની ભિન્નતા દેખાય છે.

આઠે પ્રાતિહાર્યો નિયમિતરૂપે પ્રભુની સાથે જ રહે છે. કેવળજ્ઞાની થયા બાદ જ્યારે પ્રભુ દેશના દેવા માટે સમવસરણમાં પધારે છે. આ અદ્‌ભુત તેવા સમવસરણની રચના ઈન્દ્રો અને દેવો સાથે મળી કહે છે. સમવસરણમાં રત્નના ગઢ અને મણિરત્નનાં કાંગરાં આદિની રચના હોય છે. માનસ્તંભ હોય છે. ચારે બાજુ દરવાજા હોય છે. આવી ભવ્યરચના કરે છે અને એ આખા સમવસરણની મધ્યમાં દેવો તીર્થંકર ભગવંતને બેસવા માટે સિંહાસનની રચના કરે છે અને તે સિંહાસન દેવો રચિત અશોકવૃક્ષની નીચે રાખવામાં આવ્યું હોય છે. આ અશોકવૃક્ષની રચના તે પ્રભુનો પ્રથમ અતિશય છે.

પ્રભુ કેવળજ્ઞાન પછી સમવસરણમાં બિરાજે છે ત્યારે તેમના ઉપર તેમના દેહથી બારગણું ઊંચુ દિવ્ય અશોકવૃક્ષ હોય છે. આ વૃક્ષ વનસ્પતિકાયનું વૃક્ષ નથી, પરંતુ એ દિવ્ય પુદ્‌ગલોની અદ્‌ભુત રચના છે એ જમીનને અડ્યા વગર અધ્ધર અને મૂળ વગરનું હોય છે. આ અશોકવૃક્ષનો રંગ શ્યામલ ઘેરો-લીલો હોય છે.

આવા અનુપમ ઐશ્વર્યયુક્ત અશોકવૃક્ષ નીચે સ્વયં પ્રભુ બિરાજે છે. તેમનું સાન્નિધ્ય પ્રાપ્ત કરીને જ અશોકવૃક્ષ - શોકરહિત થઈ શકે છે. અરે માત્ર અશોકવૃક્ષ નહિ પણ પ્રભુ પાસે જે કોઈ આવે છે તેઓ બધા આ પ્રમાણે શોકરહિત થઈ જાય છે. પ્રભુની વિશેષતા છે કે જ્યાં પ્રભુ બિરાજે છે તેનાથી એક યોજન વિસ્તારમાં આવનાર સમગ્ર જીવ શોકરહિત બની જાય છે.

માનવમન અનેક વિચારો - સમસ્યાઓમાં અટકાવેયલું હોય છે, પણ મુખ્યરૂપે મનની બે અવસ્થાઓ છે : (૧) હર્ષ અને (૨) શોક. અનુકૂલ સ્થિતિ હોય ત્યારે મન આનંદિત હર્ષવિભોર બને પણ જ્યારે પ્રતિકૂલ સંયોગો સર્જાય ત્યારે મન શોકયુક્ત બને છે. પણ, આવા શોકયુક્ત મનનો માનવી પણ પ્રભુસાન્નિધ્યમાં આવે ત્યારે અશોક બની જાય છે. પ્રભુની દેશના શ્રવણ કરી માનવને તત્ત્વ સમજાય, સત્યવાત પર શ્રદ્ધા થાય કે 'હું એકલો છું - મારું કોઈ નથી.' વસ્તુ, વ્યક્તિ કે પદાર્થ - પુદ્‌ગલ તો મારાથી પરપર્યાયિ છે. બાહ્યનો એકપણ પુદ્‌ગલનો અંશમાત્ર પણ મને સહાયક બની શકે તેમ નથી. ને બાહ્યવૈભવ તો મૃત્યુ બાદ સાથ

પણ છોડી દે છે તો તેના માટે શા માટે વ્યથિત, દુઃખિત થવું ? આથી સમજણ, શ્રદ્ધા જ્યારે જીવમાં જન્મે ત્યારે તે શોકથી પર થઈને 'अशोको भवति' - અશોક બની જાય છે.

અત્રે 'અશોક' વૃક્ષ નામે પહેલા પ્રાતિહાર્યનું વર્ણન કરતાં 'અશોક' ને 'વિબોધ'નું શ્લેષાલંકાર તરીકે સરસ પ્રયોજન કરી વર્ણવ્યું છે. અશોકના બે અર્થ કરતાં એમ જણાય છે. (૧) જે સ્વંય શોકરહિત છે, (૨) જેની નજીક આવનાર સ્વયં શોક-સંતાપ રહિત થઈ જાય છે. આચાર્યશ્રી કહે છે કે, પ્રભુના સાન્નિધ્યથી અશોકવૃક્ષ કે જે એકેન્દ્રિય જાતિમાં રહેલું છે તે પણ શોકરહિત બની ખીલી ઊઠે છે તો પછી દેવ-મનુષ્યાદિને બાર પ્રકારની પંચેન્દ્રિય જાતિની પરિષદ એકઠી થઈ છે. તેમની પ્રસન્નતાની તો વાત જ શું ? અર્થાત્ પ્રભુના સાંનિધ્યે બધા જીવોના શોક-સંતાપ દૂર થાય જ છે. હવે, 'વિબોધ' એટલે નિદ્રામાંથી જાગવું અને બીજો અર્થ છે વિકસિત થવું. અર્થાત્ વિશિષ્ટ પ્રકારે બોધ પામવો. જ્યારે સૂર્ય ઊગે છે ત્યારે વૃક્ષો પણ પર્ણ સંકોચાદિ લક્ષણવાળી નિદ્રાનો ત્યાગ કરી વૃદ્ધિ વિકાસને પામે છે અને બેઈન્દ્રિયાદિ અન્યજીવો પણ નિદ્રાનો ત્યાગ કરી પ્રવૃત્તિમય બને છે. તે જ પ્રમાણે તીર્થંકરના કેવળજ્ઞાનરૂપી સૂર્યનો ઉદય થવાથી પ્રભુના સામિપ્યથી ભવિજનો પણ અનાદિ અનંતકાળથી મોહનિદ્રા તજી ભાવજાગૃતિને પામી પોતાના આત્મવિકાસની આરાધનામાં તન્મય બને છે. "મહાપુરુષોનો પ્રભાવ જ કાંઈક એવો અલૌકિક હોય છે કે તેમના સમાગમમાં આવવાથી પ્રાણીમાત્ર પ્રફુલ્લિત બનીને પોતાના વિકાસને સાધે છે. અને અશોકવૃક્ષની માફક ખરેખર અશોક અર્થાત્ શોક-સંતાપ રહિત બને છે. પરમાત્માની આંખોમાંથી વરસતી કરુણા-પ્રેમને વાત્સલ્યની ધારાથી જગતજીવોનાં દુઃખો દૂર થાય છે... હૃદય હર્ષિત બને છે અને અંતર આનંદવિભોર બને છે. તો ત્યાં શોક ક્યાંથી સંભવિત બને ?

શ્રી 'ભક્તામર સ્તોત્રમાં' આચાર્યશ્રી માનગતુંગસૂરિજી અશોકવૃક્ષ નીચે બિરાજમાન જિનેશ્વર દેવનું આલંકારિક શૈલીમાં વર્ણન કરતાં કહે છે કે -

"उच्चैर शोकतरु संश्रितमुन्मयूख
माभाति रुपममलं भवतो नितान्तम् ।
स्पष्टोल्लसत्किरणमस्त तमो वितानं:
बिम्बं रवेरिव पयोधर पार्श्ववर्ति ।।" (૨૮)

અર્થાત્ હે ભગવાન ! ઊંચા અશોકવૃક્ષની નીચે રહેલું આપનું દેદીપ્યમાન રૂપ મેઘમંડલની પાસે અત્યંત ચમકી રહેલા અને અંધકારના સમૂહનો નાશ કરનાર એવા સૂર્યના બિમ્બ જેવું ઘણું જ શોભી રહ્યું છે.

આ શ્લોકના સંદર્ભે શ્રી કાનજીસ્વામી કહે છે કે, "હે પ્રભો ! સમવસરણમાં અશોકવૃક્ષની નીચે બિરાજમાન આપનું નિર્મળ, તેજસ્વરૂપ, તે વૃક્ષને ભેદીને ઉપર ઉલ્લસતાં કિરણો વડે અત્યંત શોભી રહ્યું છે. જેમ ઘનઘોર વાદળની વચ્ચે ઊગતો સૂરજ, ઉપર ઊઠતાં પોતાનાં

ઝગમગતાં સોનેરી કિરણો વડે શોભે અને સમસ્ત અંધકારને નષ્ટ કરે. તેમ આપ શોભી રહ્યા છો, અને ઉદય ભાવોની વચ્ચે આપનું કેવળજ્ઞાન ક્ષાયિક ભાવે શોભી રહ્યું છે."

અશોકવૃક્ષની વિશેષતાઓ પ્રગટ કરવા માટે શ્રી હેમચંદ્રાચાર્યજીએ પોતાની સુંદર નવીન કલ્પના કરતાં "વીતરાગ સ્તોત્ર"માં કહે છે કે - વિકસિત પુષ્પોમાં યુક્ત આ અશોકવૃક્ષ ભક્તિયુક્ત બનીને પ્રતિદિન પ્રભુના ધવલયશ ગાન કરે છે તથા પવનથી ચલાયમાન પર્ણો જાણે નૃત્ય કરે છે. આ માટે કહે છે કે -

गायन्निवालिविरतै, र्नृत्यन्निव चलैर्दलैः ।
त्वद्गुणैरिव रक्तोऽसौ, मोदतेचौत्यपादपः ।। (२६)
(વિતરગા સ્તોત્ર ૫/૧)

'शांतिनाथस्तोत्र'ના છઠ્ઠા શ્લોકમાં આ જ ભાવોને વ્યક્ત કરેલ છે.

અશોક બનવાનો એક ઉપાય બતાવ્યો છે કે... વીતરાગ સાન્નિધ્યમાં આવો અને વીતરાગતાને પ્રાપ્ત કરો. રાગાત્મક જગત્માં ભટકતા રહેતા જીવાત્મનો શોક સમાપ્ત થવા માટે પ્રભુનું શરણું સ્વીકાર્ય થઈ જાય તો જીવાત્મા બાહ્યઆનંદ સાથે આત્મિક આનંદનો ભોક્તા પણ બની શકે છે.

चित्रं विभो ! कथमावाङ्- मुख - वृन्तमेव
विष्वक् पतत्यविरला सुर-पुष्प-वृष्टिं ? ।
त्वद्-गोचरे सु-मनसां यदि वा मुनीश !
गच्छन्ति नूनमध एव हि बन्धनानि ।। २० ।।

ચારે બાજુ કુસુમ પડતાં દેવકેરાં ઘણાય,
નીચે જેનાં બીટ રહી જતાં હોય તેવાં જણાય;
દેખે જ્યારે જિનવર તને દેવ કે વિજ્ઞ ઊંચા,
ત્યારે થાયે પ્રભુ મનુજના કર્મના બંધ નીચા.

● **<u>શબ્દાર્થ :-</u>**

ચિત્રં - આશ્ચર્ય, વિભો - હે વિભુ, કથમ્ - કેમ, અવાઙ્મુખવૃન્તમેવ - જેના ડીંટિયાં નીચે થઈ ગયાં છે, તેમજ વિષ્વક્ - ચારે બાજુ, પતતિ - પડે છે, અવિરલા - નિરંતર, સુરપુષ્પવૃષ્ટિઃ - દેવોએ કરેલ ફૂલોની વર્ષા, ત્વદ્ ગોચરે - આપની સમીપમાં, સુમન સાં - ફૂલો અથવા શ્રેષ્ઠ મનવાળા, વિદ્વાનોના, યદિવા - અથવા, મુનીશ - હે મુનિઓના સ્વામી, ગચ્છન્તિ - જાય છે, નૂનમ્ - નિશ્ચયથી, અધબેવહિ - નીચે તરફ જ, બંધનાનિ - બંધનો.

● **<u>ભાવાર્થ :-</u>**

હે વિભુ ! આપની ચારે બાજુ દેવો નિરંતર પુષ્પવૃષ્ટિ કરે છે, તે પુષ્પોનાં ડીંટ આપની સમીપ આવતાં જ અધોમુખી થઈ જાય છે. હે મુનીશ ! જ્યારે કોઈ સુમન ભવ્યાત્મા આપની સમીપે આવે છે, તો તેના બંધન નીચેની તરફ જ થઈ જાય છે, ક્યારેય પણ ઉપર તરફ થતાં નથી.

● **<u>વિવેચન :-</u>**

આચાર્યશ્રી પ્રભુના બાહ્યવૈભવનું વર્ણન કરતાં પ્રથમ અશોકવૃક્ષ નામના પ્રાતિહાર્યનું વર્ણન કર્યા બાદ હવે, બીજા પ્રાતિહાર્યનું વર્ણન કરતાં પ્રભુના બાહ્યવૈભવ એ આત્મકલ્યાણકારી વિશેષતા બતાવતાં આ શ્લોકમાં ભક્તિગાન કરી રહ્યા છે.

તીર્થંકરનો બીજો પ્રાતિહાર્ય / અતિશય છે -

સુર પુષ્પ વૃષ્ટિ, સમ્યક્દૃષ્ટિ દેવો દેવલોકના ભૌતિકતાપૂર્ણ સ્થાનમાં ભલે હોય પણ તેની નજર તો પ્રભુ પ્રત્યે ને પ્રભુના સત્યધર્મ પ્રત્યે જ હોય છે ને આવા ભક્તિવંત દેવો પ્રભુનો અતિશય બતાવવા માટે, પ્રભુનું જ્યાં - જ્યાં પદાર્પણ થવાનું હોય અથવા તો જ્યાં - જ્યાં

પ્રભુની દિવ્યદેશના થવાની હોય ત્યાં - ત્યાં સમવસરણની રચના કરતાં પહેલાં અચિત ફૂલોની ધરતી પર વૃષ્ટિ કરે છે. પુષ્પવૃષ્ટિને કારણે સુપાત્રજીવોને પ્રભુના આગમનની અથવા તો દેશનાના સ્થળની જાણ થાય છે. પોતાને દેવસહજ પ્રાપ્ત થયેલા અવધિજ્ઞાનથી દેવો પ્રભુ વિશેની માહિતી પાત્રજીવોને પૂરી પાડીને તેમના ઉપર મહાન ઉપકાર કરે છે. વળી સહું દેવો પોતપોતાની દશા તથા કક્ષા અનુસાર પુષ્પોની રચના કરી વૃષ્ટિ કરતાં હોવાથી તે સ્થળ અત્યંત સુશોભિત બની રહે ને વિવિધરંગી પુષ્પોથી આકર્ષક લાગે છે. પ્રભુએ સર્વઆત્માને શુદ્ધ કરવાના ભાવ સાથે જે દેશનાદાનનો ઉપકાર જીવો પર કરે છે તેનાથી દેવો પણ પ્રભાવિત થાય છે. અત્ર શ્લોકમાં સુરપુષ્પવૃષ્ટિનો અતિશય બતાવતાં આચાર્યશ્રી પોતાના મનમાં ઊઠતું એક વિચારબિંદુ - આશ્ચર્યભાવો સાથે પ્રગટ કરતાં કહે છે કે ...

સામાન્ય રીતે દૃષ્ટિ કરતાં પુષ્પ પડવાની ક્રિયા જો જોવામાં આવે તો જણાય છે કે, ઉપરથી પડતાં પુષ્પ જ્યારે ધરતીને સ્પર્શે છે ત્યારે ફૂલની પાંખડી - પાંદડીને ભાગ જમીનને અડકે છે ને ડીંટિયું ઉપર રહે છે પણ અત્ર દેવો દ્વારા થતી પુષ્પવૃષ્ટિમાં આના કરતાં વિરૂદ્ધ બને છે કે ડીંટ જમીનને અડકે છે ને પાંદડી ઊર્ધ્વદિશામાં રહે છે. આચાર્યશ્રી આશ્ચર્યકારક જણાતી આ ઘટનાનું સમાધાન પોતે જ મેળવી લે છે અને તર્કબુદ્ધિથી સંશય દૂર કરતાં કહે છે કે - અહો, વિભુ ! આપનો પ્રભાવ જ એવો છે આપના સુખદ સાનિધ્યમાં જે કોઈ આવે છે તેના બંધન અધોમુખવાળાં અર્થાત્ છૂટી જાય છે.

અત્રે 'સુમન' અને 'બંધન' નો શ્લોષાલંકાર તરીકે સરસ ઉપયોગ કર્યો છે સુમનનો એક અર્થ થાય છે ફૂલ અને બીજો અર્થ થાય છે સુજ્ઞ. 'મનઃ યસ્ય સઃ સુમનઃ' અર્થાત્ રૂડા મનવાળો એટલે કે જ્ઞાનીભક્ત. બંધન એટલે પ્રથમ અર્થ કરતાં ફૂલનું ડીંટારૂપી બંધન અને બીજો અર્થ કરતાં જીવનું કર્મરૂપી બંધન. ફૂલની પાંદડીઓ ડીટા દ્વારા ડાળીએ બંધાઈને રહેછે, તેમ સંસારી જીવ રાગ અને દ્વેષરૂપી કર્મ બંધનથી સંસારચક્રમાં બંધાયેલો રહે છે. પણ આશ્ચર્યની વાત તો એ છે કે બંનેનાં બંધનો પ્રભુના સમીપે આવવાથી અધોમુખ બની જાય છે. કહેતાં તે બંધનો તૂટી જાય છે. ભવ્યજીવો કર્મ પાસથી મુક્ત બની પોતે જ પરમાત્મ સ્વરૂપ બની જાય છે. આ 'પુષ્પવૃષ્ટિ' અતિશયનું વર્ણન કરતાં આચાર્ય માનતુંગસૂરિજી 'શ્રી ભક્તામર સ્તોત્ર'ની 33 મી ગાથામાં કહે છે કે -

"મંદાર સુંદર નમેરુ સુપારિજાત,
સંતાનકાદિ કુસુમોત્કર વૃષ્ટિરુદ્ધા
ગંધોદબિંદુ શુભમંદમરુત્પ્રપાતા,
દિવ્યાદિવઃ પતતિ તે વચસાં તતિર્વા !!"

દેવલોકના દેવો ત્યાંના ઉત્તમ વૃક્ષો જેવાં કે મંદાર, સુંદર, નમેરુ, સુપારિજાત, સંતાનક આદિનાં ઉત્તમ પુષ્પોની ધારા વરસાવે છે. વળી, તે પુષ્પવૃષ્ટિ સુગંધિત પાણીનાં બિંદુઓ વડે શીતલ થયેલા હોય છે અને મંદવાયુથી પ્રેરાયેલી અર્થાત્ અનુસરાયેલી હોય છે.

જિનવચનો પણ સર્વોત્તમ પુરુષ તેવા તીર્થંકરના શ્રીમુખેથી વરસે છે. પુષ્પોની ઉત્તમતા તે વચનની ઉત્તમતા સાથે સરખાવી છે. પુષ્પોની શીતળતાને સુગંધ પ્રભુનાં વચનશ્રવણથી મળતાં સુખશાંતિ અને શીતળતાની આગાહી કરે છે.

સંસારનો પ્રત્યેક જીવ રાગ - દ્વેષ - કષાયાદિને કારણે, મોહનીય દશાને વશ હોવાને કારણે, કર્મના ભારથી દબાયેલો છે ને તેનાથી પોતાની શુદ્ધ બંધનમુક્ત આત્મ અવસ્થાને પામી શકતો નથી. ને પરિણામે, અનંતકાળથી અનંતભવો દરમ્યાન તેને દુઃખ, વેદનાને વ્યથા જ અનુભવવી પડે છે. પણ જીવાત્મા જો એકવાર શ્રદ્ધાપૂર્વક પ્રભુસાન્નિધ્યમાં સમર્પિત થઈને પ્રભુને અનુસર્યા પ્રમાણે જીવન-વર્તનને આચાર બનાવી દે તો અનંતકાળનાં દુઃખરૂપ બંધનોમાંથી છૂટી જીવનને ઊર્ધ્વગામી બનાવવાની દિશામાં અવશ્ય આગળ વધી શકે તેમ છે.

દિવ્ય પુષ્પોની વૃષ્ટિનાં પુષ્પો જેમ ઊર્ધ્વગામી હોય છે તેમ સમવસરણમાં આવનાર ભક્તનો આત્મામાં ઊર્ધ્વગામી બને છે. અર્થાત્ પુષ્પોની વૃષ્ટિ જોઈને ભક્તનું હૃદય પણ પુષ્પ જેવું થઈને પ્રભુ ચરણમાં નમી જાય છે ને ભક્તિભાવપૂર્વક પ્રભુની સ્તુતિ કરે છે. પુષ્પો જેમ ઊર્ધ્વગામી હોય છે તેમ ત્યાં હાજર ભક્ત આત્મા પણ ઊર્ધ્વગામી પરિણામી હોય છે. એટલે કે આ ભક્ત આત્મા પણ પ્રભુની સ્તુતિ કરી, પ્રભુના વચનામૃતનું પાન કરી, તેમણે જણાવેલ મોક્ષમાર્ગનું અનુસરણ કરનાર બને છે. તેથી, આવા ભક્તાત્મા શાશ્વત સુખને પામે છે.

स्थाने गभीर-हृदयोदधि-सम्भवाया:
पीयूषतां तव गिर: समुदीरयन्ति ।
पीत्वा यत: परम-संमद-सङ्ग-भाजो
भव्या व्रजन्ति तरसाप्यजरामरत्वम् ।। २१ ।।

તારા ઊંડા હૃદયમહિંથી ઉપજેલી જિનેશ,
વાણી તારી પીયૂષ સરખી લાગતી'તી હમેશ;
તે વાણીના સરસ રસનો હર્ષથી સ્વાદ પામે,
તેવા ભવ્યો ઝટપટ જતાં મુક્તિના શ્રેષ્ઠધામે.

● **<u>શબ્દાર્થ :-</u>**

સ્થાને - યથોચિત, ગભીર - ગંભીર, હૃદયોદધિ - હૃદયરૂપી સમુદ્રથી, સંભવાયાઃ - ઉત્પન્ન થયેલ, તવગિરઃ - આપની દિવ્યવાણી, પીયૂષતાં - અમૃતત્વને, સમુદીરયન્તિ - કહે છે તે, યતઃ - કારણકે, પીત્વા - તેનું પાન કરીને, સંગ ભાજો - તમારો સંગ કરનાર, પરમ સમ્મદ - પરમ આનંદના, તરસાડપિ - જલદી જ, ભવ્યા - ભવ્યજીવો, વ્રજન્તિ - પામે છે, અજરામરત્વ - અજર - અમરપણાને.

● **<u>ભાવાર્થ :-</u>**

હે પ્રભો ! આપના ગંભીર હૃદયમાંથી નીકળતી દિવ્યવાણી અમૃત સમાન છે. કારણ કે તમારા સંગમાં આવનાર પરમ આનંદને જેઓએ પ્રાપ્ત કરેલ છે, તેવા ભવ્યજીવો તે વાણીનું પાન કરીને શીઘ્ર અજર - અમર પદને પ્રાપ્ત કરે છે.

● **<u>વિવેચન :-</u>**

તીર્થંકર પરમાત્માની વાણીના અતિશયને પ્રગટ કરતું ત્રીજું પ્રાતિહાર્ય છે 'દિવ્યધ્વનિ' તીર્થંકર નામગોત્રના પ્રભાવથી અને વચનાતિશય (વાણીના અતિશય)થી યુક્ત તીર્થંકર પરમાત્માની વાણી પાંત્રીસ પ્રકારની સત્યવચન વાણી હોય છે. જે વાણી સાંભળનાર પશુઓ એમના જન્મજાત વેરને ભૂલી જાય, જે વાણીના પ્રભાવથી સમવસરણથી બધી દિશાઓમાં ૨૫-૨૫ યોજન સુધી માર નહિ, મરકી નહી, સ્વચક્ર પરચક્રનો ભય નહિ. દેશના સાંભળનાર મનુષ્ય - પુરુષ - સ્ત્રી, તિર્યંચ - નર-માદા, ભવનપતિ દેવ - દેવી, વાણવ્યંતર દેવ-દેવી, જ્યોતિષી દેવ-દેવી, વૈમાનિક દેવ-દેવી, આ બાર પ્રકારની પર્ષદા પોતપોતાની ભાષામાં સમજી શકે તેવી સૌને તારનારી, પરમ હિતકારી, આખા વિશ્વમાં આહ્લાદકારી, સુશાંત, ધીરગંભીર અને અમૃતમય વાણી તીર્થંકરોના હૃદયોદધિ ને મુખચંદ્રમાંથી ઝરતી હોય છે. આવી મનમોહક

વાણી સાંભળવા સમવસરણમાં આવનાર ભવ્યજીવો વાણી સાંભળતાં જ કાં તો સર્વવિરતિ ચારિત્ર સ્વીકારવા તૈયાર થઈ જાય, અથવા દેશવિરતિ ચારિત્ર (શ્રાવકપણું) તો અવશ્ય સ્વીકારે જ. જો સાંભળનાર અભવ્ય હોય તો તેને વાણીની કશી જ અસર ન થાય, દુર્ભવ્ય કે જાતિભવ્યને પણ તેની કશી જ અસર ન થાય. તીર્થંકરની વાણીમાંથી અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, અપ્રમાદ અને અનેકાન્તના નાદ ગુંજતા રહે અને માનવ સમાજના એ આધારસ્તંભ બનતા રહે.

પ્રભુએ તેમના તીર્થંકર નામકર્મના ઉદયના ત્રણ ભવપૂર્વે સમ્યક્દર્શન થયા બાદ 'સવિજીવ કરું શાસનરસી' જેવા સમગ્ર જગતના જીવોના કલ્યાણ કરવાના ભાવો ભાવેલા તેના ફળસ્વરૂપે જુદી - જુદી ભાષાનાં ઉત્કૃષ્ટ પુદ્ગલો ગ્રહણ કરેલા તેના પરિણામે તેમની દેશનાની ભાષા જે નિરાક્ષરી છે તે અન્ય ભાષાઓમાં રૂપાંતરિત થઈ જાય છે. આ દેશનામાં પ્રભુ ત્રણેલોકના જીવોને સત્ય ધર્મનું હાર્દ સમજાવે છે. તદ્ઉપરાંત દરેક જીવપોતતપોતાની દશા-કક્ષા અનુસાર સાર ગ્રહણ કરે છે. ગણધર ભગવતં પ્રભુની આ વાણીમાંથી આખી દ્વાદશાંગીનું જ્ઞાન ગ્રહણ કરે છે. આચાર્યો / મુનિઓ ઉચ્ચાત્માઓ એમાંથી આત્માનું ઉચ્ચ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરે છે, સામાન્ય શ્રાવકજીવ સંસારનું દુઃખ સમજી વૈરાગ્ય પામે છે. પ્રભુની આ વાણી - ધર્મોપદેશના સર્વજીવને પોતાની દશામાંથી ઊર્ધ્વદશા પ્રાપ્ત કરવામાં નિમિત્તરૂપ થાય છે.

પ્રભુની દિવ્યવાણી સર્વે કોઈ સમજી શકે તેવી હોય છે - સાથે સાથે આ વાણી આત્માને હિતકારી છે. માત્ર આ ભવ માટે નહિ પરંતુ ભવાંતરમાં પણ શુદ્ધ ફળરૂપે પરિણિત થવાથી ભવ્ય અને કલ્યાણકારી છે દેશનાની સર્વોપરી વિશેષતા આ જ છે કે તે હંમેશાં તમામ તત્ત્વો અને તત્ત્વના અર્થોને ગર્ભિત કરે છે. ત્રણે જગતનું જેને જ્ઞાન છે તેવા પ્રભુ-ત્રણે જગતના રહેલા અનંતાનંત પદાર્થોના દ્રવ્ય સ્વભાવ અને પર્યાય સ્વભાવનું તેમાં નિરૂપણ કરે છે. પ્રભુની વાણીનું પ્રયોજન જ દરેક આત્મા મોક્ષમાર્ગની પ્રાપ્તિ કરે તેવું છે. તેથી તેમની દેશના મોક્ષમાર્ગની પ્રરૂપણા કરનાર છે. દરેક ભવ્યાત્મા આ માર્ગને અનુસરી મોક્ષની પ્રાપ્તિ કરવા માટે શક્તિવાન - સામર્થ્યવાન બને છે.

આટલો બધો પ્રભાવ દર્શાવતી પ્રભુની વાણી પ્રગટે છે ક્યાંથી ? તો, આ પ્રશ્નના પ્રત્યુત્તરરૂપે પહેલી જ પંક્તિમાં આચાર્યશ્રી પ્રભુની વાણીનું ઉદ્ગમસ્થાન આપણને જણાવતાં કહે છે - તે સ્થાન છે "ગંભીર હૃદયરૂપી સમુદ્ર" પ્રભુના હૃદયને આચાર્યશ્રી 'સમુદ્ર'ની ઉપમા આપે છે. સમુદ્ર જેમ તાગ કાઢી ન શકાય તેવો વિશાળ અને ઊંડો હોય છે, એવું જ પ્રભુજીના હૃદયનું પણ છે. તેમના જ્ઞાનની વિશાળતા કે ઊંડાણ, તેમનું હૃદય તપાસનારની સમજમાં આવી શકતાં નથી. વળી, સમુદ્રમાં અમૂલ્ય રત્નો ઉત્પન્ન થાય છે, પણ તે રત્નો સમુદ્રને ઉપરથી જ નિરખનારની દૃષ્ટિએ પડતાં નથી અને તે રત્નો તો ભાગ્યવંત મરજીવાના નસીબમાં જ લખાયેલાં હોય છે, કે જે સાગરના અંતઃ સ્તલ સુધી પહોંચી તેની પ્રાપ્તિ માટે અથાગ પુરુષાર્થ કરે છે. આ જ પ્રમાણે પ્રભુજીના હૃદયરૂપી સમુદ્રમાં જ્ઞાનના અનુભવના નિચોડરૂપ રત્નો પ્રગટે છે, પણ તે રત્નો સામાન્ય જીવો સમક્ષ પ્રગટ થતાં નથી, પણ જેઓ આત્મરત્નની

ખોજમાં પ્રભુના સાન્નિધ્યમાં પોતાપણું મીટાવીને જાય છે, તેઓ આ રત્નો પ્રભુની વાણી દ્વારા પ્રાપ્ત કરે છે. અર્થાત્ જેઓ આગમરત્ન મેળવવા માટે સાચા મરજીવા બને છે. તેમની પાસે જ્ઞાનરત્ન પ્રગટ થાય છે અને જ્ઞાન-દર્શન ચારિત્રરૂપી રત્નત્રય પ્રગટાવી, આત્માને વિશુધ્ધ કરી પરમાનંદ પ્રાપ્ત કરી, અજર-અમર બને છે.

શ્રી માનતુંગ આચાર્યજી પણ પ્રભુના 'દિવ્યધ્વનિ' નામના આ મહાપ્રાતિહાર્યનું વર્ણન કરતાં શ્રી ભક્તામર સ્તોત્રના ૩૫માં શ્લોકમાં કહે છે કે :

"સ્વર્ગાપવર્ગગમ માર્ગ વિમાર્ગેણેષ્ટઃ,
સદ્ધર્મતત્ત્વ કથનૈક પટુસ્ત્રિ લોક્યામ્ !
દિવ્યધ્વનિર્ભવતિ તે વિશદાર્થ સર્વ -
ભાષા સ્વભાવ પરિણામગુણૈઃ પ્રયોજ્યઃ ॥ (૩૫)

આ દિવ્યધ્વનિનું પાન માત્ર દેવનો સમૂહ કે માનવનો સમૂહ જ નહીં પરંતુ મૃગ (હરણ) જેવાં પ્રાણીપાણી પણ શ્રવણ કરી આનંદથી લાભાન્વિત બને છે. આ ભાવોને રજૂ કરતાં શ્રી હેમચંદ્રાચાર્યજી 'વીતરાગ સ્તોત્ર' માં કહી રહ્યાં છે કે -

मालवकौशिकीमुख्य - ग्रामरागपवित्रितः ।
तव दिव्यो ध्वनिः पीतो, हर्षोद्ग्रीवैमृगैरपि ॥

આ દિવ્યધ્વનિરૂપ પ્રાતિહાર્યનો પ્રભાવ ખરેખર મહાન છે. આચાર્યશ્રી બાહ્યપ્રભાવરૂપ પ્રાતિહાર્યોનું વર્ણન કરતાં પ્રભુની અલૌકિક પુણ્યસત્તાનું પણ દર્શન કરાવી રહ્યા છે. પ્રથમ અશોકવૃક્ષ, દ્વિતીય સુરપુષ્પવૃષ્ટિ ને તૃતીય દિવ્યધ્વનિ નામક પ્રાતિહાર્યનું વર્ણન - ગુણગાન કર્યા બાદ હવે ચતુર્થક્રમે આચાર્યશ્રી 'ચામર' નામના પ્રાતિહાર્યનું વર્ણન કરી રહ્યા છે.

स्वामिन् ! सु-दूरमवनम्य समुत्पतन्तो
मन्ये वदन्ति शुचयः सुरचामरौघाः ।
येऽस्मै नति विदधते मुनि-पुङ्गवाय
ते नूनमूर्ध्व-गतयः खलु शुद्ध-भावाः ॥ २२ ॥

નીચે નીચે અતિ જઈ પછી ઉચ્ચતાને ધરંતા,
દેવો કેરા જગતજનને ચામરો છે કહંતા;
જેઓ નિત્યે શરણ ધરતા દેવના દેવ તારાં,
નિશ્ચે તેઓ વિમળમતિના ઉચ્ચગામી થનારા.

● **<u>શબ્દાર્થ :-</u>**

સ્વામિન્ - હે સ્વામી, સુદૂરમ્ અવનમ્ય - નીચે અતિશય નમીને, સમુત્પતન્તઃ - ઉપર જતાં, મન્યે - હું માનું છું કે, વદન્તિ - તેઓ કહે છે, શુચયઃ - પવિત્ર, સુર - દેવો દ્વારા, ચામરૌઘાઃ - ચામરોનો સમૂહ, યે - જેઓ, અસ્મૈ - આ જિનેન્દ્રને, નતિવિદ્ધતે - નમસ્કાર કરે છે. મુનિપુંગવાય - મુનિઓમાં શ્રેષ્ઠ મુનિન્દ્રને, તે - તેઓ, નૂનમ્ - ખરેખર, ઉર્ધ્વગતયઃ - ઊર્ધ્વગતિવાળા, ખલુ - નિશ્ચયથી, શુદ્ધભાવોઃ - શુદ્ધભાવ યુક્ત.

● **<u>ભાવાર્થ :-</u>**

હે સ્વામી ! દેવો દ્વારા વીંઝાતાં ચામરો આપની સમીપે નીચા નમીને ઉપર જાય છે, તે મૌનપણે સૂચવે છે કે જે પ્રાણી સર્વશ્રેષ્ઠ મુનીન્દ્રને નમસ્કાર કરે છે, તે નિશ્ચયશ્રી શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરી ઊર્ધ્વગતિ મોક્ષને પ્રાપ્ત કરે છે.

● **<u>વિવેચન :-</u>**

આ શ્લોકમાં આચાર્યશ્રી અષ્ટ પ્રાતિહાર્યનું બોધક વર્ણન કરતાં ક્રમશં ચતુર્થ મહાપ્રાતિહાર્ય - ચામર અતિશયનું વર્ણન કરેલ છે. શ્રી જિનેશ્વરદેવ દેશના સમયે ઊંચા નીલરંગી અશોકવૃક્ષ નીચે બિરાજમાન થાય છે ત્યારે તેમની બંને બાજુ દેવતાઓ વડે દિવ્યશ્વેત ચામરો વીંઝાય છે. આજે પણ આપણે જોઈએ છીએ કે ક્યાંક મૂર્તિઓની આસપાસ પણ ચામર વીંઝાવાય છે. આવું કેમ ? આવી ક્રિયા - પ્રક્રિયા કરવા પાછળનું કારણ શું ?

આચાર્યશ્રી સિદ્ધસેન દિવાકરજીની આ એક આગવી વિશેષતા કહો તો વિશેષતા ને જ્ઞાનાત્મક પ્રતિભા કહો તે પણ દરેક પદાર્થની પાછળ તે પોતાની તીવ્ર પ્રજ્ઞાશક્તિનો ઉપયોગ કરી જનસમુદાય સામે કંઈક નવું ચિંતન રજૂ કરે છે. ચામરને ઉપર - નીચે કરી વીંઝવા પાછળનું

કારણ બતાવતાં તેઓશ્રી જણાવે છે કે, "સર્વજીવોમાં શ્રેષ્ઠ - સર્વમુનિઓમાં શ્રેષ્ઠ તેવા શ્રી તીર્થંકર પ્રભુને જે કોઈ જીવ સાચા શુદ્ધ ભાવથી નમન કરશે, તે સર્વ ઉચ્ચ ગતિને પામશે." બીજી અપેક્ષાએ જોતાં એમ કહેવાય કે, સફેદ રંગના ચામર એમ પણ કહે છે કે. "જેમ અમે ચામર શુદ્ધ સફેદ છીએ તેવી રીતે જીવાત્માના ભાવ જ્યારે સફેદ અર્થાત્ શુદ્ધભાવ થાય છે ત્યારે શુકલ લેશ્યામાં પ્રવેશ પામે છે."

આચાર્યશ્રી આ ચામર નામના પ્રાતિહાર્યનું વર્ણન કરતાં જનસમાજને બોધ પણ આપી રહ્યાં છે - ચામર - જે નીચે જાય છે ને બાદ ઉપર જાય છે.. જે વ્યક્તિ - જીવાત્મા પરમાત્માના ચરણોમાં નીચે નમે છે તે જ ઉપર અર્થાત્ ઊર્ધ્વગતિમાં જાય છે. જો તમારે ઊર્ધ્વગતિને પામવી હોય તો પ્રથમ શરત છે - નમતાં શીખો... વિનમ્ર બનો. જેને નમતાં નથી આવડતું તેનો વિકાસ ક્યારે પણ થઈ શકતો નથી. માટે જ લોકોક્તિમાં પણ બોલાય છે ને ? કે "જે નમે તે સૌને ગમે" ને નમે છે તે જ આત્મા પરમાત્માને પ્રિય બની શકે છે. જે પવિત્રતાપૂર્વક શુદ્ધભાવથી નમતાં શીખે છે તેની નીચગતિનો બંધ અટકી જતાં સદા ઉચ્ચગતિને જ પામેછે. આત્મકલ્યાણ કરવા ઉત્સુક જીવાત્માએ અહંકારને છોડી નમન - નમ્રતાનો ગુણ પ્રગટાવવો જોઈએ. પણ, આ અહંકાર - 'હું' પણું છૂટવું બહુ મુશ્કેલ છે જ્યારે અહંકાર છૂટે ત્યારે નમ્રતા સહજ બની જાય છે. જીવાત્મા આવી નમ્રતાપૂર્વક વંદનક્રિયા કરે ત્યારે તે હળુકર્મી બનતાં ઊર્ધ્વગતિ પામી શકનારો બને છે.

આ ચામરના વાળ એટલા શ્વેત અને તેજસ્વી હોય છે કે, તેમાંથી જાણે કિરણો નીકળતાં હોય. ચામરોના દંડ ઉત્તમ રત્નોથી યુક્ત સુવર્ણમય હોય છે. પ્રભુની બંને બાજુ વીંઝાઈ રહેલાં ચામરોની સંખ્યામાં આ વિષય પર શ્વેતામ્બર ગ્રંથોમાં કોઈ ચોક્કસ માહિતી મળતી નથી પણ પરંતુ દિગંબર ગ્રંથ - તિલોયપન્નતિ નામના ગ્રંથના ચતુર્થ મહાધિકારની ગાથા નં. - ૧૨૭ મા કહ્યું છે કે -

चउसट्ठिचामरेहिं मुणालकुन्देन्दुसंखधवलेहिं ।
सुरकरपणच्चिदेहिं विज्जिज्जंता जयंतु जिणा ॥

આ શ્લોકના પ્રમાણ પરથી સમજાય છે કે - ચામરની નિશ્ચિત સંખ્યા દિગંબર મત પ્રમાણે ૬૪ દર્શાવાય છે.

શ્રી ભક્તામર સ્તોત્રમાં 'ચામર પ્રાતિહાર્ય'ના અંતર્ગત આધ્યાતમિક સૌંદર્યના એકાધિપતિ તીર્થંકર પ્રભુનો દિવ્યદેહ સ્વર્ણિમ સુમેરુ પર્વતના સમાન અચલ અને દેદીપ્યમાન બતાવવામાં આવ્યો છે -

कुन्दावदातचलचामर चारु शोभं,
विभ्राजते तव वपुः कलधौतकान्तम् ।
उद्यच्छशाङ्कशुचिनिर्झरवारिधार -
मुच्चैस्तटं सुरगिरेरिव शातकौम्भम् ।।

પ્રભુની બંને બાજુઓએ દેવતાઓ દ્વારા મોગરાનાં પુષ્પ જેવાં શ્વેત ચામરો વીંઝાય છે. ત્યારે સુવર્ણ વર્ણવાળા પ્રભુને જોઈને આચાર્યશ્રી માનતુંગસૂરિજીને નિર્મળ શ્વેત ઝરણાંની અનેરી શોભાથી દીપતા મેરુપર્વતના સુવર્ણ શિખરની સ્મૃતિ થાય છે. પર્વતના શિખર ઉપરથી નિર્મળ ઝરણું જળની શ્વેતધારા નીચે પાડી રહ્યું હોય, તેવી જ રીતે દેવતાઓ દ્વારા, મોગરાનાં પુષ્પ જેવાં લાગે છે એવાં ચામરો હાથમાં ગ્રહણ કરે છે. આ ચામરો પ્રભુને વીંઝાય છે, તે વહેતાં ઝરણાં જેવાં લાગે છે. આ ચામરો નીચેથી ઉપર તરફ વીંઝાય છે. અર્થાત્ જાણે કે આ ચામર કહે છે કે, 'પ્રભુ પાસે નીચા નમો અને પછી ઊંચું પદ પામો.' પ્રભુને ઢોળાતાં ચામર પહેલાં નીચે ટળીને પછી ઉપર જાય છે તે એમ દર્શાવે છે કે જે જીવ જિનચરણોમાં અભિભૂત થાય છે તે ઊંચી પદવીને પામે છે. આવો ભાવ પ્રસ્તુત શ્લોકમાં દર્શાવવામાં આવેલ છે. હવે, આગળના શ્લોકમાં પાંચમા પ્રતિહાર્યનું વર્ણન કરતાં આચાર્યશ્રી કહે છે કે -

श्यामं गभीरगिरमुज्ज्वल-हेम-रत्न-
सिंहासन-स्थमिह भव्य-शिखण्डिनस्त्वाम् ।
आलोकयन्ति रभसेन नदन्तमुच्चै-
श्चामीकराद्रि-शिरसीव नवाम्बु-वाहम् ॥ २३ ॥

કાળા એવા મધુર રવના સ્વર્ણ રત્ને રચેલાં,
એવા સિંહાસન પર તને ભવ્ય મોરો પહેલાં;
દેખે હર્ષે અતિશય પણે આપને નાથ તોય,
જાણે મેરૂ શિખર પરનો એ નવો મઘે હોય.

● **<u>શબ્દાર્થ :-</u>**

શ્યામં - શ્યામ, ગભીરગિરમ્ - ગંભીર દિવ્ય ધ્વનિ કરનાર, ઉજ્જવલ - શ્વેત, હેમરત્ન - સુવર્ણમય અને રત્નોથી જડિત, સિંહાસનસ્થ - સિંહાસન ઉપર બેઠેલ, ઈહ - આ લોકમાં, ત્વામ્ - આપને, ભવ્યશિખન્ડિનઃ - ભવ્યજીવરૂપી મયૂર, આલોકયન્તિ - જુએ છે, રભસેન - અત્યંત આતુરતાથી, (ઉચ્ચૈઃ) દતમ્ - જોરથી ગર્જના કરતાં, ચામીકરાદ્રિશિરસિ - સુવર્ણમય મેરુપર્વતના શિખર ઉપર, નવામ્બુવાહમ્ - નવીન વર્ષાકાલીન મેઘને.

● **<u>ભાવાર્થ :-</u>**

હે સ્વામી ! જેમ સુવર્ણમય મેરુપર્વતના શિખર ઉપર અત્યંત ગર્જના કરતા મેઘને મયૂર અત્યંત આતુરતાથી જુએ, તેમ આપ રત્નજડિત ઉજ્જવલ સિંહાસન ઉપર બિરાજીને ગંભીર દિવ્યધ્વનિ વડે દેશના આપો છો ત્યારે ભવ્યજીવોરૂપી મયૂરો શ્યામલ વર્ણવાળા આપને ઘણી જ ઉત્સુકતાથી જુએ છે.

● **<u>વિવેચન :-</u>**

આચાર્ય સિદ્ધસેન દિવાકરજી હવે આ શ્લોકમાં પાંચમા પ્રાતિહાર્ય 'સિંહાસન'ની વાત કરે છે. તીર્થંકર ભગવાન જ્યાં બિરાજમાન થવાના હોય તે પરમપાવન ભૂમિતલ પર પહેલેથી જ અશોકવૃક્ષની નીચે પાદપીઠ સહિત સુવર્ણમય સિંહાસન દેવો દ્વારા ભક્તિપૂર્વક રચિત કરી રાખવામાં આવે છે. સમવસરણમાં અશોકવૃક્ષની મૂળની ચારેય દિશાઓમાં સિંહાસન હોય છે. ચાર સિંહાસનમાંથી એક સિંહાસન પર પરમાત્મા સ્વયં બિરાજમાન થાય છે અને અન્ય ત્રણ બાજુના સિંહાસન પર પરમાત્માના ત્રણ પ્રતિરૂપ રાખવામાં આવે છે. સિંહાસનના પ્રથમ પીઠ વૈડૂર્યરત્ન દ્વારા નિર્મિત થાય છે. તેની ઉપર બીજા પીઠ સુવર્ણ દ્વારા નિર્મિત થાય છે ને ત્રીજા

પીઠ અનેક રત્નો દ્વારા નિર્મિત થાય છે. સર્વથી ઉપરના પીઠ પર અનેક રત્નો દ્વારા શોભિત ચાર સિંહ હોય છે.

'સિંહાસન'નો વાસ્તવિક ખરો અર્થ ઉત્કૃષ્ટ આસન થાય છે. સ્તુતિકારો દ્વારા બહુમૂલ્યવાન રત્નોની કિરણપ્રભાથી શોભાયમાન સિંહાસન પર બિરાજિત તીર્થંકર દેવોનું મનભાવન ચિત્રણ કલ્પનાપૂર્વક તૈયાર કરવામાં આવે છે.

આ શ્લોકનો પ્રથમ શબ્દ 'શ્યામં'. જૈન સાહિત્યમાં દેવાધિદેવ તીર્થંકરોના વર્ણનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. જ્યાં પણ ભગવાનનું નામ આવે છે તેની સાથે-સાથે તેઓના વર્ણની ખૂબ શ્રદ્ધાપૂર્વક અભિવ્યક્તિ કરવામાં આવે છે. જૈન સંપ્રદાયને છોડીને અન્ય સંપ્રદાયમાં વર્ણની આટલી નોંધ જોવા મળતી નથી. ભગવાન પાર્શ્વનાથનો વર્ણ નીલો બતાવવામાં આવ્યો છે. વર્તમાન અવસર્પિણીકાળમાં ચોવીશ તીર્થંકરોમાં પદ્મપ્રભુ અને વાસુપૂજ્ય સ્વામીના દેહનો વર્ણ રાતો હતો. ચંદ્રપ્રભુ અને સુવિધિનાથના દેહનો વર્ણ શ્વેત હતો. મલ્લિનાથ અને પાર્શ્વનાથના દેહનો વર્ણ નીલો એટલે વાદળી હતો. મુનિસુવ્રત અને નેમનાથના દેહનો વર્ણ શ્યામ હતો અને બાકીના સોળ તીર્થંકરોના શરીરનો વર્ણ સુવર્ણ જેવો પીળો હતો. અહીં, પ્રથમ શબ્દ વર્ણનો દ્યોતક છે.(૨૭)

શ્યામનો અર્થ માત્ર કાળા એમ નથી થતો પણ તેનો અર્થ નીલો થાય છે. શ્રીકૃષ્ણનો વર્ણ પણ નીલો હતો છતાં શ્યામ કહેવામાં આવતું એમ શ્યામનો અર્થ નીલો લેવાનો છે. નીલો રંગ તે ઉષ્માયુક્ત રંગ સમાન છે.

ત્યારબાદ પ્રભુની વાણી માટે ખૂબ જ સુંદર વિશેષણ 'गंभीर गिर' કહેવામાં આવ્યું છે. તીર્થંકરોની વાણીને પાંત્રીસ અતિશય હોય છે. જેમાંથી એક અતિશય છે - 'मेघगम्भीरघोषत्वं' - મેઘસમાન ગંભીરધ્વનિવાળા. પ્રભુની વાણીમાં એવી ગંભીરતા અર્થાત્ અર્થગાંભીર્યને પ્રગટ કરે છે.

આ શ્યામ અર્થાત્ નીલારંગયુક્ત પ્રભુ પાર્શ્વ જ્યારે ગંભીરતાપૂર્વક દેશના દેવા માટે સિંહાસન પર બિરાજમાન થાય છે. ત્યારે, પ્રભુના બિરાજમાન થવાથી સિંહાસનની શોભા વિશેષ વધી જાય છે ને ત્યારે દેવરચિત, રત્નોથી જડિત અને મણિઓથી વિભૂષિત તેવા સિંહાસનની ચારે તરફ કિરણો પ્રકાશિત થઈ રહ્યાં તેવું લાગે છે. તે સિંહાસન પર બિરાજતા પ્રભુનો દેહ અત્યંત કાંતિમાન લાગી એવો તો શોભી રહ્યો છે કે પ્રભુપ્રેમી જીવાત્માઓ અનિમેષ - અપલક દૃષ્ટિએ પ્રભુને નિહાળતા જ રહે છે. આ વાતને સમજાવવા આચાર્યશ્રી કહે છે કે, જેમ મેઘના આગનની મયૂર આતુરતાપૂર્વક રાહ જુએ છે તેમ પ્રભુવાણીનાનું પીયૂષપાન કરવા માટે ભવ્યાત્માઓ પણ આતુર બનીને બેસે છે. 'શિખંડી' એટલે મોર. મોર સાથેની તુલનાત્મક કાવ્યપ્રતિભા ખરેખર સાર્થક જણાય છે. મોર જેમ અદ્‌ભુત આકર્ષણથી ગાજતા મેઘોને જુએ છે તેમ ભવ્યજીવ (પરિત સંસારી) ધર્મનો ઉદ્‌ઘોષ કરતાં પરમાત્મા પાર્શ્વપ્રભુનાં દર્શન કરે છે.

મયૂરનું શરીર સુંદર છે તો ભવ્યજીવોનું ચારિત્ર સુંદર છે. મયૂર જેમ ભાવવિભોર થઈ નાચે છે તેમ ભવ્યજીવોનું પ્રભુવાણીનો આસ્વાદ માણતાં-માણતાં અંતરંગ પણ પ્રસન્ન થઈ નાચી ઊઠે છે.

આ શ્લોકના ભાવાત્મક એ અનુસંધાન કરાવતાં શ્રી કાનજી સ્વામી જણાવે છે કે, "સિંહાસન પર બિરાજમાન પ્રભુને દેખીને સ્તુતિકાર કહે છે કે, "હે દેવ ! સુવર્ણાચિલ પર્વત ઉપર ઊગતો સૂર્ય તેનાં હજારો સોનેરી કિરણો સહિત આકાશમાં જેમ શોભી ઊઠે છે, તેમ દિવ્ય મણિરત્નનાં કિરણોથી ઝગમગતા સુવર્ણના સિંહાસન ઉપર સુવર્ણ દેહવાળા આપ અતિશય શોભી રહ્યા છો. જેમ નવીન વરસાદને જોઈ મોરલા નાચી ઊઠે છે તેમ આપને દેખીને ભવ્યજીવોનું ચિત્ત પ્રસન્નતાથી ખીલી ઊઠે છે."(૨૮)

આ જ ભાવ પ્રદર્શિત કરતાં આચાર્ય માનતુંગસૂરિજી પણ ભક્તામર સ્તોત્રમાં ૨૯ મી ગાથામાં બતાવે છે જેનો ગુજરાતી પદ્યાસ્વાદ કરતાં કહ્યું છે કે -

"રત્ન કેરાં કિરણસમૂહે ચિત્ર વિચિત્ર છાજે,
એવા સિંહાસન પર પ્રભુ આપનો દેહ રાજે,
વિસ્તારે છે રૂપ ગગનની મધ્યમાં જેમ ભાનુ,
ઊંચા ઊંચા ઉદયગિરિના શિખરે તેમ માનું."

હે ભગવાન્ ! રત્નકિરણોના અગ્રભાગથી વિવિધ રંગોની છાયા પ્રકટ કરી રહેલા એવા સિંહાસનને વિષે આપનું સુવર્ણ જેવું શરીર ઘણા ઊંચા એવા ઉદયાચલના શિખરે, જેનાં કિરણોનો સમૂહ આકાશમાં શોભી રહ્યો છે એવા સૂર્યના બિંબ જેવું શોભે છે.

સિંહાસન પર આરુઢ તીર્થંકર પ્રભુની દેશના શ્રવણ કરવા માટે પ્રાણીઓ આદિ પણ ચાલ્યા આવે છે ત્યારે એવું લાગે છે કે જાણે પોતાના સ્વામીની સેવા કરવા માટે આવતાં હોય તે વાત બતાવવા માટે 'શ્રી વીતરાગ સ્તોત્ર'માં કહ્યું છે કે -

मृगेन्द्रासनमारुढ़े, त्वयि तन्वति देशनाम् ।
श्रोतुं मृगाः समायान्ति, मृगेन्द्रमिव सेवितुम् ।।

તીર્થંકર પ્રભુથી યુક્ત સિંહાસનનું પદ્મનંદીજીએ પોતાના 'શાંતિનાથ સ્તોત્ર'માં પણ સુંદર વર્ણન કર્યું છે.

उद्गच्छता तव शितिद्युति-मण्डलेन
लुप्त-च्छदच्छविरशोक-तरुर्बभूव ।
सान्निध्यतोऽपि यदि वा तव वीतराग !
नीरागतां व्रजति को न स-चेतनोऽपि ॥ २४ ॥

ઊંચે ઊંચે વહન કરતા શ્યામ ભામંડળોથી,
લોપાયાં છે તરુવરતણાં પર્ણનાં તેજ તેથી;
તારું જેઓ શરણ ધરતા જેહ હે વીતરાગ,
કો એવા છે જગમહિં જનો જે ન થાયે વિરાગ ?

● **<u>શબ્દાર્થ :-</u>**

ઉદ્ગચ્છતા - સ્ફુરાયમાન, તવ - આપની, શિતિદ્યુતિમંડલેન - શ્યામ પ્રભામંડળ દ્વારા, લુપ્તચ્છદચ્છવિ - કાંતિહીન પત્રોવાળા, અશોકતરુ - અશોકવૃક્ષ, બભૂવ - થઈ ગયો, સાનિધ્યતોડપિ - સાંનિધ્યમાત્રથી, યદિ વા - અથવા, તવ - આપના, વીતરાગ - હે વીતરાગ, નિરાગતાં - નિરાગપણાને, કો સચેતનોડપિ - કોણ સચેતન પ્રાણી, ન વ્રજતિ - પ્રાપ્ત થતા નથી અર્થાત્ અવશ્ય પ્રાપ્ત થાય છે.

● **<u>ભાવાર્થ :-</u>**

આપના દિવ્યશરીરમાંથી નીકળતાં સ્ફુરાયમાન કિરણોવાળા નીલ પ્રભામંડલના કારણે અશોકવૃક્ષનાં પાન ફિક્કા પડી જાય છે, રંગ વિનાનાં બની જાય છે. આ પ્રમાણે જડવસ્તુ પણ રંગરહિત થાય છે. તો આપના સાંનિધ્યને પામીને કયો જીવ એવો એટલે કે સચેતન પ્રાણી છે કે જે વીતરાગતાને ન પામે અર્થાત્ અવશ્ય પામે જ.

● **<u>વિવેચન :-</u>**

સમવસરણની રચના કરવા દ્વારા દેવો પ્રભુ પ્રત્યેનો પોતાનો અહોભાવ અનેક પ્રકારના અતિશયો દ્વારા વ્યક્ત કરતાં જણાય છે. તેમાં અષ્ટ મહાપ્રતિહાર્યોનું સ્થાન મહત્ત્વનું છે. તેમાંથી અશોકવૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ, ચામર, સિંહાસનનું વર્ણન કર્યા પછી આ છઠ્ઠા પ્રાતિહાર્યમાં હવે પ્રભુની કાંતિ કેવી અનન્ય છે તે આ શ્લોકમાં વર્ણવવામાં આવ્યું છે. પ્રભુનું મુખ અતિ તેજસ્વી છે અને તેમના મસ્તક પાછળ તેજવલયો રચાય છે. આ તેજવલયો પ્રભુના મુખની કાંતિને અનેકગણી વધારે છે. આવા અતિ તેજસ્વી કાંતિમાન ભામંડળનું વર્ણન આ પંક્તિઓમાં કરવામાં આવ્યું છે.

અનેક સૂર્ય સમાન તેજસ્વી છતાં ઉગ્રતા, પ્રચંડતા અને તાપથી સર્વથા રહિત એવા ભામંડળની તેજસ્વી કાંતિને આ શ્લોકમાં આચાર્યશ્રી વર્ણવે છે. આ ભામંડળ કોઈ ધાતુમાંથી બનેલું હોતું નથી. પ્રભુના શરીરમાં રહેલા પૌદ્‌ગલિક તેજનું સ્વરૂપ છે. અર્થાત્ સૂર્ય જેવું ઉગ્ર નહિ પરંતુ ચંદ્રમા કરતાં પણ વધુ શીતળતા પ્રભુના ભામંડળમાંથી પ્રવાહિત થાય છે. સૃષ્ટિમાં ઉત્તમ જણાતાં બે પરસ્પર વિરોધી તત્વોનો સુભગ સમન્વય પ્રભુના ભામંડળની તેજસ્વી કાંતિમાં જણાય છે. સૂર્યના તેજની પ્રચંડ તેજસ્વિતા અને ચંદ્રમાની ચાંદની કરતાં પણ અધિક શીતળતા પ્રભુના ભામંડળમાં જણાય છે. એટલે કે સૂર્ય અને ચંદ્રમા બંનેને ઝાંખા પાડે તેવું પ્રભુના ભામંડળનું તેજ છે.

શ્રી સમવાયાંગ સૂત્રમાં ભામંડળ માટે - 'તેજોમંડલ' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.(૨૯) આ ભામંડળના અનેક પ્રભાવમાંથી એક પ્રભાવ એવો હોય છે કે તીર્થંકરના ભામંડળની નિર્મળ પ્રતિછાયામાં ભવ્યાત્મા પોતાના સાત ભવને જોઈ શકે છે. અર્થાત્ ભવ્યાત્માને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનના રૂપમાં જાતિસ્મરણજ્ઞાન થાય છે અને ટૂંક સમયમાં મોક્ષપદને પામવાનો અધિકારી બની શકે છે.

વળી, પ્રભુજીના અત્યંત તેજસ્વી ભામંડળમાંથી જે તેજ કિરણો છૂટે છે તે ઊંચે જાય છે. શ્યામરંગના પ્રભુજીના મસ્તકની પાછળ અત્યંત પ્રકાશિત ભામંડળમાંથી કિરણો ઊંચેને ઊંચે ચડે છે. શ્યામરંગના પ્રભુજીના પડછામાં પાછળનું તેજસ્વી ભામંડળ વિશેષ તેજસ્વી લાગે છે અને તે તેજ વધતું - વધતું એટલું બધું વધે છે કે દેવોએ વિકુર્વેલા અશોકવૃક્ષનાં પાનનો રંગ પણ લોપાઈ જાય છે, અર્થાત્ તે પાનોની આગળના ભાગમાં આ તેજ કિરણો એવાં છવાઈ જાય છે કે તેનો મૂળરંગ કેવો છે, તેનું લક્ષ પણ જોનારને રહેતું નથી. જોનારને તો અશોકવૃક્ષ તથા તેની ઘરા પણ તેજોમય જ લાગે છે. એટલે કે વૃક્ષ જેવા એકેન્દ્રિય પણ પ્રભુનો સમાગમ થતાં પોતાપણું ત્યાગી, પ્રભુએ અર્પેલું તેજસ્વરૂપ સ્વીકારી લે છે. જો એકેન્દ્રિય જીવ પર પણ પ્રભુના બોધનો, ભામંડળનો આવો પ્રભાવ પડતો હોય તો. જે સચેતન - પૂર્ણ ઈન્દ્રિયવાળા જીવો છે તેમના પર કેટલો અસરકારક પ્રભાવ હોવો જોઈએ ! એથી જ આચાર્યજી કહે છે કે, હે વીતરાગ પ્રભુ ! આપના સમીપપણાને પામીને એવું કયું ચેતન પ્રાણી છે કે જે રાગરહિતપણાને ન પામે? અર્થાત્ વીતરાગના સાન્નિધ્યમાં નીરાગી - વીતરાગી ન બને ? જે કોઈ પ્રભુના સમીપપણાને પામી, તેમની આજ્ઞાનુસાર વર્તે તે નિશ્ચે પ્રભુ-સમાન થાય છે.

આ શ્લોકમાં ભગવાનને વીતરાગ કહીને સંબોધન કર્યું છે પણ સાથે સાથે 'નીરાગદ્' શબ્દનો પ્રયોગ પણ કર્યો છે. રાગના અભાવનું ચરમબિંદુ વીતરાગ છે, પરંતુ પ્રથમ ગુણસ્થાનથી માંડીને ઉપર તરફના ગુણસ્થાનમાં રાગભાગ અનેક બિંદુ પર ક્રમશઃ તૂટતાં-તૂટતો નીરાગભાવને પ્રાપ્ત થાય છે. રાગનો અભાવ ક્રમશઃ અનેક કેન્દ્રોથી પસાર થતો અને તારતમ્ય ભાવથી શ્રેયસ્કર થઈ પૂર્ણતાને પ્રાપ્ત કરે છે વચમાં જેટલાં પણ રાગનાં અભાવનાં બિંદુઓ છે તે બધાં બિંદુઓ નીરાગ કહેવાય છે. કવિશ્રી કહે છે કે અચેતન પદાર્થ પર પણ પ્રભાવ પડે છે તો

સચેતન આ પ્રભાવથી પ્રભાવિત ન થાય ? અર્થાત્ કોઈ ભારેકર્મી કે મૂઢ જીવ ભલે પ્રભાવિત ન થાય પરંતુ સામાન્ય સચેતન તો નીરાગભાવ તરફ આગળ વધશે - માટે જ કહ્યું કે - 'नीरागतां को न प्रजति !' વિષયો પ્રત્યેનો રાગ જ જીવાત્માને પ્રભુથી દૂર રાખે છે પણ જીવાત્માનો તે-તે ક્ષેત્ર પ્રત્યેનો રાગભાગ ઘટતાં - ઘટતાં નીરાગતા પ્રગટે ત્યારે વીતરાગતાના પરમ શુદ્ધત્વને તે સહજપણે પામી શકે છે....

ભક્તામર સ્તોત્રમાં માનતુંગાચાર્ય પણ કહી રહ્યાં છે કે -

शुम्भत्प्रभा - वलय भूरि - विभा विभोस्ते,
लौकत्रये द्युतिमतां धुतिमाखिपन्ती ।
प्रोद्यद्दिवाकर - निरन्तर भूरि संख्या -
दीप्त्या जयत्यपि निशामपि सोमसौम्याम् ।।

આ તેજસ્વી ભામંડળની જ્યોતિર્મય પ્રભા ત્રણે લોકના બધા કાંતિવાળા પદાર્થોની જ્યોતિને ઝાંખ પાડી દે છે. હજારો સૂર્યોની પ્રભાથી અધિક હોવા છતાં તે તેજપ્રકાશ કોઈને સંતાપ નથી પહોંચાડતી અને ચંદ્રમાની ચાંદની કરતાં અધિક શાંતિ પ્રદાન કરે છે.

શ્રી હેમચંદ્રાચાર્ય આ ભામંડળથી યુક્ત તીર્થંકર ભગવાનની વિશેષતા બતાવતાં કહે છે કે,

यन्मूर्ध्नः पश्चिमे भागे, जितमार्त्तण्डमण्डलम् ।
माभूद्वपुर्दुरालोक - मतीवोत्पिण्डितं महः ।। (૩૦)

અર્થાત્ પ્રભુના દેહના દર્શન કરવામાં કોઈને બાધક ન બને માટે દેવતાઓ સૂર્યથી અધિક પ્રભાવવાળા ભામંડળને મસ્તક પાછળ પ્રસ્થાપિત કરે છે.

શ્રી અષ્ટમહાપ્રાતિહાર્યની પરંપરાનું વર્ણન કરતાં કરતાં આચાર્યશ્રી માત્ર પ્રાતિહાર્યનો નામ-ઉલ્લેખ નહીં પણ તેનાથી વિશેષ તેના પ્રભાવનું વર્ણન પણ અલંકારયુક્ત શૈલીમાં કરે છે.

બીજા કવિઓ કાવ્યાતમક વર્ણન કરે છે, ત્યારે શ્રી સિદ્ધસેન દિવાકર આ વર્ણન દ્વારા સાધનાામાર્ગ પણ સૂચિત કરે છે. ચામર દ્વારા નમસ્કાર, ભામંડલ દ્વારા વીતરાગતા આદિ, દેવદુંદિભિ દ્વારા મોક્ષગમનની અભિલાષા આદિ બાબતોનું વર્ણન કરે છે.

भो भोः ! प्रमादमवधूय भजध्वमेन -
मागत्य निर्वृति-पुरीं प्रति सार्थवाहम् ।
एत न्निवेदयति देव ! जगत्त्रयाय,
मन्ये नदन्नभिनभः सुर-दुन्दुभिस्ते ।। २५ ।।

હોયે મુક્તિપુરી ભણી જવા ભાવના જો તમારી,
તો હે લોકો પરમ પ્રભુને સેવજો ચિત્ત ધારી,
એવું જાણે ત્રણ ભુવનના લોકને હોય કે'તો,
માનું છું હું જિનવર અહા દુંદુભિનાદ એ તો.

● **<u>શબ્દાર્થ :-</u>**

ભોઃ ભોઃ - અરે - અરે પ્રાણીઓ, પ્રમાદ - પ્રમાદને, અવધૂય - છોડીને, ભજધ્વમ્ - ભજો, એનમ્ - એ પ્રભુને, આગત્ય - શરણમાં આવીને, નિર્વૃતિપુરીંપ્રતિ - મોક્ષપુરી તરફ, સાર્થવાહમ્ - લઈ જનાર સાર્થવાહને, એતત - આ વાત, નિવેધ્યતિ - સૂચને કરે છે. દેવ ! - હે દેવ, જગત્ત્રયાય - ત્રણે લોકને, મન્યે - હું માનું છું. અભિનભઃ નદત્ - આકાશમાં શબ્દાયમાન તે, સુરદુંદુભિઃ - તે દેવ દુંદુભિ.

● **<u>ભાવાર્થ :-</u>**

હે દેવ ! આકાશમાં ગર્જના કરતી દેવદુન્દુભિ ત્રિલોકને સૂચિત કરે છે કે હે પ્રાણીઓ! હે મુમુક્ષુઓ ! તમે પ્રમાદને છોડીને મોક્ષપુરીમાં જતાં આ સાર્થવાહ સમા પ્રભુ પાર્શ્વનાથના શરણમાં આવી તેમને જ ભજો.

● **<u>વિવેચન :-</u>**

આચાર્યશ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજી પરમાત્માના બાહ્યવૈભવ સમા અષ્ટ મહાપ્રાતિહાર્યનું વર્ણન કરતાં એક પછી એક પ્રાતિહાર્યનું વર્ણન કરતાં હવે સાતમા 'સુરદુંદભિ' નામના પ્રાતિહાર્યની વાત જણાવે છે. 'દુદુંભિ'નો જુદો-જુદો અર્થ થઈ શકે છે પરંતુ તેનો મુખ્ય અર્થ મહા ઉદ્‌ઘોષ કરનાર અને પોતાના પ્રબળ ધ્વનિથી ગગનને ગજાવતું મહાસ્વર ઉત્પન્ન કરનાર સાધન થાય છે. પ્રભુના સમવસરણમાં મહાધ્વનિ ઉત્પન્ન કરાવતું દુદુંભિ સામાન્ય માનવકૃત નહીં પણ દેવરચિત હોવાથી તેને દેવદુદુંભિ કે સુરદુદુંભિ કહેવાય છે.

જ્યારે જ્યારે શ્રી તીર્થંકર પ્રભુની દેશનનો પ્રારંભ થવાનો હોય છે, ત્યારે ત્યારે

દેવલોકના દેવોને તેની જાણ અગાઉથી અવધિજ્ઞાન વડે થતી હોય છે. પ્રભુજીનો ઉત્તમ બોધ જગતના ભવ્ય જીવોને પ્રાપ્ત થવાનો છે, એ જ્ઞાનથી દેવો ખૂબ ઉલ્લાસમાં આવી જાય છે. વળી જગતના વધુમાં વધુ જીવો પ્રભુની દેશનાનો લાભ લે તેવા ભાવ તેને જાગે છે. પોતાના એ ઉલ્લાસ તથા ભાવને વ્યક્ત કરવા દેવો પોતાનાં વાજિંત્ર-દેવદુંદુભિ વગાડે છે. આમ તેઓ પ્રસન્નતાની અભિવ્યક્તિ સાથે જગતના જીવોને મળનાર દેશનાનો શુભ સંદેશ આપે છે.

આમ દેવો દેવદુંદુભિ વગાડીને જગતના જીવો પર ઉપકાર કરે છે, એટલું જ નહિ પણ તીર્થંકર પ્રભુનું બહુમાન પણ કરે છે. આ નાદ એ પ્રભુનો અતિશય કહેવાય છે કારણ કે અન્ય કોઈ જીવ માટે આવું બહુમાન દેવો કરતા નથી.

વળી, સમીપ મુક્તિગામી દેવો ત્રણે જગતના લોકો સાંભળે એવા મોટા નાદથી દુંદુભિ વગાડે છે. ત્રણ જગત એટલે દેવલોક, મધ્યલોક (પૃથ્વી) તથા અધોલોક (નરક). આમ છતાં આ મોટો નાદ હોવા છતાં તેની એ ખૂબી છે કે તે નાદ પ્રત્યેક જીવને સંભળાતો નથી. માત્ર પાત્ર જીવો કે જેઓ સમવસરણમાં જવાના ઉદયવાળા છે, તેઓ જ એ નાદ સાંભળે છે અને લાભ લઈ શખે છે. મોટા ભાગના અન્ય જીવો આ નાદ સાંભળી શકતા નથી.

અહીં, આચાર્યશ્રી જાણે દેવદુંદુભિવતી કહી રહ્યા છે - 'भो भोः प्रमाद अवधूय' અર્થાત્ "અરે ! અરે ! પ્રમાદ છોડીને..." પ્રમાદ છોડનારો જીવાત્મા જ આવા ઉત્તમયોગને પ્રાપ્ત કરી શકે છે. સાધનાક્ષેત્રમાં સેંકડો અવરોધોને દોષો જો આવતાં હોય તો તે પ્રમાદને કારણે જ આવે છે. પ્રમાદ જ જીવાત્મા માટે ભવભ્રમણનું કારણ છે. આગમસૂત્રોમાં પણ પાંચ પ્રકારના પ્રમાદ બતાવ્યા છે : (૧) મદ (૨) વિષય (૩) કષાય (૪) નિદ્રા અથવા નિંદાને (૫) વિકથા... આ પાંચ પ્રકારના પ્રમાદ જ જીવાત્માને સંસારચક્રમાં ફસાવે છે. તે બતાવતાં આગમગાથા કહે છેઃ

"मज्जविसय कसाया, निद्दा विकहाय पंचमी भणिया !
એ એ પંચપ્પમાયા, જીવા પાડન્તિ સંસારે !!

પરમાત્મા મહાવીરદેવે પણ ઉત્તરાધ્યનજી સૂત્રના ૧૦મા અધ્યાયનમાં કહ્યું કે "समयं गोयम मा पमायए" પ્રમાદને અધર્મનું મૂળ માનવામાં આવ્યું છે. જેમ મધપાન કરવાથી જીવ સ્વસ્વરૂપને ભૂલી જાય છે તેમ પ્રમાદગ્રસ્ત જીવ પણ સ્વસ્થરૂપને ભૂલી જાય છે. પ્રમાદનો કષાય અને નોકષાય બંનેમાં સમાવેશ થાય છે. કષાય મોહનીયની બધી પ્રકૃતિઓ તથા નોકષાયની બધીી પ્રકૃતિઓના ઉદયભાવને પ્રમાદ કહ્યો છે. પાપમાં જાગૃત હોય અથવા સૂતો હોય બંને અવસ્થા પ્રમાદ જ છે. ટૂંકમાં, પોતાના આત્માની ઉજ્જવળતા માટે ઉદ્યમ ન કરવો અને અન્ય ક્ષેત્રોમાં રચ્યા-પચ્યા રહેવું તેને પ્રમાદ કહે છે. માટે, આચાર્યશ્રી કહે છે 'પ્રમાદ છોડો !' અને પ્રમાદ છોડીને શું કરવું ? તેના પ્રત્યુત્તરમાં આચાર્ય કહે છે પ્રભુ પાર્શ્વનાથ કે જે મોક્ષનગરીમાં જતાં સાર્થવાહ સમાન છે તેમના ચરણને શરણમાં સમર્પિત બની જાઓ.

અહીં પ્રભુ પાર્શ્વનાથને એક વિશિષ્ટ ઉપમા આપવામાં આવી છે... સાર્થવાહ સમાન ! સાર્થવાહ શબ્દ સામાન્ય અને વિશિષ્ટ બંને રીતે ઉપયોગમાં મૂકાય છે. જે સમૂહ સાથે ચાલે છે અને એકસૂત્રમાં અનુશાસિત થઈને આગળ વધે છે તે જનસમૂહ પણ સાર્થવાહ કહેવાય છે. આવા જનસમૂહને સાથે રાખીને જે નેતા તેમને યોગ્ય માર્ગ પર લઈ જાય છે તે નેતા પણ સાર્થવાહ છે. સાથે લઈને વહન કરવાવાળા મહાપુરુષને સાર્થવાહ અર્થાત્ સારથિ કહે છે. સાર્થવાહમાં જનસમૂહનો પણ અર્થ થાય છે. પરંતુ મોટેભાગે મહાપુરુષોને સાર્થવાહ કહેવાય છે.

અહીં શ્રી પાર્શ્વનાથ પ્રભુ સાર્થવાહ જેવા કહ્યા છે. તેમણે કર્મભૂમિથી શરૂ કરી મોક્ષનગરી સુધીની મુસાફરી આદરી છે. તેમનો વેપાર તે પોતાના અને પોતાના શરણમાં આવનાર સર્વ જીવનાં કર્મ ખપાવવાં તે છે. વળી પ્રભુ પોતે એક કાર્ય એકલા કરતા નથી, પણ સમૂહમાં કરે છે. તેઓ અનેકની સાથે દીક્ષા લે છે, જ્ઞાન લે છે અને નિર્વાણ પણ ઘણા સાથે પામે છે. એકાકી કાર્ય પ્રભુ કરતા નથી. તેમના રસાલામાં દીક્ષિત સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચતુર્વિધ સંઘ ગણી શકાય. માર્ગમાં આવતી મુશ્કેલીઓ સામે ઝઝુમવા જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી સાધનો તૈયાર જ હોય છે. વળી ચોત્રીશ અતિશયો એ એમના વિશિષ્ટ અંગો કહી શકાય. આ અતિશયોને કારણે શ્રી તીર્થંકર પ્રભુ સહુ સાર્થવાહોમાં ઉત્તમ સાર્થવાહ છે તેમ સાબિત કરી શકાય. આવા ઉત્તમ સાર્થવાહ, જે મુક્તિપુરી પ્રત્યે ગમન કરે છે તેમનો સથવારો કરવો એ, જે કોઈ મોક્ષમાં જવા ઈચ્છતા હોય તેમને માટે કર્તવ્યરૂપ છે. આવો મહત્ત્વનો સંદેશો દેવદુંદુભિ લોકોને આપે છે.(૩૧)

શ્રી હેમચંદ્રાચાર્યજી આ દેવદુંદુભિ વિશે કહી રહ્યા છે કે દેવદુંદુભિથી જાણે એવું અનુભવાય છે કે, જાણે વિશ્વના આપ્તપુરુષોમાં વીતરાગદેવનું જ મહાસામ્રાજ્ય છે.

"दुन्दुभिर्विश्वविश्वेश ?, पुरो व्योम्नि प्रतिध्वनन् ।
जगत्यात्येषु ते प्रज्यं साम्राज्यमिव शंसति ।।"(૩૨)

આ દેવદુંદુભિ નામક પ્રાતિહાર્ય વિશે શ્રી કાનજીસ્વામી સમજાવતા જણાવે છે કે, "દેવોનું એ દિવ્ય વાજિંત્ર અત્યંત ગંભીર, મધુર અને સ્પષ્ટ અવાજે દશે દિશામાં ઘોષણા કરે છે કે ત્રણ લોકના જીવો ! ધર્મરાજા, સર્વજ્ઞ પરમેશ્વર અહીં બિરાજે છે તેમનાં દર્શન કરવા અહીં આવો. બીજાં લાખ કામ છોડીને (પ્રમાદ છોડીને) આત્માનો અચિંત્ય વૈભવ લેવા આ પ્રભુ પાસે આવો. અહા, જાણે સમવસરણના એ દિવ્ય નગારાના નાદ અત્યારે અહીં સંભળાતા હોય ! એવા ભાવથી સ્તુતિકાર કહે છે કે અહો, દેવ ! એ દુંદુભિના નાદ સત્ ધર્મ તેમજ ધર્મસામ્રાજ્યના નાયક એવા આપનો જયજયકાર કરી રહ્યા છે ને આપનાં યશગાન સંભળાવી રહ્યા છે. ભવ્યજીવોને સાદ પાડી રહ્યાં છે કે જીવો ! ધર્મ પામવા માટે અહીં આવોને મોક્ષના સાથીદાર (સાર્થવાહસમા) આ ભગવાનને સેવો. ધર્મની પ્રાપ્તિનો ઉત્તમ અવસર મળ્યો છે માટે પ્રભુના ધર્મદરબારમાં ધર્મનું શ્રવણ કરવા આવો..."

ભવોભવની ભમ્રણાને ભાગનાર, અનુપમ - આત્મિકસુખનો આસ્વાદ આપનાર પ્રભુનાં ચરણ ભજોને જીવો પ્રમાદ છોડી મોક્ષમાર્ગના મુસાફર યાવત્ મુક્તિના માલિક બનો. તેવી ભવ્યભાવના આ શ્લોકમાં આચાર્યશ્રીએ સાતમા પ્રાતિહાર્યના વર્ણન સાથે રજૂ કરી છે.

उद्द्योतितेषु भवता भुवनेषु नाथ !
तारान्वितो विधुरयं विहताधिकारः ।
मुक्ता-कलाप-कलितो-च्छ्वसितातपत्र-
व्याजात्त्रिधा धृत-तनुर्ध्रुवमभ्युपेतः ॥ २६ ॥

આપે જ્યારે ત્રણ જગતને તેજ ધારી બનાવ્યા,
ત્યારે તારા ગુણ સહિત એ ચંદ્રમા કામ નાવ્યા;
મોતીઓના સમૂહથી અહા શોભતા સર્વ રીતે,
એવાં ધાર્યા પ્રભુ ઉપર તો છત્રનાં રૂપ પ્રીતે.

● **<u>શબ્દાર્થ :-</u>**

નાથ ! હેનાથ, ભવતા - આપના દ્વારા, ભુવનેષુ - ત્રણે લોકને, ઉદ્યોતિતેષુ - પ્રકાશિત થવા પર, તારાન્વિતઃ - તારાઓથી, વેષ્ટિ - ઘેરાયેલો, વિધુઃ - ચંદ્ર, અયં - આ, વિહતાધિકારઃ - પોતાન અધિકારથી રહિત, મુક્તાકલાપકલિત - મોતીઓના સમૂહથી સહિત, ઉલ્લસિત આતપત્ર - શોભાયમાન સફેદ છત્રના, વ્યાજાત્ - બહાને, ત્રિધા - ત્રણ, ધૃત - ધારણ કરીને, તનુઃ - શરીર, ધ્રુવમ્ - નિશ્ચયથી.

● **<u>ભાવાર્થ :-</u>**

હે નાથ ! જ્યારે આપે આપના દિવ્યજ્ઞાનથી ત્રણેય લોકને પ્રકાશિત કરી દીધા ત્યારે બિચારા ચંદ્રનો તો જાણે કે પ્રકાશ કરવાનો અધિકાર જ છીનવાઈ ગયો. તેથી તારામંડલથી ઘેરાઈને મોતીઓની ઝાલરથી શોભાયાન શ્વેત ત્રણ છત્રોના રૂપમાં ત્રણ શરીર બનાવી આપની સેવામાં ઉપસ્થિત થયો છે.

● **<u>વિવેચન :-</u>**

પ્રભુના ૩૪ અતિશયોમાં છત્ર એક વિશિષ્ટ અતિશય છે. ભગવાનને જ્યારે કેવળજ્ઞાન થાય છે અને દેવો સમવસરણની રચના કરે છે ત્યારે અશોકવૃક્ષ, સિંહાસન, ચામર અને છત્ર એ પ્રાતિહાર્ય દેખાય છે. પ્રભુના મસ્તક પર એક ઉપર એક એમ ત્રણ છત્રો હોય છે. આ છત્ર ક્યાંય લટકાવવામાં આવતા નથી. પરંતુ હવામાં અધ્ધર જ હોય છે. જેમ કે મૂળ વગરનું અશોકવૃક્ષ, પ્રભુ દેશના આપે, બેસે કે વિહાર કરે વગેરે, કોઈ પણ સમયે આ છત્રો તેમના મસ્તક પર શોભી રહે છે. તેમની સાથે ને સાથે જ રહે છે. બીજા કેટલાક અતિશયો એવા છે કે જે અમુક સમયે પ્રગટે છે અને અમુક સમયે વિલીન થઈ જતાં હોય છે.

પણ, છત્ર એક એવો અતિશય છે કે તે પ્રભુને કેવળજ્ઞાન થાય ત્યારથી પ્રભુ નિર્માણ પામે ને સિદ્ધક્ષેત્રમાં જાય ત્યાં સુધી તેમના મસ્તક ઉપર સતત વિદ્યમાન રહે છે. આ છત્ર અતિશયની વિશેષતા છે.

શ્રી તીર્થંકર પ્રભુ જ્યારે કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રાપ્ત કરે છે, ત્યારે તેઓ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી ધર્મ પ્રવર્તાવે છે. પ્રભુના આ ધર્મપ્રવર્તનના પવિત્ર કાર્યના બહુમાન તરીકે દેવલોકના દેવો ત્રણ છત્રોની રચના કરે છે. આ ત્રણ છત્રમાં સૌથી નીચેનું છત્ર સૌથી મોટું હોય છે, તેની ઉપરનું છત્ર તેનાથી નાનું અને સૌથી ઉપરનું છત્ર સૌથી નાનું હોય છે, આવો ક્રમ હોય છે. પ્રત્યેક છત્રની ધારીએ ઉત્તમ પ્રકારનાં મોતી લટકાવેલાં હોય છે. આ ત્રણે છત્રોની રચના એવી અદ્‌ભુત હોય છે કે પ્રભુ જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં આ ત્રણે છત્રો તેમની સાથે સાથે છાયા કરતાં જાય છે, એટલે કે તે ત્રણે છત્રો પ્રભુના મસ્તક પર જ રહ્યાં કરે છે, આગળ કે પાછળ રહેતાં નથી. આ ત્રણે છત્રો એક સાથે રહીને એવું સૂચન કરે છે કે પ્રભુજીએ જ્ઞાન, દર્શન અને ચારિત્રની એકતા પ્રાપ્ત કરી લીધી છે, અને આ એકતાના પ્રતીક રૂપે છત્રો રચાયાં છે. પ્રાપ્ત કરેલી એકતા ક્યારેય તૂટવાની નથી તે દર્શાવવા છત્રો પ્રભુની સાથે ને સાથે જ રહે છે. ત્રણે છત્રો દિવ્ય રત્નોથી મઢેલાં હોય છે તેથી તેજસ્વી હોય છે, અને અને એ રીતે તે આત્માનાં તેજનાં પ્રતીક બની રહે છે.

અહીં, આચાર્યશ્રી પ્રભુના દિવ્યજ્ઞાનના પ્રકાશની સામે ચંદ્રમાનું તેજ - ચંદ્રમાનો પ્રકાશ પણ ઝાંખો પુરવાર થાય છે તેમ બતાવ્યું છે -

આત્મા સ્વપરપ્રકાશક જ્યોતિસ્વરૂપ છે. જ્યારે આત્મા વિશુદ્ધ બને છે ત્યારે તેનું તેજ એકઠા કરેલા કરોડો સૂર્ય કરતાં પણ વિશેષ હોય છે. એક સૂર્યનું તેજ એકઠા કરેલા અનેક ચંદ્રમાંથી વિશેષ, અને એક વિશુદ્ધ આત્માનું તેજ કરોડો સૂર્યના તેજ કરતાં પણ વધારે છે. તે ગણતરીએ ગણતાં એક વિશુદ્ધ આત્માનું તેજ એક ચંદ્રમા કરતાં કેટલા ગણું કહી શકાય ? વળી ચંદ્રમા જગતના - પૃથ્વીના એક ભાગને જ પ્રકાશે છે, ત્યારે વિશુદ્ધ આત્મા ત્રણે લોકને - જગત સમસ્તને એક સાથે પ્રકાશી શકે છે. આત્માને ત્રણે લોકનું સમય સમયનું જ્ઞાન કેવળજ્ઞાનમાં પ્રકાશે છે એ અપેક્ષા વિચારતાં ચંદ્રમાં કરતાં આત્માનું બળવત્તરપણું સહેલાઈથી સમજી શકાશે.

ચંદ્રમાએ જ્યારે પ્રભુને પોતાના કરતાં અનેક ગણા પ્રકાશને પાથરતા જોયા, અને શીતળતા પ્રસરાવતા જોયા ત્યારે તેને પ્રભુની ઈર્ષા ન થઈ, પણ તેને પ્રભુની સેવા કરવાના ભાવ જાગ્યા. તે માટે તેણે બહાનું પણ શોધી લીધું. તારામંડળ તથા પોતા થકી તેણે ત્રણ છત્રો ઉત્પન્ન કર્યા, અને પ્રભુના શિરછત્ર રૂપ રહી તેમની સેવા કરવાનો આરંભ કરી દીધો. ત્રણ છત્રના રૂપે ચંદ્રમા ત્રણ સ્વરૂપ ધારણ કરી પ્રભુ-સેવામાં મગ્ન બની ગયો. પોતે ત્રણ છત્રની ઉત્પત્તિ કરી, અને પ્રત્યેક છત્રની ધારીએ મોતીઓ લટકાવવામાં તેણે તારા-મંડળનો ઉપયોગ

કર્યો. આમ મોતીઓથી વિભૂષિત થયેલા ત્રણ છત્રનું સ્વરૂપ ધારણ કરી, ચંદ્રમા પ્રભુએ સ્વીકારેલા કાર્યમાં સહાયક થવા લાગ્યો. પ્રભુના શિર ઉપર છત્રરૂપે રહી, પ્રભુને જગતના આધિ, વ્યાધિ અને ઉપાધિના ત્રિવિધ પરિતાપથી મુક્ત રાખવા પુરુષાર્થી બન્યો. પોતે પોતાના તારામંડળ સહિત પ્રભુમાં ભળ્યો, આથી પ્રભુના શાંતિ અને શીતળતા પ્રસરાવવાના કાર્યને ઘણો વેગ મળ્યો. આમ, અહીં આચાર્યજીએ ચંદ્રમાનો ઉદાત્તભાવ પ્રગટ કર્યો છે.

આ ત્રણ છત્રનો સંબંધ ત્રણ લોકથી જોડવામાં આવ્યો છે. શ્રી ભક્તામર સ્તોત્રમાં પણ ત્રણ છત્રને ત્રણ લોકનું આધિપત્ય પ્રદર્શિત કરનારા અલૌકિક બતાવ્યા છે.

"छत्रत्रयं तव विभाति शशाङ्ककान्त
मुच्चैं स्थितं स्थगितभानुकरप्रतापम्
मुक्तफलप्रकर जालविवृद्धशोभम्
प्रख्यापयत् त्रिजगतः परमेश्वरत्वम् ॥"

● અર્થાત્ :-

આપના મસ્તક ઉપર ઊંચે ઉપરાઉપરી ધારણ કરાયેલાં ત્રણ છત્રો ચંદ્રમા જેવા ઉજ્જવલ છે, મોતીના સમૂહની વિશિષ્ટ રચનાથી ઘણી શોભા પામી રહેલા છે. તેમજ સૂર્યનાં કિરણોના પ્રભાવને રોકી રાખે છે તથા ત્રણ જગતના પરમેશ્વરપણાને સૂચવતાં અત્યંત શોભી રહેલા છે.

છત્ર શબ્દનો અર્થ આમ વિચારવામાં આવે તો 'છ' એટલે હિંસા. 'ત્ર' એટલે રક્ષા કરનાર, બચાવનાર. આ શ્લોકમાં આચાર્યશ્રીએ 'आतपत्र' કહેલ છે. आतप એટલે એટલે ઉપદ્રવ, તપન અને 'त्र' એટલે બચાવનાર. એક છત્ર તિર્યંચ જાતિનું રક્ષક છે. બીજું છત્ર માનવજાતિનું નિયંત્રણ કરે છે અને ત્રીજું છત્ર દેવોને ભોગમુક્તિનો સંદેશ આપે છે. ત્રણેય છત્ર તિર્યંચ, મનુષ્ય અને દેવ એમ ત્રણભાગમાં વિભાજિત છે. આ ત્રણેય છત્ર માત્ર આતપને જ રોકતા નથી પણ શીતળતા પણ પ્રદાન કરે છે એટલે જ કવિશ્રીએ ચંદ્ર જેવા મનોહર શીતળતાના પ્રદાતાના ઉપમાનને ત્રણ છત્રના રૂપમાં પરિવર્તિત કરેલ છે.

છત્ર ત્રણ જ શા માટે ? પંચાંગ પ્રણિપાત ત્રણ વખત જ કેમ કરવામાં આવે છે ? વંદન ત્રણ વખત જ કેમ કરવામાં આવે છે. આ સંદર્ભે આચાર્યશ્રી એમ કહી રહ્યા છે કે આ ત્રણ છત્રો એમ સૂચવે છે કે પ્રભુ ત્રણે જગતના પરમેશ્વર છે. શ્રી જિનેશ્વરદેવ માત્ર મનુષ્ય જ નહિ પરંતુ સ્વર્ગ અને પાતાળલોકના પણ પરમેશ્વર છે. કોઈપણ એક વ્યક્તિ માત્ર એક લોકનો સ્વામી હોઈ શકે છે, પરંતુ ત્રણ લોકનો નહિ. ઈન્દ્ર સ્વર્ગલોકનો સ્વામી હોય છે. ભવનપતિ પાતાળલોકનો સ્વામી હોય છે. ચક્રવર્તી રાજા મનુષ્યલોકનો સ્વામી હોય છે. ત્રણે લોકનો ઈશ્વર એક જ હોઈ શકે છે જે ત્રણે લોકનો સ્વામી હોય. જેણે મમત્વનું સંપૂર્ણ વિસર્જન કરી દીધું હોય એ જ પરમેશ્વર બની શકે છે. સૌ કોઈ તેનું સ્વામીત્વ સ્વીકારી લે છે. આજ કારણે છત્રો ત્રણ છે.

'છત્ર' નામક અતિશયની વાત કર્યાબાદ હવે, આચાર્યશ્રી આગળના શ્લોકમાં સમવસરણની વાત કરતાં પોતાના ભાવોર્મિ શાબ્દિક દેહ આપતા કહી રહ્યા છે કે -

स्वेन प्रपूरितजगत्त्रय-पिण्डितेन
कान्ति-प्रताप-यशसामवि संचयेन ।
माणिक्य-हेम-रजत-प्रविनिर्मितेन
साल-त्रयेण भगवन्नभितो विभासि ।। २७ ।।

આપ્યો જેણે ત્રણ ભુવનને એકરૂપેજ યોગ,
જાણે કાંતિ તપ યશતણો જામતો રે સુયોગ;
સોના રૂપાં મહિં વળી મણિ તેજ ઓપી રહ્યાં છે,
એવા કિલ્લા ત્રણમહિં અહા નાથ શોભી રહ્યા છે.

● **<u>શબ્દાર્થ :-</u>**

સ્વેન - આપના, પ્રપુરિત જગત્ત્રય પિંડિતેન - ભરી દીધેલ ત્રણેય જગતરૂપી પિંડને, કાંતિ - પ્રતાપ, યશ સામ્ ઈવ સંચયેન - આપની કાંતિ, પ્રતાપ અને યશના સમૂહની સમાન શોભાયમાન, માણિક્ય હેમ - રજત પ્રવિનિર્મિતેન - માણેક, સુવર્ણ તથા ચાંદીથી બનેલા, સાલ ત્રયેણ - ત્રણ કોટોથી, ભગવન્ - હે ભગવાન આપ, અભિતઃ - ચારે બાજુ, વિભાસિ - શોભાયમાન દેખાઓ છો.

● **<u>ભાવાર્થ :-</u>**

અહો ભગવાન ! આપની ચારે તરફ, માણિક્ય, સુવર્ણ તથા રજતથી બનેલા સમોસરણના ત્રણ કોટથી આપ અત્યંત સુશોભિત લાગો છે. ત્રણ કોટ જાણે કે આપના શરીરની કાંતિ, આપનો પ્રતાપ તથા આપનો યશ ત્રણ લોકમાં સર્વત્ર ફેલાવવાથી આગળ ક્યાંય સ્થાન પ્રાપ્ત ન થવાથી આપની ચારે બાજુ ત્રણ કોટના રૂપમાં પિંડરૂપ થઈ ગયા છે.

● **<u>વિવેચન :-</u>**

આ શ્લોકમાં પ્રભુના સમવસરણમાં જે ત્રણ ગઢની રચના દેવો કરે છે, તેના દ્વારા પ્રભુના ગુણોની સ્તુતિ કરવામાં આવી છે. જે ક્ષેત્રમાં અન્ય મતાવલંબી અધિક હોય યાને મિથ્યાત્વનું વધારે પ્રમાણમાં જોર હોય અથવા જ્યાં પુષ્કળ પ્રમાણમાં શ્રોતાજનો આવે ત્યાં દેવો સમવસરણની રચના કરે છે. તે રચના આ પ્રમાણે કરવામાં આવે છે.

સૌ પ્રથમ વાયુકુમાર દેવ આવીને તે સમવસરણની ભૂમિ શુદ્ધ કરે છે. મેઘકુમાર દેવ સુગંધી જળનો છંટકાવ કરે છે. એ ભૂમિ ઉપર ભવનપતિ દેવ તથા જ્યોતિષ દેવ રજત, સુવર્ણ તથા રત્નના ત્રણ ગઢ બનાવીને સમવસરણની રચના કરે છે.

સમવસરણની ચારે બાજુ ત્રણ કોટ હોય છે. પ્રથમ કોટ (બહારથી) ચાંદીનો બનેલો હોય છે. તેના ઉપર સુવર્ણનાં કાંગરાં છે. તે કોટની અંદર ૧૩૦૦ ધનુષનું અંતર છોડીને બીજો કોટ સુવર્ણનો હોય છે. તેના ઉપર રત્નનાં કાંગરાં હોય છે. ત્રીજો કોટ રત્નોનો છે. તેના ઉપર મણિરત્નનાં કાંગરાં છે. તે કોટની મધ્યમાં અષ્ટ મહાપ્રાતિહાર્યથી યુક્ત ભગવાન બિરાજમાન થઈને ધર્મોપદેશ આપે છે.

- તીર્થંકર ભગવાનના ઈશાનકોણમાં શ્રાવક-શ્રાવિકાઓ અને વૈમાનિક દેવો બેસે છે.
- આગ્નેયકોણમાં સાધુ-સાધ્વીજીઓ તથા વૈમાનિક દેવોની દેવીઓ બેસે છે.
- વાયવ્યકોણમાં ભવનપતિ દેવ, વાણવ્યંતર દેવ અને જ્યોતિષી દેવ બસે છે.
- નૈઋર્ત્યકોણમાં ભવનપતિની દેવીઓ, વાણવ્યંતરની દેવીઓ અને જ્યોતિષીની દેવીઓ બેસે છે.
- પ્રભુની સામે ગણધર ભગવંતો બેસે છે.
- પ્રભુની પરિષદમાં મનુષ્યસ્ત્રી તથા દેવીઓ ઊભી રહે છે.
- તિર્યંચ - તેર-માદા બીજા વલયમાં પરસ્પર વેરભાવ ભૂલીને શાંતિથી બેઠાં હોય છે.

સમોસરણ ઉપર અશોક વૃક્ષની છાયા હોય છે. વચ્ચે પાદપીઠ, ત્રણ છત્રો, ભામંડલ સહિત સિંહાસનની સ્થાપના કરે છે. વ્યંતરદેવ સુવર્ણકમળોની રચના કરે છે. અરિહંત પરમાત્મા એ કમળો ઉપર ચાલીને આવે છે.

સમોસરણના પહેલા કોટમાં ચડવાને માટે ૧૦ હજાર પગથિયાં છે. બીજા અને ત્રીજા કોટમાં પાંચ-પાંચ હજાર પગથિયાં છે. તે એક-એક હાથની ઊંચાઈએ છે. આ રીતે સમવસરણની ઊંચાઈ અટી ગાઉ હોય છે. પરંતુ તીર્થંકર પરમાત્માના અતિશયના કારણે તથા ચડવાવાળાના ઉત્સાહને કારણે તે કોઈને થાકનો અનુભવ થતો નથી. (૩૩)

અત્રે અહીંયાં આ ત્રણ ગઢની સાથે પરમાત્માની કાંતિ, પ્રતાપ તથા યશની સરખામણી કરી છે. નીલરત્નનો ગઢ જેમ પ્રભુના શરીરની કાંતિ પણ નીલવર્ણી છે. સુવર્ણના ગઢની સરખામણી પ્રભુના તેજસ્વી પ્રતાપ સાથે તથા રૂપાના ગઢની પ્રભુના ઉજ્જવલ યશ સાથે સદૃશતા છે... આ ત્રણ ઉપમાઓ ગઢની આપીને પ્રભુના કાંતિ, પ્રતાપ તથા યશની પ્રશસ્તિ કરી છે.

કહેવાનો આશય એ છે કે પ્રભુના કાંતિ, પ્રતાપ અને યશ ત્રણે લોકમાં ફેલાઈ જઈને આગળ જવાની જગ્યા ન હોવાથી જાણે પિંડ બનીને ગઢરૂપે ગોઠવાઈ ગયા છે. આ સ્તુતિકારની અદ્‌ભુત કલ્પના છે.

સમવસરણને વિશે રચાયેલા ત્રણ ગઢ, આચાર્યજીને પ્રભુનાં કીર્તિ, પ્રતાપ અને કાંતિના

પ્રતીકરૂપે જણાય છે. વળી ત્રણે દુનિયાને એનાથી ભરી દેવા માટે જ એનું સર્જન થયું હોય એમ તેમને જણાય છે. આ ત્રણ ગઢોમાં, સોનાના કાંગરાવાળો રૂપાનો ગઢ પ્રભુની કીર્તિનું પ્રતિબિંબ જણાય છે. ધર્મસ્થાપન, આત્મશુદ્ધિ અને તીર્થંકર પદની પ્રાપ્તિથી પ્રભુની કીર્તિ ચારે બાજુ ફેલાય છે. વળી તેમાંથી જીવોને શીતળતા પ્રાપ્ત થાય છે. આ બધાના પ્રતીકરૂપે સૌ પ્રથમ અને સૌથી મોટા એવા રૂપાના ગઢની રચના થઈ હોય એમ જણાય છે. ચાંદી એ શ્વેત ધાતુ છે, તેની પવિત્રતાથી લોકો વધુ આકર્ષાય તે માટે તથા કીર્તિમાં રહેલી પવિત્રતાને અનુલક્ષીને આ ગઢની રચના થઈ હોય એમ જણાય છે.

રૂપાના ગઢની અંદરના ભાગમાં સુવર્ણનો ગઢ આવે છે, જેના ઉપર રત્નનાં કાંગરાં મૂકેલાં હોય છે. આ ગઢ પ્રભુના પ્રતાપના પ્રતીકરૂપે રચાયો હોય તેમ જણાય છે. પ્રભુજીનો પ્રતાપ એવો હોય છે કે તેમની ચોતરફના એક જોજન વિસ્તારમાં કોઈ પણ પ્રકારની અશુદ્ધિ પ્રવેશી શકતી નથી. કોઈપણ પ્રકારનું દુર્ભિક્ષ, રોગ કે આત્માને અશાંતિ કરે તેવાં તત્ત્વો તે પ્રદેશમાં દાખલ થઈ શકતાં નથી. આ વિશુદ્ધિનાં પ્રતીકરૂપે રત્નનાં કાંગરાવાળ સોનાનો ગઢ રચાયો જણાય છે. સુવર્ણ એ ચાંદી કરતાં વિશેષ તેજસ્વી છે, અને તેનાં કિરણોમાં પણ વધારે છાપ પાડવાની શક્તિ હોય છે. વળી રત્નનાં કાંગરાં એ પ્રતાપમાં વધારો કરે. રત્નોમાં ચમક વિશેષ હોય છે તેથા તેનામાં આંખોને આંજી નાખવાની શક્તિ પણ હોય છે. સુવર્ણના તેજ સાથે રત્નોનું તેજ ભળવાથી તેમાંથી છૂટતાં કિરણો વિશેષ પ્રભાવશાળી બને છે અને પ્રભુના પ્રતાપના પ્રતીકને યોગ્ય તેઓ બની રહે છે.

ત્રીજો અને પ્રભુજીની સૌથી સમીપનો મણિરત્નના કાંગરાંવાળો રત્નનો ગઢ પ્રભુની કાંતિનું પ્રતીક જણાય છે. પ્રભુના આત્માની કાંતિ, તેમના દેહદ્વારા પ્રગટ થાય છે, એટલે કે આત્માની એ સૌથી નજીકનું તત્ત્વ છે. કાંતિ અર્થાત્ તેજ એ આત્માથી છૂટતાં કિરણોને સ્પર્શતો નજીકનો ગુણ છે, ત્યારે પ્રતાપ અને કીર્તિ એ છૂટતાં કિરણોનાં પરિણામરૂપ છે, આથી એ પ્રમાણમાં દૂરના ગુણો કહી શકાય. આમ, કાંતિ એ કારણરૂપ અને પ્રતાપ તથા કીર્તિ એ પરિણામરૂપ ગુણો છે. અત્યંત કાંતિ અર્થાત્ તેજસ્વિતા એ પ્રભુના આત્મામાંથી પ્રગટે છે, તથા તેમની શુદ્ધતાને કારણે આવિર્ભાવ પામે છે, આથી તેનો પ્રભાવ ચોતરફ ફેલાય છે, એ પ્રભુનો પ્રતાપ છે. આ પ્રભાવને અનુભવનારાઓ પ્રભુની કીર્તિ વિશાળ જગ્યાએ ફેલાવે છે કે પ્રભુ આવા અતિ અતિ પ્રભાવશાળી આત્મા છે. અર્થાત્ પ્રભુના પ્રતાપને અનુભવનારાઓ પ્રભુની કીર્તિને ત્રણ જગતમાં ફેલાવે છે. આ ત્રણે ગુણને એક સાથે સમજવા હોય તો કહી શકાય કે, પ્રભુના આત્માની અત્યંત વિશુદ્ધતાને લીધે પ્રગટતી કાંતિનો પ્રભાવ કીર્તિરૂપે ચોતરફ ફેલાય છે. આ કાંતિનું ઘણું મહત્ત્વ છે. તેથી તેનાં પ્રતીકરૂપે રચાયેલો માણિરત્નનાં કાંગરાવાળો રત્નનો ગઢ, પ્રભુની સમીપમાં તથા સૌથી મૂલ્યવાન હોય તે સહજ છે.

આચાર્યજી ૧૯ મીથી શરૂ કરી ૨૭ મી કડી સુધીમાં ભગવાનને પ્રગટ થતાં જુદા જુદા નવ અતિશયો તથા તેના વિશિષ્ટ અર્થો સમજાવીને આપણને ધન્ય કરે છે. પ્રભુજીને પ્રગટતા ચોત્રીસ અતિશયમાંના આચાર્યજીએ વર્ણવેલા નવ અતિશય આ પ્રમાણે છે : દેશના સમયનું અશોકવૃક્ષ, પુષ્પવૃષ્ટિ, દિવ્યવાણી, ચામર, સિંહાસન, ભામંડળ, દેવદુંદુભિ છત્ર અને સમવસરણ. આ નવે અતિશયો એક સાથે વિચારીને પ્રભુનું ચિત્ર ખડું કરીએ તો પ્રભુની પ્રતિભાનો આપણને સાચો પરિચય થાય એમ છે.

दिव्य-स्त्रजोजिन ! नमत्रि-दशाधिपाना-
मुत्सुज्य रत्नरचितानपि मौलि-बन्धान् ।
पादौ श्रयन्ति भवतो यदि वा परत्र
त्वत्सङ्गमे सुमनसो न रमन्त एव ॥ २८ ॥

દેવો કેરા નમન કરતા મસ્તકોમાં રહ્યા જે,
પુષ્પો પોતે શરણ ધરતાં નાથજી આપનું તે,
પામે તારું શરણ પ્રભુજી અલ્પરૂપે'ય જો તે,
દેવો હો કે વિબુધજનતા પામતા હર્ષ પોતે.

● **<u>શબ્દાર્થ :-</u>**

હે જિનેન્દ્ર, દિવ્યસ્ત્રજો - દિવ્ય પુષ્પોની માળાઓ, નમત્ - નમસ્કાર કરતાં થકા, ત્રિદશાધિપાનામ્ - ઈન્દ્રોના, ઉત્સૃજય - છોડીને, રત્ન - રચિતાનપિ - રત્નથી બનેલા હોવા છતાં પણ, મૌલિબંધાન્ - મુકુટોને, પાદૌશ્રયન્તિ ભવતો - આપનાં ચરણોનો આશ્રય લે છે. યદિવા - અથવા, ઠીક છે કે, ત્વત્સંગમે - આપનો સમાગમ થવા પર, સુમનસો - પુષ્પ અથવા વિદ્વાન પુરુષ, પરત્ર - બીજો કોઈ જગ્યાએ, ન એવ રમન્વે - રમણ કરતાં નથી.

● **<u>ભાવાર્થ :-</u>**

હે નાથ ! દેવેન્દ્રો આપને નમસ્કાર કરે છે, ત્યારે તેઓની દિવ્યમાળાઓ રત્નજડિત મુકુટને છોડીને આપના ચરણનો આશ્રય લે છે. કારણ કે આપનાં ચરણોનો આશ્રય પ્રાપ્ત થયા પછી સુમનસ (પુષ્પો અથવા વિદ્વાનો)ને અન્યત્ર સંતોષ પ્રાપ્ત થતો નથી.

● **<u>વિવેચન :-</u>**

હે જિનેન્દ્ર ! આપના ચરણમાં દેવો, દેવેન્દ્રો, નરેન્દ્રો સર્વે આવીને મસ્તક ઝુકાવીને નમસ્કાર કરે છે. કારણ કે આપ દેવેન્દ્રોના પણ વંદનીય અને સેવનીય છો. જ્યારે ઈન્દ્ર મહારાજ પ્રભુનાં ચરણમાં આવીને નમસ્કાર કરે છે, ત્યારે તેના મસ્તકના મુગટમાં લટકતી દિવ્ય પુષ્પની માળાઓ આપનાં ચરણોમાં ઝૂકી જાય છે, અને આપનાં ચરણોનો આશ્રય લઈ લે છે. અત્રે શ્લેષ અલંકારનો પ્રયોગ કર્યો છે.

સુમનસ = પુષ્પમાળાઓ તથા
સુમનસ = વિદ્વાનો / સારા મનવાળા સમ્યક્દૃષ્ટિ આત્માઓ.

પરમાત્માના ચરણમાં જે કોઈ સમ્યક્‌દૃષ્ટિ અથવા હળુકર્મી ભવ્યજીવો આવે છે, તેને પછી ત્યાંથી અન્યત્ર જવાનું મન જ થતું નથી. આપનાં ચરણોમાં સ્થાન મળ્યાં પછી બીજે ક્યાંય તેનું મન ઠરતું નથી.

સુમનસનો અર્થ પુષ્પ લઈએ તો તે વચન આ પ્રમાણે સમજાય : હે પ્રભુ ! આપનો સંગ પામ્યા પછી પુષ્પો બીજે રમતાં નથી. દેવોની પુષ્પમાળા એક વખત પ્રભુનાં ચરણમાં સ્થાન પામ્યા પછી બીજે ક્યાંય જવા ઈચ્છા ધરાવતી નથી. ફૂલો એક વખત પ્રભુને ચડાવવામાં આવે તે પછી તે પ્રભુની સમીપ જ રહે છે, તેનો બીજો કોઈ ઉપયોગ થતો નથી. અને પ્રભુનાં ચરણમાં સ્થાન પામેલ ફૂલોની ગતિ શુભ હોય છે. સુમનસનો બીજો અર્થ દેવો અથવા તો વિદ્વાન લઈએ તો તે વચન આ પ્રમાણે સમજાય : હે પ્રભુ ! આપનો સંગ પામ્યા પછી દેવો અથવા તો વિદ્વાનો બીજે રમતાં નથી. પુષ્પમાળાના ધારક દેવો એક વખત પ્રભુના ચરણમાં આવે તે પછી બીજે જવા ઈચ્છતા નથી. એટલે કે પ્રભુના ચરણમાં ભાવથી નમે છે ત્યારે તેમને જેવી શાંતિ ત્યાંથી પ્રાપ્ત થાય છે તેવી શાંતિ તેમને બીજે ક્યાંયથી પણ મળતી નથી. એટલે તેઓ બીજે જવા, બીજેથી આનંદ લેવા જવા ઈચ્છતા નથી. આ જ રીતે 'સુમનસ એટલે આત્મમાર્ગમાં ચાલવા ઈચ્છતા ભવ્ય જીવો કે જેમનું માનસ સવળું થયું છે,' તેમને માટે પણ આ અર્થ યથાર્થ છે.

त्वं नाथ ! जन्मजलर्धेर्विपराङ्मुखोऽपि
यत्तारयस्यसुमतो निज-पृष्ठ-लग्नान् ।
युक्तं हि पार्थिवनिपस्य सतस्तवैव
चित्रं विभो ! यदसि कर्मविपाकशून्यः ॥ २९ ॥

જો કે દૂરે પ્રભુજી ભવના સાગરેથી રહે છે,
તોયે તારા જગત સઘળાં પ્રાણી પૃષ્ઠે રહે છે,
માટી કેરો ઘટ જલમહિં જેમ છે તારનાર,
આઠે કર્મો રહિત પ્રભુજી તેમ છે તારનાર.

● **<u>શબ્દાર્થ :-</u>**

ત્વં - આપ, નાથ ! હે નાથ ! જન્મજલધેઃ - જન્મમરણરૂપી સંસારસાગરથી, વિપરાઙ્મુખોઽપિ - વિમુખ રહેલા છો. યત્ - છતાં, તારયસિ - તારો છો, અસુમતો - જીવો, નિજ - પૃષ્ઠલગ્નાન્ - આપને અનુસરનારા, અનુયાયી, યુક્તં હિ - યુક્ત જ છે. પાર્થિવ - પૃથ્વી, માટી, નિપસ્ય - રાજા અને નિપજેલો અર્થાત્ ઘડો, સતઃ - સત્સ્વરૂપી, એવા, તવૈવ - તમારા માટે જ, ચિત્રં - આશ્ચર્ય છે કે, વિભો ! હે વિભુ, યદસિ - જે આપ છો, કર્મ વિપાક શૂન્યઃ - કર્મના વિપાકથી શૂન્ય અથવા ભઠ્ઠીમાં પકાવવાથી રહિત કાચો ઘડો.

● **<u>ભાવાર્થ :-</u>**

હે નાથ ! આપ ભવસમુદ્રથી વિમુખ હોવા છતાં પણ આપના અનુયાયીઓને ભવસાગરથી તારો છો. વિશ્વના સ્વામી અને સત્સ્વરૂપી એવા તમારા માટે યોગ્ય જ છે, કારણ કે પાર્થિવ ઘટ જે અગ્નિથી પકવેલો હોય, તેનો સ્વભાવ જ એવો છે કે તે પાણીમાં અધોમુખ રહીને પણ પોતાના પીઠ પર રહેલાને તારે છે. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે ઘટ વિપાક સહિત છે (પકવેલો) અને આપ કર્મ વિપાકથી રહિત છો.

● **<u>વિવેચન :-</u>**

આ શ્લોકમાં આચાર્યશ્રી ભક્તિવંત ઉચ્ચભાવોથી જાણે પરમાત્મા સાથે સાક્ષાત્ - નજરોનજર વાર્તાલાપ કરી રહ્યા હોય તેમ 'હે નાથ' કહી સંબોધન કહે છે. આચાર્યશ્રી કહે છે આપ 'જન્મજલધિ' થી મુક્ત થઈને ભવપાર તરી ગયા છો... આમ જોવા જઈએ તો જન્મ - મરણ બંને કારણ-કાર્યનો સ્વભાવ ધરાવે છે છતાં જન્મને જ સાગર સમાન કહ્યો. અનંતાનંત જન્મો કરતાં ૮૪ લાખ જીવોયોનિમાં જીવાત્મા વારંવાર જઈ ચૂક્યો છે. અનંત જન્મોની

શૃંખલાની સામે સાગર પણ ખૂબ નાનો છે છતાં સાગરની વિશાળતાને ધ્યાનમાં રાખીને આચાર્યશ્રીએ જન્મને સાગર સાથે ઘટાવ્યો છે. વ્યક્તિ પોતાની સાધનાથી કર્મક્ષય થતાં આ જન્મચક્રમાંથી મુક્તિ મેળવી શકે છે. અરિહંત ભગવંતોએ સાધના જન્મને દ્વારા હવે અટકાવી દીધાં છે... આવા પરમાત્માનાં શરણાં અંગીકાર કરે તે જીવ પણ પોતાની દશા-અવસ્થા પરમાત્મા જેવી બનાવી શકે છે. પરમાત્મા કર્મમુક્ત હોવા છતાં પણ જીવોને તારે છે. તારે છે એટલે જીવના તરવામાં પ્રભુ પ્રબળ નિમિત્તરૂપ બને છે. જે જીવ પરિતસંસારી છે, કર્મોની સ્થિતિને ઘટાડીને ઉચ્ચભૂમિકામાં આવ્યો છે ને શ્રદ્ધાવાન બનીને પ્રભુના ઉપદેશનું અનુસરણ કરે છે તેને કવિ 'પુષ્ઠલગ્નાન્' કહે છે. પ્રભુની પાછળ લાગી ગયો છે. અર્થાત્ પ્રભુના ધર્મમાં - પ્રભુના શાસનમાં જોડાઈ ગયો છે... જે જીવ વિશિષ્ટ પુણ્યસત્તાનો ધારક હોય ને કર્મદશાથી અંશતઃ પણ મુક્ત બન્યો હોય તેજ ખરાહૃદયની શ્રદ્ધાપૂર્વક પરમાત્મા સાથે જોડાઈ શકે છે.(૩૫)

કવિશ્રી - આચાર્યશ્રી અત્રે આશ્ચર્ય વ્યક્ત કરે છે કે ઈચ્છારહિત - નિર્મોહી વિપાકશૂન્ય પરમાત્મા જીવોને તારી રહ્યા છે. સંસારમાં સામાન્ય જળથી તરવા ભૌતિક સાધનો હોય છે કે જે વિશેષ પ્રયોગથી તૈયાર કરવામાં આવે છે. એક સમયે નૌકા કે કાષ્ઠનો આધાર ન મળતાં હોવાથી પૂર્વેના લોકો માટીના ઘડાના આધારે જળાશય પાર કરતા હતા. ઘડાને પાણીમાં ઊંધો કરી દેતા એટલે અંદરમાં રહેલી હવા ડૂબવા દેતી નહીં અને એ ઘડાના સહારે લોકો જળાશય પાર કરતા. પણ શરત એ છે કે, ઘડો સ્વયં પૂર્ણ પરિપક્વ હોવો જોઈએ. સ્વાભાવિક વાત છે કે કાચો ઘડો સ્વયં પણ પાર ન ઊતરે અને તેનો આધાર - સહારો લેનારને પણ પાર ન ઉતારે. આચાર્યશ્રી આ ઘડાની ઉપમાયુક્ત વાત કર્યા બાદ ઘડાને તેઓએ 'પાર્થિવનિષ' કહ્યો છે. કેમકે ઘડો પાર્થિવ એટલે માટીમાંથી નિર્મિત થયો છે.

પ્રભુને સંસારથી પરાઙ્મુખ બતાવ્યા છે, અર્થાત્ ઊર્ધ્વમુખી થઈ ગયેલા... ઘડો વિમુખ થઈ પાણીમાં તરે છે, આશ્રિતને તારે છે અને પ્રભુ પરાઙ્મુખ થઈ પોતે તરે છે ને આશ્રિતને તારે છે. આમ બંને તરવાનું - તારવાનું કાર્ય કરે છે. છતાં બંને વચ્ચે તફાવત છે.

ઘડાનાં કાર્યમાં અને પ્રભુનાં કાર્યમાં એક મહત્ત્વનો ફેરફાર છે. જળ-સમુદ્રમાં જીવને તારનાર ઘડો કર્મવિપાક સહિત છે, અને સંસાર-સમુદ્રમાં જીવને તારનાર શ્રી પ્રભુ કર્મવિપાક રહિત છે. ઘડો વિપાક સહિત છે - એટલે કે તેને માટી લાગે છે; તે માટીમાંથી જ બનેલો છે. આમ ઘડામાં પોતા ઉપરાંત બીજા તત્ત્વોનો સમાવેશ થયેલો જોઈ શકાય છે, ત્યારે પ્રભુજીની સ્થિતિ તેનાથી બરાબર ઊલટી છે. તેમને પૂર્વે જે કર્મવિપાક લાગેલો હતો, તે નીકળી ગયા પછી તેમનું તારવાનું કાર્ય શરૂ થયું હતું. કર્મવિપાક એટલે આત્માના પ્રદેશો પર લાગેલાં કર્મનાં પુદ્ગલ પરમાણુઓ. જ્યાં સુધી ઘાતી કર્મો રૂપી પુદ્ગલ પરમાણુઓ આત્માના પ્રદેશો પર લાગેલાં હતાં, ત્યાં સુધી પ્રભુજી કર્મભારને કારણે બીજાને તારવાનું કાર્ય યથાર્થ રીતે કરી શકતા નહોતા. પણ તેઓ જેવા કર્મથી મુક્ત થયા, કેવળજ્ઞાન-કેવળદર્શન સહિત બન્યા કે

તેમની તારવાની શક્તિ અનેકગણી વધી ગઈ. અર્થાત્ કોઈનો પણ સહારો ન હોવા છતાં આશ્રિતને પૂર્ણપણે તારવાની શક્તિ પ્રભુમાં આવી ગઈ...

આ ભેદને કારણે ઘડામાં અને પ્રભુમાં બેમાંથી કોની તારવાની શક્તિ વિશેષ ગણવી ? આચાર્યજીને તો એ જ આશ્ચર્ય લાગે છે કે કર્મવિપાકથી રહિત હોવા છતાં પ્રભુ જીવોને કેવી રીતે તારી શકે છે ? ઘડો પોતે જડ તત્ત્વ છે અને કર્મપાક-માટી એ પણ જડ તત્ત્વ, બીજા જડ તત્ત્વની સહાય લઈને તારવાનું કાર્ય કરે છે. પુદ્ગલ પરમાણુઓમાં મળવા તથા વિખરાવાનો જે ગુણ છે, તે ગુણને આધારે આ સહાય લઈ શકાય છે. આથી જ માટીમાંથી બનેલો ઘડો પાણીમાં તારી શકે છે. વળી જ્યાં સુધી ઘડાની માટી પાણીમાં પલળીને વિખરાઈ ન જાય ત્યાં સુધી જ ઘડો તારવાનું કાર્ય કરી શકે છે. ઘડાની માટી પલળ્યા પછી, ઘડો ભીની માટી સ્વરૂપ બની જાય છે, અને સમુદ્રમાં ડૂબી જાય છે. સાથે સાથે તેનો સાથ લેનાર પણ પાણીમાં ડૂબી જાય છે. ત્યારે બીજી બાજુ પ્રભુનો આત્મા ચેતન છે. જ્યાં સુધી પ્રભુના આત્માને જડ કર્મોનો પનારો હતો, ત્યાં સુધી તેમને પોતાની તારવાની શક્તિમાં પૂર્ણ શ્રદ્ધા ન હોવાને કારણે, તારવાનું કાર્ય તેમણે આરંભ્યુ નહોતું. જડ કર્મનો પનારો છૂટ્યો, પોતે કર્મવિપાક રહિત બન્યા ત્યારે તેમની ચેતનશક્તિ પૂર્ણપણે પ્રગટી ઊઠી, અને અન્ય જીવોને તારવાનું કાર્ય શુદ્ધપણે આરંભ્યું. વિચારતાં જણાય છે કે કર્મભારથી રહિત બન્યા પછી જે તારવાની શક્તિ આવે છે તે જ સાચી શક્તિ છે, કારણે બીજાનો આશ્રય ન હોવાને લીધે આશ્રય છૂટવાથી ઊભો થતો ડૂબવાનો સંભવ રહેતો નથી...

विश्वेश्वरोऽपि जन-पालक ! दुर्गतस्त्वं
किं वाऽक्ष-प्रकृतिरप्यलिपिस्त्वमीश ! ।
अज्ञान-वत्यपि सदैव कथंचिदेव
ज्ञानं त्वयि स्फूरति विश्व-विकाश-हेतुः ॥ ३० ॥

તું છો સ્વામી ભુવનમહિં છે જાણનારા અકામી,
તું છો સ્વામી અલિપિરૂપ ને સર્વથા મોક્ષગામી,
અજ્ઞાનીને સકળ રીતથી નાથ છે રક્ષનાર,
ઊંચુ એવું પ્રભુમહિં રહ્યું જ્ઞાન શોભવાનાર.

● **<u>શબ્દાર્થ :-</u>**

વિશ્વેશ્વરોડપિ :- ત્રણ લોકના સ્વામી થઈને પણ, જનપાલક, હે જનપ્રતિપાલક ! દુર્ગતસ્ત્વં - આપ દુર્જ્ઞેય છો, કિંવા - અથવા, અક્ષરપ્રકૃતિ : અપિ :- આપ અક્ષર - નિત્યં સ્વભાવી હોવા છતાં પણ (અલિપિઃ) અલિપિ છો, ત્વમ્ ઈશ ! :- હે સ્વામી ! આપ, અજ્ઞાન-વતિ કથંચિત્ અપિ :- પ્રાણીઓના સંરક્ષક હોવા છતાં પણ, ત્વયિવિશ્વ વિકાસ હેતુ :- આપમાં ત્રિભુવને પ્રકાશિત કરવાવાળું, જ્ઞાનં સદૈવ સ્ફુરતિ :- જ્ઞાન સદા પ્રકાશમાન રહે છે.

● **<u>ભાવાર્થ :-</u>**

હે જનપ્રતિપાલક ! આપ ત્રિલોકના સ્વામી હોવા છતાં પણ દુર્જ્ઞેય છો. હે નાથ ! આપ અક્ષર (નિત્ય) પ્રકૃતિથી યુક્ત હોવા છતાં પણ અલિપિ છો. કર્મલેપથી રહિત છો. હે પ્રભો ! આપ અજ્ઞાનવત્ છો અર્થાત્ અજ્ઞ પ્રાણીઓના સંરક્ષક છો. તો પણ આપનામાં ત્રિભુવનને પ્રકાશિત કરનાર કેવલજ્ઞાન પ્રકાશમાન છે.

● **<u>વિવેચન :-</u>**

આ શ્લોકમાં પ્રભુને જનપાલક કહીને સંબોધન કર્યું છે, અર્થાત્ જનપાલક રૂપમાં સ્તુતિ કરવામાં આવી છે. પ્રભુ જેમ જનપાલક છે તેમ વિશ્વેશ્વર પણ છે. સૃષ્ટિકર્તા ઈશ્વરવાદનો સ્વીકાર ન કરવા છતાં પણ જૈન ભક્તિસ્તોત્રોમાં પ્રભુને ત્રણ લોકના અધિષ્ઠાતા, સ્વામી અથવા વિશ્વેશ્વર કહીને પદોનો આરંભ કર્યો છે. પ્રભુનું સ્વરૂપ વ્યાપક છે. એક રીતે પ્રત્યક્ષભૂત પણ છે. માટે જનપાલક અને વિશ્વેશ્વર તેમના વિશિષ્ટ કાર્યનો બોધ કરાવે છે. છતાં પરમાત્માનું સૂક્ષ્મ સ્વરૂપ દુર્ગમ્ય છે - દુર્ગત છે, એક પ્રકારે અગમ્ય છે, પરંતુ સર્વથા અગમ્ય ન હોવાથી તે સ્વરૂપને દુર્ગમ્ય કહ્યું છે, અર્થાત્ સાધનાથી ગમ્ય છે.

સ્પષ્ટ પ્રશ્ન કર્યો નથી કે વિશ્વેશ્વર હોવા છતાં પણ દુર્ગમ્ય કેમ છે ? સંસ્કૃત સાહિત્યમાં દેખાદેતી ભાષાની ખૂબી અનુસાર, કેટલાક દ્વિઅર્થી શબ્દોવાળી, એક અર્થ લેતાં વિરોધ ઊભો થાય છે અને બીજો અર્થ લેતા તે વિરોધનું શમન થાય એવી શબ્દ ચમત્કૃતિવાળી રચના આ કડીમાં જોવા મળે છે. કે જનપાલક ! આપ જગતના ઈશ્વર છે, તથાપિ દરિદ્રી છો. હે ઈશ્વર ! આપ અક્ષર છો, તથાપિ લિપિથી રહિત છો. હે દેવ ! તમે અજ્ઞાનવાન છો, તથાપિ જગતને બોધ પમાડનાર જ્ઞાન આપને વિશે હંમેશા સ્ફૂરે છે, એ આશ્ચર્ય છે. આમ એક પ્રકારનો અર્થ લેવાથી વિરોધ જણાય છે પણ બીજો અર્થ લેતા તે વિરોધનું શમન થાય છે. જુઓ, 'હે જનપાલક ! તમે જગતના ઈશ્વર છતાં પણ દુઃખે કરીને જાણી શકાય એવા છો. હે ઈશ ! તમે મોક્ષસ્વાભાવી અને કર્મલેપથી રહિત છો. હે દેવ ! અજ્ઞાનીઓને પણ તારનાર, આ જગતને બોધ કરનાર એવું આપનામાં કંઈક વિચિત્ર જ્ઞાન હંમેશાં સ્ફૂરે છે.

પહેલી પંક્તિમાં આચાર્યજી પ્રભુને વિશ્વેશ અને જનપાલક તરીકે ઓળખાવીને પ્રભુને દુર્ગતરૂપે ઓળખાવે છે. દુર્ગત શબ્દના બે અર્થ થાય છે. (૧) દરિદ્રી અને (૨) દુઃખે કરીને જાણી શકાય એવા. આપ કેશની દૃષ્ટિથી દરિદ્ર છો, આપના માથા પર કેશ (વાળ) નથી. તીર્થંકરોનો આ અતિશય હોય છે કે તેમના કેશ વધતા નથી. જેટલા હોય તેટલા જ રહે છે. કવિએ તેનો ઉપયોગ કરી લીધો કે એક બાજુ આપ વિશ્વેશ્વર કહેવાયા છો અને બીજી બાજુ વાળ રહિત છો. કેશરાશિ અલંકાર છે. સૌંદર્યનું પ્રતીક છે તે કેશ પણ આપની પાસે નથી. પાર્શ્વનાથ પ્રભુ જગતના ઈશ્વર અને જનપાલક અર્થાત્ જનોનું પાલન પોષણ કરનાર, લોકોના આત્માને સાચું પોષણ કરનાર દરિદ્રી ક્યાંથી હોઈ શકે ? જો પ્રભુ દરિદ્રી હોય તો, પોતાની દુર્બળતાને કારણે અન્યને કેવી રીતે શક્તિ, બળ, પોષણ આપી શકે ? આમ પ્રભુ જો સમર્થ હોય તો દુર્બળ ન હોઈ શકે અને જો દરિદ્રી હોય તો જનપાલક ન હોઈ શકે. આ પંક્તિમાં આચાર્યજીએ પ્રભુની સમર્થતા અને અસમર્થતા સાથે મૂકી વિરોધ ઊભો કર્યો છે.

પણ જો દુર્ગત શબ્દનો બીજા અર્થ લઈને વિચાર કરીએ તો તે વિરોધનું શમન થાય છે. દુર્ગત એટલે દુઃખ કરીને જાણી શકાય. પરમાત્માનું સ્વરૂપ એટલું વ્યાપક છે કે બુદ્ધિથી પર છે. સામાન્ય બુદ્ધિ ઈશ્વરીય તત્ત્વને ગ્રહણ કરવામાં સક્ષમ હોતી નથી. એટલે પ્રથમ પંક્તિમાં કવિએ કહ્યું કે હે પ્રભુ ! કે જનપાલક ! આપ વિશ્વેશ્વર હોવા છતાં પણ વિશ્વનો કણ-કણ આપના જ્ઞાનમાં સમાયો છે. પદાર્થોના અનંત પરિણમન સાક્ષાત જુઓ છો, જાણો છો. આ આપનું વિરાટ સ્વરૂપ હોવા છતાં પણ સામાન્ય બુદ્ધિ માટે અથવા સાધનારહિત જીવો માટે આપ અગમ્ય છો એમાં કોઈ આશ્ચર્ય નથી.

આ પદમાં એ રીતે પરમાત્માના સ્વરૂપને વિલક્ષણ બતાવતાં કહ્યું કે સામાન્ય લક્ષણોથી તે પર છે અર્થાત્ ગમ્ય નથી અને તે સ્વરૂપનું કોઈ રેખાંકન પણ થઈ શકતું નથી. કોઈ ચિત્ર કે આકૃતિથી પ્રગટ કરવું અશક્ય છે.

આચાર્ય સિદ્ધસેન કહે છે - ભગવાન ! આપ અક્ષર છો પણ આપની કોઈ લિપિ નથી અર્થાત્ આપ અક્ષર પ્રકૃતિવાળા છો, મોક્ષની પ્રકૃતિવાળા છો. પ્રાચીન જૈન સાહિત્ય અને ગીતામાં મોક્ષ અથવા નિર્વાણને માટે 'અક્ષર' શબ્દનો પ્રયોગ જોવા મળે છે, જે શાશ્વત છે, જેનો ક્ષર (નાશ) થતો નથી તે છે અક્ષર.

અક્ષર ત્રૈકાલિક નિત્ય સ્થિતિનો બોધક છે અને આ અક્ષર સ્વરૂપ અનંતકાળનું તેનું સ્વાભાવિક રૂપ છે. અક્ષર જીવનની પ્રકૃતિ છે, પ્રકૃતિ સ્વયં અક્ષર છે. આવા અક્ષર તત્ત્વને ક્ષર સાધનોથી કેવી રીતે પ્રગટ કરી શકાય ?

લિપિ, ચિત્ર, રેખા કે ભાષાનું ભૌતિકરૂપ આ અક્ષરને કેવી રીતે અક્ષર દેહ આપી શકે? અર્થાત્ જેને આપણે અક્ષર કહીયે છીએ તે અક્ષર સ્થૂળ ભૌતિક સાધન છે. કવિશ્રીએ આ સ્થૂળ સાધનને લિપિ કહ્યું છે અને પરમાત્માને વ્યંગવાણીમાં કહ્યું છે કે આપ અક્ષર છો, છતાં લિપિથી ગોચર નથી, અલિપ્ત છો.

હકીકતમાં સૂક્ષ્મ સ્વરૂપનું અલિપ્ત હોવું સ્વાભાવિક છે. માટે અહીં ન કોઈ આશ્ચર્ય છે કે ન કોઈ વિરોધ છે.

હે ઈશ્વર ! તમે મોક્ષસ્વભાવી હોવા છતાં કર્મલેપથી રહિત છો. પ્રભુએ જન્મ-જરા-મરણના દુઃખનું સર્જન કરનાર સર્વ કર્મનો નાશ કર્યો છે. આથી તેઓ શાશ્વત - અક્ષર અર્થાત્ નાશ ન પામે તેવા બન્યા છે. આમ, પ્રભુ અક્ષર બનવાથી લિપિથી - કર્મલેપથી રહિત બન્યા છે એ વચન યર્થાથ સમજાય છે.

ભગવાનની એક અન્ય વિલક્ષણતા છે કે અજ્ઞાનવાન હોવા છતાં તેમનામાં વિશ્વના વિકાસના હેતભૂત જ્ઞાન સ્ફુરિત થઈ રહ્યું છે. જે અજ્ઞાની હોય તે બોધ આપનાર જ્ઞાન કેવી રીતે પ્રગટાવે ? જેની પાસે જે ન હોય તે તેનું દાન કેવી રીતે કરે ? વળી જે અજ્ઞાનથી સહિત હોય તે ઈશ્વરપણું - શાશ્વતપણું - પ્રભુત્વ કેવી રીતે પ્રાપ્ત કરે ? કવિ કહે છે કે આ સંસારનું સ્વરૂપ અજ્ઞાન અને અંધકારથી ઘેરાયેલું છે. બુદ્ધિનું વિપરીત પરિણમન અજ્ઞાન છે અને જ્ઞાનનો સર્વથા અભાવ પણ અજ્ઞાન છે. એવા પદાર્થોને અજ્ઞાની ન કહેતાં અજ્ઞાનધારી કહેવાય છે. સમગ્ર વિશ્વ પ્રત્યે : અજ્ઞાનથી આવૃત્ત છે.

કવિએ અત્રે 'અજ્ઞાનવત્' શબ્દનો પ્રયોગ કર્યો છે, અર્થાત્ સમગ્ર વિશ્વ અજ્ઞાનરૂપી અંધકારથી આવૃત છે ત્યાં માત્ર હે પ્રભુ ! આપમાં જ વિશ્વવિકાસી જ્ઞાન સ્ફુરાયમાન થયું છે. ખારા સમુદ્રમાં આપ જ એક મીઠી જલધારા છો. સમગ્ર હિંસામય સંસારમાં આપ જ અહિંસાની મૂર્તિ છો. અશાંતિથી ઉ છળતા સમુદ્રમાં આપ જ એક શાંતિદૂત છો, આપ જ એક આધાર છો. શાસ્ત્રમાં પણ કહ્યું છે - 'दीवेव धम्मं समियं उदाहु ।' ધર્મરૂપી દ્વીપનું નિર્માણ કર્યું છે.'(૩૫)

આ પદમાં 'અજ્ઞાનવત્' શબ્દ અજ્ઞાન સુધી સીમિત નથી અજ્ઞાનને છોડીને જેટલા પણ દુર્ગુણ છે અથવા જેટલા પણ વિભાવ છે તે બધા અજ્ઞાનની સીમામાં આવે છે. જે જ્ઞાન નથી તે બધું અજ્ઞાન છે. અજ્ઞાન વ્યાપક શબ્દ છે. "अभावो अनेक सद्भावान्प्रदर्शयति ।" આ ન્યાયથી જ્ઞાનનો અભાવ વિશ્વની માયામયી સ્થિતિનો દ્યોતક છે.

આ પંક્તિઓમાં 'અજ્ઞાનવત્' શબ્દ દ્વિઅર્થી હોવાથી, તેના આધારે વિરોધ અને તેના શમનની રચના થઈ છે. 'અજ્ઞાનવત્' એટલે (૧) અજ્ઞાનવાન અને (૨) અજ્ઞાનીઓને પણ તારનાર. (૩૬)

આમાં પ્રથમ અર્થ લઈ પંક્તિઓ સમજતાં રચના જ અસંબદ્ધ જણાય છે. 'હે દેવ ! તમે અજ્ઞાનવાન છો, તથાપિ જગતને બોધ પમાડનાર જ્ઞાન આપને વિશે હંમેશા સ્ફુરે છે. જે અજ્ઞાની હોય તે જગતને બોધ આપનાર જ્ઞાન કેવી રીતે પ્રગટાવે ?

આમ, પ્રથમ અર્થ લઈ પંક્તિઓ સમજવા જતાં તે નિરર્થક અને વિરોધવાળી જણાય છે, પણ બીજા અર્થમાં સ્વીકારીને એ જ પંક્તિઓ વિચારીએ તો આપણા આત્માને સંતોષ થાય એવો અર્થ તેમાંથી નિષ્પન્ન થાય છે. હે દેવ ! અજ્ઞાનીઓને પણ તારનાર તથા જગતને બોધ કરનાર એવું કંઈક વિચિત્ર જ્ઞાન આપનામાં હંમેશાં સ્ફુરે છે. અજ્ઞાનની સામે આપ જ એક જ્ઞાનસ્તંભ છો.

પ્રભુની વાણીમાં એવું સામર્થ્ય રહેલું છે કે આત્મમાર્ગે વિચરનારા આત્માઓ પોતાની દશામાં એક પગલું આગળ વધે છે અને જેઓ આ માર્ગમાં પ્રવેશ પામ્યા નથી. તેવા જીવો પણ એ વાણી સાંભળે તો તેઓ સવળા થઈ, આ માર્ગે પ્રવેશી, આત્માને વિશુદ્ધ કરતાં - કરતાં સંસારસમુદ્ર તરી જાય છે. આમ જે કોઈ ભવ્ય જીવો પ્રભુની વાણી સાંભળે તે જરૂર આત્માર્થે લાભ પ્રાપ્ત કરે છે. આથી એમ કહી શકાય કે ત્રણે લોકના જીવોને વિકાસ કરવાના હેતુવાળું અને અજ્ઞાનીને પણ તારી શકે એવું વિવિધતાવાળું જ્ઞાન પ્રભુમાં પ્રગટે છે. પ્રભુની આ શક્તિ એક અને અનન્ય છે. તેમના જેવું આવું પરોપકારનું કાર્ય બીજા કોઈ કરી શકવા સમર્થ નથી. પોતે સંપૂર્ણ શુદ્ધ થયા પછી, સંપૂર્ણ નિરાવરણ થયા પછી પણ જગતના જીવોને તારવાનું કાર્ય કરે, એવું તો એકશ્રી તીર્થંકર પ્રભુના પ્રસંગમાં જ બને છે, અન્ય કોઈના પ્રસંગમાં બનતું નથી. બીજા બધા જીવોનો અન્યને તારવાનો પુરુષાર્થ મોક્ષમાર્ગની સમજણ આવે ત્યારથી શરૂ થાય છે અને શ્રેણી માંડતી વખતે અથવા તો કેવળજ્ઞાન લીધા પહેલાં પૂર્ણ થાય છે અને સર્વજ્ઞપણું પામ્યા પછી એ પુરુષાર્થ અતિમંદ થઈ જાય છે, તેમાં શ્રી ગણધર પ્રભુ પણ અપવાદ નથી. માત્ર એક અપવાદરૂપ શ્રી તીર્થંકર પ્રભુ જ છે કે જેઓ આ કાર્ય સર્વજ્ઞ થયા પછી કરે છે, તે પહેલાં કરતા નથી.

આ કડીમાં તીર્થંકર પ્રભુના કેટલાક ગુણોનો પરિચય આપણને શ્રી આચાર્યશ્રીએ કરાવ્યો છે. આચાર્યજી પ્રભુને વિશ્વેશ, જનપાલક, ઈશ અને દેવ એ ચાર સંબોધનોથી નવાજે

છે. સાથે સાથે તેમની ઓળખ આપણને આ રીતે કરાવે છે.

હે જનપાલક ! આપ ત્રિલોકીનાથ હોવાથી જગતના અણુએ અણુમાં વ્યાપીને રહેલા હોવા છતાં પણ સંસારની માયાજાળમાં ફસાયેલા લોકોને માટે આપ દુર્લભ છો કેમકે અતિ કઠિનાઈથી આપના સ્વરૂપને જાણી શકાય તેવા આપ દુર્ગમ્ય અને દુર્જ્ઞેય છો. હે ઈશ ! તમે અલિપિ કહેતા કર્મલેપથી સર્વથા રહિત બન્યા હોવાથી, અશરીરી થયા હોવાથી અક્ષર પ્રકૃતિ કહેતા મોક્ષ સ્વભાવી છો, શાશ્વતા સ્વરૂપે સાદિ અનંત ભાંગામાં અવિચળ રહેનારા છો અને અજ્ઞાનરૂપી અંધકારમાં પડેલા જીવોને પણ સમ્યક્ પ્રકારના રૂડા બોધના દેનારા એવા આપમાં સમસ્ત વિશ્વને કલ્યાણકારી એવું સ્યાદ્વાદ રૂપી જ્ઞાન સદાને માટે હવે સ્ફુરી રહ્યું છે એટલે પરિપૂર્ણ કેવળજ્ઞાન પ્રગટાવીને હવે આપ ત્રણે લોકના જીવોને સ્યાદ્વાદ રૂપી કલ્યાણમય ધર્મબોધની પ્રરૂપણા કરનારા છો.

સંબોધનોનો વિચાર કરીએ ત્યારે પ્રભુના બાહ્ય સામર્થ્ય અને સિદ્ધિનો આપણને પરિચય થાય છે, ત્યારે પરિચયરૂપ વચનથી તેમના આંતર-સામર્થ્ય અને કાર્યની સમજણ પ્રાપ્ત થાય છે. આ રીતે જોતાં આ કડીને વિશેષ પ્રકારે મહત્ત્વ આપવું યોગ્ય છે.

प्राग्भार संभृतनभांसि रजांसि रोषा -
दुताथापितानि कमठेन शठेन यानी ।
छायापि तैस्तव न नाथ ! हता हताशो
ग्रस्तस्त्वमीभिरयमेव परं दुरात्मा ।। ३१ ।।

ક્રોધાગ્નિથી કમઠ અસુરે ધૂળની વૃષ્ટિએથી,
ઘેરી દીધું ગમન સઘળું સર્વથા નાથ તેથી,
કાંતિ તેથી નવ ઘટી પ્રભુ લેશ જો કે તમારી,
બાજી તેનાકર થકી ગઈ સર્વથા તારનારી

● **<u>શબ્દાર્થ :-</u>**

નાથ ! :- હે નાથ, પ્રાગ્ભાર સંભૃતનભાંસિ રજાંસિયાનિ :- આકાશને વ્યાપ્ત કરનાર જે ધૂળ, રોષાત્ :- રોષથી, ઉત્થાપિતાનિ :- આપની ઉપર ઉડાડી, કમઠેન શઠેન :- શઠ એવા કમઠે, તૈઃ - તે રજ વડે તો, છાયાપિતવ :- તમારી છાયા પણ, ન હતા :- ઠંકાઈ નહિં એટલે મલિન ન થઈ, પરં અયમેવ હતાશ :- પરંતુ હતાશ થયેલો તે, દુરાત્મા :- સ્વયં દુષ્ટ (કમઠ) અમિભિઃ ગ્રસ્ત :- કર્મરજથી મલિન થી ગયો.

● **<u>ભાવાર્થ :-</u>**

હે નાથ ! દુષ્ટ કમઠે ક્રોધિત થઈને આખા આકાશમાં છવાઈ જાય, તેટલી ધૂળ ક્રોધથી (આપના શરીર ઉપર) ઉડાડી, તેથી આપની છાયા - પડછાયો પણ ઢંકાયો નહિ, પરંતુ હતાશ બનેલો દુરાત્મા પોતે જ પોતે ઉડાડેલી ધૂળ વડે છવાઈ ગયો, અર્થાત્ અતિશય ચીકણાં કર્મબંધન વડે બંધાયો.

● **<u>વિવેચન :-</u>**

જૈન કથાસાહિત્યમાં ભગવાન પાર્શ્વનાથનું આખ્યાન પ્રસિદ્ધ છે. તેઓની જન્મ-જન્માંતરની કથા ઉપલબ્ધ થાય છે. કેટલાય જન્મોની તેઓનો પ્રતિસ્પર્ધી, ખલનાયક, વિરોધી આત્મા ઉપદ્રવશીલ બનેલો છે, તેઓ વિરોધી આત્મા કોઈ યોગીના જન્મમાં અજ્ઞાનવશ પંચાગ્નિ તપ તપતાં અગ્નિકુંડમાં કાષ્ઠને નિરંતર હોમ કરી રહ્યો હતો. તે સમયે રાજકુમાર પાર્શ્વ ત્યાં ઉપસ્થિત થયા. યોગી જે પોલાણવાળા કાષ્ઠને અગ્નિને અર્પણ કરવા જતો હતો તે કાષ્ઠમાં નાગ-નાગણની જોડી હતી. મતાંતરે નાગ હતો.

પાર્શ્વકુમારે અવધિજ્ઞાનથી તે જીવોને જોયા, તેઓનું હૃદય કરુણાથી દ્રવિત થઈ ગયું અને તેઓએ જનસમૂહ સમક્ષ સળગતા લાકડામાંથી નાગ-નાગણને બચાવ્યાં અને મહામંત્ર સંભળાવીને તેઓનું કલ્યાણ કર્યું. પરંતુ યોગી માટે આ ક્રિયા અસહ્ય બની ગઈ અને તેણે મનમાં વેરની ગાંઠ બાંધી લીધી.

પાર્શ્વકુમાર વિરકત થઈને પરમાત્મા પંથ પર આરૂઢ થઈને ધ્યાનમગ્ન થઈને આત્મસાધના કરતા હતા. આ બાજુ પ્રચંડ ક્રોધાગ્નિના કારણે તે યોગીનું મૃત્યુ થયું અને તેણે કરેલા અકામ નિર્જરાજન્ય તપના પુણ્યબળથી સાધારણ દેવયોનિમાં ઉત્પન્ન થયો : તે યોગીનું નામ કમઠ હતું. દેવયોનિમાં ગયા પછી પણ તે વૈરભાવથી મુક્ત થયો નહીં. તેણે પોતાના જ્ઞાનબળથી પાર્શ્વપ્રભુને ધ્યાનસ્થ જોયા, ઉપદ્રવનો સંકલ્પ કરીને તે નીચે ઊતર્યો.

કથાની આ પૃષ્ઠભૂમિકા પર કવિશ્રીએ ભક્તિસ્તોત્રને આગળ વધાર્યું છે. શાંતચિત્તથી પ્રભુ ધ્યાનમગ્ન છે, તેઓ જરાપણ વિચલિત થયા નથી. આખરે કમઠનો જ પરાજય થયો. કમઠે જે પ્રકારે ઉપદ્રવ કર્યો તેનું પદમાં વિસ્તૃત વર્ણન છે. તીવ્ર રોષથી અર્થાત્ પ્રચંડ ક્રોધ ધારણ કરીને તેણે તે આકાશક્ષેત્રને અત્યંત ઉષ્ણ રેતીના કણોથી ભરી દીધું, જે અસહ્ય હતું. તે ધૂળને તીવ્ર વેગથી પ્રહારક બનાવી દીધી અને પ્રભુને ધ્યાનથી ચલાયમાન કરવા માટે પૂરી તાકાત સાથે તે ઉપસ્થિત થઈ ગયો. સર્વપ્રથમ આ વૈરાત્માએ ભારે ધૂળ સાથે ઉપદ્રવનો આરંભ કર્યો હતો. આ તેનો પ્રથમ ઉપદ્રવ હતો. આગળનાં પદોમાં જળવર્ષા તથા પ્રેત્યપ્રેષણ - આ બે ભયંકર ઉપસર્ગોનું હૃદયદ્રાક આખ્યાન કર્યું છે. આ પદમાં રજ-ધૂળના ઘોર તાંડવને પ્રસ્તુત કરેલ છે. આ ધૂળથી માત્ર આકાશ જ છવાઈ ગયું નહિ, પરંતુ પ્રભુના સમગ્ર દેહને આવિષ્ટ કરી દીધું. નાક, કાન તથા સમગ્ર મુખમંડળ પર ધૂળ છવાઈ ગઈ. જીવનપ્રણાલી પર આઘાત કરવાનો તે દુરાત્માનો મનોભાવ પ્રગટ થઈ રહ્યો હતો.

તે દુરાત્માને ક્યાંથી ખબર હોય કે દેવાધિદેવ અનંત શક્તિના સ્વામી છે. તીર્થકર નામકર્મ પ્રભાવથી તેઓ જરા પણ વિચલિત થઈ શકે તેમ નહોતા. ત્રિલોકીનાથની આ ધ્યાન સમાધિ સામાન્ય સમાધિ નહોતી. વીર્યાંતરાયના ક્ષાયિક ભાવની પ્રબળતા હોવાથી તેઓ અનંતવીર્યના સ્વામી હતા. પ્રભુ અડોલ હતા. કમઠ જેમ જેમ શક્તિ પ્રહાર કરી રહ્યો હતો તેમ તેમ તે શક્તિહીન થઈને પરાસ્ત થઈ રહ્યો હતો. તેની શક્તિનો હ્રાસ થતાં તે હતાશ થઈ ગયો. પ્રભુને ક્ષતિ પહોંચાડવાની વાત તો દૂર રહી પરંતુ કવિશ્રી કહે છે કે હે નાથ ! આપની છાયામાત્રને પણ કંઈક્ષતિ થઈ નહિ. હતાશ વ્યક્તિ દ્વારા ખેલવામાં આવેલો ખેલ ઊલટો પડ્યો!(૩૭)

અહીં છાયાનો અર્થ માત્ર પડછાયો નહીં, પંરતુ વ્યાપક પ્રભાવ છે. જેમ જેમ ઉપદ્રવ વધતો ગયો તેમ તેમ પ્રભુના અંતરધ્યાનની શ્રેણિ ઉચ્ચ-ઉચ્ચતર-ઉચ્ચતમ બનતી ગઈ અને આ આંતરિક પ્રબળતાથી બાહ્ય ક્ષેત્રમાં અલૌકિક પ્રભાવ ફેલાવા લાગ્યો. ચારે બાજુ કાંતિમય જ્યોતિ ચમકવા લાગી. આ પ્રભુની વાસ્તવિક છાયા હતી. તે છાયાના એક કણને પણ તે દુરાત્મા નિષ્પ્રભાવી ન કરી શક્યો, ઊલટું છાયામાં પણ તેજસ્વિતા વધતી ગઈ અને કમઠ

સર્વથા હતાશ થઈ ગયો અને બીજા ઉપસર્ગની શોધમાં લાગી ગયો. તે મેદાન છોડીને ભાગ્યો. જો કે તે હજુ પૂર્ણરૂપે પરાસ્ત થયો નહોતો.

આ પ્રથમ ઉપસર્ગમાં પ્રભુનો વિજય થશો. જાણે આ માત્ર બાહ્ય રજ શાંત ન થઈ પરંતુ સાથે સાથે પ્રભુની કર્મરજ પણ ખાખ થઈ ગઈ અને ઘાતીકર્મોનો નાશ કરતાં તેઓ ઉપરની ભૂમિકાને સ્પર્શ કરવા લાગ્યા. બીજી બાજુ કમઠે પોતાની અસફળતાને કારણે પ્રભુને વધારે હેરાન કરવા માટે વિશેષ ઉગ્ર ભાવ કરવા માંડ્યા અને ભાવની ઉગ્રતાના પ્રમાણમાં તે ધૂળ ફેંકતો હતો. આ અતિ તીવ્રતાથી નંખાયેલી ધૂળ પ્રભુને છાઈ દેવામાં સમર્થ તો ન થઈ, પણ તેની અશુભ અસર તેના ફેંકનાર કમઠ દૈત્ય પર પડી. વિશુધ્ધ થતાં જતાં આત્માની આશાતના કરતા કૃત્યને લીધે તે ધૂળ કમઠને જબરો કર્મબંધ કરવામાં નિમિત્તરૂપ થઈ. ટૂંકા ભાવિમાં જે તીર્થંકરપદ શોભાવવાના છે, તે આત્માને અતિ દુઃખ પહોંચાડવામાં કમઠને કષાયભાવને કારણે અતિ આનંદ આવતો હતો. જે ભાવના પરિણામે અનંતાનુબંધી કર્મબંધન થાય. આમ, કમઠ દૈત્ય પ્રભુને ધૂળથી આવરી દેવા જેમ જેમ વિશેષ વિશેષ પ્રયત્ન કરતો ગયો તેમ તેમ તેના અનંતાનુબંધી કર્મો વધારે ને વધારે ગાઢા થતાં ગયાં. એટલે કે પ્રભુને આવરવા જતા તે પોતે જ અનંત કર્મના પાશમાં અવરાઈ ગયો. પ્રભુની આશાતના કરવા માટે જે કર્મોનો જથ્થો તેણે એકઠો કર્યો, તે બધાં જ કર્મો તેને ભાવિમાં ખૂબ જ દુઃખદાયી નીવડશે. એને અનેક કષ્ટોનો સામનો કરવો પડશે અને અનેક વખત નરકની યાતના વેઠવી પડશે. પણ, પરંપરા એમ કહે છે કે, ધરણેન્દ્રના કહેવાથી ક્ષમા માગવાથી કમઠન તરત સમક્તિ મળ્યું.

કવિશ્રીએ આ ઉપસર્ગના માધ્યમને એક પ્રકારે નિર્જરાના માધ્યમ તરીકે પ્રસ્તુત કરેલ છે. જેઓને ઉપદ્રવ કરવામાં આવી રહ્યો છે તે પ્રભુની ઉપાદાન શક્તિ એટલી મજબૂત છે કે ઉપસર્ગકર્તાનો પ્રયાસ નિષ્ફળ જાય છે, એટલું જ નહીં સર્વથા રૂપાંતરિત થઈ જાય છે. કાચનું વાસણ પત્થરથી અથડાઈને પોતાને જ નષ્ટ કરે છે, તેમાં પત્થરનું કંઈ બગડતું નથી. પ્રબળ ઉપદ્રવધારી જ્યારે જ્યારે બળપૂર્વક ટકરાય છે ત્યારે પોતાને જ નષ્ટ કરે છે. મહા બળવાન રાવણ રામ સાથે ટકરાઈને જીવનથી હારી ગયો. સંસારનો કરોડો વર્ષોનો ઈતિહાસ તેનો સાક્ષી છે કે કેટલીય પ્રબળ શક્તિઓ સમર્થ સાથેના સંઘર્ષમાં સમાપ્ત થઈ ગઈ.

કંસ શ્રીકૃષ્ણ સાથે સંઘર્ષમાં ઊતર્યો નહોતો ત્યાં સુધી તે ઊછળતો રહ્યો. ભારત સિવાય પણ વિશ્વની સંસ્કૃતિઓમાં આનાં હજારો ઉદાહરણ જોવા મળે છે. દેડકો સાપ સાથે લડવા જાય તો તેની શી હાલત થાય ?

જૈન કથાસાહિત્યમાં અને આ કાવ્યમાં એક પ્રચંડ શક્તિધારા કમઠ પાર્શ્વનાથ પ્રભુ સાથે ટકરાય છે ત્યારે તેની દુર્ગતિ નિશ્ચિત બની જાય છે, આ ભાવનું કવિશ્રીએ ભક્તિગાન કરતાં આ સંઘર્ષને આગળ વધાર્યો છે, જે આગામી પદોમાં આપણે જોઈશું.

કમઠે ધૂળના કણને પ્રબળ બનાવ્યા પરંતુ તે ઉપસર્ગ ભગવાન માટે નિર્જરાનું કારણ બની ગયો. બે પ્રબળ શક્તિના સંઘર્ષમાં કમઠની દુર્ગતિ થઈ અને પ્રભુ વિજેતા બનીને મોક્ષને પાત્ર બની ગયા.

આ પ્રકરણની મીમાંસા સમાપ્ત કરતાં વર્તમાન ભક્તિ સ્તોત્રમાં સકષાય કમઠ અને નિરકષાયી મહાપ્રભુના એક પક્ષીય વૈરાનુભાવનું વિશ્લેષણ કર્યું છે અને કમઠની નિંદા કરતાં પ્રભુની પ્રશંસારૂપ ભક્તિ કરી છે. કવિનો આશય કમઠની શઠતા બતાવવાનો નથી, પરંતુ પ્રભુના ધૈર્યનું દર્શન કરાવવું તે મુખ્ય લક્ષ્ય છે. કવિની માનસિકતા દ્વેષાત્મક નથી, કાવ્યકલા છે.

દુરાત્મા તે છે કે જે સ્વયં પોતાના આત્માથી દુશ્મની કરે છે. એક પ્રકારે તે આત્મઘાતી છે. શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે. "न तं अरि कंठ छेता करेह, जंसे करे अप्पणिया दुरप्पया।" ત્યાં પણ પ્રભુએ દુરાત્મા કહેલ છે. વિપરીત ભાવોથી પરિણત આત્મા દુરાત્મા થઈ જાય છે.

અત્રે કમઠ એટલે દુરાત્મા કે શઠ છે કે જે અજ્ઞાનવશ તીવ્ર હિંસાત્મક ભાવને ધારણ કરીને મૃદુ પરિણામોનો ઘાત કરીને કઠોર બની ગયો છે અર્થાત્ શઠ બની ઘયો છે. જ્યારે વિપક્ષમાં પરમાત્મા કરુણાભાવથી અધ્યાત્મોચિત છે અને શુદ્ધ પરિણમનના કારણે શુદ્ધ આત્મા પણ છે.

ગુણ - દુર્ગણનો એક સંઘર્ષ છે તથા તેમાં ગુણોનો કે ભગવાનનો વિજય થાય છે. કેમ કે, પરમાત્માની શક્તિ શાશ્વત છે. એટલે તેનો અંત થવો શક્ય નહોતો, પરંતુ કમઠની શક્તિ ઉદયભાવી અને અશાશ્વત હતી એટલે તેનો અંત નિશ્ચિત હતો.

'शक्ति हता' - અર્થાત્ શક્તિ નષ્ટ થઈ ગઈ પરંતુ જ્ઞાનના અભાવમાં કમઠ હતાશ થઈ ગયો. ઉપસર્ગ તો નષ્ટ થયો, તેની આશા પણ તૂટવા લાગી. એટલા માટે જે કંઈ પૂર્વની શક્તિપુંજી હતી તેની ઉદીરણા કરીને તેણે ઉપદ્રવ કરવા માટે પેંતરો રચ્યો અને એક નવા ઉપદ્રવના કીચડમાં ફસાયો, અશુભની પરંપરા જ સર્જાઈ ગઈ. 'ઉલટો છવાયો દુષ્ટ પોતે કૃત્ય પોતાના થકી' એ પંક્તિ આ સંદર્ભમાં અત્યંત યોગ્ય લાગે છે.

એક કહેવાત છે "ખાડો ખોદે તે જ તેમાં પડે" તેનું સાર્થક ચિત્રણ આ ગાથામાં છે. કમઠ દેવે પ્રભુને ઉપસર્ગ દઈને પોતે જ અશુભ કર્મ બાંધ્યાં તેથી કહે છે. દેવ હોવા છતાં કાર્યો અધમ હોવાથી તેને અસુર, દૈત્ય, શઠ આદિ કહ્યો છે. પ્રભુને ભયંકર ઉપસર્ગો આવે છે છતાં પ્રભુ તો પોતાના જ આત્માસ્વરૂપમાં, ધ્યાનમાં અડોલ રહે છે, તેથી તે દેવ પોતાનું જ બુરું કરે છે અને દુર્ગતિનું ભવભ્રમણ વધારે છે. આના પછીની બે ગાથામાં પણ ઉપસર્ગનું જ કથન છે.

'રજ' શબ્દનો અત્રે શ્લેષાલંકાર તરીકે ઉપયોગ કર્યો છે. રજ એટલે (૧) ધૂળ અને (૨) કર્મ. ભગવાન પર કમઠે ધૂળ ઉડાડી, તેથી પોતે જ પહેલો તો તે ધૂળથી - છવાયો અને સાથે સાથે ગાઢી કર્મ - રજથી અર્થાત્ અશુભ કર્મોથી પણ બંધાયો.

यद् गर्जदूर्जित-घनौघ-मदभ्र-भीमं
भ्रश्यत्तडिन्मुसलमांसल-घोर-धारम् ।
दैत्येन मुक्तमथ दुस्त-खारि दध्रे
तेनैव तस्य जिन ! दुस्तखारिकृत्यम् ।। ३२ ।।

મેઘોકેરા ભયભીત થતાં ગર્જનાના ભડાકા,
ને ચારે યે દિશમહિં થતા વીજળીના કડાકા,
એવી વૃષ્ટિ કમઠ અસુરે દુઃખ દેવા કરી'તી
તે પોતાને ભવજલધિમાં ડૂબવાને બની'તી.

● **<u>શબ્દાર્થ :-</u>**

યદ્ - જે, દૈત્યેન :- કમઠે, ગર્જ - દૂર્જિત ઘનૈઘમ્ - ગર્જના કરતાં મોટા વાદળાઓના સમૂહવાળું, ભ્રશ્યત્તડિમ્ - ચમકારા કરતી વીજળી યુક્ત, મુસલ માંસલ ઘોરધારમ્ :- સાંબેલા સમાન મોટી ધારવાળુ, અદભ્રભીમમ્ - અને મહાભયંકર એવું જે, દુસ્તરવારિ મુક્તમ્ - અથાગ જળ વરસાવ્યું છે, તેને તસ્ય એવ - તે જલવૃષ્ટિથી તે જ કમઠે પોતા માટે, દુસ્તરવારિકૃતયમ્ - દધ્રે - તીક્ષ્ણ તલવારનું કામ કહ્યું છે.

● **<u>ભાવાર્થ :-</u>**

હે જિનેશ્વર ! તે કમઠે (મેઘમાળીદેવ) ચમકારા કરતી વીજળીથી યુક્ત, સાંબેલા સમાન, મોટી ધારવાળી, મહાભયંકર વર્ષા વરસાવી, પરંતુ તે વર્ષાથી આપને જરાપણ હાનિ થઈ નહિ. પરંતુ કમઠ માટે તે જલવૃષ્ટિએ તીક્ષ્ણ તલવારનું કામ કહ્યું યાને નિબિડ, તીક્ષ્ણ કર્મ બાંધ્યાં.

● **<u>વિવેચન :-</u>**

પદમાં 'વારિધાર' અર્થાત્ વૃષ્ટિ એ મુખ્ય આલંબન છે, પરંતુ આ સામાન્ય વારિધાર નથી. કેટલાય વિશેષણોથી તે વારિધારની પ્રચંડતાને પ્રદર્શિત કરેલ છે. પ્રચંડ વૃષ્ટિ માટે બે સહયોગી સુપ્રસિદ્ધ છે - એક ઘનઘોર વાદળોનું ભારે દબાણ અને વીજળીનું પ્રબળ તાંડવ. વૃષ્ટિમાં આ બંને સહયોગી જોડાય છે ત્યારે વૃષ્ટિ ભયંકર અનર્થનું સર્જન કરે છે. અતિવૃષ્ટિના રૂપમાં પણ લોકજીવનમાં તેની નિંદા કરવામાં આવી છે. આ મેઘોનો સમૂહ પણ શાંત નથી. પ્રલયકારી ગર્જના કરતાં જાણે સાક્ષાત્ દૈત્યનું રૂપ ધારણ કરી લે છે. એટલે અહીં કવિશ્રીએ પ્રથમ બે પંક્તિમાં વૃષ્ટિતાંડવનું સુંદર વર્ણન કર્યું છે.

ગર્જના કરતાં વાદળ આકાશમાં છવાઈ ગયાં અને ઉપદ્રવનો પ્રારંભ થયો. જળથી ભરેલાં ઘનઘોર વાદળાઓમાં પ્રચંડ વેગથી વીજળી ચમકવા લાગી તથા સાથે સાથે કર્ણભેદી વિનાશક ગર્જનાઓ ચારેબાજુ ત્રાસ કરવા લાગી. તે સમયે મુશળધાર દૃષ્ટિ અવરોધક સાંબેલાની ધારની જેમ વરસાદ વરસવા લાગ્યો. એક પ્રકારે આ જળતાંડવ વિનાશકારી રૂપ લઈ જાણે પાર્શ્વપ્રભુને લક્ષ્યમાં લઈ તેમના પર તૂટી પડ્યો. આ બધાનું મૂળ કારણ કમઠનો તીવ્ર કષાયભાવ હતો. તેણે જ પોતાની દિવ્ય શક્તિથી આ વિનાશકારી રૂપ ઉત્પન્ન કર્યું હતું.

અત્રે પ્રશ્ન થાય કે શું કોઈ દૈત્યનો પ્રકૃતિ જગત પર આટલો અધિકાર હોઈ શકે ? શું વિશ્વપ્રકૃતિ એક વ્યક્તિને આધીન થઈ શકે છે ? અને તે વ્યક્તિ પણ દુષ્ટ હોય ? દ્રવ્યની સ્વતંત્રતા સુપ્રસિદ્ધ છે. જડસૃષ્ટિને ઈચ્છાનુસાર નચાવવાનું સામર્થ્ય એક વ્યક્તિના હાથ હોઈ શકે છે ? શું એક અનૈતિક વ્યક્તિને કૃત્રિમ વાદળ અથવા અકાલ વૃષ્ટિ ઉત્પન્ન કરવાનો અધિકાર મળી શકે ? જો અધિકાર છે તો તે કઈ શક્તિ છે ? શું તે શક્તિ કર્મજનિત છે કે મૌલિક ? દૈત્યના આ ઉપસર્ગથી અનેકાનેક દાર્શનિક પ્રશ્નો ઉદ્‌ભવે છે. વિશ્વસત્તામાં ફેરફાર કરવાની સત્તા ન તો ચક્રવર્તીમાં છે અને ન તો કોઈ અવતારી પુરુષમાં છે.

"શ્રી ભગવતીસૂત્રમાં" ભગવાને સ્વયં આ પ્રશ્નનો ઉત્તર આપ્યો છે. ગૌતમસ્વામીએ પૂછ્યું હતું કે આ ભૌતિક ક્રિયાઓ શું સ્વાભાવિક છે કે નૈમિત્તિક છે ? પ્રભુએ કહ્યું, "સ્વસા, પયોગસા, મિસસા" અર્થાત્ આ ક્રિયાઓ સ્વતંત્ર હોય છે, ક્યારેક પ્રયોગથી અર્થાત્ નિમિત્તથી થાય છે અને ક્યારેક ક્યારેક ઉભય પ્રભાવ પણ હોય છે. દ્રવ્યથી અનુકૂળતા અને કર્તાની ક્રિયાશીલતા - બંનેનું સાહચર્ય મિશ્રભાવ પેદા કરે છે.

આ નિશ્ચિત છે કે દ્રવ્યની ઉપાદાનશક્તિ સક્રિય હોય છે ત્યારે જ ભૌતિક તાંડવ ઉદ્‌ભવે છે. તે સમયે કોઈપણ ઉપસ્થિતિ નિમિત્તનું કર્તૃત્વ તેના પર આરોપિત થાય છે અને કર્તાનો વિકૃતભાવ પણ તેના આત્મામાં તાંડવ પેદા કરે છે. આ વિશ્વસત્તાની એક અદ્‌ભુત સાંયોગિક લીલા છે કે જીવ દ્રવ્યમાં વિભાવનો તાંડવ અને અજીવ દ્રવ્યમાં તેની શક્તિનો પ્રચંડ આવિર્ભાવ સાથે સાથે ચાલે છે અને તે કર્તા પોતાના વિષમ ભાવોનો જ અધિકારી બનીને અનર્થ પેદા કરે છે. અત્રે દૈત્યરૂપ કમઠે પોતાના મનોયોગમાં અથવા વિકારી ભાવોમાં કષાયનો ભયંકર ઉપદ્રવ પેદા કર્યો છે અને તે કષાયોનો કર્તા છે. દુસ્તર વારિપ્રલય તેના અધિકારની સીમામાં આવેતો નથી, પરંતુ કષાયના ઉપદ્રવના સમયે કોઈને કોઈ ભૌતિક શક્તિ નિમિત્ત બને છે. ભૌતિક શક્તિની ઉપસ્થિતિ ન હોય છતાં કોઈ જીવનું કાષાયિક તાંડવ પાપબંધનનું કારણ બને છે. કોઈ વ્યક્તિ સ્વપ્નમાં પણ ભારે યુદ્ધમાં સંલગ્ન થઈને સેંકડો મનુષ્યોની હત્યા કરે છે તે સમયે ભૌતિક શક્તિની ગેરહાજરી હોવા છતાં પણ તે પાપનો ભાગીદાર બને છે.

દેવની જે વિશિષ્ટ શક્તિ હોય છે તેને અનુકૂળ ભૌતિક શક્તિઓનો તેને સહારો મળે છે. પાપ - પુણ્યનો ઉદય તેના અધિકારની શક્તિને અનુરૂપ હોય છે અને તે સમયે પૌદ્‌ગલિક સત્તા પણ તેટલી માત્રામાં સક્રિય થાય છે. આટલી મીમાંસા કરવાથી સ્પષ્ટ થાય છે કે જીવ અને

અજીવનું સ્વતંત્ર પરિણમન હોવા છતાં પણ અનાદિકાળથી પારસ્પરિક નિમિત્ત - નૈમિત્તક ભાવ ચાલે છે.

દૈત્યે વાદળોની ગર્જના, વીજળીના ચમકારા તથા વૃષ્ટિનું પ્રલયકારી રૂપ - ત્રણેય પોદ્‌ગલિક સત્તાનું અવલંબન લઈને પાર્શ્વપ્રભુ ને લક્ષ્યમાં રાખીને ઉપદ્રવ કર્યો.

પાર્શ્વનાથ પ્રભુનું ઉપશાંતપણું, ક્ષમશીલતા અને કમઠનો કાષાયિક ભાવ - બંને ભાવોનો પરસ્પર ભારે સંઘર્ષ છે. આ સંઘર્ષનું સ્વરૂપ બતાવવા માટે બંને પાત્ર આપણી સમક્ષ છે - પાર્શ્વનાથ અને કમઠ.

આ ઉપસર્ગનું વર્ણન કરતાં આચાર્યજીએ કહ્યું છે કે - 'હે જિનરાજ ! વળી એ જ કમઠાસુરે અત્યંત ગર્જના કરનારા અને વીજળીઓના ચમકારાયુક્ત એવા ઘનઘોર વરસાદથી તમારા પર દુસ્તર વારિ વરસાવ્યું પણ કેવું આશ્ચર્ય કે તે જ પાણીએ તેના જ સામું દુસ્તર વારિકૃત્ય (તીક્ષ્ણ તલવારનું કાર્ય) કહ્યું. અર્થાત્ તેને જ કર્મબંધનરૂપ - દુઃખરૂપ અથવા મૃત્યુરૂપ થઈ પડ્યું. આમ પ્રભુએ સાધનામાં વિક્ષેપ કરવાના હેતુથી કરેલું કાર્ય કમઠને પોતાને જ વિક્ષેપરૂપ થઈ પડ્યું.

કમઠ દૈત્યે જ્યારે શ્રી પાર્શ્વનાથ પ્રભુ ઉપર ધૂળનો વંટોળ વરસાવ્યો ત્યારે તેમાં અવાજ કે ભયાનકતા નહોતા. એ અવાજ અને ભયાનકતા એ બેઉનો ઉમેરો કરી કમઠે વરસાદનો ઉપસર્ગ કર્યો. આકાશમાં વાદળાનો ગડગડાટ, વીજળીના ચમકારા તથા કડાકા ભડાકાને લીધે આખું વાતાવરણ ક્ષુબ્ધ બની જાય. આ ક્ષુબ્ધતાની વચ્ચે મુશળધાર વરસાદ કમઠે વરસાવ્યો. એક સાથે અસંખ્ય ધારાઓ વરસાદ સતત પડવાને કારણે, ભગવાન જ્યાં ધ્યાનમાં મગ્ન બનીને બેઠા હતા ત્યાં પાણી જમા થવા લાગ્યું. ધીમે - ધીમે પાણીની સપાટી વધવા લાગી. પ્રભુના આસનની સપાટી સુધી પાણી આવવાં છતાં પણ પ્રભુ પોતાના ધ્યાનથી જરાય ચલિત થયા નહિ. બલ્કે વિશેષ ધ્યાનમગ્ન બન્યા. આમ, પાણીની સપાટી ક્રમે ક્રમે વધતાં વધતાં પ્રભુનું કંઠે જેટલા ઊંચે આવી ગઈ, કે જ્યારે કમઠને લાગ્યું કે હવે થોડી ક્ષણોમાં જ પ્રભુને પૂરેપૂરા પાણીમાં ડુબાડી પોતાની દુષ્ટ ઈચ્છા પૂરી કરી શકાશે. પરંતુ તે ક્ષણો આવે તે પહેલાં જ પ્રભુના પૂર્વના શુભ ઋણાનુબંધી ધરણેન્દ્રના રક્ષણને કારણે તથા પ્રભુના અત્યુગ્ર પુરુષાર્થને કારણે, પ્રભુને બરાબર હેરાન કરવાની કમઠાસુરની ભાવના લેશ પણ બર આવી નહિં. તેનો બીજો ક્રુર ઉપસર્ગ પણ નિષ્ફળ ગયો. અંતે થાકીને તેણે વરસાદ ઓકવાનું કાર્ય બંધ કર્યું. પણ એ જ ઉપસર્ગે કમઠની બાબતમાં જુદું જ પરિણામ આવ્યું. તે ઉપસર્ગ પ્રભુને બદલે કમઠને જ અનર્થરૂપ નીવડ્યો તે બીજી બે પંક્તિમાં બતાવે છે.

"તેણે અહો ! જિનરાજ ઉલટું રૂપ ત્યાં સહેજે ધર્યું,
તીક્ષ્ણ બૂરી તલવાર કેરું કામ તે સાચું કર્યું."

પ્રભુ ઉપર વેર લેવા માટે ભયંકર કષાયભાવનો આશ્રય કરનાર કમઠ અનંતાનુબંધી કર્મના પંજામાં બરાબર સપડાયો. જેમ જેમ તે પ્રભુને પરેશાન કરવાના ભાવ તીવ્ર ને તીવ્ર કરતો ગયો. તથા તે માટેની પ્રવૃત્તિ કરતો ગયો, તેમ તેમ તેને મોહનીયકર્મની પ્રબળતા વધતી ગઈ અને અનંતાનુબંધી ચોકડીના થર પણ વધતા ગયા, ભાવિ નરકગતિ નિશ્ચિત બની અને અકલ્પ્ય દુઃખ ભોગવવાનું ભાવિ, આ ઉપસર્ગના પરિણામે તેના માટે નિર્મિત થઈ ચૂક્યું.

આ ઉપસર્ગે કમઠ માટે તીક્ષ્ણ બૂરી તલવારનું કામ કર્યું. એવું કથન આચાર્યજી કરે છે તે યોગ્ય છે. તલવાર સામાન્ય અંગને છેદે તો પણ જીવને અત્યંત દુઃખરૂપ થાય છે અને જો તે અમુક વિશિષ્ટ અંગ ઉપર વાગી હોય તો, તે દેહ અને આત્માને છૂટા કરીને રહે એવી બૂરી બની રહે છે. કમઠે કેરલા વરસાદના ઉપસર્ગે કમઠ માટે તીક્ષ્ણ બૂરી તલવારનું કાર્ય કર્યું તે સમજવા યોગ્ય છે.

ડૉ. સરયૂબેન મહેતા વિવેચન કરતાં જણાવે છેકે,

"અશુભ કૃત્ય પોતે જ તલવાર જેવું છે, જે કંઈ અશુભ કરવામાં આવે કે ઈચ્છવામાં આવે, તેનું પરિણામ દુઃખમાં જ આવે છે," આ પદમાં કર્મસિદ્ધાંતનું સ્પષ્ટ પરિદર્શન થાય છે. જૈનશાસ્ત્રો કહે છે કે મન-વચન-કાયાની જે કોઈ અશુભ પ્રવૃતિ છે અને જેના માટે અશુભ કર્મ કર્યું છે, તેની પ્રતિક્રિયા પણ હજારો ગણી થઈને સામે આવે છે. જળાશયના કિનારે ઊભેલા વૃક્ષોના પડછાયા પાણીમાં વિશાળરૂપે દેખાય છે. વિષવૃક્ષનું બીજ નાનું હોય છે, પરંતુ પલ્લવિત થતાં તેનો વિસ્તાર મોટો થઈ જાય છે. તે રીતે અશુભકર્મનો આકાર નાનો હોય છે પરંતુ તેનું પ્રતિફળ વિરાટ હોય છે. જે રૂપે કર્મ કરવામાં આવ્યું હોય તે તેવા રૂપમાં વિશદ્ માત્રામાં પ્રગટ થાય છે અને જન્મ-જન્માંતર સુધી તે કર્મવિપાકની તરંગો ચાલતી રહે છે. 'જેવી ક્રિયા તેવી પ્રતિક્રિયા' - આ કર્મસિદ્ધાંત છે.

કમઠનો જીવ આટલા ઉપસર્ગ કરીને અટકી જતો નથી. તે તો પોતાની નિષ્ફળતાથી વિશેષ ક્રોધિત થઈ, વધુ આકરા ઉપસર્ગ કરવા પ્રતિ વળે છે અને વિશેષ કર્મબંધના ફાંદામાં ફસાય છે તે હવે પછીની કડીમાં જણાવે છે.

ध्वस्तोर्ध्वकेश-विकृताकृति-मर्त्य-मुण्ड-
प्रालम्ब-भृद्-भयद-वक्त्रवि-निर्यदग्निः ।
प्रेत-व्रजः प्रतिभवन्तमपीरितो यः
सोऽस्याऽभवत् प्रतिभवं भव-दुःख-हेतुः ॥ ३३ ॥

નીચા કેશે વિરૂચ જનના મુંડને ધારનારા,
અગ્નિ જેના મુખથકી અહા ચાલતા વેરનારા !
મુક્યા દૈત્યો કમઠ અસુરે આપને દુઃખ દેવા,
તે પોતાને દુઃખરૂપ થયા શું કહું દેવદેવા.

● **<u>શબ્દાર્થ :-</u>**

ધ્વસ્તોર્ધ્વકેશ વિકૃતાકૃતિ - જેના વાળ નીચે લટકતા છે, તેથી વિકરાળ આકૃતિવાળા, મર્ત્ય મુન્ડ પ્રાલમ્બભૃદ્ર - મૃત મનુષ્યના મસ્તકની માળા ધારણ કરનાર, ભયદવક્ત્ર વિનિર્યદગ્નિઃ - જેના ભયાનક મુખમાંથી અગ્નિ નીકળે છે તેવા, યઃ પ્રેતવજઃ અપિ :- જે પિશાચોનો સમૂહ પણ, ભવન્તમ્ પ્રતિ ઈરિત :- આપના પ્રતિ દોડાવ્યો, સઃ અસ્ય :- પરંતુ તે સર્વ તે દુષ્ટ અસુરને, પ્રતિભવમ્ - દરેક ભવમાં, ભવ દુઃખ હેતુ :- દુઃખનું કારણ, અભવત્ - બન્યું.

● **<u>ભાવાર્થ :-</u>**

હે પ્રભો ! દુષ્ટ કમઠાસુરે આપને પથભ્રષ્ટ કરવા માટે વિખરાયેલા કેશવાળા મૃત મનુષ્યનાં મસ્તકની માળાને ધારણ કરનાર, જેના મુખમાંથી અગ્નિ નીકળી રહ્યો છે, તેવા પિશાચોના સમૂહને આપના પ્રતિ દોડાવ્યા, પરંતુ તે આપને અસર કરી શક્યા નહિ, પરંતુ તે કમઠ માટે જ ભવભવમાં ભયંકર દુઃખનું કારણ બન્યું.

● **<u>વિવેચન :-</u>**

કમઠે પોતાનું વેર વાળવા ઉપસર્ગનો આ ત્રીજો પ્રયોગ કર્યો હતો. બે ઉપસર્ગમાં પરાભવ પામવા છતાં પણ કમઠનું વેર શાંત થયું નહોતું તેને લાગતું હતું કે આ પ્રેતજનિત ઉપસર્ગથી તે સફળ થશે, પરંતુ તેને ક્યાં ખબર હતી કે તે મુષ્ઠિપ્રહારથી હિમાલય તોડવા જઈ રહ્યો છે અથવા કાગળની નાવથી સમુદ્ર તરવા ઈચ્છે છે. તેના અજ્ઞાનને કારણે પ્રેતજનિત પરમાત્માની આશાતનાથી આગળના હજારો જન્મો સુધી આ પાપ તેના દુઃખનું કારણ બનશે અને નરકાદિગતિમાં પરિભ્રમણ કરાવશે. ન તો કમઠનું વેર શાંત થયું કે ન તો પ્રભુ ધ્યાન -

સમાધિથી ચલિત થયા. આ ઉપસર્ગ પરમાત્મા માટે પરમ નિર્જરાનું કારણ બન્યો અને આ ઉપસર્ગ દૈત્ય માટે મહાપાપબંધક અને દુઃખનું કારણ બન્યો.

કવિશ્રીએ ભક્તિયોગને આગળ વધારતાં કમઠના ત્રણ ઉપસર્ગોનો કાવ્યમાં સમાવેશ કર્યો છે અને પરમાત્મા પ્રત્યે પરોક્ષભાવથી વિશુદ્ધ ભક્તિનો પ્રતિબોધ પ્રગટ કર્યો છે. હવે આ ઉપસર્ગોની સમીક્ષા કરીએ.

ગાજવીજ સાથેના વરસાદથી પણ પોતાનું કાર્ય સરતું નથી એ જોતાં કમઠનો ક્રોધાગ્નિ વિશેષ પ્રદીપ્ત થયો અને તેના પરિણામે વિશેષ ભયંકર કૃત્ય કરવા તે તત્પર બન્યો. તેનું વર્ણન આચાર્યજી આ પ્રમાણે કરે છે, 'હે દેવ ! જેના માથા ઉપર ઊંચા વાળ લટકી રહ્યા છે, જેણે મરી ગયેલા માણસોના માથાની ખોપરીઓની લાંબી માળાઓ પહેરેલી છે, તેમજ જેના મોંમાંથી ભયાનક અગ્નિ નીકળી રહ્યો છે એવા ભૂતોનો જે સમૂહ આપના પ્રત્યે તે કમઠ દૈત્યે મોકલ્યો હતો, તે તેને જ ભવપરંપરાએ દુઃખનું કારણ થઈ પડ્યો.'

કમઠે અનુભવ્યું કે વરસાદ, ગાજવીજ અને વીજળી વગેરે પણ પ્રભુને ધ્યાનથી ચ્યુત કરવા લેશ પણ સમર્થ થતાં નથી ત્યારે તે એથી પણ ભયંકર ઉપસર્ગ કરવા તત્પર બન્યો, કારણ કે તેને પ્રભુને ચલિત કરવાની જીદ ચડી હતી. કમઠે નવા ઉપાય તરીકે પોતાના તાબામાં રહેલા પિશાચના સમૂહને જ પ્રભુને હેરાન કરવા મોકલ્યા. અત્યાર સુધી પ્રભુને હેરાન કરવા માટે તે નિર્જીવ સાધન અથવા એકેન્દ્રિયનો આશ્રય લેતો હતો પણ પોતાનું બળ વધારવા હવે તેણે ભવનપતિ ગતિના તથા અશુભ કૃત્યોમાં જ રાચનારા સંજ્ઞી પંચેન્દ્રિય એવા પિશાચોનો આશ્રય લીધો. ભવનપતિ તરીકે ઓળખાતી દેવગતિમાં રહેલા પિશાચો બીજાને પરેશાન કરવામાં, દુઃખ આપવામાં જ આનંદ માનનારા હોય છે. આ પિશાચો દેખાવમાં ખૂબ જ બિહામણા તથા ભયાનક હોય છે. સામાન્ય જીવ તો તેની ભયાનકતાના દર્શન કરતાં જ ભયના માર્યા દેહ ત્યાગી જાય.

પોતે ભરખેલા મનુષ્યોની ખોપરીની માળા પહેરી આ પ્રેતો આવે ત્યારે તેની સામી દૃષ્ટિ કરનાર મનુષ્યની કેવી દશા થાય ! અને આ બિહામણાપણામાં વિકૃત મુખ તથા તેની તીવ્રતા સમજવા માટે, વાળની ભયંકરતા સહાય કરતા હોય ! તેમના દ્વારા થતાં ઉપસર્ગની ઉત્કૃષ્ટતાની તો માત્ર કલ્પના જ કરવાની રહે છે, આમ છતાં આ ઉપસર્ગથી પ્રભુ પાર ઊતર્યા હતા, તેઓ તે ઉપસર્ગને કારણે જરાય ભયભીત થયા નહોતા અને ધ્યાનથી લેશ પણ ચલિત થયા નહોતા. પ્રેતોનો સમૂહ વિવિધ રીતે પ્રભુને હેરાન કરતો હોવા છતાં તેમની વૃત્તિ જરાય ડગી નહોતી. અને નહોતો આવ્યા જરાય કષાય ભાવ, વળી થતા ઉપસર્ગનો પ્રતિકાર કરવાની શક્તિ પ્રભુને પ્રાપ્ત થઈ હોવા છતાં, પ્રતિકાર કરવાનો ભાવ સુધ્ધાં પણ તેમણે નહોતો કર્યો. તેઓ તો સર્વથી પર બની વિશુદ્ધ આત્મા કરવાના પુરુષાર્થમાં જ રત રહ્યા હતા. આથી ઉપસર્ગની અસર ન થતી જોતાં હારેલો, થાકેલો પ્રેતોનો સમૂહ પાછો સ્વસ્થાને ચાલી ગયો

અને પ્રભુને આત્માની ઉજ્જવળતા બક્ષતો ગયો. આ પ્રેતોનો સમૂહ તત્ત્વની દૃષ્ટિએ જોતાં કમઠને અતિ તીવ્ર બંધનનું કારણ બન્યો. રૌદ્ર પરિણામથી ભરેલા કમઠના આત્માને અનંતાનુબંધી કર્મોનો ખડકલો થઈ ગયો અને અનંતકાળનું પરિભ્રમણ તેના માટે નિશ્ચિત થઈ ગયું. આ અપેક્ષાથી વિચારતાં આચાર્યજી કહે છે કે તે યોગ્ય લાગે છે કે, "હે દેવ ! પ્રતિભવ દુઃખકારી તેહને તે તો થયો." પ્રભુના આત્માને એક ભવમાં અત્યંત દુઃખ આપવા માટે અતિ રૌદ્ર પરિણામ કરવાથી કમઠ પોતાના અનંત ભવ હારી ગયો. તેના સુખ અને શાંતિ છીનવાઈ ગયાં એ મહા દુઃખથી ભરેલા અનંત ભવનો ભોગવટો કરવો પડે એવું ભાવિ તેનું નિશ્ચિત બની ગયું.

કમઠના અતિ તીવ્ર કષાયભાવ અને તેનાથી પરિણમતા ઉપસર્ગો પ્રભુને જરા પણ નુકસાન કરવા સમર્થ બન્યા ન હતા. સામાન્ય રીતે જે સંજોગોમાં જીવ કષાયવશ બની અનેક અપકૃત્યો કરવા પ્રેરાય તે સંજોગોમાં પણ પ્રભુ તો સ્થિર અને અડોલ જ રહ્યા હતા.

આ પ્રસંગ પરથી આત્માની સ્વતંત્રતાને લગતો એક સુંદર સિદ્ધાંત આપણી સમજણમાં આવે છે. આપણી આજુબાજુના સંજોગો તથા આસપાસનું વાતાવરણ એ તો પૂર્વ બાંધેલા કર્મ અનુસાર પ્રાપ્ત થાય છે. પણ પ્રાપ્ત થયેલા સંજોગોને કેવી રીતે સ્વીકારવા તથા તે માટે કેવા ભાવ રાખવા તે જીવની પોતાની સ્વતંત્રતાની વાત છે. સામો જીવ અનુકૂળ કે પ્રતિકૂળ ઉપસર્ગ કરે તે વખતે નિમિત્તાધીન થઈ વર્તવું કે સ્થિર અને અડોલ રહેવું એ બાબતમાં જીવ સ્વતંત્ર રહી શકે છે. ધારે તો નિમિત્તાધીન થઈ વિશેષ કર્મોપાર્જન કરે અને ધારે તો પોતાનું વીર્ય પ્રવર્તાવી સ્થિર અને અડોલ રહી, પૂર્વ કર્મની નિર્જરા કરે. કમઠે જ્યારે પ્રાણઘાતક નીવડી શકે એવા ઉપસર્ગો કર્યા, ત્યારે શ્રીપાર્શ્વનાથ પ્રભુમાં તેના સફળ પ્રતિકાર કરવાની શક્તિ આવી ગઈ હતી, તેમ છતાં આવેલા સંજોગો તથા ઉદયોના નિમિત્તને વશ ન થતાં, પ્રભુએ પોતાને મળેલી આત્માની સ્વતંત્રતાનો ઉપયોગ કરી, પોતાનો સ્થિરભાવ જાળવી રાખ્યો. પરિણામે કર્મની બળવાન નિર્જરા થવાથી અલ્પગાળામાં પોતાના આત્માને પ્રભુએ વિશુદ્ધ કર્યો.

કમઠ તથા પ્રભુ બંનેનું વર્તન તથા પરિણામ બતાવી આચાર્યજી મૌન થાય છે. કેમ વર્તવું તેવી સલાહ આપતા નથી, પણ પરિણામ પરથી જ જીવે પોતાની સ્વતંત્રતાનો ઉપયોગ કરી, પોતાનું વર્તન નક્કી કરવું, એવો બોધ અહીં સુધીની કડીઓમાંથી ફલિત થતો જોઈ શકાય છે.

પ્રથમની ત્રીસ કડીઓમાં જેઓ શુભ ભાવ કરે છે, પ્રભુના આશ્રયે તથા પ્રભુની આજ્ઞામાં રહે છે, પ્રભુ જે માર્ગે ચાલ્યા તે માર્ગે ચાલે છે તેના પરિણામ રૂપે કેવા કેવા શુભ સંજોગોની પ્રાપ્તિ થાય છે, કેવી કેવી શાતાનો ભોગવટો કરવાનો આવે છે તથા તે કેવી રીતે મુક્તિને પામે છે તેનો આપણને ખબર પડે છે, ત્યારે ૩૧ થી ૩૩ સુધીની ત્રણ કડીઓમાં તેનાથી વિરૂદ્ધ પણ તીવ્ર પરિણામે વર્તનારની કેવી બૂરી દશા થાય છે તે સ્પષ્ટપણે સમજાય છે. વળી શિવમાર્ગી રાજા તથા લોકો શ્રી સિદ્ધસેન દિવાકર સમક્ષ તેમના વચનની સાબિતી

માગતા ઊભા હતા અને સૂરિ જો પરચો પૂરો ન પાડે તો ભયંકર ઉપસર્ગ આવી પડે તેવા સંજોગો હતા. એવે વખતે અશુભ પ્રવૃત્તિથી પ્રવર્તતા જીવોના હાલ કેવા થાય છે તેનો ખ્યાલ અપાયો હોય, તેવો ગર્ભિત ઉદ્દેશ પણ આ કડીઓમાં પ્રગટ થતો સમજી શકાય છે. જેના પરિણામે રાજા તથા પ્રજા અશુભ પ્રવૃત્તિ અને અશુભ ભાવો ત્યાગી શુભ પ્રતિ વળે.

આમ, સારાસારનો ભેદ બતાવી તેમાં કોઈ ધન્યતાને પાત્ર છે તે આચાર્યજી ૩૪ મી કડીમાં સ્પષ્ટ કરે છે.

धन्यास्त एव भवनाधिप ! ये त्रि-सन्ध्य-
माराधयन्ति विधिवद् विधुतान्यकृत्याः ।
भक्त्योल्लसत्पुलक-पक्ष्मल-देह-देशाः
पाद-द्वयं तव विभो ! भुवि जन्म-भाजः ॥ ३४ ॥

ભક્તિકેરા ભરથી દીલના વ્યાપતા હોય જેના,
એવા પ્રાણી પરભુજી ચરણો આપરા જે મજેના,
સર્વે કામો તજી દઈ પ્રભુ ભાવથી જે ભજે છે,
રૂડી રીતે સકળ સમયે ધન્ય તે તો બને છે.

● **<u>શબ્દાર્થ :-</u>**

ધન્યાઃ - ધન્ય છે, તે - તેઓ, એવ - જ, ભુવનાધિપ - હે ત્રિલોકીનાથ, યે - જેઓ, ત્રિસન્ધ્યમ્ - ત્રણ સંધ્યાકાળે, પ્રભાત્, મધ્યાહ્ન અને સંધ્યાકાળે, આરાધયન્તિ - આરાધના કરે છે, વિધિવત્ - વિધિપૂર્વક, વિધુતાન્યકૃત્યાઃ - સંસાર સંબંધી અન્ય કાર્યોને છોડીને, ભક્ત્યા - ભક્તિથી, ઉલ્લસત્ પુલક પક્ષ્મલ દેહદશાઃ - જેના રોમ-રોમ ઉલ્લાસથી પુલક્તિ થઈ રહેલા છે તેવા, પાદદ્વયં - (બંને) ચરણયુગ્મને, તવ - આપના, વિભો ! - હે પ્રભો !, ભુવિ - સંસારમાં, જન્મભાજઃ - પ્રાણીઓ.

● **<u>ભાવાર્થ :-</u>**

હે ત્રિભુવનના સ્વામી ! સંસારમાં તે જીવો ધન્ય છે - જેઓ આપની ભક્તિથી ઉલ્લસિત અને પુલકિત રોમરાજીથી યુક્ત થઈને અને બીજા સર્વ કાર્યોને છોડીને ત્રિકાળ આપના ચરણકમળની વિધિપૂર્વક ઉપાસના કરે છે.

● **<u>વિવેચન :-</u>**

પદના પ્રારંભમાં જ એક ઉત્તમ વિશેષણથી ભક્તોને અલંકૃત કરવામાં આવ્યા છે. ભક્તને પ્રારંભમાં જ ધન્યવાદ પાઠવ્યા છે. 'धन्यास्त एव' કહ્યું છે. ધન્ય કોણ છે તેનું વિધાન પછી કરેલ છે. સામાન્યક્રમ તો એ છે કે ત્રણેય સમય વિધિવત્ ભગવાનની ઉપાસના કરવાવાળા ધન્ય હોય છે. પરંતુ અહીં ક્રમપરિવર્તન કરીને સૌરભને પ્રથમ પ્રગટ કર્યું અને પુષ્પને પછી. આ ક્રમપરિવર્તનથી ખ્યાલ આવે છે કે કવિશ્રી કેટલા ગહન પ્રેમરસથી ઉપાસ્ય પ્રતિ આકર્ષિત છે અને પ્રભુને પણ અન્યોક્તિથી વિભૂષિત કરી રહ્યા છે. 'અન્યોક્તિ અલંકાર

કાવ્યસાહિત્યની શોભા છે. પ્રસ્તુત ઉક્તિમાં માત્ર ભક્તને જ ધન્ય કહ્યા નથી, ધન્યતા ભક્ત સુધી સીમિત નથી અને તેઓ કેવળ ઉપાસનાથી જ ધન્ય નથી, પરંતુ ઉપાસના દ્વારા આરાધ્યદેવનાં ચરણોમાં જવાથી તેઓ ધન્ય બન્યા છે. આ ધન્યતાના માધ્યમથી પરમાત્માની મહત્ત્વની અભિવ્યંજના કરી છે. અત્રે જે ત્રિયોગ છે તેને લક્ષ્યમાં લેવાથી જ વાસ્તવિક ભક્તિનો સ્પર્શ થાય છે. (૧) ભક્ત (૨) વિધિવત્ ઉપાસના (૩) આરાધ્ય દેવ.

અહીં ધન્યતા ત્રિમુખી બની ગઈ છે. ભક્ત પણ ધન્ય છે, વિધિવત્ પૂજા પણ ધન્ય છે અને સૌથી વધુ ધન્યતાને પાત્ર મહાપ્રભુ સ્વયં છે. ગંગાનો મહિમા એટલા માટે છે કે તે શિવજીની જટામાંથી પ્રવાહિત થઈ છે. મહાપ્રભુના અનંત ગુણોથી ભક્તિ - પ્રવાહ પ્રગટ થઈને ભક્તો સુધી પહોંચ્યો છે. એટલે ભક્ત ધન્ય બની ગયા છે. સરળભાવથી તો ભક્તોને ધન્ય કહ્યા છે કે જેઓ ઉપાસના કરે છે.

આ શ્લોકનો ભાવાર્થ આ છે કે ભક્તિ કેવી રીતે રીતે કરે ? અને ક્યારે કરે ? ભક્તિ એક બહુ મોટું તત્ત્વ છે. ભક્તિનો એક ગૂઢ અર્થ પણ છે. આદ્યશંકરાચાર્યે ભક્તિનો જે અર્થ કર્યો છે તે ઘણા મહત્વપૂર્ણ છે. "स्वस्वरूपानुसंधानं भक्तिरित्यभिधीयते ।"

ભક્તિનું તાત્પર્ય એ છે - પોતાના સ્વરૂપનું અનુસંધાન કરવું. નારદભક્તિમાં પણ તેનું બહુ સુંદર વર્ણન છે. એક વ્યક્તિએ પૂજા કરી, ફુલ ચડાવ્યા, હાર ચડાવ્યો - આ બધો બાહ્ય ઉપચાર છે. વાસ્તવમાં ભક્તિના મર્મને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. (એક મહાપુરુષને નજર સામે રાખી અનુસંધાન કરો અને વિશ્લેષણ કરો કે આ મહાપુરુષ કેવી રીતે બન્યા ? તેમણે કેવું આચરણ કર્યું ? કેવા પ્રભાવથી એ આવા બન્યા ? શું મારી અંદર તે શક્તિ છે? આ અનુસંધાનમાં લાગી જવું તેનું નામ છે ધ્યાન. જ્યારે આવું ધ્યાન થાય છે ત્યારે વ્યક્તિ સાચે જ તેવી બની જાય છે.

ગુરુનું ધ્યાન કરો, તમારી અંદર ગુરુની શક્તિ આવી જશે. જેમાં જે શક્તિ છે, તે શક્તિમાં તમે એકાગ્ર બની જાઓ અને તેને જોતા રહો તો તમારી અંદર પણ તે પરિણમન શરૂ થઈ જશે, તમે પણ તેવા બની જશો. રૂપાન્તરણનું, પોતાના અસ્તિત્વને ઓળખવાનું, પોતાની શક્તિઓને જગાડવાનું, એક મોટું માધ્યમ છે ભક્તિ. ઈષ્ટને જોઈને તેનું ધ્યાન કરે, તેની સાથે તન્મય થઈ જાય તે વાસ્તવિક ભક્તિ છે. તે ભક્તિમાં જે તન્મયતા આવે છે, તલ્લીનતા આવે છે, ધીરે-ધીરે તાદાત્મ્ય સ્થાપિત થાય છે અને એક સાધારણ વ્યક્તિ પણ અસાધારણ બની જાય છે. (૩૯)

આચાર્યજીએ બહુ સુંદર વાત કરી, પ્રભુ ! તે લોકો ધન્ય છે જે ત્રણ સંધ્યામાં ભક્તિથી આપની આરાધના કરે છે અને જે ભક્તિથી આરાધના કરવાવાળા છે તે તેવા જ બની જાય છે. કોઈને મહાવીર બનવું છે તો તે મહાવીર બની શકે છે, કોઈને રામ બનવું છે તો તે રામ બની શકે છે. પરંતુ તેના માટે જરૂરી છે આતંરિક વાસ્તવિક ભક્તિ. કેવળ બાહ્ય ઉપચારથી તમે

મહાવીર અને રામ નહિ બની શકો. જો તમારે રામ અને મહાવીર બનવું છે તો પહેલાં તેની સાથે તાદાત્મ્ય સ્થાપિત કરો, એકાત્મકતા સ્થાપિત કરો, તેમના ગુણોની સાથે, તેમની વિશેષતાઓની સાથે એકરસ બની જાઓ તો તે ગુણ અથવા વિશેષતા પણ તમારી અંદર આવવા લાગશે.

અત્રે ઉપાસ્યને 'भुवनाधिप' કહ્યા છે. અને આમ કહેતા ભક્તિરસ મહાઅધિકારી અધિકારપૂર્ણ, સર્વશક્તિમાન ભગવાન તરફ વળી ગયો છે. આ પદમાં બે વાર જિનેશ્વરને સંબોધન છે - 'હે ભુવનાધિપત્તિ અને હે વિભુ ! પૂર્વના શ્લોકમાં પણ જ્યાં બે સંબોધન છે ત્યાં આપણે વિવેચન કર્યું છે. સંબોધનમાં ભક્તિનો અતિરેક તથા ગુણાધિક્ય પ્રગટ કરવાનો ભાવ હોય છે. અને સાથે સાથે સંબોધનનું સ્વરૂપ પણ ભગવાનના વિશિષ્ટ ગુણોને પ્રતિપાદિત કરે છે. પ્રભુને 'भुवनाधिप' કહે છે. રાજા કેવળ ક્ષેત્રીય અધિપ હોય છે, પરંતુ પરમાત્મા તો અસીમ ક્ષેત્રના સ્વામી કહેવાય છે.

અહીં પ્રભુને 'भुवनाधिप' કહીને કવિરાજે તેઓના અનંત જ્ઞાન અને સામર્થ્યનું આખ્યાન કર્યું છે. અરિહંત પરમાત્માને છોડીને સામાન્ય જીવ ભુવનાધિપ થઈ શકતો નથી.

બીજું સંબોધન 'विभो' છે. ભગવાનના અનેક જન્મોની સાધનાના અંતે તેઓને જે સિદ્ધિ ઉપલબ્ધ થઈ છે તેને કારણે તેઓ વિભુ કહેવાય છે. વિભુ અલૌકિક દર્શનના અધિકારી છે, પાવન દર્શનના પરમ પાત્ર છે તેઓ વિભુ કહેવાય છે.

બીજું વિશેષણ છે - વિધિવત્. આરાધનાની વિધિ પણ હજારો રૂપોમાં દૃષ્ટિ ગોચર થાય છે. પરંતુ મુખ્ય વિધિ છે - વિનયશીલતા, સમર્પણ, અહંકારમુક્તિ, નમ્રતાનું પૂર્ણ પ્રાગટ્ય. આ બધા સદ્‌ગુણો વિધિના પ્રાણ છે. અને આ ગુણોના અભાવમાં વિધિ અવિધિ થઈ જાય છે. કોઈપણ ક્રિયા-કમ એવું નથી કે વિધિ વગર સાચા રૂપમાં થઈ શકે. "Every thing is going by rules & regulations' આરાધના જેટલી વિરાટ છે, વિધિ પણ તેમાં અધિક વિસ્તૃત છે. આરાધના અને વિધિની અનિવાર્ય જોડી છે.

ત્રીજું વિશેષણ છે - 'ત્રિસન્ધ્ય - ભક્તિનો સમય શાસ્ત્રકારોએ નિર્ધારિત કર્યો છે. પ્રાતઃકાળ, મધ્યાહ્ન અને સંધ્યા. ત્રણેય સમયે ભક્ત લોકો પ્રભુની ઉપાસના કરે છે. જો કે ભક્તિ માટે કોઈ નિશ્ચિત સમય હોતો નથી.

કાળના બે મહાન પક્ષ - દિવસ અને રાત સૂર્યની ઉપસ્થિતિમાં પ્રાતઃકાળ અને સંધ્યાકાળ એમ બે પ્રમુખ સંધિ બને છે. આ સંધિનું આગવું મહત્ત્વ જ્ઞાનીપુરુષોની દૃષ્ટિએ છે. આ આધારે પ્રાતઃકાળ અને સંધ્યાકાળની ઉપાસના નિર્ધારિત થઈ છે, તેવી રીતે સૂર્ય બપોરે મધ્યમાં આવે છે અને રાત્રે પણ એક મધ્યમ સ્થિતિ બને છે. ગુરુદેવોએ અને શાસ્ત્રકારોએ

રાત્રિની મધ્યમ સ્થિતિને છોડીને ત્રણ સંધ્યાને ઉપાસનાને અનુકૂળ માની છે અને તેનો વિશેષ પ્રભાવ પણ જ્ઞાનીપુરુષોએ જોયો છે. માટે ત્રિસંધ્યાની ઉપાસનાનો વ્યવહાર છે.

ઉપાસનાનાં ત્રણ અંગો પર પ્રકાશ પાડ્યા પછી કવિશ્રીએ એક ચોથી ભાવનાનો ઉલ્લેખ કર્યો છે, તે છે ભક્તની દેહ સ્થિતિ. અર્થાત્ ઉપાસનાના સમયે જે વાસ્તવિક ભક્તિરસમાં નિમગ્ન છે તેમની ભાવાત્મક, ગુણાત્મક દેહસ્થિતિ કેવી હોય છે.

કહેવાયું છે કે ભક્તિથી ઉલ્લસિત ભક્તિ જ્યાં વિલાસ કરી રહી છે ત્યાં સાડાત્રણ કરોડ રોમરાશિ પ્રફુલ્લિત થઈને રોમાંચિત બને છે. અર્થાત્ દેહનો એક એક કણ, એક એક રોમમાં પ્રસન્નતાની અનુક્રિયા થઈ રહી છે. દેહની દશા જાણે રૂપાંતરિત થઈ ગઈ છે. આવી વિલક્ષણ ભાવનાની સાથે હે વિભુ ! ભક્ત આપના ચરણદ્વયને હૃદયસ્થાનમાં સ્થાપિત કરે છે અને ધરતી પર જન્મ લઈને પોતાના જીવનને સાર્થક કરે છે તે જ લોકો સાચા અર્થમાં આદરણીય છે, પાવન - પુનિત છે.

'भुवि जन्मभाजः' કહીને આચાર્યશ્રીએ જન્મભૂમિને પણ ધન્ય કરવાવાળા પુરુષો તરફ ઈશારો કર્યો છે. અને તે જન્મભૂમિને પણ ધન્યતા પ્રદાન કરી છે. શાસ્ત્રોમાં અને વ્યવહારમાં જન્મભૂમિની ખૂબ ગુણગાથાઓ પ્રસિદ્ધ છે. દેવાધિદેવની જન્મભૂમિતો તીર્થસ્થાન બની જાય છે. જૈન ભક્તિશાસ્ત્રોમાં જન્મભૂમિનું મહત્ત્વ પ્રતિપાદિત કરવામાં આવ્યું છે. કવિશ્રીએ અહીં તેનું સહજ આખ્યાન કહ્યું છે. 'जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी' - આ સૂત્રવાક્ય સુપ્રસિદ્ધ છે. જે ભૂમિ પર કુપુત્ર પેદા થાય છે તે ભૂમિ પણ લજ્જિત થાય છે. આવી વ્યક્તિ જન્મસ્થાનને પણ બદનામ કરે છે. તેમનું જન્મસ્થાન સાર્થક છે, પાવન છે કે જેઓ ભક્તિપરાયણ થઈને ઈશ્વરને સમર્પિત છે.

સંપૂર્ણ શ્લોક ભક્તિરસનું ઉત્કૃષ્ટ ઉદાહરણ બની ગયું છે. જે ભવી જીવો જિનેશ્વરદેવની એકાગ્ર ચિત્તે આરાધના કરે છે તેમના જ જીવન ધન્ય છે, સાર્થક છે તેમ કહી તેવા ભક્તોની અત્રે પ્રશંસા કરી છે. વળી પ્રભુની આરાધના કેવી એકાગ્ર ચિત્તે કરવી જોઈએ તેનું સ્વરૂપ પણ અત્રે પરમાર્થથી બતાવ્યું છે. આચાર્યશ્રી પોતે પણ આવા એકાગ્ર ચિત્ત વડે જ પાર્શ્વપ્રભુની પ્રાર્થના તે મહાકાલ પ્રસાદમાં કરી રહ્યા હતા. જેના પ્રભાવથી પાર્શ્વનાથ પરમાત્મા પ્રગટ થયા અને શૈવધર્મી રાજા વિક્રમ પણ જૈનધર્મી બન્યો.

અત્રે સુલસા શ્રાવિકાનું સ્મરણ કરવું. પ્રભુ મહાવીર પ્રત્યેની તેમની શ્રદ્ધા અને ભક્તિ અનુપમ હતા. આવી અનુપમ ભક્તિ અને શ્રદ્ધા આપણા અંતરમાં પણ પ્રગટો એમ અત્રે પરમાર્થથી સૂચવ્યું છે.

अस्मिन्नपार-भव-वारि-निधौ मुनीश !
मन्ये न मे श्रवण-गोचरतां गतोऽसि ।
आकर्णिते तु तव गोत्र-पवित्र मन्त्रे
किं वा विपद्विष-धरी सविधं समेति ? ॥ ३५ ॥

માનુ છું હું પ્રભુજી જગમાં જે ખરું પુણ્યધામ,
એવું કર્ણે કદિ નવ પડ્યું આપનું પુણ્યનામ,
જો હું કાને કદિ ધરી શક્યો આપનો નામમંત્ર,
તો શું પીડે કદિ પ્રભુ મને દુઃખના સર્વ તંત્ર ?

● **<u>શબ્દાર્થ :-</u>**

અસ્મિન્ - આ, અપાર ભવવારિનિધૌ - અપાર સંસાર સાગરમાં, મુનીશ ! - હે મુનીન્દ્ર !, મન્યે - હું માનું છું કે, (તમે) ન મે, શ્રવણ ગોચરતાં - મારા કર્ણગોચર, નગતોડસિ - થયા નથી, આકર્ણિતે તુ - મેં સાંભળ્યો હોત તો, તવ ગોત્ર - પવિત્ર મંત્રે :- આપના પવિત્ર નામરૂપી મંત્રને, કિંવા - શું, વિપદ્ વિષધરી - વિપત્તિરૂપી સર્પિણી, સવિધં સમેતિ - સમીપે આવત ?

● **<u>ભાવાર્થ :-</u>**

હે મુનીન્દ્ર ! આ અપાર સંસારસાગરમાં પરિભ્રમણ કરતાં આપના નામરૂપી મંત્રને મેં ક્યારેય સાંભળ્યો નથી, કારણકે જો આપના નામરૂપી મંત્રને જો સાંભળ્યો હોત તો આ વિપત્તિરૂપી સર્પિણી મારી સમીપે આવી જ કેમ શકે ?

● **<u>વિવેચન :-</u>**

ભક્તિયોગ પવિત્ર નામગોત્ર રૂપ મંત્રને સંપૂર્ણ મહત્ત્વ આપે છે. કવિશ્રી અહીં પાશ્ચાત્તાપ કરે છે કે મને તેનો અભાવ ખટકી રહ્યો છે. ભારપૂર્વક કહ્યું છે કે 'મન્યે' અર્થાત્ હું માનું છું. કવિશ્રીની યોગ્યતાથી પ્રતીત થાય છે કે તેઓની માન્યતા પણ અતિયોગ્ય છે. આવા વિદ્વદ્વર્ય સાહિત્યશિરોમણિ અનુભવ કરી રહ્યા છે કે આ મંત્રરૂપ સાધન ગ્રહણ કર્યું નથી એટલે વિપત્તિરૂપી વિષાક્ત સર્પિણી મારી સામે આવી રહી છે. તેઓએ 'નિષેધાત્મક ઉપાલંભ અલંકાર'નો પ્રયોગ કર્યો છે. અને પરોક્ષરૂપ પ્રભુને ઉપાલંભ પણ આપ્યો છે કે જો આપ મારી પાસે હોત તો શું વિપત્તિ મારી સામે આવી શકત ? પરંતુ કોઈપણ રસ્તાથી આપ મારા હૃદયકમળમાં નિવાસ કરતા નથી એટલે આ વિષધરી મારી સમક્ષ આવે છે. ઉત્તમ વર્ષા થાય

તો પૃથ્વી પર દુકાળ કેવી રીતે આવે ? માતા-પિતાના વરદ હસ્ત હોય તો બાળક કેવી રીતે અનાથ કહેવાય ? રાજાનું સુશાસન હોય તો ચોરોનો ઉપદ્રવ કેવી રીતે થાય ? ઉત્તમ ગારુડી હોય તો વિષનો પ્રભાવ કેવી રીતે ટકે ? ચારેબાજુ સુંદર વનરાજી હોય તો મુસાફરને તાપનો આતંક ક્યાંથી ભોગવવો પડે ? આ રીતે સમર્થ સ્વામીના અભાવમાં જ સાધક વિપત્તિઓનું ભાજન બને છે, નહિ તો સૂર્યના પ્રકાશમાં અંધકાર લય થઈ જાય છે તેવી રીતે નામમંત્રના પ્રભાવથી વિપતિ વિનષ્ટ થઈ જાય છે.

આ પદમાં 'अपार भववारिनिधि' કરીને ભવસાગરનું આખ્યાન કર્યું છે અને તેને અપાર કહ્યો છે. અપાર એટલે પારાવાર. આ સંસાર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ - ચારેય યોગોથી અનંત અપાર છે. જેનો પાર પામવો દુર્ગમ છે. જેનો પાર પામી ન શકાય એવા સંસાર - સમુદ્રમાં આચાર્યજી ફસાયેલા છે અને તેમના વર્તમાન ભવ સુધી સંસાર-સમુદ્રની ચારે ગતિઓમાં તેમણે પરિભ્રમણ કર્યા કર્યું છે. તે પરિભ્રમણ કરતી વખતે તેમણે પ્રભુનું નામ પણ સાચી રીતે સાંભળ્યું નહિ હોય એમ આચાર્યજીને લાગે છે. જો પ્રભુનું નામ સાંભળ્યું હોય અને તે મંત્રરૂપ નામનું સ્મરણ કર્યું હોય તો નિશ્ચય છે કે કોઈપણ પ્રકારની આપત્તિ જીવને સતાવી શકે નહિ. અહીં આચાર્યજી આપત્તિને સર્પિણીરૂપે ઓળખાવે છે. 'આપત્તિ' એ નારીવાચક શબ્દ હોવાથી સર્પિણી કરી હોય તે પણ સંભવિત છે. વળી સાપ એ ખૂબ ઝેરી તિર્યંચ છે અને તેમાંય માદા વિશેષ ઝેર રાખનાર હોય છે. જો કોઈ તેને કનડગત કરે કે છંછેડે તો તેના વેરભાવ ખૂબ જાગૃત થાય છે અને કનડગત કરનારને ડંખીને જ જંપે છે. તેમાંય સર્પિણી તો તે વખતે યોગ ન બને તો કેટલાક કાળ પછી પણ વેર લેવાનું ચૂકતી નથી.

મહાવીર પ્રભુ જ્ઞાતવંશીય છે, પાર્શ્વનાથપ્રભુ ઈશ્વાકુવંશીય છે. પ્રભુ મહાવીર - પાર્શ્વ નાગવંશીય ક્ષત્રિય હોવાના કોઈ પુરાવા નથી. છતાં આચાર્ય મહાપ્રજ્ઞજીના સંદર્ભે એમ કહે છે કે "જો મેં આપનું નામ પહેલા સાંભળી લીધું હોત, આપની નજીક આવી ગયો હોત તો મારા જીવનમાં કોઈ વિપત્તિ આવત નહિ. જો આપના ગોત્રનો પવિત્ર મંત્ર પેહલાં સાંભળી લીધો હોત તો આ વિપત્તિરૂપી સર્પિણી નજીક આવી શકત નહિ. ભગવાન મહાવીર નાગવંશીય ક્ષત્રિય છે. ભગવાન પાર્શ્વનાથજી ગોત્ર પણ નાગવંશ છે. નાગવંશીય હોવાના કારણે તેમને નાગજાતિથી સંપર્ક હતો. પછી ધરણેન્દ્ર - પદ્માવતીનું નિમિત્ત પણ મળી ગયું. પાર્શ્વનાથની પ્રતિમામાં ફેણ સહિત નાગ પણ તેની ઉપર દેખાય રહ્યો છે.

ગોત્રનો અર્થ છે. નામ, આપના ગોત્રનો પવિત્ર મંત્ર નાગદમની મંત્ર છે. નાગદમની જાડી પણ હોય છે, જેનું આચાર્ય માનતુંગ આચાર્યએ ભક્તામર સ્તોત્રમાં ઉલ્લેખ કર્યો છે. 'त्वन्नामनागदमनी द्वदि यस्य पुंसः ।' તમારા નામની નાગદમની જેના હૃદયમાં છે તે નિર્ભય થઈને વિષધર સર્પને પણ જીતી જાય છે. નાગદમની જાડી અમે જોઈ છે, એવું લાગે કે જાણે કોઈ સાપનું બચ્ચું છે.

આપત્તિનું અસ્તિત્વ એ જ સાબિત કરે છે કે પ્રભુ સ્મરણ યથાર્થ કરેલું નથી. આ ભવનો તેમનો અનુભવ છે કે જે કોઈ પાર્શ્વનાથ પ્રભુનું નામસ્મરણ કરે તે આપત્તિથી છૂટે છે. આચાર્યજી જે આપત્તિમાં ફસાયા છે તેનું કારણ તેમણે પૂર્વના ભવમાં પ્રભનું નામ સાંભળ્યું ન હતું તે છે.

આ સ્તોત્ર રચના વખતે આચાર્યજી કઈ આપત્તિમાંથી પસાર થતા હતા. તે વિચારતાં આ કડી વિશેષ સ્પષ્ટ થાય છે. તેમને બાર-બાર વર્ષ સુધી સંઘની બહાર રહી, અન્ય ધર્મીઓ વચ્ચે વસી, જૈનધર્મના આચાર પાળી, આત્મદશા જાળવી, જૈનધર્મની ઉન્નતિ થાય તેવા પ્રયત્નો કરવાના હતા. આ જૈન સંઘ ફરમાવેલો તેમનો શિક્ષાકાળ હતો. તેમાં વળી શિવધર્મી રાજા સાથે શિવાલયમાં જવાનો તેમને પ્રસંગ પડ્યો. ત્યાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની ગુપ્ત રહેલી પ્રતિમાની આશાતના ન થાય તે રીતે વર્તવા જતાં, શિવાલયમાં જે પોતાના કથન અને વર્તનની સાબિતી આપવા તેમને બેસવું પડ્યું. તેમ ન કરે તો લોકો તથા રાજા છેડાય અને ઉપસર્ગ કરે એટલું જ નહિ જૈનધર્મની વગોવણી થાય. આમ જોતાં સમજાય છે કે આ સ્તોત્રની રચના વિવિધ પ્રકારની વિપત્તિની વચ્ચે ફસાયેલા આચાર્યજીના મુખે થઈ હતી. આ સંજોગોના અનુસંધાનમાં આ કડીની વિચારણા કરવાની તેની યથાર્થતા સમજાય છે.

આચાર્યજી જે આપત્તિમાં ફસાયા છે તેનું કારણ પૂર્વના ભવમાં પ્રભુનું નામ સાંભળ્યું ન હતું તે છે. પૂર્વકાળે જો શુદ્ધ મંત્રરૂપ નામ સાંભળ્યું હોત તો તેના પ્રભાવથી તેઓ આપત્તિથી છૂટી ગયા હોત અહીં આચાર્યજી નામસ્મરણને શુદ્ધ મંત્રરૂપે ઓળખાવે છે. જ્યારે જીવ પ્રભુના નામને શુભ ભાવથી સ્મરે છે ત્યારે તે વિભાવભાવ કરતો અટકી જાય છે અને પરિણામે નવાં કર્મબંધન કરતો નથી, એટલું જ નહિ પણ જૂનાં કર્મોનો પણ અનેકઘા નાશ કરે છે. જેનું સ્મરણ કરવાથી પાપોનો નાશ થાય અને આત્માની પવિત્રતા વધે તે સ્મરણ એ પવિત્ર મંત્ર કહેવા યોગ્ય છે. આ રીતે વિચારતાં પ્રભુનું નામ પણ પવિત્ર મંત્ર સ્વરૂપ છે કે જે રીતે આચાર્યજી આપણને તેનો પરિચય કરાવે છે. પ્રભુના નામનો આવો મહિમા તેમણે ગાયો છે અને કહ્યું છે કે જો એ પવિત્ર મંત્રનું નામનું સ્મરણ તેમણે કર્યું હોત તો, તે નામનો મહિમા જ તેમનું અનેક સંકટોથી રક્ષણ કરતો હોત. તેમ તો રક્ષણ થતું જણાતું નથી. માટે આચાર્યજી એ તારણ પર આવ્યા છે કે તેમણે પૂર્વે પ્રભુનાં નામ અને તેના મહિમાને જાણ્યા નહોતા.

આજ કડીમાંથી આપણને એક નવા સંદર્ભમાં નવો ધ્વનિ નીકળતો જણાય છે. આ પૂર્વે પ્રભુના નામ કે તેનો મહિમા તેમણે જાણ્યાં નથી, તે ભલે સત્ય હોય, પણ હવે તો નામ-મહિમા તેમનાં રૂંવે રૂંવે પ્રસરી ગયો છે અને પ્રભુ પ્રત્યેની ભક્તિ તેની ઉત્તમતાએ પ્રગટી છે, તો તેનો પ્રભાવ ક્યાં જશે ? વર્તમાન ભક્તિ - લીનતાના ફળરૂપે આપણને નિશ્ચયથી લાગે છે કે, આવેલી આપત્તિનાં વાદળો પ્રભુ જરૂર વિખેરશે અને આચાર્યજીને શુભ નિમિત્તોની વચ્ચે લઈ જશે. આવી શુભ આશાનો ધ્વનિ અહીં અનુભવી શકાય તેમ છે. આચાર્યજી પ્રભુસ્મરણ રૂપ સ્તુતિના પ્રભાવથી આવેલી આપત્તિ પસાર કરી, સુસ્થાને અવશ્ય બિરાજશે એ અહીં સ્પષ્ટ સમજી શકાય છે.

જે કોઈ પ્રભુને સાચા ભાવથી સ્મરે, તે સર્વને માટે પણ તેમાં એટલી જ સત્યતા રહેલી છે. આ કડીની રચનામાં ક્રિયાપદ, કર્તા, આદિ વ્યાકરણની રચના એ પ્રકારની છે કે તે માત્ર તેને પોતાને જ અનુલક્ષીને રચાઈ હોય તેવી છાપ પડે, પણ તેના અર્થને અને સંદર્ભને તપાસતાં તે સર્વ કોઈને એકસરખી રીતે લાગુ પડી શકે તેવી છે. જે કોઈ સાચા ભાવથી પ્રભુનું સ્મરણ કરે તે આવેલી આપત્તિ તથા વિપત્તિથી મુક્ત થાય તે સિદ્ધાંત આ અને આ પછીની કડીઓમાં વિશદતાથી ગૂંથાયેલો જોવા મળે છે.

जन्मान्तरेऽपि तव पाद-युगं न देव !
मन्ये मया महितमीहित-दान-दक्षम् ।
तेनेह जन्मनि मुनिश ! परामभवानां
जातो निकेतनमहं मथिताशयानाम् ॥ ३६ ॥

હું માનું છું પ્રભુજી કદિયે સિધ્ધિને સાધનારા,
ચરણો તારા કદિ નવ પૂજ્યા દુઃખથી તારનારા,
પામ્યા ઊંચા હૃદયદળના આશયો સર્વનાશ,
તેથી આજે જીવનભરમાં હું થયો ઝું હતાશ !

● **<u>શબ્દાર્થ :-</u>**

જન્માંતરેઽપિ - પૂર્વના ભવોમાં, તવ - તમારા, પાદયુગં - ચરણયુગ્મ, દેવ ! - હે પ્રભુ, મન્યે - હું માનું છું, મયા - મારા વડે, મહિતં - પૂજ્યા, ન - નથી, ઈહિતદાનદક્ષમ્ - ઈચ્છિત ફળ પ્રદાન કરવામાં સમર્થ, નેનેહ - તે કારણે જ, ઈહ - આ, જન્મનિ - જન્મમાં જ, મુનીશ! - હે મુનિ, મથિતાશયાનામ્ - હૃદયને દળી નાખનારા, પરાભવાનાં નિકેતનમ્ - તિરસ્કારોનું કેન્દ્ર, અહં - હું, જાતઃ - બની ગયો છું.

● **<u>ભાવાર્થ :-</u>**

હે દેવ ! હું નિશ્ચયરૂપથી માનું છે કે મેં જન્મજન્માંતરમાં પણ ક્યારેય ઈચ્છિત ફળ આપવામાં સમર્થ તેવા તમારાં ચરણોની ઉપાસના કરી નથી. હે મુનીશ ! તે કારણે જ હું આ જન્મમાં હૃદયભેદી અસહ્ય તિરસ્કારોનું કેન્દ્ર બની ગયો છું.

● **<u>વિવેચન :-</u>**

પ્રભુ ! જન્માન્તરોમાં પણ મેં આપના ચરણોની ઉપાસના નથી કરી, પુજા નથી કરી... જો મેં કોઈ જન્મમાં આપના ચરણોની ઉપાસના કરી હોત તો કદાચ ઈચ્છિત ફળ પ્રાપ્ત થઈ જાત.

અહીં ચરણોનું ઘણું મહત્વ બતાવ્યું છે. જ્ઞાનની દૃષ્ટિથી આપણા શરીરમાં મસ્તકનું ઘણું મહત્ત્વ છે. કોઈપણ આવે, તે ચરણોમાં વંદના કરશે, માથું ટેકાવશે.. આ સંસ્કાર છે. આ સંસ્કારની સાર્થકતા પણ છે, કારણ કે ચરણોમાંથી ઉર્જા નીકળે છે. જેમણે સાધના દ્વારા ચરણો ને પવિત્ર કરી લીધા છે તેમની ઉર્જા માથા પર અડે છે તો શિષ્યનું કલ્યાણ થવાની સાથે - સાથે ઘણી બધી સમસ્યાઓનું સમાધાન પણ થઈ જાય છે.

આચાર્ય માનતુંગસૂરિએ પણ આદિનાથ ભગવાનની સ્તુતિના પ્રારંભમાં બે શ્લોકમાં ઋષભદેવના ચરણ-યુગલને જ પ્રણામ કર્યા છે.

'भक्तामर - प्रणत - मौलिमणि - प्रभाणा-
मुद्योतकंदलित - पाप तमोवितानम् ।'

सम्यक् प्रणम्य जिनपादयुगं युगादा -
वालम्बनं भवजले पततां जनानाम् ।। १ ।।

પ્રભો ! આપનાં ચરણ જન્મ-જન્માન્તરોમાં લાભ દેવાવાળાં છે. કલ્યાણકારી છે. એક સમય હતો, જ્યારે મૂર્તિને અપેક્ષાએ શરણન્યાસને વધારે મહત્ત્વ દેવામાં આવતું હતું. ભારતીય સંસ્કૃતિમાં પગલાંની સ્થાપનાનો ક્રમ ચાલતો હતો. જૈન પરંપરામાં જિનદત્તસૂરિની મૂર્તિઓ નહોતી, તેમના પગલાંઓની જ સ્થાપના કરવામાં આવી હતી. પગમાંથી ઉર્જા નીકળે છે તે ઉર્જા ઘણી શક્તિશાળી હોય છે.

અહીં કવિશ્રીએ આ પદમાં પ્રભુના પાદપદ્મ અર્થાત્ ચરણકમળ યુગલનો મહિમા મંડિત કર્યો છે. પરમાત્માના ચરણનું સામર્થ્ય એટલું પ્રચૂર છે કે મનુષ્યની ઈચ્છિત કામનાઓને પરિપૂર્ણ કરવા માટે જરાપણ અક્ષમ નથી. પરંતુ ઈચ્છિત પ્રદાન કરવામાં ચરણકમળ સ્વયં દક્ષ છે. જાણે એ દક્ષતા જ આ ચરણની દિવ્યતા છે. પરમાત્મા તો અનંતશક્તિના સ્વામી છે જ, પરંતુ ભક્ત માટે તેઓના ચરણ જ ઈચ્છિત વરદાન દેવા માટે પર્યાપ્ત છે. અન્યથા ઉક્તિ અલંકાર દ્વારા કહેવાયું છે કે જ્યારે ચરણકમળ જ દક્ષ છે તો પરમાત્માનું તો પૂછવું જ શું ?

અત્રે આચાર્યશ્રી સ્વયં પોતાને કેન્દ્રમાં રાખીને ઉપર્યુક્ત કથનની સ્પષ્ટ અભિવ્યક્તિ કરી રહ્યા છે. કહે છે કે હે દેવ ! હું માનું છું કે આપના ચરણકમળની મેં જન્મજન્માંતરમાં પૂજા કરી નથી અને તે પવિત્ર ચરણકમળો કે જે વિશ્વકલ્યાણના હેતુ છે તે પાવન પાદપદ્મને જ મેં હૃદયમાં ધારણ કર્યા નથી અને આ ક્રિયાના અભાવમાં હે મુનીશ ! હું આ જન્મમાં પરાભવ - તિરસ્કારનું ભાજન બન્યો છું તથા મારા બધાં સ્વપ્ન ચકનાચૂર થઈ ગયાં છે. આ રીતે ક્રિયાના અભાવનું સ્પષ્ટ પ્રતિફળ પ્રગટ કર્યું છે.

જે વિપત્તિ અને સંજોગોમાંથી આ ભવે આચાર્યજી પસાર થઈ રહ્યા છે, તે વિપત્તિ તેમના માટે કેવી કઠણ પુરવાર થઈ છે, તેનો ખ્યાલ આપણને આ કડીમાં થાય છે. આચાર્યજીને તેમના જીવનમાં અનેક પ્રકારનાં સંકટોમાંથી પસાર થવું પડ્યું હતું અને તેમના શિષ્ય થવું પડ્યું હતું. એવા બધા પરાભવના પ્રસંગોને ગૌણ ગણીએ, કારણકે તેનું પરિણામ શુભ હતું, પણ તે ઉપરાંતના કેટલાય એવા બીજા પરાભવના પ્રસંગોમાંથી તેમને પસાર થવું પડ્યું હતું કે જે વખતે હૃદય ભેદાય તેવી તીવ્ર પીડા ભોગવતી પડે, તેવી તીવ્ર વેદનામાંથી પસાર થવું પડ્યું હતું. વધુમાં વધું આકરી કસોટી તો, આત્મદશાને સાચવી, વિશેષ ઉચ્ચ કરતા જઈને, જૈનસંઘની બહાર

બારબાર વર્ષનો ગાળો પસાર કરવામાં રહેલી જણાય છે. એ રીતે વિચરતાં વિચરતાં અનેક પ્રકારના અન્ય ધર્મીઓના સંપર્કમાં આવવું પડે, વળી તેઓની વિપરીત કે ખોટી માન્યતાઓની વચ્ચે રહી, પોતાની દશા તથા પોતાની ઉચ્ચ ભાવના એવી રીતે જાળવવાં કે તેઓની સામે સંઘર્ષમાં ઊતરવું ન પડે અને આ રીતે રહેવું એ ખરેખર હૃદય ભેદાઈ જાય તેવા પરાભવના પ્રસંગમાંથી પસાર થવા બરાબર છે.

આ પ્રકારના આકરા પ્રસંગોમાંથી પસાર થતી વખતે આચાર્યજી ને તીવ્ર વેદના થતી હતી. આ સ્તોત્રની રચના થઈ તે વખતે જ તેઓ શિવમંદિરમાં રાજા સમક્ષ ઉપસ્થિત હતા. તે વખતે રાજા અને ઉપસ્થિત લોકોની ભાવના એવી હતી કે આચાર્યજી શિવને ભાવપૂર્વકના નમસ્કાર કરે, તે વખતે શિવથી અતિ અતિ ઉચ્ચદશાએ બિરાજમાન અને સમર્થ શ્રી પાર્શ્વનાથ પ્રભુ આચાર્યજીના હૃદયમંદિરમાં રમતા હતા. આવા પ્રભુને છોડી તેઓ શિવને નમસ્કાર કઈ રીતે કરે ? નમસ્કાર ન કરે તો રાજા અને લોકોનો રોષ વહોરવો પડે, એટલું જ નહિ ઉપસર્ગનો ભોગ બનવાનો પણ પ્રસંગ આવે, જો નમસ્કાર કરે તો પ્રભુની આશાતના કરવા ઉપરાંત પોતાના આત્માને દુઃખી કરવો પડે અને ભાવિનાં અનકે સંકટ ઊભાં થાય. આમ આ દ્વિધાની પરિસ્થિતિ ખરેખર હૃદય છેદાઈ જાય અને જે તીવ્ર પીડા થાય તેવી તીવ્ર પીડા આપનારી આચાર્યજીને માટે હતી. આ એક જ પ્રસંગ તેમના જીવનમાં બન્યો હશે એમ કહી શકાય નહિ. વીતેલાં સાત વર્ષના લાંબા ગાળામાં અનેકવાર આ પ્રકારની મુશ્કેલીમાંથી તેમને પસાર થવું પડ્યું હશે અને અતિ દારુણ વેદના પણ ભોગવવી પડી હશે. આવા બધાં અનેક પ્રકારે કષ્ટો તથા તીવ્ર વેદના આપનારા પ્રસંગોની પરંપરામાંથી પસાર થતાં આચાર્યજીને ખરેખ પ્રશ્ન થયો હશે કે આવી બધી પીડા અને વેદના ભોગવવી પડે છે તેનું કારણ શું ?

પીડા અને વેદના આવવાનું મૂળ કારણ કયા રહ્યું છે તે તેમણે આ કડીની પહેલી બે પંક્તિઓમાં વ્યક્ત પણ કર્યું છે. જ્યારે ઉત્કૃષ્ટ ભક્તિ જાગી અને તેનું પરિણામ માણ્યું, તેના અનુસંધાનમાં આવતી વિપત્તિઓનું કારણ પણ તેમને સમજાઈ ગયું અને ભાવિમાં એ કારણ નિર્મૂળ કરવા માટે તેમણે ભવ્ય પુરુષાર્થ પણ આદર્યો.

આ પદમાં પ્રભુને બે વાર સંબોધન કરીને પોતાના કથનની પુષ્ટિ કરી છે. પૂર્વમાં પણ આપણે સંબોધનમાં વિષયનો ઉલ્લેખ કર્યો છે. જ્યારે ભક્ત હૃદય વિહવળ થાય છે ત્યારે ફરી ફરી પ્રભુને સંબોધન કરવા લાગે છે. અહીં પણ આચાર્યશ્રીની વિહ્વળતા પ્રગટ થઈ છે. બે વાર તેઓએ 'દેવ અને મુનીશ' કહીને સંબોધ્યા છે. પૂર્વજન્મોમાં અર્થાત્ જન્માંતરમાં તો પ્રભુ દેવના રૂપમાં અગોચર રૂપથી જોવાતા હતા, પરંતુ વર્તમાન જન્મમાં તો પરમાત્મા સ્પષ્ટરૂપે મુનિઓના અધિષ્ઠાતા છે અને મુનિઓની રક્ષા કરવાનો ભાર પણ પ્રભુ પર જ છે એટલે 'મુનીશ' કરીને સંબોધ્યા છે. બને સંબોધન પ્રભુને લક્ષ્યમાં રાખીને વ્યક્ત કરાયાં છે, છતાં બંને સંબોધનમાં સમજવા યોગ્ય મૌલિક અંતર છે.

પૂ. જયંતમુનિજી મ.સા. કહે છે કે, "આખું પદ 'નિજદોષ દર્શનરૂપ ભક્તિ'નું અનુપમ કાવ્ય છે. ભક્તિની સાથે આચાર્યશ્રીની કાવ્યકળા પણ મધુર ભાવોને વેરે છે."(૪૧)

'મથિતાશય' શબ્દમાં સૂક્ષ્મ આધ્યાત્મિક ભાવોની અભિવ્યક્તિ થઈ છે. આશય શબ્દ ઈચ્છા, કલ્પના કે કોઈ વિશેષ પ્રકારની ભાવનાનું કથન કરે છે. જે ભાવને મનુષ્ય સાંગોપાંગ સ્વીકારી લે છે ત્યારે તે આશય બની જાય છે. જો આશય જ્ઞાનાત્મક કે ગુણાત્મક છે તો આત્માની પોતાની સંપત્તિ છે, પરંતુ આશય તૃષ્ણા કે વાસનાત્મક હોય ત્યારે વિભાવરૂપ વિકારની સંપત્તિ છે. માટે આશયમાં પણ સદાશય કહેવું આવશ્યક છે. પરાભવથી કે અન્ય વ્યક્તિથી તિરસ્કૃત થતાં ભક્તને પોતાના આશયને માટે ઉપસર્ગ થાય છે, પરંતુ ભક્ત તે આશયને છોડતો નથી, ઊલટો પ્રભુભક્તિમાં વધારે પરાયણ બને છે.

આ પદમાં પણ કવિશ્રી સ્વયં પોતાની એવી પરિસ્થિતિ વ્યક્ત કરે છે. નિજ સદ્‌વિચાર પર પ્રહાર થઈ રહ્યો છે, પરંતુ તેઓ જરા પણ વિચલિત ન થતાં પરમાત્માને સાક્ષી માનીને જન્માંતરના પોતાના અભક્તિરૂપ દોષનો સ્વીકાર કરે છે અને આશ્ચર્ય પણ વ્યક્ત કરે છે કે હે દેવ ! આ જન્મમાં જો ફજેતી થઈ રહી છે તે કર્મની લીલા છે. મારા આશયનું મંથન થઈ રહ્યું છે પરંતુ પરોક્ષ રીતિથી કહી રહ્યા છે કે આપની ઉપસ્થિતિમાં હવે હું આ સદાશયથી વિમુક્ત થઈશ નહિ. પરાભવની પ્રબળતા અવશ્ય છે, પરંતુ ભક્તની નિર્બળતા સંગ્રામનું શ્રેષ્ઠ હથિયાર છે. ભગવાન સમક્ષ અહંકાર છોડીને જ્યારે ભક્તિ સંચાર થાય છે. ખૂબ અટપટી કથા છે, પરંતુ ભક્તની હાર્દિક ભાવના ભક્તિનો શૃંગાર છે.

પૂર્વના શ્લોકથી જે વિષયનો આરંભ થયો છે, જેમાં સ્વપશ્ચાતાપનું રેખાંકન થયું છે તેના અનુસંધાનમાં આ પદ પણ પ્રસ્તુત કરેલ છે અને ભક્તિ અભાવનો એક ક્રમ સ્થાપિત કર્યો છે. પૂર્વમાં પરમાત્મત્‌નાં નામ-ગોત્ર શ્રવણ ન કરવાનો પશ્ચાત્તાપ છે, જ્યારે આ પદમાં પરમાત્માના ચરણની ઉપાસનાનો અભાવ વ્યક્ત કર્યો છે. ભક્તિ ક્રમશઃ અગ્રેસર બને છે. નામ-મંત્રના ગ્રહણ પછી શ્રદ્ધાસ્પદ વ્યક્તિ ચરણપૂજામાં પણ સંલગ્ન થઈ જાય છે. આમાં માત્ર અભક્તિનું પ્રદર્શન નથી, પરંતુ તેના કુપરિણામનું પણ આખ્યાન સાથે સાથે કરેલ છે. તથા એક કારણ-કાર્યની એક શૃંખલા વ્યક્ત કરી છે. જેમ સારા કારણના સેવનથી સારું કાર્ય સંપન્ન થાય છે, પરંતુ સારી પ્રણાલીની ઉપેક્ષા કરવાથી તેનું પરિણામ પણ સારું આવતું નથી. સાધારણ સ્તરે આ પ્રકારનાં કાર્ય-કારણની શૃંખલા દૃષ્ટિગોચર થાય છે. જો કોઈ પાપપુણ્યનો વિચિત્ર સંયોગ સંબંધિત હોય ત્યારે ઉપર્યુક્ત કાર્યપ્રણાલીનું વિખંડન પણ થાય છે. અત્રે આચાર્યશ્રીના કહેવાનું તાત્પર્ય છે કે પૂર્વજન્મમાં આપણે કોઈ સાધનાનાં બીજ રોપ્યાં નથી, જે પલ્લવિત થતાં આપણી સુરક્ષા થાય, તેમ ન થતાં અમંગળ તત્ત્વોએ મને અપમાનનું ભાજન બનાવ્યો અને મારો આ જન્મ મારી સાથે ક્યારનોય પ્રતિકૂળ આકાર લઈ રહ્યો છે તથા મારી શુદ્ધ ભાવના એક પ્રકારે હરાઈ ગઈ છે. પ્રતિકૂળ સંયોગો મારું દમન કરી રહ્યા છે. પરોક્ષ રીતિથી કવિ જાણે પ્રભુને ઉપાલંભ આપી રહ્યા છે. ભલે પૂર્વજન્મમાં મેં આપનું શરણું લીધું નથી, પરંતુ આ જન્મમાં તો હું આપનો શરણાગત છું, છતાં મારી આવી અવદશા ? આ ઉપાલંભને આગળનાં પદોમાં જાળવી રાખ્યો છે.

नूनं नमोहतिमिरावृत-लोचनेन
पूर्वं विभो ! सकृदपि प्रविलोकितोऽसि ।
मर्माविधो विधुरयन्ति हि मामनर्थाः
प्रोद्यत्प्रबन्ध-गतयः कथमन्यथैते ? ॥ ३७ ॥

ટાંકેલા છે નયન પ્રભુજી મોહના અંધકારે,
તેથી જોયા નવ કદિ પ્રભુ આપને કો'પ્રકારે,
મારાં કર્મો અતિશયપણે ઉગ્રતા રે બતાવે,
તેથી તેઓ પ્રભુજી મુજને સર્વ રીતે સતાવે.

● **<u>શબ્દાર્થ :-</u>**

નૂનં - ખરેખર, નિશ્ચયથી, ન - નથી, મોહતિમિરાવૃત લોચનેન - મોહરૂપી અંધકારથી જેના નેત્રો ઢંકાયેલા છે એવા મને, પૂર્વ - પહેલા, વિભો ! - વિભુ, સકૃદપિ - એકવાર પણ, પ્રવિલોડકૃતોડસિ - આપના દર્શન કર્યા, અન્યથા - અન્યથા, એ તે - આ, પ્રોદ્યત્ પ્રબન્ધગતયઃ - તીવ્રગતિથી વિસ્તાર પામવાવાળા, મર્માવિધો - મર્મભેદી, મામ્ - મને, અનર્થા :- અનર્થો, કથમ્ - કેમ, વિધુરયન્તિ - પીડિત કરી શકે ?

● **<u>ભાવાર્થ :-</u>**

હે પ્રભો ! ખરેખર મોહાન્ધકારથી મારી આંખો બંધ થયેલી હતી, તેથી એકવાર પણ મેં આપનું દર્શન કર્યું નથી. જો કર્યું હોત તો અત્યંત તીવ્રગતિથી વિસ્તાર પામનાર આ મર્મભેદી અનર્થો મને કેમ પીડિત કરેત ?

● **<u>વિવેચન :-</u>**

વિહ્વળ ભક્તિ ક્રમશઃ અગ્રેસર થઈ રહી છે. ભક્તિનાં સુપ્રસિદ્ધ ત્રણ સોપાન સર્વત્ર માન્ય છે. (૧) નામ શ્રવણ (૨) ચરણ ઉપાસના (૩) પ્રભુદર્શન.

અબોધ જીવ જ્યારે પવિત્ર નામનું શ્રવણ કરે છે ત્યારે તેને શાંતિની જે અનુભૂતિ થાય છે તે ભક્તિબીજ હૃદયમાં રોપાય છે. ત્યારબાદ તે પવિત્ર ચરણોનો ઉપસાક બને છે, ભક્તિના દ્વિતીય સોપાન પર આરૂઢ થાય છે અને જ્યારે પ્રભુનાં દર્શન કરે છે ત્યારે સંતુષ્ટ થઈને તૃતીય સોપાન પર બિરાજિત થઈને પ્રસન્નતાથી ઝૂલે છે, પરંતુ અહંકારથી પરિપૂર્ણ બુદ્ધિમાન વ્યક્તિને ઉપદ્રવ થાય છે ત્યારે તે પરમાત્માનો આશ્રય લે છે અને પૂર્વમાં ભક્તિ કરી નથી તેની મનોમન

આલોચના કરે છે. માનસિક સંવેદના થાય છે અને તે બોલી ઊઠે છે કે હે નાથ ! મેં પૂર્વે આપની ભક્તિનાં ક્રમશઃ ત્રણેય સોપાનોની અવલેહના કરી છે એટલે આજે હું વિપરીત પરિસ્થિતિનું કેન્દ્ર બની ગયો છું અને અનર્થકારી તત્ત્વ મારું મર્મછેદન કરી રહ્યાં છે. આ ભૂમિકા પર આગળના ૩૭ માં પદનું કવિશ્રીએ ગાન કર્યું છે અને સરળ રીતિથી સ્વદોષ નિરૂપણ કર્યું છે, જે ભક્તિક્ષેત્રનું પ્રધાન અંગ છે.

દર્શન અર્થાત્ પ્રભુદર્શન, ગુરુદર્શન, સંતદર્શન - આ ભારતીય સંસ્કૃતિ અથવા સમગ્ર ધર્મસંસ્કૃતિનો મૂળ મંત્ર છે. કરોડો લોકો દર્શનની ભાવનાથી તીર્થયાત્રા કરે છે, તે લોકો દર્શનથી વંચિત રહી જાય છે કે જેમના નયન મોહરૂપી ગાઢ અંધકારથી આવૃત્ત છે. અર્થાત્ ઢંકાયેલાં છે. એવા લોકો પણ છે કે જેઓ મોહની પ્રબળતાથી દર્શનની ભાવના જ રાખતા નથી. ગમે તે હો દર્શન ન કરવા તે ઘોર અંતરાય છે. આ એવો અંતરાય છે કે જે દૃષ્ટિશુદ્ધિ થવા દેતો નથી. કવિશ્રીએ 'નૂનં' કહીને એક વાસ્તવિક સ્થિતિનું ઉદ્‌ગાન કર્યું છે.

'मोह तिमिरावृत लोचन' સામાન્ય મનુષ્યના મન પર મોહરૂપી અંધકારનો પ્રભાવ હોય છે, જેથી તેમની આંખો વાસ્તવિક દર્શનથી દૂર રહે છે અને રૂપાદિ વિષયોમાં પ્રવૃત રહે છે. આ પદનો સામાન્ય ભાવ દૃષ્ટિ ગોચર થાય છે તથા મનુષ્યના આરંભિક આત્મોત્થાનમાં બાધક બને છે. આ અંતર્ગત મોહ સામાન્ય માટે નથી. જૈન તત્ત્વજ્ઞાનમાં તેની વિશદ્ વ્યાખ્યા કરતાં શાસ્ત્રકારો એ મોહને બે ભાગમાં વિભક્ત કર્યો છે. એક દૃષ્ટિમોહ કે જેને મિથ્યાત્વ મોહ કહે છે. આવા ભોગાત્મક મોહને શાસ્ત્રીય ભાષામાં ચારિત્ર મોહ કહે છે. એક મોહ મનુષ્યની સાચી સમજણનું અપહરણ કરે છે, માર્ગનું સાચું જ્ઞાન જ થવા દેતો નથી એટલે તેને દર્શનમોહ કહે છે, જે ભારે ઘાતક છે અને જીવાત્માને સત્યથી દૂર રાખે છે. વાસ્તવિક તત્ત્વદર્શન થવા દેતો નથી. ક્ષણભંગુર પદાર્થો પ્રત્યે જ તેની દૃષ્ટિ સીમિત રહે છે. જેમ અંધ વ્યક્તિ પદાર્થની સત્તાને જોઈ શકતી નથી, તેવી રીતે આ દૃષ્ટિમોહ માનવ-લોચનને ઘેરી લે છે. આ દૃષ્ટિમોહ પરમાત્મા જેવા પરમ ઉપકારી દેવાધિદેવના દર્શનથી પણ મનુષ્યને દૂર રાખે છે. આ કોઈ આશ્ચર્ય નથી.

જ્યારે બીજો મોહ ભોગાત્મક હોવાથી ભોગોથી વિરામ લેવા દેતો નથી. જેઓના નેત્રો ખુલ્લા નથી તે લોકો જ ભોગ - ઉપભોગ પ્રણાલીમાં નિરંતર ફસાયેલા રહે છે. તેમને અવકાશ ક્યાં છે ? જે મોહથી વ્યાવૃત થઈ પરમાત્માનાં મંગળ દર્શન કરે છે, તે મોહ પણ ભટકાવનાર છે. આચાર્યશ્રી 'मोहावृत लोचन' કહેલ છે. આમાં બંને પ્રકારના મોહનો સંશ્લેષ છે. દૃષ્ટિમોહના કારણે પરમાત્માથી દૂર રહીને અત્યાર સુધી મોહના રમણતા કરી છે અને હકીકતમાં મેં આપને જ્ઞાનદૃષ્ટિથી જોયા જ નથી અને સ્થૂળ દર્શનથી પણ દૂર રહ્યો. સાધનાનો પ્રબળ અભાવ મારી મર્માન્તિક પીડાનું કારણ બનેલ છે.

અત્રે ઉભયમોહે લોચનને અર્થાત્ દર્શનને આવૃત કરી દીધાં છે. આચાર્યશ્રી આશ્ચર્ય વ્યક્ત કરે છે કે મેં એકવાર પણ આપનું વિલોકન કર્યું નથી. અત્રે 'सकृदपि' શબ્દ એક પ્રકારે ગંભીર રહસ્ય બતાવે છે. એકવાર પણ પ્રભુનાં દર્શન થાય તો પછી બાકી શું રહે છે ? પ્રભુનાં

એક વારના દર્શન પણ અનંત વારના દર્શનનું કારણ બને છે. આ એક વાર તે કોઈ સામાન્ય એક વાર નહીં પરંતુ અસંખ્યવાર દર્શનની પ્રાપ્તિ થાય તેના કારણરૂપ પ્રથમના એક વારનાં દર્શન છે. હે વિભુ ! મેં પૂર્વમાં એકવાર પણ આપને જોયા નહીં. એક વારનાં દર્શનથી સમ્યક્‌દર્શનની પ્રાપ્તિ થાય છે. પરમાત્માના એક વારનાં દર્શન પણ મામૂલી દર્શન હોતાં નથી. આ પ્રથમદર્શન પરમાત્માના ઘર સુધી જીવને લઈ જાય છે. દુઃખ એ વાતનું છે કે પૂર્વમાં એક વાર પણ આપના દર્શન થયા નથી.

આચાર્યશ્રીએ પ્રમાદનો મુખ્યરૂપે સ્વીકાર કર્યો છે અને કહે છે કે મેં આપને એકવાર પણ જોયા નહિ, એકવાર દર્શન કર્યા પછી વારંવાર દર્શનની આવશ્યકતા રહેતી નથી. આ એક એવી જડીબુટ્ટી છે કે જે એકવાર ખાવાથી તમામ રોગોનો નાશ કરે છે. આ એક એવું અમૃતબિંદુ છે કે જેનું એકવાર પાન કરવાથી ભવોભવની તરસ છિપાવી દે છે. આ એક એવું રામબાણ છે કે જે એક જ પ્રહારથી શત્રુનું જડમૂળથી સમાપ્ત કરી દે છે. તો હે વિભુ ! મેં એકવાર પણ આપના દર્શન કર્યા હોત તો સમગ્ર વિપરીત પરિસ્થિતિનો અંત આવી જાત.

પરંતુ, આ જન્મ-જન્માંતરની ભૂલ છે કે એકવાર પણ ભૂલને સુધારવાનો અવસર પ્રાપ્ત ન થયો કેમ કે મારી નયનપંક્તિ મોહરૂપી અંધકારથી વ્યાપ્ત હતી. ભયંકર મોહરાજાએ મને ઘેરી લીધો હતો. આજે આપનું વિરાટ દર્શન મને પ્રાપ્ત છે તે પૂર્વે આ દર્શનને એકવાર પણ પ્રાપ્ત ન કરી શક્યો ! આ કેટલું દુઃખદ આશ્ચર્ય છે ! આપનું એક વખતનું દર્શન પણ હજારો કર્મબંધનોને છેદવા પર્યાપ્ત છે, તો પછી પુનઃ દર્શનની તો વાત જ શું કરવી ?

કાવ્યમાં લોકનની જગ્યા એ 'प्रविलोकन' લખ્યું છે. લોકન શબ્દ નિરીક્ષણના અર્થમાં છે. કોઈપણ વસ્તુને સામાન્ય રૂપે જોવી લોકન કહેવાય છે. વિલોકનમાં પદાર્થના વિશેષ ગુણનો સમજવાના તથા પછી આદરપૂર્વક દૃષ્ટિથી જોવા તે 'વિલોકન' છે. વિલોકન એક પ્રકારે તત્વદૃષ્ટિ છે, તેવી રીતે 'પ્રલોકન' શબ્દ પણ દેખનાર દૃષ્ટાનો ભાવ પણ પ્રગટ કરે છે. કવિશ્રીએ અહીં 'विलोकन' અને 'प्रलोकन' બંનેનો ઉપયોગ કરીને એક અપૂર્વ ભાવાત્મક સ્થિતિનું આખ્યાન કર્યું છે. તત્વદૃષ્ટિથી પરમાત્માનાં દર્શન કરવા તે વાસ્તવિક દર્શન છે.

કવિશ્રી આ સંવેદનના માધ્યમથી જાણે એક આશ્ચર્ય ઉત્પન્ન કરે છે. એટલું જ નહીં, પરંતુ ભાવપૂર્ણ દર્શનના અભાવનો શો પ્રતિભાવ હોય છે તેનું એક સૈદ્ધાંતિક વિશ્લેષણ પણ કરી રહ્યા છે અને સાથે સાથે પરોક્ષ રીતિથી એક ઐતિહાસિક દુર્ઘટનાનો પણ આભાસ આપી રહ્યા છે.

પ્રબળ દર્શન પ્રક્રિયાનું મેં અવલંબન ન લીધું તેનું પ્રતિફળ સ્વયં અર્થાત્ મર્મદર્શન કરનાર પીડાદાયક કઠોર ફળ મળ્યું છે, જે એક પ્રકારનો અનર્થ છે. મર્મ શબ્દ રહસ્યવાચક છે. ગૂઢ, ગંભીર, અસહ્ય અને અકથ્ય ભાવોનો ઘોક મર્મ શબ્દ છે. સાથે સાથે મર્મ શબ્દ

તાત્પર્યવાચક પણ છે. કોઈપણ કથનનું રહસ્યનું છે, લક્ષાર્થ શું છે તેને સમજવું તે મર્મભાવોને ગ્રહણ કરવા કહેવાય છે. કેવળ પરિસ્થિતિની જ સમાલોચના ન કરતાં તેનાં ગૂઢ કારણોની પણ સમીક્ષા કરવી મર્મ દૃષ્ટિ છે. મનુષ્યની સમગ્ર પ્રવૃત્તિ કોઈ એક આંતરિક બિંદુ પર આધારિત હોય છે અને વ્યક્તિ સ્વયં તેનો સાક્ષી હોય છે. આ મર્મ પર કોઈ પ્રહાર કરે ત્યારે પ્રહાર કરનાર મર્મભેદક કે મર્મછેદક, મર્મહન્તા બને છે. આઘાતજનક સ્થિતિનું આખ્યાન કરવું પણ સંભવ હોતું નથી ત્યારે વ્યક્તિ માર્મિક પીડાની ભાજન બને છે.

અહીં આચાર્યશ્રી સંસારસાગરમાંફસાયેલ ભક્તમાત્રની પરિસ્થિતિનું વિવરણ કરે છે. આચાર્યશ્રી એક એવી વિપરીત દુઃખપ્રદ સ્થિતિનો સામનો કરી રહ્યા છે કે જે તેમના માટે મર્મભેદક છે. ભક્ત પોતાની નિંદા કે પીડાથી એટલો દુઃખી નથી થતો, જેટલો આરાધ્યદેવની નિંદા કે પ્રતિભાવથી તે દુઃખી થાય છે. આ પીડા તેના માટે મર્મછેદક છે. આરાધ્યનું સ્થાન અંતઃસ્થળ છે. રોમ-રોમમાં તેઓની દિવ્ય મૂર્તિ આચ્છાદિત છે. તેના માટે થોડો પણ કોઈ વિપરીત પ્રહાર ગૂઢવેદના પ્રગટ કરે છે. જે વેદના મર્મ સ્થળને સ્પર્શ કરે છે. પોતાના આરાધ્ય દેવાધિદેવ અને તેઓ દ્વારા પ્રાપ્ત જૈનદર્શનના ગંભીર જ્ઞાનને કોઈ દુર્બુદ્ધિ તત્ત્વો પ્રતાડિત કરી રહ્યા છે અને જબરદસ્તીથી આક્ષેપવિક્ષેપ કરીને મહાન આત્માને પીડિત કરી રહ્યા છે, જે આક્ષેપ અનર્થનાં મૂળ છે એ કેવલ મિથ્યા લાંછનરૂપ છે. કવિ કહે છે કે આ અનર્થકારી મિથ્યાભાવ મને ચલાયમાન કરે છે. જાણે મારા જ્ઞાનાત્મક સૌભાગ્યનું અપહરણ કરે છે અને મને તો ઠીક, સમગ્ર દર્શનને કલંકિત કરે છે. આ મર્મસ્થળી વેદનાને તેઓએ 'વિધુરયન્તિ' કહીને ક્રિયાત્મકરૂપે વ્યક્ત કરી છે.

અત્રે કવિશ્રી અનર્થ પ્રહારનો ઉલ્લેખ કરીને પોતાની સંવેદનાને પ્રગટ કરે છે અને સાથે સાથે નિજ કર્મદોષ સિવાય પૂર્વ સમયમાં પરમાત્માનું ભાવપૂર્વક દર્શન કરેલ નથી તથા પોતાની ભક્તિના અભાવને પણ અનર્થ પ્રકારનું કારણ માને છે તથા આશ્ચર્ય પણ કરે છે કે જો મેં ભક્તિ કરી હોત તો આવો અનર્થ ક્યાંથી ઉદ્ભવી શકે ? ભક્તિ કરી નથી તેનું આ પરિણામ છે. 'अन्यथा कथं ऐते अनर्थाः ।' અન્યથા શબ્દ શરતચૂક છે. એક પ્રકારે અપેક્ષવાચી છે. સારા વૈદ્યની ઉપસ્થિતિ આવશ્યક છે. અન્યથા રોગીનું મૃત્યુ થઈ શકે છે. સારો વરસાદ પડવો જોઈએ, અન્યથા પ્રાણીઓ ભૂખથી મૃત્યુ પામી શકે છે. સુરક્ષાનો પ્રબંધ ન કર્યો, અન્યથા દુષ્ટોને અવસર ક્યાંથી મળે ? અથવા ચોર હાનિ કેવી રીતે પહોંચાડી શકે ? સદ્ગુરુનું શરણ લીધું નહિ, અન્યથા હું જ્ઞાનથી વંચિત કેવી રીતે રહેત ! આ રીતે 'અન્યથા' શબ્દ કોઈ એક વિશેષ પરિસ્થિતિની અપેક્ષાવાળો છે.

કાવ્યમાં વિલક્ષણ અપેક્ષા પ્રગટ કરી છે. મેં આપના ભાવપૂર્ણ દર્શન ન કર્યા, અન્યથા આ અનર્થ કેવી રીતે પ્રબળ વેગથી પ્રહાર કરી શકે ? 'અન્યથા' માં કારણકાર્યની વ્યાપ્તિ નિશ્ચિત નથી, પરંતુ વ્યવહાર દૃષ્ટિથી બે ઘટનાનો સાંયોગિક સંબંધ છે. એવી બે ઘટના કે જે પરસ્પર વિગુણાત્મક છે. એક સાથે ઘટિત થતી નથી. એકનો અભાવ બીજી ઘટનાનું સૂચક

છે. રાજાની આજ્ઞા ન માની, અન્યથા મૃત્યુદંડ ન મળત. વ્યાવહારિક આપેક્ષિક કારણ બતાવવામાં આવે છે, પરંતુ તે નિશ્ચિત સિદ્ધાંત નથી. અન્યથા પ્રમાણમાં એક સત્યનો આભાસ પ્રગટ થાય છે.

આજ મારી દુર્દશા થઈ છે, કારણ કે ભક્તિ કરી નથી, અન્યથા આવો અવસર ન આવત. અત્રે 'અન્યથા' વિષાદની અભિવ્યક્તિ કરે છે. પશ્ચાત્તાપની પુનરુક્તિ છે. પશ્ચાત્તાપ પણ ભક્તિનું એક અંગ છે. દોષનો સ્વીકાર કરીને સદાચરણ નહીં કરવાનો પશ્ચાત્તાપ કરવો - આ ભક્તિનું એક અનોખું અંગ છે. જૈનશાસ્ત્રોમાં તો 'ખામેમિ' કહીને ક્ષમાયાચનાની સાથે સાથે સ્વકૃત અપરાધનો પશ્ચાત્તાપ પણ કરે છે. કવિશ્રીએ 'અન્યથા' કહીને ઘોર પશ્ચાત્તાપ કર્યો છે. 'कथं' શબ્દ પણ એટલો જ મહત્ત્વપૂર્ણ છે. 'कथं' પ્રભુ પ્રત્યે અપાર શ્રદ્ધાને વ્યક્ત કરે છે.

કવિશ્રીએ આ પદમાં ભક્તિયોગને એક અદ્‌ભુત છટાથી કાવ્યભાવમાં પ્રદર્શિત કરીને માનવીય જીવનની દુઃખાત્મક સ્થિતિનું માત્ર વર્ણન જ કર્યું નથી, પરંતુ તેના મૂળભૂત કારણના રૂપમાં પરમાત્માની દૂરી જ જીવના દુઃખદ સંયોગનું કારણ છે તેની અભિવ્યક્તિ કરી છે.

आकर्णितोऽपि महितोऽपि नीरिक्षितोऽपि
नूनं न चेतसिमया विधृतोऽसि भक्त्या ।
जातोऽस्मि तेन जनबान्धव ! दुःखपात्रं
यस्मात् क्रियाः प्रतिफलन्ति न भावशून्याः ॥ ३८ ॥

પૂજ્યા જોયા પ્રભુજી તમને સાંભળ્યા મેં કદાપિ,
નિશ્ચે મારા મનમહિં અહા મેં ન ધાર્યા તથાપિ,
તેથી આજે દુઃખરૂપ ફળો ભોગવું નાથ તેના,
સાચું છે કે મન વગરની ભાવનાઓ ફળે ના.

● **<u>શબ્દાર્થ :-</u>**

આકર્ણિતોઽપિ - મેં આપને સાંભવ્યા હશે, માહિતોઽપિ - પૂજ્યા હશે, નિરીક્ષતોઽપિ - અને દર્શન પણ કર્યા હશે, નૂનં - નિશ્ચયથી, મયા - મેં, ચેસિ - ચિત્તમાં, નિવધૃતોઽસિ - ધારણ કર્યા નથી, ભક્ત્યા - ભક્તિથી, જાતોસ્મિ - થયો છું, તેન - તેને કારણે, ક્રિયા - ક્રિયાઓ, જનબંધાવ ! - હે જનબંધુ, દુઃખપાત્રં - દુઃખનું પાત્ર, યસ્માત્ - જે કારણે, ન પ્રતિફ્લન્તિ - સફળ થતી નથી, ભાવ શૂન્યા :- ભાવરહિતની.

● **<u>ભાવાર્થ :-</u>**

હે જગબંધુ ! મેં ભૂતકાળમાં ક્યારેક આપનું નામ સાંભળ્યું હશે, ઉપાસના કરી હશે અને આપનાં દર્શન પણ કર્યા હશે, પરંતુ ભક્તિભાવથી આપને હૃદયમાં ધાર્યા નહિ, તેથી જે આજે હું દુઃખનું ભાજન બન્યો છું, અને તેથી જ તાત્પર્ય એ છે કે ભાવશૂન્ય ક્રિયાઓ સફળ થતી નથી.

● **<u>વિવેચન :-</u>**

આગલા શ્લોક સુધી પ્રભુદર્શન ન કર્યું તો પશ્ચાત્તાપ હતો, પરંતુ વધુ વિચારતાં જણાય છે કે, મેં દર્શન કર્યા હશે... પરંતુ...

આચાર્યશ્રી કહે છે મેં પ્રવચનો પણ સાંભળ્યાં છે અને મેં દર્શન પણ કર્યા છે, પરંતુ લાગે છે કે બધું કરવા છતાં પણ મેં મારા ચિત્તમાં દેવાધિદેવની પરમ જ્યોતિર્મય મૂર્તિને ધારણ કરી નથી. આ ક્રિયાઓમાં મેં ભક્તિરસ રેડ્યો નથી, ધારણ કર્યો પણ છે તો 'વિધૃતો' અર્થાત્ વિશેષરૂપથી તન્મય થઈને ભક્તિપૂર્વક ધારણ કર્યો નથી. બધી ક્રિયાઓ કરવા છતાં પણ હું વાસ્તવિક સ્થિતિથી વંચિત રહ્યો. શરીરથી ક્રિયાઓ કરી, પરંતુ ચિત્ત ખાલી રહ્યું ! ચિત્ત એટલે

ચૈતન્ય. ચિતમાં સ્થાપના થઈ. કવિશ્રી 'નૂનં' કહીને આ કથન પર ભાર મૂકે છે અને હકીકતમાં જાણે ક્રિયાની વ્યર્થતા પ્રગટ કરે છે.

અત્યાર સુધી જે ક્રિયાઓને ભક્તિ માનીને તેનો ઉલ્લેખ કર્યો હતો તે ત્રણેય ક્રિયાકલાપોને ભક્તિની કક્ષામાંથી બહાર મૂકી દીધેલ છે અને તે બધી ક્રિયાઓ કેવલ અર્થહીન શૂન્યક્રિયા બની જાય છે. તે ભક્તિની કોટિમાં પણ આવતી નથી. બાહ્ય ક્રિયાકલાપ એક પ્રકારે દંભ માત્ર બની જાય છે. ક્રિયાનું બાહ્ય સ્વરૂપ બરાબર હોવા છતાં પણ તેમાં પ્રાણનો અભાવ હોય છે. જાણે એક પ્રકારે અચેતન ક્રિયા બની જાય છે. નાટકની રંગભૂમિ પર સાધુવેશ ધારણ કરીને કોઈ કુશળ નટ આબેહૂબ સાધુનું દૃશ્ય પ્રસ્તુત કરે છે અને તે સાધુ પ્રત્યે ભક્તિ અર્પણ કરનારાઓનું દૃશ્ય પણ અનુપમ હોય છે, પરંતુ દર્શક પણ જાણે છે અને નટ પણ જાણે છે કે આ બધું માત્ર નાટક છે. સાધુમાં સાધુતા નથી અને ભક્તોમાં ભક્તિ નથી કેમ કે ત્યાં વાસ્તવિક ભાવોનો અભાવ છે.

અત્રે કવિશ્રીએ 'चेतसि' કહ્યું છે. ચિત્તમાં ધારણ કર્યા નથી. હકીકતમાં જ્યાં સુધી સમ્યક્ દૃષ્ટિ થતી નથી ત્યાં સુધી કોઈપણ દ્રવ્યનું વાસ્તવિક સ્વરૂપ જ્ઞાનનો વિષય બની શકતો નથી. અર્થાત્ જ્ઞાન પ્રમાણભૂત બનતું નથી. આશ્ચર્ય એ છે કે જ્યાં સુધી પદાર્થનું શુદ્ધ સ્વરૂપ જ્ઞાનમાં નિવેશ કરતું નથી ત્યાં સુધી તેના પ્રત્યે સમાદર નથી થતો કે નથી ભક્તિ થતી. જ્યારે સ્વયં પરમાત્માના સ્વરૂપનું વ્યક્તિ ચિત્તમાં અધિષ્ઠાન થયા પછી તો તેમના પ્રત્યે રોમ રોમ ભક્તિ પ્રવાહિત થાય છે. શરત એ છે કે પરમાત્માનું સ્વરૂપ ચૈતન્ય સૃષ્ટિમાં સ્થિર થવું જોઈએ. તે દિવ્ય સ્વરૂપને દરેક પ્રકારની વિશેષતાઓ સાથે ચિત્તમાં ધારણ કરવું જોઈએ. આ પ્રકારની ધારણા જ ભક્તિ છે. ભક્તિથી સમાદર કરો. હકીકતમાં અહીં એક જ્ઞાનાત્મક ભક્તિનો શાસ્ત્રકારોએ ઉલ્લેખ કર્યો છે.

કવિશ્રીએ સ્વીકાર કર્યો છે કે મેં ચિત્તમાં, ચૈતન્ય જગતમાં, જ્ઞાનદર્શનની ધારામાં પરમાત્માને ભક્તિપૂર્વક સ્વીકાર કરીને ધારણ કર્યા નથી. એટલે મારો આગળનો માર્ગ અવરોધ પામ્યો છે. મારું ચિત્ત આ ઉત્તમ ભક્તિથી વંચિત હોવાથી હું દુઃખ ભાજન - દુઃખપાત્ર બની ગયો છું. ઉચિત કારણોના અભાવથી ઉચિત ફળના અભાવની સમીક્ષા કરી છે. માત્ર પોતાને દુઃખપાત્ર ન કહેતા 'तेन जातोस्मि' કહ્યું છે. 'तेन' એટલે પૂર્વની, જન્મ - જન્માંતરની ઉચિત સાધનાના અભાવથી. 'तेन' શબ્દ વ્યક્તિની સાંસારિક માયજાળ ને પાપકર્મોનો વાચક છે, જેનાથી જીવ દુઃખપાત્ર બની રહે છે. 'जातोस्मि' શબ્દ ખૂબ ઊંડા સંવેદનની અભિવ્યક્તિ છે.

કવિશ્રીએ આ પદમાં ભક્તિનાં બાહ્ય અંગોની અવહેલના કરતાં ક્રિયાઓની જડતાથી મુક્ત થઈને શુદ્ધ સ્થિતિનું પરિદર્શન કર્યું છે અને આધ્યાત્મિક ભક્તિનું યથાર્થ ભાવદર્શન કરાવ્યું છે.

તેના અનુસંધાનમાં આ શ્લોકની ચોથી પંક્તિ અતિ મહત્ત્વપૂર્ણ છે, જેમાં ભાવશૂન્ય ક્રિયાનું પ્રતિફળ પણ શૂન્ય જ છે તેમ દર્શાવ્યું છે.

હકીકતમાં ક્રિયાનું એક કર્મ છે. જ્યારે કર્મ નિષ્પન્ન થાય છે તો તેનું પ્રતિફળ પણ નિશ્ચિત હોય છે, પરંતુ શાસ્ત્રકાર કહે છે કે ક્રિયાની સાથે ભાવનો ગાઢ સંબંધ છે. ક્રિયા જ્યારે ભાવસહિત હોય છે ત્યારે ભાવ અનુસાર ક્રિયાનું ફળ હોય છે. ભાવરહિત સામાન્ય ક્રિયા કોઈ પ્રકારનું ફળ ન આપતાં સાધારણ બંધની સાથે નિર્જરિત થઈ જાય છે એટલે કાવ્યમાં કહ્યું છે 'भावशून्य क्रिया न फलन्ति ।' ધર્મની ઉત્તમ ક્રિયાઓ પણ ઉત્કૃષ્ટ ભાવનાથી જો શૂન્ય હોય તો તે ધર્મક્રિયાઓ પણ જેવું ફળ મળવું જોઈએ તેવું આપતી નથી. ક્રિયા છે એટલે થોડું ફળ તો આપે, પરંતુ પ્રતિફળ ન આપે. પ્રતિફળનો અર્થ છે કે ક્રિયાને અનુરૂપ ઉચ્ચ કોટિનું ફળ. માટે કવિશ્રીએ 'फलन्ति' ન કહેતા 'प्रतिफलन्ति' કહ્યું છે. ક્રિયાને અનુરૂપ ફળ હોવું તે પ્રતિફળ છે. બિંબ અને પ્રતિબિંબ તેવી રીતે ફળ અને પ્રતિફળ. ક્રિયા ધર્મરૂપ છે. પરંતુ ભાવ નથી માટે તે ક્રિયાનું પ્રતિફળ પ્રગટ થતું નથી.

ભાવશૂન્ય ક્રિયાનો અર્થ છે - ભક્તિભાવનો અભાવ ક્રિયા છે, સમર્પણ નથી. ક્રિયા છે. ઉત્તમ વિનય નથી, જેમને પ્રતિવંદન - નમન કરવામાં આવે છે તેમના દિવ્ય ભાવોની સ્પર્શના મનમાં થતી નથી અથવા ભક્તિનો ઉત્કૃષ્ટ અનુરાગ ઉત્પન્ન નથી થતો ત્યાં સુધી આ બધી ક્રિયાઓ ભાવશૂન્ય કહેવાય છે. કાવ્યમાં 'यस्मात् क्रिया न प्रतिफलन्ति' લખ્યું છે. અહીં 'यस्मात्' નો અર્થ છે. જે કારણોથી આ ક્રિયાઓ વિફળ બને છે તે કારણોમાં ભાવશૂન્યતા જ પ્રધાન કરાણ છે. હૃદયમાં પ્રભુને ભક્તિપૂર્ણ ભાવથી ધારણ કર્યા નથી. એટલે મને જે ફળ મળવું જોઈએ તે ન મળતાં હું દુઃખનું ભાજન બની ગયો છું અને આ ઉદ્‌ગારને સ્પષ્ટ કરતાં કવિશ્રીએ એક સાર્વભૌમ સિદ્ધાતનું પણ આખ્યાન કર્યું છે કે ભાવશૂન્ય ક્રિયાઓ પ્રતિફળ રહિત હોય છે.

સારા યે કલ્યાણ મંદિર સ્તોત્રના સારરૂપ બલ્કે જૈનધર્મના સારરૂપ આ ગાથાનું ચોથું ચરણ છે કે ખરાં અંતરના ભાવ વગરની કરેલ કોઈપણ વ્રત, તપ, જપ, અનુષ્ઠાન આદિ ધાર્મિક ક્રિયાઓ કદી ફળતી નથી, અર્થાત્ આત્માનું પરમ શ્રેય,પરમ કલ્યાણ કોઈ કાળે પણ કરતી નથી. દ્રવ્યભાવથી કરેલ ક્રિયાથી કદાચ પુણ્ય પ્રકૃતિ બંધાય પણ ભવિ આત્માનું ચરણ લક્ષને પોતાના જ આત્મસ્વરૂપને પ્રથમ ઓળખવું ને અંતે પરમાત્મા પદ પ્રાપ્ત કરવું, તે લક્ષ્ય તો કંઈ પણ અપેક્ષા વગરની નિરપેક્ષ ભાવે કરેલ ધાર્મિક ક્રિયા કે ધ્યાનાદિ તપ વગર સધાતું નથી તેમ અત્રે આચાર્યશ્રી પરમ કલ્યાણના હેતુથી મહારાજ વીર વિક્રમને અને ઉપલક્ષણે આપણને સહુને કહે છે.

શ્રી રસિકભાઈ છગનલાલ શેઠ આ સંદર્ભમાં કહે છે કે,

"જૈનધર્મમાં શ્રાવકધર્મના ચાર પાયા (૧) દાન (૨) શીલ (૩) તપ ને (૪) ભાવ. કહીને અત્યંત ભાર 'ભાવ' ઉપર જ મૂક્યો છે. તે એ રીતે કે દાન પણ જો ભાવપૂર્વક આપ્યું

હશે તે શાલીભદ્રના પૂર્વભવ રબારીના દીકરાના ભવના દૃષ્ટાંતે, શીલ પણ ભાવપૂર્વક પાળ્યું હશે તે સુદર્શનશેઠના દૃષ્ટાંતે, તપ પણ ભાવપૂર્વક તપ્યા હશે તે પ્રાતઃ સ્મરણીય ગજસુકુમાર મુનિના દૃષ્ટાંતે તથા ભાવના પણ ભાવપૂર્વક ભાવી હશે તે નમિરાજર્ષિના દૃષ્ટાંતે, ત્યારે જ તે બધા ભવ્ય આત્માઓ પોતાના આત્માનું પરમ કલ્યાણ કરી ગયા, માટે જ જૈનધર્મમાં કહ્યું છે કે સાધનાનો પ્રાણ જ રૂડા ભાવ છે, ને રૂડા ભાવ સમ્યક્‌દૃષ્ટિ જીવને જ આવે. ભાવના વગરની ક્રિયા મિથ્યા આડંબર છે. જેનાથી દંભ અને અહમ્ પોષાય છે ને અનર્થકારી થઈ પડે છે."(૪૨)

આ કડીમાં આચાર્યજી પ્રભુને 'જનબાંધવ' તરીકે ઓળખાવે છે, તે કડીના સંદર્ભમાં સમજવા યોગ્ય છે. પ્રભુ, જે કોઈ તેમના શરણમાં આવે તેમને તારવાનો પુરુષાર્થ કરે છે અને દરેકને દુઃખથી છોડાવવામાં સહાય કરે છે. આ અપેક્ષાથી પ્રભુ 'જનબાંધવ' છે. જે જનો દુઃખમાં આવી પડેલા છે, તેમને બાંધવ બનીને પ્રભુ સહાય કરે છે અને જેને સંસાર દુઃખરૂપ લાગતો નથી, તેઓ પ્રભુના શરણમાં જતા નથી કે જેથી તેમનો ઉદ્ધાર કરવાનો પુરુષાર્થ પ્રભુને કરવાનો રહેતો નથી. આથી જેઓ દુઃખી છે, તેઓ જ પોકાર કરીને પ્રભુની સહાય માંગે છે અને પ્રભુ બાંધવ-બંધુ બનીને તેમને દુઃખથી મુક્ત થવામાં સહાય કરે છે. આવા જનબાંધવ પ્રભુ હજુ સુધી પોતાના બાંધવ બન્યા નથી તે લાગણી અનુભવી, તે વિશે દુઃખ અનુભવે છે, પણ તે દુઃખના કારણમાંય તેઓ પોતાનો જ દોષ જુએ છે. પ્રભુ બાંધવ બન્યા નથી, કારણ કે પૂર્વે પોતે પ્રભુને સાંભળ્યા નથી. પૂજ્યા નથી, નીરખ્યા નથી અને જે કંઈ થોડું ઘણું કર્યું હેશે તે ભાવરહિતપણે કરેલું છે. જો આ બધું ભાવસહિત કર્યું હોત તો જ તેનું સાચું ફળ પ્રાપ્ત થાત. પ્રભુનાં દર્શન, પૂજ્ય ત્યારે જ ફલદાયી થાય છે, જ્યારે તેમને ખૂબ જ ભાવથી પોતાના અંતરમાં સ્થાપિત કરવામાં આવે છે. ભક્ત જો પ્રભુ પ્રતિ ખૂબ પ્રેમભાવ કેળવે. સાચો અર્પણભાવ આદરે અને પ્રભુને સર્વશ્રેષ્ઠ માની, તેમનામાં સાચી શ્રદ્ધા કેળવી, તેમને જ સહારે જીવન નાવ છોડી દે તો, પ્રભુ તેના સાચા તારણહાર બની, ભક્તને પોતાના સમાન બનાવે છે. ટૂંકમાં બીજા શબ્દોમાં કહીએ તો ભક્તમાં પ્રભુ પ્રતિ જો પ્રેમ, શ્રદ્ધા અને સમપણતા આવે તો જ પ્રભુને સાંભળવાનું, પૂજવાનું અને નિરખવાનું સાચું ફળ પ્રાપ્ત થાય છે. પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતા દ્વારા જ પ્રભુને ભક્ત પોતાના હૃદયમાં સ્થાપી લે છે અને હૃદયમાં વસી પ્રભુ ભક્તના દુઃખોનો નાશ કરે છે.

જે પોતાની પાસે નહોતા એવા પ્રભુના વિયોગનું ઊંડું દુઃખ આ કડીમાં વ્યક્ત થયેલું છે. અને ભાવિમાં આવા વિષમ દુઃખોના ભોક્તા થવું ને પડે તે હેતુથી, પોતાના દોષો નિવર્તાવી, પ્રભુને પોતામાં જ વસવા માટેની આર્જવભરી વિનંતી આચાર્યજી કરે છે. હૃદયમાં ઊંડાણમાંથી ઊઠતી તલસ્પર્શી વિનંતી આ પછીની કડીઓમાં જોવા મળે છે.

त्वं नाथ ! दुःखिजन-वत्सल ! हे शरण्य !
कारुण्य-पुण्य-वसते ! वशिनां वरेण्य !
भक्त्वा नते मायि महेश ! दयां विधाय
दुःखाड्कुरोद् दलन-तत्परतां विधेहि ।। ३९ ।।

દુઃખી જીવો નિરખી અમને આપ છાયા કરોને,
ઈન્દ્રિયોને વશ કરી તમે તો મને ઉધ્ધરોને,
ભક્તિથી હું નમન કરું છું છો દયાળું તમો તો,
દુઃખો કેરો સફળ બળથી અંત લાવો હવે તો.

● **<u>શબ્દાર્થ :-</u>**

ત્વં - આપ, નાથ ! - હે નાથ !, હે શરણ્ય - શરણ લેવા યોગ્ય, દુઃખીજન વત્સલ્ય - હે દુઃખી જનવત્સલ, કારુણ્ય પુણ્ય વસતે - હે પરમ કરુણા નિધાન, હે વશિનાં વરેણ્ય - હે યોગીન્દ્ર, મહેશ - હે મહેશ, ભક્ત્યા ન તે મયી - ભક્તિથી નમ્ર થયેલા એવા મારા ઉપર, દયાંવિધાય - દયા કરીને, દુઃખકુરોદ્રલન - મારા દુઃખના અંકુરો નાશ કરવામાં, તત્પરતાં વિધેહિ - આપ તત્પર થાઓ.

● **<u>ભાવાર્થ :-</u>**

હે નાથ ! હે દુઃખી જનવત્સલ ! પરમ કરુણાનિધાન ! યોગીન્દ્ર ! ભક્તિભાવથી વિનમ્ર થયેલા એવા આ સેવક ઉપર આપ દયાદૅષ્ટિ કરો અને દુઃખાંકુરોને ઊખેડવામાં શીઘ્ર તત્પર થાઓ.

● **<u>વિવેચન :-</u>**

ભક્તિ એકસૂત્રમાં બંધાયેલી મોતીની માળા છે. સામાન્ય વંદન, સ્તુતિ કે શ્રવણ પણ ભક્તિ છે, પરંતુ આ પ્રથમ ભૂમિકા પાર થયા બાદ ભાવપૂર્ણ ક્રિયા ભક્તિની એક ઉચ્ચ ભૂમિકા પ્રગટ કરે છે. હવે પશ્ચાતાપ ભૂમિકા પૂર્ણ થતાં ભક્તિ પ્રાર્થનામાં પરિવર્તિત થઈ જાય છે. પ્રાર્થના પણ ભક્તિનું શ્રેષ્ઠ અંગ બની જાય છે. કવિશ્રી હવે પ્રાર્થનારૂપ ભક્તિને સ્પર્શ કરીને નતમસ્તક થઈ જાય છે અને બધું છોડીને સાક્ષાત્ પ્રભુને આર્તભાવથી પોકારે છે. 'દુઃખીજન વત્સલ' કરીને પોતાની દુઃખ અવસ્થા પ્રત્યે દૅષ્ટિપાત કરવા માટે પ્રભુનો વિનય કરે છે અને કહે છે કે હે નાથ ! આપ માત્ર નાથ નથી. પીડિત માનવતા માટે વાત્સલ્યની દૅષ્ટિ કરવાવાળા

વત્સલ-પ્રેમસભર આત્મા પણ છો. આપની સ્નેહસરિતા વ્યાપક છે. આ પદમાં કવિશ્રીએ અનેક સંબોધનથી પ્રભુને સંબોધિત કર્યા છે. જાણે આખો શ્લોક સંબોધનોથી ભરેલો છે. ભિન્ન ભિન્ન પ્રકારનાં સંબોધનથી સંબોધિત કરતાં શરણાગતની એક ઉત્તમ ભૂમિકા અદા કરી છે.

જૈન સંસ્કૃતિમાં ચાર પ્રકારની શરણાગતિ જૈનસાધકની ઉત્તમોત્તમ પ્રતિજ્ઞાને પ્રગટ કરે છે. 'અરિહંતે શરણં પવજ્જામિ...ધમ્મંશરણં પવજ્જામિ...' વગેરે ચાર પ્રકારની મંગલ શરણાગતિ ઉપાસનાના ચાર સ્તંભ છે. શરણાગતિ મહામંગલ છે.

આ રીતે પ્રાર્થના, શરણાગતિ વગેરે ભક્તિનાં ભિન્ન-ભિન્ન રૂપ છે. કવિ સ્વયં દુઃખથી પીડિત હોવા છતાં પણ દુઃખનું સંવેદન છોડીને આરાધનાની અંતર્ભૂમિમાં પ્રવેશ કર્યો છે. આ સમગ્ર પદ માધુર્ય સંવેદન અલંકારનો ઉત્કૃષ્ટ નમૂનો છે. એક પક્ષે દુઃખ છે અને બીજા પક્ષમાં ભક્તની દૃષ્ટિ દુઃખાત્મક સંવેદન છોડીને પ્રાર્થનાના પવિત્ર અંગને સ્પર્શ કરી રહી છે અને સ્વયં અલંકાર બની ગયેલ છે.

આ પદમાં દુઃખના અંકુરોને 'उद्लन' અર્થાત્ કરવાની ઉખાડીને ફેંકી દેવાની, તેને નિરસ્ત કરીને નિષ્ક્રિય કરવાની, દુઃખને જડમૂળથી ઉખાડી નાંખવાની પ્રાર્થના કરવામાં આવી છે. ભક્તિયોગના મુખ્ય માર્ગ પ્રાર્થનાને સ્પર્શ કરવામાં આવ્યો છે. કોઈ વિપરીત પરિસ્થિતિને પરાસ્ત કરવા માટે કવિહૃદય પ્રયાસશીલ છે. આખા પદમાં દુઃખ સાથે સંઘર્ષ કરીને તેને દૂર કરવા માટે પરમાત્માની શરણાગતિનું અવલંબન લેવામાં આવ્યું છે. પરમાત્માને 'શરણ્ય' કરીને પોકાર્યા છે. કેમ કે તેઓ કરુણાની મૂર્તિ છે અને સાધનાશીલ વ્યક્તિ પરમાત્માને જ શ્રેષ્ઠ આધાર માને છે. પ્રભુને પુણ્યમય પ્રવૃત્તિના અધિષ્ઠાનરૂપ માનવામાં આવ્યા છે તથા તેઓ 'મહેશ' પણ છે અર્થાત્ બધી રીતે સમર્થ છે. આ રીતે 'શરણ્ય, કારુણ્ય, પુણ્ય વસતે, વરેણ્ય, મહેશ-બધાં સંબોધનો પરમાત્માની અપૂર્વ શક્તિનું ઉદ્બોધન કરે છે. આવાં સમર્થ તત્ત્વને પ્રાર્થનાનું લક્ષ્ય માનીને તેઓ પ્રત્યે દુઃખદલનની વિનંતી કરવામાં આવી છે.

પ્રત્યેક સંબોધન વિશિષ્ટ ભાવોથી ભરપૂર છે.

'દુઃખ અંકુર ઉચ્છેદન' આ પદમાં દુઃખના અંકુરનો ઉચ્છેદ કરવાનો ભાવ પ્રગટ કરતાં સાક્ષાત્ પરમાત્માને કૃપા કરવાની તત્પરતા માટે આતુરતા ને આકાંક્ષા છે. તેનો અર્થ છે કે જો સાધકની ભક્તિ અપૂર્વ છે તો ભગવાન પણ ભક્તને વશીભૂત થાય છે. પરમાત્મા પોતાના પ્રિય પાત્રનો પરિત્યાગ કરી શકે ? ભક્તિના ક્ષેત્રમાં પ્રભુને છોડીને બાહ્ય સાધનોનું અવલંબન લેવું એક પ્રકારનો સૂક્ષ્મ અહંકાર માનવામાં આવ્યો છે. ભક્ત પરમાત્માને જ શ્રેષ્ઠ સંરક્ષક માને છે, તેઓ જ રોગમાત્રના વિલય માટે સાચા વૈદ્ય છે. જેમ કે મીરાંબાઈએ ગાયું છે, 'મોરી પીડા તો તબ મરે જબ વૈદ્ય સાંવરિયા હોય' ભગવાન ને છોડીને દુઃખમોચન માટે અન્ય સાધનોમાં ફસાવું તે કોરી નિષ્ફળ પ્રક્રિયા છે. આ પદમાં પરમાત્માની શરણાગતિને પ્રધાન સાધનરૂપે પ્રગટ કર્યું છે અને અંતરંગ શ્રદ્ધાને પ્રવાહિત કરી છે. પદનો એક એક શબ્દ શ્રદ્ધાના ઉત્તમ સ્વરૂપની ઝલક આપે છે.

'भक्त्या न ते मयि' - આ કથનમાં વિનયશીલતાની પરાકાષ્ઠા છે. ભક્તિ સ્વયં નમ્રતાની સૂચક છે અને અહંકારનું વિસર્જન ભક્તિનું નિર્મળ સ્વરૂપ છે, છતાં જેમ કથાઓમાં સાંભળવામાં આવે છે કે નારદ જેવા મહર્ષિઓને પણ ભક્તિનો સૂક્ષ્મ અંહકાર સ્પર્શ કરી ગયો હતો. આવી રીતે જૈનકથાઓમાં શ્રી બાહુબલિ સર્વથા જૈનશાસનને સમર્પિત થઈ ગયા હોવા છતાં પણ સૂક્ષ્મ અહંકાર તેઓની સાધનાની સિદ્ધિમાં બાધક બન્યો હતો. સાધારણ સાધકમાં આ સૂક્ષ્મ દોષની એટલી સંભાવના હોતી નથી જેટલી શક્તિશાળી, કીર્તિધર મહાન સાધકોને અહંકારનો સ્પર્શ હોય છે.

એટલે અહીં ભક્તિ દ્વારા અતિ નમ્ર બનવાની અભિવ્યક્તિ છે. ભક્તિ કરીને આત્મા અટક્યો નથી, સર્વથા શિથિલ થઈને શરણાગત બન્યો છે.

સમગ્ર કઠોર ભાવોનો પરિત્યાગ કરીને મહત્તમ કોમળ ભાવોમાં ઓતપ્રોત થઈને પ્રભુનાં ચરણોમાં ઝૂકી ગયો છે. 'નત' થઈને નતમસ્તક બની ગયો છું. હવે મારી પાસે બીજા કોઈ સાધનોનો સહારો નથી, માત્ર આપનો જ સહારો છે. બાહ્ય સાધન ભારભૂત છે. હે નાથ ! બધાં હથિયાર છોડીને આપનાં ચરણમાં આવ્યો છું.

કવિ સ્વયં કહે છે કે હું ભક્તિથી શરણાગત થયો છું, તેનો અર્થ છે કે ભક્તિથી ઉપરનું અંતિમ બિંદુ શરણાગતિ છે. નવધા ભક્તિમાં અંતિમ ભક્તિ સમર્પણ છે.

અંતમાં ભક્તહૃદય બોલી ઊઠે છે કે મહેશરૂપ મહાશક્તિના ધારક પરમાત્માને વિનંતી છે કે 'दयां विधाय' અર્થાત્ હે દયાસાગર ! આપ ધ્યાને પ્રવાહિત કરો. નિર્ધન પાસે કોઈ અભિલાષા રાખવી નિષ્ફળ છે. જે સંપત્તિનો ધારક છે તે જ પોતાની સંપત્તિનું દાન કરી શકે છે અને આવા સંપત્તિના ધારક છે તે જ પોતાની સંપત્તિનું દાન કરી શકે છે અને આવા સંપન્નના ચરણોમાં કરેલું નિવેદન સફળ થાય છે. ત્રિભુવનસ્વામી દેવાધિદેવ દયાના મહાસાગર છે. પ્રાર્થનીય સ્થાનનું ઔચિત્ય પ્રગટ કર્યું છે. જે સ્વયં દયારહિત છે તે દયાની વૃષ્ટિ કેવી રીતે કરે? કોરાંસૂકાં વાદળો કેવી રીતે વરસે ? પત્થર પર બીજ કેવી રીતે અંકુરિત થાય ? જલરહિત કૂવામાં ડોલ નાંખવાથી શો ફાયદો ? જે દયારહિત છે તેના પ્રત્યે દયાની યાચના કરવાથી તે હસી-મજાક કરીને યાચકની અવહેલના જ કરશે. નીતિ પણ એમ કહે છે કે 'સમર્થ જ શરણરૂપ છે.' ભરેલો ઘડો જ જળપ્રદાન કરી શકે છે. કલેવર શું ચેષ્ટા કરે ? અત્રે સ્તુતિકારે 'दयाविधाय' કહીને પરોક્ષ ભાવે દયાનિધિને જ પોકાર્યો છે.

'તત્પરતા' વિહ્વલતાનો પરિચાયક છે. હે દુઃખી જનવત્સલ ! હવે આપ મોડું ન કરશો. કંઠ સુધી પાણી આવી ગયું છે. નાવ ડૂબી રહી છે. બચવાનો ઉપાય દેખાતો નથી. શીઘ્ર આપની કૃપાવૃષ્ટિથી વંચિત રહી જાઉં અને સંકટથી ગ્રસ્ત થઈને સ્વયં શૂન્ય થઈ જાઉં તે પહેલાં આપ આપના જ્યોતિકિરણથી મારું કવચ કરી લો. આપ શીઘ્ર ઢાલ નહિ બનો તો તલવારનો પ્રહાર મસ્તક છેદન કરી દેશે. આપ દયામય ! એક ક્ષણનો પણ વિલંબ કરશો તો મારી સ્થિતિ

વિકૃત થઈ જશે. ગમે તેટલું ઉત્તમ સાધન કેમ ન હોય, પરંતુ કાર્યનો વિલંબના તથા કરણની સાધકતમ સમયોચિત અપ્રાયોગિક અવસ્થા બધો ખેલ ખરાબ કરી દે છે. સમયનું અનુસંધાન જ સફળતાની મુખ્ય ચાવી છે. 'તત્પરતા' શબ્દ અહીં ખૂબ મર્મસૂચક છે. અને સૈદ્ધાંતિક પણ છે. સમયનો કુમેળ ભારે નુકસાન કરે છે. મોટા મોટા અકસ્માતો સમયસારણીનું પાલન ન કરવાથી જ ઘટિત થાય છે.

ભક્તિયોગમાં ભક્ત એક ક્ષણ પણ પ્રભુના વિરહને સહન કરવા માટે તૈયાર થતો નથી. પ્રભુનાં દર્શનનો વિલંબ ભક્તને રડાવે છે. શ્રી રામકૃષ્ણ પરમહંસ સાધનાના લક્ષ્યરૂપ દેવીના સાક્ષાત્ દર્શનના અભાવમાં કલાકો સુધી અશ્રુપાત કરતા હતા અને કહેવાય છે કે આંસુઓથી તેમના ચરણ ભીંજાઈ જતા હતા. પરમાત્માની દયાનો વિલંબ ભક્તની દારૂણ અવસ્થા પેદા કરે છે. નાદાન બાળક કોઈ ચીજ માટે જીદ કરે છે ત્યારે શીઘ્ર તેને આપવી પડે છે. બાળકને વિલંબિત આશ્વાસન આવકાર્ય નથી. પ્રગટરૂપે તે રડવા લાગે છે. એવી રીતે ભક્ત ભગવાનની દયાનો વિલંબ સહી શકતો નથી. તે અશ્રુપાત કરવા લાગે છે. તત્પરતા જ તેની પ્રસન્નતાનું પાવન સાધન છે. અત્રે તત્પરતા ગંભીર ભાવોને વ્યક્ત કરે છે.

ભક્તિયોગમાં બુદ્ધિમત્તાનું વધારે કામ નથી. તે શ્રદ્ધા પર આધારિત છે અને ભક્ત પ્રભુદર્શનના વિલંબને સહન કરી શકતો નથી. 'તત્પર પ્રભુ કી કૃપા વરસે' આ જ એકમાત્ર તેની ઈચ્છા હોય છે. ભક્તિમાં વિલંબ દુસહ્ય છે. પરમાત્મા ભક્ત પર શીઘ્ર ધ્યાન આપે અને તેના દુઃખોનું નિવારણ કરે આ એકમાત્ર તેની અભિલાષા હોય છે કેમકે વિલંબ દુઃખદાયી છે. ભક્તિના ક્ષેત્રમાં પરમાત્મા જ એકમાત્ર લક્ષ્ય છે. તેઓ જ એક આધાર છે. માટે ભક્ત કહે છે કે 'दयां विधाय तत्परतां विधेही' દયાને ધારણ કરીને ધ્યાન આપવું - આ જ્ઞાન ગુણાત્મક ભાવ છે અને 'વિધેહી' શબ્દ ક્રિયાત્મક છે. પ્રભુના એક દૃષ્ટિમાત્રથી સર્વ તંત્ર સક્રિય થઈ જાય છે. જેમ કોઈ અગ્નિને પ્રજ્વલિત કરવા માટે તેમાં ઘી નાંખે છે પછી અગ્નિદેવ સ્વયં સક્રીય બની જાય છે. રાજાના એક ઈશારા માત્રથી રાજપુરુષ અને મંત્રીમંડળ તત્પર થઈ કાર્યમાં સંલગ્ન બની જાય છે. અહીં પદમાં 'વિધાય' અને 'વિધેહિ' ચિંતન ની ચેતના આપે છે.

પરમાત્મા જ્યારે દયા કરે છે ત્યારે ભક્ત તેમની અનુકંપાનું ભાજન બની જાય છે. માટે અહીં કવિશ્રીએ 'વિદેહી' કહીને ક્રિયાની પ્રાર્થના કરી છે.

પૂ. જયંતમુનિજી કહે છે, "આ શ્લોકમાં સમગ્ર પ્રાર્થનાનો હેતુ પણ સ્પષ્ટ કર્યો છે. 'दुखांकुर उद्लन' દુઃખનાં અંકુરોને વિલુપ્ત કરવા માટે સાક્ષાત્ પ્રભુની શરણાગતિ સ્વીકારી છે. તત્વદૃષ્ટિથી દુઃખનું બીજ પાપ અને પાપનું બીજ અશુભકર્મ છે અને વિપાક આવલિકામાં આ બીજ અંકુરિત થાય છે. તેને દૂર કરવા માટે બાહ્ય સાધન નિમિત્ત માત્ર છે, પરંતુ વાસ્તવિક સાધન તો પરમાત્માની કૃપા છે 'भगवत्कृपा बिन सलभं न कोई' તત્વમીમાંસામાં ત્રણેય અંશ વિચારણીય છે. (૧) દુઃખ (૨) દુઃખનાં કર્મ (૩) દુઃખનું વિલોપન. (૪૩)

આ પદમાં પરમાત્માના આહ્વાન માટે પ્રભુને 'शरण्य' - શરણ લેવા યોગ્ય, कारुण्य - કરુણાની, 'वशिनां वरेण्य' - લક્ષ્યમાં શ્રેષ્ઠતમાં पुण्य वषते - પુણ્યની સૃષ્ટિમાં રમણ કરવાવાળા કહીને પરમાત્માને ભિન્ન ભિન્ન વિશેષણોથી સંબોધ્યા છે. પ્રત્યેક વિશેષણ તેની આગવી ગુણાવલિને પ્રગટ કરે છે. બધાં વિશષણો ભાવાત્મક હોવા છતાં તાત્ત્વિક પણ છે, પરમાત્મા સામે ચાલીને શરણ બનતા નથી અથવા આધારભૂત બનતા નથી, પરંતુ જે જીવાત્મા અહંકાર છોડીને શરણાગત થાય છે તેના માટે પરમાત્મા શરણભૂત છે. શરણાગતિમાં શરણનો આશ્રય કરવો તે પ્રમુખ લક્ષ્ય છે. પરમાત્મા તો શરણભૂત છે જ. જે તરવાની કળા જાણા છે તેને સમુદ્ર પાર કરી દે છે, જે ક્ષુધાતુર છે, તેને વૃક્ષ મધુર ફળ પ્રદાન કરે છે. તરસ્યા માટે કૂવો છે, સંગીતકાર માટે જ વીણા છે. જ્યાં સુધી સાધક સચેષ્ટ થતો નથી ત્યાં સુધી શક્તિમાન તેને પોતાની શક્તિનું દાન કરતા નથી. શરણાગતિ તેના માટે છે કે જે દુઃખમુક્તિ માટે શરણે આવે છે. અહીં પદમાં 'दुःखी जनवत्सल' કહ્યું છે. જે સુખના અહંકારમાં ડૂબેલા છે તેમના માટે પરમાત્માનું વાત્સલ્ય અપ્રાપ્ય છે.

કરુણાની મૂર્તિ કહીને ધર્મના સર્વશ્રેષ્ઠ સિદ્ધાંતનો ઉલ્લેખ કર્યો છે. જ્યાં કરુણા છે ત્યાં ધર્મ છે અને જ્યાં ધર્મ છે ત્યાં કરુણા છે. વીતરાગ પરમાત્મા સર્વથા રાગદ્વેષથી મુક્ત છે. તેનો અર્થ એવો નથી કે તેઓ કરુણાથી પર થઈ ગયા છે. અહીં 'कारुण्य' સંબોધન ભગવાન માટે છે. અત્રે ભક્તિયોગમાં કરુણા જ ભક્તની આધારશિલા છે.

'वशिनां वरेण्य' કરીને જે સાધક પોતાની ઈન્દ્રિયોને વશ કરે છે, માનસિક આસક્તિનો પરિહાર કરે છે. જેમનાં વચન અને કાચા નિયંત્રિત છે તેઓ જ શ્રેષ્ઠ તત્ત્વને ઓળખી શકે છે. પરમાત્માનું તેઓ જ ચયન કરી શકે છે. આવા સાધકો માટે જ પરમાત્મા શ્રેયસ્કર છે, વર પ્રદાન કરવા યોગ્ય છે. જેમની ઈન્દ્રિયો વશીભૂત નથી તેઓ તુચ્છ પદાર્થોમાં જ અટકી જાય છે. અથવા મોહનાં બંધનમાં ફસાઈ જાય છે. 'वरेण्य' એટલે ભગવાન વરદાન દેવાને યોગ્ય છે.

હે નાથ ! હું આપના આ બધા ગુણોને સમજીને ભક્તિથી નતમસ્તક બની ગયો છું. માટે આપને હવે મોડું કરવાનું કોઈ કારણ નથી. હે પ્રભુ ! મારું ખેતર ખેડાઈને તૈયાર થઈ ગયું છે. હવે આપ વૃષ્ટિ કરવામાં મોડું ન કરો. ભક્તિની એક ઉત્તમ સીમાને સ્પર્શ કરતાં કવિરાજે ભાવનાઓની કોમળ સરિતાને ભરપૂર પ્રવાહિત કરી છે.

निः संख्य-सार-शरणं शरणं शरण्य-
मासाद्य सादितरिपु-प्रथितावदातम् ।
त्वत्पाद-पङ्कजमपि प्रणिधान-बन्ध्यो
वध्योऽस्मि चेद् भुवन-पावन ! हा हतोऽस्मि ॥ ४० ॥

પામ્યો છું હું શરણ કરવા યોગ્ય એવા તમોને,
ને રાગાદિ અરિગણ ગયો આપની નાશી પોતે,
એવા મારા પ્રભુજી કદિ હું ધ્યાન ચુકું તમારું,
તો હું માનું પરમ પ્રભુજી છેક દુર્ભાગ્ય મારું.

● **<u>શબ્દાર્થ :-</u>**

નિઃસંખ્યસાર શરણં - હે અસંખ્યબળના આશ્રયરૂપ ! શરણં શરણ્યં - હે શરણદાતા ! શરણાગતોના પ્રતિપાલક, સાદિતરિપુ પ્રથિતાવદાતમ્ - અષ્ટકર્મરૂપી રિપુને નષ્ટ કરીને પોતાની કીર્તિ ફેલાવનાર, ત્વત્પાદ પંકજમ્ - તમારા ચરણકમળને આસાદ્ય - પામીને, અપિ - પણ, પ્રણિધાન વંધ્યઃ - તેનું ધ્યાન ન કર્યું, ભુવન પાવન ! - હે ત્રણે ભુવન (લોક)ને પાવન કરનારા, ચેત્ વંધ્યઃ અસ્મિ - તેથી હું ફળહીન છું, હા હતઃ અસ્મિ - હાય ! હું હત છું.

● **<u>ભાવાર્થ :-</u>**

હે અસંખ્યબળના આશ્રયરૂપ, હે શરણદાતા, શરણાગતોના પ્રતિપાલક, અષ્ટકર્મરૂપી રિપુને નષ્ટ કરીને પોતાની કીર્તિ ફેલાવનાર તમારાં ચરણકમલને પામીને પણ મેં તેનું ધ્યાન ન કર્યું, તેથી હું ફળહીન છું, હું હત છું !

● **<u>વિવેચન :-</u>**

ભક્તિ સહિત વંદન કરતાં આચાર્યજી ધ્યાનમાં ફળ સુંદર મળશે એવી ભાવના હોવા છતાં, તે ફળ કદાપિ ન મળે તો તેમાં પ્રભુનો દોષ નહિ પણ પોતાનો જ દોષ છે એવું પ્રતિપાદન કરતાં આ કડીમાં કહે છે કે, 'હે ત્રણ જગતને પવિત્ર કરનાર !' અસંખ્ય બળના અને પદાર્થ માત્રના આશ્રયરૂપ અને કર્મરિપુનો નાશ કરવામાં પ્રસિદ્ધિ, કીર્તિવાળા, એવાં આપનાં ચરણકમળનું શરણ પામ્યા પછી પણ જો હું ધ્યાનથી વંદય રહું તો પછી હું વધ થવાને યોગ્ય જ છું અને હું મારી પોતાની મેળે જ હણાયેલો છું, એમ જ કહેવાય.

આચાર્યજી શ્રી પાર્શ્વનાથજી પ્રભુને આ કડીમાં 'ભુવન પાવન' ત્રણે ભુવનને પવિત્ર કરનાર તરીકે ઓળખાવે છે. પોતાને લાધેલો કલ્યાણમય માર્ગ ત્રણે લોકના સર્વ જીવોને પવિત્ર કરવા અર્થે તેઓ પ્રસારે છે, આથી તેઓ ત્રણે ભુવનને પવિત્ર કરનારા છે, પોતે પણ એ ભુવનના વાસી જીવ છે, અને એથી એમના શરણમાં રહીને પવિત્ર થવાને પાત્ર જીવ છે, તેમ તેઓ જણાવે છે. પ્રભુ 'ભુવન પાવન' હોવા ઉપરાંત અસંખ્ય બળ તથા પદાર્થ માત્રના આશ્રયરૂપ છે.

શ્રી તીર્થંકર પ્રભુના આત્મ સામર્થ્યનો આપણને પૂર્વની કેટલીક કડીઓમાં પરિચય થયો. આ કડીમાં કંઈક અંશે તેમના દેહ સામર્થ્યનો પરિચય આચાર્યજી આપણને કરાવે છે. તેઓ અસંખ્ય બળના શરણરૂપ છે એટલે કે ત્રણે જગતના મુખ્ય જીવો એમનો આશ્રય કરીને રહે છે. શ્રી તીર્થંકર પ્રભુમાં જન્મ સમયે પણ એટલું બળ હોય છે કે અડોલ એવા મેરુપર્વતને માત્ર પગના અંગુઠાથી ડગાવી દે છે. એક અંગુઠામાં આટલું સામર્થ્ય હોય તો સમગ્ર દેહની તાકાત અજમાવવામાં આવે તો શું થાય ? આવું સામર્થ્ય જન્મસમયના પ્રભુમાં રહેલું હોય તો પુણ્યવયે પહોંચેલા પ્રભુનું સામર્થ્ય કેટલું હોવું જોઈએ ?

આપણને તો એની કલ્પના કરવી પણ કઠિન છે પણ તેમની આ તાકાતનું માપ જ્ઞાનીઓએ ગણતરી કરીને આપણને સમજણ અર્થે જણાવ્યું છે. તે માપ આ પ્રમાણે છે. બાર યોદ્ધાનું બળ એક ગોધામાં છે. દસ ગોધાનું બળ એક ઘોડામાં છે. બાર ઘોડાનું બળ એક પાડામાં છે, પંદર પાડાનું બળ એક હાથીમાં છે, પાંચસો હાથીનું બળ એક સિંહમાં છે, બે હજાર સિંહનું બળ એક અષ્ટાપદ પક્ષીમાં છે, દશ લાખ અષ્ટાપદનું બળ એક બલદેવમાં છે, બે બલદેવનું બળ એક વાસુદેવમાં છે, બે વાસુદેવનું બળ એક ચક્રવર્તીમાં છે, દશ લાખ ચક્રવર્તીનું બળ એક દેવતામાં છે, દશ લાખ દેવતાનું બળ એક ઈન્દ્રમાં છે. એવા અનેક ઈન્દ્રો મળીને પણ અરિહંતની ટચલી આંગળીને પણ હલાવી ન શકે. આ પરથી સમજી શકાય કે શ્રી તીર્થંકર પ્રભુ જેવી આત્મિક કે શારીરિક તાકાત તેમના સિવાય અન્ય કોઈ પાસે હોતી નથી. અને એથી જ કોઈપણ બળને આશ્રય જોતો હોય અથવા તો નિવાસસ્થાન પ્રાપ્ત કરવું હોય તો તેને પ્રભુ પાસે જ પ્રાપ્ત થઈ શકે છે.

પ્રભુ આવા સમર્થ હોવાથી શરણ લેવાને પણ યોગ્ય છે. તેના શરણમાં જાય તેમનું સંપૂર્ણ રક્ષણ કરવા તેઓ સમર્થ છે, એટલું જ નહિ પણ તેમની સંભાળ લેવા તેઓ કૃતનિશ્ચયી છે, એથી એમના શરણમાં જનાર જીવ પોતાની દશા સાચવવા ઉપરાંત ઉચ્ચ કક્ષાએ પહોંચી જાય છે. અર્થાત્ પ્રભુના શરણમાં રહી જીવ ઘણું ઘણું વિશેષ પ્રાપ્ત કરે છે, આ હેતુથી તેઓ શરણું લેવા યોગ્ય છે.

અસંખ્ય બળના શરણરૂપ, શરણ લેવા યોગ્ય અને અરિહંત થવાથી જેમની કીર્તિ બધે ફેલાઈ છે. એવા પ્રભુનાં ચરણયુગલનું શરણં આચાર્યજીએ સ્વીકાર્યું છે. આ કાર્યનો પ્રભાવ એવો છે કે તેના પરિણામ થી આચાર્યજી શુદ્ધ, બુદ્ધ અને મુક્ત થવા જોઈએ. આમ છતાં

કદાચિત્, ધારણ કરેલા શરણ અને ધ્યાનનું ઈચ્છિત પરિણામ ન આવે તો, ધ્યાનનું ઉચિત ફળ પ્રાપ્ત ન થાય તો તેમાં ધ્યાન ધરનારનો જ દોષ છે. એટલે કે જો મુક્તપણું પ્રાપ્ત ન થયા તો તેમાં પ્રભુનો નહિ પણ આચાર્યજીનો દોષ છે એમ જણાવે છે. આથી આચાર્યજી પ્રભુને કહે છે કે જો આવું બને તો પોતે પોતાની મેળે જ હણાયેલા છે એમ કહેવાય.

આવા મહાસમર્થ પ્રભુના શરણમાં રહી ધ્યાન ધરવામાં આવે તો શરણ લેનાર મુક્ત થાય જ, અને જો તે જીવ મુક્ત ન થાય તો, તેમાં પ્રભુનો નહિ પણ ધ્યાન ધરનારનો દોષ હોય.

આચાર્યજી આ પ્રસંગે પોતાને અનુલક્ષીને કહે છે. તેઓ કહે છે કે પૂર્વે અવળી રીતે વર્તવાથી કલ્યાણ થયું નહિ એટલે કે તેઓ 'પૂર્વથી જ હણાયેલા' છે અને હજુ પણ અવળી રીતે વર્તો તો કલ્યાણ ન થાય તે નિશ્ચિત છે એટલે કે 'હણાવાને માટે યોગ્ય પાત્રરૂપ' છે. આચાર્યજીના કથનને વિચારીએ તો સમજાય છે કે આ સંજોગો કે સ્થિતિ તેમને માટે અનુરૂપ નથી. તેમણે તો અનન્ય શરણ લઈ મહદ્ અંશે કલ્યાણ સાધી લીધું છે એ અત્યંત અલ્પકાળમાં શુદ્ધ, બુદ્ધ અને મુક્ત થવાની યોગ્યતાવાળા બની ગયા છે. જો એમ ન હોય તો તેમનાથી આવા અદ્‌ભુત સ્તોત્રની રચના ક્યાંથી થઈ શકે. પણ એમ અનુમાન થઈ શકે કે પોતાના અનુભવના નિચોડરૂપે અન્ય સર્વને ચેતવવા માટે આ રચના કરી હોવી જોઈએ. અહીં આચાર્યશ્રી સંકેતપૂર્વક સર્વ જીવોને સાધનામાર્ગમાં સાવધાન રહેવાની સલાહ આપી રહ્યા છે.

देवेन्द्र-वन्द्य ! विदिताखिल-वस्तु-सार।
संसार-तारक ! विभो ! भुवनाधिनाथ ! ।
त्रायस्वदेव ! करुणा-ह्रद ! मां पुनीहि
सीदन्तमद्य भयद-व्यसमाम्बु-राशेः ॥ ४१ ॥

જેણે જાણ્યો સહુ જગતની વસ્તુનો સાર પોતે,
તાર્યા ભવ્યો જિનવર તમે દેવથી વંદ્ય છો તે,
રક્ષો આજે પ્રભુજી મુજને દુઃખના સાગરેથી,
શુદ્ધિ મારી કરી લઈ તમે છો દયામૂર્તિ તેથી.

● **<u>શબ્દાર્થ :-</u>**

દેવેન્દ્રવંદ્ય - ઈન્દ્રોના વંદનીય, વિદિતા ખિલ વસ્તુસાર - સર્વ પદાર્થોને જાણનાર, સંસારતારક - સંસારમાંથી ઉદ્ધાર કરનાર, વિભો ! - હે પ્રભુ !, ભુવનાધિનાથ - ત્રિલોકીનાથ, ત્રાયસ્વ દેવ - હે દેવ ! મારા જેવાની રક્ષા કરો, કરુણાહ્રદ - કરુણાના સરોવર, માં પુનીહિ - મને બચાવો, પવિત્ર કરો, સીદન્તમ્ અદ્ય - આજ આ દુઃખી એવા મને, ભયદ વ્યસનામ્બુરાશેઃ - ભય દેનારા દુઃખોરૂપી આ સાગરમાંથી.

● **<u>ભાવાર્થ :-</u>**

હે દેવેન્દ્રો વડે વંદનીય ! સમગ્ર વસ્તુના સારને જાણનાર સંસાર સમુદ્રથી તારનારા વિભુ ! ત્રણ ભુવનના નાથ ! હે કરુણાના સરોવર પ્રભો ! હું અત્યંત દુઃખી છું, મને પવિત્ર બનાવો, મને ભયાનક સંસારથી બચાવો.

● **<u>વિવેચન :-</u>**

સંબોધન દ્વારા સ્તુતિ કરવી કવિરાજને અતિપ્રિય છે. આગળના પદોમાં પણ વિવિધ સંબોધનો દ્વારા સ્તુતિ કરવામાં આવી છે, પરંતુ આ પદમાં તો જાણે સંબોધનથી ભરેલો કળશ જ અર્પણ કર્યો છે. શ્લોકનો અડધાથી વધારે ભાગ શ્રેષ્ઠ સંબોધનોથી ભરપૂર છે. સંબોધન સ્તુતિનો જાણે અભિનવ પ્રયોગ છે અને આમેય ભક્તિયોગમાં વિવિધ ભાવો દ્વારા પરમાત્માને પોકારવાની એક પ્રસિદ્ધ પરંપરા રહી છે. સાથે સાથે વિષમ પરિસ્થિતિથી ઉગારવા માટે હૃદયસ્પર્શી પ્રાર્થના કરવામાં આવી છે. પુનઃ સ્તુતિ, ભક્તિ અને કાવ્યની ત્રિવેણીને વિસ્તૃત રૂપે પ્રવાહિત કરેલ છે.

આ પદનો મૂળભૂત વિધિભાવ 'મામં પુનીહિ' છે. પ્રભુને પ્રેમાસા દ્વારા નિજને પાવન કરવા માટે આજ્ઞાપૂર્ણ પ્રાર્થના કરવામાં આવી છે. 'પુનીહિ' - હે પ્રભુ ! મને પાવન કરો. આપ મારા માટે પુણ્યપ્રભા પ્રગટ કરો. 'પુનિત બનવું' તે સંપૂર્ણ સાધનાનું સારબિંદુ છે. સંપૂર્ણ નિર્દોષ અવસ્થાને પ્રગટ કરવી, દૂષિત ભાવોનો પરિહાર કરવો અને મૂળભૂત સ્વરૂપે તત્ત્વોને પ્રસારિત કરવા તે પુનિત અવસ્થા છે, 'પુનીહિ' પરિશુદ્ધિનું પરિણામ પેદ કરવા માટે પવિત્ર પ્રાર્થના છે. પદાર્થ કે વ્યક્તિ પોતાના ગુણધર્મોથી યુક્ત થઈને સ્વચ્છ બની જાય છે ત્યારે તેની પાવન દશા પરમ શાંતિનું કારણ બની જાય છે. દર્પણ જો સ્વચ્છ હોય તો તેમાં પ્રતિબિંબ પણ નિર્મળ પડશે. જળ તરસ છિપાવે છે, પરંતુ તે નિર્મળ હોવું જોઈએ. ગંદુ પાણી વિકૃતિનું કારણ બને, શુદ્ધિનો આ સિદ્ધાંત સાર્વભૌમ છે. કમળો હોય તો વિપરીત દર્શન થાય છે. અત્રે કવિશ્રી પરમાત્માને પ્રાર્થના કરે છે કે મને પાવન કરો, મને અવદાત અવસ્થાનું દાન કરો.

સાથે કહ્યું છે 'ત્રાયસ્વ' હે દેવ ! મને બચાવો, બહારના આક્રમણોથી તો ઠીક, પરંતુ આભ્યંતર અશુદ્ધિના આક્રમણથી બચવું નિતાંત આવશ્યક છે. 'ત્રાયસ્વ' શબ્દ સ્વરક્ષા માટે સહયોગની અપેક્ષા રાખે છે. મનુષ્ય જ્યારે બધી બાજુથી ત્રસ્ત થઈ જાય છે ત્યારે પરમાત્માનું અવલંબન પ્રાણ બની જાય છે. જેમ ડૂબતી વ્યક્તિને લાકડાનો સહારો તેને બચાવી લે છે. રોગની દુરવસ્થામાં અમૃતમય ઔષધ તેની રક્ષા કરે છે. યષ્ટિ જેમ વૃદ્ધનો સહારો છે. તેમજ ભક્ત માટે ભગવાનના નામનો સહારો છે. પ્રભુને સ્તુતિકારે 'करुणाहृद' કહ્યા છે, તેનો અર્થ છે. કરુણામય હૃદયવાળા અથવા કરુણાથી ભરેલા જળાશય. શાસ્ત્રકારોનું અધ્યયન એ છે કે કઠોરતા હિંસાનું કારણ છે અને કરુણા દયાનું કારણ છે. કરુણામાં કોમળતાનો ભાવ છે. નરમ અને મૃદુ પરિણામ અહિંસાના મૂલાધાર છે તથા રુક્ષ અને કઠોર પરિણામ હિંસાના પ્રબળ કારણ બની જાય છે. પરમાત્મા પણ સ્વયં કરુણાની મૂર્તિ છે. હવે પરમાત્મા પાસે વિશ્વકલ્યાણરૂપ કરુણાને છોડીને બીજા ક્રિયાકલાપ શેષ નથી. ભગવાન સ્વયં કરૂણાવાન છે અને વિશ્વને પણ કરુણાનું દાન કરે છે. કોઈ જળાશય સૂકાઈ શકે છે, નદીની ધારા નિર્જળ થઈ શકે છે પરંતુ આપણા પાવન પ્રભુની કરુણાની સરિતા નિરંતર વહેતી રહે છે. કરુણાનો આ જળસાગર ક્યારેય સૂકાતો નથી. કરુણા જ શુદ્ધ આત્માનું લક્ષણ છે. અત્રે સ્તુતિકારે પરમાત્માને 'करुणाहृद' કહીને કરુણાની યાચના કરી છે.

પોતાની દુઃખનિવૃત્તિ માટે પ્રાર્થના કરતાં ભાવ પ્રગટ કરતાં પ્રભુના વિશેષ ગુણાનુવાદ પણ કર્યા છે અને કહ્યું છે કે 'આપ દેવેન્દ્રવંદ્ય' છો, 'અખિલ વસ્તુસાર' ના જ્ઞાતા છો, હે વિભુ ! આપ સંસારતારક પણ છો અને ભુવનના અધિનાથ છો. 'देवेन्द्रवंद्य' સુપ્રસિદ્ધ વિશેષ છે. જૈન કથાનુયોગમાં દેવાધિદેવ ઈન્દ્ર દ્વારા પણ ઉપાસ્ય માનવામાં આવ્યા છે. જ્યારે ભગવાન માતાના ગર્ભમાં આવે છે ત્યારે પણ ઈન્દ્ર પોતાના સિંહાસન પરથી ઊઠીને ધરાતલને સાક્ષાત્ પ્રણામ કરે છે અને ત્યારપછી જન્મથી માંડીને અંત સુધી ઈન્દ્ર પ્રભુપરાયણ બની રહે છે. ઈન્દ્રને પૃથ્વીના અધિષ્ઠાતા માનવામાં આવ્યા છે, સત્તાના શ્રેષ્ઠ શિખર પર બિરાજમાન છે. જ્યારે પરમાત્મા ધર્મસત્તાના અધિષ્ઠાતા હોઈને ત્યાગ - વૈરાગ્ય ભાવોથી ભરપૂર છે. ઈન્દ્ર પરમાત્માના ચરણોમાં ઝૂકે છે તેનો અર્થ છે કે સત્તા અને સંપત્તિ ત્યાગ - વૈરાગ્ય સામે ઝૂકે છે. ઈન્દ્ર

શક્તિનો પરિચાલક છે અને પ્રભુ વિરક્તિના પરિચાલક છે. વિરક્તિ સામે શક્તિ ઝૂકી જાય છે. વિરક્તિની શક્તિ અમોઘ છે. અહીં 'देवेन्द्रवन्द्य' વિશેષણ સાર્થક છે.

'विदित - अखल वस्तुसार' પદાર્થનું જ્ઞાન ત્રણ રીતે ઉપલબ્ધ હોય ત્યારે તે જ્ઞાન જ્ઞાનની દિવ્યતમ શ્રેણીમાં આવે છે.

પદાર્થનું જ્ઞાન, ગુણોનું જ્ઞાન અને તે ગુણોના પ્રભાવ તથા પરિણામનું જ્ઞાન - આ વસ્તુનો સાર છે. વસ્તુ એટલે પદાર્થ. સાર એટલે પદાર્થમાં રહેલા વિશિષ્ટ ગુણઃ દૂધનું જ્ઞાન અને દૂધ જોઈને દૂધમાં રહેલા માખણ કે ઘીનું જ્ઞાન તે દૂધનું સારજ્ઞાન છે.

ઉત્તમ ફળ પ્રાપ્તિ જ સાર છે અને ઉત્તમ ફળ પ્રાપ્તિ માટે દીર્ઘકાલીન સાધન સારભૂત બને છે. કવિશ્રીએ અત્રે વસ્તુસાર કહીને ઉત્તમ વિશુદ્ધ ભાવનો પરિચય આપ્યો છે.

આગળ કવિશ્રીએ 'સંસારતારક વિભુ' તથા 'ભુવનાધિનાથ' કહીને દયાની યાચના કરી છે. રક્ષા માટે 'દેવ' કહીને પ્રાર્થના કરી છે. પરમાત્મા એટલા માટે સંસારતારક છે કે આત્મશુદ્ધિના ઉપદેશથી સંસારચક્રમાં આબદ્ધ જીવોનો ઉદ્ધાર કરે છે. હકીકતમાં જીવ સ્વયં તરે છે, પરંતુ તરવા માટે જ્યાં સુધી પરમાત્માનું અવલંબન લેતો નથી ત્યાં સુધી તરવું મુશ્કેલ છે. નાવનો સહારો લઈને યાત્રી જળાશયને પાર કરે છે, સૂર્યપ્રકાશથી જીવનયાત્રા સરળ બને છે, નિમિત્તની પ્રબળતા ઉપાદાનના વિકાસ માટે પરમ ઉપકારી બને છે. નિમિત્તકારણ પણ પોતાના ગુણોથી ઉપાદાનકારણ સમાન છે. પરમાત્માને અત્રે સર્વોત્તમ નિમિત્તરૂપ માનીને સંસારતારક કહ્યા છે. આ રીતે દેવાધિદેવ 'भुवनाधिनाथ' પણ છે. ત્રણ લોકનું સ્વામિત્વ પ્રભુની શક્તિમાં સમાયેલું છે. તેઓ વીતરાગ છે એટલે શક્તિપ્રયોગ કરતા નથી, નહિતર સમગ્ર બ્રહ્માંડને પણ કંપાયમાન કરી શકે છે. પ્રભુ નિર્મોહ દશાના સ્વામી છે. એટલે તેમને એવું કંઈ પ્રયોજન નથી, પરંતુ તેઓ અનંત શક્તિના ધારક છે તથા વિભુ છે, તેમનો વૈભવ પણ અલૌકિક અને અગમ્ય છે. એટલે તેઓ 'भुवनाधिनाथ' છે.

પોતાની સ્થિતિને 'सीदन्त' વ્યક્ત કરીને રક્ષા અર્થે પ્રાર્થના કરી છે - હે દેવ ! 'त्रायस्वं' - મને બચાવો, કયા કારણથી સ્તુતિકાર 'सीदन्त' છે અને કેવી રક્ષા ઈચ્છે છે ? બેને પ્રશ્નો સ્થૂળ દૃષ્ટિએ ન જોતાં પ્રશ્નનો આભ્યંતર ભાવ શું છે તે જોવું તે આ કાવ્યનો મર્મ છે. બહારમાં જેટલી પીડા તથા ઉપદ્રવ થાય છે તેનું મૂળ કારણ અશુભ કર્મ છે અને કર્મનો વિપાક જ પીડારૂપે પ્રગટ થાય છે. બાહ્ય ઉપદ્રવ ન હોવા છતાં અજ્ઞાનમૂલક માનસિક વિકાસ પણ પીડાનું કારણ બને છે. મોહનીયકર્મનો પ્રબળ પ્રભાવ પણ જીવને દુઃખસાગરમાં ડુબાડી રાખે છે. ભયંકર પરિસ્થિતિ પેદા કરે છે. કવિશ્રી સ્વંય કહે છે, 'भयद् व्यसनांबुराशे' ભયકારી પીડાના ભંડાર એવા સંસારસમુદ્રમાંથી ઉગારવા માટે પરમાત્માને પોકારવામાં આવ્યા છે. વિભાવ માત્ર પીડાનું કારણ છે. પાપકર્મના ઉદયથી જ વિરોધી મનુષ્ય સામે આવે છે.

બાહ્ય - આભ્યંતર બંને પીડાના નિવારણની એક જ દવા છે. પરમાત્માની શરણાગતિ. પ્રભુ 'ત્રાણ' બનીને રક્ષા કરે છે, પરંતુ વાસ્તવિક રક્ષા ત્યારે થાય છે કે જ્યારે વિશુદ્ધ પરિણામો ઉદ્‌ભવે છે. વિશુદ્ધ પરિણામની ઉત્પત્તિમાં દેવદર્શન અને તેનો આશ્રય કરીને પરમાત્માનું પૂર્ણ અવલંબન લેવું જેથી રક્ષાની એક શ્રૃંખલા તૈયાર થઈ જાય છે.

આવા દેવેન્દ્રને વંદ્ય, સમગ્ર વસ્તુના સારને જાણનારા, સંસારના તારક અને ભુવનાધિનાથ પ્રભુને આચાર્યજી પોતાને સંસારસમુદ્રથી છોડાવા આર્જવભરી વિનંતી કરે છે અને તે વિનંતી કરતી વખતે તેઓ પ્રભુને ચારે બાજુ આત્મઓજસ ફેલાવનારા વિભુ તરીકે સંબોધે છે તે ઘણું જ સૂચક છે.

यद्यस्ति नाथ ! भवद्ङ्घ्रिसरोरुहाणां
भक्तेः फलं किमपि सन्ततिसञ्चिताया: ।
तन्मे त्वदेक-शरणस्य शरण्य: ! भूया:
स्वामी त्वमेव भुवनेऽत्रभवान्तरेऽपि ।। ४२ ।।

હોજો પ્યારા પ્રભુજી શરણું આપનું એક મારે,
હો આજે ને પરભવમહિં આપ તો નાથ મારે,
મેં જો ભક્તિ કંઈપણ કરી આપની હે જિનેશ,
તો હું માગું ફળ પ્રભુ કને એકનું એક ઈશ.

● **<u>શબ્દાર્થ :-</u>**

નાથ ! હે સ્વામિન્, ભવદંઘ્રિસરોરુહાણામ્ - આપના ચરણકમલની, ભક્તેઃ - ભક્તિનું, ફલં - ફળ, યદિ - જો, કમિપિ - કાંઈ પણ, અસ્તિ - હોય, સંતિત સંચિતાયા - ચિરકાલથી સંચિત, તત્ - તો, મે ત્વદેક શરણસ્ય - કેવલ આપનું જ સ્મરણ - શક્તિ છે એવા મને, શરણ્ય - શરણાગતનું શરણ, ભુયાઃ - થઓ, સ્વામી મારા સ્વામી, ત્વમેવ - તમે જ, ભુવનેત્ર - આ લોકોમાં અને ભવાન્તરેડપિ - ભવાંતરમાં પણ.

● **<u>ભાવાર્થ :-</u>**

હે નાથ ! જો આપના ચરણકમલની નિરંતર ચિરકાલથી સંચિત ભક્તિનું જો કાંઈ પણ ફળ હોય તો હે શરણાદાતા ! આપ એકનું જ શરણ રહેલું છે. એવા મને - આ ભવમાં કે ભવાંતરમાં આપ જ મારા સ્વામી બનો. મને કેવલ આપનું જ શરણ અપેક્ષિત છે, બીજું કશું જ નહિ.

● **<u>વિવેચન :-</u>**

કોઈ લાભની ઈચ્છાવાળી વ્યક્તિ માત્ર એક ફળ માગીને સંતુષ્ટ થઈ જાય છે ત્યારે તેની ઈચ્છાનું વાસ્તવિક ઉચ્ચ મૂલ્ય નથી. પરંતુ ચતુર વ્યક્તિ એક આમ્રફળ ન માગતાં સંપૂર્ણ આમ્રવૃક્ષને માગે છે અને તે વૃક્ષની સેવાથી હજારો ફળ સ્વયં તેને પ્રાપ્ત થાય છે. એક વ્યક્તિ એક બાલદી પાણી મેળવ્યા પછી ફરી તરસ્યો રહી જાય છે, પરંતુ આખો કૂવો ઉપલબ્ધ થતાં નિરંતર જળ મળ્યા કરે છે. સ્વામીની સંપત્તિ ન માગતા સ્વામીને જ માંગી લેવા તે ભક્તિની પરાકાષ્ઠા છે. ભગવાન કહે છે કે તૃષ્ણાતુર વ્યક્તિ સંપત્તિ માગે છે, પણ મને (ભગવાનને)

માંગતો નથી. સંસારી લોકો સંસારને માગે છે, સંસારથી મુક્ત કરનાર સ્વામીને માગતા નથી, પરંતુ પરમભક્ત સ્વામીને જ ઈચ્છે છે.

સાક્ષાત્ સ્તુતિકારે સ્વામીને ઈચ્છયા છે - માગ્યા છે અને તે પણ એક જન્મ માટે નહીં, સદાકાળ માટે, સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે કે મારી ભક્તિનું કંઈ ફળ હોય તો હું કોઈ ભૌતિક સાધનો માંગતો નથી, પરંતુ હે નાથ ! આપ મારા સ્વામી બનીને મને સેવકના રૂપમાં ગ્રહણ કરો. આ ભવમાં તથા ભવાંતરમાં પણ આપ મારા સ્વામી બની રહો.

બુદ્ધિમાન ભક્ત પરમાત્માને સાચું શરણ માનીને સ્વામીના રૂપે તેમનું વરણ કરે છે. સાચો સિદ્ધાંત પણ એ છે કે લબ્ધિ ન માગતાં લબ્ધિધારીને માગી લેવા, હીરા ન માગતાં હીરાની ખાણ માંગી લેવી, કલા કરતાં કલાધર અધિક કલ્યાણકારી છે. મહાભારત કથામાં પણ આવે છે કે દુર્યોધને દ્વારકાધીશની સંપત્તિને પસંદ કરી, જ્યારે અર્જૂને દ્વારકાધીશનું જ વરણ કર્યું, જેનું પરિણામ વિશ્વપ્રસિદ્ધ છે. કવિશ્રીએ ભક્તિની સર્વોત્તમ સીમાને સ્પર્શ કરતાં સ્વામીનું વરણ કરીને સમ્યક્દર્શનનું ઉત્તમ ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે.

આ પદમાં પણ સ્વામીના રૂપમાં આકાંક્ષા કરીને ભક્તિનું ફળ શું હોવું જોઈએ તેનું આખ્યાન કર્યું છે. ભક્તિનું સાંસારિક ફળ માગવું તે વિપરીત માર્ગ છે, જેને અપરાફળ કહે છે, પરંતુ ભક્તિના ફળસ્વરૂપ પરમાત્માનું વરણ કરવું તે વીતરાગ માર્ગ છે અને તે પરાફળ છે અર્થાત્ ઉત્તમમાર્ગ છે.

'भगवद् अंघ्रिसरोरुह' પરમાત્માનાં ચરણકમળની ભક્તિ શાસ્ત્રોમાં અને વિશ્વમાં સુપ્રસિદ્ધ છે, જેને ચરણઉપાસના કહે છે, પરંતુ આ ઉપાસના ચરણ સુધી સીમિત નથી. જેમના ચરણોની ઉપાસના કરવામાં આવે છે તે ચરણધારી સર્વાંગ ઉપાસ્ય છે. કૂવાનું થોડું શુદ્ધ જળ પીવાથી આખો કૂવો વિશુદ્ધ જળનો ભંડાર છે તેવી પ્રતીતિ અને આદર થાય છે. ગુલાબનું એ પુષ્પ આખા છોડને સુગ્રાહ્ય બનાવે છે. અમૃતનું એક બિંદુ પૂરી જીવનશક્તિ આપે છે. એવી રીતે પરમાત્માનાં ચરણમાત્ર સંપૂર્ણ છે. ફળપ્રદાન થઈને કલ્યાણના કારણ બને છે. ચરણ એ ચરણ નહીં, સ્વયં પરમાત્મા છે.

સાધારણ ક્રિયા પણ કર્તાને કંઈ ફળ આપે છે તો ભક્તિરૂપ ક્રિયાનું તો પૂછવું જ શું ! ભક્તિ સર્વોત્તમ ક્રિયા છે, જ્ઞાનયોગ, કર્મયોગ અથવા કોઈ પ્રકારની તપશ્ચર્યાનું સાધન ભક્તિવિહિન છે તો તે બધી ક્રિયાઓ અસાર બની જાય છે. ભક્તિ સંસારમાં તે પાવન સરિતા છે કે જે તમામ પાપોને ધોઈને જીવાત્માને વિશુદ્ધિ પ્રદાન કરે છે.

કવિશ્રીએ અહીં ભક્તિના ફળની ચર્ચા કરી છે. 'भक्ते फलं किमपि' ભક્તિનું એક બાહ્ય ફળ અને બીજું આભ્યંતર ફળ બંનેને દૃષ્ટિમાં રાખીને કાંઈપણ ફળની પ્રાપ્તિ થાય એવી અભિવ્યક્તિ કરી છે, પરંતુ આશ્ચર્ય એ છે કે બંને ફળની ઉપેક્ષા કરવામાં આવીછે. ફળ પરથી

દૃષ્ટિ હટાવીને ફળની આસક્તિ વિના એક મહાફળની અપેક્ષા પ્રગટ કરી છે. ભક્તિનું ફળ હોય તો હોય પરંતુ હે નાથ ! હું તો તે ભક્તિના ફળસ્વરૂપ આપને જ ઈચ્છું છું. પ્રિય પત્ની અલંકારની ચાહના ન રાખતાં સ્વામીને જ ચાહે છે. હે દેવ ! ભક્તિનું જે કંઈ પણ હશે તે તો મને મળશે જ, પરંતુ હું ફળના રૂપમાં આપ જેવા ઉપાસ્ય દેવને જ સ્વામીના રૂપમાં સ્વીકાર કરવા ઈચ્છું છું અને આપ મારા એવા સ્વામી બનો કે જન્મ જન્માંતર મારા હૃદયમાં નિવાસ કર્યા કરો. જેમ શ્રી આનંદઘનજીએ કહ્યું,

'ઋષભ જિનેશ્વર પ્રતિમ માહરો રે,
ઔર ન ચારુ રે કંત;
રીઝયો સાહિબ સંગ ન પરિહરે રે,
ભાંગે સાદિ અનંત ।'

બે પ્રકારનો સંબંધ હોય છે - સાદિ સાંત અને સાદિ અનંત. સાંસારિક પ્રેમ કે સ્વામીનો સંબંધ સાદિ સાંત હોય છે. તે પ્રેમની આદિ પણ છે અને અંત પણ છે, પરંતુ ભગવાનરૂપ સ્વામીનો પ્રેમ સાદિ અનંત છે. એકવાર પ્રભુને સ્વામીના રૂપમાં ધારણ કર્યા પછી તેનો અંત હોતો નથી. ભક્તિ દ્વારા આ સ્વામી સેવકનો સંબંધ સાદિ અનંત હોય છે. આ પદમાં પણ આચાર્યશ્રીએ સાદિ અનંતના રૂપમાં સ્વામીના અધિકારની પ્રાર્થના કરી છે. આપ મારા એવા સ્વામી બનો, ક્યારેય મને છોડો નહીં અને હું એવો ભક્ત બનું કે કદી આપને છોડું નહીં. નિરંતર સ્થાયી સંબંધની અભિલાષા શુદ્ધ સમ્યક્‌દર્શનનું સ્વરૂપ છે. અખંડ શ્રદ્ધા જ ભક્તિનું મહાફળ છે. ફળદાતા પર જ ભક્ત ધ્યાન આપીને તેમની કૃપાનો આદર કરે છે.

'सततं संचिता' - ક્રિયા અને ફળમાં એક સામ્ય અલંકારનાં દર્શન થાય છે. ભક્તિ માટે કહ્યું કે નિરંતર ભક્તિ કરી હોય, ભક્તિના પ્રવાહમાં ત્રુટિ ન આવી હોય તો હે નાથ ! નિરંતર આપ મારા સ્વામી બની રહો. ભક્તિ પણ નિરંતર છે અને સ્વામી પણ નિરંતર બની રહે. કાર્ય - કારણનો સુમેળ કરવામાં આવ્યો છે.

ભક્તિ જો ખંડિત હશે તો સ્વામીની કૃપા પણ ખંડિત થઈ જશે. મેં ભક્તિનો સતત સંચય કર્યો હોય, ભક્તિમાં નિરંતર રમણતા કરી હોય તો આપ પણ નિરંતર મારા સ્વામી બનીને રમણ કરો. અત્રે 'कारण दोषात् कार्य दोष' નો સિદ્ધાંત સ્પષ્ટ દૃષ્ટિગોચર થાય છે. લોટ ખરાબ હશે તો રોટલી ખરાબ બનશે. ખરાબ માટીથી સારો ઘડો નહિ બને. કારણમાં કોઈ દોષ હશે તો તે કાર્યમાં પ્રગટ થશે. અખંડ ભક્તિ જ ભક્તિનું નિર્દોષ લક્ષણ છે.

આ ભક્તિના આધારે આપ એક માત્ર શરણ હતા - આધાર હતા. 'तन्मे त्वद् एक शरणस्य' માં આપને જ શરણરૂપ માન્યા છે. આપને છોડીને બીજો કોઈ મારો આશરો નથી. જૈનશાસનમાં પણ અરિહંતને જ એકમાત્ર શરણ માનવામાં આવ્યા છે. એકમાત્ર કહેવાનું તાત્પર્ય કે ભક્તિનું લક્ષ્ય દ્વિધા હોતું નથી. એક નારી બે પુરુષોનો લક્ષ્ય કરે તો સતીત્વ

ઉપલબ્ધ થતું નથી. બે રાજાઓ સાથે મેળ રાખનાર મંત્રી રાજ્ય અને રાજાને વફાદાર થઈ શકતી નથી. ભોગ અને યોગ બંનેની ચાહનાથી સાધના ખંડિત થઈ જશે. લોકોક્તિ પણ છે કે 'બે ઘોડા પર સવારી થઈ શક્તી નથી.', બે નાવ પર પગ રાખનાર નદી પાર કરી શકતા નથી. એટલે જિનેશ્વર એકમાત્ર શરણ કરવા યોગ્ય છે અને મેં આપને જ શરણરૂપ માન્યા છે. એટલે હે શરણ્ય ! શરણાગત પ્રતિપાલ ! મારો અંતરપોકાર સાંભળો. જન્મ-જન્માંતર મારા સ્વામી બનો. મારી આંતરિક ઉત્કંઠાને પૂર્ણ કરો. મેં આપને એકમાત્ર શરણ માન્યા છે, તો આપનો પણ ધર્મ છે કે મારા સ્વામી બનીને મારી સેવાનો સ્વીકાર કરો, મારા પર કૃપા કરો.

દુઃખદ સ્થિતિથી કંટાળીને હવે કવિશ્રી પ્રાર્થનાના પ્રભાતરૂપે પ્રકાશમાં પરમાત્માના દર્શન કરવા ઈચ્છે છે. પૂર્વના પદોમાં અંધકારૂપ જે અવદશા ચાલતી હતી તેનું નિવેદન કર્યા પછી હવે લાગે છે કે અંધકાર દૂર થયો છે અને સુપ્રભાતનું આ પદમાં દર્શન થઈ રહ્યું છે.

સંપૂર્ણ કલ્યાણમંદિર ભિન્ન-ભિન્ન પ્રકારની અવસ્થાઓને આબદ્ધ કરતાં એક ક્રમબદ્ધ ક્રમિક અવસ્થાનું પણ દર્શન કરાવે છે અને હવે પૂર્ણાહુતિના તટ પર આવીને જાણે કવિશ્રી પોતાની અંતિમ અદમ્ય ભાવનાનો ઉલ્લેખ કરે છે અને હૃદયકમળમાં એકમાત્ર શરણભૂત પરમાત્માની સ્થાપના કરે છે. ભક્તિની એક અખંડ ધારા ચાલી રહી હતી તેના ફલસ્વરૂપ કોઈપણ પ્રકારની ભૌતિક કામના ન કરતાં ભક્તિનું અલૌકિક ફળ પ્રાપ્ત થાય છે. 'પરમાત્માની પ્રાપ્તિરૂપ મહાફળ જીવનનું અભિન્ન અંગ બની રહે' અને 'કંઈ જોઈતું નથી' એવી નિષ્કામવૃત્તિથી, જોઈએ તો હે પાર્શ્વપ્રભુ ! આપની જ એકમાત્ર ચાહના જ જોઈએ છે. નિષ્કામ ભક્તિયોગનું આ પદ કલ્યાણમંદિરનો મુગટ છે. આગળના બે પદોમાં આ મુગટને પ્રકાશિત કરીને કવિ વિરામ લે છે.

इत्थं समाहितधियो विधिवज्जिनेन्द्र !
सान्द्रोल्लसत्पुलक-कञ्चुकिताङ्ग-भागाः ।
त्वद्-बिम्ब-निर्मल-मुखाम्बूज-बद्ध-लक्ष्यया
ये संस्तवं तवि विभो ! रचयन्ति भव्यां ।। ४३ ।।

હર્ષે નિત્યે પુલકિત થતા અંગના ભાગ જેના,
જોવા તારાં વિમળ મુખને ઈચ્છતા જે મજેનાં,
જેને કોઈ નવ રહી ગયો હર્ષનો લેશ દેશ,
જેઓ તારું સ્તવન રચતા ભાવથી હે જિનેશ.

● **<u>શબ્દાર્થ :-</u>**

ઈત્થં - આ પ્રમાણે, સમાહિતધિયો - સ્થિત - બુદ્ધિવાળા, (શ્રદ્ધાવાન) વિધિવત્ - વિધિપૂર્વક, જિનેન્દ્ર - હે જિનેન્દ્ર !, સાંદ્રોલ્લસત્ - સઘન અને ઉંચે મટેલા, પુલકકંચુકિતાંગ ભાગાઃ - પુલકિત રોમાંચોથી વ્યાપ્ત, ત્વદ્રબિમ્બનિર્મલ - તમારું નિર્મલ, મુખામ્બુજબદ્ધ લક્ષ્યા - મુખકમલનું જ લક્ષ્ય બાંધીને, યે - જે, ભવ્યાઃ - ભવ્ય પ્રાણીઓ, સંસ્તવં - સ્તુતિ, તવ- તમારી, વિભો ! - હે વિભુ, રચયન્તિ - રચે છે.

● **<u>ભાવાર્થ :-</u>**

હે જિનેન્દ્ર ! અટલ શ્રદ્ધાથી સ્થિર બુદ્ધિમાન આપના પ્રત્યેના તીવ્ર પ્રેમને કારણે અત્યંત સઘન રૂપથી ઉલ્લસિત થયેલા રોમાંચોથી વ્યાપ્ત અંગવાળાં તથા નિરંતર આપના મુખકમલનું લક્ષ્ય બાંધીને જોનારા ભવ્યપ્રાણી આપની વિધિપૂર્વક સ્તુતિ કરે છે.

● **<u>વિવેચન :-</u>**

આમ ૪૨ કડી સુધી જણાવી તેવી ભક્તિ સહિત જે કોઈ જીવ પ્રભુની ભક્તિ કરે છે, તે ઉત્તમ ફળને પામે છે, આવી ફળશ્રુતી બતાવતાં અંતિમ બે કડીઓમાં આચાર્યજી જણાવે છે કે, 'જે ભવ્યજનોની બુદ્ધિ વિધિ પ્રમાણે આપની સમાધિમાં લાગી છે, જેમની કાયા આપના ઉપરની અત્યંત પ્રીતિ વડે ગાઢ રોમાંચ અનુભવી રહી છે, અને જેમની દૃષ્ટિ આપના મુખરૂપી નિર્મળ કમળને વિષે ચોંટેલી છે એવા જે ભવ્યજનો આપની સ્તુતિ કરે છે તેઓ હે મનુષ્યનેત્રરૂપી કુમુદિનીના ચંદ્રરૂપી સ્વામી પોતાનું મન નિર્મળ થવાથી દેદિપ્યમાન સ્વર્ગની સંપત્તિઓને ભોગવીને શીઘ્ર મોક્ષને પામે છે.

૪૩ મી કડીમાં આચાર્યજી ભક્તનાં લક્ષણ બાતવે છે. તેમાં સૌ પ્રથમ લક્ષણ એ બતાવ્યું છે કે, "ભવ્યજનની બુદ્ધિ વિધિ પ્રમાણે આપની સમાધિમાં લાગી રહી છે." સાચા ભક્તનું લક્ષણ એ છે કે તેની મતિ પ્રભુમાં કેન્દ્રિત થઈ હોય છે. પ્રભુમાં મગ્ન બનીને, બીજે બધેથી ઉપયોગને ખેંચીને તેને પ્રભુમાં કેન્દ્રિત કર્યો હોય છે. તેથી તે પોતે પોતાના દેહથી પણ અભિન્નભાવ અનુભવે છે અને એ મહત્ત્વનું લક્ષણ છે.

ભક્તનું બીજું લક્ષણ બતાવ્યું છે કે, "જેમની કાયા આપના ઉપરની અત્યંત પ્રીતિને લીધે ગાઢ રોમાંચ અનુભવી રહી છે." આ ભક્તને પ્રભુ ઉપર એટલી બધી પ્રીતિ હોય છે કે જ્યારે પ્રભુનાં દર્શન થાય છે કે પ્રભુની સમીપતાનો અનુભવ થાય છે ત્યારે તેની કાયામાં ઉલ્લાસથી રોમાંચ થાય છે. એ ઉલ્લાસ અને આનંદ આખી કાયામાં એટલો બધો પ્રસરી જાય છે કે કાયામાં રોમાંચ ઊઠે છે. અર્થાત્ ભક્તિ રુંવે રુંવે પ્રગટી ઊઠે છે. જ્યારે જીવને કોઈને કોઈ પ્રકારે ઉલ્લાસ થાય છે ત્યારે તેના પ્રભાવથી શરીરના રૂંવા ઊભા થઈ જાય છે. આજ રીતે પ્રભુની ભક્તિથી ભક્તના હૃદયમાં એવો ઉલ્લાસ પ્રગટવો જોઈએ કે તેની કાયામાં રોમાંચ થઈ જાય.

એ જ ભક્તનું ત્રીજું લક્ષણ છે. "ભક્તની દૃષ્ટિ પ્રભુના મુખકમળ ઉપર સ્થિર થયેલી હોય છે." સામાન્ય રીતે જીવની દૃષ્ટિ ચારે બાજુ ફર્યા કરે છે, તે સ્થિર હોતી નથી, કારણ કે તેનો ઉપયોગ પણ સમયે સમયે ફર્યા કરતો હોય છે. પણ ભક્તનું ચિત્ત જ્યારે પ્રભુમાં સ્થિર થાય છે, ત્યારે તેની દૃષ્ટિ પ્રભુના મુખ ઉપર સ્થિર બને છે. પ્રભુના મુખ ઉપર જે નીરાગિતા, નિર્વિકારપણું, સૌમ્યતા, શાંતિ વગેરે દૃષ્ટિગોચર થાય છે તે પ્રતિ અત્યંત આકર્ષાઈ તેનો ઉપયોગ ત્યાં સ્થિર થઈ જાય છે અને એ બધા ગુણો પોતામાં પ્રવેશ પામે એવા ભાવ તેનામાં વૃદ્ધિ પામે છે અને મુખકમળ પર સ્થિર બની તે ગુણો પોતામાં ઉતારવા મથે છે.

આવાં લક્ષણોવાળો મુક્તિગામી જીવ જ્યારે શુદ્ધ ભાવથી આપની સ્તુતિની રચના કરે છે ત્યારે તેને કેવું ફળ પ્રાપ્ત થાય ? માત્ર નામનું સ્મરણ કરવાથી ભયના ભરેલા સેંકડો દુઃખો નાશ પામે છે, તો પછી તેમની સ્તુતિ કરવાથી તેનાથી અનેકગણું ફળ પ્રાપ્ત થાય તેમાં શું નવાઈ છે ? અને એ ફળશ્રુતિ અહીં છેલ્લી કડીમાં બતાવી છે.

શ્રી સરયૂબેન મહેતા કહે છે ક, "ભક્તજનનાં જે લક્ષણો આચાર્યજીએ બતાવ્યાં છે તે લક્ષણો તેમાં પ્રગટેલા આપણે જોઈ શકીએ છીએ અને એવી ઉત્તમ પળોએ પૂર્ણ ભાવથી કરેલી સ્તુતિ તેજ 'કલ્યાણ મંદિર સ્તોત્ર' આ સ્તોત્રનો પ્રભાવ તો જાહેર જ છે. આથી આચાર્યજીએ જે ફલશ્રુતિ જણાવી છે તે તેમના સહિત સર્વને લાગુ પડે તેમ છે. ફલશ્રુતિ આ પ્રમાણે છે : આવી સ્તુતિના પ્રભાવથી (પોતાનું) મન નિર્મળ થવાથી દેદીપ્યમાન સ્વર્ગની સંપત્તિઓને ભોગવીને શીઘ્ર મોક્ષ પામે છે.

પ્રભુમય બનેલો જીવ પોતાના ઉપયોગને પ્રભુમાં જ કેન્દ્રિત કરીને, પ્રભુના ગુણો વર્ણવતી સ્તુતિ જ્યારે રચે છે ત્યારે તેના ભાવો ઘણા શુભ હોય છે અને એને મોટો પુણ્યબંધ થાય છે. આ

પુણ્યબંધ એ પ્રકારનો હોય છે કે તે ભોગવવા માટે તેને અનિચ્છાએ પણ દેવલોકમાં જવું પડે છે. આવા ઉચ્ચ દશાવાન જીવો માટેની દેવલોકની ભોગસામગ્રી મનુષ્યો માટે અકલ્પિત જેવી હોય છે, ત્યાંના સુખસાધન અને સામગ્રી એવાં દેદીપ્યમાન હોય છે કે તેનું સ્વપ્ન પણ જીવને અહીં આવી શકતું નથી. એ બધી સુખ-સંપત્તિની ઝાકઝમાળ બધાને આંજી નાખે એવી ઝાકઝમાળ હોય છે. આથી આ બધી સામગ્રીને આચાર્યજી યોગ્ય રીતે 'ચળકતી સંપત્તિ' તરીકે ઓળખાવે છે. જ્યાં સુધી જીવે બાંધેલો પુણ્યનો જથ્થો હોય છે ત્યાં સુધી આ સુખસંપત્તિ તેને ભોગવવાની જ હોય છે. તેનાથી વહેલું નિવૃત થઈ શકાતું નથી. આથી સાચા ભક્તને અનિચ્છાએ પણ એ બધો ભોગવટો કરવો જ પડે છે. ભક્તને અનિચ્છા એક જ કારણથી હોય છે : એ દેવલોક પણ સંસાર છે અને તેની સુખ સામગ્રીમાં પણ આત્માનું સાચું સુખ નથી. જ્યાં સુધી તેનો ભોગવટો હોય ત્યાં સુધી મુક્તિ નથી અને મુક્તિનો ઈચ્છુક સંસારના સુખને ક્યાંથી ઈચ્છે ? તેમ છતાં કરેલા પુણ્યબંધને પરિણામે તે સ્વર્ગની સંપત્તિને અવશ્ય ભોગવે છે. પણ એ ભોગવટામાં તેને આસક્તિ ન હોવાને કારણે નવાં કર્મબંધ તેને થતાં નથી. પણ પૂર્વે બાંધેલ ભોગાવલી કર્મ ભોગવાઈ જાય છે. આથી જ્યારે દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરી તે મનુષ્યભવ ગ્રહણ કરે છે ત્યારે ઉત્તમ ભક્તિ પ્રગટાવી, શેષ રહેલા શુભાશુભ કર્મનો તેના માટે ત્વરાથી ક્ષય કરી મુક્તિ સુંદરીને વરે છે. ભક્તનો પુરુષાર્થ મુક્ત થવા માટે જ હોય છે એટલે સંસાર અતિ અતિ અલ્પ બની રહે છે.

जन-नयन-कुमुद-चन्द्र !
प्र-भास्वराः स्वर्ग-सम्पदो भुकत्वा ।
ते विगलित-मल-निचया
अचिरान्मोक्षं प्रपद्यन्ते ॥ ४४ ॥

તેઓ નિશ્ચે મનુજ કુમુદો ખીલવે ચંદ્ર જેમ,
પામે તેજે ઝળહળ થતી સ્વર્ગની લક્ષ્મી તેમ,
તેઓ ધૂએ સકળ મળના સંચયો સર્વકાળે,
ને પામે છે નિખિલ સુખનાં ધામને અલ્પકાળે.

● **શબ્દાર્થ :-**

તે જનનયન કુમુદચંદ્ર - ભક્તજનોના નેત્રરૂપી કુમુદને વિકસિત કરનાર વિમલચંદ્ર !, પ્રભાસ્વરાસ્વર્ગ - દેદીપ્યમાન સ્વર્ગની, સંપદો ભુક્ત્વા - સંપત્તિઓને ભોગવીને, વિગલિત મલનિચયા - કર્મરૂપી મલને દૂર કરીને, અચિરાત્ - શીઘ્ર, મોક્ષં પ્રપદ્યન્તે - મુક્તિને પ્રાપ્ત કરે છે.

● **ભાવાર્થ :-**

હે ભક્તજનોના નેત્રરૂપી કુમુદ વિકસિત કરનાર વિમલચંદ્ર ! તે ભક્તજનો (ભવ્યજીવો) અત્યંત રમણીય સ્વર્ગ - સંપત્તિને ભોગવીને અંતે કર્મમલથી રહિત થઈ જાય છે અને શીઘ્ર જ મોક્ષને પામે છે.

● **વિવેચન :-**

આવી અનન્ય ભક્તિ કરનારને મન પ્રભુ કેવા છે તે આચાર્યજીએ છેલ્લી કડીમાં પ્રભુને કરેલા સંબોધનમાં જણાવ્યું છે. 'જન - નયન - કુમુદચંદ્ર - સ્વામી" એટલે કે મનુષ્ય-નેત્રરૂપી કૌમુદીના ચંદ્રરૂપ સ્વામી. કુમુદ અને ચંદ્રનો સંબંધ તો બહુ જાણીતો છે. તળાવમાં રહેલું કુમુદનું ફુલ, આકાશમાં ખીલેલા ચંદ્રમાને નિહાળી અત્યંત પ્રફુલ્લિત થાય છે અને વિકસે છે. વળી દિવસે ચંદ્રની ગેરહાજરીમાં તે કરમાઈને બીડાઈ જાય છે અને નમી જાય છે. ફરીથી રાત્રીએ ચંદ્રના દર્શન પામતાં તે વિકસે છે. હજારો માઈલ દૂર વસતા ચંદ્રનો પ્રભાવ પૃથ્વી પર રહેલા કુમુદ પર કેવો અદ્‌ભુત પડે છે ? આવો જ અદ્‌ભુત પ્રભાવ પ્રભુનો ભક્ત પર પડે છે. પ્રભુ ચંદ્ર કરતાં પણ ઘણે ઊંચે એવી સિદ્ધશીલા પર વસે છે અને ભક્ત કુમુદની માફક પૃથ્વી પર, પ્રભુની અગણિત માઈલો દૂર વસે છે. આવો ભક્ત જ્યારે પ્રભુનાં દર્શન પામે છે ત્યારે તેનાં દર્શન

માત્રથી ભક્તના રોમેરોમ પ્રફુલ્લિત થઈ જાય છે. આ અસર આપણે પૂર્વની કેટલીક કડીઓમાં અનુભવી છે, તેથી તેના સંદર્ભમાં પ્રભુ માટેનું આ સંબોધન યોગ્ય જણાયા વિના રહેશે નહિ.

બીજી રીતે જોઈએ તો આચાર્યજીએ પોતાનું પૂર્વનામ 'કુમુદચંદ્ર' ખૂબીપૂર્વક અહીં ગૂંથી લીધેલું જોઈ શકાય છે.

અનેક દૈવી સુખ ભોગવી મુક્તિ પામવારૂપ ફલશ્રુતિ બતાવી આચાર્યજી આ સ્તોત્ર પૂર્ણ કરે છે. આ સ્તોત્રનો સમગ્રપણે વિચાર કરીએ છીએ ત્યારે તેની ઉત્તમતા સ્પષ્ટ થયા વિના રહેતી નથી. આ સ્તોત્રના આરંભમાં મંગલાચરણ રચવાનો હેતુ, તેનું માહાત્મ્ય, પ્રભુના ગુણો અને અતિશયોની મહત્તા વર્ણવી, અત્યાર સુધી પ્રભુને ભજ્યા નહિ તેનો ખેદ આચાર્યજી ઊંડા દુઃખ સાથે વ્યક્ત કરે છે. પણ જાગ્યા ત્યારથી પ્રભાત ગણી, થયેલી ભૂલનો પશ્ચાત્તાપ કરી, થયેલી ભૂલ પુનરાવર્તન ન પામે તે માટે પ્રભુને વિનંતી કરી આગળ વધે છે. સદાકાળને માટે પ્રભુનું શરણું ઈચ્છી, સાચી ભક્તિનું મોક્ષફળ બતાવી સ્તોત્ર સમાપ્ત કરે છે. અને એમ કરવામાં અનેક ગૂઢ રહસ્યો, મોક્ષમાર્ગની સ્પષ્ટતા તથા પરમાર્થ માર્ગના કેટલાય સિદ્ધાંતો તેમણે ખુલ્લા કર્યા છે તે આપણે જોયું. અને એ પરથી સહુ કોઈ સમજી શકે છે કે જે કોઈ આ સ્તોત્ર હૃદયપૂર્વક કરે તેનું અવશ્ય કલ્યાણ થાય, કારણ કે પરમાર્થનાં ઉત્તમ રહસ્યો જીવનમાં ઊતરી જીવને સાચે રસ્તે સતત પ્રેરતા રહે છે. આ સમજ્યા પછી આ સ્તોત્રનું નામ 'કલ્યાણમંદિર' રાખ્યું છે તે સાર્થક જણાશે.

કવિશ્રીએ ૪૪ શ્લોકની સ્વર્ણમાળામાં એકથી એક ઉત્તમ મોતી પરોવ્યાં છે. આખો સ્તોત્ર એક અખંડ ભક્તિક્રમનો પ્રતિબોધન છે. દરેક પદમાં વિલક્ષણ ભાવોના ઉદ્‌ભવવાની સાથે એક અવિરત ક્રમનું નિર્માણ કર્યું છે.

કવિની ખૂબી એ છે કે જીવાત્માની સુદીર્ઘ યાત્રાનું પૂર્ણવિરામ મુક્તિ છે. તેનો ઉલ્લેખ કરીને સ્તોત્રનું પણ પૂર્ણવિરામ કરેલ છે અને આટલા મોટા સ્તોત્રની રચના કયા હેતુથી કરી તે પણ પ્રગટ કરેલ છે. એટલું જ નહિ, પોતે કોઈ અલગ માર્ગ અખત્યાર કર્યો છે તેવા અહંકારનો પરિત્યાગ કરીને, પૂર્વે હજારો પ્રભાવશાળી આચાર્યગણ સ્તુતિની રચના કરતા રહ્યા છે અને ભક્તિનું અવલંબન લઈને શાસન પ્રભાવના કરતા રહ્યા છે તેમ જણાવ્યું છે. શ્રી કુમુદચંદ્રે તે જ માર્ગ પસંદ કર્યો છે તથા તે માર્ગે ચાલવાનો નિર્ધાર કર્યો છે. એક રીતે તેઓએ પૂર્વાચાર્યોના ચરણોમાં પોતાના સ્તોત્રને સમર્પિત કરેલ છે. સાથે સાથે સ્તુતિમાં કોઈ પ્રકારની કચાશ ન રહે તે માટે પૂર્ણ પ્રયાસ કરવામાં આવ્યો છે. જેમ આચાર્યોનું સ્તવન છે તેમ આ પણ એક સ્તવન છે. સ્તવનનું લક્ષ્ય મોક્ષપ્રાપ્તિ છે. 'ભક્તિથી મુક્તિની પ્રાપ્તિ' આ સિદ્ધાંત પર આખો સ્તોત્ર ગુંજાયમાન થયો છે. આ એક પ્રકારનો રત્નાકર છે, જેમાં ડુબકી લગાવવાથી અવશ્ય રત્નપ્રાપ્તિ થશે અને ભક્તિના અભાવમાં ક્ષારનું આસ્વાદન થશે.

ફળથી જ વૃક્ષની ઓળખાણ થાય છે, પુત્રથી પિતાના ગુણ પ્રગટ થાય છે, વાદળાંઓની છટા અભિનવ વૃષ્ટિની ઘોષણા કરે છે. રણસિંગાને ધ્વનિ યુદ્ધના પ્રતિધ્વનિનો આભાસ આપે છે. વરમાળા જીવનનો નવો અધ્યાય ખોલે છે, વિરક્તિ ત્યાગનો શ્રૃંગાર છે. એવી રીતે આ મહાસ્તોત્ર ભક્તિના ઉદ્‌ગાનથી મુક્તિની ઉદ્‌ઘોષણા કરે છે. સાચા માર્ગે - ગંતવ્ય સ્થાને લઈ જાય છે અને સાચી સ્તુતિ મુક્તિમાં પરિણત થાય છે. કવિશ્રીએ આ વાત કરીને સ્વયં આ સ્તોત્રનો ઉપસંહાર કર્યો છે.

આ તો થઈ જ્ઞાનકથા, પરંતુ કાવ્યકળાની દૃષ્ટિએ આ સ્તોત્ર સાહિત્યનું એક સૌરભમય પુષ્પ છે. સાહિત્યનું ઝરણું છે. સ્તોત્રનો પ્રધાન રસ શાંતરસ હોય છે છતાં શબ્દશૃંગારની કમી નથી. 'रसात्मकं वाक्यं काव्यं' જે કથનમાં રસપૂર્ણ અલંકાર હોય તે કવિતા બની જાય છે. કલ્યાણમંદિરમાં તો એક પ્રકારે રસઘર જ તૈયાર કર્યું છે. સ્તોત્રની પ્રત્યેક પંક્તિમાં કાવ્યરસનો આસ્વાદ મળે છે.

સંદર્ભ નોંધ :

(૧) નંદીસૂત્ર - પરિશિષ્ટ ૧, પૂ. આત્મારામજી મ.સા., પૃષ્ઠ નં. ૨૮૭ પ્ર. ?

(૨) 'ભક્તામ : અંતસ્તલનો સ્પર્શ' - આચાર્ય મહાપ્રભુજી, પૃ. નં. ૧૫ પ્ર. ?

(૩) 'શ્રી સિધ્ધસેન દિવાકરસૂરિ રચિત કલ્યાણમંદિર સ્તોત્ર', ડૉ. સરયૂબેન મહેતા, પૃ.નં.૨૩

(૪) 'આત્માસિધ્ધિ શાસ્ત્રના પ્રવચનો' પૂ.ભાનુવિજયજી મ.સા. પ્ર. ?

(૫) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, અધ્યયન - 33 પ્ર.

(૬) શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર પ્ર. ?

(૭) શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર વિવેચન, પૂ. જયંતમુનિજી મ.સા. પૃષ્ઠ નં. ૮૦ પ્ર. ?

(૮) વૈરાગ્ય પ્રકરણ, યોગવાશિષ્ઠ પ્ર. ?

(૯) શ્રીમદ્ ભાગવત ગીતા, અધ્યાય. પ્ર. ?

(૧૦) શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર, સાધ્વીજી ડૉ. દિવ્યપ્રભાજી, પૃષ્ઠ નં. પ્ર. ?

(૧૧) શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર, વિવેચન, પૂ. જયંતમુનિજી મ.સા., પૃષ્ઠ નં. ૧૧૮ પ્ર. ?

(૧૨) શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર, રસિકલાલ છગનલાલ શેઠ, પૃષ્ઠ નં. ૧૭ પ્ર. ?

(૧૩) 'ભજ ગોવિન્દમ્', શંકરાચાર્ય પ્ર. ?

(૧૪) 'શ્રી સિધ્ધિસેન દિવાકરસૂરિ રચિત કલ્યાણમંદિર સ્તોત્ર', ડૉ. સરયૂબેન મહેતા, પૃ.નં.૭૮ પ્ર.

(૧૫) 'કલ્યાણ મંદિર : અંતસ્તલ કા સ્પર્શ', આચાર્ય મહાપ્રજ્ઞ, પૃષ્ઠ નં. ૬૭ પ્ર. ?

(૧૬) શ્રી તત્વાર્થ સૂત્ર - ૮/૨૭

(૧૭) અભિધાન ચિન્તામણી કોશ - ૧/૮૪

(૧૮) વહી - ૮/૨, ૧૮/૧૦ અને ૧૬/૨ - ૪

(૧૯) સ્વયંભૂસ્તોત્ર - ૧૭/3

(૨૦) 'હું આત્મા છું', ડૉ. તરુલત્તાબાઈ મહા., ભા. 3, પૃ. ૧૨૪/૧૨૫

(૨૧) શ્રી આચારાંગસૂત્ર, અધ્યયન ૨, ઉદ્દેશ ૨, ગાથા ૧૨૩

(૨૨) શાડિલ્યોપનિષદ્ ૨ - ૧

(૨૩) મહાદેવ સ્તોત્ર - ૪૪

(૨૪) દેવ: શ્વેતાતપત્રત્રયમરિરુહાશોકભાશ્ચક્રમાભાષા ।
પુષ્પૌઘાસાર સિંહાસનપટહૈરષ્ટભિ: પ્રાતિહાર્ય: ।।- જિનચતુર્વિશતિકા - ૯

(૨૫) નતપીલા સનાશોક સુમનોવર્ષભાસિત: ।
ભામણ્ડલાસનાઽશોકસુમનો વર્ષભાષિત: ।।
દિવ્યૈર્ધ્વનિસિતચ્છત્રચામૈર દુન્દુભિસ્વનૈ: ।
દિવ્યૌર્વિનિર્મિતસ્તોત્ર શ્રમદર્દુરિભર્જનૈ: ।। - સ્તુતિવિદ્યા - ૫-૬

(૨૬) વીતરાગ સ્તોત્ર ૫/૧

(૨૭) શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર વિવેચન - પૂ. જયંતમુનિજી મ.સા., પૃષ્ઠ નં.-૨૫૧

(૨૮) ભક્તામર સ્તોત્ર, કાનજી સ્વામી, પૃષ્ઠ નં. ૯૮

(૨૯) ૩૪ મો સમવાય, સૂત્ર - ૨૧૯, પૃષ્ઠ નં. ૧૦૧
(૩૦) વીતરાગ સ્તોત્ર - ૩/૧૧
(૩૧) શ્રી સિધ્ધસેન દિવાકરસૂરિ રચિત કલ્યાણમંદિર સ્તોત્ર - ડૉ. સરયૂબેન મહેતા, પૃષ્ઠ નં.૧૫૨
(૩૨) વીતરાગ સ્તોત્ર - ૫/૭
(૩૩) શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર - પૂ. વનિતાબાઈ મહાસતીજી - પૃષ્ઠ નં.
(૩૪) શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર વિવેચન, પૂ. જયંતમુનિજી મ.સા. - પૃષ્ઠ નં. ૩૧૦
(૩૫) શ્રી સૂયગાડાંગ સૂત્ર - ઉદ્દેશો ૨ - અધ્યયન - ૬
(૩૬) કલ્યાણમંદિર : અંતસ્તલ કા સ્પર્શ, આચાર્ય મહાપ્રજ્ઞ - પૃષ્ઠ નં. ૧૫૭
(૩૭) શ્રી કલ્યામંદિર સ્તોત્ર વિવેચન, પૂ. જયંતમુનિજી મ.સા. - પૃષ્ઠ નં. ૩૩૦
(૩૮) શ્રી સિધ્ધસેન દિવાકર સૂરિ રચિત કલ્યાણમંદિર સ્તોત્ર - ડૉ. સરયૂબેન મહેતા - પૃષ્ઠ નં. ૧૯૩
(૩૯) શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર, સાધ્વીજી ડૉ. મુક્તિપ્રભાજી
(૪૦) કલ્યાણમંદિર : અંતસ્તલ કા સ્પર્શ,, આચાર્ય મહાપ્રજ્ઞ, પૃષ્ઠ નં. ૧૭૭
(૪૧) શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર વિવેચન, પૂ. જયંતમુનિજી મ.સા., પૃષ્ઠ નં. ૩૮૩
(૪૨) શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર, રસિકલાલ છગનલાલ શેઠ, પૃષ્ઠ નં. ૫૭
(૪૩) શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર વિવેચન, પૂ. જયંતમુનિજી મ.સા., પૃષ્ઠ નં. ૪૨૧
(૪૪) શ્રી સિધ્ધસેન દિવાકરસૂરિ રચિત કલ્યાણમંદિર સ્તોત્ર, ડૉ. સરયૂબેન મહેતા, પૃષ્ઠ નં.૨૫૫

પ્રકરણ - ૪

શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજીનું જીવન - કવન તથા તેઓએ રચેલી કલ્યાણમંદિર સ્તોત્રના સ્તવનો

● શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજીનું જીવન કવન

આ ગ્રંથની શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજી મ.સા. વિક્રમસંવત ૧૮મા સૈકામાં થયા. ગૃહસ્થાવસ્થામાં તેઓશ્રી ભિન્નમાલ નગરના રહેવાસી હતા. વિશા ઓસવાલવંશમાં વાસવગોત્રના આભૂષણરૂપ શ્રી વાસવશ્રેષ્ઠિ પિતા તથા કનકાવતી માતાને ત્યાં વિક્રમસંવત ૧૬૯૪માં તેઓશ્રીનો જન્મ થયો હતો. ગૃહસ્થાવસ્થામાં તેમનું નામ નાથુમલ્લ હતું. ક્રમશઃ બીજના ચંદ્રની જેમ તેઓશ્રી વૃદ્ધિ પામતા પામતા આઠ વર્ષના થયા ત્યારે શ્રીમત્તપાગચ્છમંડન, ગુણોના ભંડાર, મહાવૈરાગી ને શુદ્ધ ક્રિયાવંત શ્રીમાન્ પંડિત વિનયવિમલગણિના શિષ્યરત્ન પંડિતશ્રી ધીરવિમલગણિ મહારાજની પાસે ધર્મોપદેશ સાંભળી તેઓશ્રી પ્રતિબોધ પામ્યા.

આસન્નસિદ્ધ જૈનશાસનપ્રભાવક પુરુષોના હૃદયમાં ગુરુમહારાજે આપેલો ઉપદેશ ત્વરિત અસર કરેછે. પ્રતિબોધ પામ્યા પછી અપાર વૈરાગ્ય ધરીને પંડિત ધીરવિમલગણિ પાસે વિક્રમસંવત ૧૭૦૨ વર્ષે શ્રી નાથુલ્લજીએ દીક્ષાનો અંગીકાર કરી. દીક્ષા સમયે ગુરુમહારાજે નયવિમલ એવું નામ સ્થાપિત કર્યું.

દીક્ષા લીધા પછી શ્રી નયવિમલમુનિએ અહર્નિશ સ્વપરશાસ્ત્રનો અભ્યાસ કર્યો. એ અભ્યાસ અને પૂર્વપુણ્યના ઉદય તેમજ જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમને કારણે તેમની બુદ્ધિ જળમાં તેલબિન્દુની જેમ સ્વપરશાસ્ત્રોમાં વિસ્તાર પામી હતી. તેઓશ્રીએ તેમના વિદ્યાગુરુ શ્રી અમૃતવિમલગણિ કવિરાજ તથા શ્રી મેરુવિમલગણિ કવિરાજ પાસે વિદ્યાભ્યાસ કરી કાવ્ય, તર્ક, ન્યાયશાસ્ત્રાદિ સર્વ શાસ્ત્રોમાં પણ નિપુણતા મેળવી હતી.

શ્રી નયવિમલજી સર્વ ગુણે સંપન્ન હતા એવો તેમના ગુરુમહારાજને અભિપ્રાય મળતાં વિક્રમસંવત ૧૭૨૭ વર્ષે મહા સુદ ૧૦ ને દિવસે મારવાડ દેશમાં સાદડી પાસે ઘાણેરાવનગરમાં મોટા ઉત્સાહપૂર્વક શ્રીમત્તપાગચ્છાચાર્ય શ્રી વિનયપ્રભસૂરિ મહારાજે તેમને પંડિત (પંન્યાસ) પદ આપ્યું. પંડિતપદની પ્રાપ્તિ પછી શ્રી નયવિમલજી પોતાના ગુરુ શ્રી ધીરવિમલજીગણિની સાથે પૃથ્વીમાં વિચરીને ભવ્ય જીવોને ધર્મોપદેશ આપી કૃતાર્થ કરવા લાગ્યા. વિક્રમસંવત ૧૭૩૯ વર્ષે શ્રી નયવિમલજીના ગુરુમહારાજ સ્વર્ગે પધાર્યા ત્યાર પછી તેઓશ્રી પંડિતપદે શોભાયમાન થયા હતા. તેઓશ્રીએ જ્ઞાનક્રિયાયોગે શુદ્ધ ધર્મોપદેશથી ભવ્ય જીવોના મનને મોહીને તેમનો સંસારસમુદ્રમાંથી ઉદ્ધાર કર્યો હતો. વળી, જેભવ્ય જીવો પ્રતિબોધ પામીને દીક્ષા લેવા ઉત્સુક બન્યા હતા તેમને શ્રી નયવિમલજીએ લઘુદીક્ષા આપી હતી. નવદીક્ષિતોને તેઓ ગચ્છપતિ શ્રી વિજયપ્રભસૂરિની પાસે લઈ જતા અને તેમને વડી દીક્ષા પણ અપાવતા હતા.

સૂરિપદ પ્રાપ્ત કરતાં પહેલાં શ્રી જ્ઞાનવિમલસૂરિ મહારાજ સિદ્ધાચલ મહાતીર્થે પધારેલા. તે અરસામાં શ્રીમત્તપાગચ્છાચાર્ય શ્રી વિજયપ્રભસૂરિ મહારાજ પણ ત્યાં પધાર્યા હતા. તેઓશ્રી શ્રીસિદ્ધચલતીર્થનાયક શ્રી આદીશ્વર ભગવાનના દેરાસરમાં ચૈત્યવંદન કરતા હતા. ત્યારે શ્રી

નયવિમલગણિ પણ ત્યાં આવીને તાત્કાલિક નવાં કાવ્ય બનાવીને સ્તુતિ કરવાલાગ્યા. તેમની શીઘ્રકવિત્વશક્તિથી શ્રી વિજયપ્રભસૂરિ મહારાજ પ્રસન્ન થયા અને સભા સમક્ષ કહેવા લાગ્યા કે અહો ! શ્રી વીરભગવાનના શાસનમાં સરસ્વતીપુત્ર, શીઘ્રકવીશ્વર ઈત્યાદિ બિરુદોને ધારણ કરતા કવીશ્વરો છે તો પછી જૈન શાસન દીપે એમાં નવાઈ શું છે ? એમ કહીને તરત જ શ્રી નયવિમલગણિને 'આવો, જ્ઞાનવિમલસૂરિ' એમ કહી સૂરિપદના નામથી આદરપૂર્વક બોલાવ્યા.

વિક્રમસંવત ૧૭૪૭ના વર્ષે શ્રી વિજયપ્રભસૂરિના આદેશથી શ્રી નયવિમલજી અણહિલપુરમાં પધાર્યા હતા. ત્યાં તે જ વર્ષે ફાગણ સુદ પાંચમના દિવસે ક્રિયોદ્ધાર કરીને તેઓશ્રી ગચ્છની નિશ્રામાં વિચરવા લાગ્યા. તે સમયે શ્રી તપાગચ્છમાં શિથિલાચારનો ઘણો પ્રચાર થયો હતો. સાધુના શિથિલાચારને દૂર કરવા સૂરિપદને યોગ્ય, જ્ઞાની અને શુદ્ધ ક્રિયાવંત હોય તેવા ગુરુની જરૂરિયાત હતી. ગચ્છવાસી ગીતાર્થ પુરુષોને શ્રીમદ્ પંડિત નયવિમલજી સૂરિપદને યોગ્ય જણાયા. તેઓએ શ્રી વિજયપ્રભસૂરિ મહારાજને તે માટે વિજ્ઞપ્તિ કરી. ગચ્છવાસીઓની વિજ્ઞપ્તિથી શ્રી પૂજ્ય વિજયપ્રભસૂરિ અપાર આનંદ પામ્યા. ત્યાર પછી શ્રી વિજયપ્રભસૂરિ અણહિલપુર પાટણથી વિહાર કરીને પાટણ પાસે સંડેસર (સંડેર) ગામમાં પધાર્યા. તે ગામમાં સંઘના ઘણા આગ્રહથી શ્રી ઋષભદેવ ભગવાનના દેરાસરમાં વિક્રમ સંવત ૧૭૪૮ (કેટલાક ગ્રંથોમાં ૧૭૪૯ છે) વર્ષે ફાગણ સુદ પાંચમ ને ગુરુવારના દિવસે શુભ મુહૂર્ત શ્રી વિજયપ્રભસૂરીશ્વરજીની આજ્ઞાથી શ્રી મહિમાસાગરસૂરિજીએ આચાર્યપદની ક્રિયા કરાવીને સૂરિમંત્રયુક્ત આચાર્યપદ શ્રી નયવિમલગણને આપ્યું. આચાર્યપદની પ્રાપ્તિ સાથે શ્રી નયવિમલજીગણિનું શ્રી જ્ઞાનવિમલસૂરિ એવું નામ વિધિસર સ્થાપિત થયું.

આચાર્યપદપ્રાપ્તિ પછી શ્રી જ્ઞાનવિમલસૂરિ મહારાજ ભવ્ય જીવોને અમૃતધારા સમાન ઉપદેશ આપતા દેશવિદેશ વિચરવા લાગ્યા. તેમના સદુપદેશથી સુરતબંદરના શેઠ પ્રેમજી પારેખે વિક્રમ સંવત ૧૭૭૭ના વર્ષે શ્રી સિદ્ધાચલ સંઘ પણ કાઢ્યો હતો.

શ્રી જ્ઞાનવિમલસૂરિનો વિહાર મોટે ભાગે સુરત, ખંભાત, રાજનગર (અમદાવાદ), પાટણ, રાધનપુર, સાદડી, ઘાણેરાવ, શિરોહી, પાલીતાણા, જૂનાગઢ વગેરે સ્થળે, ગુજરાત-મારવાડ-કાઠિયાવાડ પ્રમુખ દેશોમાં હતો. શ્રીમત્તપાગચ્છાચાર્ય શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજી, મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી, મહોપાધ્યાય શ્રી યશોવિજયજી તથા શ્રીમદ્ પંડિત ઋદ્ધિવિમલગણિ વગેરે મહાત્માઓ ક્રિયોદ્ધાર કરી પ્રાયઃ સાથે વિહાર કરતા હતા.

શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજીએ અનેક વાર શ્રી સિદ્ધાચલતીર્થની યાત્રાઓ કરી હતી. તેમણે અનેક ભવ્ય જીવોને ધર્મોપદેશ આપીને અરિહંતની પ્રતિમાઓની સત્તર પ્રતિષ્ઠાઓ (અંજનશલાકાઓ) કરી હતી. સંવત ૧૭૮૨ માં ચોમાસું તેઓ ખંભાતનગરમાં આવ્યા અને તેમણે સિદ્ધાચલ તીર્થની યાત્રા કરવા માટે વિહાર કરવાની તૈયારી કરી. પરંતુ પરચક્રનો અંતરાય થતાં તેઓ ચોમાસું ખંભાતમાં જ રહ્યા. અહીં તેમણે ઘણા સાધુઓને વાચકપદ, પંડિતપદ આપ્યાં. નિર્ગુણ પુરુષોને ગુણવાળા કર્યા. શ્રી જ્ઞાનવિમલસૂરિએ અનેક ભવ્ય જીવોને પ્રતિબોધ આપ્યા અને અનેક શાસ્ત્રોની રચના કરી. આ મહાત્માએ અનેક સુકૃત્યો કરી ૮ વર્ષ ગૃહસ્થપર્યાય તથા ૮૧ વર્ષ ચારિત્રપર્યાય એમ બધાં મળીને ૮૯ વર્ષનું સંપૂર્ણ આયુષ્ય ભોગવ્યું.

સં. ૧૭૮૨નું ખંભાતનગરનું ચોમાસું તેમનું છેલ્લું ચોમાસું બની રહ્યું. આચાર્યશ્રીનું શરીર ગ્લાનિ પામ્યું તે સમયે હજારો નરનારીઓએ જીવ છોડાવવા નિમિત્તે પુષ્કળ ધન

ખર્ચવાનો નિર્ધાર કર્યો. બહુસંખ્ય લોકોએ આયંબિલ, ઉપવાસ, સામાયિક, પૌષધ વગેરે વ્રત-પચ્ચખાણ અંગીકાર કર્યા. વિ.સં. ૧૭૮૨ના આસો વદ ૪ના ગુરુવારે પ્રભાત સમયે શ્રી જ્ઞાનવિમલસૂરિ મહારાજ અનશનનો અંગીકાર કરીને સ્વર્ગે પધાર્યા. તે સમયે ખંભાતના ઘણા શ્રાવકોએ ભેગા મળીને આચાર્યશ્રીના નવ અંગે પૂજા કરી. વળી, તેમનું શરીરસ્થાપન કરવા માટે નવ ખંડવાળી, ચારે દિશાએ દેવવિમાનની જેમ દીપતી, સોનાના નવા કલશે શોભતી, તોરણ-કોટ-કાંગારાઓ વડે અતિ વિશાળ માંડવી તૈયાર કરી. તે માંડવીના મધ્યખંડમાં શ્રી જ્ઞાનવિમલસૂરિ મહારાજના શરીરનું સ્થાપન કર્યું. એ અવસરે આશરે ૧૩ મણ પ્રમાણ સુખડી કાઢી. આમ મોટા મહોત્સવસહિત સ્તંભતીર્થના ઉદ્યાનભાગમાં આચાર્યશ્રીની માંડવી લાવીને ત્યાં અગર, મલયાગરુ, ચંદનાદિના કાષ્ઠથી શ્રી ગચ્છપતિનું શરીર અગ્નિથી સંસ્કાર્યું. આ રીતે ખંભાતમાં શ્રાવકોએ આદરસન્માનપૂર્વક શ્રી જ્ઞાનવિમલસૂરિનો નિર્વાણમહોત્સવ કર્યો.

શ્રી જ્ઞાનવિમલસૂરિ મહારાજના અગ્નિસંસ્કાર કરવાના હતા તે સ્થાનકે અંધારી રાત્રીએ ચમત્કારિક ઉદ્યોત થયો હતો. વળી, અગ્નિસંસ્કારની રાત્રીએ ઘણા ભવ્ય જીવોને સ્વપ્નમાં પોતાનો આત્મા આચાર્યશ્રી દેખાડતા હતા. આ ચમત્કાર પરથી અનુમાન થયું છે કે આચાર્યશ્રી મહાર્દ્ધિક દેવગતિ પામ્યા છે. ખંભાતમાં આચાર્યશ્રીના દર્શનાર્થે સ્તૂપ પણ શ્રાવકોએ કરાવ્યો છે.

આ મહાત્માના અવસાન પછી શ્રાવકો જીવદયા તરફ ખેંચાયા હતા. તેમના કાલધર્મની તિથિથી માંડીને ચાળીસ દિવસ સુધી કોઈ પણ માછી દરિયામાં, તળાવમાં કે કોઈ પણ જળાશયમાં જાળ નહીં નાખે, જાળ સામે નજર પણ નહીં કરે એવી અમારિ ઘોષણા કરાવી હતી. વળી, ગાય, ભેંશ, બળદ જેવાં પ્રાણીઓને હિંસકો પાસેથી છોડાવીને મહાજનમાં મુકાવી અભયદાન અપાવ્યાં હતાં. શ્રાવકોએ માછીમારોને પુષ્કળ ધન આપી પોતાના સેવક બનાવ્યા હતા જેથી તેઓ હિંસા ન કરે અને પારધીઓને પણ હિંસા ન કરવા માટે ઘણું દ્રવ્ય આપ્યું હતું.

શ્રી જ્ઞાનવિમલસૂરિ મહારાજની કવિત્વશક્તિ અવર્ણનીય હતી. તેઓ શીઘ્ર કવિતા કરી શકતા હતા. શ્રી જ્ઞાનવિમલસૂરિ મહારાજે સંસ્કૃત અને ગુજરાતી બંને ભાષામાં રચનાઓ કરી છે. તેઓએ સંસ્કૃત કરતાં ગુજરાતી ભાષામાં વિપુલ પ્રમાણમાં કૃતિઓ રચી છે - એટલી કે સંસ્કૃતમાં જેમ હેમચંદ્રાચાર્ય તેમ પ્રાકૃતમાં એટલે કે દેશી ભાષાઓમાં જ્ઞાનવિમલસૂરિ એમ કહેવાયું છે. તેમની કથનાત્મક, તત્ત્વવિચારાત્મક, બોધાત્મક, સ્તુત્યાત્મક - એમ બધા પ્રકારની કૃતિઓ છે. એ બધામાં એમના પાંડિત્ય ઉપરાંત છંદ, અલંકાર આદિ કવિકૌશલની પ્રૌઢતાનો પરિચય થાય છે.

કવિની રચનાઓની સૂચિના આધારે કવિનો કવનકાળ (ઈ.સ. ૧૬૮૨) વિક્રમ સંવત ૧૭૭૪ (ઈ.સ. ૧૭૧૮) સુધીનો એટલે કે સંવત અઢારમી સદીનો મધ્ય અર્ધભાગ ગણી શકાય.

આચાર્યશ્રીએ ગુજરાતી ભાષામાં રચેલી નાની-મોટી અને ગદ્ય - પદ્ય કૃતિઓની ચોક્કસ સંખ્યા નક્કી કરવાનું બહુ મુશ્કેલ છે. તેઓએ રચેલા રાસ અને બાલાવબોધો વગેરે મળી ૨૫ કરતાં વધારે થઈ જાય છે. તો, તેઓએ રચેલા સ્તવનો, સજ્ઝાયો, સ્તુતિઓ, છંદો વગેરે તો સંખ્યાતીત છે. શત્રુંજયતીર્થનાં જ તેમણે ૩૬૦૦ સ્તવનો રચ્યાં હોવાનું કહેવાય છે.

આ રીતે જ કલ્યાણમંદિર સ્તોત્રની ૧-૧ ગાથાના પદાર્થોને સુંદર મજાના સ્તવનોમાં પૂ. આચાર્યશ્રી જ્ઞાનવિમલસૂરિ મહારાજે ગૂંથ્યા છે.

● પૂ. જ્ઞાનમલસૂરિજીએ રચેલી કલ્યાણમંદિર સ્તોત્ર આધારિત સજ્ઝાયો :

૨૩મા તીર્થંકરની સ્તુતિ :-

ત્રેવીશમાં તીર્થંકર પ્રભુ પાર્શ્વનાથની પ્રતિમાને અવંતી નગરીના તેજો દ્વેષી બ્રાહ્મણોએ ભૂગર્ભસ્થ કરીને એની ઉપર પોતાને ઈષ્ટ એવા શંકર ભગવાનના લિંગની સ્થાપના કરી દીધી હતી. એનો અણસાર આચાર્ય શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિ મહારાજને આવતા એનો ઘટસ્ફોટ કરવા કલ્યાણમંદિર સ્તોત્ર દ્વારા પાર્શ્વનાથ પ્રભુની સ્તુતિ શરૂ કરી અને એના શબ્દોએ આશ્ચર્ય સજર્યું. ૧૧મી ગાથાના ઉચ્ચારણ સાથે જ શિવલંગમાંથી તેજોમય પાર્શ્વનાથ પ્રભુ પ્રગટ થયા. જેના પ્રભાવે ત્યારે રાજ કરતા રાજા વિક્રમાદિત્ય બોધ પામ્યા અને જૈન ધર્મના અનુયાયી બની ગયા. સંસ્કૃતમાં રચાયેલા એ કલ્યાણમંદિર સ્તોત્રને બધા સરળતાથી સમજી શકે એ માટે પૂ. આ.શ્રી જ્ઞાનવિમલસૂરિએ એને સ્તવનના ઢાંચામાં ઢાળી ગુજરાતીમાં પ્રત્યેક ગાથાના સ્તવનો રચ્યા છે, જેનું અહીં વિવેચન પ્રસ્તુત છે.

ગાથા - ૧ - ૨

कल्याण-मन्दिरमुदारमवद्य-भेदि,
भीताभय-प्रदमनिन्दितमङ्घ्रि-पद्मम् ।
संसार-सागर-निमज्जदशेष-जन्तु-
पोतायमानमभिनम्य जिनेश्वरस्य ।। १ ।।
यस्य स्वयं सुर-गुरुर्गरिमाम्बु-राशेः,
स्तोत्रं सु-विस्तृत-मतिर्नं विभुर्विधातुम् ।
तीर्थेश्वरस्य कमठ-स्मय-धूम-केतो-
स्तस्याहमेष किल संस्तवनं करिष्ये ।। २ ।। युग्म् ।।

कल्याणमन्दिरस्तोत्रानुसारी स्तवनम्

स्तवन - १ :-

કુશલસદન જિન, ભવિ ભવભયહરન,
અશરન-શરન જિન, સુજન બરનત હૈ કુ. ૧
ભવજલ રાશિભરન, - પતિત-જનતા-તરન
પ્રવહન અનુકરન, ચરન સરોજ હૈ કુ. ૨
કમઠ-અસુર-માન, ધૂમકેતુ ને સમાન
મહિમકો નિધાન જ્ઞાન, પાસ જિનરાજ હૈ કુ. ૩
સકલતીરથ પ્રધાન, જસ ગુનગન પ્રમાન
કરત ન સુરગુરુ માન, માનું વડ જિહાજ હૈ કુ. ૪
પ્રભુ મેરો જીઉ પ્રાન, જ્ઞાનવિમલ ગુણખાન
તારક તુંહિ નિદાન, એહિ મુજ કાજ હૈ કુ. ૫

વિવેચન :-

(૧) પ્રથમ કલ્યાણ મંદિરને કુશલસદન કહીને સુંદર રજૂઆત થઈ છે. અહીં કવિની પણ કુશળતા વર્તાય છે. જિનનું કુશળતાને આપનારું સદન એટલે જ કલ્યાણ મંદિર જે ભવ્ય જીવોના ભયરૂપી સંસારના ભયને હરે છે.

(૨) બીજી કડીમાં કવિ કહે છે કે અશરણને એટલે કે જેનું કોઈ શરણ નથી એવા જીવોને શરણરૂપ જિનેશ્વર એમના ચરણકમલરૂપ જહાજ વડે સંસારરૂપ મહાસાગરમાં ડૂબી રહેલા જીવોને તારીને મહાન પરોપકાર કરે છે.

(૩) ત્રીજી કડીમાં પ્રભુનો અચિંત્ય મહિમા પ્રગટ કરીને ધૂમકેતુની ઉપમા દ્વારા પ્રભુનો પ્રભાવ પ્રગટ કરતાં કવિ કહે છે કે કમઠ જેવા અસુરોના માન-અહંકાર-ઘમંડને ભસ્મ કરનારા (ધૂમકેતુ = ભસ્મ કરનાર) ધૂમકેતુ સમાન છે. પાર્શ્વનાથ પ્રભુ મહિમા આદિ સિદ્ધિઓ રૂપી જ્ઞાનના ભંડાર છે.

(૪) ચોથી કડીમાં પ્રભુનું માહાત્મ્ય પ્રગટ કરતાં કવિ આલેખે છે કે અતિશય બુદ્ધિશાળી દેવોના ગુરુ સ્વયં બૃહસ્પતિ પણ સકળ તીર્થમાં પ્રધાન એવા જિનેશ્વરની પ્રમાણભૂત - આધારભૂત ગુણગરિમાને રજૂ કરવા સમર્થ નથી. અથવા તો જે ગુણગણ (ગુણનો સમૂહ)ના પ્રમાણ સમાન એટલે કે સ્વામી છે અને મહાન (સર્વોત્તમ) જહાજ સમાન છે તેવા તીર્થેશ્વર (જિનેશ્વર)નું બહુમાન કરવા (ગુણગાન કરવા, સ્તુતિ કરવા) અતિશય બુદ્ધિશાળી દેવોના ગુરુ સ્વયં બૃહસ્પતિ પણ સમર્થ નથી.

(૫) પાંચમી કડીમાં કવિએ પોતાના નામને કડીમાં વણીને શ્લેષ અલંકાર દ્વારા ભાવ પ્રગટ કરતા કહ્યું છે કે હે પ્રભુ, હે તારક આપ વિમલ જ્ઞાનગુણના ભંડાર છો. મારા માટે આપ જ ફેંસલો - નિર્ણય (નિદાન) કરો કે જેમ મારા પ્રાણ મારા માટે મહત્ત્વના છે. એમ આપનું વિમલ જ્ઞાન - ધ્યાનાદિ મહત્ત્વના છે. (અથવા તો હે પ્રભુ ! વિમલ જ્ઞાનગુણના (કેવળજ્ઞાનના) ભંડારા જે મારા પ્રાણ છે તેના તમે જ તારક છો અને તમે જ માર્ગદર્શક છો મારા માટે આટલું જ બસ છે.)

આમ કવિએ પ્રથમ બે ગાથાનું પ્રથમ સ્તવનરૂપ કલ્યાણમંદિર સ્તોત્રનું ખૂબ જ સુંદર વિવરણ કર્યું છે.

કવિએ દરેક સ્તવનની અંતે પોતાનું નામ ગૂંથ્યું છે. કવિ આચાર્ય બન્યા પૂર્વે એમનું નામ નયવિમલ હતું તેથી કોઈ કોઈ સ્તવનમાં નયવિમલ નામની ગૂંથણી પણ કરી છે.

ગાથા - ૩

सामान्यतोऽपि तव वर्णियतुं स्व-रूप-
मस्मादशाः कथमधीरा ! भवन्त्यधीशाः? ।
धृष्टोऽपि कौशिक-शिशुर्यदिवा दिवान्धो
रूप प्रसूपयति किं किल धर्म-रश्मेः? ॥ ३ ॥

સ્તવન - ૨ :- ધન ધન પાસ જિણંદા
ધન ધન પાસ જિણંદા
તુમ સરૂપ કહવેકું મુજ સમ,
કિમ હોવત મતિમંદા ધનુ. ૧
નિર્વિશેષથેં કહેવા સમરથ,
પ્રભુગુનગન - મકરંદા;
અવરદેવ તુમ અંતર બહુતર,
જયું સુરતરુ-પિયુમંદા; ધનુ. ૨
દિનકર રૂપ સરૂપ ન જાનેં,
જયું કૌશિક-લઘુનંદા;
જ્ઞાનવિમલ પ્રભુ-સુગુણ ભણંતા-
હોત સદા આનંદા ધનુ. 3

ભાવાર્થ :-

(૧) ધન્ય ધન્ય હે પાર્શ્વ જિનેશ્વર આપના મહા મહિમા જેવા સ્વરૂપને વર્ણવવું મારા જેવા પામર મંદબુદ્ધિવાળા માટે મુશ્કેલ છે.

(૨) પ્રભુ તો ગુણોના સમૂહરૂપ રસથી ભરપૂર છે એને નિરપેક્ષપણે કહેવા કોણ સમરથ છે? અન્યદેવ અને આપમાં ઘણું અંતર છે. જેમ સુરતરુ = કલ્પવૃક્ષ અને પિયુમંદા = લીમડાના વૃક્ષમાં અંતર છે એમ.

(૩) જેમ કૌશિક લઘુનંદા એટલે કે ઘુવડનું નાનું બચ્ચું દિવસે ન જોઈ શકવાને સૂર્યના ઉજ્જવળ સ્વરૂપને જાણી શકતું નથી, એજ રીતે પ્રભુગુણ વર્ણવી ન શકાય. પરંતુ જ્ઞાનવિમલ મુનિને પ્રભુના સદ્‌ગુણોને વર્ણવતા સદા આનંદ થાય છે. જ્ઞાનવિમલ પ્રભુના જ્ઞાનાદિ સદ્‌ગુણોને કહેતાં સદા આનંદ થાય છે.

આ સ્તવનમાં ભગવાનના અવર્ણનીય ગુણ માટે પોતે મતિમંદ છે એમ કહીને લઘુતા બતાવી છે તેમજ સુરતરુ અને લીમડાનાવૃક્ષનું રૂપક અને ઘુવડના બચ્ચાનું રૂપક આપીને વિશેષતા સિદ્ધ કરી છે. છેલ્લે એમને ભજતા આનંદ થાય છે એમ પણ વર્ણવ્યું છે.

ગાથા - ૪

मोहक्षयादनुभवन्नपि नाथ:! मर्त्यो,
नूंन गुणान् गणयितुं न तव क्षमेत ।
कल्पान्त-वान्त-पयस: प्रकटोऽपि यस्मान् ।
मीयेत केन जलधेर्ननु रत्नराशि:? ॥ ४ ॥

સ્તવન - ૩ :- પુરિસાદણી પાસજી, આશા મોરી પૂરો;
દુઃખ અનાદિ પરંપરા, ભવસંકટ ચૂરો પુ. ૧
યદ્યપિ કેવલજ્ઞાન થે, લહ્યો તુમ ગુન જોરો,
તો હૈં વચન ગુણે કરી, કહેવા કુન સૂરો પુ. ૨
જ્યું કલ્પાંત-પવને કરી, મીટ્યો સલિલ ઉસેરો,
રત્નાકરમેં રત્નનો, થયો પ્રકટ ઉકેરો પુ. ૩
દેખે પણ ન ગણી શકે, કુન જાન કિસેરો,
જ્ઞાનવિમલ પ્રભુ ગુણ ઘણા, કહે કિમ તિમ તેરો પુ. ૪

ભાવાર્થ :-

(૧) હે પુરુષોમાં શ્રેષ્ઠપાર્શ્વનાથ પ્રભુ મારી આશા પૂર્ણ કરો. અનાદિકાળથી દુઃખની પરંપરા અને ભવભ્રમણનું સંકટ ચૂરો = નાશ કરો.

(૨) જો કે કેવળજ્ઞાન પ્રાપ્ત થવાને કારણે આપે ઘણા ગુણો પ્રાપ્ત કર્યા છે, એ ગુણોને વચનથી કહી શકે એવો શૂરવીર કોણ છે ? અર્થાત્ કોઈ નથી.

(૩) જેમ પ્રલયકારી પવનથી સમુદ્રનું પાણી ઉલેચાઈ જાય છે, તેના કારણે સમુદ્રમાં રહેલા રત્નોનો ટગલો પ્રગટપણે દેખાય છે.

(૪) છતાં એ દેખાઈ રહેલા રત્નોના સમૂહને ગણી શકવા કોણ કુશળ છે ?

અર્થાત્ કોઈ ગણી શકતું નથી એ જ રીતે હે વિમલજ્ઞાની પ્રભુ આપના ગુણ ઘણાં છે એને જ્ઞાનવિમલ મુનિ કેમ કરીને કહી શકે ?

અહીં આ જ્ઞાનવિમલસૂરિએ રૂપક દ્વારા સમજાવવા માંગે છે કે કર્મના મહાસાગરમાં ગુણરૂપ રત્નરાશિ છે એ કર્મનું પાણી શુકલધ્યાનરૂપ પ્રલય કાળના પવનથી ઉલેચાઈ જાય છે. જેને કારણે ગુણોનો અંબર દેખાય છે. આ ગુણોનું વર્ણન કરવું અમારા માટે અશક્ય છે. પણ રત્નરાશિથી પ્રકાશ પ્રકાશ થઈ જાય એમ અમે પણ આશા રાખીએ કે આપ અમારું ભવસંકટ દૂર કરો, અમારી દુઃખની પરંપરા દૂર થાય.

ગાથા - ૫

अभूयद्यतोऽस्मि तब नाथ ! जडाशयोऽपि
कर्त्तुं स्तवं लसदसंख्य-गुणाकरस्य ।
बालोऽपि किं न निज-बाहु-युगं वितत्य,
विस्तीर्णता कथयति स्वधियाऽम्बु-राशेः? ॥ ५ ॥

સ્તવન - ૪ :- તુમ્હ ગુન કહેવે કું જિનરાજ !
તુમ્હ ગુન કહેવે કું જિનરાજ !
થયો ઉજમાલ બાલમતિથી પણ;
ભક્તિ પ્રબલથેં અનોપમ આજ તુમ્હ. ૧

લસદનંતગુનાકર તુંહી,
સારે ભવિજન વાંછિત કાજ.
એહી સંસાર સમુદ્ર તરવેકું,
પામી તુમ પદ-સેવા-પાજ તુમ્હ. ૨
જ્યું બાલક નિજ બુદ્ધિ કરીસું,
ન કહે જલનિધિ-માન સમાજિ
ભુજ પસારી ?, તિમ નય કહે પ્રભુના
ગુન દાખું હું શિવસુખકાજિ તુમ્હ. ૩

ભાવાર્થ :-

(૧) હે જિનરાજ ! હું બાળબુદ્ધિવાળો હોવા છતાં આપના ગુણોને કહેવા ઉદ્યમવંત થયો છું હે નાથ ! હું મંદમતિવાળો હોવા છતાં આપની ભક્તિ કરવાની પ્રબળ ઈચ્છાથી જ મને અનુપમ બળ મળ્યું છે.

(૨) હે નાથ ! આપ અનંત ગુણોથી શોભો છો. બધા ભવ્યજીવોના ઈચ્છિત કાર્યોને પૂર્ણ કરવા માટે સમર્થ (લસત્ = શોભતું) છો. એ જ સંસારસમુદ્રથી(તારે છે) તરવા માટે આપની ચરણની સેવા-પૂજા કરીને સંસારસમુદ્ર તરી જઈએ.

(૩) શું બાળકપોતાની બુદ્ધિ પ્રમાણે સાગરનું માપ બેહાથ પહોળા કરીને નથી બતાવતો ? અર્થાત્ સમુદ્ર તો વિશાળ છે બાળકના હાથ નાના છે. છતાં બે હાથ પહોળા કરીને કહે છે કે સમુદ્ર આટલોમોટો છે. એ નાના હાથની નિશાનીથી સમુદ્રની મોટાઈ-વિશાળતા સમજાઈ જાય છે. એમ હું નયવિમલમુનિ પ્રભુના અનંતગુણોને શિવસુખ-મોક્ષસુખ માટે દેખાડું છું. આમ કહીને કવિ પ્રભુની વિશાળતા સામે પોતાની લઘુતા દર્શાવે છે.

ગાથા - ૬

ये योगनामपि न यान्ति गुणास्तवेश ।
वक्तुं कथं भवति तेषु ममावकाश:
जाता तदेवमसमीक्षित-कारितेयं,
जल्पन्ति वा निज-गिरा ननु पक्षिणोऽपि ।। ६ ।।

સ્તવન - ૫ :-

જે ગુન જોગીસરિ ન કહાય,
તે ગુન મૈં કિમ વરન્યા જાય જે. ૧
અનવિચારિત થયું એ કાજ,
સાહ્ય કરશે શ્રીજિનરાજ જે. ૨
મત શંકાયે આતમરામ,
જિનગુનકથનથી સરસ્યેં કામ જે. ૩
પંખી જિમ બોલે નિજ વાની,
તિણિપરિ જિનગુન કરીસ વખાની જે. ૪

તિણિપરિ જિનગુન જિનવર નામ,
વધસ્યેં પંડિતજનમાં માંમ જે. ૫

ભાવાર્થ :-

(૧) હે પ્રભુ આપના જે ગુણોને (યથાર્થરૂપે) વર્ણવવામાં યોગીશ્રીઓ પણ સમર્થ નથી તે ગુણોને કહેવાની મારી શક્તિ ક્યાંથી હોય ?

(૨) આમ વિચાર્યા વગર સ્તુતિ કરવાનું કાર્ય થઈ ગયું છે. પરંતુ જિનરાજ મને સહાય કરશે. (એવી મને શ્રદ્ધા છે.)

(૩) હે આતમરામ ! મનમાં શંકા ન કર જિનેશ્વરની ભક્તિથી કામ સફળ થઈ જશે.

(૪) પક્ષી જેમ પોતાની ભાષામાં પોતાના ભાવ વ્યક્ત કરે છે (કોઈ સમજે કે ન સમજે) તેમ હું પણ જિનેશ્વરોના ગુણોની પ્રશંસા કરીશ.

(૫) જ્ઞાનવિમલ કહે છે કે જે જ્ઞાનવિમલપ્રભુ જિનવરનું નામ લેશે એની ગણના પંડિતોમાં થશે.

આ સ્તવનમાં મુનિવરની સરળ પ્રવાહિત ભાષાની અનુભૂતિ થાય છે.

ગાથા - ૭

आस्तामचिन्त्-महिमा जिन :? संस्तवस्ते
नामा-ऽपि पाति भवतो भवतो जगन्ति ।
तीव्रातपोपहतपान्थ-जनान्निदाघे
प्रीणाति पद्म-सरसः सरसोऽनिलोऽपि ।। ७ ।।

સ્તવન - ૬ :-

જિન સ્તવન તેરો અચિંત્ય મહિમા,
તેહ કિમ ભણી શકીએ રે
ભવ થકી જે ભવિક રાખે,
નામે પાવન થઈએ રે
ભવિક મન-કજ તેહ પ્રીણએ, જિન. ૧
જાપે શિવસુખ પઈએ રે
સુમતિ-પ્રકાશ કરે ઘટ ભીતર,
કુમતિ-દાવાનલ દહીએ રે, જિન. ૨
પદ્મ સરોવર દૂરિ સ્હો તસ,
સરસ સમીરે હીરએ રે
પંથીજનને તાપ ઉન્હાળે,
શીતલતા તનું ધરીએ રે, જિન. ૩

તણપરિ તુમચે નામ પ્રતાપે,
ભવદવતાપ શમીએ રે
નયવિમલ કહે પ્રભુ પાસજિણંદ કે,
ધ્યાને અહનિશ રમીએ રે. જિન. ૪

ભાવાર્થ :-

(૧) હે જિનેશ્વર આપની સ્તુતિનો મહિમા તો અચિંત્ય છે જે વિચારી પણ ન શકાય તેટલો સમજથી પરે છે. તે કેવી રીતે કહી શકાય ? પરંતુ આપનું નામ સ્મરણ પણ ભવિ જીવોને પાવન કરનાર છે. ભવભ્રમણથી રક્ષવા સમર્થ છે.

(૨) ભવિક જીવોના મનને પ્રસન્નતા આપે છે અને આપના નામના જાપથી શિવસુખ (મોક્ષનું સુખ) પ્રાપ્ત થાય. અંતરમાં પ્રકાશ કરે એવી સુમતિ પ્રાપ્ત થાય છે અને દાવાનળની જેમ દગાડની કુમતિ દૂર થાય છે.

(૩) ગ્રીષ્મકાળના પ્રચંડ તાપથી સંતપ્ત થયેલ પથિકને આનંદ આપનાર પદ્મ સરોવર તો દૂર રહો પણ તેના પરથી ઊઠતી શીતળ લહેર પણ શીતળીભૂત કરે છે.

(૪) તેવી રીતે આપના નામ માત્રના પ્રભાવથી સંસારરૂપી દાવાનળનો તાપ શાંત થાય છે. હું નયવિમલ કહું છું કે હે પાર્શ્વનાથ પ્રભુ ! (તેથી) રાત-દિવસ આપના ધ્યાનમાં જ મગન રહીએ.

વિવેચન :-

આ સ્તવન દ્વારા નામસ્મરણનો મહિમા પ્રગટ કર્યો છે. આપણે પણ વ્યવહારમાં જોઈએ છીએ કે કોઈ સમર્થ વ્યક્તિનું નામ લઈએ તો કામ થઈ જાય. દા.ત. કોઈ સરકારી કાર્યાલયમાં જઈને કહીએ કે મને ફલાણા પ્રધાને આપ પાસે મોકલ્યો છે તો આપણું કાર્ય ઝડપી થઈ જાય છે. તો પછી ભગવાનનું નામ લઈએ તો ભવભ્રમણથી મુક્ત થવાય એમાં શું આશ્ચર્ય ! જૈન પરંપરામાં લોગસ્સસૂત્ર 'નામસ્તવ' તરીકે વિખ્યાત છે. નામસ્મરણનો મહિમા અન્ય દર્શનોની જેમ જૈનદર્શનમાં પણ રહ્યો છે.

ગાથા - ૮

हृद्वर्त्तिनि त्वयि विभो ! शिथिलीभवन्ति
जन्तोः क्षणेन निबिडा अपि कर्म-बन्धाः ।
सद्यो भुजङ्गममया इव मध्य-भाग-
मभ्यागते वन-शिखण्डिनि चन्दनस्य ॥ ८ ॥

સ્તવન - ૭ :- જિન તું વર્તે રે, જિન તું વર્તે રે,
તું મનમેં જિનરાય
કર્મબંધન તવ શિથિલ હોત હૈ,
પાતક દૂર પલાય. જિન. ૧

જિમ મલયાચલ ચંદન તરુને,
ભુજંગ રહ્યા લપટાય,
મોર મધુર ધુનિ કરતા મોદશું,
વનભીતરિ જવ આય. જિન. ૨
તવ ચંદનના બંધ મિટત સવિ,
તિમ ભવિ ક્રોધકષાય
નયવિમલ કહે ભવવનમાંહિ,
પ્રભુનું નામ સહાય. જિન. 3

ભાવાર્થ :-

(૧) હે જિનેશ્વર ભગવાન ! મારા મનમાં તો આપ જ બિરાજમાન છો. જ્યારે આપ ભક્તના હૃદયમાં બિરાજમાન થાઓ છો ત્યારે ગાઢ કર્મબંધનો શિથિલ થઈ જાય છે અને પાતક દૂર ભાગી જાય છે. અર્થાત્ પવિત્ર બની જાય છે. પલાયન થઈ જાય છે.

(૨) જેમ મલય પર્વત પરના ચંદનનાં વૃક્ષો પર ભુજંગ-સર્પ લપેટાયેલા હોય છે. અને જ્યારે વનની અંદરથી મધુર ટહુકા કરતો કરતો મોર પ્રવેશે છે.

(3) ત્યારે ચંદનવૃક્ષ પર લપેટાયેલા નાગ ત્વરાથી વૃક્ષ પરથી ઊતરીને છૂ થઈ જાય છે જેને કારણે સર્વ વૃક્ષ બંધનથી મુક્ત થઈ જાય છે. એજ રીતે ભવ્યજીવોને જે ક્રોધાદિરૂપ કર્મરૂપી સાપ વીંટળાયેલા છે તે સંસારરૂપી વનમાં પ્રભુના નામના ટહુકાથી ક્ષણમાત્રમાં જ છુ થઈ જાય છે. દૂર થઈ જાય છે. એમ નયવિમલ મુનિવર કહે છે.

વિવેચન :- આ ગાથામાં પણ નામનો મહિમા સર્પ અને મોરના દૃષ્ટાંત દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે.

ગાથા - ૯

मुच्यन्त एव मनुजाः सहसा जिनेन्द्र !
रौद्रैरुपद्रवशतैस्त्वयि वीक्षितेऽपि ।
गो-स्वामिनि स्फुरित-तेजसि दृष्टमात्रे,
चौरेरिवाशु पशवः प्रपलायमानैः ॥ ९ ॥

સ્તવન - ૮ :- તું નયણે જવ દીઠો જગતગુરુ, તું નયણે જવ દીઠો
દુરિત ઉપદ્રવ તવ સવિ નાઠા, અંતર વૈરી અનીઠો જ. ૧
નેહ નજરસ્યું નયણાનંદન, નિરખત અમીય પઈઠો
કહા કરે મોહમહીપતિ અબ થેં, ગાઢો જૂઠો ધીઠો જ. ૨
જિમ ચોરે પશુગણ મૂકીજે, જબ બલિયો નૃપ દીઠો
દિનકર તેજ પ્રબલ પરગટથેં, પશુપતિ સાથે બેઠો જ. 3

તીન ભુવનમાં તિણિપરિ તુમચો, તેજ પ્રતાપ ન કુંઠો
જ્ઞાનવિમલ પ્રભુ ધ્યાન પસાયે, સબ થૈ હોત ઉક્કિઠો જ. ૪

ભાવાર્થ :-

(૧) હે જિનેન્દ્ર ! હે જગતગુરુ ! આપની દૃષ્ટિ પડવા માત્રથી મનુષ્યોના સર્વે ઉપદ્રવો શીઘ્ર દૂર દૂર નાસી જાય છે. અંતરમાં રહેલ વેર પણ દૂર થાય છે.

(૨) સ્નેહરભરી નજરોથી મારાં નયનોને આનંદ આપનાર જિનેશ્વર પ્રભુ ! અમી ભરી દૃષ્ટિથી નિહાળો તો મોહરાજા કહેશે હવે હું જૂઠાં ગાઢાં બંધન છોડીને ભાગું છું.

(૩) જેમ ગામના પશુઓને ચોર રાત્રે ચોરી જાય છે. પરંતુ ગોવાળ કે સૂરજ દેખાય કે તરત જ ટોરને છોડીને ભાગી જાય છે.

(૪) તેવી જ રીતે ત્રણે લોકમાં આપના તેજનો પ્રતાપ એવો છે કે આપના ધ્યાનના પ્રભાવથી કૃપાથી બધા સર્વશ્રેષ્ઠતા પ્રાપ્ત કરે છે.

ગાથા - ૧૦

त्वं तारको जिन ! कथं भविनां त एव,
त्वामुद्वहन्ति हृदयेन यदुत्तरन्तः ।
यद्वा दतिस्तरति यज्जलमेष नून -
मन्तर्गतस्य मरुतः सकिलानुभावः ॥ १० ॥

સ્તવન - ૯ :-

તું જ્યો તું જ્યો પાસજિનરાજ રે,
તુજ થકી સવિ સરે ભવિકનાં કાજ રે તું. ૧
દેખો પ્રભુ પાસકી અજબ હે વાત રે,
બિરૂદ તારકતણું કેમ ઘરાત રે તું. ૨
તુજ પ્રતિ જેહ ભવિ હૃદય ધરંત રે,
આપ બલે ભવજલ તેહ તરંત રે તું. ૩
એહ સંદેહ મોટો મનમાંહિ રે,
પિણ મિલે એક દૃષ્ટાંત છે તાંહિ રે તું. ૪
જિમ તરે મશક નિશ્ચે બહુ વારી રે,
તેહ અંતર્ગત પવન પ્રચાર રે તું. ૫
તિણિપરે તુંહિ જસ અંતરિ હોય રે,
નયકહે તે તરે ભવિક જન સોય રે તું. ૬

ભાવાર્થ :-

(૧) હે પાર્શ્વ જિનરાજ ! તું જ્યો = હુકમ કર અર્થાત્ તમે આદેશ આપો તો તમારા થકી જ સર્વ ભાવિકોના કાર્ય પાર પડી જશે.

(૨) હે પ્રભુ પાર્શ્વનાથ આપની તો વાત જ ન્યારી છે. આપ તો ભવિકજનોમાં તારકનું બિરૂદ ધારણ કર્યું છે. તે કેવી રીતે ધારી શક્યા છે ?

(૩) તે ભવ્યજીવ આપને હૃદયમાં ધારણ કરીને આપબળથી ભવસાગર તરી જાય છે. એ દૃષ્ટિથી જોઈએ તો ભવ્ય જીવ આપના તારક બને છે.

(૪) આવો સંદેહ મારા મનમાં ઉત્પન્ન થયો છે પણ એક દૃષ્ટાંત મને એવું મળી ગયું કે જેથી મારી ગેસરમજ દૂર થઈ ગઈ. (જે નીચે મુજબ છે.)

(૫) જેમ મશક (ચામડાની પાણી ભરવાની થેલી)ની અંદર પવન-વાયુ ભરેલો હોય ત્યારે તે નિશ્ચયથી પાણીમાં તરે છે. મશકનું તરવાનું કારણ એમાં ભરેલ વાયુ હોય છે.

(૬) એજ રીતે તું જેના હૃદયમાં હોય છે તે ભવિકજન સુખેથી તરી જાય છે.

વિવેચન - આ સ્તવનમાં પ્રભુને તરણ તારક સ્થાને સ્થાપીને મશકના દૃષ્ટાંત વડે ભવ્યજીવ કેવી રીતે તરી શકે છે, એનું સુંદર નિરૂપણ કર્યું છે.

ગાથા - ૧૧

यस्मिन् हर-प्रभृतयोऽपि हत-प्रभावाः
सोऽपि त्वया रति-पतिः क्षपितः क्षणेन ।।
विध्यापिता हुत-भुजः पयसाथ येन,
पीतं न किं तदपि दुर्धर-वाडवेन ? ।। ११ ।।

સ્તવન - ૧૦ :-

કામસુભટ ગયો હારી પ્રભુ થેં, કામ સુભટ ગયો હારી,
રતિપતિ આણ વશે સવ સુરનગર, હરિહર બંભ મુરારી પ્રભુ. ૧
ગોપીનાથ વિગોપિત કીનો, હર અર્ધાંગિત નારી,
તેહ અનંગ કીઓ ચકચૂરણ, એ અતિશય તુજ ભારી પ્રભુ. ૨
એ સાચું જિમ નીર પ્રભાવે, અગ્નિ હોત સવિ છારી,
તે વડવાનલ પ્રબલ જબ પ્રગટે, તવ પીવત સવિ વારી પ્રભુ. 3
તિણપરિ તે તેં દહવટ કીનો, વિષય અરતિ રતિ નારી,
નયવિમલ પ્રભુ તું હિ નિરાગી, મોટો મહાબ્રહ્મચારી પ્રભુ. ૪

ભાવાર્થ :-

(૧) હરિ = વિષ્ણુ, હર = શંકર, બહ્મ = બ્રહ્મા, મુરારી - મુર નામના રાક્ષસનો નાશ કરનાર એવા કૃષ્ટ અ સર્વ દેવો પર કામદેવની આણ વર્તે છે. અર્થાત્ એ બધાને કામદેવે વશ કર્યા છે જીતી લીધા છે હતપ્રભ કર્યા છે. એવો કામદેવ (કામસુભટ) પાર્શ્વપ્રભુ પાસે હારી ગયો.

(૨) ગોપીઓના નાથ સમાન ગોપીનાથ પણ પોતાની અર્ધાંગના સમી નારીઓ સામે અનંગ દેવને ચકચૂર્ણ કર્યા છે તેવો આપનો મહિમા સૌથી વિશેષ - ભારે છે.

(૩) એ સત્ય છે કે પાણી દ્વારા અગ્નિ શાંત થાય છે બુઝાઈ જાય છે. પરંતુ એ પણ સત્ય છે કે જ્યારે વડવાનલ જોરદાર ભભૂકે છે ત્યારે તે પાણીને પી જાય છે. બાળીને નષ્ટ કરે છે. સૂકવી દે છે.

(૪) તેવી રીતે હે પ્રભુ તે નારી સંબંધી રતિ અરતિ વિષયને આપે દેશવટો આપ્યો છે. કારણકે આપ નિરાગી છો. મહા બ્રહ્મચારી છો. એમ નયવિમલ કહે છે.

ગાથા - ૧૨

स्वामिन्ननल्प-गरिमाणमपि प्रपन्ना-
स्त्वां जन्तव: कथमहो हृदये दधाना: ।
जन्मोदधिं लघु तरन्त्यति-लाघवेन ?
चिन्त्यो नहन्त महतां यदि वा प्रभाव: ॥ १२ ॥

સ્તવન - ૧૧ :- પ્રભુકી શક્તિ અચિંત,
દેખો માઈ પ્રભુ શક્તિ અચિંત
મંદરગિરી પરે મોટો મહિમા,
તાહરો હૃદય ધરંત દેખો. ૧
શીઘ્રપણે કરી સાહિબ સાહિબ,
ભજતા સંત અનંત,
એહ અનોપમ ઉપમા દીસે,
ભવજલરાશિ તરંત દેખો. ૨
ગુરુને તરવું દુસ્તર દીસે,
છે ગુરુ પણ તરે તારે એતો વાત મહંત,
જ્ઞાનવિમલ પ્રભુ મહિમાના ગુણ,
કહે શકે નહિ તંત દેખો. ૩

ભાવાર્થ :-

(૧) પ્રભુની શક્તિ અકલ્પનીય છે, અચિંત્ય છે. મંદરગિરિ = મેરુ પર્વતની જેમ મહિમા મોટો છે. તેને હૃદયમાં ધારી રાખ્યો છે.

(૨) અનંત સંતો આપને સાહેબ સાહેબ કરીને ભજે છે. આશ્ચર્યની વાત છે કે મહા ગરિમા ગુરુતાવાળા સંતો આપને હૃદયમાં ધરી રાખીને પોતાની લઘુતા દર્શાવે છે. પરંતુ આપની અચિંત્ય શક્તિથી અતિ શીઘ્રતાથી ભવજળ તરી જાય છે.

(૩) જે વસ્તુ ગુરુ = ભારે હોય તે તરવામાં દુષ્કર દેખાય છે. પરંતુ ગુરુનો પ્રભાવ અચિંત્ય હોય છે તે તરે અને અન્યને તારે. હૃદયમાં ગુરુને સ્થાપી દીધા છે શિષ્ય હલકો (કર્મથી હળવો) થઈ જાય છે. આ વાત કેવી અદ્‌ભુત છે. (ગુરુ સમર્પણનો ભાવ વ્યક્ત થયો છે.) ગુરુ એટલે ભારે વસ્તુ તો ડુબી જાય છે, પરંતુ અહીં ગુરુ તો પોતે પણ તરે છે અને બીજાને પણ તરાવે છે. અહીં પ્રભુને ગુરુસ્થાને સ્થાપીને જ્ઞાનવિમલમુનિ પ્રભુનાં મહિમાના ગુણગાન ગાય છે. અર્થાત્ ગુણમહિમા પ્રગટ કરતા કહે છે કે પ્રભુના મહિમાના ગુણગાન અનંત છે તેને

કહેવામાં જબ્બર પુરુષાર્થ કરવામાં આવે તો પણ એનો પાર ન આવે. અર્થાત્ એને કહેવા કોઈ સમર્થ નથી. (तंत = પાર ન આવે)

આમ આ સ્તવનમાં પ્રભુના મહિમાને ઉજાગર કરવામાં આવ્યો છે. જે એમને હૃદયમાં સ્થાને છે તે ભવપાર ઊતરી જાય છે.

ગાથા - ૧૩

क्रोधस्त्वया यदि विभो ! प्रथमं निरस्तो
ध्यस्तास्तदा बत कथं किल कर्म-चौराः ? ।
प्लोषत्यमुत्र यदिवा शिशिरापि लोके
नीलद्रुमाणिविपनानि न किं हिमानी ? ॥ १३ ॥

સ્તવન - ૧૨ :- કવણ તુમ્હારો મરમ લહીએરી,.....

પાસ જિણેસર તું પરમેસર, અજબકલાકહો કવણ કહીએ રી; ક. ૧
કોધકષાય હણ્યા તેં પહિલા, તવ થયો ઉપશમવંત શરીરી,
કોધ વિના તે કિમ કરી ટાળ્યા, અંતર દુર્ધર કર્મ અરીરી ક. ૨
ખિમાવંતને હણવું ન ઘટે, એ કિમ અર્થ સમર્થ હવેરી,
માનું હિમ જિમ શીત પ્રકૃતિ પણ, નીલકમલદલ વિપન દહેરી ક. 3
તેંસેં બાહ્ય અભ્યંતર દુશ્મન, હણિયા સમતાભાવ થકીરી,
નય કહે દુશ્મન દૂરિ કરનકું, રોમે રોમે તુમ ભક્તિ છકીરી ક. ૪

ભાવાર્થ :-

(૧) હે પાર્શ્વજિનેશ્વર ! આપ તો પરમેશ્વર છો, આપની કલા અજબ છે. એ કલાનું રહસ્ય અમારા જેવા (પામર) કેવી રીતે પામી શકે ? હે પ્રભુજી આપ કહો અમે કેવી રીતે જાણીએ ?

(૨) આશ્ચર્ય તો એ વાતનું થાય છે કે આપે કોધ કષાયનો પહેલાં જ નાશ કર્યો છે. અર્થાત્ કોધાગ્નિને શાંત કરી દીધો છે. ઉપશમાવી દીધો છે. એ ઉપરાંત થયા પછી બીજા કર્મરૂપી શત્રુ - જે દુષ્પકારે અંતરમાં રહેલા હતા જેનો સામનો ન થઈ એવા શત્રુને અગ્નિ વિના કેવી રીતે બાળ્યા ?

(3) અહીં કવિ પ્રશ્ન પૂછીને પોતે જ સમાધાન કરતા કહે છે કે જે ક્ષમાવંત હોય તે કોઈને પણ કેવી રીતે હણી શકે ? અર્થાત્ કોઈને પણ હણવું શક્ય નથી અને આપે તો અંતર્શત્રુને હણ્યા આ કેવી રીતે બને એ સમજાતું નથી. અરે ! (વિચારતા) સમજાય છે કે જેમ શીતલ હિમવર્ષા થવાથી લીલા વૃક્ષોવાળા જંગલોના જંગલો બળીને ભસ્મ થઈ જાય છે તેમ કોધરૂપ અગ્નિ કરતાં ક્ષમારૂપી હિમથી આંતરશત્રુનો નાશ થઈ જાય છે એટલે જ કોધ કરતાં ક્ષમાશક્તિ મહાન છે.

(૪) તેથી આપે ક્ષમા = શાંતિ = સમભાવ થકી બાહ્ય અને આભ્યંતર દુશ્મનોને હરાવી દીધા (આપનું આ સામર્થ્ય જાણીને) હે પ્રભુ ! હું નયવિમલમુનિ કરું છું કે આપની (ક્ષમાકારી

ભાવ પ્રત્યે) મારા રોમે રોમમાં ભક્તિ ઉલસે. અર્થાત્ હું આપની ભાવપૂર્વક ભક્તિ કરું છું.
વિવેચન :- આ સ્તવનમાં કવિએ સુંદર ઉપમા - દૃષ્ટાંત વડે પ્રભુની કર્મનાશની કલાનું વર્ણન કર્યું છે. એ કલા પ્રત્યે હૃદયના ભાવ કેવી ઊમટી રહ્યા છે, તેનું સ..રસ વર્ણન કર્યું છે.

ગાથા - ૧૪

त्वां योगिनो जिन ! सदा परमात्म-रूप-
मन्वेषयन्ति हृदयाम्बूज-कोश-देशे ।
पूतस्य निर्मल-रूचेर्यदिवा किमन्य-
दक्षस्य सम्भवि पदं ननु कर्णिकाया: ? ॥ १४ ॥

સ્તવન - ૧૩ :- મેરે પ્રભુ તુંહિ નિરંજન દેવા,
યોગીસર પણ હૃદયકમલમેં, ધ્યાઈ તુમ પદ સેવા. મેરે. ૧
પરમપુરુષ પરબ્રહ્મ સરૂપી, તુમ જોવત નિતમેવા,
થાનક અવર રુચે નહિ તુમને, ગજમનિ સાલર રેવા. મેરે. ૨
જિન નિર્મલ રુચિ કમલ અક્ષમે, થાનક અવર ન દેવા
પદ્મનાલથેં ઓર ન સૂજે, તિમ તું ધ્યાન જપેવા. મેરે. ૩
જિન તુજ છોડી અવરકુણ ધ્યાવત, લિઈ ખલખલ લહી મેવા;
નયવિમલ કહે ઈહભવે પરભવે, તુંહિ જ મુજ શિર દેવા. મેરે. ૪

ભાવાર્થ :-
(૧) હે મારા પ્રભુ ! આપ જ નિરંજન દેવ છો. યોગીશ્વરો પણ આપને (જ પદને ધ્યાયે છે) હૃદયકમળમાં (ધ્યાઈને) ધારણ કરીને તમારા પદની સેવા કરે છે, તમને પૂજે છે.
(૨) આપ પરબ્રહ્મ સ્વરૂપ છો, પરમપુરુષ છો તમને જ નિત્ય-સદાય જોતા રહેવું ગમે છે. આપના સિવાય બીજું કોઈ સ્થાન રૂચતું નથી. જેમ હાથીનું મન ખૂંટીએ (ખીલડા પર) રહે છે. એમ. (સાલર = ખૂંટી)
(૩) આપ નિર્મલ (કર્મમળથી રહિત) ઉજ્જવળ કાંતિયુક્ત શુદ્ધ આત્મસ્વરૂપ છો. અન્ય કોઈ સ્થાને એવું નથી. જેમ નિર્મળ કાંતિમાન કમળના બીજનું સ્થાન બીજે ક્યાંય નથી. પરંતુ કમળનાલિકામાં જ સંભવિત છે. તેમ હૃદયકમળની કર્ણિકામા જ આપનું ધ્યાન સંભવે છે.
(૪) હે જિનેશ્વર આપને છોડીને બીજા કોનું ધ્યાન ધરીએ ? શું દુષ્ટોને લઈને અર્થાત્ દુષ્ટોની સાથે રહેવાથી શું મેવા મળી શકે, મેવા મેળવવા હોય તો તમારું જ ધ્યાન ધરવું જોઈએ. (અથવા) ધૂળના ઢગલામાંથી મેવા પ્રાપ્ત થઈ શકે ?) માટે નયવિમલમુનિ કહે છે કે આભવે-પરભવે તમે જ મારા દેવ છો તમને જ મારું શીશ નમાવીશ.
વિવેચન - આ સ્તવન દ્વારા પ્રભુની નિર્મળ અવસ્થાને ઉજાગર કરી છે.

ગાથા - ૧૫

ध्याना ज्जिनेश ! भवतो भविनः क्षेणेन,
देहं विहाय परमात्म - दशां व्रजन्ति ।
तीव्रानलादुपल-भावमपास्य लोके,
चामीकरत्वमचिरादिव धातु-भेदाः ॥ १५ ॥

સ્તવન - ૧૪ :- **પ્રભુ તુમ ધ્યાન થકી ભવિ પ્રાણી,**
તે હોએ ખિણમાં કેવલનાણી
કર્મ નિકાચિત મલ ખય થાવે,
જ્યોતિસરૂપ દશા પ્રગટાવે **પ્રભુ. ૧**
જિમ જગમાં છે ધાતુવિભેદા,
કનક ઘણું પામે નિરવેદા
ઉપલભાવ છાંડીને વેગે,
તીવ્ર અગ્નિને તાપ સંયોગે **પ્રભ. ૨**
તિણિપરિ પાર્થવિરૂપી કાયા,
હોઈ અભેદ પરમાતમ રાયા
જ્ઞાનવિમલ પ્રભુકે ગુન ગાયા,
તિનથેં સમકિત હોત સવાયા **પ્રભુ. 3**

ભાવાર્થ :-

(૧) હે પ્રભુ ! આપનું ધ્યાન ધરવાથી ભવ્યજીવો ક્ષણમાં કેવળજ્ઞાની થઈ જાય છે. નિકાચિત કર્મ પણ ક્ષય થઈ જાય છે અને આત્મજ્યોતિ સ્વરૂપર દૅષ્ટિ પ્રગટાવે છે. જ્યોતિ જેવી દશા પ્રગટ કરે છે. (અંતરમાં જેવા ભાવ કરીએ એવું પ્રાપ્ત થાય. વિશુદ્ધ હૃદયથી આપનું ધ્યાન ધરવાથી આપના જેવું બનાય છે. સંસારમાંથી મુક્ત થઈને ઝળહળ જ્યોતિનું સ્વરૂપ પ્રગટે છે.)

(૨) જગતમાં વિવિધ ધાતુઓ રહેલી છે. તીવ્ર અગ્નિનો સંપર્ક થતાં જ તરત સુવર્ણધાતુ પાષાણ (ઉપલ) ભાવને છોડીને અર્થાત્ મિશ્રિતરૂપને છોડીને શુદ્ધ સુવર્ણદશાને પામે છે.

(૩) એ જ રીતે આ માટીની બનેલી કાયામાંથી આતમરામ આપનું ધ્યાન ધરવાથી પરમાતમ બની જાય છે. જ્ઞાનવિમલજી કહે છે કે પ્રભુના ગુણ ગાવાથી સમક્તિ થાય સવાયું અર્થાત્ શ્રદ્ધા દૅઢત્તમબની જાય છે.

વિવેચન :- ધ્યાનની મહત્તા પ્રસ્થાપિત કરી છે. પ્રભુનું ધ્યાન ધરવાથી શુકલધ્યાન રૂપ અગ્નિ પ્રજવલિત થાય છે. જેમાં નિકાચિત કર્મો પણ બળી જાય છે અને સિદ્ધ સ્વરૂપ પ્રગટ થાય છે. એમાં માટીમિશ્રિત સુવર્ણમાંથી શુદ્ધ સુવર્ણ પ્રાપ્ત થાય એનું દૅષ્ટાંત આપીને સમજાવ્યું છે કે આત્મા શુદ્ધ થતાં જ પરમાત્મા બની જાય છે, પછી એનામાં અને સિદ્ધમાં કોઈ ભેદ રહેતો નથી.

अन्तः सदैव जिन । यस्य विभाव्यसे त्वं
भव्यैः कथं तदपि नाशयसे शरीरम् ? ।
एतत्स्वरूपमथ मध्य-विवर्त्तिनो हि,
यद्विग्रहं प्रशमयन्ति महानुभावाः ॥ १६ ॥

સ્તવન - ૧૫ :- **તુમ ધ્યાન સદા નિવહિએ, જસ શરીરમાંહિ તું રહિએ;**
તસ નાશ હોએ કિમ ઈશ, એ અર્થ ન ઘટતો દીસે તુમ. ૧
એસાચી અર્થની વાણી, એ છે સંત તણી સહનાણી (?)
જે મોટો સાધુ કહેવાય, તે વિગ્રહને રે સમાવે તુમ. ૨
વિગ્રહ તનું યુદ્ધ કહીજે, બિહું ભેદે અર્થ લહીજે;
અરૂપી રૂપી યોગ, જે કર્મ જીવ સંયોગ તુમ. 3
ઝઘડો જવ તેહનો ભાંજ્યો, તવ અંતરરિપુગણગાંજ્યો;
નયવિમલ પ્રભુગુન પાયા, તવ જીત નિશાન બજાયા તુમ. ૪

ભાવાર્થ :-

(૧) આપનું ધ્યાન સદા નિર્વહન કરવાથી જે શરીરમાં આપ રહો છો. હે ઈશ્વર ! એનો નાશ કેવી રીતે શક્ય છે ? માટે આપના ધ્યાનરૂપી અગ્નિથી આ માટીનો દેહ નાશ પામશે અને આતમ પરમાતમ બની જશે એ વાત સમજમાં આવતી નથી.

(૨) નહિ, નહિ. વાત તો ઉચિત છે સંતોએ તેને ઉચિત યોગ્ય જાણી છે. (સહનાણી) જ્ઞાનસહિત રહેલા સાધુ જે મહાસાધુ છે તે વિગ્રહ (યુદ્ધ)ને પણ સમાપ્ત કરાવી દે છે.

(3) વિગ્રહ એટલે શરીર સાથેનું યુદ્ધ અહીં બે પ્રકારથી તેનો અર્થ લેવાનો રૂપી સાથે અરૂપીનું યુદ્ધ અને કર્મ તથા જીવનો સંયોગ શરીરમાં રહેલ અરૂપીજીવ રૂપીકર્મનો નાશ કરે છે.

(૪) જ્યારે તે બંનેનો ઝગડો (યુદ્ધ) સમાપ્ત થયો ત્યારે આંતરરિપુ (કર્મ) હારી ગયો. એથી નયવિમલમુનિ પ્રભુના ગુણોને પ્રાપ્ત કરીને વિજયનો ડંકો વગાડ્યો. જિતનગારું (જીતનિશાન) વગાડ્યું.

વિવેચન :- હે પ્રભુ આપ અમારા અંતરમાં રહો છો અને અમે શરીરમાં રહીએ છીએ. તો એ શરીરનો નાશ કેવી રીતે શક્યા છે. અર્થાત્ આપણો પણ નાશ થઈ જશે. એમ શંકા કરીને પછી એનું નિરાકરણ પણ કર્યું છે.

ગાથા - ૧૭

आत्मा मनीषिभिरयं त्वदभेद-बुद्ध्या
ध्यातो जिनेन्द्र ! भवतीह भवत्प्रभावः ।
पानीयमप्यमृतमित्यनुचिन्त्यमानं

किं नाम नो विष-विकारमपाकरोति ? ॥ १७ ॥

સ્તવન - ૧૬ :- પાસજિન પાયો હો, પ્રભુ સાહિબ પાયો હો;
ભવભયથી બીહતે હવે, તુમ ચરણે આયો હો પ્રભુ. ૧
તુમથી અભેદબુદ્ધિ કરી, એ આતમ ધ્યાયો હો;
તુમ ભાવિં તુમ સારિખો, હોએ તેહ સવાયો હો પ્રભુ. ૨
જિમ કેવલ જલ ચિંતવ્યું, અમૃત ઇતિ ભાવે હો;
મહામંત્ર અનુભાવથી, વિષવિકૃતિ ગમાવે હો પ્રભુ. 3
તિમ પ્રભુ નામ પ્રભાવથી, નિર્વિષ હોયે પ્રાણી હો;
નયવિમલ જિન ધ્યાથી, એ છે અવલ નિશાની હો પ્રભુ. ૪

ભાવાર્થ :-
(૧) મને પાર્શ્વ જિન મળી ગયા. મારા પ્રભુ મળી ગયા ભવભયથી ડરતો હું આપના ચરણમાં આવી ગયો છું.
(૨) મારા આત્મામાં પરમાત્માની અભેદબુદ્ધિ કરીને ધ્યાન ધરું છું. તમારી જ ભાવના ભાવતો એવો હું તમારા જેવો થઈશ અથવા તેનાથી સવાયો થઈશ.
(3) જો પાણીને સર્વધા અમૃત માનીને ઉપયોગમાં લીધું હોય તો તે શું વિશ વિકારને દૂર નથી કરતું ! મહામંત્રને ભાવવાથી વિષયવિકૃતિ દૂર થાય છે. એટલે કે વિષ પણ અમૃત બની જાય છે.
(૪) તમે પ્રભુનું નામ માત્ર લેવાથી પ્રાણીમાં રહેલાં વેરઝેર દૂર થઈ જાય છે. નયવિમલ કહે છે કે ધ્યાન - એકાગ્રતા - શ્રદ્ધા એ અકસીર ઉપાય છે.
વિવેચન :- આત્મા પરમાત્માનું અભેદ સ્વરૂપ બતાવ્યું છે. एगे आया । આત્મા બધાના એક જ પ્રકારે છે. ધ્યાન, એકાગ્રતા શ્રદ્ધાથી સિદ્ધ સ્વરૂપ પ્રાપ્તથાય છે.

ગાથા - ૧૮

त्वमामेव वीत-तमसं पर-वादिनोऽपि
नूनं विभो ! हरि-हरादि-धिया प्रपन्नाः ।
किं काच-कामलिभिरीश ! सितोऽपि शङ्खो
नो गृह्यते विविध-वर्ण-विपर्ययेण ? ॥ १८ ॥

સ્તવન - ૧૭ :- મેરો સાહિબ અંતર્યામી હો,
અલખ અરૂપ અને અવિશાની;
કામિતદાય અકામી હો મેરો. ૧
નિરાગી તે દેવ કહીજે,

પણ ગતિ તિણે નવિ પામી હો;
હરિ હર બુદ્ધિ તુંહિ જ ધ્યાવે,
પરવાદી શિર નામિ હો મેરો. ૨
શંખ ધવલ પણ વિવિધ વર્ણની,
ભ્રાંતિ પીત કરી જાની હો;
તિમિરરોગભાવે કરી તિણિપરે,
પરતીર્થિક કહે માની હો મેરો. ૩
પણ પરમારથબુદ્ધિ તુંહિ,
વીતરાગ કરી વાની હો;
નય કહે તુમ વીણ અવર ન કોઈ,
ભૂતલ દેવ સુગ્યાની હો મેરો. ૪

ભાવાર્થ :-

(૧) મારા સ્વામી તો અંતર્યામી છે. અલખ = આકાર વગરના નિરંજન, અરૂપ = રૂપ વગરના અને અવિનાશીછે. બીજાની ઈચ્છા કામના પૂરી કરનાર હોવા છતાંપોતે કોઈપણ ઈચ્છા ન રાખે એવા અકામી છે.

(૨) અન્ય મતાવલંબીઓએ આપ વીતરાગી હોવા છતાં, દેવ તરીકે ગતિ પામી ન હોવા છતાં હરિ = વિષ્ણુ, હર = શંકર તરીકે આપને માન્યા છે. તેથી આપની સમક્ષ શીશ નમાવે છે. અર્થાત્ આપને સરાગી દેવો તરીકે માની આપને નમન કરે છે.

(૩) શું કમળાના રોગીને સફેદ શંખ પણ વિપરીત વર્ણનો દેખાય છે ને ! અર્થાત્ શ્વેત વર્ણમાં વિપરીત વર્ણની ભ્રાંતિ થાય છે. તેમ અજ્ઞાનરૂપ અંધકારનો રોગ જેને થયો હોય તે (પરતીર્થિકો) આમ માને છે.

(૪) પરંતુ પરમારથ બુદ્ધિથી આપ વિતરાગી છો. ન્યવિમલ કહે છે કે આપના સિવાય અન્ય કોઈ સદ્જ્ઞાની જીવ આ ભૂતળ = ધરતી પર નથી.

વિવેચન :- પ્રભુ વીતરાગી હોવા છતાં એમને રાગી સમક્ષ ગણીને એમની સેવા કરવા તત્પર થાય છે. કમળો હોય એને પીળું દેખાય એવો ભાવ પણ આંશિક રીતે વ્યક્ત થયો.

ગાથા - ૧૯

धर्मोपदेश-समये स-विद्यानुभावा-
दास्तां जनो भवति ते तरुरप्यशोकः ।
अभ्युद्गते दिन-पतौ समहीरुहोऽपि
किं वा विबोधमुपयाति न जीवलोकः ॥ १९ ॥

સ્તવન - ૧૮ :- સાંઈ સરૂપ કૈસે પાઉંરી, જો થિરતા નવિ હોય;

કાળ અનાદિ મેં વિષય કષાયે, ચું હિ ગયે ભવ ખોય સાંઈ. ૧
ધર્મદેશના અવસરે તુમ છે, તરુ અશોક જ હોઈ;
ભવિકલોક અશોક જે હોઈ, ઈહાં અચરિજ નહિ કોઈ સાંઈ. ૨
સાત ઈતિ તસ દૂરિ ટલ હૈ જિહાં વિચરત તું જોય;
જયું દિનકર જગતથૈં વિકસત, સમહીરુહ જીયલોય સાંઈ. ૩
ગુણ સ્વરૂપ જે જે પ્રગટાવે, એ પ્રતાપ સવિ તોય;
નય કહૈં ભવબંધન છોડણ કું, ઐસો દેવ ન કોઈ સાંઈ. ૪

ભાવાર્થ :-

(૧) સાઈ સ્વરૂપ = સાચું સ્વરૂપ, સિદ્ધ સ્વરૂપ = પરમેશ્વર કેવી રીતે પામું (પાઉરી) અર્થાત્ જો સ્થિરતા જ ન હોય તો સાચું સ્વરૂપ કેવી રીતે પામું કારણકે અનાદિ કાળથી મેં વિષય અને કષાયમાંજ ભવો વિતાવ્યા છે.

(૨) હે પ્રભુ આપ ધર્મોપદેશ = દેશના આપો છો ત્યારે વૃક્ષનો શોક દૂર થઈ જતાં પ્રફુલ્લિત થઈ જાય છે ભવિકજનોના શોક દૂર થઈ જાય એમાં શું નવાઈ ?

(૪) એ જ રીતે હે પ્રભુ આપના પ્રતાપે (આપના પ્રભાવથી) જીવોમાં ગુણો પ્રગટે છે. એટલે કે જે ગુણો પ્રગટે છે. એમાં આપનો પ્રતાપ છે. નયવિમલમુનિ કહે છે કે ભવરૂપી બંધનમાંથી મુક્ત થવા માટે આપ સમાન અન્ય કોઈ દેવ નથી.

વિવેચન :- વિષય કષાયને દૂર કરી સ્વમાં સ્થિર થવાની ભાવના વ્યક્ત થઈ છે. (સમોસરણમાં દેશના વખતે) ભગવાનથી ૧૨ ગણું ઊંચું અશોકવૃક્ષ થઈ આવે છે. ભગવાન જ્યાં જ્યાં ઊભા રહે કે બેસે ત્યાં ત્યાં તીર્થંકર ભગવાનની અવગાહનાથી ૧૨ ગણું ઊંચું અશોકવૃક્ષ રહે છે એનું વર્ણન કર્યું છે. ઈતિ = ભય, આપત્તિ, સંકટ એના સાત પ્રકાર છે. સ્વચક્રભય, પરચક્રભય, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ઉંદર, તીડ અને શુક. (શુક એટલે પક્ષીઓની અધિકતા કે રાક્ષસ વગેરેનો ઉપદ્રવ હોવો જોઈએ એમ લાગે છે.) ટૂંકમાં આ સ્તવનમાં ભગવાનના અતિશય દ્વારા ભગવાનની મહત્તા પ્રસ્થાપિત કરી છે.

ગાથા - ૨૦

चित्रं विभो ! कथमावाङ् - मुख - वृन्तमेव
विष्वक् पतत्यविरला सुर-पुष्प-वृष्टिं ? ।
त्वद्-गोचरे सु-मनसां यदि वा मुनीश !
गच्छन्ति नूनमध एव हि बन्धनानि ॥ २० ॥

સ્તવન - ૧૯ :- જિન સેવો રે લય લાઈ, સખિ ! તન મન વચનસું લય લાઈ;
જિનકી સંગતિસેં સુખ પાવે, યહી મનુજજનું ફલદાઈ જિન. ૧
સુરકૃત કુસુમવૃષ્ટિ ઘન નિપતત, પંચ વરન સુખદાઈ;

બિંટ અધોમુખ જાનું પ્રમાને, યોજનમાને સમુદાઈ જિન. ૨
એ અચરિજ નહિ અરથ મિલત હૈ, તુમ સમીપનો ગુણ યાહી,
સમુનસબંધન હોત અધોમુખ, વયર વિરોધ ન કાંઈ જિન. ૩
સુમનસ પંડિત કુસુમ સુહૃદજન, અર્થ અનેક અછે યાહી;
યા યથાહ ભવસાયર તરિયા, તે નર જે તેં ગ્રહ્યા બાંહી જિન. ૪
તીનભુવન મંડપમે તુમચી કીરતિ કલ્પલતા છાઈ;
જ્ઞાનવિમલ કહે સુખ દેવનકું, પાસ જિનેસર હે સાંઈ જિન. ૫

ભાવાર્થ :-

(૧) હે (સહચર સાથી) મિત્ર ! જિનેશ્વર પ્રભુની સેવા લય = લગનપૂર્વક = એકાગ્રતાપૂર્વક કરીએ અર્થાત્ લગની લગાવીને કરે. મન, વચન, કાયાથી એકાગ્રતાપૂર્વક સેવા કરીએ જિનેશ્વરની સંગતિથી સુખ પ્રાપ્ત થાય છે તથા આ મનુષ્ય જન્મ ફળદાયી બને છે. અર્થાત્ સફળ થાય છે.

(૨) પ્રભુ જ્યાં સમોસરે ત્યાં દેવો સુખદાયક, સુગંધી, પંચવર્ણા અચેત ફૂલોની ઘણા પ્રમાણમાં (પ્રભુના ટીંચણ સુધીના ઢગલા થાય એ રીતે) વૃષ્ટિ કરે છે. ૧ જોજન પર્યંત આ પુષ્પોના ઢગલા એવી રીતે પડે છે કે બધાં પુષ્પો સીધાં જ પડે એટલે કે એના ડીંટડાં નીચેની તરફ અને ખીલેલો ભાગ ઉપર તરફ રહે એ રીતે પડે છે.

(૩) એનો આશય સમજાઈ જતા આશ્ચર્ય થતું નથી. કે જે રીતે આપની સમીપ પડતાં પુષ્પો સીધાં થઈ જાયછે એમ મનુષ્યો પણ સીધા સરળ થઈ જાય છે. જેથી એમાં કાંઈ વેર વિરોધ રહેતો નથી.

(૪) સારા મનવાળો સજ્જન, ભણેલ ગણેલ પંડિત, કુસુમ જેવા કોમળ હૃદયવાળો ભક્ત આવા અનેક અર્થ કરવામાં આવે પરંતુ હે પ્રભુ આપે જેમના હાથ ઝાલ્યા તેઓ અથાગ (જેનો તાગ નમળે એવા) ભવસાગરને તરી ગયા.

(૫) (જેને કારણે) ત્રણે લોકના મંડપમાં તમારી કીર્તિની કલ્પલતા છવાઈ ગઈ. જ્ઞાનવિમલ કહે છે કે સુખદેવા માટે પાર્શ્વ જિનેશ્વર પરમેશ્વર છે.

વિવેચન :- આ સ્તવનમાં પુષ્પવૃષ્ટિના અતિશયનું અર્થઘટન, રહસ્યોદ ઘટન કર્યું છે. જેના કારણે પ્રભુની કીર્તિ ચોમેર ફેલાઈ છે.

ગાથા - ૨૧

स्थाने गभीर-हृदयोदधि-सम्भवाया:
पीयूषतां तव गिरः समुदीरयन्ति ।
पीत्वा यतः परम-संमद-सङ्ग-भाजो
भव्या व्रजन्ति तरसाप्यजरामरत्वम् ।। २१ ।।

સ્તવન - ૨૦ :- સુગુણ સુજ્ઞાની સાહિબ સુગુણ સુજ્ઞાની,
પરમપુરુષ પ્રભુ પુરિસાદાણી સાહિબ. ૧
અમીયસમાણી જાણી તુમચી વાણી,
યુક્તવચણ કહે એહ પ્રમાણી સાહિબ. ૨
હૃદય-ગંભીર ખીર જલનિધિ જાતા,
સકલ સમયમાં જેહ વિખ્યાતા સાહિબ. ૩
વચનસુધારસપાનથી ધાવે,
અજર અમરતા ભવિજન પાવે સાહિબ. ૪
પરમ પ્રમોદ પ્રસંગ સદાઈ,
નય કહે તે લહે પ્રભુ સુપસાઈ સાહિબ. ૫

ભાવાર્થ :-

(૧) હે સાહેબ આપ સુગુણ સુજ્ઞાની છો, સર્વ પુરુષોમાં શ્રેષ્ઠ-પૂજ્ય એવા પરમ પુરુષ છો.

(૨) આપના વચન પ્રમાણ યુક્ત છે, જેને અમૃતની ઉપમા આપી શકાય. એટલે આપની વાણી અમૃત તુલ્ય જાણી.

(૩) આપની વાણી ક્ષીર સમુદ્ર જેવા હૃદયના ઊંડાણથી ગંભીર હૃદયમાંથી ઉત્પન્ન થાય છે. અને તે સકળ સમયમાં ત્રણે કાળમાં વખણાય છે, પ્રસિદ્ધ થાય છે.

(૪) આપના વચનામૃતના રસપાન કરીને ભવ્યજન અજરઅમર બની જાય છે અર્થાત્ સિદ્ધ થઈ જાયછે.

(૫) નયવિમલમુનિ કહે છે કે પ્રભુ કૃપાથી ભવ્ય જીવો હંમેશ માટે સતત પરમાનંદ પામે છે.

વિવેચન :- અહીં વચનઅતિશયનું વર્ણન થયું છે. વીતરાગી પ્રભુના હૃદયમાંથી = હૃદયના ઊંડાણમાંથી નીકળતી વાણીનો અનોખો પ્રભાવ છે કે જેથી ભવ્ય જીવ અજર અમર સચ્ચિદાનંદ સ્વરૂપ બની જાય છે. તેમજ અનંત આત્મિક સુખ પામે છે.

ગાથા - ૨૨

स्वामिन् ! सु-दूरमवनम्य समुत्पतन्तो
मन्ये वदन्ति शुचयः सुरचामरौघाः ।
येऽस्मै नति विदधते मुनि-पुङ्गवाय
ते नूनमूर्ध्व-गतयः खलु शुद्ध-भावाः ॥ २२ ॥

સ્તવન - ૨૧ :- પ્રેમે પાયે લાગું જિનવર,
ચરણે શીશ-કર જોડી;
શિવસુખ કારણ તારણ ચરચિત,
કુન કરે જિનકી હોડી પ્રેમ. ૧
ઉતપત નિપતત નિર્મલ ભાસુર,

ચામર બિહું પખે સોહે;
માનું એણીપરે ભવિક લોકને,
કહેવાને પડિબોહે પ્રેમ. ૨
અમ પરિ જે જિનવરને નમશે;
તે ઊરધગતિ લહેસ્યેં;
શુદ્ધ ભાવશું સકલ કારજ કરી,
શિવગતિ રમણી વરસ્યેં પ્રેમ. ૩
પ્રાતિહારિજ હારિ જ જિનની,
નિશિદિન સેવા સારે;
નય કહે એ બિનુ અવર ન દૂજો,
ભવજલ પાર ઉતારે પ્રેમ. ૪

ભાવાર્થ :-

(૧) હે જિનવર ! હું આપના ચરણોમાં હાથ જોડી શીશ નમાવી પ્રેમપૂર્વક વંદન કરું છું. આપ શિવસુખના કારણ છો તરણ તારણ છો. જે પણ આપના જહાજમાંબેસી જાય તે ભવસાગર તરી જાય.

(૨) આપની બંને બાજુ દેવતાઓ પવિત્ર શ્વેત ચામર વીંઝે છે તે નીચા નમીને ઉપર જાય છે એ રીતે ભવિકજનોને પ્રતિબોધ છે કે,

(૩) અમારી જેમ જે જિનવરને નમશે તે ઉર્ધ્વગતિને - મોક્ષને પ્રાપ્ત કરશે. શુદ્ધ ભાવો ભાવતાં થકાં સકલ કાર્યો સિદ્ધ કરીને શિવરમણીને વરશે.

(૪) ચામરરૂપી પ્રતિહાર્ય જિનવરની રાત દિવસ સેવા કરે છે એ પરથી નયવિમલમુનિ કહે છે કે ભવસાગરમાંથી પાર ઉતારે એવું એમના સિવાય અન્ય કોઈ નથી.

વિવેચન :- આ સ્તવનમાં પણ પૂર્વત્ ચામરરૂપ અતિશય અને પ્રતિહાર્યની વિશેષતા બતાવી છે. (અતિશય = વિશેષતા વિશિષ્ટતા) (પ્રતિહાર્ય = વિશિષ્ટ પુણ્યના ઉદયે મળેલી ઋદ્ધિ)

ગાથા - ૨૩

श्यामं गभीरगिरमुज्ज्वल-हेम-रत्न-
सिंहासन-स्थमिह भव्य-शिखण्डिनस्त्वाम् ।
आलोकयन्ति रभसेन नदन्तमुच्चै-
श्चामीकराद्रि-शिरसीव नवाम्बु-वाहम् ।। २३ ।।

સ્તવન - ૨૨ :- નિરખત હે ભવિ મોર, સિંહાસને નિરખત હે ભવિ મોર;
જિનજીકું પેખત આનંદ ઉપજત, જયું વિધુ દેખિ ચકોર સિહા. ૧
સજલ જલદ વનિ નીલકમલ તનું, કરત મધુર ધ્વનિ ઘોર;

ઉજ્જવલ હેમ રતન સિંહાસન, ઉપર બેઠિ કઠોર. સિહા. ૨
જયું મંદરગિરિ શિખર શિરોપરિ, નિરખત કેકિ-કિશોર;
જલધર શ્યામ ગુહિર ધ્વનિ ગાજત, દામિની ચમકત જોર સિહા. ૩
તિણપરિ બરસત દેશનધારા, હરખિત કરત હિંસોર;
નયવિમલ પ્રભુ વચનસુધારસ, - સમ નહીં કો રસ ઓર સિહા. ૪

ભાવાર્થ :-

(૧) હે સ્વામી જેમ ચંદ્રમાને જોઈને ચકોર આનંદિત થાય છે એમ ભવિકજનરૂપ મોર આપને સિંહાસન પર બિરાજમાન થયેલા જોઈને હરખાય છે.

(૨) પાણી ભરેલા નીલકમળ જેવાં શ્યામ વાદળને જોઈને મોર ટહૂકા કરે છે તેમ આપને સુવર્ણ રત્નજડિત ઉજ્જવળ સિંહાસન પર પ્રફુલ્લિત બેઠેલા જોઈને ભવિકજન ખુશ થાય છે. (કઠોર = પૂર્ણ વિકસતા)

(૩) જેમ મેરૂ પર્વતના શિખર પર શ્યામ, ઘનઘોર વાદળની ગર્જના સાંભળીને અને ઝબૂકતી વિજળીને જોઈને મયૂર કેકારવ કરે છે.

(૪) એ રીતે આપની દેશનાની ધારા (વહી રહી છે) પક્ષીઓને હર્ષિત કરે છે. (હિંસોર = પક્ષી) નયવિમલમુનિ કહે છે કે પ્રભુના અમીવચનોના રસ જેવો બીજો કોઈ રસ નથી.

વિવેચન :- અહીં સિંહાસનના અતિશયની વિશિષ્ટતા રજૂ થઈ છે. સ્ફટિકમય સિંહાસન એના પર બિરાજિત પ્રભુને હર્ષોલ્લાસિત કરે છે.

ગાથા - ૨૪

उद्गच्छता तव शितिद्युति-मण्डलेन
लुप्त-च्छदच्छविरशोक-तरुर्बभूव ।
सान्निध्यतोऽपि यदि वा तव वीतराग !
नीरागतां व्रजति को न स-चेतनोऽपि ॥ २४ ॥

સ્તવન - ૨૩ :- પ્રભુ તુમ દરિસન હર કરે,
બહુ ભવસંચિત પાપ હરે;
જાંગુલિજાપન્થી વીષ જિન નાસે,
શિશિરઋતે જિમ પાન ખરે પ્રભુ. ૧
ભામંડલયુત તનુની શોભા,
તરણિકિરણથી બહુ પસરે;
તરુ અશોક પણ તેહી અપની,
પત્રકીર્તિ ગતરાગ ધરે પ્રભુ. ૨
તો કુણ ચેતનાસંયુત પ્રાણી,

તુમ ભગતિથી કર્મ ઝરે;
નીરાગીની સંગતિગુણથી,
યુક્ત એહ વીતરાગ કરે પ્રભુ. 3
જિમ ઈલી-ભમરીની સંગતિ,
ભમરીરૂપે આપ કરે;
નયવિમલ કહે સાહિબ તેહીજ,
સેવક આપ સમાન કરે પ્રભુ. ૪

ભાવાર્થ :-

(૧) હે પ્રભુ આપનાં દર્શન આનંદિત કરે છે. (કેમ કે) ઘણા ભવોનાં સંચિત કરેલાં પાપો રહે છે. 'दर्शनं पाप नाशनम्' જેમ જાંગુલિમંત્રના જાપથી સર્પનું વિષ ઉતરીજાય છે અને શિશિરઋતુમાં પાન ખરેછેતેમ પાપ પણ ખરી જાય છે (દૂર થાય છે.)
(જાંગુલિ = સર્પનું વિષ દૂર કરનાર ગારુડી અથવા સર્પવિષ દૂર કરવાની મંત્રવિદ્યા)
(૨) આપના દિવ્ય શરીરની શોભારૂપ ભામંડળમાંથી નીકળતાં પ્રકાશનાં કિરણો પ્રસરે છે તેનાથી અશોકવૃક્ષ પણ તેના પાંદડાંની શોભા ગુમાવીને ફિકાશ ધારણ કરે છે. (તરણિ = પ્રકાશ - કિરણ)
(3) તો કોણ સચેતન પ્રાણી એવા હોય કે આપની ભક્તિથી જેનાં કર્મ ન ઝરે ? જે વીતરાગીની સંગતિથી વીતરાગતા ન પામે ? અર્થાત્ વીતરાગી થાય છે.
(૪) જેમ ઈયળ ભમરીના સંગથી ભમરીરૂપે બની જાય છે. અર્થાત્ જેમ ભમરીની સંગતિ ઈયળને પોતાના જેવી ભમરી બનાવી દે છે. નયવિમલમુનિ કહે છે કે તેવી જ રીતે સેવક નિશદિન સેવા કરે, ભક્તિ કરે તો પ્રભુ એને પોતાના જેવા બનાવી દે છે.
વિવેચન :- પ્રભુને અંબોડાની જગ્યાએ ભામંડળ હોય છે. જગતના સર્વ જીવોમાં પ્રભુનું ઔદારિક શરીર સૌથી તેજસ્વી હોય છે. આ તેજથી આંખો અંજાઈ જાય છે. તેથી ભગવાનનું રૂપ નિરખવામાં બાધા આવે છે. આ તેજને હરવા માટે ભામંડળ હોય છે. જેથી ભગવાનને અપલક નિરખી શકાય. એનું સદૃષ્ટાંત વર્ણન થયું છે.

ગાથા - ૨૫

भो भोः ! प्रमादमवधूय भजध्वमेन -
मागत्य निर्वृति-पुरीं प्रति सार्थवाहम् ।
एत न्निवेदयति देव ! जगत्त्रयाय,
मन्ये नदन्नभिनभः सुर-दुन्दुभिस्ते ॥ २५ ॥

સ્તવન - ૨૪ :- નિતુ નિતુ સાંભરે તુંહિ જિણંદા.
પાસ પ્રભુ મેરે દિલથેં ન જાવત, પાવત આતમ પરમાનંદા નિતુ. ૧
સુરદુંદુભિ આકાશે બાજતી, માનું ભવિકકું એમ ભણંતા;

ભવિ-મધુકર તુમ એહિ સેવો, પાવન પ્રભુ કે પદ અરવિંદા નિતુ. ૨
કર્મકષાય પ્રમાદ તજીને, જિમ લહો અવિચલસુખ અમંદા;
સારથવાહ એ મુગતિપુરીનો, તીનભુવન નહિ તવ છલ ઇંદા નિતુ. ૩
પ્રભુ શું નેહ લગ્યો જયુંચકવા,દીનકર જ્યું રચણાયરચંદા;
નય કહે ભવિભવિંઓર ન સેવું, તુંસાહિબ મેં ખિજમત બંદા નિતુ. ૪

ભાવાર્થ :-

(૧) હે જિનેશ તમે મને નિત્ય - દરરોજ સાંભરો છો, યાદ આવો છો હે પાર્શ્વપ્રભુ મારા દિલમાંથી તમે દૂર નહિ થાવ તો જ હું મારા આતમને પાવન કરીને પરમાનંદ પ્રાપ્ત કરી શકીશ.

(૨) આકાશમાં વાગતી દેવદુંદુભિ પોતાની ગર્જનાથી જાણે ભવિકજનોને કહી રહી છે કે હે ભવિકરૂપી મધુકર અરવિંદ (કમળ) રૂપ ભગવાનના ચરણકમળનું - પદ્મપદનું સેવન કરો.

(૩) કષાયરૂપ પ્રમાદને તજીને જેમ ઉત્કૃષ્ટ અવિચલ સુખ પ્રાપ્ત થાય છે એમ મુક્તિપુરીના સાર્થવાહ પ્રભુ પાર્શ્વનાથના શરણમાં જશો તો ત્રણે ભુવનના નાથ તમને છલશે નહિ અર્થાત્ દગો નહિ આપે.

(૪) પ્રભુ (શું = પ્રત્યે) પ્રત્યે સ્નેહ જાગ્યો જેમ ચકવાને દીનકર = સૂર્ય પ્રત્યે અને રત્નાકર = સમુદ્રને ચંદ્ર પ્રત્યે હોય તેમ નયવિમલ કહે છે કે હું પણ ભવોભવ તમારી સેવામાં જ રહું, બીજા કોઈને ન સેવું.

વિવેચન :-દેવદુંદુભિ પ્રતિહાર્યનું અહીં વિશ્લેષણ થયું છે. મારામાં પણ એવો નાદ પ્રગટ થાય અને આપની સેવામાં સદાય હાજર રહું.

ચકવા :- જળાશયો પાસે વસતાં એક જાતનાં હોલા જેવાં પક્ષી જે ચળકતા નારંગી રંગના કાળી ચાંચ અને પગવાળાં હોય છે. એની ગરદન લાંબી અને ટૂંકી પૂંછડી હોય છે. અટી ફૂટના હોય છે સારસ કે હંસ તરીકે પણ ઓળખાય છે. દંતકથા અનુસાર શાપિત પક્ષી છે. તેઓ જોડીમાં જ ફરનાર છે. પરંતુ શાપને કારણે દિવસે નર અને માદા સાથે ને સાથે હોય છે. પરંતુ રાત્રે તેઓ એકબીજાંથી જુદા પડી સામસામેના કિનારા પર બેસે છે. તથા વિયોગના કલ્પાંતમાં રાત્રિ ગાળે છે. રાત્રિનો વિરહકાળ સૂર્યોદય થતાં જ સમાપ્ત થાય છે. એટલે પોતાના પ્રિયજનની સાથે રહી શકે છે. માટે સૂર્ય એમના હૃદયમાં વસે છે. સૂર્ય માટે એમને નેહ હોય તે સ્વાભાવિક છે.

રણાયર = રત્નાકર એટલે સમુદ્ર પણ ચંદ્રને જોઈને હર્ષ પામે છે. લોકવાયકા મુજબ એનામાં ચંદ્રને કારણે ભરતી આવે છે માટે એને ચંદ્ર માટે નેહ છે એમ મનાય છે.

ખિજમત = સેવા (આ ફારસી શબ્દ છે મુસ્લિમ મોગલ રાજાઓને કારણે ઘણાં ફારસી, અરબી, ઉર્દુ, હિન્દી શબ્દોએ ગુજરાતી ભાષામાં પગપેસારો કર્યો છે. એમાંના કેટલાક શબ્દો આ સ્તવનોમાં પણ ડોકાય છે.)

ગાથા - ૨૬

उद्द्योतितेषु भवता भुवनेषु नाथ !
तारान्वितो विधुरयं विहताधिकारः ।
मुक्ता-कलाप-कलितो-च्छ्वसितातपत्र-
व्याजात्त्रिधा धृत-तनुर्ध्रुवमभ्युपेतः ॥ २६ ॥

સ્તવન - ૨૫ :-

તીનછત્ર શિર ઉપરેબાજે, તીનભુવન ઠકુરાઈ છાજે;
સેવક સુપરિ નિવાજે ૧
તેં પ્રકાશ ત્રિભુવનમાં કીનો, બાહ્ય અભ્યંતર તમ સવિ છીનો;
ચંદ થયો તવ હીનો ૨
જિન તેજે થયો ગત અધિકારે, છત્રમિશે તુમ સેવા સારે;
તીનરૂપ કરી સારે ૩
મુક્તાફલ તારા પિરવાર, નિશ્ચે જાણો એહ પરિવાર;
પ્રભુ મેરો અડવડિયા આધાર ૪
નયવિમલ ઉત્તમ આચાર, સેવાથી હોયે જયજયકાર;
જિન ! વાંચિતદાતાર ! ૫

ભાવાર્થ :-

(૧) હે પ્રભુ આપ ત્રણે લોકની ઠાકુરાઈ (રાજસત્તા) ભોગવો છે આપ ત્રણે લોકના નાથ છો એ દર્શાવિવા આપની ઉપર ત્રણ છત્ર ઉપરાઉપરી બિરાજે છે. સેવક સારી પેઠે નવાજેશ કરે છે.

(૨) હે પ્રભુ આપે ત્રણેલોકના સર્વ અંધકારને છીનવીને પ્રકાશ કર્યો છે. જેથી ચંદ્રને હીનતાનો ભોગ થવું પડ્યું કારણકે અંધકાર દૂર કરવો એનો ધર્મ છે. પણ આપે એ અંધકાર દૂર કર્યો તેથી હીણપત થાય.

(૩) જિનેશ્વરના તેજથી પ્રકાશ થયો. તેથી એનો અધિકાર ગયો. છત્રરૂપી ઈશ્વરથી બધા તમારી સેવા કરે છે. ચંદ્રનો અધિકાર છિનવાઈ જતાં ચંદ્રમાં તારા મંડળનો સાથ લઈને (મોતીઓના સમૂહથી યુક્ત) સુશોભિત ત્રણ શ્વેત છત્રોના રૂપમાં ત્રણ શરીર બનાવીને આપની સેવામાં હાજર થઈ ગયો.

(૪) મુક્તાફલ = મોતીઓ, તારા પરિવાર નિશ્ચયથી એનો પરિવાર જાણો પ્રભુ આપ તો અડવાડિયા = નબળા માણસના આધારૂપ છો.

(૫) નયવિમલ કહે છે કે ઉત્તમ આચાર અને સેવાથી જયજયકાર થાય છે. અર્થાત્ નબળી વ્યક્તિ પણ ઉત્તમ આચાર અને સેવા કરે તો જયજયકાર થાય છે.

હે જિનેશ્વર આપ તો ઈચ્છિત આપો એના દાતાર છો.

વિવેચન :- છત્ર (રૂપ) અતિશયની વિશેષતા અહીં બતાવી છે. ત્રણ છત્ર શા માટે છે એનું રહસ્યોદ્ઘાટન ચંદ્રના રૂપકથી કર્યું છે.

ગાથા - ૨૭

स्वेन प्रपूरितजगत्त्रय-पिण्डितेन
कान्ति-प्रताप-यशसामवि संचयेन ।
माणिक्य-हेम-रजत-प्रविनिर्मितेन
साल-त्रयेण भगवन्नभितो विभासि ।। २७ ।।

સત્વન - ૨૬ :- જિન શોભત હે સમવસરનમેં,
ઉદાયચલ શિખરોપરિ સુંદર, રાજતિ જયું ભર કિરણમેં જિન. ૧
માણિક હેમ રજતમય ભાસુર, ચોપખે રતી નવ રણમેં;
તીન ભુવનમેં એહી અનુપમ, રાણખકું કિય શરણ મેં જિન. ૨
માનું નિજ કાંતિ પ્રતાપ યશોભર, પૂરણ પૂરત ભુવનમેં;
તાકું શેષ રહ્યો જે પ્રભુકી, ઘેર રહ્યો ગદરૂપમેં જિન. 3
ચઉવિધ દેશન દેત ચતુર્મુખ, ભવિકું સુખ અનુકરણમેં;
નય કહે પાસ જિનેસર પરગટ, પાવન ભવજલ ભરણમેં જિન. ૪

ભાવાર્થ :-

(૧) ઉદયાચલના શિખરનો ઉપરનો ભાગ જેમ સૂર્યના કિરણમાં શોભી ઊઠે છે એ રીતે હે પ્રભુ આપ સમવશરણમાં શોભી રહ્યા છો.

(૨) ભાસુર = દેદીપ્યમાન, તેજસ્વી માણેક મણિરત્નો સુવર્ણ, રજત ચોપખે =ચારે દિશામાં જરા પણ જગ્યા માંહે ભુવનમાં એ જ અનુપમ એવા રક્ષણહાર (જિનેશ્વરનુ)નું શરણું લેવા આવ્યા ત્યારે તમે જ એને શરણમાં રાખ્યા છે.

(૩) જગ્યા મળવાનું કારણ શું ? કારણ કે આપના પોતાના કાંતિ, યશ અને પ્રતાપ ત્રણે લોકમાં એવા ફેલાઈ ગયા છે જેને કારણે એને જરાપણ સ્થાન મળ્યું નથી. એટલે આપની ચૌતરફ ગઢરૂપે આપને દોરીને રહ્યાં છે.

(૪) ચારેબાજુ આપના દેશના દેતાં ચાર મુખ રહેલાં છે. ભવિજનોને દેશનાનું અનુકરણ કરતાં સુખ પ્રાપ્ત થાય છે. નયવિમલ કહે છે કે પાર્શ્વ જિનેશ્વર પ્રગટ (સાક્ષાત્) છે. ભવજળમાંથી પાવનબનાવીને પાર ઉતારે છે.

વિવેચન - ભગવાનના સમોસરણનું આલેખન છે. ચાંદીનો ગઢ અને સોનાના કાંગરા, સોનાનો ગઢ રત્નના કાંગરા અને રત્નનો ગઢ એ મણિરત્નના કાંગરા આ રીતે સમોવસરણની રચના દેવો કરે છે. ભગવાનના કાંતિ, પ્રતાપ, યશ ચોમેર ફેલાયેલાં છે, માટે રત્ન આદિને ક્યાંય જગ્યા ન મળી માટે આપની ચોમેર ગઢ રૂપે ગોઠવાઈ ગયાં છે આ એક સજીવારોપણ અલંકાર છે.

ગાથા - ૨૮

दिव्य-स्त्रजोजिन ! नमत्रि-दशाधिपाना-
मुत्सुज्य रत्नरचितानपि मौलि-बन्धान् ।
पादौ श्रयन्ति भवतो यदि वा परत्र
त्वत्सङ्गमे सुमनसो न रमन्त एव ॥ २८ ॥

સ્તવન - ૨૭ :- મૈં કીનો સાહિબ ! તો શું અળિહડ રંગ;
સોન ન મિટે કબહી કરુણાકર, જ્યું ગંગાધર ગંગ મૈં. ૧
માનવ-હંસ જ્યું પંકજ - મધુકર, વિંધ્યાચલ-માતંગ;
અર્થ-સૂત્ર પટ - તંતુ તણી પરિ, પ્રીતિ અભંગ સુચંગ મૈં. ૨
કુસુમદામ સુરની તુજ પદકજ, સેવા કરતી સંગ;
રત્નરચિત સુર મુકુટ તજીને, એહિ જ અતિશય રંગ મૈં. ૩
નય કહે તિમ મુજ મન તુમ ચરને, લીનો હે એકાંગ;
મોજ મહીરાણ સાહિબનો અવિચલ, નિર્મલધ્યાનતરંગ મૈં. ૪

ભાવાર્થ :-

(૧) અવિહડ = અખંડ સ્થાયી, હે સાહેબ, શું મેં તો કર્યો અખંડ રંગ સોનું ક્યારે નાશ ન પામે હે કરુણાકર, જેમ ગંગાને ધારણ કરનાર ગંગાધર એવા શંકરનો નાશ ન થાય તેમ. અથવા તો જેમ શંકરને કારણે ગંગાનો નાશ ન થાય તેમ.

(૨) જેમ માન સરોવરમાં હંસ, પૂલ પર ભ્રમર, વિધ્યાચલમાં હાથી અથવા માતંગઋષિ. (માતંગ = હાથી), સૂત્રમાં અર્થ, વસ્ત્રમાં તાંતણાઓ એ બધાનો જે રીતે સુયોગ્ય મેળ છે એજ રીતે સુચંગ = નિર્મળ, પવિત્ર અભંગ = અખંડ પ્રીતિ છે.

(૩) કુસુમદામ = પુષ્પમાળા કુસુમ = પુષ્પ, દામ = માળા દેવો જ્યારે આપને નમન કરે છે ત્યારે એમની પુષ્પમાળાઓ રત્નરચિત = રત્નજડિત મુગટને છોડીને આપના ચરણની સેવા દેવોની સંગે કરે છે. એ જ એમને પણ આપનો વિશિષ્ટ રંગ લાગી ગયો છે.

(૪) નયવિમલમુનિ કહે છે કે એમ મારું મન પણ આપના ચરણમાં લીન થઈને એકાગ્ર થાય છે. આપ મહીરાણ સાંહેબના અવિચલ નિર્મળ ધ્યાન તરંગથી મોજ થાય છે, આનંદ થાય છે.

વિવેચન :- ભગવાનની મહત્તા પ્રસ્થાપિત કરીને એમના અખંડ ધ્યાન ધરવાની વાત કહી છે. માનસરોવરમાં હંસ આદિના દૃષ્ટાંત દ્વારા અખંડ પ્રીતિને ઉજાગર કરી છે.

ગાથા - ૨૯

त्वं नाथ ! जन्मजलधेर्विपराङ्मुखोऽपि
यत्तारयस्यसुमतो निज-पृष्ठ-लग्नान् ।
युक्तं हि पार्थिवनिपस्य सतस्तवैव
चित्रं विभो ! यदसि कर्मविपाकशून्यः ॥ २९ ॥

સ્તવન - ૨૮ :- પાસ મોહિ તારી પાસ જિણંદા,
ચઉ ગઈ ગમન નિવારી મોરા સ્વામી રે;
સેવકને દિલમેં ધારી મોરા અંતરયામી રે પાસ. ૧
જે ભવિ વિલગા બાંહિ તુમ્હારે,
ભવજલનિધિ તસ પાર ઊતારે પાસ. ૨
ઘટ પરિ એ તુજ ઘટતું દીસે,
હેજે હિયડલું મુજ અતિહીસે પાસ. 3
અચરિજ કર્મવિપાક ના તારે,
ઘટને પાવનગુણ વિવહારે પાસ. ૪
તું નિસ્સંગ નિરંજન ત્રાતા રે,
નયવિમલ પ્રભુ શિવસુખ દાતા રે પાસ. ૫

ભાવાર્થ :-

(૧) હે પાર્શ્વનાથ જિનેશ્વર ! તારી પાસે મોહિની છે અથવા મને તારી દો હે પાર્શ્વ જિનેશ્વર! હે મારા સ્વામી ચારે ગતિમાં ગમન ચાલુ છે એ દૂરકરો. આ સેવકને હે અંતરયામી ! દિલમાં ધારણ કરો.

(૨) જે ભવિકજન તમારા બાહુએ વળગે છે અર્થાત્ તમારો હાથ પકડે છે તેને ભવસાગર પાર ઉતારો છો.

(3) ઘટ = ઘડાની માફક જો પાણીમાંઘડાને ઊંધો રાખીને એના સહારે તરીએ તો પાર પામી જઈએ એમ તમે પણ ઘટ સમાન જ દેખાવ છો, જે અમને તારો છો એટલે મારા હૈયે ખૂબ જ હર્ષ ઊપજે છે.

(૪) પરંતુ આશ્ચર્ય એ વાતનું છે કે કર્મવિપાક તરવા ન દે પરંતુ ઘડાનો પાવનગુણ વ્યવહારથી તારી દે છે.

(૫) હે પ્રભુ તમે નિસંગ નિરજંન કર્મવિપાકથી રહિત છો શરણરૂપ છો. નયવિમલ કહે છે કે પ્રભુ તમે શિવસુખના દાતા છો.

વિવેચન :- ઘડાના દૃષ્ટાંતથી ભવસાગર તરવા ભગવાન કેવી રીતે સહાયક થાય છે એ બતાવ્યું છે.

ગાથા - ૩૦

विश्वेश्वरोऽपि जन-पालक ! दुर्गतस्त्वं
किं वाऽक्ष-प्रकृतिरप्यलिपिस्त्वमीश ! ।
अज्ञान-क्त्यपि सदैव धथंचिदेव
ज्ञानं त्वयि स्फूरति विश्व-विकाश-हेतुः ॥ ३० ॥

સ્તવન-૨૯ :- પ્રભુ ! તુમ ગુણ કિમ ગમના કીજે,વચન અગોચર ચરિત કહીજે;
તું જગનાથ અનાથ-ગુંસાઈ, નિર્ધન થેં પ્રભુતા કિમ પાઈ પ્રભુ. ૧
યોગી અયોગી ભોગી અભોગી, વિષયરહિત બહુ વીષયી ભોગી;
અક્ષરગતિ ને અલિપિ દીસે, તું અરિઘાતક પણ નહિ રીસે પ્રભુ. ૨
જ્ઞાનવંત અજ્ઞાનને રાખે, હિત મૃદુ કથક યથાસ્થિત દાખે;
તું હી સકલગુરુ ગુરુ નવિ હોઈ, આપ નિરાગી રાગી સહુ કોઈ પ્રભુ. 3
અણભણિયો પણ પંડિત સહુથી, અનલંકારી સુભગ બહુથી;
તું વ્રતધારી નિવૃત્તિ નારી, નિશદિન વિલસે તું અવિકારી પ્રભુ. ૪
ઈણિપરિ તારો મહિમા ઝાઝો, તું હિ જ નિરાશી એ છે આઝો;
નયવિમલપ્રભુ જગદુપકરી, સુરતરુ તુજ પરિ કરૂં ઉવારી પ્રભુ. ૫

ભાવાર્થ :-

(૧) હે પ્રભુ આપના ગુણોની ગણતરી કેવી રીતે કરીએ વચનથી અગોચર (ઈન્દ્રિયો દ્વારા ન જાણી શકાય એવા) ના ચરિત્ર કહીએ. હે ગુંસાઈ - પરમેશ્વર પ્રભુ તમે જગતના નાથ અમે અનાથ નિર્ધન થઈને પ્રભુતા કેમ કરીને પામીએ ?

(૨) આપ યોગી, અયોગી, ભોગી, અભોગી, વિષયરહિત, બહુ વિષય ભોગવનાર, તમે કર્મરૂપ શત્રુને હણનાર છો છતાં પણ દુર્લભ છો. આપ અક્ષરથી યુક્ત હોવા છતાં પણ અલિપિ છો. કર્મલેપથી રહિત છો.

(3) જ્ઞાનવંત છતાં અજ્ઞ છો. અજ્ઞાનવત્ અજ્ઞ પ્રાણીઓના રક્ષક છો. હિત, મુદુ યથાસ્થાને કથન કરો છો. તુ જ સકલગુરુ છતાં ગુરુ નથી તમે વીતરાગી રાગી સહુના તારણહાર છો.

(૪) ભણેલા નથી છતાં સહુથી પંડિત, બધાથી અનલંકારી છો. તમે વ્રતધારી છો. નારીથી નિવૃત્ત થઈ ગયેલા છો. રાત દિવસ તમે આનંદમાં વિલસો છો.

(૫) એ રીતે તમારો મહિમા ઘણો છે. તેમ જ નિરાશી (આશા રહિત છો) એનો ભરોસો વિશ્વાસ છે. (આઝો = ભરોસો વિશ્વાસ) નયવિમલ કહે છે હે પ્રભુ તમે જગતના ઉપકારી છો કલ્પવૃક્ષ તારી માફક હું કરું કર્મનું નિકંદન (ઉવારી = ઉખેડી નાખવું)

વિવેચન :- પ્રભુના ગુણ અનંત છે એની ગણતરી શક્ય જ નથી તેથીજ એમનો મહિમા પણ અપરંપાર છે.

ગાથા - ૩૧ - ૩૨ - ૩૩

प्राग्भार संभृतनभांसि रजांसि रोषा -
दुताथापितानि कमठेन शठेन यानी ।
छायापि तैस्तव न नाथ ! हता हताशो
ग्रस्तस्त्वमीभिरयमेव परं दुरात्मा ।। ३१ ।।

यद् गर्जदूर्जित-घनौघ-मदभ्र-भीमं
भ्रश्यत्तडिन्मुसलमांसल-घोर-धारम् ।
दैत्येन मुक्तमथ दुस्त-खारि दध्रे
तेनैव तस्य जिन ! दुस्तखारिकृत्यम् ॥ ३२ ॥
ध्वस्तोर्ध्वकेश-विकृताकृति-मर्त्य-मुण्ड-
प्रालम्ब-भृद्-भयद-वक्त्रवि-निर्यदग्निः ।
प्रेत-व्रजः प्रतिभवन्तमपीरितो यः
सोऽस्याऽभवत् प्रतिभवं भव-दुःख-हेतुः ॥ ३३ ॥

સ્તવન - ૩૦ :- **જ્યો પાસ જિનરાજદિનરાજ પરિ દીપતો,**
કમઠ રાહુનો માન ગાલ્યો;
રોષથી ઊપડી ભુંઇથી પડપડી,
નહતલિં છાઈઓ રવિતેજાલો **જ્યો. ૧**
તેણિ રજે તાહરી કીર્તિ પણ નવિ હણી,
તેણિરજે દુષ્ટનો જોર ભાગો; (લા)
તેહ હતઆશ ભવપાશમાં બહુ ફરે,
રંક પરિ રડવડે કમઠનાગો **જ્યો. ૨**
ઘોર ઘનજોર ગર્જારવે મુસલપરિ,
પુષ્ટધારા જલધાર કીનો;
વીખર્યો કેશ વીકરાળ ઝાલા મુખે,
મર્ત્યના મુંડ રૂંડમાલ લીનો **જ્યો. ૩**
ઈણિપરે પ્રેતનો પુંજ બહુ પરિકરી,
વિકૃતઆકાર તરવારિધારિ;
તિણિસમે ભક્ત ધરણિંદ પદ્માવતી,
આવિયા દેખી ગયો કમઠ હારી **જ્યો. ૪**
પ્રગટ પરતો પ્રભુ પાસનો મહિયલિં,
દિપતો દાસની આશ પૂરે;
વદતિ નયવિમલ પ્રભુ નામ અભિરામથી,
વિકટ સંકટ તણા ચક્ર ચૂરે **જ્યો. ૫**

ભાવાર્થ :-

(૧) જે પાર્શ્વ જિનરાજ દિનરાજ = સૂર્યની જેમ પ્રકાશતા હતા. તેણે દુષ્ટ રાહુ સમાન કમઠનો માન ગાળ્યો જેથી તે ક્રોધિત થયો જમીન પરથી આકાશને વ્યાપ્ત કરનારી ધૂળ ફેંકી જેથી સૂર્યનો પ્રકાશ ઢંકાઈ જાય (રવિના તેજ પર આકાશમાં ધૂળ છવાઈ જાય એમ.)

(૨) પરંતુ એ ધૂળથી તમારી કીર્તિ જરા પણ હણાઈ નહિ નષ્ટ થઈ નહિ પરંતુ એનાથી એની

જ છબી ખરડાઈ ગઈ એનું જોર ઓછું થઈ ગયું. તેથી તે હતાશ થઈને ભવબંધનમાં બહુ ફરશે. તેથી રંક = દરિદ્રની જેમ નાગો કમઠ રખડી પડ્યો.

(૩) તે કમઠ નામના તાપસે ભગવાનને ઉપસર્ગ આપવા ઘનઘોર ગર્જના કરતાં વાદળાં દ્વારા સાંબેલાધાર વરસાદ વરસાવડાવ્યો. અર્થાત્ મોટી ધારવાળી મહાભંયકર વર્ષા વરસાવી માથા પરના વાળ વિખરાવીને વિકરાળ મુખ બનાવ્યું. મૃત મનુષ્યની ખોપડીઓની માળા ધારણ કરી. (એ પ્રમાણે પૈશાચિકનો રૂપ ધારણ કર્યું)

(૪) એ રીતે પ્રેતનો પુંજ = પિશાચોનો મોટો સમૂહ કર્યો. (તલવારધારી વિકૃત આકાર ધારણ કર્યો) (વિકૃત આકાર કરીને તલવાર ધારણ કરી (પ્રભુને મારવા જાય છે ત્યાં) એ જ સમયે આપના ભક્ત ધરણેન્દ્ર અને પદ્માવતી હાજર થયાં. એમને જોઈને કમઠ હારી ગયો. નાસીપાસ થઈ ગયો. તેથી આપને કોઈ અસર થઈ નહીં.

(૫) પ્રભુ પાર્શ્વનાથનો પ્રભાવ પ્રગટ થયો. તેજથી દીપતો પ્રભાવ દરેકની આશા પૂરી કરે છે. નયવિમલ કહે છે પ્રભુનું નામ આનંદથી (અભિરામ = આનંદ) લે એના વિકટ સંકટોનો ચૂરેચૂરો થઈ જાય છે. અર્થાત્ નાશ પામે છે.

વિવેચન :- આ સ્તવનમાં કલ્યાણમંદિરની ૩૧-૩૨-૩૩ એ ત્રણ ગાથામાં કમઠ દ્વારા જે ઉપસર્ગ આપ્યો તેનું વર્ણન છે તેને જ અહીં ગૂંથી લેવામાં આવ્યું છે. એના ઉપસર્ગ વખતે ધરણેન્દ્ર પદ્માવતીએ હાજર થઈને પ્રભુની રક્ષા કરી એનું વર્ણન છે.

ગાથા - ૩૪

धन्यास्त एव भवनाधिप ! ये त्रि-सन्ध्य-
माराधयन्ति विधिवद् विधुतान्यकृत्याः ।
भक्त्योल्लसत्पुलक-पक्ष्मल-देह-देशाः
पाद-द्वयं तव विभो ! भुवि जन्म-भाजः ॥ ३४ ॥

સ્તવન - ૩૧ :- કરો માઈ જિનવંદન ભવમોચન,
ભક્તિવંત ધન તે નરનારી, જે કરે તુજ પદકજ-મહન કરો. ૧
અનુદિન આરાધે ત્રણ સંધ્યે, વિમલકમલદલલોચન;
તીનભુવનજનપાવન શ્રીજિન, ભગતવચ્છલ અશરનશરન કરો. ૨
વિધિશું ત્રિકરણશુદ્ધિ કરીને, છંડી કારિજ કર્મ ઘન;
બહલ પ્રમોદ મુદિત મન પંકજ, આરાધે ઘન તેહ જન કરો. ૩
અશ્વેસેનકુલકમલ વિકાસન, ભાસન ભાનુ સમાન ગુન,
નયવિમલ પ્રભુ મંગલકાનન, સેચન નીલ વરન તન કરો. ૪

ભાવાર્થ :-

(૧) હે માઈ ! ભવથી મુક્ત થવા માટે જિનવંદન કરો. જે નરનારી ભક્તિવંત છે તેમને ધન્ય છે. જે તમારાં ચરણકમલની પૂજા કરે છે તે મહાન છે.

(૨) જેમનાં લોચન કમળનાં દળ જેવાં નિર્મળ છે, જે ત્રણે લોકને પાવન કરે છે, જે ભક્તજનોને વત્સલ છે, અશરણને શરણભૂત છે એવા શ્રી જિનેશ્વરની દરરોજ ત્રિકાળ સંધ્યાએ આરાધના કરે છે.

(૩) ગાઢા કર્મોને છોડવા માટે વિધિપૂર્વક ત્રણ કરણની શુદ્ધિપૂર્વક અથવા સર્વ કાર્યો છોડીને, ખૂબ જ આનંદથી, કમળની જેમ પ્રફુલ્લિત મનથી આરાધના કરે તેહ જન ધન્ય છે.

(૪) અશ્વસેન (પાર્શ્વનાથના પિતાશ્રી)ના કુળને કમળની જેમ વિકસિત કરનાર, જેમના ગુણ સૂર્યનીજેમ પ્રકાશિત થયાછે (તેના માટે) નયવિમલ કહે છે હે પ્રભુ (આપ) મંગલ કાનન (જેમના) શરીરનો વર્ણ નીલ છે. અર્થાત્ આપ ભવરૂપ વનમાં રહેલા નીલ વર્ણન શરીરથી શોભિત છો.

વિવેચન :- પ્રભુના પૂજનની મહત્તા, પ્રભુના ગુણોનું વર્ણન, પ્રભુના ભક્તજનોનું વર્ણન, પ્રભુના કુળનું વર્ણન, વિવિધ ઉપમાઓ સહિત કરવામાં આવ્યું છે. ત્રિકાળ સંધ્યા એટલે સવાર બપોર અને (સંધ્યા) સાંજ એ ત્રણ સંધ્યા. (સંધ્યા = સંધિકાળ સૂર્યોદય વખતે પ્રભાત વખતે રાત્રિ + દિનની સંધિ, બપોરે દિવસના બે ભાગની સંધિ સાંજે દિન + રાત્રિની)

ગાથા - ૩૫

अस्मिन्नपार-भव-वारि-निधौ मुनीश !
मन्ये न मे श्रवण-गोचरतां गतोऽसि ।
आकर्णिते तु तव गोत्र-पवित्र मन्त्रे
किं वा विपद्विष-धरी सविधं समेति ? ॥ ३५ ॥

સ્વતન - ૩૨ :-

પ્રબલ પુણ્યે પાસ જિનવર, પામિયો દીદાર રે;
માનું અમૃતપૂર્ણ લોચન, શાંતરસ ભૃંગાર રે પ્ર. ૧
આજ પહેલાં ઈણી સંસારે, સુણ્યોમેં નવિ કાને રે;
ભુવનનાયક સુખદાયક, તે લહ્યું અનુમાન રે પ્ર. ૨
જે ભણી ભવદુઃખ દુષ્ટ વિષધર, રહે છે કિમ પાસ રે;
નવિ સુણ્યું તુજ નામ ગારુડ, મંત્ર મહિમા ખાસ રે પ્ર. ૩
સર્વ દુશ્મન દૂરે નાસે, ટલે દોહગ દૂર રે;
નયવિમલ પ્રભુ નામ સમરણ, હોયે સુખ ભરપૂર રે પ્ર. ૪

ભાવાર્થ :-

(૧) હે પાર્શ્વ જિનેશ્વર ! મારા કેટલાય પ્રબળ પુણ્યનો ઉદય થયો હશે ત્યારે આપનાં દર્શન પામ્યો છું. (દીદાર = દર્શન, સાક્ષાત્કર) આપનાં લોચન (આંખ) પૂર્ણરૂપે અમૃતથી ભરેલાં છે. જાણે સુવર્ણપાત્રમાં (ભૃંગારમાં) રહેલ શાંતરસ !

(૨) આજ પહેલા આ સંસારમાં (ભ્રમણ કરતાં કરતાં) આપનું નામ ક્યારેય મારા કાને પડ્યું નથી. આપ ભુવનનાયક, સુખદાયક છો તે અનુમાનથી જાણ્યું.

(૩) જો આપનું નામ સાંભળ્યું હોત અને જાણ્યું હોત કે આપ ગરુડ સમાન છો. આપના મંત્રનો મહિમાછે એ અર્થમાં ગારુડી છો. તો ભવભ્રમણ કરાવનાર દુષ્ટ વિષધર નાગ મારી પાસે પણ આવી શકત નહિ.

(૪) સર્વ દુશ્મન દૂર ભાગી જાય. દુર્ભાગ્ય (દોહગ) દૂર ટળી જાય. નયવિમલમુનિ કહે કે પ્રભુના નામસ્મરણથી સુખ ભરપૂર મળે છે.

વિવેચન :- શાસ્ત્રોમાં દશ બોલની દુર્લભતા બતાવી છે એ રીતે અહીં બહુ પુણ્યનો ઉદય હોય તો જ દુર્લભ એવા પ્રભુદર્શન થાય છે. એની પ્રરૂપણા કરીનેપ્રભુને ગરુડની ઉપમા આપી છે, જેમ ગરુડ સાપનો નાશ કરે છે એમ પ્રભુનામથી ભવરૂપી નાગનો નાશ થાય છે.

ગાથા - ૩૬

जन्मान्तरेऽपि तव पाद-युगं न देव !
मन्ये मया महितमीहित-दान-दक्षम् ।
तेनेह जन्मनि मुनिश ! परामभवानां
जातो निकेतनमहं मथिताशयानाम् ॥ ३६ ॥

સ્તવન - ૩૩ :-

અનીએ પાસ આરાધો, અનીએ પાસ આરાધો;
દુઃખ ચૂરણ મન વંછિત પૂરણ, એહી જ સુરતરુ સાધો અ. ૧
જન્માંતર પણ તુજ પદ પંકજ, પૂજિત નહિય લગાર,
ઈમ જાણું છું નહિતર આપદ, કિમ આવે નિરધાર અ. ૨
ઈહભવિ પરભવિ તો દુઃખ આવે, જો નવિ કીધી સેવા,
પાયો પણ તુમને નવિ ધ્યાયો, દેવ બુદ્ધિ કરી દેવા અ. ૩
વામાનંદન ચંદન શીતલ, નેહ નયણ શું નિરખો,
નય કહે બાંહિ ગ્રહીને કીજે, સેવક આપ સરિખો અ. ૪

ભાવાર્થ :-

(૧) અગ્રેસર એવા પાર્શ્વનાથની આરાધના કરો (૨) જે દુઃખનું ચૂરણ = ચૂરો કરે છે નાશ કરે છે, મનોવાંછા પૂરી કરે છે. મન ઈચ્છિત ફળ આપનાર કલ્પતરુ છે એમની સાધના કરો.

(૨) મેં જન્મજન્માંતરમાં પણ આપના ચરણકમળની જરાપણ પૂજા કરી નથી. એમ માનવા પ્રેરાઉ છું નહિ તો મને ચોક્કસ આપત્તિ સંકટ શા માટે આવે ? અર્થાત્ મને આપદા સંકટ આવ્યા તેથી એમ માનવા ચોક્કસ પ્રેરાઉ છું કે મેં જન્મ જન્માંતરમાં પણ આપનાં ચરણકમળની પૂજા કરી નથી.

(૩) જો આપની સેવાન કરી હોય તો જ આભવ - પરભવમાં દુઃખ આવે. તમને કદાચ પ્રાપ્ત કર્યા હશે પણદેવ બુદ્ધિથી દેવ સમજીને સેવા નહિ કરી હોય.

(૪) વામાદેવીનો શીતલ ચંદન જેવો સ્નેહથી નયનમાં શું જોયા કરું ? નયવિમલ કહે મારું બાવડું ઝાલીને મુજ સેવકને આપ સરિખો કરજો.

વિવેચન :- પહેલી કડીમાં પુનરુક્તિ કરીને પ્રભુના અપરંપાર મહિમાને ઉજાગર કર્યો છે. પ્રભુની પૂજા, આરાધન, ઉપાસના કરીને તો બેડો પાર થઈ જાય.

ગાથા - ૩૭

नूनं नमोहतिमिरावृत-लोचनेन
पूर्वं विभो ! सकृदपि प्रविलोकितोऽसि ।
मर्माविधो विधुरयन्ति हि मामनर्था:
प्रोद्यत्प्रबन्ध-गतय: कथमन्यथैते ? ॥ ३७ ॥

સ્તવન - ૩૪ :-

અરિહંત અબ ઈતની સુનો, એક દાસ તણી અરદાસ હો,
બહોત કાલ ફીરતાંથયો, અબે આયોહું તુમ પાસો હ **અરિ. ૧**
મોહતિમિર જોરે કરી, મતિમૂઢ કદાગ્રહ ધીઠો હો,
એકવાર પણ તાહરૂં દરિસન, જગે નયણે નદીઠો હો **અરિ. ૨**
એહ અનર્થ પરંપરા, કિમ પીડે છે સંસારે હો,
સુકૃત સુકૃત અનુસારિયાં, નવિ મિલે સુખ લગારે હો **અરિ. ૩**
તેહ ભણી એમ જાણું છું, મન શુદ્ધે ન કીધી સેવ હો,
નય કહે હવે નિશ્ચય ધર્યો, ભવ ભવ મુજ તુંહી જ દેવ હો **અરિ. ૪**

ભાવાર્થ :-

(૧) હે અરિહંત પ્રભુ ! હવે મારી આટલી (વાત તો) સાંભળો. એક દાસ તમને અરદાસ (વિનંતિ, પ્રાર્થના) કરે છે. ઘણાં કાળ સુધી ફરતાં ફરતાં હવે હું તમારી પાસે આવ્યો છું.

(૨) મોહરૂપી અંધકારનું જોર એટલું હતું જેને કારણે મારી મતિ મરી ગઈ હું નિર્લજ્જ (ધીઠો) કદાગ્રહી થઈ ગયો. જેથી એકવાર પણ તારું દર્શન જગતમાં નયનોથી નથી કર્યું.

(૩) એ અનર્થ પરંપરા સંસારમાં કેવી રીતે પડે છે. સારાં કર્મો (૨) અનુસારિયાં (પાછળ મૂકી દીધાં) તો પછી સુખ લગાર પણ ન મળે.

(૪) તેનાથી એમ જાણું છું કે શુદ્ધ મનથી સેવા કરી નથી. નયવિમલ કહે છે કે હવે નિશ્ચય ધારણ કરું છું કે ભવોભવ તમે જ મારા દેવ હો.

વિવેચન :- અનંતા ભવભ્રમણ શા માટે થયા એ રહસ્ય અહીંયાં ખુલ્લું કર્યું છે. મોહ અંધકારના જોરને કારણે સત્ય જાણી શકાતું નથી, તેથી ભવભ્રમણ થાય છે. પરંતુ પ્રભુનો પરિચય થાય તો ભવ પરંપરા મટી જાય છે.

ગાથા - ૩૮

आकर्णितोऽपि महितोऽपि नीरिक्षतोऽपि
नूनं न चेतसिमया विधृतोऽसि भक्त्या ।
जातोऽस्मि तेन जनबान्धव ! दु:खपात्रं
यस्मात् क्रिया: प्रतिफलन्ति न भावशून्या: ॥ ३८ ॥

સ્તવન - ૩૫ :-

પ્રભુ સાહિબ કિમ પાઈએ હો, અહો મેરે પ્યારે
તન મન વચ કરી શુદ્ધ, જો સાહિબ ચિત્ત લાઈએ હો પ્રભુ. ૧
સુણિયો નામ તુમારો શ્રવણે, નયણે નીરખ્યું અંગ;
પૂજ્યું વિવિધ પ્રકારે તુમચું, બિંબ અનોપમ ચંગ પ્રભુ. ૨
બાહ્ય વિનયસવિ બહુ પરિ કીધો, પણ સીધો નવિ કામ;
ભક્તિ થકી ચિત્તમાં નવિ ધાર્યો, તાર્યો નહીં આતમરામ પ્રભુ. ૩
ભવશૂન્ય કિરિયા સવિ ન ફળે, જ્યું ગગને ચિત્રામ,
તપ જપ સંયમ કષ્ટ વિતથ સવિ, હોયે જવ નિજ મન વામ પ્રભુ. ૪
દેવ બુદ્ધિ કરી તું જબ ધ્યાયો, તવ સીઝે સવિ કામ,
નયવિમલ કહે દુ:ખ દૂર પ્રમાસે, સમરે ભાવે તુજ નામ પ્રભુ. ૫

ભાવાર્થ :-

(૧) અહો મારા પ્યારાઓ, પ્રભુ સાહેબને કેમ પ્રાપ્ત કરીએ ? મન, વચન, કાયા શુદ્ધ કરીને ચિત્તમાં લઈએ તો સાહેબને પામીએ.

(૨) શ્રવણથી તમારું નામ સાંભળ્યું હતું. આંખોથી આપના અંગને નિરખ્યું. તમારી અનુપમ પ્રતિમાનું વિવિધ પ્રકારે સારી રીતે પૂજન કર્યું.

(૩) બાહ્ય વિનય બધા પ્રકારે બહુ રીતે કર્યો પણ સીધું કામ ન કર્યું. ભક્તિપૂર્વક ચિત્તમાં ધારણ ન કર્યો. એટલે આતમરામ પણ તર્યો નહિ.

(૪) ભાવરહિત બધી ક્રિયાઓ નિષ્ફળ છે. જેમ આકાશમાં કરેલું ચિતરામણ જ્યારે આપણું મન જ ઉલટું (વામ) - ઊંધુ હોય ત્યારે તપ, જપ, સંયમ, કષ્ટ બધું વિતથ = ફોગટ - વ્યર્થ છે.

(૫) જ્યારે તમને દેવ બુદ્ધિએ કરીને ધ્યાઈએ ત્યારે જ બધાં કામ સફળ થઈ શકે. નયવિમલ કહે જે તમારું નામ ભાવથી લેશે એના દુ:ખ દૂર થશે.

વિવેચન :- ભક્તિભાવથી પ્રભુને ભજવા જોઈએ તો જ આપણી સકળ ક્રિયાઓ, તપ, જપ, સફળ થાય.

ગાથા - ૩૯

त्वं नाथ ! दु:खिजन-वत्सल ! हे शरण्य !
कारुण्य-पुण्य-वसते ! वशिनां वरेण्य !
भक्त्वा नते मयि महेश ! दयां विधाय
दु:खाङ्कुरोद् दलन-तत्परतां विधेहि ।। ३९ ।।

સ્તવન - ૩૯ :- નાથ નિરંજન જગદાધાર, તું દુઃખિત જન કરુણાગાર;
સાહિબ સેવીએ, હાં રે મેરે આતમ શ્રી જિન સેવીએ સા. ૧
દયા કરો પ્રભુ દેવ દયાલ, ભવ ભવનાં છેદો દુઃખ જાલ સા. ૨
જગદીસર તુંહિ મુનિનાથ, સાચા સાજન શિવ પુર સાથ સા. ૩
હું તો પ્રણમું તોરા પાય, ટાલો કઠિન મુજ કર્મ કષાય સા. ૪
જ્ઞાનવિમલ પ્રભુ તારણહાર, અવર ન કો ઈણી સંસાર સા. ૫

ભાવાર્થ :-
(૧) હે નાથ નિરંજન તમે જગતના આધાર છો. દુઃખતજનના કરુણાસાગર છો. સાહેબની સેવા = પૂજા કરીએ, હાં મારા આતમ શ્રી જિનની પૂજા કરીએ.
(૨) હે દયાળુ પ્રભુ દયા કરીને ભવોભવની દુઃખની જાળને છેદી નાખો.
(૩) હે જગદીશ્વર તમે જ મુનિનાથ છો સાચા સજ્જન શિવપુરના સાથી છો.
(૪) હે પ્રભુ હું તો તમારા પગે પડું છું મારાં કઠણ કર્મ, કષાય દૂર કરો.
(૫) જ્ઞાનવિમલ પ્રભુ તમે તારણહાર છો બીજું કોઈ એવું આ સંસારમાં નથી.
વિવેચન :- પ્રભુ નિરંજન, દયાળુ, કરુણાસાગર, જગદીશ્વર, મુનિનાથ છે. માટે તારણહાર બનીને સંસારના દુઃખોથી મુક્ત કરે છે.

ગાથા - ૪૦

नि: संख्य-सार-शरणं शरणं शरण्य-
मासाद्य सादितरिपु-प्रथितावदातम् ।
त्वत्पाद-पङ्कजमपि प्रणिधान-बन्ध्यो
वध्योऽस्मि चेद् भुवन-पावन ! हा हतोऽस्मि ।। ४० ।।

સ્તવન - ૩૭ :- સલૂણો સાહિબ બિનું કૈસે ભવ પારા,
ચાહું રે હું તમચી દીદારા-સુણો લોકા સ. ૧
મંદિરગિરિથી અધિક હે સારા,
તંહી જ અંતર વૈરી નિવારા સ. ૨

તુમ પદ લહી જો ભાવે ન નમીયો,
તો જન્મ હમારો ઈમ આલે ગમિયો સ. 3
ભુવન પાવન અબ ખેદ-નિવારા,
જ્ઞાનવિમલ પ્રભુ પ્રાન આધાર સ. ૪

ભાવાર્થ :-

(૧) સલૂણે = મનોહર કાંતિવાન સાહેબ ! આપના વગર ભવપાર કેવી રીતે થવાય ? આપના દર્શન ઈચ્છું છું. સાંભળો સર્વ લોકો.

(૨) મંદરગિરિ = મેરુપર્વતથી અદિક સારા છો. તમે જ અંતરના વેરી શત્રુઓનો નાશ કરી શકશો.

(3) તમને પ્રાપ્ત કરીને જો ભાવપૂર્વક નમન ન કરું તો આ અમારો જન્મ એમને એમ એળે = ફોગટ ગયો.

(૪) હે ભુવનપાવન ! હવે અમારો ખેદ દૂર કરો જ્ઞાનવિમલમુનિ કહે છે કે જ્ઞાનવિમલ પ્રભુ તમે અએમારા પ્રાણના આધાર છો.

વિવેચન :- ભવપાર કરવાનો તલસાટ વ્યક્ત થયો છે. ભાવપૂર્વક વંદન કરીને જન્મ સફળ કરવા માટેનો પ્રયત્ન છે.

ગાથા - ૪૧

देवेन्द्र-वन्द्य ! विदिताखिल-वस्तु-सार ।
संसार-तारक ! विभो ! भुवनाधिनाथ ! ।
त्रायस्वदेव ! करुणा-ह्रद ! मां पुनीहि
सीदन्तमद्य भयद-व्यसमाम्बु-राशेः ॥ ४१ ॥

સ્તવન - ૩૮ :-

નર ભવનું ફુલ એહી જાણો, શ્રી જિન સેવા કીજે રે,
નામ સુણીને મન કજ વિકસે, જિમ ઘનસું ઘર ભીંજે રે નર. ૧
તુંહિ સુરાસુર-નરવર-વંદિત, વિદિત-સકલજન-ભાવ રે;
તું ભવ તારક વિભુ કરુણાદ્રહ, ભવ જલ તરવા નાવ રે નર. ૨
રાખો મુજને ભવ-વનદવથી, અપરાધી પણ તુમચો રે;
સેવક સીદાતો દેખીને, સુપ્રસન્ન મન કરો તુમચો રે નર. 3
તુંહિ જમાતા તુંહિ જ તાર્તા, તાતા સયણ તું મોરે રે;
નયવિમલ કહે તું મુજ સાહિબ, ભવ ભવ દાસ હું તોરો રે નર. ૪

ભાવાર્થ :-

(૧) શ્રી જિનની સેવા કરીએ એજ મનુષ્ય ભવનું શ્રેષ્ઠ ફળ જાણો. નામ સાંભળીને હઠીલું.
(કજ) મન વિકસેરે જેમ ઘનસું = વરસાદથી ઘર ભીંજાય એમ.

(૨) હે પ્રભુ ! તમે જ સુર-અસુર = દેવ-દાનવ, નરેન્દ્ર વડે વંદિત છો સકળ જન પણ ભાવપૂર્વક વંદન કરે છે. હે વિભુ તમે ભવ તારક, કરુણાદ્રહ અને ભવસાગર તરવા નાવ સમાન છો.

(૩) હું તમારો અપરાધી છું પણ આપ મુજ પર ભાવ રાખીને ભવવનના દાવાનળથી બચાવજો. સેવકને પીડાતો દેખીને સુપ્રસન્ન કરવાનું તમારું મન કરો. અર્થાત્ મને પ્રસન્ન કરો.

(૪) હે પ્રભુ ! તમે જ મારા માતા છો તમે જ મારા પિતા છો તમેજ મારા શરણદાતા છો તમે જ મારા સયણ છો. (સયણ = સૈન્ય અર્થાત્ રક્ષક) નયવિમલ કહે તું મુજ સાહિબ એટલે તમે જ મારા સાહેબ = માલિક છો અને હું તમારો ભવોભવ માટે દાસ છું.

વિવેચન :- દેવેન્દ્ર નરેન્દ્ર દ્વારા પૂજિત પ્રભુ ભવજળ તરવા નાવ છે. તથા છેલ્લી ગાથામાં त्वमेव माता, पिता च त्वमेव આ ભાવ વ્યક્ત થાય છે.

ગાથા - ૪૨

यद्यस्ति नाथ ! भवद्ङ्घ्रिसरोरुहाणां
भक्तें फलं किमपि सन्ततिसञ्चिताया: ।
तन्मे त्वदेक-शरणस्य शरण्य: ! भूया:
स्वामी त्वमेव भुवनेऽत्रभवान्तरेऽपि ॥ ४२ ॥

સ્તવન - ૩૯ :- જે ફલ હે તુમ ભક્તિ કિઈરી, જો ફલહે....

ત્રિભુવન નાયક ચરણકમલકી,
સેવ કરતી ધરી ભાવ હિઇં રી જો. ૧
તો તુજ ચરણ શરણ સેવકને,
ભવ ભવ તુમ પદ વાસ દિઇં રી;
ધન ધન તે ભવિજન નિજ શ્રવણે,
તુમ ગુન અમૃત પાન પીઇં રી જો. ૨
બહુ ભવ સંતતિ સંતત સંચિત,
હજી લગેસુકૃત સુકૃત; ફલ લહે રી;
આ કલિમાં સુર તરુ પરિ સાહિબ,
દરિસનથેં સવિ અશુભ જહે રી જો. ૩
આભવ પરભવ વળીય ભવોભવ,
આણ તુમ્હારી સીસ વહે રી;
નયવિમલ પ્રભુ ગુણની ગણના,
એક જીહ હરી કેમ કહે રી જો. ૪

ભાવાર્થ :-

(૧) તમારી ભક્તિ કરવાથી જે ફળ મળે છે. ત્રિભુવન નાયકના ચરણકમલની સેવા કરવાનો ભાવ હૃદયમાં ધારણ કરવાનો છે. તો જ શ્રેષ્ઠ ફળ મળે.

(૨) આ સેવક તમારા ચરણને શરણે આવે છે માટે ભવોભવ તમે એને આશરો આપજો જે ભવિક જનો નિજ શ્રવણે કરીને આપના ગુણના અમૃતનું પાન પીએ છે તેમને ધન્ય છે, ધન્ય છે.

(૩) ઘણાં ભવથી પરંપરાગત સતત એકત્ર થયેલા સુકૃત છે. તેનું હજી સુધી સુકૃત ફળ મળી રહ્યું છે. આ કાળમાં પ્રભુ પાર્શ્વનાથ કલ્પવૃક્ષ સમાન છો આપના દર્શનથી સર્વ અશુભ જતું રહે છે.

(૪) આ ભવ પરભવ વળી ભવોભવ આપનો આદેશ મસ્તકે ચડાવીએ રે નયવિમલ કહે છે કે પ્રભુના ગુણની ગણતરી એક જ જીભથી કેમ કરીને કરી શકાય ?

વિવેચન :- ભક્તિનો મહિમા ગાયો છે. પ્રભુ કલ્પવૃક્ષ સમાન છે માટે ઈચ્છિત ફળ મળે છે.

ગાથા - ૪૩

इत्थं समाहितधियो विधिवज्जिनेन्द्र !
सान्द्रोल्लसत्पुलक-कञ्चुकिताङ्ग-भागाः ।
त्वद्-बिम्ब-निर्मल-मुखाम्बूज-बद्ध-लक्ष्यया
ये संस्तवं तवि विभो ! रचयन्ति भव्यां ।। ४३ ।।

સ્તવન - ૪૦ :-

મેરે દિસમેં સાહિબ તુમ વસે, મૈં ઓર ન ધારૂં આણ રે;
જ્ઞાની તું હી જ જાની લે મેરે, તુંહી જ જીવિત પ્રાણ રે મેરે. ૧
ઈણિ જગે જે ભાવિ જીવડા, સમભાવે વિધિના જાણ રે;
હર્ષે હર્ષિત દેહડી, જિમ પંકજ નિરખી ભાણ રે મેરે. ૨
અનિમિષ નયણે નિરખતાં, તુમ વદન કમલ ગુણખાણી રે;
અહનિશિ વિધિ વંદન કરે, જે જોડી કોમલ પાણિ રે મેરે. ૩
જિનવર સુખકર જંતુના, તુંભાવ મનોગત પ્રાણી રે;
નયવિમલ ધન જીહડી, જે પ્રભુ ગુણ વદે વખાણી રે મરે. ૪

ભાવાર્થ :-

(૧) હે સાહેબ તમે મારા દિલમાં એવા વસી ગયા છો કે હું બીજા કોઈની આજ્ઞા ધારણ નહિ કરું તમે તો જ્ઞાની છો તો તમે જ આ વાત જાણી લો તમે જ મારા જીવનના પ્રાણ છો.

(૨) આ જગમાં જે ભવિ જીવો છે સમભાવે વિધિના જાણકાર છે. એમના શરીરમાં હર્ષ ઊભરાય છે. જેમ સૂરજને જોઈને કમળ ખીલે તેમ.

(૩) અપલક નજરથી આપને નીરખીએ તો તમારું મુખ કમળ જાણે ગુણની ખાણ હોય એવું લાગે છે. રાતદિવસ વિધિપૂર્વક બે હાથ કોમળતાથી જોડી વંદન કરીએ.

(૪) આપ દરેક પ્રાણી માટે સુખકારક છો. હે જિનેશ્વર તું મનવાળાં પ્રાણીઓને ગમે છે. નયવિમલ મુનિ કહે છે કે ધન્ય છે. આ જીભડી જે પ્રભુના ગુણ વખાણીને કહે છે.
વિવેચન :- પ્રભુ પ્રત્યેનો સમર્પણ ભાવ વ્યક્ત થયો છે. એટલે જ બીજા કોઈની આજ્ઞા ધારણ નહિ કરવાની વાત કહે છે એમના દર્શનથી રોમાંચ થાય છે.

ગાથા - ૪૪

जन-नयन-कुमुद-चन्द्र !
प्र-भास्वराः स्वर्ग-सम्पदो भुक्त्वा ।
ते विगलित-मल-निचया
अचिरान्मोक्षं प्रपद्यन्ते ॥ ४४ ॥

સ્વતન-૪૧ :- અમર નર પૂજહી, સુરાસુર પૂજહી, પુરિસાદાણી દેવ
આનંદ પુલકિત દેહ, દુરિત રજ પૂજે હેં અ. ૧
પૂરણચંદ અધિક વિશદાંબુજ - સરસ વદન કે તેજ હી;
ભવિક લોક કેનયન ચકોરે, નિરખી નિરખી બહુ રીજ હી અ. ૨
નિલકમલ તનિ ફણિ મણિ મંડિત, માનું ઘનાઘન વીજ હી;
નયવિમલ પ્રભુ ધ્યાન અહોનિશ, રંગાણી તનું મીંજ હી અ. 3

ભાવાર્થ :-
(૧) હે પુરુષોમાં શ્રેષ્ઠ દેવ, દેવેન્દ્ર, નર, દેવ-દાનવ આપને પૂજે છે. આનંદથી પુલકિત રોમાંચિત થયેલા શરીર વડે પૂજે છે. દૂરિત રજ પણ પૂજે છે.
(૨) જેમ પૂર્ણ ચંદ્રમાં શ્વેતકમળને અધિક વિકસાવે છે એ રીતે મુખનું તેજ સરસ લાગે છે જે ભાવિકજન ચકોર નયનોથી નીરખી નીરખીને ખૂબ જ રીઝે છે આનંદ પામે છે.
(3) મહાદેવનાં પાંચ બાણમાંથી એક બાણ નીલકમલ છે એના પર મણિવાળો નાગ ફેણ ચડાવી તે વીંટળાયો હોય તો જાણે ઘનઘોર વાદળાં વીજળીના ચમકારા કરી વરસતા હોય એવા લાગે છે. નયવિમલ કહે એવા પ્રભુના દિનરાત ધ્યાન ધરવા શરીરનાં હાડે હાડ રંગાઈ ગયાં છે.
વિવેચન :- અંતિમ ગાથા છે માટે અહીં પૂર્ણાહૂતિ કરતાં પ્રભુના મહિમાનું આલેખન ઉપમા સહિત કર્યું છે.

સ્તવન - ૪૨ :- મેરો પ્રભુ પ્યારો પાસ જિણંદ, સાહિબ પાસ જિણંદ;
ભવિજન નયન-કુમુદવન-ભાસન, નિર્મલ શારદ ચંદ મેરો. ૧
જે નરસુખ સુરસુખ પામીને, તેજ પ્રતાપ દિણંદ;
અનુક્રમે અચિર કાલ માંહિ શિવસુખ, પામે પરમાનંદ મેરો. ૨
અવગત કલિમલ દુરિતતિમિર સવિ, સુંદરતા માકંદ,
જગિ જસવાદ વધે ચિહું દિશિમાં, જિમ ઘનસાર અમંદ મેરો. 3

કમઠદલન પ્રભુ નીલવરન તનુ, લંછન જાસ ફણીંદ;
ઉભય પાસ સેવિત કૃતવંછિત પદ્માવતી ધરણિંદ મેરો. ૪
મુકુટ સમફન હરન તિમિર રજ, વરણિત વામાનંદ;
જ્ઞાન વિમલ પ્રભુ આશાપુરન, અનુપમ સુરતરુ કંદ મેરો. ૫

ભાવાર્થ :-

(૧) મારો પ્રભુ પ્યારો પાર્શ્વ જિનેશ્વર છે સાહેબ પાર્શ્વ જિનેશ્વર છે. ભવિક જનનાં નેત્રરૂપી કમળને વિકસિત કરનાર નિર્મળ શરદચંદ્ર.

(૨) દિણંદ = સૂર્યનો તેજ પ્રતાપની જેમ નરને સુરને સુખ પમાડે છે. અનુક્રમે થોડા સમયમાં જ શિવસુખ અને પરમાનંદ આપે છે.

(૩) દુષ્ટ કલિયુગ, કલંકિત અંધારું બધા કેરી (માકંદ)ની સુંદરતા પાસે અવગત - અવદશા પામ્યા. જેમ ઘનસાર = ચંદનની સુગંધ ચારે દિશામાં ઝડપથી (અમંદ) પ્રસરે છે એમ જગતમાં પ્રભુનો જશ ચારે દિશામાં ફેલાઈ જાય છે.

(૪) કમઠના ઉપસર્ગનો નાશ કરનાર, નીલવર્ણ શરીરવાળા જેમનું લાંછન ફણીધર છે તેમની બંને બાજુ ભગવાનને સેવનાર એમનું હિત ઈચ્છનાર ધરેણેન્દ અને પદ્માવતી છે.

(૫) મુગટની જગ્યાએ સાતફેણવાળા નાગ છે, અંધકારરૂપી રજને હરનાર વામાના નંદન = વામા રાણીના સુપુત્ર છે.

જ્ઞાનવિમલ આચાર્ય કહે છે હે પ્રભુ આપ આશા પૂરી કરનાર અનુપમ કલ્પવૃક્ષના કંદ છો.

વિવેચન :- આમ આ અંતિમ ગાથામાં પ્રભુની પ્રતિમાનું વર્ણન છે. એમના લાંછન, કમઠ, પદ્માવતી ધરણેન્દ્ર નું વર્ણન છે.

स्तवनम्

ઈમરાગ કુસુમ માલા કરી, મેંપૂજા વિરચી સુહું કરી;
હિતકરી દીઓ પદવી આપની હવે એ ૧
ધન્ય તે નર જે ચિત્ત ધરે, વળી રાગ સહિત કંઠે કરે;
નિસ્તરે તે ભવસાયર દુઃખ સવે એ ૨
પ્રભુ ગુણ હૃદયમાં ધારીએ, ધન ધન તે નર નારીએ;
અવધારીએ વિનતડી એ દાસની એ ૩
બોધિબીજ મોહિ આપીએ, કુમતિ કાદગ્રહ કાપીએ;
થાપીએ સુમતિ સુબોધ સુવાસનાએ ૪
જે રાગી હોય જિનતણો, તે એ રાગમાલા ભણો;
અતિ ઘણો લોભ હોય ભવિ જીવને એ ૫
તાલભંગ જે ઈહાં હોવે, સુકવિ સુધારી તે લેવે;
નવિ દેવે દૂષણ જિન ગુણ વર્ણતાએ ૬

ભાવાર્થ :-

(૧) એમ રાગરૂપી ફૂલોની માળા કરીને મેં સુખકારી પૂજાની રચના કરી, હિતકારી આપની પદવી દીઓ હવે.

(૨) ધન્ય છે એ નર જે મન લગાવીને રાગ સહિત કંઠસ્થ કરશે એ ભવસાગરના સર્વ દુઃખથી દૂર થઈ મોક્ષ (નિસ્તર)ને પ્રાપ્ત કરશે.

(૩) પ્રભુના ગુણ હૃદયમાં ધારણ કરે ધન્ય ધન્ય એ નરનારીઓને વિનંતી આ દાસની ધ્યાનમાં લેજો.

(૪) મને સમ્યક્ત્વનું બોધિબીજ આપો કુમતિ અને કદાગ્રહ દૂર થાઓ અને સુમતિ, સુબોધ, સુવાસનાની સ્થાપના કરીએ.

(૫) જેને જિનેશ્વરનો રાગ હોય તો આ રાગમાલા અવશ્ય ભણશે. ભવ્ય જીવને અતિ ઘણો લોભ હોય. આ ભણવાનો.

(૬) અહીંયા જો તાલભંગ થાય તો સારો કવિ હોય તો સુધારી લે જે એમના ગુણ વર્ણવતા વર્ણવતા એમાં દૂષણ ન આપે.

ઉપસંહાર સ્તવનમ્

વિસ્તરિયા ગુણ ત્રિભુવને પાસ જિણંદના રે,
જિનજી છે પરમ દયાળ વિસ્તરિયા.
નિસ્તરિયા જે તુમચી ભક્તિ વાસિયા રે,
તરિયા તે ભવ સિંધુ વિસ્તરિયા.
છેતરિયા જે કુગુરુ કુધર્મ કુવાસને રે,
નહિ તસ ત્રાણ ન બંધુ વિસ્તરિયા. ૧
કાતરિયા પરિ ફરતા ખેત્ર વિણાસતા રે,
જે તુજ ગુણ ન ભણંત વિસ્તરિયા.
પાતરિયા તે માનવભવ પામી કરી રે,
તુજ સેવા ન કરંત વિસ્તરિયા. ૨
ઠીકરીયા જે પ્રભુ ભક્તિથી વેગળા રે,
કાકરિયા તસ કર્મ વિસ્તરિયા.
તીતરિયા પરિ તપજપ કરતા આકરા રે,
ન લહે ધર્મનો મર્મ વિસ્તરિયા. 3
ઠાકરિયા તે ત્રિભુવન કેરા જાણીએ રે,
સાકરિયા તસ વયણ વિસ્તરિયા.
બાગરિયા પરિ દુશ્મન તેણે જીતિયા રે,
જે નિરખ્યા તે નયણ વિસ્તરિયા. ૪

ભવ જલ દરિયા સહેજે તરિયા તે જના રે,
જે જિન નામ થુણંત વિસ્તરિયા.
જ્ઞાનવિમલ કહે એ શુભ કિરિયા યોગથી રે,
પરિયા પુણ્ય લહંત વિસ્તરિયા. ૫

ભાવાર્થ :-

(૧) પાર્શ્વ જિનેશ્વરના ગુણ ત્રણે ભુવનમાં વિસ્તાર પામ્યા. જિનજી પરમ દયાળુ છે. ભવસિંધ તરવા માટે જે તમારી ભક્તિમાં વાસ કરેશે તે મોક્ષને પ્રાપ્ત કરે છે. જે કુગુરુ, કુધર્મ, કુવાસમાં છેરાઈ જાય છે તેમ શરણું ન લેવું જોઈએ.

(૨) કાતરિયા (એક પ્રકારના કીડો)ની જેમ ફરતાં ખેતરનો નાશ કરે છે તે તમારા ગુણ ગાતા નથી.

પાતરિયા તે માનવભવ પામીને તમારી પૂજા કરતા નથી.

(૩) ઠીકરિયા જે પ્રભુ ભક્તિથી દૂર છે તેમના કર્મ કાકરિયા છે. તીતરિયાની માફક જે આકરા તપજપ કરે પણ ધર્મનો મર્મ ન પામે.

(૪) ઠાકરિયા (રાજમાન રાજેશ્વરી) તેમને ત્રણે લોકના જાણીએ એમના વચન સાકર જેવા છે.

બાગરિયાની જેમ તેમણે દુશ્મન જીત્યા જે નિરખ્યા તે નયનથી.

(૫) ભવજળ દરિયા સહેજે તરીયા તે લોકો જેમણે જિન નામની સ્તુતિ કરી.

જ્ઞાનવિમલ કહે એ શુભ ક્રિયા કરવાથી પરિયા (સંતિતિ - વંશ જો) પણ પુણ્યને પ્રાપ્ત કરે છે.

ઢાળ - ધન્યાશ્રી

એહ કલ્યાણ મંદિર તણા, ગીત રચ્યાં સુખકારી રે;
મંગલમાળા તસ ઘરે, જેહ ભણે નરનારી રે ૧
પાસ જિનેસર નામથી, દુરિત ઉપદ્રવ નારે રે;
સુમતિ સુયોગ સુસંપદા, સમક્તિ આતમ વાસે રે ૨
તપગચ્છ અંબર રવિ સમો, શ્રી વિજયપ્રભ ગચ્છધોરી રે;
વિનયવિમલ કવિ દિન મણિ, જગે જસ કીરતિ ગોરી રે ૩
ધીરવિમલ કવિ તેહનો, નયવિમલ તસ શીશ રે,
ઘરે ઘરે મંગલ થઈ યા, શ્રીજ્ઞાનવિમલસૂરિશ રે ૪

ભાવાર્થ :-

(૧) એ કલ્યાણમંદિર તણાં ગીત સુખ માટે રચ્યાં છે જે સુખકારી છે. જે નરનારી આ ગીત ગાશે તે મંગળમાળા ધારણ કરશે.

(૨) પાર્શ્વ જિનેશ્વરના નામથી મુશ્કેલ (દુરિત) ઉપદ્રવ નષ્ટ થાય છે. સુમતિ, સુયોગ, સુસંપદા સમકિત આત્મામાં વસે છે.

(૩) તપગચ્છના આકાશમાં શ્રી વિજયપ્રભ ગચ્છાધિપતિ સૂર્ય સમાન છે. વિનયવિમલ કવિ દિનમણિ (સૂરજ, ભાસ્કર) જેવા છે જેમની કીર્તિ જગતમાં ગૌરવભરી છે.

(૪) તેમના શિષ્ય કવિ ધીરવિમલ તેમના શિષ્ય નયવિમલ ઘરે ઘરે મંગલકારી થયા. આચાર્ય બન્યા શ્રીજ્ઞાનવિમલસૂરિ જેમણે આ સ્તવનોની રચના કરી છે.

આ પ્રકારમાં પૂ. આચાર્યશ્રી જ્ઞાનવિમલસૂરિ મહારાજે કલ્યાણમંદિર સ્તોત્રના મૂળભાવોને સરળતાથી સમજી શકાય તે માટે પોતાની પ્રકાંડ પ્રજ્ઞાશક્તિનો પરિચય કરાવતી પદ્યરચના કરેલ છે. કલ્યાણમંદિર સ્તોત્રના શ્લોકભાવોને સાચવી રાખી સર્જકે બીજી ભાષામાં તે જ બાબતને રજૂ કરવાનો પ્રશસ્ત પ્રયાસ કર્યો છે. અનુવાદ એક મોટી કળા છે. એક સર્જકની સદીઓ બાદ બીજા સર્જક જ્યારે તે ભાવોને અલગ ભાષામાં શબ્દોની ગોઠવણી કરી રચના કરે છે ત્યારે તેમનો તે પ્રયાસ માત્ર સર્જન સુધી સીમિત ન રહેતા ભાષાંતર સમયે ઘણી મોટી જવાબદારી પર કાર્ય કરવાનું બની રહે છે.

મૂળભાવોની નજીકના સમશ્લોક કે અનુવાદ કાર્ય જોતાં અહીં શ્રી ઝવેરચંદ મેઘાણીએ કરેલા ભાવાનુવાદનું પણ સ્મરણ થાય છે. આચાર્યશ્રી કલ્યાણમંદિર સ્તોત્રના ગહન આધ્યાત્મિક રહસ્યોને ક્યાંક ૩ - ૪ - ૫ કડીમાં સમાવીને સ્તવનોમાં મૂકવાનો પ્રયત્ન કરતા જણાય છે. મૂળ ૪૪ ગાથાના આધારે કવિએ પણ ૪૪ સ્તવનો જ રહ્યાં છે. પરંતુ એક ગાથાનું એક સ્તવન તેવો કોઈ નિયમ નથી. ગાથા ૧ અને ૨ નું સંયુક્ત એક જ સ્તવન છે તો, તેવી જ રીતે ગાથા ૩૦, ૩૧ ને ૩૨ નું પણ સંયુક્તપણે એક જ સ્તવન રચાયેલ છે. તો, ૪૪ મી ગાથાના બે સ્તવનો પણ જોવા મળે છે. તો, છેલ્લે ઉપસંહારરૂપે રચેલા સ્તવનમાં પણ કડીઓની શરૂઆતમાં જ વિસ્તરિયા, નિસ્તરિયા, છેતરિયા, કાતરિયા જેવા પ્રાસમય શબ્દોથી ભાવોની અભિવ્યક્તિ આચાર્યશ્રીની તીવ્ર બુદ્ધિમત્તાને પંડિતાઈનો પરિચય કરાવે છે.

કલ્યાણમંદિર સ્તોત્રનો ભાવાનુવાદ કરવામાં આચાર્યશ્રી સફળ રહ્યા છે. આ પ્રકરણના ભાવાર્થ - વિવેચનાર્થમાં સહકાર આપનાર શ્રી પ્રજ્ઞાબેન તથા શ્રી પાર્વતીબેન ખીરાણીનો પણ હૃદયપૂર્વક આભાર માનું છું.

પ્રકરણ - ૫ : કલ્યાણમંદિર સ્તોત્ર આધારિત અન્ય સાહિત્ય...

શ્રી 'કલ્યાણમંદિર સ્તોત્ર' નિગ્રંથમુનિઓ, કવિઓ, ભક્તો અને સમાલોચક ટીકાકારોને સમાનરૂપે વહાલું અને ભિન્ન ભિન્ન રીતે પ્રસિદ્ધિને પ્રાપ્ત થયેલું છે. અધ્યાત્મભાવોથી યુક્ત, અલંકારાદિ કાવ્યશાસ્ત્રથી સભર આ સ્તોત્ર શ્વેતામ્બર અને દિગમ્બર બંને પરંપરામાં આદર અને સન્માન પામેલું છે. 'કલ્યાણમંદિર સ્તોત્ર'ના ભક્તગણોને તેનો અર્થવિબોધ કરાવવા માટે શ્વેતામ્બર સંપ્રદાય અને દિગમ્બર સંપ્રદાયના વિદ્વાન નિગ્રંથમુનિઓ, કવિવરોએ તેના પર બાલાવબોધ, વૃત્તિરૂપ ટીકાઓ, વિવેચનો, સ્તવનો આદિ રચનાઓ તથા શ્લોકના ભાવમાં સમાયેલ ગુપ્ત મંત્ર-યંત્રાદિ સાહિત્ય શોધ કરતાં પ્રાપ્ત થાય છે. પ્રકરણ - ૪ માં અભ્યાસ કર્યો તે પ્રમાણે પૂ. જ્ઞાનવિમલસૂરિ જેવા આચાર્યદિવોએ આ સ્તોત્રના શ્લોકો જેવાં સ્તવનો, પદો અને પાદપૂર્તિરૂપ સ્તોત્રો પણ રચ્યાં છે. આ પ્રકરણમાં અભ્યાસ કરીશું તે પ્રમાણે ઘણા વિદ્વાનોએ તેના પર વિવેચનો - પાદપૂર્તિઓ - મંત્રસાધના માટે સાહિત્યની રચનાઓ કરેલી છે.

શ્રી સિધ્ધસેન દિવાકરકૃત મહાપ્રભાવક 'કલ્યાણમંદિર સ્તોત્ર'ને લગતું સાહિત્ય તો પ્રમાણમાં મળી આવે છે. પરંતુ 'ભક્તામર સ્તોત્ર'ને લગતું સાહિત્ય જેટલા પ્રમાણમાં મળે છે તેટલા પ્રમાણમાં 'કલ્યાણમંદિર સ્તોત્ર' આધારિત સાહિત્ય પ્રકાશન થયેલ નથી. છતાં, પ્રકાશિત થયેલ સાહિત્ય મુખ્યત્વે ત્રણ પ્રકારમાં મળે છે :

(૧) વૃત્તિરૂપ - વિવેચનરૂપ સાહિત્ય.
(૨) પાદપૂર્તિરૂપ સાહિત્ય
(૩) મંત્રાદિ સાહિત્ય....

(૧) <u>વૃત્તિરૂપ - વિવેચનરૂપ સાહિત્ય :-</u>

અનેક વિદ્વાનો, સંતો - સતીજીઓ અને અભ્યાસુ પંડિતોએ આ સ્તોત્ર પર વિવેચનકાર્ય કરેલ છે. તેમાં વિવેચનકર્તાના વિવેચનમાં શું વિશેષતાઓ અને ખામીઓ છે તેની ચર્ચા કરવામાં આવી છે. આ સ્તોત્ર પર કરાયેલ વિવેચનની ખામી - ખૂબી ચર્ચતા પૂર્વે તેનો સામાન્ય પરિચય પણ કરીશું :-

(અ) પુસ્તકનું નામ :- શ્રી સિધ્ધસેન દિવાકરસૂરિ રચિત - કલ્યાણમંદિર સ્તોત્ર
વિવેચક - ડૉ. સરયૂબેન મહેતા

જૈન સાહિત્ય જગતમાં ડૉ. સરયૂબેન મહેતાનું નામ વિશેષ પ્રતિભા ધરાવનાર છે. પોતાના જ્ઞાનાભ્યાસ દ્વારા સાહિત્ય સેવા કરી વિરલ વ્યક્તિત્વ ઉભું કરનાર ડૉ. સરયૂબેન પોતાના જીવનને વિશેષ અભ્યાસમય બનાવ્યું છે. ગૃહસ્થજીવનની જવાબદારીઓ અદા કરતાં-કરતાં ડૉ. સરયૂબેન મહેતાએ શ્રીમદ્ રાજચંદ્ર પર ડૉ. રમણભાઈ શાહના માર્ગદર્શન હેઠળ

શોધ-નિબંધ તૈયાર કરેલ છે. 'અપૂર્વ આરાધન', 'ભક્તામર સ્તોત્ર' વિવેચન જેવા અનેક અભ્યાસગ્રંથો ખેડાણ કરી તેઓએ પ્રકાશિત કરેલા છે. ડૉ. સરયૂબેન મહેતાના વિવેચનના એક-એક શબ્દમાં તેઓનું ગહન ચિંતન, આધ્યાત્મિક અનુભવ અને ધ્યાનસાધનાની ઉર્ધ્વતાનો અનુભવ થાય છે.

વિવેચનના શબ્દોમાં પ્રભુના સ્તુતિવર્ણન ઉપરાંત સાધકના આધ્યાત્મિક જીવનમાં માર્ગદર્શન અર્થ પણ દર્શાવે છે. ભાષાનું માધુર્ય, તેની રમણીયતા અને એ બધાની સાથોસાથ વિવેચકે સાધકની નમ્રતા તથા દર્શનનું ઊંડાણ તેમજ ભૌતિક અને આધ્યાત્મિક જીવનનું માર્ગદર્શન પ્રાપ્ત થાય એવી વિવેચના કરી છે.

કલ્યાણમંદિર સ્તોત્રની રચના શ્રી સિધ્ધસેન દિવાકરે ૨૩મા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુને સંબોધીને કરી છે. આ રચના વાંચીએ છીએ ત્યારે અનુભવ થાય છે કે કોઈ ભક્ત પરમાત્માની સામે પોતાના હૃદયના ભાવો ખૂબ ઉલ્લાસપૂર્વક - તન્મયતાપૂર્વક રજૂ કરી રહ્યા છે. આ સ્તોત્રના વિષયોને વહેંચીએ તો, પ્રારંભમાં (૧) મંગલાચરણ (૨) રચનાનો હેતુ (૩) રચના કરવામાં પોતાનો અનુભવાતી અલ્પતા (૪) અલ્પતા હોવા છતાં પ્રભુગુણોની વિપુલતાને લીધે રચના કરવાનો અદમ્ય ઉલ્લાસ (૫) પ્રભુભક્તિનું માહાત્મય (૬) પ્રભુના પ્રાતિહાર્યો અને અતિશયોનું વર્ણન (૭) પૂર્વ દર્શન પ્રાપ્ત ન થયા તેનો પશ્ચાતાપ (૮) દર્શન પ્રાપ્ત થયા પછી પણ ભાવપૂર્વક ભક્તિ ન કર્યાનો પશ્ચાતાપ (૯) પ્રભુનું ગ્રહણ કરેલું શરણ (૧૦) આ શરણ પુનઃ ન છૂટે તેવી ભાવભરી વિનંતી અને અંતમાં (૧૧) આ શરણ ગ્રહણ કરનારનો ભવભ્રમણ અંત થાય અને સ્વર્ગની પ્રાપ્તિ તથા મોક્ષસુખની પ્રાતિરૂપ ફલશ્રુતિ. એમ, આ સ્તોત્ર કુલ ૧૧ વિભાગોમાં વહેંચાયેલું છે તેમ, અભ્યાસ કરતાં જણાય છે.

શ્રી સિધ્ધસેન દિવાકરસૂરિ રચિત "કલ્યાણ સ્તોત્ર" પણ શ્રી માનતુંગાચાર્ય રચિત "ભક્તામર સ્તોત્ર"ની જેમ ખૂબજ પ્રભાવશાળી છે. એથી જ ડૉ. સરયૂબેન વારંવાર 'ભક્તામર' અને 'કલ્યાણમંદિર'ની તુલના કરે છે. પ્રભુની ઓળખ અને પ્રભુના ગુણોનો પરિચય પામેલો જીવ જ્યારે પ્રભુના ગુણો સંભારવા બેસે છે ત્યારે તેમને પોતાની મર્યાદાનું ભાન થાય છે. પોતે મોહને તોડ્યો તેથી ભક્ત પ્રભુના કેટલાક ગુણો પોતામાં પ્રગટેલા અનુભવી શકે છે અને તે પરથી પ્રભુના અનંત ગુણોની ઝાંખી તેને થાય છે. કલ્યાણમંદિર સ્તોત્રના પ્રત્યેક શ્લોકનો, તેના પ્રત્યેક પદનો ડૉ. સરયૂબેન મહેતાએ અહીં રોચક આસ્વાદ કરાવ્યો છે. આસ્વાદ કરવો અને આસ્વાદ કરાવવો એ બંને બાબતો માટે વિશેષ યોગ્યતા અનિવાર્ય છે. ડૉ. સરયૂબેન મહેતા એ યોગ્યતા ધરાવતા સર્જક, વિવેચક, ભાવક છે.

માણસ હંમેશાં વિપરીત સંજોગોથી બચવાના ઉપાય શોધતો રહે છે. એની ઈચ્છા છે કે, સંજોગો તેને હેરાન ન કરે. આપણી દુનિયામાં અનેક અવરોધો, વિઘ્નો, અપાયો અને સમસ્યાઓ છે. સમસ્યાઓનો પ્રતિકાર કરવા માટે મનોબળની જરૂર છે.

શૂન્ય મનોબળયુક્ત વ્યક્તિ સંજોગોનો પ્રતિકાર કરી શકતો નથી. મહાન વ્યક્તિ એ છે કે જે સંજોગો સામે ઝઝુમે છે અને સામનો કરે છે. એ મનોબળ દ્વારા એવા સંજોગોમાંથી પાર ઊતરી જાય છે, સંકટની વૈતરણીને તરી જાય છે, એની સામે પાર જઈને તે ઉલ્લાસ, શાંતિ અને સુખનો શ્વાસ લે છે. સંકટની વૈતરણીને તરવા માટે એક નાવ જોઈએ, કોઈક આધાર જોઈએ, જેના દ્વારા સામે પાર જઈ શકાય. આચાર્યોએ આધાર માટે પરમકૃપાળુ પરમાત્માને આલંબન તરીકે સ્વીકાર્યા છે. તેઓ પોતાના પરમ આલંબન પરમાત્મા સાથે હૃદયનો સંવાદ કરવા માટે સ્તોત્રની રચના કરે છે.

આ સ્તોત્રની રચના વિશેષ સંજોગોમાં થઈ છે તેના સંદર્ભમાં ઘણી બધી કથાઓ પ્રચલિત છે, જ્યાં શક્તિશાળી સ્તોત્ર હોય છે ત્યાં એની સાથે ચમત્કારની અનેક ઘટનાઓ જોડાઈ જાય છે. ડૉ. સરયૂબેન મહેતાએ આ સ્તોત્ર પર સારું એવું વિવેચન કરી પોતાની પ્રજ્ઞાની ઓળખ આપી છે.

અમુક - અમુક શ્લોકમાં વિવેચન કરતાં તેઓએ શ્લોકના ભાવો સિધ્ધસેન દિવાકરજીના જીવનપ્રસંગો સાથે વર્ણવ્યા છે. તે સમયે સંઘ બહાર મુકાયેલા આચાર્યશ્રીએ જે તે શ્લોકને શા માટે રચ્યો હશે, તેની સુંદર કલ્પના ભેળવવાથી ડૉ. સરયૂબેનનું વિવેચન વિશેષ રસપ્રદ બને છે.

બધાજ શ્લોકોને અભ્યાસ કર્યા બાદ શ્લોકના ભાવોને સંલગ્ન ડૉ. સરયૂબેન કેવા કેવા ભાવો દર્શાવતા વિવેચનાર્થ કર્યું છે તે જોઈએ :

પ્રથમ શ્લોકમાં પ્રભુજીવન નિર્દોષ કેવી રીતે ? તેની વાત સમજાવતાં કહે છે, પૃથ્વીકાયાદિ એકેન્દ્રિયની હિંસા પણ પ્રભુ થકી થતી નથી, તેમના જીવ પણ તેમના થકી દુભાતા નથી... અને તે રીતે પ્રભુના ચરણ અત્યંત નિર્દોષ છે... આ વાતને વિસ્તારપૂર્વક આલેખન કરી પ્રભુની નિર્દોષતા - પવિત્રતાને અભયદાતા તરીકે સત્ય પુરવાર કરે છે... વળી, પ્રથમ શ્લોકમાં પ્રભુને "ઉદારમ્" કહી સંબોધ્યા છે. પ્રભુ તો સમ્યક્ત્વ પ્રદાન કરવા પણ ઉદાર જ છે છતાં આપણે કેમ પામી શકતા નથી ? તો, તેના પ્રત્યુત્તરમાં કહે છે કે, નિજછંદે ચાલવાથી જ જીવન મોક્ષરૂપી કિનારે પહોંચી શકતો નથી.

બીજા શ્લોકમાં દેવોના ગુરુ બૃહસ્પતિ પણ પ્રભુ ગુણગાન કરવા સમર્થ નથી તો, દેવોની શક્તિ કેવી છે ? તે બાબત વિસ્તૃતપણે દર્શાવી પ્રભુના પાંચ કલ્યાણકની વાતની પણ ચર્ચા કરેલી છે. ત્રીજા શ્લોકમાં પ્રભુ અનંત તેજના ધારક હોવા છતાં ઘુવડને સૂર્યદર્શન શક્ય નથી તેમ આપણા સ્વચ્છંદને કારણે પ્રભુતેજનાં દર્શન થઈ શકતા નથી. પરંતુ આત્માનો સ્વચ્છંદ છૂટી જાય તો કર્મ નિર્બળ બને છે. સ્વચ્છંદ છૂટે તો જીવમાં આજ્ઞાપાલનનો ભાવ આવે છે ને આજ્ઞાપાલનને લીધે મન અહીં-તહીં ભટકતું અટકે છે. જેનાથી સ્વાભાવિક રીતે કર્મગ્રહણની પ્રક્રિયા મંદ થઈ જાય છે. ચોથા શ્લોકમાં પ્રલયકાળ સમયે કેવી દશા હોય છે, તેનું વર્ણન કર્યા બાદ વિવેચનકર્તા આચાર્યશ્રીના જીવનકાળને સરખાવતાં કહે છે કે, બાર વર્ષ

સંઘની બહાર રહી પરધર્મી સાથે વસવાની શિક્ષા, અનેક ઉપસર્ગો અને અંતરાયો તે કર્મનો ઉલ્કાપાત જ આચાર્ય માટે ગણી શકાય. શ્લોકના ભાવોને એક શબ્દની આચાર્યશ્રીના જીવનઘટના સાથે પણ સરખાવે છે. પાંચમાં શ્લોકમાં આચાર્યશ્રી પ્રભુને સાગર સાથે સરખાવે છે. ત્યારે વિવેચક તો અનેક અપેક્ષાએ પ્રભુ સાગર જેવા કેવી રીતે તેની વિશદ્ ચર્ચા કરે છે. સાગર જેમ બધું પોતાનામાં સમાવે છે તેમ સંતો પણ તેવા જ છે તે માટે કોઈ વિદ્વાનની વાત રજુ કરતાં કહ્યું છેઃ-

"હૈયે વડવાનલ જલે, તોય સાગર ગાય,
હસી જાણે જગઝેર પી, સંત તે કહેવાય."

સાથેસાથ સાગરની વિશાળતા છે તેમ પ્રભુના અનંત જ્ઞાન, અનંત ચારિત્ર અને અનંત વીર્યાદિ ગુણોના સાધક છે તેમ દર્શાવ્યું છે. છઠ્ઠા શ્લોકમાં સ્તુતિ માટે આચાર્યશ્રી પોતાની અસમર્થતા વ્યક્ત કરે છે તેના વિવેચન સંદર્ભમાં લેખિકા સંસ્કૃત સુભાષિત રજૂ કરે છે.

अनारम्भो हि कार्याणां प्रथमम् बुध्धि लक्षणम् ।
आरब्धस्यान गमनम् द्वितीयम् बुध्धि लक्षणम् ।।

અર્થાત્ કાર્યનો આરંભ જ ન કરવો એ બુદ્ધિનું પહેલું લક્ષણ છે અને આરંભેલું કાર્ય પૂર્ણ કરવું એ બુદ્ધિનું બીજું લક્ષણ છે. આચાર્યશ્રીએ પ્રથમ લક્ષ્ય તો રાખ્યું નથી પરંતુ બીજું લક્ષ્ય રાખવા તત્પર બન્યા જણાય છે. આવા, સુભાષિતો દ્વારા વિવેચક પોતાના વિવેચનને રસસભર બનાવે છે. સાતમાં શ્લોકમાં પ્રભુના નામસ્મરણનો અનુપમ મહિમા છે. શ્લોકના વિવેચનમાં નિગોદથી શરૂ કરી શૈલીશી અવસ્થા પર્યંત શાતાનું કારણ એક સત્પુરુષ જ છે એવો જ્ઞાનીઓનો અભિપ્રાય રજુ કરી ચારેગતિના જીવોની દશા અને અનુભવવેદન રજૂ કર્યા બાદ આ શ્લોકને વિવેચનકર્તા સુંદર રીતે ભક્તામરના નવમા શ્લોક સાથે સરખાવ્યો છે.

આઠમા શ્લોકના વિવેચનમાં પ્રભુમહિમા અનુભવવા માટે મુખ્ય બે ગુણોની જરૂરિયાત જણાવી છે (૧) સંજ્ઞી પંચેન્દ્રિયપણું અને (૨) પ્રભુ આજ્ઞાએ ચાલવાની વૃત્તિ. જીવ જ્યારે આ બંને યોગ્યતા પોતાનામાં લાવે છે ત્યારે જ પ્રભુ પોતાનું કાર્ય કરે છે તે વાત વિસ્તારપૂર્વક વર્ણવ્યા બાદ નવમાં શ્લોકમાં मनुजाः શબ્દનું વિવેચન કરતાં મનુષ્યભવની દુર્લભતા તથા પ્રભુશાસનની તારકતાની વાતો દર્શાવી છે. દશમાં શ્લોકમાં સંસારસમુદ્રને તારવાને માટે ફરી ફરી સ્વચ્છંદ છોડવાની વાત કરે છે. અગિયાર શ્લોકના વિવેચનમાં આચાર્યશ્રીએ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની વાત શા માટે કરી હશે ? તેના વિચારમાં કલ્પનારૂપે વિવેચનકર્તા ફરી તેઓના જીવન તરફ દ્રષ્ટિ કરતાં કહે છે - આચાર્યશ્રીએ જૈન સંઘની બહાર કરી બાર વર્ષ પસાર કરવાના હતા. તે સમયે અન્યધર્મી જીવોના પરિચયમાં તેમને રહેવું પડતું હતું અને તે સંજોગોની છાયા આપણને આ કડીમાં જોવા મળે છે. ત્રિગુણાત્મક દેવોની વાત જૈન ધર્મની

નહિ પણ વેદાંતની છે. વળી આ સ્તોત્રની રચના શિવમંદિરમાં અને શૈવધર્મી રાજાની હાજરીમાં થઈ હતી. તેથી તેઓને પ્રભુનું ચડિયાતાપણું બતાવવાનો ઉદ્દેશ પણ આચાર્યજીનો હોય એમ લેખિકાને લાગે છે.

વળી, આ શ્લોકને વિવેચનકર્તા શ્રી ભક્તામર સ્તોત્રના ૧૫માં શ્લોક સાથે સરખાવે છે. જંજીરબધ્ધ શ્રી માનતુંગાચાર્યજી આ કડીમાં પ્રભુનું સામર્થ્ય ગાઈ, પોતે નિષ્કંપ અને અડોલ રહેવાનું બળ મેળવે છે. ત્યારે શ્રી સિધ્ધસેન દિવાકરજી શિવમંદિરમાં રહી, રાજાને પૂજનીય શિવલિંગ કરતાં પ્રભુની મહત્તા કઈ રીતે ચડિયાતી છે તે યોગ્ય ઉદાહરણ દ્વારા પ્રગટ કરે છે. બારમાં શ્લોકમાં મોક્ષમાર્ગની સમજ આપતું અને શ્રી સર્વજ્ઞ પ્રભુ પ્રતિ આપણી ભાવના કેવી હોવી જોઈએ તે વિસ્તારની વિવેચન કર્યા બાદ તેરમા શ્લોકમાં કર્મરૂપી ચોરની વાતમાં જીવને સંસાર ભ્રમણમાં રાખનાર મુખ્યકર્મ મોહનીય છે તેના ચાર પ્રકાર - ચાર કષાય વાત કરતાં અનંતાનુબંધી - અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજવલન કષાયની વાત સમજણપૂર્વક દર્શાવેલી છે. ચૌદમાં શ્લોકમાં हृदयांबुज તો હૃદયનું જ સૌથી વધુ મહત્વ શા માટે ? તે બાબત વર્ણવી છે. પંદરમાં શ્લોકમાં દેહની અને આત્માની ભિન્નતાનો અનુભવ થયા બાદ તથા અંતવૃત્તિ સ્પર્શ કોને કહેવાય ? આદિ બાબત સુંદર રીતે વિવેચન કરી વર્ણવેલ છે. સોળમાં શ્લોકમાં ધ્યાનની કેવી તાકાત છે તે તથા સત્તરમાં શ્લોકમાં "ભાવના તેવી સિધ્ધિ" નો સિધ્ધાંત સમજાવી અઢારમાં શ્લોકમાં ફરીથી દિવાકરજીના જીવન સાથે તુલના કરતા કહે છે કે - અન્યધર્મીઓ વચ્ચેના વસવાટના પરિપાક અને અનુભવના નિચોડરૂપે આ કડીની રચના થઈ હોય એમ જણાય છે. એક જૈન તરીકેના પ્રભુ પ્રતિના ભાવો, દૃષ્ટિ વગેરે આપણને અન્ય કડીઓમાં જોવા મળે છે, તો દૃષ્ટિએ અન્યધર્મીની પ્રભુ પ્રતિની ભાવના કયા પ્રકારની છે તે પણ જાણવા મળે છે. ૧૯ થી ૨૭મી કડી સુધીમાં ભગવાનને પ્રગટ થતાં જુદા-જુદા અતિશયોના વિશિષ્ટ અર્થો સમજાવી વિવચનકર્તા તેના પર અદ્‌ભુત વિવેચનકાર્ય કરેલ છે.

જેવી રીતે શ્રી ભક્તામર સ્તોત્રમાં અતિશય દ્વારા પ્રભુસ્તુતિ કરેલ છે તેવી રીતે કરેલ આ સ્તોત્રના ભાવોને - શ્લોકોને શ્રી સરયૂબેન મહેતા તુલનાત્મક રીતે પણ વિવેચન કરતાં જણાય છે. અઠાવીશમાં શ્લોકમાં સુમનસ્ શબ્દાર્થ કરતાં કહે છે કે આત્મમાર્ગમાં ચાલવા ઈચ્છતા ભવ્ય જીવો કે જેમનું માનસ સરવું થયું છે. આત્મમાર્ગમાં ચાલવા ઈચ્છતો સુમનસ ગમે તે ગતિમાં હોય, આત્માનું સુખ છોડવા ઈચ્છતો નથી. પરંતુ સુમનસ આત્મા કઈ-કઈ ગતિમાં હોય ને માનસ્ કઈ ઈન્દ્રિયવાળાને હોય ? તે વાતનું વર્ણન કર્યું છે. ઓગણીસમાં શ્લોકમાં કર્મવિપાકની સમજણ આપતાં કહે છે કે, કર્મવિપાક એટલે આત્માના પ્રદેશો પર લાગેલા કર્મના પુદ્‌ગલ પરમાણુઓ જ્યાં સુધી ઘાતી કર્મોરૂપી પુદ્‌ગલ પરમાણુઓ આત્માના પ્રદેશો પર લાગેલાં હતાં... ત્યાં સુધી પ્રભુ તારવાનું કામ કરી શકતા નહોતા પણ તેઓ જેવા કર્મથી મુક્ત થયા તેમની શક્તિ અનેકગણી વધી ગઈ આ વાતને વિસ્તૃતપણે સમજાવે છે. ત્રીસમાં શ્લોકમાં શ્લેષ અલંકાર દ્વારા આચાર્યશ્રી અનેક ઉપમાઓથી પ્રભુને નવાજે છે. તેના વિવેચનમાં ડૉ. સરયૂબેન મહેતા પ્રભુની અપાયેલી ઉપમાઓને દ્વિઅર્થી રીતે અર્થ-ભાવાર્થ કરી સમજાવે છે. શ્લોક નં. ૩૧, ૩૨, ૩૩ માં પાર્શ્વનાથ ભગવાનના ને કમઠાસુરના પ્રસંગોને આચાર્યશ્રીએ

વર્ણવ્યા છે. પ્રથમની ત્રીસ કડીઓમાં જેઓ શુભભાવ કરે છે, પ્રભુના આશ્રયે તથા પ્રભુની આજ્ઞામાં રહે છે, પ્રભુ જે માર્ગે ચાલ્યા તે માર્ગે ચાલે છે. તેના પરિણામરૂપે કેવા-કેવા શુભ સંજોગોની પ્રાપ્તિ થાય છે છે, કેવી કેવી શાતાનો ભોગવટો કરવાનો આવે છે, તથા તે કેવી રીતે મુક્તિને પામે છે તેનો વિવેચનાર્થ કર્યા બાદ એકત્રીસથી તેત્રીસ સુધીની ત્રણ કડીઓમાં તેનાથી વિરૂદ્ધ પણ તીવ્ર પરિણામે વર્તનારની કેવી બૂરીદશા થાય છે ? તે સ્પષ્ટપણે સમજાય છે. વળી, શિવમાર્ગી રાજા તથા લોકો શ્રી સિધ્ધસેન દિવાકર સમક્ષ તેમના વચનની સાબિતી માગતા ઊભા હતા. અને સૂરિ જો પરચો પૂરો ન પાડે તો ભયંકર ઉપસર્ગ આવી પડે તેવા સંજોગો હતા. તેવા સમયે અશુભ પ્રવૃત્તિથી પ્રવર્તતા જીવોના હાલ કેવા થાય છે તેનો ખ્યાલ અપાયો હોય, તેવો ગર્ભિત ઉદ્દેશ પણ આ કડીઓમાં પ્રગટ થતો સમજી શકાય છે. જેના પરિણામે રાજા તથા પ્રજા અને અશુભ પ્રવૃત્તિ અને અશુભ ભાવો ત્યાગી શુભ પ્રતિ વળે. તેમ વિવેચનકર્તાની કલ્પના કહે છે.

ચોત્રીસમાં શ્લોકમાં "ભવ્યજનો" "भुवि" શબ્દના વિવેચનમાં ભવ્ય કોને કહેવાય ને અભવ્ય કોને કહેવાય તે સમજાવી અભવીજીવનાં લક્ષણોને ગતિવિધિ શું હોય છે તેની સમજણ આપી છે.

પાંત્રીસમાં શ્લોકમાં વિવેચનમાં સાતમા શ્લોકની તુલના કરતાં કહે છે કે સાતમા શ્લોકમાં પ્રભુસ્તુતિ સાથે માત્ર નામસ્મરણનો પણ અદ્‌ભુત મહિમા દર્શાવેલ પણ પાંત્રીસમાં શ્લોકમાં વિવેચક કહી રહ્યાં છે કે - આચાર્યશ્રીનો મત છે કે પૂર્વના ભવોમાં પ્રભુ સ્મરણ તો શું પરંતુ પ્રભુ નામ પણ નહીં લીધું હોય. આ સાથે જીવન-સંયોગોને વર્ણવતાં કહે છે કે આવા શિક્ષાકાળ કે વિપત્તિકાળ આવતા જ નથી. છતાં તુરંત સમાધાન કેળવતાં છત્રીસમાં શ્લોકમાં કહે છે કે પ્રભુનું સ્મરણ કરનાર અવશ્ય વિપત્તિ અને આપત્તિથી મુક્ત થાય જ છે. આ પાંત્રીસ, છત્રીસ આદિ શ્લોકોમાં આચાર્યશ્રી પોતાના દુષ્કર્મની ગર્હા ને નિંદા કરતાં હવે શીઘ્ર બંધનોથી મુક્તિ ઝંખે છે.

ડૉ. સરયૂબેન મહેતાના વિવેચનમાં એક આગવી ખાસિયત જાણે તે દેખાય છે કે તેઓ આ જ સ્તોત્રના બે શ્લોકની પરસ્પર તુલના કરતાં જણાય છે. આગળના શ્લોકના ભાવમાં ત્યારબાદ શ્લોકની સરખામણી અલગ રીતે જ કરે છે. નવમાં શ્લોકમાં દર્શનની અનન્ય તાકાત દર્શાવે છે તો, સાડત્રીસમા શ્લોકમાં પ્રભુદર્શન કેમ નથી થતાં ? તેના કારણરૂપ મોહદશાને જવાબદાર ગણાવે છે. આ શ્લોકના વિવેચનમાં બંને શ્લોકની સરખામણી કરી જે વિવેચન કર્યું છે તે અદ્‌ભુત જણાય છે. સાડત્રીસમાં શ્લોકનાં વિવેચનમાં શુભકર્મને અશુભકર્મની વાત સમજાવતાં વિવેચક કહે છે, એક વ્યક્તિ ભોગ ભોગવે છે છતાં નવીનકર્મ બાંધતો નથી અને બીજો ભોગ ભોગવતો નથી છતાં કર્મની વણઝાર ઊભી કરે છે. આ વાત એમ દર્શાવે છે કે બાહ્ય ક્રિયા કરતાં આભ્યંતરભાવને આધારે જ જીવને કર્મબંધ થતો હોય છે. ઓગણચાલીસમાં શ્લોકમાં શરણું કોનું સ્વીકારવા લાયક છે તેના વિવેચનમાં પ્રભુજીના ઉત્કૃષ્ટ કરુણાભાવને તેમજ પ્રકૃષ્ટ પુણ્યસત્તાની વાત સવિસ્તારથી સમજાવી છે.

ચાલીસમાં શ્લોકમાં પ્રભુનું અસંખ્ય બળ કઈ રીતે ? તેના વિવેચનમાં આત્માસામર્થ્ય, દેહસામર્થ્ય અને ભાવસામર્થ્યનો વિસ્તાર કર્યો છે. વળી, આ શ્લોકમાં અગિયારમા ગુણસ્થાનકવર્તી આત્માની ગતિ-પ્રગતિની પણ વાત રજૂ કરી છે. એકતાલીસમા શ્લોકમાં "देवेन्द्रवंद्य" શબ્દનો વિવેચનાર્થ કરતાં દેવોના ઈન્દ્ર કોને વંદન કરે તે વાત દર્શાવી કહે છે, જો ઈન્દ્રને પણ આત્મશાંતિ જોઈતી હોય તો તેના ભોક્તા પ્રભુ પાસે આવવું જ પડે છે તેથી પ્રભુ દેવેન્દ્રવંદ્ય છે. વળી, પ્રભુની સત્તા ત્રણે ભુવનમાં ચાલે છે, તેથી કોઈપણ ગતિ કે કોઈપણ ક્ષેત્રમાં રહેલો સંજ્ઞી પંચેન્દ્રિય જીવ પ્રભુનું શરણું સ્વીકારી, પોતાના આત્માની પવિત્રતા પ્રગટાવવાનો પુરુષાર્થ જગાડી શકે છે.

બેતાલીસમા શ્લોકમાં વારંવાર - ભવોભવ પ્રભુશરણ જ મળજો તેવા ભાવને ઘટાવવા વિવેચનકર્તા ભક્તકવિ નરસિંહની ઉક્તિ દર્શાવતાં કહે છે કે "હરિના જન મુક્તિ ન માગે, માગે જનમોજનમ અવતાર રે".

તેતાલીસ ને ચુમાલીસમા શ્લોકનો સંયુક્ત ભાવાર્થ ને વિવેચનાર્થ કરતાં તેંતાલીસમી કડીમાં આચાર્યજી ભક્તનાં લક્ષણ બતાવે છે. ભક્તનાં ત્રણ લક્ષણ બતાવતાં કહે છે; મતિ પ્રભુમાં કેન્દ્રિત હોય, કાયા પ્રભુદર્શન કરતાં રોમાંચિત થાય ને દૃષ્ટિ પ્રભુમુખ પર સ્થિર થયેલી હોય. આ ત્રણ લક્ષણોનું વિસ્તૃતપણે વિવેચન કર્યા બાદ અંતિમ શ્લોકમાં આચાર્યશ્રીના ભાવોનું પ્રતિબિંબ રજૂ કરતાં વિવેચનકર્તા "જન-નયન-કુમુદચંદ્ર-સ્વામી" શબ્દોનો સુંદર ભાવાર્થ કરી અંતમાં સહુ જીવોના કલ્યાણની કામના સાથે ડૉ. સરયૂબેન મહેતા પોતાના વિવેચનને પૂર્ણ કરે છે.

ડૉ. સરયૂબેન મહેતાનું આ સ્તોત્ર પરનું વિવેચન બધા જ વિવેચકોના વિવેચન કરતાં સૌથી વધુ વીતરાગતાના ભાવોને સ્પષ્ટ કરનારું છે. દરેક શ્લોકોનો વિવેચનાર્થ વાંચતા ખ્યાલ આવે છે કે આચાર્યશ્રી સિદ્ધસેન દિવાકરજીના ભાવો તો વીતરાગતાની સમીપ લઈ જાય તેવા આધ્યાત્મિક છેજ પરંતુ વિવેચનકાર્યમાં ડૉ. સરયૂબેન આ ભાવોને ખૂબ સુંદરરીતે ખીલવ્યા છે, એ આ વિવેચનની વિશેષતા છે.

ખૂબજ વિસ્તારપૂર્વકના વિવેચનમાં અધ્યાત્મભાવો સભર શબ્દો તથા વિષયવસ્તુની સંલગ્નતા સાથે કરાયેલા વિવેચનકાર્ય ખરેખર પ્રશંસનીય અનુમોદનીય છે.

(બ) શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર
વિવેચક - સાધ્વીશ્રી વનિતાબાઈ મહાસતીજી

જૈનધર્મ સર્વોત્તમ ગણાતો માર્ગ એટલે ચારિત્રમાર્ગ. તેવા, ચારિત્રધર્મની - સંયમધર્મની ઉત્તમ ઉપાસના કરનાર સાધ્વીરત્ના પૂ. વનિતાબાઈ મહાસતીજીએ ઈ.સ. ૧૯૫૯ સં. ૨૦૧૫ - મહા સુદ અગિયારસના દિવસે કાલાવાડ મુકામે સંયમજીવન અંગીકાર કરેલ. બચપણથી જ

તેઓના ધર્મપ્રેમી માતુશ્રી નર્મદાબેને પોતાની પુત્રી વનિતામાં ધર્મના દૃઢ સંસ્કારના બીજ અંકુરિત કરેલ. માત્ર તેટલું જ નહિ, સ્વયં પણ સંયમ સ્વીકારવાની દૃઢ તમન્ના ધરાવતાં પોતાની નાનકડી પુત્રીને મૂકીને શ્રી નર્મદાબેન ઈ.સ. ૧૯૫૨ સં. ૨૦૦૮-માગસર સુદ પાંચમના પૂ. રંભાબાઈ મહાસતીજી પાસે દીક્ષિત બન્યાં. તેઓમાંથી પણ પ્રેરણા લઈ શ્રી વનિતાબેને સંયમ સ્વીકારી અધ્યાત્મયોગિની પૂ. રંભાબાઈ મહાસતીજીનું શિષ્યત્વ અંગીકાર કર્યું... સંયમ સ્વીકાર્યા બાદ તપ-જપને જ્ઞાન આરાધનાની અપ્રમત બની સાધના શરૂ કરી. પોતાની કુશાગ્ર બુદ્ધિથી આગમસૂત્રોનો અભ્યાસ કર્યા બાદ સમાજોપયોગી પુસ્તકો પ્રકાશિત કરવાનું કામ પૂ. શ્રી ધીરજમુનિજી મ.સા.ના માર્ગદર્શન હેઠળ તેઓ કરી રહ્યાં છે. વળી, સરળ તથા સચોટ પ્રવચનશૈલી ધરાવનાર પૂ. વનિતાબાઈ મહાસતીજીનાં પ્રવચન પુસ્તકો પણ પ્રકાશિત થયેલાં છે.

"ઝીલે વચન, ખૂલે નયન", "સમ્યક્ સોપાન, બનાવે ભગવાન", "કંકણનો બોધ, આત્માની શોધ", "કેશી-ગૌતમ બોધ-પ્રબોધ", "જૈન તત્વ સ્વરૂપ, ભાવની ભીનાશે", "કરે કર્મ વિનાશ", આદિ પુસ્તકોમાં તેઓના ગાઢને તલસ્પર્શી જ્ઞાનનાં દર્શન થાય છે.

હાલમાં, તેઓના ગુરુદેવશ્રી પૂ. જશાજી સ્વામીની "સ્વર્ગારોહણ શતાબ્દી વર્ષ"ના ઉપલક્ષે, સું. શ્રી તરલાબેન તથા ગુરુભગિની પૂ. પુષ્પાબાઈના સહયોગ તથા પૂ. ધીરજમુનિજી મ.સા.ના માર્ગદર્શન સાથે "શ્રાવક જીવનોપયોગી ૧૧ આગમસૂત્રો"નું સુંદર સંકલન કરી ગુજરાતી ભાષામાં સરળતાથી સહુ સમજી શકે તેવા ઉદ્દેશ્ય સાથે પ્રકાશિત કરી રહ્યાં છે... ૯૦ વર્ષથી વધુ વય ધરાવનાર પોતાના ઉપકારી માતુશ્રી પૂ. નર્મદાબાઈ મ.સ.ની તબિયતના કારણે છેલ્લા ઘણા વર્ષોથી તેઓ રાજકોટ શહેરમાં જ વિચરણ કરી રહ્યાં હતાં. પૂ. વનિતાબાઈ મહાસતીજીએ જેમ અન્ય પુસ્તકો સંપાદિત - આલેખિત કર્યા છે તે પ્રમાણે કલ્યાણમંદિર સ્તોત્ર પર પણ સુંદર નાનકડું પુસ્તક પ્રસ્તુત કર્યું છે. નાનકડી પુસ્તિકામાં સરળ ભાષા અને સુંદર શૈલીમાં શ્રી કલ્યાણંદિર સ્તોત્રનું વિવેચન કરેલ છે. અન્ય વિવેચનનો કરતાં આ પુસ્તિકાની વિશેષતા તે છે કે શ્લોક બાદ દરેક શબ્દનો શબ્દાર્થ કરેલ છે.

શ્લોકના દરેક દરેક શબ્દોનો અર્થ બીજા પુસ્તકોમાં અલ્પ જોવા મળે છે. શબ્દાર્થ કર્યા બાદ તે-તે શ્લોકમાં કયા ભાવો સમાયેલા છે ? તેનો સામાન્ય ભાવાર્થ 3-૪ લીટીમાં કર્યા બાદ ટૂંકો પણ સમસ્ત બાબતોને સમાવી લેતો વિવેચનાર્થ કરવામાં આવે છે. શ્લોક-શબ્દાર્થ-ભાવાર્થને વિવેચન કર્યા બાદ શ્લોકના ભાવોને સમજાવતી ચાર લીટીમાં ગુજરાતી અનુવાદ કરેલી કડી પણ ઊમેરવામાં આવેલ છે.

આગમ્ના અભ્યાસી લેખિકાની બીજી વિશેષતા તે છે કે, કલ્યાણમંદિરના શ્લોકમાં કયા-કયા આગમભાવો સમાયેલા છે તે દર્શાવતી શ્લોકના વિવેચનમાં કયાંક આગમસૂત્રોનો સંદર્ભ પણ દર્શાવેલો છે, તો કયાંક તત્ત્વજ્ઞાન સભર ગુણસ્થાનકની વાતો રજૂ કરી છે. તો, કયાંક શ્લોકના ભાવોના સમરૂપ આવતી મહાકવિઓ દ્વારા રચિત કડીઓ કે પદો મૂકયાં છે. આગમપંક્તિઓ દર્શાવતા શ્લોક નં. ૧૬નાં ભાવોને અનુરૂપ કહે છે કે, શ્રી આચારાંગ સૂત્રમાં

धूणे कम्मशरीरगं नी વાત આવે છે. તેવી જ રીતે શ્લોક નં. ૧૭માં ભેદ દ્વારા અભેદની વાતો દર્શાવિતા કહે છે કે अप्पा सो परमप्पा આત્મા એ જ પરમાત્મા થઈ શકે છે. અભેદ દૃષ્ટિએ જોઈએ તો આત્માના જે દ્રવ્ય-ગુણ છે તે જ પરમાત્માના છે. પર્યાય અવસ્થાની દૃષ્ટિએ આત્મા શુદ્ધ છે, જ્યારે પરમાત્માના પર્યાય પણ શુદ્ધ છે. તો શ્લોક નં. ૩૮માં આચાર્યશ્રી કહ્યું છે -

यस्मात क्रिया प्रतिफलन्ति न भावशून्या:

તે જ વાતના સંદર્ભે "અનુયોગદ્વાર સૂત્ર"માં કહ્યું છે -

"ઉપયોગ વિના કરાતી પ્રતિક્રમણની ક્રિયા તે દ્રવ્ય પ્રતિક્રમણ છે. તે પુણ્યબંધ કરાવી શકે પણ ભાવ ભળ્યા વિના ભગવાન ન થવાય."

તત્ત્વજ્ઞાનમય ગુણસ્થાનકની સમજૂતી આપતાં શ્લોક નં. ૧૩માં કર્મરૂપી ચોરોના નાશ પ્રભુજીએ કર્યો તેવા ભાવમાં, કષાયના અભાવમાં કર્મ ઝાઝો સમય ટકી શકતાં નથી. તે બાબતને સમજાવતાં ગુણસ્થાનકની વાત કહે છે કે,

૧૨મા ગુણસ્થાને કષાયનો સર્વથા ક્ષય એટલે પ્રભુ વીતરાગી બન્યા.

૧૩મા ગુણસ્થાને બાકીનાં ત્રણ ઘાતિકર્મ ક્ષય થતાં પ્રભુ સર્વજ્ઞ બન્યા.

૧૪મા ગુણસ્થાને પ્રભુ અયોગી બન્યા અને ૧૪મા ગુણસ્થાનના અંતે ચાર અઘાતિકર્મ નાશ પામતાં પ્રભુ કર્મમુક્ત બની સિદ્ધ થયા.

શ્લોકના સંદર્ભમાં મહાકવિઓ દ્વારા રચિત કડીઓ કે પાદો મૂકતાં શ્લોક નં. ૧૦મા દર્શાવે છે કે - જેના પરમપ્રેમના પાત્ર પરમાત્મા છે, તેને સંસારમાં ભટકવું પડતું નથી.

આનંદઘનજી મહારાજ કહે છે -

"ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે ઔર ન ચાહુ રે કંત"

દુન્યવી ચીજો અનેક છે, તેમાંથી કોઈ વસ્તુ પ્રિય હોય અને કેટલા સ્વજન - સંબંધી - મિત્રો હોય, પરંતુ તેમાંથી કોઈ પ્રિયતર ભલે હોય, પરંતુ પ્રિયતમ તો એક પૂર્ણ પરમાત્મા જ...

શ્લોક નં. ૩૩માં દુષ્ટ અસુરોથી અજેય તેવા પરમાત્માની ભક્તિમય સ્તુતિનું સમર્થન આપતો શ્લોક આલેખિત કરતાં કહ્યું છે -

"કમઠે ધરણેન્દ્રેય, સ્વૌચિતં કર્મ કુર્વતિ !
પ્રભુ સ્તુલ્ય મનોવૃત્તિઃ શ્રી પાર્શ્વનાથ શ્રિયે સ્તુવઃ ॥"

કમઠે અને ધરણેન્દ્રે પોતપોતાની લાયકાત પ્રમાણે પ્રભુ પ્રત્યે કાર્ય કર્યું, પરંતુ પાર્શ્વપ્રભુએ તો બંને પ્રત્યે સમાન જ માધ્યસ્થભાવ રાખ્યો.. તેવા શ્રી પાર્શ્વનાથ પ્રભુની હું ભાવથી સ્તુતિ કરું છું.

શ્લોક નં. ૩૬ માં કહ્યું છે -

जन्मांतरेऽपि तव पादयुगं न देव ।
मन्ये मया महितमीहित दानदक्षम् ॥

પ્રભુ જન્મજન્માંતરમાં પણ ક્યારેય ઈચ્છિત ફળ આપવામાં સમર્થ તેવા તમારાં ચરણોની ઉપાસના કરી નથી.

આ વાતના જ સંદર્ભમાં, પ્રભુચરણોમાં સમર્પિત બનેલા વ્યક્તિના ભાવ કેવા હોય ? તે વર્ણવતાં કહે છે કે -

"આ દેહાદિ આજથી, વર્તું ચરણાધીન,
દાસ દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન."

આમ, પદ-પંક્તિ દ્વારા પોતાના વિવેચનને રસપ્રદ બનાવ્યું છે. રૂપક તથા દૃષ્ટાંતોનો પણ ક્યાંક આધાર લઈ મીરાંને યાદ કરી છે તો, ક્યાંક સુલસા શ્રાવિકાને યાદ કરી છે... કોઈ જગ્યાએ રોહિણેયા ચોરની વાત રજૂ છે, તો કોઈ શ્લોકના સંદર્ભમાં ચંડપ્રદ્યોત રાજા કે મૃગાવતીજીને યાદ કર્યા છે.

સુંદર વિવેચન કરતાં કરતાં વિવેચન રસપ્રદ તો બનાવ્યું છે. પણ, લેખિકાએ જાણે વિવેચનની મર્યાદા કરેલ હોય એમ સંક્ષિપ્ત વિવેચનકાર્ય કર્યું છે. અમુક-અમુક શ્લોકના વિવેચનાર્થમાં તો જાણે શરૂઆત કરતાં જ અંત થઈ ગયો હોય એમ લાગે છે. જો લેખિકાએ વિવેચનાર્થને મર્યાદાબદ્ધ રાખી ન કરતાં, વિસ્તૃતપણે કર્યું હોત તો વધુ રસપ્રદ પુસ્તિકા બની શક. લાગે છે કે, વનિતાબાઈનો હેતુ સામાન્ય ભાવિકો 'કલ્યાણમંદિર'નો આસ્વાદ લઈ શકે, એ માટે આ પુસ્તિકાનું લેખન કર્યું છે. છતાં પણ સુંદર વિવેચનાર્થ તથા સરલ ભાષામાં અભિવ્યક્તિ તે પુસ્તિકાની વિશેષતા છે.

(ક) પુસ્તકનું નામ : કલ્યાણંદિર સ્તોત્ર : અંતસ્તલ કા સ્પર્શ
વિવેચક : આચાર્ય મહાપ્રજ્ઞ

આચાર, વિચાર અને વ્યવહાર ક્ષેત્ર શ્રેષ્ઠ વ્યક્તિત્વ ધરાવનાર મહાપ્રજ્ઞજીનો જન્મ વિ.સ. ૧૯૭૭ અષાઢ વદ તેરસના ટમકોરમાં (રાજસ્થાન) ચોરડિયા પરિવારમાં થયો હતો. પિતાનું નામ તોલારામજી અને માતાનું નામ બાલૂજી હતું. સંસારી નામ નથુ ધરાવતા નથમલે - માતાની સાથે સરદાર શહેરમાં વિ.સં. ૧૯૮૭ ના મહા સુદ દશમના પૂજ્ય કાલુગણી પાસે દીક્ષા ગ્રહણ કરી. પ્રજ્ઞા, પ્રતિભા, શ્રધ્ધા, સમર્પણને લીધે પૂ. નથમલજીથી શરૂ થયેલી યાત્રા મહાપ્રજ્ઞ સુધી પહોંચી તેમની વિશિષ્ટ પ્રજ્ઞાને લીધે તેમના ગુરુએ 'મહાપ્રજ્ઞ' બિરદ આપ્યું. ગણાધિપતિ શ્રી તુલસીના યશ્વી ઉત્તરાધિકારી બન્યા. જૈન શ્વતાંબર તેરાપંથ ધર્મસંઘના દશમા અધિશાસ્તર બન્યા. આચાર્ય તુલસીના દરેક ચિંતન, દરેક નિર્ણય, દરેક આયામમાં કદમમાં કદમ મિલાવીને ચાલતા મહાપ્રજ્ઞજીને તેમની યોગ્યતા જોઈને આચાર્ય તુલસીએ વિ.સં. ૨૦૨૨ માં નિકાય સચિવના સર્વોચ્ચ પદે નિયુક્ત કરેલ છે.

બૌધ્ધિક વિકાસ ક્ષેત્રે પ્રગતિ કરી, દર્શન, ન્યાય, વ્યાકરણ, કોશ, જ્યોતિષ, આયુર્વેદ આદિ અનેક ક્ષેત્રે આ મુનિવરે વિલક્ષણ ઊંચાઈને સર કરેલ. સંસ્કૃત - પ્રાકૃતના વિદ્વાન હતા. જૈન પરંપરાની પ્રાચીન લુપ્ત ધ્યાન પ્રણાલીનો પુનરોધ્ધાર કરીને પ્રેક્ષાધ્યાન નામના વૈજ્ઞાનિક ધ્યાન પ્રકૃતિના આવિષ્કારક રૂપમાં યુવાચાર્ય મહાપ્રજ્ઞ વિશ્વ વિખ્યાત બનેલ જૈનગમોના ગંભીર અધ્યયનની સાથે તેમણે ભારતીય અને દરેક દર્શનનું તલસ્પર્શી તથા તુલનાત્મક અધ્યયન કરેલ.

આચાર્યશ્રી મહાપ્રજ્ઞજીએ ભક્તામર સ્તોત્ર પર લોકભોગ્ય પ્રવચનો કર્યા બાદ સમાજની માંગ મુજબ શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર પર પણ પ્રવચનો કર્યા છે. જે પ્રવચનોને મુનિ ધનંજયે સંકલિત કરી "કલ્યાણમંદિર : અંતઃસ્તલ સ્પર્શ" નામે પુસ્તક પ્રકાશિત કર્યું. આચાર્યશ્રીએ બીદાસરમાં સન ૨૦૦૧ માં કલ્યાણમંદિર પર થોડા પ્રવચનો કર્યા પરંતુ આ સ્તોત્રની પ્રવચન શૃંખલા સતત ચાલી ન શકી. ઘણાં સમય બાદ ફરી આચાર્યવરે શ્રી ડુંગરગઢ વર્ષાવાસમાં સન ૨૦૧૦ માં કલ્યાણંદિર સ્તોત્ર ફરી પ્રવચન વિષયમાં પસંદ કર્યું ને ૪૪ શ્લોક પરના પ્રવચનો સંપન્ન થયા.

આચાર્યશ્રીએ કલ્યાણમંદિર સ્તોત્રને વિવેચનના રૂપમાં નહિ પ્રવચન લક્ષથી વિસ્તૃત કર્યું છે માટે જનસમુદાયને સરળ રીતે કઠિન વાતો સમજાય જાય તે માટે ઘણાં રૂપકો ને દૃષ્ટાંતો રૂપી વાર્તાનો સહારો લીધેલ છે. આ રૂપકોમાં કે દૃષ્ટાંતોરૂપી કથાઓમાં મોટા ભાગે આચાર્યશ્રીએ સ્વ અનુભવો, પોતાની ગુરુપરંપરાના મહાપુરુષોની વાતો અથવા સાંસારિક લોકો સાથે થયેલા વાર્તાલાપ પરથી ગહન વાતો સરળ કરી સમજાવાનું કાર્ય કરેલ છે. કોઈ શ્લોકમાં આચાર્ય ભિક્ષુની વાત કે કોઈ શ્લોકમાં આચાર્ય તુલસીની વાતો, કોઈ શ્લોકમાં મહારાજા દશાર્ણભદ્ર જેવી જૈન આગમગ્રંથમાં આવતી વાતો તો ક્યાંક ચંદ્રગુપ્ત ને ચાણક્યની બનેલી ઈતિહાસમાં

આવતી ઐતિહાસિક કથાવાતો. આમ, જુદા-જુદા સંદર્ભે આવી આધારકથાઓ લઈ પોતાના પ્રવચનને આચાર્યશ્રી મહાપ્રજ્ઞજી રસપ્રદ બનાવી રહ્યા છે.

સાથોસાથ, જૈન આગમગ્રંથોનો આધાર પણ લઈ શ્લોકના ભાવેને આગમિક ભાવો સાથે સરખાવી રહ્યા છે. કલ્યાણંદિરના ૯મા શ્લોકમાં શ્રી સિધ્ધસેન દિવાકરજી કહે છે કે, પ્રભુ ! આપના દર્શનથી આપને દેખવામાત્રથી લોકો ઉપદ્રવોથી મુક્ત થઈ જાય છે. હવે, આ વાતને સમજાવતા વ્યાવહારિક દૃષ્ટિએ, પર્યાવરણની દૃષ્ટિએ, વૈજ્ઞાનિક દૃષ્ટિએ ને આગમગ્રંથોની દૃષ્ટિએ વાતને સ્પષ્ટ કરતાં કહે છે કે, "વ્યક્તિના જીવનમાં ઉપદ્રવો આવતા જ રહે છે, ગ્રહોનો ઉપદ્રવ, ભૂકંપ જેવા કુદરતી ઉપદ્રવ, માણસો અથવા પશુ દ્વારા થતાં ઉપદ્વો, આટલું જ નહિ સ્થૂલ આદમી જેટલો ઉપદ્રવ નથી કરતા તેટલો ઉપદ્રવ સૂક્ષ્મજીવો કરે છે. આ વાતના વૈજ્ઞાનિક સંદર્ભે રીસર્ચ પ્રમાણે કહે છે, આપણાં શરીરની ભીતરમાં સૂક્ષ્મ જીવો છે, જે બૈક્ટેરીયા કહેવાય છે. બીમારીનું એક કારણ છે બેક્ટેરીયાનો વધારો, ને આ બેક્ટેરીયાની મુક્તિ માટે એન્ટીબાયેટિક દવાઓ લેવી પડે છે કે "सुहुमा सव्वलोयम्मि लोगदेसे य बायरा" સૂક્ષ્મજીવ પૂરા લોકમાં વ્યાપ્ત છે. પરંતુ, જ્યાં પ્રભુ બિરાજમાન થાય છે ત્યાં ૨૫/૨૫ યોજન સુધી માર-મરકી કે સ્વચક્ર-પરચક્રનો ભય રહેતો નથી. માટે, પ્રભુના પુણ્ય પરમાણુના પ્રભાવથી સર્વલોકોના ઉપદ્રવ શાંત થઈ જાય છે.

આવી જ રીતે, ૩૯મા શ્લોકમાં પ્રભુ ! મારી પર કૃપા કરો, દયા કરો કારણ આપ તો નાથ છો. તો આ વાતના સંદર્ભમાં, નાથ સંપ્રદાયની પણ પહેચાન કરાવે છે ને ઉત્તરાધ્યયન સૂત્રના ૨૦મા અધ્યયનમાં સમ્રાટ શ્રેણિક અને અનાથીમુનિનો જે અધિકાર છે તે રજુ કરે છે. મંડીકુક્ષિ ઉધાનમાં મગધ સમ્રાટ શ્રેણિક માત્ર ધ્યાનસ્થ મુનિને જોઈ વિસ્મિત બની ગયાં ને કહે છે આપનું આવું રૂપ - લાવણ્ય છતાં કેમ સાધુ બની ગયા ? શું આપ અનાથ છો ? ને ત્યારે બંને વચ્ચેનો સંવાદ નાથ કોને કહેવાય ? અનાથ કોને કહેવાય ? તે પૂર્ણ વાર્તાલાપની પ્રસ્તુતિ કરી પરમાત્માનું નાથત્વ સિદ્ધ કર્યું છે.

૪૧મા શ્લોકમાં સંસાર મહાદુઃખમય છે. વાત સમજાવતા કયા-કયા દુઃખ છે ના સંદર્ભમાં આગમગાથા સાથે કહે છે, -

जम्म दुक्खं जरा दुक्खं, रोगा य मरणाणि य ।
अहो ! दुक्सो हु संसारो, जत्थ कीसंति जंतवो ।।

આ વાતને તેમણે વિસ્તારથી સમજાવી છે.

આચાર્યશ્રી મહાપ્રજ્ઞજી વિશિષ્ટ ધ્યાનીપુરુષ હતા. તેઓએ પ્રેક્ષાધ્યાનની સાધના અનેક આરાધકોને કરાવી તથા આજે પણ તે પ્રેક્ષાધ્યાન કેન્દ્રો દ્વારા આ ધ્યાન પદ્ધતિનો પ્રસાર ને પ્રચાર થઈ રહ્યો છે. આ કલ્યાણમંદિર સ્તોત્રમાં પણ ઠેક-ઠેકાણે ધ્યાનની વાતો સાથે

સ્તોત્રભાવોને પ્રદર્શિત કર્યા છે. જીવનમાં આવતી અલગ-અલગ સમસ્યાથી મુક્ત થવા માટે ધ્યાન અતિ મહત્ત્વપૂર્ણ છે. આ સાથે શરીરનું સૌથી શક્તિશાળી ચક્ર "સહસ્ત્રાર ચક્ર" છે. આવી, ધ્યાન પધ્ધતિની વાર્તા પર પણ શ્રી મહાપ્રજ્ઞજી ઘણો ભાર મૂકે છે. (મહાપ્રભુજીના ધ્યાનસંદર્ભો કલ્યાણંદિર સંદર્ભે)

આચાર્યશ્રી મહાપ્રજ્ઞજીએ કલ્યાણમંદિરના અમુક અમુક શ્લોકોમાં પૂર્વાચાર્યો દ્વારા રચિત શ્લોકોની વાત પણ રજૂ કરી છે. ૧૮મા શ્લોકમાં પરમાત્માને "વીતતમ્સં" ઉપનામથી સંબોધિત કર્યા છે. તો, આચાર્ય હેમચંદ્રાચાર્યે "અયોગવ્યવચ્છેદિકા" માં ભગવાનને "વીતદોષકલુષ:" કહ્યા છે.

यत्र तत्रसमये यथा तथा, योऽसि सोऽस्यभिश्वया यया तया ।
वीतदोषकलुष: स चेद्रभवानेक एव भगवन्नमोऽस्तु ते ।।

તો, ૧૯મા શ્લોકમાં "અશોકવૃક્ષ" નામના પ્રાતિહાર્યની વાત દર્શાવતાં પૂર્વે અશોક-શોકરહિતનો અર્થ કરતાં મહાપ્રજ્ઞજી કહે છે - આજના વ્યક્તિના શોકનું મુખ્ય કારણ ધનવિયોગનું છે. ને ધન વ્યક્તિ પાસેથી કઈ-કઈ રીતે દૂર થઈ શકે છે ? તેની વાત સમજાવવા શ્રી સોમપ્રભસૂરિના "સિન્દૂર-પ્રકરણ" ગ્રંથમાં સમાવિષ્ટ સુંદર શ્લોક દર્શાવતા કહે છે કે -

दायादा: स्पृहयन्ति तस्करगणा मुष्णन्ति भूमीभूजो
गृह्णन्तिच्छलमाकलच्य हुतभुग्भस्मीकरोति क्षणात् ।
अम्भ: प्लावयते क्षितौ विनिहितं यक्षा हरन्ते हढाद्,
दुर्वृतास्तनया नयन्ति निघनं घिग्बह्घीनं धनम् ।।

અર્થાત્ ધનની કુટુંબીજનો ઈચ્છા કરે છે, ચોર ચોરી કરી લઈ જાય છે, રાજા કપટપૂર્વક રહી લે છે, અગ્નિ ક્ષણભરમાં બાળી નાંખ છે, પાણી વહાવીને લઈ જાય છે, પૃથ્વીમાં દાટેલું ધન યક્ષ બલપૂર્વક હરણ કરી લે છે, અવિનીત પુત્ર નષ્ટ કરી નાંખે છે, આ પ્રકારે ધન ઘણાં લોકોને આધીન છે. આ ધન પર મારો નહીં બધાનો અધિકાર છે. તક મળે છે ત્યારે ચાલ્યું જાય છે. તેવા ધનની પાછળ શોક શું કામનો ? પણ મન શક્તિશાળી ન હોય તો થોડા ધનવિયોગે વ્યક્તિ શોકમગ્ન થઈ જાય છે. પણ, પ્રભુ તો અશોક છે. કારણકે, તેમની પુદ્ગલાભિલાષા નષ્ટ થઈ ગઈ છે. ધન અને ધન દ્વારા પ્રાપ્ત થતાં સુખો અંતે તો પુદ્ગલ છે. આમ, ઉપદેશાત્મક સુંદર વાતો સમજાવે છે.

સંપૂર્ણ પ્રવચનો ૪૪ શ્લોકના પરિપૂર્ણ કર્યા બાદ આચાર્ય મહાપ્રજ્ઞજી કહે છે, અમે તો અમારું આત્મવિકાસમાર્ગ દેખાડવાનું કાર્ય કરી દીધું. હવે, તેના પુરુષાર્થરૂપ કાર્ય શ્રોતાજનોનું ક્યારે થશે ? આમ, પ્રવચનો કરવાનું પોતાનું એકમાત્ર લક્ષ્ય સર્વજન કલ્યાણનું જ છે તે સ્પષ્ટ થાય છે.

આચાર્યશ્રી મહાપ્રજ્ઞજી દ્વારા કલ્યાણમંદિર પર પ્રવચનો તો થયાં પણ ઘણાં શ્લોકોમાં તેઓશ્રી શ્લોકના મૂળભાવોનું વિવેચન કરવાનું ચૂકી જાય છે. તેમ અભ્યાસ કરતાં જણાય છે. લોકશૈલીમાં સમજાવટ માટે, પુસ્તકમાં કથા-વાર્તા-રૂપકો વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. થોડી જગ્યાએ તો માત્ર શ્લોકના એક જ પદનો ભાવાર્થ સમજાવવામાં તેઓનું પ્રવચન પૂર્ણ થઈ જવાથી અન્ય પદાર્થોનું વિશ્લેષણ થઈ શકતું નથી. મહાપ્રજ્ઞજી જેવા વિદ્વાન અને ધ્યાનમાં અભ્યાસી પાસેથી અપેક્ષા રહે કે, તેઓ થોડીક સ્થિરતાપૂર્વક લેખિત કર્યું હોત તો, "કલ્યાણમંદિર સ્તોત્ર'ના ઘણા નવા રહસ્યો પર પ્રકાશ પડ્યો હોત. પરંતુ જ્યારે પ્રવચનશૈલીથી જ આ પુસ્તક આલેખિત છે ત્યારે આચાર્યશ્રીનો અભિગમ એકદમ યથાર્થ ગણી શકાય - વિશેષ જનસંખ્યાને કથા - વાર્તાને માધ્યમે બોધ સરળ રીતે - સહજ રીતે થઈ શકે છે.

(૬) પુસ્તકનું નામ : શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર વિવેચન
વિવેચક : પૂ. જયંતમુનિજી મ.સા.

પ્રસિદ્ધિ તથા માન-સન્માનની ભાવનાથી સુદુર એક સંત સેવાયજ્ઞની અલખ જવાની બિહાર અને ઝારખંડ મહાવીરની ભૂમિ બોકારો જીલ્લાના નાનકડા આદિવાસી ગામ પેટરબારમાં પોતાના કાર્યમાં મસ્ત રહેતા. આ સંતનો જન્મ સૌરાષ્ટ્રના ગિર વિસ્તારમાં દલખાણીયા ગામમાં વિ.સ. ૧૯૨૪ની વિજયાદશમીના દિવસે ધર્મ પરાયણ કુટુંબમાં તેમનો જન્મ થયો. પિતા-જગજીવનભાઈ (સંત પિતા) માતા-અમૃતબેન. એક ઘરમાંથી પાંચ વ્યક્તિએ સૌરાષ્ટ્ર કેસરી પ્રાણ પરિવારમાં દીક્ષા લીધી. પિતા પૂ. જગજીવન સ્વામી, જેમના નામ પરથી ૫૦ વર્ષથી જ્ઞાન સેવાની ગંગા પ્રવાહિત થઈ રહી છે.

નાનપણથી જાગૃત થયેલી જ્ઞાન-જિજ્ઞાસાથી ગુરુ આજ્ઞા લઈને શાસ્ત્રાભ્યાસ માટે જગજીવન મહારાજ સાથે કાશી તરફ વિહાર કર્યો. કાશીમાં 3 વર્ષ સુધી પંડિતો પાસે જૈન, વૈદિક, બોદ્ધ, સાંખ્ય દર્શન તેમજ સંસ્કૃત, પ્રાકૃત વ્યાકરણ, દર્શનનો ઊંડો અભ્યાસ કર્યો. સૌરાષ્ટ્રથી વિહાર કરી કાશી અભ્યાસ માટે જવું - તે વિરલ ઘટના હતી. સાધુ-સાધ્વી માટે મહાવીર ભૂમિ બિહાર તરફ વિહારનાં દ્વાર ખોલી આપ્યાં. સદીઓ પછી આ ભૂમિ પર જૈન સાધુનાં પગલાં પડી રહ્યાં હતાં. પૂર્વ ભારતનાં ગીચ જંગલો તથા આદિવાસી વિસ્તારમાં પસાર થતાં તેમની ગરીબી તથા નિસહાયતાના કરુણ દૃશ્યો તેમના હૃદયને કંપાવી ગયા. જયંતમુનિના જીવનનું લક્ષ સ્પષ્ટ થતું ગયું. ૧૯૬૭ના બિહારના દુષ્કાળમાં દુષ્કારગ્રસ્ત ક્ષેત્રમાં વિહાર કર્યા અને સક્રિય રીતે રાહત કાર્ય કર્યું. જ્ઞાનની સાર્થકતા-પીડિત અને પછાત માનવ જનની સેવામાં તે સમજાઈ ગયું. પૂ. પિતા જગજીવન મહારાજના ૪૫ દિવસના રાજગૃહમાં સંથારા બાદ નેત્ર જ્યોતિ તથા જ્ઞાન-જ્યોતિ દ્વારા આદિવાસી પ્રજાની સર્વાંગીણ સેવાનું કાર્ય એકલે હાથે આરંભી દીધું. ૧૯૮૧થી ઝારખંડના પેટરબાર ગામમાં પૂ. જગજીવનજી મહારાજ ચક્ષુ ચિકિત્સાલય, જગજીવન મહારાજ જ્યોતિ સરસ્વતી વિદ્યાલય સાથે આદિવાસીનાં અનેક ગામડાંઓ બોકારો, રાજગિરિમાં ૨૦ વિદ્યાલયો ભારતીય પદ્ધતિથી ચાલી રહ્યાં છે. તેમના પુરુષાર્થ ૨૫ આદિવાસી ગામોનો અહિંસક નિર્વ્યસની બનાવી અહિંસા-સંઘની સ્થાપના કરી છે.

સેવા અને શિક્ષણ સાથે ગુરુદેવ જ્ઞાન તથા સાધના પ્રત્યે પણ સજાગ સક્રિય, તલ્લીન છે. તેમનું જ્ઞાન અમાપ તથા અવર્ણીય છે. તેઓ જે લખાવે છે તે સ્વયં સ્ફુરણાથી ભક્તિભાવથી કોઈપણ પુસ્તકની સહાય લીધા વગર લખાવે છે. તેમનું ચિંતનશીલ સર્જન :

(૧) જયંતવચનારવિંદ પ્રવચન સંગ્રહ (૨) જયંત-વાણી (પ્રવચોનો સંગ્રહ) (૩) આધ્યાતસમર - પ્રભાસ્વામીની બીમારી વખતે તેના લખાયેલ પત્રો (૪) પ્રવચન સંગ્રહનિર્વાણનો પથ (પૂ. ત. જગજીવન મહારાજના સંથારાનું વિવરણ) (૫) શાશ્વતી સાધના (આધ્યાત્મિક લેખોનો સંગ્રહ) (૬) જીવનરેખા ગુરુ પ્રાણલાલજી સા. જીવનચરિત્ર (૭) તત્ત્વભિનય (સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન, સમ્યક્ચરિત્ર, નિક્ષેપ, ઈશ્વર-પાંચ આધ્યાત્મિક લેખ (૮) જયંત કથા કળશ સંગ્રહ - જયંતમુનિ ભક્તોને સંભળાવેલ દૃષ્ટાંત કથા સંગ્રહ, મુંહપતી બત્રીશી (મુંહપતીનું રહસ્ય) (૯) ૧૪ મંગલ સ્વપ્ન અને રહસ્ય (૧૦) કહો કેવા હતા પ્રભુ મહાવીર પુચ્છિસુણં (૧૧) સાધુતાનું શિખર અને માનવતાની મહેક (૧૨) ઑમસિદ્ધિ શાસ્ત્ર ભાષ્ય (૧૩) ભક્તામર સ્તોત્ર - ભક્તામર પર ગુરુદેવનું વિસ્તારરૂપણે આલેખન (૧૪) અરિહંત વંદનાવલી (૧૫) ઋષભ ચરિત્ર મહાકાવ્ય - પૂ. જગજીવન મહારાજ દ્વારા રચિત દોહારૂપે ઋષભચરિત્ર અને પૂ. જયંતમુનિ દ્વારા ગદ્યકથા (૧૬) ઈલા અલંકાર - પૂ. જગજીવનજ મ. દ્વારા લિખિત ઈલાયચી કુમારની કથા ઉપર દોહા - પૂ. જયંતમુનિએ દોહાનું વિવેચન કર્યું છે. (૧૭) અલૌકિક ઉપલબ્ધિ શ્રીમદ્ રાજચંદ્રજીના અપૂર્વ અવસરના પદોનું જયંતમુનિજીએ કરેલું વિવેચન (૧૮) આચાર્ય સિધ્ધસેન દિવાકર વિરચિત પરમ દાર્શનિક પૂ. જયંતમુનિજી વિવૃત શ્રી કલ્યાણ મંદિર (૧૯) ચિંતામણી પાર્શ્વનાથ સ્તોત્ર વિવૃત્તિ (૨૦) શ્રીકૃષ્ણ ચરિત્ર.

ન્યાયદર્શન, તત્ત્વદર્શન, વ્યાકરણ તથા પ્રાકૃત-સંસ્કૃત વગેરે ભાષાઓના જ્ઞાતા, પૂ. જયંતમુનિજી દ્વારા કરવામાં આવેલ શાસ્ત્રોના ગહન અધ્યયનની અનુભૂતિ "કલ્યાણમંદિર સ્તોત્ર વિવેચન"માં પ્રતિબિંબિત થાય છે. તેઓશ્રી શરૂઆતમાં પોતાની પ્રારંભિક ભૂમિકા બાંધતા કલ્યાણમંદિર સ્તોત્રને નદીના પ્રવાહની જેમ પ્રવાહિત માને છે. કલ્યાણમંદિર સ્તોત્રમાં પણ નદીના પ્રવાહમાં અને વળાંક આવે, ક્યાંક ઘાટ આવે તો ક્યાંક ભારે ઊંડાણ આવે તેવી જ રીતે કલ્યાણમંદિર કોઈ સામાન્ય સ્તોત્ર નથી કે જેમાં સરળતાથી કેવળ પ્રાર્થનાનું ઉદ્ગાન કર્યું હોય પરંતુ દાર્શનિકભાવોથી સભર, કાવ્ય અલંકારથી શોભાયમાન તથા ભિન્ન પ્રકારના ભાવોનું અવલંબન લેનાર સમન્વયપૂર્ણ એક ચમત્કારી સ્તોત્ર છે. પોતાના વિશદ્ વિવેચનયુક્ત પુસ્તકમાં મુનિશ્રી વ્યાકરણાત્મક દૃષ્ટિથી વધુ વિવેચન કરેલ જણાય છે.

શ્લોકનાં શબ્દોને વિસ્તારપૂર્વક સમજાવવા માટે ઘણાં શબ્દોની મીમાંસા કરતા સુંદર સમજણ આપવામાં આવેલ છે. તેના ઉદાહરણ જોઈએ તો;

- શ્લોક ૯માં આવતા વીક્ષિત શબ્દનો અર્ધ - વ્યુત્પતિ કરતાં જણાવ્યું છે કે - "વીક્ષિત" શબ્દમાં વીક્ષારૂપી ક્રિયા સમાયેલી છે. 'ईक्ष' ની ગુણવૃદ્ધિ થાય છે. 'ईक्ष' ધાતુ સાથે ભિન્ન-ભિન્ન ઉપસર્ગો લાગતા વિવિધ અર્થ પ્રગટે છે - જેમકે પ્રતીક્ષા, અપેક્ષા, પરીક્ષા,

નિરીક્ષા, તિતિક્ષા વગેરે શબ્દપરિવાર બને છે. તે રીતે વીક્ષા પણ એક વિશેષ પ્રકારની 'દૃક્ષ' છે; જેમાં પરમાત્માની કૃપાદૃષ્ટિ પણ અભિવ્યક્ત થાય છે.

- શ્લોક ૧૮ ના પ્રારંભમાં પ્રભુને 'વીતતમસ' કહ્યાં છે. તે શબ્દની અર્થ - વ્યુત્પતિ કરતાં સમજાવે છે કે, જૈનદર્શનમાં વીતરાગ શબ્દ પ્રસિદ્ધ છે. 'वीतः व्यतीतः ।' જે ચીજ વ્યતીત થઈ ગઈ છે. નષ્ટ પામી છે, નીકળી ચૂકી છે તેને વ્યતીત કહે છે. જે તત્ત્વને પાર થઈ ગયા છે અને દોષનું સંશ્લેષણ પણ રહ્યું નથી તેની સાથે 'વીત' કૃદંતનો પ્રયોગ થાય છે. અહીં, આ સ્તોત્રમાં પ્રભુને 'વીતતમસ' અર્થાત્ અંધકારને હરનાર કહ્યા છે પણ અન્ય ગ્રંથોની તુલના કરતાં મુનિશ્રી જણાવે છે કે 'વીત' ના ઉપોયગ સાથે શ્રીમદ્ ભાગવતગીતામાં 'વીતદ્વેષ' શબ્દ મળે છે. તો, કઠોપનિષદમાં 'વીતશોક' શબ્દનો પ્રયોગ જોવા મળે છે.

-: શ્રી કલ્યાણમંદિર સ્તોત્રની ભગવદ્ગીતા સાથે તુલના :-

પૂ. જયંતમુનિજી મ.સા. માત્ર જૈનધર્મના જ નહિ અન્યદર્શનના શાસ્ત્રોનો અભ્યાસ કરી પાંડિત્ય પામેલા. તેમણે ષડ્દર્શનનો તલસ્પર્શી અભ્યાસ કરેલો. પ્રાયઃ તેમણે શ્રીમદ્ ભાગવદ્ગીતા સંપૂર્ણ કંઠસ્થ હતી ને દાર્શનિક પંડિતોની ખાસિયત હોય છે કે તે પોતાના વિષય-પદાર્થનો વિસ્તાર ને સમજણ આપતાં-આપતાં અન્ય બાબતોની પણ તુલના કરી સમાજને વિસ્તૃત જ્ઞાનપ્રદાન કરે છે. મુનિશ્રીએ 'કલ્યાણમંદિર સ્તોત્ર'ના ભાવોની શ્રીમદ્ ભાગવત્ ગીતા સાથે કેવી-કેવી તુલના કરી તુલનાત્મક અભ્યાસ કર્યો છે તેના થોડા ઉદાહરણ જોઈએ :

પ્રથમ શ્લોકમાં પ્રભુચરણને 'अभय प्रदम्' સંબોધે છે. તેવી જ રીતે "ભગવદ્ગીતા"માં પણ કહ્યું છે કે - 'अभयं सत्व !'

૧૩મા શ્લોકમાં આચાર્યશ્રી કહે છે કર્મ છોડ્યું પણ રસ ન છોડ્યો ત્યાં સુધી કર્મો ક્ષીણ થઈને નાશ પામતાં નથી. આ બાબતને મુનિ શ્રી ભગવદ્ ગીતા સાથે સરખાવતાં કહે છે કે "ભગવદ્ ગીતા"માં પણ કહ્યું છે કે -

'विषया विनिवर्तन्ते निराहारस्य देहिनः ।
रसवर्ज रसोऽऽप्यस्य परं द्रष्टवा निवर्तते ।।'

અર્થાત્ ઉપવાસકર્તા આહારનો ત્યાગ કરી દે છે પરંતુ ભોગો પ્રત્યેનો રસ ત્યાં સુધી સુકાતો નથી જ્યાં સુધી ભોગરસથી મુક્ત રસવર્જિત આત્મતત્વનું તે દર્શન કરતો નથી. રસવર્જિત પરમતત્ત્વની ઓળખાણ થયા પછી ભોગો તો જાય છે, સાથે ભોગો પ્રત્યેનો રસ પણ ચાલ્યો જાય છે.

૨૦મા શ્લોકમાં મુનિની તાલબદ્ધ રીતે થતી પુષ્પવૃષ્ટિને અલગ અંદાજ સાથે ગીતા પદો સાથે તુલના કરતાં કહી રહ્યા છે કે - "ગીતા"ના શ્લોકમાં લખ્યું છે, 'समवेता युयुत्सवः' સૈનિકોનો કાંઈ ઘેટાનો સમૂહ નહોતો, પરંતુ નિયમિત તાલબદ્ધ થઈને લડવાની ઈચ્છાથી મેદાનમાં આવ્યા હતા. તેમ જે પુષ્પવૃષ્ટિ થઈ રહી છે તે પણ અસ્તવ્યસ્ત બેઢંગથી નથી પરંતુ ઉચિત રીતે જાણે સમવંત થઈને વિસ્તારથી થઈ રહી છે.

૨૧માં શ્લોકમાં 'परम सम्मद असंग भाजो' શ્લોક પદને "ગીતા" સાથે સરખાવતાં મુનિશ્રી કહે છે કે - શ્રીમદ્ ભાગવત્ગીતાના પંદરમાં અધ્યામાં અસંગભાગ પર પ્રકાશ પાડતાં કહ્યું છે કે - 'निर्मान मोहाजितसंग दोषा' અર્થાત્ જેઓએ સંગ દોષને જીતી લીધો છે અને અસંગભાવને પ્રાપ્ત કર્યો છે તેવા લોકો જ અવ્યય પદને પ્રાપ્ત કરે છે. તે રીતે 'शस्त्रेण द्रढेन छित्वा' અર્થાત્ અસંગરૂપી પ્રબળ શસ્તરથી મોહનાં મૂળિયાંઓને કાપી નાખવા જોઈએ. આચાર્યશ્રીએ પણ 'असंभाजो' કહીને પ્રભુની વાણીના ગ્રહિતાની પાત્રતા અભિવ્યક્ત કરી છે જે અસંગભાવોને ભજે છે તેવા ભવ્યજીવ અમરપદને પ્રાપ્ત કરે છે.

૩૦માં શ્લોકમાં આચાર્યશ્રી પરમાત્માને "વિશ્વેશ્વરો" કહી આપ મૂલરૂપથી અક્ષરો છો તેમ કહે છે. 'न क्षरति इति अक्षरः' અર્થાત્ ખંડિત થતા નથી. તેમના એક અંશનો કદી પણ વ્યય થતો નથી. અક્ષર એટલે અવ્યય. શ્રી ભગવદ્ગીતામાં કહ્યું છે કે - अरः सर्वानी भूतानि, कूटस्थो अक्षर उच्चतो અક્ષર ત્રેકાલિકા નિત્ય સ્થિતિનો બોધક છે અને આ અક્ષર સ્વરૂપ અનંતકાળનું તેનું સ્વાભાવિક રૂપ છે.

૩૮માં શ્લોકમાં આચાર્યશ્રીએ મનોયોગની પ્રધાનતા બતાવી છે તેના સંદર્ભમાં મુનિશ્રી ગીતા સાથે તુલના કરી આચાર્યશ્રીની વાતને સન્માનતા કહે છે કે "વિચારપૂર્વક અથવા રાગ-દ્વેષ વગેરે વૃત્તિ જે પ્રવૃત્તિ થાય છે તેમાં મનોયોગ મુખ્ય કારણભૂત છે ને તે માટે શ્રીમદ્ભાગવદ્ ગીતાનું પ્રસિદ્ધ સૂત્ર છે - मनः एव मनुषायाणां कारणं बंध मोक्योः । મનની ગતિ સર્વવિદિત છે. મને મનુષ્યો માટે બંધનનું કારણ પણ બને ને મોક્ષનું કારણ પણ બની શકે છે.

૪૨મા શ્લોકમાં આચાર્યશ્રીએ ફળની ઈચ્છા વગર ભક્તિ કરવાનું સૂચવે છે. તે સંદર્ભમાં મુનિશ્રી કહે છે કે ગીતામાં પણ કહ્યું છે કે - मा फलेषु ख्रदाच्चन ।

૪૪મા શ્લોકમાં આચાર્યશ્રી अचिरान् मोक्ष प्रपयन्ते કહીને નિર્વાણને નિર્ધારિત કરી દે છે. આ બાબતની ગીતા સાથે તુલના કરતાં શ્રીમદ્ ભાગવદ્ ગીતામાં "સ્થિતપ્રજ્ઞો" અધ્યાયના શ્લોકની વાત રજૂ કરતાં મુનીશ્રી કહે છે - બીજા અધ્યાયમાં સ્થિતપ્રજ્ઞ માટે ૧૮ શ્લોક કહ્યા છે. आत्मन्येव आत्माना तुष्टः । આત્માના શુદ્ધ સ્વરૂપથી સંતુષ્ટિ થઈ ચૂકી છે ને અંતમાં કહે છે કે આવા સમાહિત - સ્થિર બુદ્ધિવાળા અંતમાં નિર્વાણને પ્રાપ્ત કરે છે.

આમ, અને શ્લોકના સંદર્ભમાં શ્રીમદ્ ભાગવત ગીતાનો તલસ્પર્શી અભ્યાસ કરનાર પૂ. જયંતમુનિજી સહજ રીતે ગીતાના શ્લોક-ભાવોની તથા કલ્યાણમંદિર સ્તોત્રના શ્લોક ભાવોની તુલના કરે છે. કલ્યાણમંદિર સ્તોત્ર પર વિવેચન કરાયેલાં કોઈપણ પુસ્તકમાં દાર્શનિક દૃષ્ટિએ આ પ્રમાણે તુલના કરી હોવાનું જણાતું નથી.

-: જૈન સાધનાની યોગધારા સાથે તુલના :-

માત્ર "ગીતા" સાથે નહિ પણ જૈન સાધનાની પતંજલિ યોગશાસ્ત્ર - યોગધારા સાથે પણ મુનિશ્રીએ સુંદર તુલના કરી છે. શ્લોક નં. ૬માં પ્રથમ પંક્તિમાં યોગી શબ્દનો પ્રયોગ કર્યો છે તો યોગી કોણ છે ? જૈન શાસ્ત્રમાં જૈન સાધકને અથવા તપસ્વી પુરુષને યોગી કહ્યા નથી. સનાતન પરંપરામાં અથવા વિશેષરૂપ યોગદર્શન એક સ્વતંત્ર યોગશાસ્ત્ર છે, જેમાં સાધકને યોગી કહ્યો છે. યોગસાધના એ ભારતીય સંસ્કૃતિનો ધાર્મિક અને આધ્યાત્મિક રાજમાર્ગ છે. આ અષ્ટાંગ યોગ પ્રાયઃ જૈનસાધના સાથે સમન્વય રાખે છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ - આ અષ્ટાંગ યોગ છે. પ્રથમ યમના પાંચ વિભાગ પંચ મહાવ્રતો સાથે સંબંધિત છે. બાર પ્રકારના તપમાં આસનને સ્થાન આપવામાં આવ્યું છે. જૈન સાધનામાં પ્રાણાયામ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું નથી, પરંતુ ધ્યાન ધારણા અને સમાધિ - આ ત્રણેય અંગોને સ્વીકૃત કરવામાં આવ્યા છે. અષ્ટાંગયોગ સાથે આટલો સમન્વય છતાં સાધકને યોગી કહેવામાં આવ્યા નથી. આધ્યાત્મિક દૃષ્ટિએ મન, વચન, કાયાના યોગ એ બાહ્ય ઉપકરણ છે. આત્માથી ભિન્ન કર્મજન્ય પ્રકતિ છે. શરીર, વચન અને મન - આ ત્રણેય પ્રવૃત્તિ કર્માધીન છે. એટલા માટે યોગસાધના ન કહેતાં આત્મસાધના શબ્દનો પ્રયોગ થયો છે. યોગી શબ્દમાં યોગો પર જેઓએ નિયંત્રણ પ્રાપ્ત કર્યું છે તે યોગી કહેવાય છે. આમ, એક "યોગી" શબ્દની વ્યાખ્યા કરતાં મુનિશ્રી અષ્ટાંગયોગ સાથે જૈનદર્શનની તુલના કરે છે. ક્યાંક દમન અને શમનની શાબ્દિક તુલના કરે છે -

તુલનાત્મક અભ્યાસની સાથોસાથ વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ શ્લોકનો ભાવ સમજાવતાં, પ્રભુના ભામંડલ નામના પ્રાતિહાર્યની ૨૪મા શ્લોકમાં વાત આવે છ તે બાબતમાં મુનિશ્રી કહે છેકે "વૈજ્ઞાનિક દૃષ્ટિથી પણ માનવામાં આવ્યું છે કે મુખમંડળની ચારે બાજુ એક અદ્‌ભૂત ચુંબકીય AURA (આભામંડળ) હોય છે અને આ આભામંડળ વ્યક્તિ વિશેષની સાધના અને શક્તિ સાથે સંબંધ રાખે છે. સામાન્ય ઓરા પ્રસ્ફુરિત થઈને દૃશ્યમાન થતી નથી, પરંતુ અધિકાધિક સાધનાશક્તિના ધારક અથવા અનંત શક્તિના ધારક મહાપ્રભુના મુખમંડળની ઓરા પ્રગટ આત્માના રૂપમાં અલૌકિક ભામંડલનું રૂપ ધારણ કરે છે.

-: કાવ્યશાસ્ત્રીય સમીક્ષા :-

પૂ. જયંતમુનિજીએ સ્તોત્ર વિવેચનમા માત્ર શ્લોકનો વિવેચનાર્થ જ ન કરતાં તેનાથી આગળ વધી વિવેચનામાં અલંકારોની પ્રયુક્તિનો પણ પરિચય કરાવ્યો છે. એકેક શબ્દોની

વ્યુત્પતિ દ્વાર સમજણ, અલંકારની સમજણ તથા દાર્શનિક દૃષ્ટિએ ચર્ચા કરવી તે તેઓશ્રીની વિશેષતા છે. જુદા-જુદા અનેક પ્રકારના અલંકારની નામોકિત દ્વારા તેઓશ્રી પોતાના અગાઢ જ્ઞાનનો પરિચય કરાવે છે. - જે સુંદરતાનું ઉપપદાન કરે છે તેને અલંકાર કહેવાય છે. આચાર્ય મમ્મટ્ટે અલંકારના સ્વરૂપનું નિર્દેશન કર્તા કહ્યું છે કે - હાર, કુંડલ આદિ જે રીતે શરીરની શોભા વધારે છે તેવી જ રીતે, જે કાવ્યને સુંદરતા પ્રદાન કરે છે તેને ધર્મ-અલંકાર કહેવામાં આવે છે. શબ્દ અને અર્થના આધારે અલંકારોને શબ્દાલંકાર અને અર્થાલંકાર તેમ બે ભાગમાં વિભાજિત કરવામાં આવે છે. જ્યાં બંનેમાં સૌંદર્ય હોય ત્યાં ઊભયાલંકાર કહેવામાં આવે છે. પૂ. જયંતમુનિજી દ્વારા વિવેચન કરાયેલ પુસ્તકનો અભ્યાસ કરતાં જણાય છે કે, સંપૂર્ણ સ્તોત્રમાં કુલ જુદી જુદી જગ્યાએ અનેક અલંકારો વપરાયેલા છે. જુદા - જુદા પ્રકારનાં અલંકારોની માહિતી જયંતમુનિજીએ આપેલ છે તે અત્રે પ્રસ્તુત છે.

(૧) અનુપમ અલંકાર :- શ્લોક નં. ૫ મા શ્રી જયંતમુનિજીએ जडाशयाऽपि શબ્દના અર્થમાં વિવેચન કરતાં બતાવ્યું છે કે, અત્યાર સુધી હું જડાશય હતો, પરંતુ હવે જડાશયથી ઉપર ઊઠીને સ્તવના પવિત્રક્ષેત્રમાં પ્રવેશ કરી રહ્યો છું. જડાશય હોવા છતાં પણ ભક્તિના આશયવાળો પણ છું. માત્ર જડાશય શબ્દ લઘુતાનો દ્યોતક નથી. પરોક્ષભાવથી કવિના સામર્થ્યનો પણ પરિચય આપે છે... આમ, લઘુતા અને મહત્તાના ભાવોનું વિશ્લેષણ કરતાં મુનિશ્રી અહીં 'અનુપમ અલંકાર' દર્શાવી રહ્યા છે.

(૨) દીર્ઘઉપમા અલંકાર :- શ્લોક નં. ૭ માં સ્તુતિકાર કહે છે, ગ્રીષ્મકાળના તપ્ત સમયમાં કોઈ યાત્રિક તરસથી વ્યાકુળ છે અને તે સમયે નજીકના કોઈ સરોવરમાંથી શીતળજળને સ્પર્શ કરતી ઠંડી હવા યાત્રિકને તૃપ્તિનો અનુભવ કરાવે છે અને તેને આશા બંધાય છે કે હવે શીતળ જળાશય મળવાનું છે. સ્તુતિકારે પ્રશ્ન કર્યો છે કે યાત્રિકને શું મનોહરવાયુ પ્રસન્નતા આપતા નથી. આ બાબતે મુનિશ્રી સમજાવે છે, સરોવરની જગ્યાએ પરમાત્મા છે, યાત્રિકની જગ્યાએ સાધન છે અને સંતપ્ત ગ્રીષ્મકાળ તે સંસાર છે, નામસ્મરણરૂપ શીતળ વાયુ છે, જે ભગવાનરૂપી સરોવરમાંથી નીકળી સાધક-ભક્તને સ્પર્શી રહ્યો છે. આમ, જુદી-જુદી ઉપમાઓ સમજાવી મુનિશ્રી અહીં દીર્ઘઉપમા અલંકાર સમજાવી રહ્યાં છે.

(૩) વિરોધાભાસ અલંકાર :- શ્લોક નં. ૮ માં સ્તુતિકાર વિષમ સ્થિતિવાળા વનની ઉપમા સમસ્થિતિવાળા આત્મરૂપી વન સાથે કરે છે. આ બાબત સમજાવતાં મુનિશ્રી વિવેચન કરે છે. વનપ્રદેશ દૃશ્યમાન વનસ્પતિથી ભરપૂર છે અને આત્મપ્રદેશ સર્વથા નિર્મળ અને અસંગભાવથી સમસ્થિતિવાળા છે. આમ, બે અલગ ગુણો ધરાવનાર તત્ત્વોને સામ્યતામય ઉપમા આપવાથી અહીં 'વિરોધાભાસ અલંકાર'ની વાત રજૂ કરે છે.

(૪) ઉત્પ્રેક્ષા અલંકાર :- શ્લોક નં. ૨૨મા ચામર પ્રાતિહાર્યના વર્ણન સંદર્ભમાં, મુનિશ્રી સમજાવતાં કહે છે, ચામરની જોડીઓમાંથી અસંખ્ય ચમકતાં કિરણો એક પ્રકારે નાચી

રહ્યાં છે અને અલૌકિક દૃશ્ય ઉત્પન્ન કરે છે. આ શુચિનૃત્ય કવિહૃદયને જાણે કંઈક કહી રહ્યાં છે એટલે કહે છે 'मन्ये वदन्ति' માનું છું કે કિરણો કંઈક કહી રહ્યાં છે. આ ભાવોને દર્શાવી મુનિશ્રી અહીં 'ઉત્પ્રેક્ષા અલંકાર' ના પ્રયોગને સમજાવે છે.

આ રીતે જુદા જુદા શ્લોકમાં પ્રયુક્ત અલંકાર નીચે કયા શ્લોકમાં ને પૂ. જયંતમુનિજીના વિવેચન પુસ્તકમાં કયા પાના પર છે તે દર્શાવ્યું છે.

અલંકાર	શ્લોક નં.	પાના નં.
લઘુવ્યાપક અલંકાર	૨	૪૧
લાઘવ ગર્વોક્તિ અલંકાર	૨	૪૨
લાઘવ સામર્થ્ય અલંકાર	૩	૫૨
અન્યથા ઉક્તિ અલંકાર	૩	૫૩
અસામાન્ય સામાન્ય ઉપમા અલંકાર	૩	૫૪
આશ્ચર્યોક્તિ અલંકાર	૩	૫૧
અનુપાય અલંકાર	૩	૪૯
પ્રચ્છન્ન સામર્થ્ય અલંકાર	૩	૫૬
અપકૃતિ અને સુકૃતિ અલંકાર	૪	૬૫
અનુપમ અલંકાર	૫	૭૨
અતુલ્ય તુલના અલંકાર	૫	૭૫
અગમ્ય ગમ્ય અલંકાર	૬	૮૫
અનુક્ત અલંકાર	૬	૮૬
દીર્ઘ ઉપમા અલંકાર	૭	૯૬
પ્રાસાનુલંકાર	૭	૯૬
સાંગોપાંગ પૂર્ણ અલંકાર	૮	૧૦૬
વિરોધાભાસ અલંકાર	૮	૧૦૬
અસમન્વિત સામ્ય અલંકાર	૯	૧૨૧
ઉપમા અલંકાર	૧૦	૧૩૪
વિપરીત અલંકાર	૧૧	૧૪૭
વિશિષ્ટ ઉપમા અલંકાર	૧૧	૧૪૮
અતુલિત ઉપમા અલંકાર	૧૨	૧૫૫
પ્રત્યાભાસ અલંકાર-	૧૩	૧૬૦
વિગુણાત્મક ઉપમા અલંકાર	૧૩	૧૬૩
સર્વાંગોપમા અલંકાર	૧૪	૧૭૧
વિશિષ્ટ ઉપમા અલંકાર	૧૫	૧૭૮
પ્રશ્નાત્મક અલંકાર	૧૬	૧૯૦
ઔપચારિક સામ્ય અલંકાર	૧૭	૧૯૬

ઉચિત ઉપમા અલંકાર	૧૮	૨૦૫
સાપેક્ષ ભાવાલંકાર	૧૯	૨૧૭
ભાવ સામ્ય અલંકાર	૨૦	૨૨૮
શબ્દ અલંકાર	૨૦	૨૩૨
ઉત્પ્રેક્ષા અલંકાર	૨૨	૨૪૫
ઉપમા અલંકાર	૨૩	૨૫૨
ગુણાગુણ વૈપ્રિત્ય અલંકાર	૨૪	૨૫૭
ગુણાગુણ વિપરીત અલંકાર	૨૪	૨૫૯
અન્યોન્ય શોભા અલંકાર	૨૬	૨૮૪
અનુપ્રાસ અલંકાર	૨૮	૩૦૪
આશ્ચર્ય અલંકાર	૨૮	૩૦૭
ધ્રુવસામ્ય અલંકાર	૨૯	૩૧૩
શૂન્ય સદ્‌ભાવ અલંકાર	૨૯	૩૧૭
લઘુમહદ્ અલંકાર	૨૯	૩૧૮
વિલક્ષણ ગુણાખ્યાન અલંકાર	૩૦	૩૨૪
ગમ્યાગમ્ય અલંકાર	૩૦	૩૨૮
અન્યથા ઉક્તિ અલંકાર	૩૪	૩૫૬
નિષેધાત્મક ઉપાલંભ અલંકાર (વ્યાજસ્તુતિ)	૩૫	૩૭૧
ઉપાલંભ અલંકાર	૩૫	૩૭૫
આક્ષેપ અલંકાર	૪૦	૪૩૦
સામ્ય અલંકાર	૪૨	૪૫૦
અભિનવ અનુરોધ અલંકાર	૪૨	૪૫૧
ઊભયાન્વયી સંશ્લેષ અલંકાર	૪૪	૪૬૫/૪૬૬
સમન્વય અલંકાર	૪૪	૪૬૯

ઉપરોક્ત દર્શાવેલ અલંકારોનો શ્લોકમાં કઈ રીતે પ્રયોગ થયો છે તેની સુંદર સમજણ પોતાના વિવેચનમાં મુનિશ્રી કરતાં જણાય ત્યારે તેઓને "વિદ્વાન વ્યાકરણ વિશારદ"નું અપાયેલું ઉપનામ સાર્થક પુરવાર થાય છે.

પૂ. જયંતમુનિજીના વિવેચન પુસ્તકને વાંચતા અનુભવાય છે કે, તેઓ ન્યાય-વ્યાકરણ-જૈનદર્શન અને અલંકાર શાસ્ત્રના અભ્યાસ છે. તેઓશ્રી દૃષ્ટિ પારગામી છે. માટે, સૂક્ષ્મપદાર્થોનું પણ વિવેચન વિસ્તારપૂર્વક કરેલ છે. તેમ છતાં ક્યારેક ક્યારેક શાસ્ત્રોની સંકુલ વાતો રજૂ કરવામાં મુનિશ્રી કલ્યાણમંદિરના મૂળભક્તિના ભાવોને કે આધ્યાત્મિક ભાવોને યોગ્ય રીતે ન્યાય આપી શક્યાં નથી. વિવેચનમાં દીર્ઘસૂત્રિતા પ્રવેશી ગઈ છે. આવી, કેટલીક મર્યાદાઓ હોવા છતાં પણ મુનિશ્રી અમુક સ્થળે કલ્યાણમંદિરના રહસ્યમય સ્થાનો પર સુંદર રીતે પ્રકાશ પાડેલ છે.

(ઈ) પુસ્તકનું નામ : શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર
વિવેચક : સાધ્વીશ્રી મુક્તિપ્રભાજી

શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર પરના વિવેચનકાર્યોમાં સાધ્વીજીશ્રી મુક્તિપ્રભાજીએ પોતાનું યોગદાન આપેલ છે. અનુયોગપ્રવર્તક પૂ. કનૈયાલાલજી મહારાજે આ સાધ્વીજીની વિદ્વત્તા અને પાંડિત્યતાને કારણે તેઓને 'શ્રુતાચાર્ય'ના ઉત્તમ વિશેષણથી અલંકૃત કર્યા છે. શ્રી મુક્તિપ્રભાજીનો જન્મ માતુશ્રી સુશીલાબેન તથા પિતાશ્રી ચંદુલાલભાઈ મોદીને ત્યાં સં. ૧૯૪૧ (ઈ.સ. ૧૮૮૫) વિજ્યાદશમીના શુભદિને આકોલા - મહારાષ્ટ્રમાં થયો.

જેમ ફૂલોની સુગંધ છૂપી રહેતી નથી તેમ જાગૃત થયેલા આત્માનો વૈરાગ્ય પણ છૂપો રહેતો નથીને તે વૈરાગ્યને કારણે માત્ર ૧૮ વર્ષની ઉંમરે દીક્ષા અંગીકાર કરી. સં. ૧૯૫૯ (ઈ.સ. ૧૯૦૩) માં ઘાંડનદી - મહારાષ્ટ્રમાં તેઓશ્રીએ પૂ. ઉજ્જવલકુમારીજી મ.સ.ના સાનિધ્યે સંયમજીવન અંગીકાર કર્યું. આત્મચિંતન, સ્વાધ્યાય ને ધ્યાનમાં સંલગ્ન શ્રી મુક્તિપ્રભાજીને સંપૂર્ણ જૈનાગમોનું તાત્ત્વિક અવલોકન કરેલ. ચારેય અનુયોગના અનુશીલન - અનુવાદ એવમ્ અનુચિંતન કરી. જૈન યોગ : એક સમાલોચનાત્મક અધ્યયનં શોધ નિબંધ તૈયાર કરી ડૉક્ટરની પદવી પ્રાપ્ત કરેલ. 'યોગ-પ્રયોગ-અયોગ', 'જૈન સાધના પદ્ધતિ હેતુ સાધનાક્રમ' આદિ અનેક અભ્યાસકૃતિઓનું સર્જન કર્યું ને પોતાની અભ્યાસશ્રેણીરૂપ પુસ્તકોમાં પ્રકાશિત થયેલા સુંદર પુસ્તકોમાંનું એક 'કલ્યાણમંદિર સ્તોત્ર' છે.

સાધ્વીજી શ્રી મુક્તિપ્રભાજીએ 'કલ્યાણમંદિર સ્તોત્ર' ના વિવેચનરૂપ કાર્યમાં દરેક શ્લોકનું દર્શન કરાવ્યા બાદ દરેક શબ્દનો અર્થ સમજાવ્યા બાદ વિવેચન કાર્ય શરૂ કરેલ છે. પોતાની પ્રસ્તાવનામાં જ સાધ્વીજીએ આ સ્તોત્રની વિશેષતા બતાવતાં સ્તોત્રને સૂર્યની સમાન દેદીપ્યમાન બતાવ્યું છે. જેમ સૂર્ય બધીજ દિશામાં પ્રકાશ રેલાવી અંધકારને દૂર કરે છે તેમ, સ્તોત્રના ભાવો સાધક માટે, અંધકારની દિશામાંથી પ્રકાશ તરફ લઈ જવામાં સહાયરૂપ છે. સાધ્વીજી મુક્તિપ્રભાજીએ આ સ્તોત્રની ભક્તિના માધ્યમથી ધ્યાન અને સમાધિ કઈ રીતે પ્રાપ્ત થઈ શકે તે સમજાવ્યું છે.

લેખિકા સાધ્વીજીએ પૂર્ણ વિવેચનને કુલ ૧૮ અધ્યાયમાં વિભાજિત કરેલ છે. પૂર્ણ વિવેચનકાર્યમાં સાધ્વીજીશ્રીના વિપુલ જ્ઞાન અને ધ્યાન પ્રત્યેની રુચિનાં દર્શન કરાવે છે. પ્રથમ બે શ્લોકને વિવેચન કરતાં પૂર્વે તેઓ કહી રહ્યાં છે કે, સ્તુતિ તો પ્રભુની કરીશું પણ તે સાર્થક કેવી રીતે બની શકે ? તેના અનુસંધાનમાં પોતાના વિવેચનકાર્યના પ્રથમ અધ્યાયને 'તન્મયતા' શીર્ષક સાથે રજૂ કરે છે. જ્યારે ભક્તિની તન્મયતા આવે ત્યારે જ પ્રભુ સુધી પહોંચવાનો પ્રયાસ સાર્થક થાય. તન્મયતાથી ગાયેલા થોડાક જ શબ્દો સમર્થ થઈ જાય છે. વિપુલ શબ્દોના સમૂહથી બનેલા સ્તોત્રગાન સમયે જો તન્મયતા ન હોય તો ભાવ વગરની માત્ર ભાષારૂપ ભક્તિ કલ્યાણ કરાવવામાં સહાયક ન બની શકે. પ્રથમ બે શ્લોકમાં તન્મયતાનું મહત્ત્વ દર્શાવ્યા બાદ પ્રભુ માટે પ્રયોજિત એકેક વિશેષણોનો ઉપયોગ કરી તે જનકલ્યાણ માટે કેવી

રીતે ઉપકારક છે તે દર્શાવ્યું છે. ને પ્રથમ બે ગાથાના અંતે તન્મયતા કેન્દ્રિત કઈ રીતે કરવી? તે સમજાવવા ધ્યાનપ્રયોગની વિધિ પણ આલેખી છે.

ત્રીજા અને ચોથા શ્લોકમાં વિવેચન કરતાં, તેઓશ્રી બે શ્લોકનું વિવચેન કરતાં તેને 'વિષાદ'નું શીર્ષક આપે છે. પ્રભુની ભક્તિને સ્તુતિ કરવી તો છે પણ પોતાની અલ્પમતિથી કઈ રીતે ભક્તિ કરવી ? સ્તુતિકારના આ ભાવને વિષાદરૂપે આલેખિત કરી કહે છે. ભૌતિકતા માટેનો વિષાદ નકામો છે પણ, પ્રભુમિલનનો વિષાદ જ સાધકતાનું લક્ષણ છે ને, ત્રીજો ને ચોથા શ્લોકમાં વિવેચનબાદ વિષાદથી દૂર થવા માટે ધ્યાનપ્રયોગની પ્રક્રિયા બતાવી છે.

પાંચમા ને છઠ્ઠા શ્લોકમાં વિવેચનમાં સાધ્વીજીશ્રીએ આ બે શ્લોકના વિવેચનને 'નિર્વિચાર' શીર્ષક આપેલ છે. આ સંદર્ભમાં સ્તુતિકારને ભાવોને સમજી તેઓ કહી રહ્યા છે, નાના બાળકને પૂછવામાં આવે કે સાગર કેટલો મોટો ? તો, તરત પોતાના નાના-નાના હાથ ફેલાવીને બતાવશે કે સાગર આટલો મોટો છે. બાળક નિર્દોષ હોય છે... નિર્વિચાર દશામાં જીવતો બાળક નિર્દોષ છે. તેમ, અંદર વિચારોમાં સાગર ફેલાયેલો છે. વિચારોના પ્રવાહમાં માનવ કેટલા કિલોમીટર ફરે છે. પણ, વિચારોની શ્રૃંખલા છોડી નિર્વિચાર બનવાનો પ્રયત્ન કરીશું ત્યારે આપણો પ્રભુમિલનનો તલસાટ પૂર્ણ થશે ને નિર્વિચારદશા પ્રગટાવવા વિવેચન અંતે ધ્યાનપ્રયોગ દર્શાવ્યો છે.

સાતમાને આઠમા શ્લોકનું વિવેચન 'પરિસ્થિતિ' નામના શીર્ષકથી શરૂ કરતાં લેખિકા સાધ્વીજી જણાવે છે, અનુકૂળ પરિસ્થિતના સંયોગમાં તમે ખુશ છો તો શું પ્રતિકૂળ પરિસ્થિતના સંયોગમાં પણ તમે ખુશ છો ? આગળ શ્લોકના ભાવોમાં સમજણ આપતાં કહે છે, ગ્રીષ્મઋતુની ગરમીની પીડાથી પીડિત માનવને કમળયુક્ત સરોવર તો સુખ પ્રદાન કરે જ છે પણ એ સરોવરની શીતળ હવા પણ સુખ પ્રદાન કરે છે. આ સંદર્ભથી છે જ પણ સ્વયંમાં જવાના પ્રયાસ કરવામાં પણ સુખદ છે ને શ્લોકના વિવેચન બાદ પરિસ્થિતિ ગમે તેવી વિષમ હોય મનને શાંત બનાવવા ધ્યાન પ્રયોગ સમજાવતી ક્રિયા દર્શાવી છે.

નવમા અને દશમા શ્લોકને સાધ્વીજીશ્રી 'સાધના' શીર્ષક સાથે કહે છે - સાધનામાં સંલગ્ન રહેવા માટે સાધકને સર્વ પ્રથમ સ્વભાવથી ઉત્પન્ન થવાવાળા સંકલ્પોને જોવા પડશે. સ્તુતિના ભાવોને અનુરૂપ કહે છે જ્યારે તમે શાંત થઈ જશો એ સમયે જ સમાધિમાં સ્વયંના દર્શન થઈ જશે. આપણી સાધના ભેદજ્ઞાનની સાધના છે ને અંતે ફરી ધ્યાનપ્રયોગ સમજાવ્યો છે.

અગિયારમા ને બારમા શ્લોકને શોધ શીર્ષક સાથે કહે છે બહારની શોધ અંદરના શાંતિ અને આનંદને મેળવવા માટે નથી. તેરમા ને ચૌદમા શ્લોકમાં 'રાગ' શીર્ષકથી વિવેચન કરતાં જણાવે છે, રાગમાં સમાધિ નથી. રાગમાં સ્વાધીનતા નથી, રાગમાં આનંદ નથી. રાગ તો ભોગની ઉત્પત્તિ છે. શ્લોકને અનુરૂપ ભાવો બતાવતાં કહે છે, જેમ થોડી હિમવર્ષા મોટા

મોટા જંગલમોને ક્ષણવારમાં બાળીને ભસ્મ કરી નાંખે છે. બાળવાનો સ્વભાવ તો આગનો છે. વન અને જંગલોને આગ લાગે અને ભસ્મ થઈ જાય થે. પણ હિમવર્ષા આગ નથી છતાં પણ વન અને જંગલને સમાપ્ત કરી નાંખે છે. દ્વેષ આગ છે એનાથી તો બધું જ નષ્ટ થઈ જાય છે. પણ, રાગ હિમવર્ષા જેવો છે.

પંદરમા ને સોળમાં શ્લોકના ભાવોને 'શરીર' શબ્દના શીર્ષકથી સમજાવતાં, શરીર જ દુઃખના કારણરૂપ છે પણ તે શરીરનું મમત્વ છૂટી જાય તો શરીરનો સહારો જ લક્ષ્ય સુધી પહોંચાડવા માટે સમર્થ છે તેમ આલેખ્યું છે. સત્તરમાં અને અઢારમાં શ્લોકમાં 'દંભ' શીર્ષકની વિવેચન કરતાં લેખિકા સાધ્વીજી કહે છે દંભ સહિતની સાધના આત્મા કલ્યાણ કરવામાં સમર્થ નથી. ઓગણીસમા ને વીસમા શ્લોકને 'અસક્તિ' શીર્ષકથી જણાવ્યું છે કે, દુઃખ, દર્દ અને ભયનો મૂલભૂત સંબંધ તો આસક્તિથી છે. આસક્તિના કારણે જ કામ, ક્રોધ, ભય, ઘૃણાનો આવેગ ભરાય છે. કોઈપણ આવેગ સ્વયં જાગૃત નથી થતો. આવેગોને જગાડવા પાછળ આસક્તિનો બહુ મોટો પ્રભાવ છે. આસક્તિનું રૂપાંતરણ અનાસક્તિમાં થાય ત્યારે ભક્તિ અવશ્ય ફળશે.

એકવીસમાં અને બાવીશમાં શ્લોકમાં 'મૌન' શીર્ષક સાથે સમજાવ્યું છે, મન, વાણી અને શરીરનું મૌન કરતાં જ્યારે વ્યક્તિ શીખી જાય ત્યારે તે મૌનસાધના તેની સાધના માટે - મોક્ષ સુખને પ્રાપ્ત કરવા માટે અદ્‌ભુત સહાયક બની શકે તેમ છે.

ત્રેવીસમાં ને ચોવીસમાં શ્લોકમાં ગુણાનુરાગી બનવાથી જ વીતરાગી બની શકાય છે તેની વાત કરે છે.

આગળના વિવેચનકાર્યમાં પચ્ચીસમાં, છવ્વીસમાં, સત્તાવીસમાં અને અઠ્ઠાવીસમાં એમ ચાર શ્લોકનું સંયુક્ત વિવેચન 'ધર્મ' નામના શીર્ષકથી શરૂ કરી પ્રથમ તો લેખિકાશ્રી અંતરવેદના સાથે સંસારની વાસ્તવિકતા સમજાવતાં કહે છે, સંસારમાં ધર્મનો સદ્‌ઉપયોગ પણ થયો છે એ દુરુપયોગ પણ. અંધશ્રધ્ધા, અંધભક્તિ અને મત-મતાંતરનું આવરણ તૂટી જાય તો ધર્મ-ધર્મરૂપે પરિણમે. વાદ-વિવાદે ક્યારે પણ ધર્મને ધર્મ સમજવા નથી દીધા. ધર્મ પૂર્વે પણ હતો, આજે પણ છે અને કાલે પણ રહેશે. ધર્મમાં કોઈ પરિવર્તન નથી. પરિવર્તન છે સંપ્રદાયના અખાડામાં, અખાડામાં ધર્મ ઊતરી આવ્યો છે. સંપ્રદાય વાદે ધર્મના ટૂકડે ટૂકડા કર્યા છે. પરંતુ, ધર્મ તો જાગરણની પ્રક્રિયા છે. ધર્મ આપણને ભોગ-વાસનાથી મુક્ત રાખે છે. ધર્મ ન રાગમાં હોય, ન દ્વેષમાં હોય. ધર્મ સમતામાં હોય છે ને પરમાત્મા આવા ધર્મભાવથી યુક્ત હોવાથી દેવદુંદભિનો નાદ કે ત્રણ શ્વેત છત્રોમાં પ્રભુને કાંઈ રાગ નથી. માણેક, સુવર્ણ અને ચાંદીથી બનાવેલા સમવશરણમાં કે દેવોના રત્નજડિત મુગટમાં લાગેલી ફૂલોની માળાથી પ્રભુ રાગ કરતા નથી. કારણ ધર્મતત્ત્વ માત્ર બહારથી નહિં સત્યધર્મ જાણ્યો છે. ધર્મ અંદર આવતાં જ ધૈર્ય ધારણ થાય અને ધ્યાન, સહજ અને શાંતિ પ્રદાન કરવા લાગે. આવી, વાત આ ચાર શ્લોકના વિવેચનમાં લેખિકાશ્રી આલેખે છે.

ઓગણત્રીસ, ત્રીસ અને એકત્રીસ ને બત્રીસ એમ ચાર શ્લોકના વિવેચનમાં એકાગ્રતા શીર્ષકથી સમજાવે છે, ચિત્તની એકાગ્રતા બાહ્યદૃષ્ટિથી વિશેષ હોય છે. આ શ્લોકોમાં પ્રભુને કમઠાસુર દ્વારા અપાયેલા ઉપસર્ગોનું વર્ણ કરે છે ને તેના સંદર્ભમાં લેખિકાશ્રી કહે છે કે - ગમે તેટલા ઉપસર્ગો પેલા કમઠાસુર કરે છે છતાં પ્રભુ એકાગ્રતાથી ચલિત થયા નથી. મનથી પણ દુર્ભાવ કર્યો નથી. તેમના ચિત્તની એકાગ્રતા કેવી કે મનથી પણ દ્વેષભાવ કર્યો નથી. આ વિવેચન કરે છે.

તેત્રીસ, ચોત્રીસ, પાંત્રીસ ને છત્રીસ એમ ચાર શ્લોકનું સંયુક્ત વિવેચન કરતાં 'સંસ્કારનો પ્રભાવ' શીર્ષક સાથે જણાવે છે, જેવી પ્રકૃતિ એવું પરિણામ, જેવો ભાવ એવો પ્રભાવ, જેવો ઉત્સાહ એવી તીવ્રતા સ્વયં પ્રવૃત થાય છે. ને સ્તુતિકાર ભાવોને આકાર આપતાં લેખિકાશ્રી કહે છે, અનંતજન્મોથી હું તિરસ્કારોનું પાત્ર રહ્યો છું. મેં ક્યારે આપના ચરણોની અર્ચના પણ કરી નથી. અરે ! સંસારસાગરમાં પરિભ્રમણ કરતા હજી પણ આપનું પવિત્ર નામ નથી સાંભળ્યું - તેથી મારા પૂર્વના સંસ્કારોને કારણે આ ભવમાં પણ આપનો પ્રભાવ, આપનો સદ્‌ભાવ હું અનુભવી શકતો નથી.

સાડત્રીસ, આડત્રીસ, ઓગણચાલીસ ને ચાલીસ આ ચાર શ્લોકમાં લેખિકાશ્રી ઈર્ષા શીર્ષક સાથે વિવેચન કરતાં જણાવે છે, આપના દર્શન, પૂજા, નામસ્મરણ બધું કર્યું પણ માત્ર અહંની પૂર્તિ માટે જ કર્યું છે. ને આ અહંપૂર્તિના ભાવ સાથે સમજાવે છે, જ્યારે વ્યક્તિમાં ઈર્ષા હોય ત્યારે જ અહં જાગે છે - આ વાતનો વિસ્તાર કર્યા બાદ એકતાલીસ, બેતાલીસ, તેતાલીસમા શ્લોકના વિવેચનને 'પ્રજ્ઞા' શીર્ષકથી સમજાવતાં કહે છે - મનઃ સ્થિતનું સંતુલન, વાણીનું સ્તુલન, સ્થૂલ શરીરનું સંતુલન, એની સંચાલનશક્તિ, પ્રાણતત્ત્વનું સંતુલન વગેરે સંતુલનમાં પ્રજ્ઞાનું જ પ્રાધાન્ય હોય છે. પ્રજ્ઞાને સમજવું, એને સુરક્ષિત રાખવું અને એનો યોગ્ય ઉપયોગ કરવો જીવનમાં ખૂબજ આવશ્યક છે. અંદર સુતેલી પ્રજ્ઞાને જગાડવાની છે. પ્રજ્ઞાનો ઉપયોગ અલ્પ અને અપવ્યય અધિક થઈ રહ્યો છે. આપણી વિશુધ્ધ ચેતનાને જગાડવા પ્રજ્ઞાને વધારો ને અંતિમ ચુમ્માલીસમાં શ્લોકમાં 'સમાધિ' શીર્ષક સાથે કહે છે, સમત્વ યોગી, ધ્યાન અને સમાધિમાં નિરંતર મસ્ત હોય છે. સમાધિની સાધના સાધકને પરમ સાક્ષીભાવ આપે છે. સમાધિસ્થ સાધકના દેહ પર કોઈ ઉપસર્ગોની ઝડી વરસાવે તો'ય સમત્વયોગી સમભાવ જ આપે ને, અંતિમ શ્લોકમાં વિવેચનકાર લેખિકાશ્રી કહે છે સર્વજન સમુદાય સમત્વયોગની સાધનામાં સંલગ્ન થઈ જાવ, કર્મનો ભાંગીને ભૂક્કો થઈ જશે બસ પછી તો મોક્ષ મોક્ષ અને મોક્ષ જ છે.

સાધ્વીશ્રી મુક્તિપ્રભાજી પોતાના કલ્યાણમંદિર સ્તોત્રના વિવેચનમાં એક-એક શ્લોકનું વિવેચન કરે છે. પરંતુ, સાધ્વજીશ્રીની વિવેચનશૈલી સંપૂર્ણ ધ્યાનના - અધ્યાત્મભાવના આધારે છે. શ્લોકમાંથી માત્ર એક શબ્દ લઈ તેઓશ્રી પૂર્ણ વિવેચન તે જ સંદર્ભ કરે છે માટે, શ્લોકના ભાવોને સંપૂર્ણ રીતે આલેખી વિવેચન કરી શકતાં નથી. માત્ર એક જ શબ્દના આધારે થતાં વિવેચનકાર્યને કારણે શ્લોકના ભાવોની અન્ય જ વાત પર વિવેચન કરતાં હોય એમ વિષયાંતર થયેલું દેખાય છે - સામાન્ય વ્યક્તિ માટે આ વિવેચનને સમજવું થોડું અઘરું લાગે તેમ છે.

૨) 'કલ્યાણમંદિર સ્તોત્ર' વિષયક પાદપૂર્તિઓ :-

પાદપૂર્તિરૂપ કાવ્યો રચવાની શરૂઆત ક્યારથી થઈ એ કહેવું ખૂબ જ મુશ્કેલ છે. એ તો જાણીતી હકીકત છે કે, જે કાવ્યરચના કરવામાં આવે છે તેમાં વર્ણવેલા અલંકારોમાંથી પાદ-પૂર્તિ પણ એક અલંકાર જ છે. તેથી પાદપૂર્તિરૂપ કાવ્યો રચવા માટે આવા અલંકારનો પ્રયોગ કરવા તરફ સૌ પ્રથમ કોનું ધ્યાન ખેંચાયું ? એ જાણવાનું મુશ્કેલ કારણ એ છે કે એક તો પ્રાચીનમાં પ્રાચીન અંલાકરશાસ્ત્ર કયું છે અને તેની રચના કોણે કરી હતી, મુખ્યત્વે તે જાણવું જોઈએ. બીજી એક વાત પણ મહત્ત્વની છે કે પહેલવહેલું પાદપૂર્તિરૂપ કાવ્ય કોણે રચ્યું એનો પણ નિર્ણય કરવા તેના કર્તાનો સમય નિર્ણિત હોવો જોઈએ. એ ઉદાહરણ તરીકે જોઈએ તો, મેઘદૂતની પાદપૂર્તિરૂપ કાવ્ય રચવાનાકાર્યની શરૂઆત જૈનોએ કરી છે એવી જૈન આત્માનંદ ગ્રંથરત્નમાલા તરફથી બહાર પડેલ જૈન મેઘદૂતની પ્રસ્તાવનામાં ઉલ્લેખ છે.

પાદપૂર્તિરૂપ કાવ્યો રચવાનો ઉદ્દેશ શો હોઈ શકે ? એ વિશેષ વિચારતાં એમ લાગે છે કે, માનવીનો મૂળભૂત સ્વભાવ છે અન્યનું અનુકરણ કરવું. પછી ભલે તે વાસ્તવિક હોય કે અવાસ્તવિક હોય છતાં પણ તેમ કરવાને, સામાન્ય માનવી હોય કે મહાન વિદ્વાન બુદ્ધિશાળી માનવી હોય તેમ કરવાને લલચાય છે. અર્થાત્ અનુકરણ એ માનવીનો સહજ સ્વભાવ છે, તે માધ્યમ દ્વારા એક માનવી માન-કીર્તિ, ધન-દોલત, વિદ્યા પ્રાપ્ત કરતો દૃષ્ટિગોચર થાય છે, તે માધ્યમને અનુલક્ષીને તે અનુસાર વર્તન કરવા માટે અન્ય માનવી તૈયાર થઈ જાય છે. જે કવિઓ સરસ્વતી કૃપા દ્વારા વિદ્યા મેળવી સુંદર-મનોહારી કાવ્યોની રચના કરી કીર્તિને પામ્યા છે તેમના અનુસરણરૂપ અનેક માનવીએ તેવાં જ કાવ્યો રચવાની કોશિશ કરી છે જેને પાદપૂર્તિરૂપ કહી શકાય. આવાં પાદપૂર્તિરૂપ કાવ્યોમાં મુળ સ્તોત્રકાવ્યના એક ચરણને લઈને (જે પ્રથમ ચરણ કે અંતિમ પણ હોઈ શકે) રચના કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે, જૈન રચનાઓમાં શાકુંતલ, કુમારસંભવના રચયિતા મહાકવિ કાલિદાસના 'મેઘદૂત'ની મોહિનીમાં મુગ્ધ બનીને તેના જેવું દૂતકાવ્ય રચી, તેમના જેવી કીર્તિ મેળવવા કેટલાક જૈન અને અજૈન કવિઓએ પ્રયત્ન કર્યો છે. આવા જૈન કવિઓની વાદિચંદ્ર વિરચિત 'પવન-દૂત', વિનયવિજયગણિ રચિત 'ઈન્દુ-દૂત', ઉપાધ્યાય શ્રી મેઘવિજયે 'મેઘદૂત-સમસ્યા' લેખ લખ્યો છે, સાંગણસુત વિક્રમ વિરચિત 'નેમિ-દૂત' વગેરે રચનાઓ છે.

જૈન કાવ્યોમાં પણ આવાં પાદપૂર્તિરૂપ કાવ્યો રચાયાં છે. ઉદાહરણ તરીકે, પ્રાસાદ અને સરળતાથી વિભૂષિત સિન્દૂર-પ્રકર જે શ્રી સોમપ્રભસૂરિ વિચરિત છે. તેની પાદપૂર્તિ રૂપે કાવ્યો રચાયાં છે. જેમાં હરિસાધુ રચિત 'કર્પૂર-પ્રકર' છે. આ ઉપરાંત 'કસ્તૂરી-પ્રકર' અને 'હિંગુલ-પ્રકર' પણ રચવામાં આવ્યા છે.

આવાં તો અનેક ઉદાહરણો છે કે જેમાં જૈન કે અજૈન કાવ્યોની છાયા રૂપે કે પાદપૂર્તિ રૂપે વિપુલ પ્રમાણમાં કાવ્યો રચાયાં છે. આવાં પાદપૂર્તિરૂપ કાવ્યો રચવામાં માનવીની અનુકરણરૂપ સહજવૃત્તિ કારણભૂત હોય અને કદાચ એ પણ સંભવી શકે છે કે અનુકરણનો મુખ્ય હેતુ મૂળ

રચનાકાર કરતાં પણ વધારે માન-કીર્તિ, ઉચ્ચ પદ કે વર્ચસ્વ પ્રાપ્ત કરવાની અભિલાષા પણ હોઈ શકે.

જૈન સ્તોત્ર-સાહિત્યમાંથી અનેક પ્રચલિત અને પ્રસિદ્ધ સ્તોત્ર પર પાદ-પૂર્તિરૂપ કાવ્યો રચાયાં છે. શ્રી સિદ્ધસેન દિવાકરનાં શબ્દલાલિત્ય અને અર્થગૌરવથી અલંકૃત 'કલ્યાણમંદિર સ્તોત્ર'ના તેમજ શ્રી માનતુંગસૂરિ વિરચિત મહાપ્રભાવિક 'ભક્તામર સ્તોત્ર'માં અંતિમ પદ લઈને અનેક પાદપૂર્તિરૂપ કાવ્યો રચાયાં છે.આ કાવ્યો રચવાનો મુખ્ય ઉદ્દેશ રચનાકારથી વધારે કીર્તિ સંપાદન કરવાનો ન પણ હોઈ શકે. એ સંદર્ભમાં શ્રી હીરાલાલ કાપડિયા જણાવે છે કે, "ફક્ત અનુકરણ કરવાના ઉદ્દેશે અને તે પણ આ પ્રખર કવીશ્વરોની પ્રતિભાને પહોંચી વળવાના બલકે તેથી પણ વિશિષ્ટ પ્રકારનું પાંડિત્ય પ્રકટ કરવાના હેતુથી જૈન કવિઓએ પાદપૂર્તિરૂપ કાવ્યો રચ્યાં છે એમ માનવા મારું મન તો ના પાડે છે, કેમકે પાદપૂર્તિરૂપ કાવ્યો રચવાનો ઉદ્દેશ તો તે કૃતિઓ પ્રતિ બહુમાન હોવાને લીધે તેને ચિરસ્થાયી બનાવવાનો હોય એમ પણ સંભવી શકે."

શ્રી હીરાલાલ કાપડિયાનું માનવું છે કે દરેક પાદ-પૂર્તિરૂપ કાવ્યો કીર્તિ-માન કે પાંડિત્ય પ્રકટ કરવાના ઉદ્દેશથી નથી રચાયું. જૈન સ્તોત્રસાહિત્ય વિપુલ પ્રમાણમાં રચાયેલું હતું. આજે તેમાંથી અનેક અમૂલ્ય ગ્રંથો અદૃશ્ય થઈ ગયા છે. ભારતની પવિત્ર ભૂમિ પર અનેક દેશી અને પરદેશી રાજાઓ રાજ કરી ગયા. પરંતુ અજૈન અને પરદેશી રાજાઓના હુમલા દરમ્યાન અને તેમના શાસનકાળ દરમ્યાન વૈરભાવને લઈને ધર્માંધોના હાથે કેટલાયે જૈન જ્ઞાનભંડારો અગ્નિદેવના બલિદાનરૂપ થયા છે, કેટલુંક સાહિત્ય ભોમાં ભંડારી દેવામાં આવ્યું હતું. આવી પરિસ્થિતિ જ્યારે સર્જાય ત્યારે કોઈપણ અદ્‌ભુત અલૌકિક કાવ્યને શાશ્વત રાખવા માટે તેના પર પાદપૂર્તિરૂપ કાવ્ય રચાવવાં જોઈએ.

મહાન સ્તોત્રની પાદપૂર્તિરૂપ કાવ્ય રચવાં એ બાળસહજ રમત નથી. પરંતુ મૂળ કાવ્યમાં જે પ્રકારની ભાષાશૈલી - મધુરતા - નર્તનતા હોય તેવી મૌલિકતા અને તેને જે ગુણોથી વિભૂષિત કરવામાં આવ્યું હોય તેને સંગોપીને તેવું જ કાવ્ય રચવું એ મહાન વિદ્વાન પ્રતિભાશાળી માનવી જ કરી શકે, કોઈ સામાન્ય બુદ્ધિના માનવીનું તે કાર્ય હોઈ શકે નહીં. જે પાદપૂર્તિ તરીકે લીધેલા ચરણમાંથી નીકળતા અર્થ સાથે આગળના ચરણોનું અનુસંધાન સુયોગ્ય રીતે થાય તે રીતે તેને ગુંફિત કરવાનું કાર્ય કઠિન હોય છે. કોઈ મહાન કાવ્યકારની કૃતિનું અનુકરણ કરી રચના કરવી એ કવિની પ્રતિભાની પરાકાષ્ઠા સૂચવે છે.

(અ) સુશીલ કલ્યાણમંદિર સ્તોત્ર :-

મહાશક્તિશાળી, ગહન ભાવોથી યુક્ત શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર પર અનેક વિદ્વાનોએ - ચિંતકોએ વિવેચન કર્યા છે. પરંતુ આચાર્યશ્રી સુશીલસૂરીશ્વરજી મહારાજે મૂળ કલ્યાણમંદિર સ્તોત્રના સામાન્ય શબ્દાર્થ કર્યા બાદ વિશેષતારૂપ કલ્યાણમંદિર સ્તોત્રની પાદપૂર્તિરૂપ 'સુશીલ કલ્યાણમંદિર સ્તોત્ર' રચેલું છે...

આ.પૂ. સુશીલસૂરિશ્વરજી મ.સા.નો જન્મ વિ.સં. ૧૯૭૩ માં ઉત્તર ગુજરાતના ચાણસ્મા ગામમાં થયો હતો. માતાશ્રી ચંચલબેન મહેતા અને પિતાશ્રી ચતુરભાઈ મહેતાના ધર્મસંસ્કાર યુક્ત પરિવારમાં નાનપણથી જ તેઓ ધર્મશ્રધ્ધા ધરાવતાં હતાં. એકદા પૂ.આ.ભ.શ્રી લાવણ્યસૂરિજી મ. ના સત્સંગ આવતાં વૈરાગ્ય પામી તેઓશ્રીએ રાજસ્થાન - ઉદયપુરમાં ૧૯૮૮ માં માત્ર ૧૫ વર્ષની ઉંમરે જૈન દીક્ષા અંગીકાર કરી. સરળતા, નમ્રતા ને કુશાગ્ર બુદ્ધિશક્તિને કારણે તેઓ વિશેષ ગુરુકૃપાના પાત્ર બન્યા. જ્ઞાન-ધ્યાન જ જાણે તેઓનો શ્વાસ હતો. સતત જ્ઞાનરમણતા કરતાં - કરતાં તેઓશ્રીએ અનેક આગમો - ગ્રંથો - શાસ્ત્રો આદિ સાહિત્યનો અભ્યાસ કરી તેનો પ્રચાર ને પ્રસાર કર્યો. વિ.સં. ૨૦૨૧ માં રાજસ્થાન - મંડાર મુકામે તેઓને જૈનધર્મનું સર્વોચ્ચ આચાર્ય પદ પ્રદાન કરવામાં આવેલ.

તેઓના શાસન પ્રભાવના અને ધર્મ પ્રભાવનાં કાર્યો જોઈ સમર્થ આ.ભ. પૂ. દક્ષસૂરીશ્વર મહારાજે તેઓને સાહિત્યરત્ન, શાસ્ત્રવિશારદ એવમ્ કવિભૂષણના પદથી અલંકૃત કર્યા હતા. સાથોસાથ જૈનધર્મ દિવાકર, મરુધરદેશોધ્ધારક, રાજસ્થાન દીપક, શાસનરતન, જૈન શાસન શણગાર, પ્રતિષ્ઠા શિરોમણી, જૈન શાસન શિરોમણી જેવા અનેક પદોથી વિવિધ સંઘો તથા સંતો દ્વારા તેઓને અલંકૃત કરવામાં આવેલ.

અનેક ક્ષેત્રોમાં સાહિત્યિક યોગદાન પ્રદત્ત દ્વારા આચાર્યશ્રી પૂ. સુશીલસૂરિશ્વરજીએ 'કલ્યાણમંદિર સ્તોત્ર' પર પણ સાહિત્ય ખેડાણ કર્યું છે. જે તેઓના શિષ્ય આ.પૂ. જિનોત્તમસૂરિશ્વરજીએ સંપાદન કરેલ છે.

વિ. સં. ૨૦૬૦ માંને ઈ.સ. ૨૦૦૪ માં પ્રકાશિત થયેલું 'શ્રી સુશીલ કલ્યાણમંદિર સ્તોત્ર' માં આચાર્યશ્રી સુશીલસૂરિજીએ શ્રી કલ્યાણમંદિર સ્તોત્રના મૂળ શ્લોકને ધ્યાનમાં રાખી ચતુર્થ ચરણને તે પ્રમાણે જ રાખીને પ્રથમ ત્રણ ચરણની નૂતન રચના કરેલી છે. જેમ, શ્રી સિધ્ધસેન દિવાકરજી પોતાના સ્તોત્રમાં પાર્શ્વનાથ પ્રભુની સ્તુતિ ને ભક્તિ કહે છે. તે જ પ્રમાણે શ્રીસુશીલસૂરિજીએ પણ પોતાના રચિત સ્તોત્રમાં શબ્દોની સુંદર ગોઠવણ કરી પાર્શ્વનાથ પ્રભુની જ સ્તુતિ કરેલ છે. મૂળ શ્લોકના ૪૪ શ્લોક સાથે પાદપૂર્તિ કર્યા બાદ નવા ૭ શ્લોક રચી 'સુશીલ કલ્યાણમંદિર સ્તોત્ર' માં કુલ ૫૧ શ્લોકો રચાયેલાં છે. પરંતુ, મૂળ સ્તોત્ર જેવી જ રચના કરી હોવાથી પાદપૂર્તિરૂપ સ્તોત્ર કરતાં છાયારૂપ સ્તોત્ર વધારે લાગે છે. કારણ શબ્દોની અદલા-બદલી કરવા છતાં ભાવાર્થ કરવામાં આવે ત્યારે અર્થ એક સરખો જ પ્રતિત થાય છે. થોડા ઉદાહરણ જોઈએ તો -

- ૧૦માં શ્લોકમાં જેમ દિવાકરજી પ્રશ્નાર્થપૂર્વક પૂછે છે તેમને હૃદયમાં ધારણ કરનાર ભાર હોવા છતાં કેવી રીતે તરે છે ? તેના, સંદર્ભમાં સુશીલસૂરિજી આ પ્રમાણે રચે છે કે -

संतारकोऽसि जिनराज ! कथं जनानाम्,
भक्ता वहन्ति हृयेन च तारयन्ति ।
हुं ज्ञातमद्य ननु संसरते दृतिर्चत्,
अन्तर्गतस्य मरुतः स किलानुभावः ॥ १० ॥

હે જિનરાજ ! તમે કયા કારણસર જનતારક કહેવાઓ છો ? ભક્તજન સ્વયં તમને પોતાના નિર્મળ હૃદય-કમળમાં બેસાડે છે તથા હૃદયથી તમારું વહન કરીને સ્વયં તરે છે તથા તમને પણ તારે છે. આ પ્રકારનો વિકલ્પ મારા મનમાં હતો પરંતુ તે પણ હવે દૂર થઈ ગયો છે.

આજે મેં વિધિવત્ જાણી લીધું છે કે પાણીમાં ખાલી મશક તરી શકતી નથી. પરંતુ હવાથી ભરેલ મશક તરી શકે છે તેનાથી એ સાબિત થાય છે કે ભક્તજનોના હૃદય-કમળમાં નિવાસી તમે જ સંતરણના આધાર છો. તેથી જ તમે જનતારક છો. હવે, આ ૧૦માં શ્લોકમાં મૂળ શ્લોકના અર્થમાં આ પાદપૂર્તિરૂપ શ્લોકમાં અર્થરૂપ કાંઈ નવિનતા લાગતી નથી.

- **૨૮મા શ્લોકમાં મૂળ સ્તોત્ર જેવો જ અર્થ જોવા મળે છે.**

स्वर्गाधिपोऽपि चरणाम्बुजसेवकस्ते,
नित्यं शिरोमणिगणा निपतन्ति पादौ ।
शान्तिस्त्वदीयचरणे शरणे सदैव,
त्वत्संगमे सुमनसो न रमन्त एव ॥

અર્થાત્ હે દેવેશ ! તમારા ચરણોમાં દેવરાજ ઈન્દ્ર પણ વિનયભાવથી સદૈવ ઉપસ્થિત થાય છે. જ્યારે તે વંદન કરવા તમારા ચરણકમળમાં ઝૂકે છે, ત્યારે તેના મુગટનાં મોતી પણ તમારાં ચરણો પર વિખેરાઈ જાય છે, જાણે તે પણ સમજતાં હોય કે શાંતિ સ્વર્ગમાં નહીં પરંતુ પ્રભુ પાર્શ્વનાથના ચરણકરળના સાનિધ્યમાં જ છે. વસ્તુતઃ અખંડ, અનંત શાંતિ તમારા ચરણ-શરણમાં જ પ્રાપ્ત થાય છે.

- **૩૬માં શ્લોકમાં પણ તે જ રીતે,**

ध्यानं न वा तव पदाब्जयुगं कदापि,
जन्मान्तरेऽपि मयकाल्पधिया कयज्यिद ।
तस्मादमुत्र सततं जगतामुपेक्ष्यः
जाता निकेतनमहं मथिताशयानाम् ॥

અર્થાત્ હે જિનેશે ! તમારા ચરણારવિન્દ સદૈવ અભિષ્ટ ફળ પ્રદાન કરનાર છે. તેવું હું સંપૂર્ણપણે જાણી ચૂક્યો છું. હે પ્રભુ ! પણ મેં તમારા પાવન ચરણકમળોનું ધ્યાન નહોતું ધર્યું, તેથી જ આ ભવમાં હું લોકોની વચ્ચે ઉપેક્ષા અને તિરસ્કાર પામું છું. તમારો સેવક ક્યારેય તિરસ્કૃત થાય જ નહીં, તેનું સદાય સર્વત્ર આદર - સન્માન જ થાય છે.

સૌથી અંતિમ પાદપૂર્તિરૂપ ૪૪મા શ્લોકમાં સુંદર વિશેષણથી પ્રભુને 'मुनिजन मानसचन्द्र!' કહી સંબોધ્યા છે. પ્રભુ ! આપ તો મુનિજનોના પાવન માનસમાં ચન્દ્રમાની જેમ સુશોભિત છે...

મૂળ શ્લોકની પાદપૂર્તિરૂપ રચના બાદ નવા ૭ શ્લોક સુશીલસૂરિજીએ રચેલા છે, તેમાં પરમાત્માને જનવલ્લભ, કરુણાવતાર, ભુવનાધિપ, વિશ્વનાથ જેવા જુદાં-જુદાં વિશેષણોથી સંબોધ્યા છે. ને આ સાતેય શ્લોકના ભાવમાં પ્રભુગુણગાન સહ પ્રભુચરણોની ભવોભવ યાચનાના ભાવ ભરેલા છે.

આ રચના ભલે, કલ્યાણમંદિરના છાયારૂપ પ્રતિત થતી હોય, પરંતુ ચતુર્થ ચરણને યથાવત્ રાખી પ્રથમ ત્રણ ચરણને સંસ્કૃતભાષા મય રચના કરવી તે કાંઈ નાની-સૂની વાત તો નથી જ ! નવા-નવા શબ્દો ને પ્રાસ-અંલાકારોનો સંયોગ જોતાં સુશીલસૂરિજીની અપ્રતિમ વિદ્ધતાના દર્શન થાય છે. શ્રી સુશીલ કલ્યાણમંદિર સ્તોત્રનો સંસ્કૃત ભાવાર્થ સંસ્કૃતપ્રેમીઓ માટે હિતાવહ છે તથા હિન્દી વ્યાખ્યા હિન્દીભાષીઓ માટે ઉપયોગી છે. સાથોસાથ તેઓશ્રીએ મૂળ લેખનની સાથે-સાથે વ્યાખ્યાત્મક લેખક દ્વારા પુસ્તકની શોભામાં વિશેષ અભિવૃદ્ધિ કરી છે. વળી, પ્રત્યેક શ્લોક પર આધારિત નૂતન ૫૧ મંત્રો તથા યંત્રો જ કૌશલ્યપૂર્વક રજૂ કર્યા છે તે જોતાં તેઓશ્રી મંત્રદૃષ્ટા ઋષિઓની પંક્તિમાં સહજરૂપે જ સ્થાપિત થઈ જાય છે. આ 'શ્રી સુશીલ કલ્યાણમંદિર સ્તોત્ર'માં સરલતા, સરસતા, ભક્તિભાવોની સહજ સ્ફૂરણાની સાથ-સાથ લોકકલ્યાણ ભાવનાનો ક્ષીરસાગર લહેરાય ગયો છે. આમ, આચાર્યશ્રીનો સંપૂર્ણ પ્રયાસ ભાવગ્રાહી દૃષ્ટિગોચર થાય છે.

(બ) જૈનધર્મવર સ્તોત્ર :-

જૈન સ્તોત્ર સાહિત્યમાં અનેક કવિઓ અને સંતો પોતાની તીવ્ર પ્રજ્ઞાશક્તિથી સ્તોત્ર સાહિત્યમાં અનેરૂ યોગદાન આપેલ છે. આ પંડિત કવિઓમાંથી એક એટલે ભાવપ્રભસૂરિ.

શ્રી ભાવપ્રભસૂરિજીએ અનેક ગ્રંથો, શ્લોકો અને સાહિત્યનું સર્જન કરેલ છે. જેઓનું સાહિત્ય આજે પણ અનેક જિજ્ઞાસુ અભ્યાસુઓ માટે આધાર ભૂત બને છે. શ્રી ભાવપ્રભસૂરિજીની રચનાઓમાંથી એક જૈન ધર્મવર સ્તોત્ર છે.

જૈન ધર્મવર સ્તોત્ર 'કલ્યાણમંદિર સ્તોત્ર'ના અંતિમ પદને લીને રચાયેલું પાદપૂર્તિરૂપ સ્તોત્ર છે. પણ, તેની વિશેષતા એ છે કે, સામાન્ય રીતે તીર્થંકરોના સ્તોત્રોના પદોને લઈ અન્ય

તીર્થંકારોના કે ક્યારેક દેવી-દેવતાઓના પાદપૂર્તિરૂપ સ્તોત્ર બનતા હોય છે. પરંતુ અહીં શ્રી ભાવપ્રભસૂરિએ સ્તોત્રના વિષયરૂપે જૈન ધર્મની સ્થાપના કરી છે. સ્તોત્રને પ્રારંભે દાન ધર્મપ્રદાન જૈન ધર્મની સ્તુતિ કરવામાં આવી છે. દાન ધર્મની મહત્તા ને દાન ધર્મની થતાં અનુપમ લાભો કર્તાએ આ લેખ્યા છે. ત્યાર પછી દાનમાં ચૈત્યસંબંધિત વિશેષ મહિમા કરવામાં આવ્યો છે. સ્તોત્રના અંતભાગમાં પંચ 'ત' કાર, સપ્ત 'સ' કાર આદિનો મહિમા કરાયો છે.

આ રચના મૂળ કલ્યાણમંદિર સ્તોત્રના ભાવોની ઊંચાઈને પહોંચી શકતી નથી, પરંતુ તેમ છતાં પ્રાંજલ સંસ્કૃત અને શબ્દ રચનાના ચાતુર્યથી ભાવકના મનને આકર્ષે છે. ક્યાંક ચોથા પદનો અર્થ બેસાડવામાં કઠીનતાનો અનુભવ થાય છે.

અહીં, પ્રસ્તુત જૈન ધર્મવર સ્તોત્રનો ગુજરાતી અનુવાદ તે મારા શોધ નિબંધમાં કરાયેલ સ્વકાર્ય છે. આ જૈન ધર્મવર સ્તોત્રનું ગુજરાતી ભાષાંતર અન્યત્ર ક્યાંય પ્રસિદ્ધ થયેલ નથી.

कल्याणमन्दिरमिमं कुरु दानमुख्यं
धर्म चतुर्विधमनश्वरसौख्यहेतुम् ।
सम्यक्त्वभूषिततमं भवभृद्! भवाब्धौ
पोतायमानमभिनम्यजिनेश्वरस्य ।। १ ।।

શ્રી ભાવપ્રભસૂરિ આ પ્રમાણે કહે છે કે હે ભવ્ય ! તું જિનેશ્વર ભગવંતને નમન કરીને દાન - શીલ - તપ અને ભાવરુપી ધર્મને કર. એ ધર્મ કેવો છે તે જણાવતા કહે છે કે કલ્યાણના ગૃહ સમાન છે. સમ્યકત્વથી અતિ સુશોભિત છે, સંસારરુપી સમૂહમાં નૌકા સમાન છે.

हिंसादिदोषरहितं सहितं शमाधै-
र्धातिक्षयान्निगदितंमहितं महेन्द्रैः ।
स्वर्गापवर्गफलितं कलितं विवेकै-
स्तस्याहमेषकिल संस्तवनं करिष्ये ।। २ ।।

વળી એ ધર્મ કેવો છે (તે જણાવતા કહે છે) અવિનાશી મોક્ષસુખના કારણરુપ છે. હિંસાદિદોષ રહિત (પ્રાણાતિપાત - મૃષાવાદ - અદતાદાન - મૈથુન પરિગ્રહાદિથી સવઅવિરતિ - દેશઅવિરતિ દોષોથી રહિત)છે.શાંતદાંતાહિ ગુણોથી યુક્ત - જ્ઞાનાવરણીય - દર્શના - વરણીય- મોહનીય - અંતરાય એ ચાર ઘાતિકર્મના ક્ષયથી ઉત્પન્ન થયું છે કેવલજ્ઞાન - કેવલદર્શન જેમને એવા તીર્થકરોથી કહેવાયેલ એવા ધર્મને - સુરનરનાયકોથી પૂજાયેલ એવા ધર્મને - સ્વર્ગ - મોક્ષ પ્રાપ્તિના ફળરૂપ - વિવેકથી હેય - ઉપાદેયનું જાણપણું થાય છે એવા ધર્મને કર. આચાર્ય ભાવપ્રભસૂરિ કહે છે કે આવા ધર્મની હું યથાશક્તિ સ્તુતિ કરીશ.

दानं द्विधाऽभयसुपात्रगतं सुपोष्यं
मुक्त्यै कृपादिपदतस्त्रिविधं तु मुक्त्यै
जैनोऽत्रि वेत्ति न परो नहि नव्यनेत्रो
रूपं प्ररूपयति किं किल धर्मरश्मेः ? ॥ ३ ॥

અભયદાન અને સુપાત્રદાન મોક્ષનું પુષ્ટિ કરનારુંછે. પણ કૃપાદિ પદવી ત્રણ પ્રકારના દાન -અનુકંપાદાન - ઉચિતદાન - કીર્તિદાન આ ભોગને પુષ્ટિકરનાર છે. આ વાત જૈનો એટલે કે ગીતાર્થજૈન જાણે છે - પણ મિથ્યાત્વી જાણતા નથી. જેમ સૂર્યના પ્રકાશને જોવા માટે બાળકની આંખો અસમર્થ છે તેમ,

पारापतं धृतमते ! बत शान्तिनाथः
श्येनाद् रक्ष गतजन्मनि ते तदीयाः ।
गण्या गुणा गुरुकृपोज्ज्वलिताः कथं स्यु -
र्मीयेत केन जलधेर्ननु रत्नराशिः ? ॥ ४ ॥

હે ધૃતમતિ ! શાંતિનાથભવાને પૂર્વ ભવમાં એટલે કે મેઘરથરાજાના ભવમાં (પોતાના શરીરના દાન વડે) બાજ પક્ષીથી કબૂતરનું રક્ષણ કરેલ. તે શાંતિનાથના ગુણો કેવી રીતે ગણી શકાય. - અર્થાત્ ન ગણી શકાય - તેમ ગુરુકૃપાથી ઝળહળતા ગુણોને કેવી રીતે ગણી શકાય? જેમ સમુદ્રમાં રહેલા રત્નરાશિને માપવો મુશ્કેલ છે તેમ.

संरक्षितो गजभवे शशको हि येन
मेघाभिधेन मगधाधिपदेहजेन ।
माहात्म्यमानमिह तस्यकरोतु को वा
विस्तीर्णतां कथयति स्वधियाऽम्बुराशेः ? ॥ ५ ॥

મગધદેશના સ્વામિ શ્રેણિકના પુત્ર મેઘકુમાર જેના વડે પૂર્વના હાથીના ભવમાં દયાના ભાવથી સસલાનું રક્ષણ કરાયું હતું. તે મેઘકુમારના ગુણોના મહિમાને આ લોકમાં કયો પુરુષ વિસ્તારપૂર્વક કહી શકે ? અર્થાત કોઈપણ વ્યક્તિ ન કહી શકે. જેમ સમુદ્રની વિશાળતાને પોતાની બુદ્ધિ દ્વારા કહી શકતું નથી તેમ.

मांसं समर्धमधुनेतिवचो निशम्य
तस्याप्त्युपायमभयेन विधाय चोक्ताः ।
कुर्वन्ति तां न हि ययाऽहहराजलोका
जल्पन्ति वा निजगिरा ननु पक्षिणोऽपि ॥ ६ ॥

આ નગરમાં હમણાં માંસ જ સસ્તુ મળે છે. (તેથી માંસ ખાવું એવું વચન સાંભળીને શ્રેણિકપુત્ર અભયકુમાર વડે માંસ પ્રાપ્તિનું આયોજન કરીને ક્ષત્રિયોને નિરુત્તર કરી દીધા. (રાજગૃહીનગરીના સભાગૃહમાં રહેલા ક્ષત્રિયોને કહ્યું - હમણાં નગરમાં સસ્તી વસ્તુ કઈ મળે છે ? ત્યારે ક્ષત્રિયોએ કહ્યું માંસ સસ્તુ મળે છે. ત્યારે અભયકુમારે વિચાર્યું, આ નિર્દય લોકોની પરીક્ષા કરીશ. રાત્રિના સમયે સર્વક્ષત્રિયના ઘરે ઘરે જઈને અભયકુમારે કહ્યું - અરે ક્ષત્રિયો સાંભળો ! રાજકુમારના શરીરમાં ભયંકર વ્યાધિ ઉત્પન્ન થયો છે અને વૈદ્યોએ કહ્યું છે કે મનુષ્યનું માંસ બે ટાઈમ આપવામાં આવે તો જીવી શકે નહીંતર ન જીવી શકે. તેથી તમો તેના જીવન માટે આટલું ન કરી શકો ? ત્યારે એક એક ક્ષત્રિયે કહ્યું કે હજાર સોનામહોરજોઈએતો લઈ જાવ પણ મને છોડો, બીજે જાવ. અભયકુમારે એ સોનામહોરો લઈ લીધી. આખીરાત્રિના પરિભ્રમણમાં લાખ સોનામહોર મળી. સવારમાં ક્ષત્રિયોને તે સોનામહોર બતાવતા કહ્યું કે તમે ગઈ કાલે કહેતા હતા કે માંસ સુલભ (સસ્તુ) છે. તો આટલી સોનામહોરો આપવા છતાં મને માંસ ન પ્રાપ્ત થયું. ત્યારે અભયકુમાર દ્વારા લજ્જિત પામેલા ક્ષત્રિયોએ માંસભક્ષણ ન કરવાનો નિયમ લીધાં.) અને કહ્યું કે (અભયકુમારે કહ્યું કે) તમે ક્ષત્રિયો જે પ્રમાણે બોલો છો તે પ્રમાણે કરતા નથી. પક્ષીઓ પણ પોતાની વાચાથી બોલે છે ને તમે પણ બોલો છો.

सहुष्टिपूर्वककृतांहतियुग्ममस्तु
हे भव्य ! भव्यतरमन्यदपि प्रधानम्।
जन्तून्करोतिसुखिनस्तपतापतप्तान्
प्रीणाति पद्मसरसः सरसोऽनिलोऽपि ॥ ७ ॥

હે ભવ્ય જીવ ! સમ્યકૃત્યપૂર્વકનું કરાયેલું અભયદાન અને સુપાત્રદાન અન્યદાન કરતા - એટલે કે અનુકંપાદિ દાન કરતા અતિશય શુભ છે. કારણકે મોક્ષ આપનાર હોવાથી અતિશય શુભ છે. અનુકંપાદિદાન પ્રાણીઓને દેવાદિ-સુખયુક્ત કરે છે. જેમ માનસરોવર પરથી વહેતો શીતલવાયુ ઉનાળાના તાપથી તરત થયેલા પથિકોને ખુશ કરે છે. પ્રીતિ ઉત્પન્ન કરે છે. તેવી રીતે સમ્યકૃત્ય પૂર્વકના બંને દાન સમસ્ત સંસારના દુઃખ હરનારા છે.

वीराय विश्वगुरवेऽकृत चन्दना या
कुल्माषदानमनुं जातसुखाऽथ तस्याः ।
मूर्धाऽऽप वेणिरुचिरः श्रियमस्य मौलि-
मभ्यागते वनशिखण्डिनि चन्दनस्य ॥ ८ ॥

જે ચંદનાએ (ધનવાહ શેઠ દ્વારા દાસ પાસેથી ખરીદાયેલી અને મૂળા શેઠાણી દ્વારા મુંડન કરાયેલી ચંદનાએ) ચરમજિન વીર મહાવીર પ્રભુને પ્રાસુક દાન કર્યું. દાન કર્યા પછી સર્વાંગિણ સુખ ઉત્પન્ન થયું હતું સુખ જેને એવી ચંદનાનું મસ્તક ગુંથાયેલ કેશથી શોભાયમાન બન્યું. કેવું શોભાવાળું બન્યું - જેવી રીતે ચંદનના વૃક્ષની ટોચે મયુર બેસેતે છે તે - ચંદનવૃક્ષ શોભાયમાન બન્યું તેવી રીતે.

दारिद्र(घ्र)दोषतिमिरैर्नियमेन मुक्ता:
सत्पात्रदानसुदिनोदयसङ्गमाद्या: ।
पृष्ठानुगामिकटकेनिकटे सटङ्के
चौरैरिवाशु पशव: प्रपलायमानै: ॥ ९ ॥

સાધુને આપેલા દાનથી સારા દિવસનો ઉદય થયેલ છે, જેને લીધે સંગમાદિ દારિદ્રરુપી દોષના અંધકારથી હંમેશને માટે મુક્ત થયા. એટલે કે નિર્ધનતાથી મુક્ત થયા, જેમ પશુઓને ચોરી જતા ચોરની પાછળ પડેલું - કોપાયમાન સૈન્ય - સમીપમાં આવતા જ ચોર પલાયન થતાં પશુ મુક્ત બને તેમ-

दानं ददौसुमनये क्षुधितोऽपि योऽतो
नि:स्वोऽपि भूपतिरभूदिह मूलदेव: ।
यत् कीचक: श्रयति सार्थस्वतां नितान्त-
मन्तर्गतस्य मरुत: स किलानुभाव: ॥ १० ॥

સ્થાનભ્રષ્ટ થયેલો રાજપુત્ર મૂલદેવ - જે ભિક્ષાવૃત્તિથી કુલ્માપને ગ્રહણ કરીને નગરના દ્વારે પહોંચ્યો તેટલામાં માસક્ષમણના તપસ્વી મુનિ સામે આવ્યા છે તે એટલે કે સામે આવતાં ભૂખ્યો હોવા છતાં તે મુનિને દાન આપ્યું. આથી - દાનના પ્રભાવશી ધનરહિત હોવા છતાં (બેનાતટનો) રાજા બન્યો. જે કારણથી (છિદ્રોવાળો) વાંસ તેનામાં પવન પ્રવેશવાને કારણે અત્યંત સાર્થકતાને પ્રાપ્ત કરે છે. (અંદર ગયેલા પવનને કારણે છિદ્રવાળો વાંસ શબ્દ કરે છે. તેમાં તે અંદર ગયેલા વાયુનો પ્રભાવ છે) તેમ

जैनेन यन्नरकहेतुरपात्रमुक्तं
मुक्तं मुधा तदपरेण कथं श्रितं ही ? ।
मद्यादि यत् परिहृतं सुधियाऽथ यज्ञे
पीतं न किं तदपि दुर्धरवाडवेन ? ॥ ११ ॥

ગીતાર્થ જૈન વડે નરકના હેતુરુપ જે મદિરાદિ કુપાત્રને ત્યાગ કરાયો તે ત્યાગ કરાયેલ મદિરાદિને અન્ય તીર્થિક નર વડે નિરર્થક શું આશ્રિત બનાય ? જેમ પંડિતજન વડે મદિરાદિકનો ત્યાગ કરાયેલ છે છતાં પણ ઉધ્ધત બ્રાહ્મણ વડે શું નથી પીવાતું ? અર્થાત્ પીવાય છે.

तीर्थङ्करा: सकलदोषविमुक्तदेहा:
स्नेहान्मिथो गलितसिंहगजादिवैरा: ।
सत्पूजिता विदधतीह हितंन किं किं
चिन्त्यो न हन्त महतां यदि वा प्रभाव: ॥ १२ ॥

અંતરાયાદિ સમસ્ત દોષોથી મુક્ત થયો છે દેહ જેમનો એવા તીર્થંકરો - પરસ્પર સ્નેહ - પ્રેમભાવને કારમએ સિંહ અને હાથીને પરસ્પર વેરથી મુક્ત બનાવનારા એવા તીર્થંકરો - નિરંતર સમ્યક્ પ્રકારે જેમની પૂજા થાય છે એવા તીર્થંકર પરમાત્મા આ લોકમાં કોનું કોનું હિત ઈચ્છતા નથી ? કયા ભક્તોનું હિત ઈચ્છતા નથી ? અર્થાત્ તમામ ભક્તોનું હિત ઈચ્છે છે. ખરેખર આવા મહાપુરુષોને પ્રભાવ વિચારી શકાય તેવો નથી.

अर्हन्त एव जगदीश्वरतां श्रयन्त:
सर्वातिशायिसुखदा नितरां निषेव्या: ।
हित्वाऽत्र तान् भजति मुक्तिकृते मुधाऽधी
र्नीलद्रुमाणि विपिनानि न किं हि मानी ? ॥ १३ ॥

જગદીશ્વરના એટલે કે ત્રણભુવનના આધિપત્યને ધારણ કરનારા એવા અરિહંત પરમાત્માને - ઉત્કૃષ્ટ સુખ આપનાર એવા એવા અરિહંત પરમાત્માને ભવ્ય જીવોએ અતિશય એટલે કે ઉલ્લસિત ભાવથી હંમેશા સેવવા જોઈએ. આ જગતમાં અહંકારી લોકો મોક્ષપ્રાપ્તિ માટે અરિહંત પરમાત્માને છોડીને મિથ્યાબુદ્ધિ વાળાને શું નથી ભજતા ? વન મધ્યે રહેનાર તાપસોને શું નથી સેવતા ?

हे भव्य ! हेयमहितं कथितं कुदेव-
सम्पूजनं सुमतिनाऽत्र गरोपमानम् ।
दु:खप्तिहेतुरतुलं किमु तत् सुखाय
दक्षस्य सम्भवि पदं ननु कर्णिकाया: ? ॥ १४ ॥

સુજ્ઞ પુરુષ - શ્રેષ્ઠજ્ઞાનવાળા પુરુષ વડે કહેવાયું છે કે હે ભવ્ય ! આ લોકની અંદર કુદેવનું પુજન અનિષ્ટકારક હોવાથી વિષસમાન હોવાથી - દુઃખ પ્રાપ્તિનું કારણ હોવાથી ત્યાગ કરવા યોગ્ય છે. જેમકે નિપુણ ભ્રમરને કમળની પાંખડીના મધ્યભાગમાં સ્થિર મુકામ કરશે શું સુખનું કારણ બની શકે ? અર્થાત્ ન બની શકે. દક્ષ માણસને - બુદ્ધિશાળી નરને કુકન્યાનું સ્થાન શું સુખ માટે બની શકે ?

श्रीश्रेणिकादिनृपवद् बहवो भवेयु:
जीवा जिना जिनपभक्तिभरेण भव्या: ।
सच्चूर्णपूर्णविभवेन भृता भव(ज)न्ते
चामीकरत्वमचिरादि धातुभेदा: ॥ १५ ॥

હે ભવ્ય જીવો ! શ્રી શ્રેણિક આદિ નૃપની જેમ ઘણા બધા જીવો જિનેશ્વર પ્રભુની ભક્તિ - વીશસ્થાનક ઉપાસનાથી જિને સ્વરૂપ પ્રાપ્ત કરી શકશે. જેમ વિવિધ પ્રકારની ધાતુઓ સંપૂર્ણપણે ચૂર્ણ સ્વરૂપે મિશ્રિત થઈને તરત જ સુવર્ણસ્વરૂપને ધારણ કરે છે તેમ.

शय्यम्भवः शमधनोक्तिविचारदक्षः
खड्गेन याज्ञिकजने हनने हठोत्थः ।
तत्त्वस्य रूपकथने द्रुतजातशान्ति-
र्यद्र विग्रहं प्रशमयन्ति महानुभावाः ॥ १६ ॥

શમરુપી ધનવાળો અને વિચારમાં દક્ષ એવા શય્યંભવ યજ્ઞકર્મ કરાવનાર યાજ્ઞિકને હઠપૂર્વક તલવાર વડે હણવા માટે તૈયાર થઈ ગયો ત્યારે તેને તત્ત્વના સ્વરુપનું કથન સમજાવીને તરત જ શાંત કર્યો. કારણ કે મહાનુભાવો ઝઘડા-વિગ્રહ-સંઘર્ષને અત્યંત શાંત કરે છે.

अर्चां समीक्षय सुतरामभयेन मुक्तां
मिथ्यात्वमाशु यदनार्यजनोऽप्यमुञ्चत् ।
आर्यस्तदादरभरः कुलजस्ततो नो
किं ना मनोविषविकारमपाकरोति ? ॥ १७ ॥

અતિશય અભયથી મુક્ત બનેલા જિનેશ્વરની પૂજા જોઈને અનાર્ય વ્યક્તિઓ પણ તરત જ મિથ્યાત્વથી મુક્ત બને છે તો આવા જિનેશ્વર પ્રત્યે આદરથી પરિપૂર્ણ એવો કુળવાન આર્યજન શું મિથ્યાત્વનો ત્યાગ ન કરે ? શું મહાનુભાવો મનમાં રહેલા અજ્ઞાનરુપી વિષના વિકારને શું દૂર ન કરી શકે ?

सावद्यजोऽपि निरवद्यफलानुबन्धा-
दर्चाविधिः सुमभरेण वरः पुरोगः ।
साधयोऽपि शब्दनिपुणैः किमु सिंहशब्दो
नो गृह्यते विविध ! वर्णविपर्ययेण ? ॥ १८ ॥

શ્રી ભાવપ્રભસૂરિ કહે છે કે જિનશ્વર પરમાત્માની પૂજનવિધિ સદોષયુક્ત હોય - (સ્વરુપની હિંસાને કારણે) તો પણ અનિંદ્યફળ આવવાને કારણે સર્વ અનુષ્ઠાનો અગ્રેસર અને શ્રેષ્ઠ છે - વ્યાકરણશાસ્ત્રના વિદ્વાનો શું સિંહ શબ્દને સમજીને પ્રાપ્ત કરી શકે? અર્થાત્ જિન સિંહ સમાન મહાનુભાવના શબ્દનો મહિમા સમજી શકે ? વિવિધ વર્ણ વિપર્યયને કારણએ ગ્રહણ કરી શકતા નથી.

नित्यं प्रसन्नवदनां महितां सुजैनीं
द्रव्यैः शुभै रुचिल ! कल्पलतोपमानाम् ।
यः सेवते न मलिनो ह्यधनो भवेत् स
किं वा विबोधमुपयाति न जीवलोकः ? ॥ १९ ॥

હે ધર્માભિલાષી જીવ ! જે પ્રાણી પ્રસન્ન વંદના અર્થાત સ્મિત અને હર્ષયુક્ત મુખવાળા, ભક્તોને કલ્પલતા સમાન ફળ આપનાર, નિત્ય શુભદ્રવ્યો વડે પૂજાતી ઉત્તમ જિન પ્રતિમાને જે સેવે છે તે સંસારી પ્રાણી મલિન બનો નથી, નિર્ધન બનતો નથી. અથવા તો જીવલોક શું પ્રતિબોધ પામતા નથી, અર્થાત્ પામે છે એમ ભાવપ્રભસૂરિ કહે છે.

जैनालय निजयशोनिचया इवैते
यैः सम्प्रतिप्रतिमराजगणैः सिताभाः ।
उच्चैं कृताः शुचिरुचेऽभ्दुतमत्र तैश्च
गच्छन्ति नूनमध एव हि बन्धनानि ।। २० ।।

હવે શ્રી ભાવપ્રભસૂરિ કહે છે કે, હે ધર્મમાં શુદ્ધભાવ રાખનાર ! સંપ્રતિ સમાન રાજ સમૂહો વડે નિર્માણ કરાયેલા પોતાના યશસમૂહના પૂંજ સમાન શ્વેત આભાવાળા જે જિનાલયો પોતાના કાર્યોને માટે ઊંચા બાંધ્યા છે તે અદ્‌ભુત છે. આવા અદ્‌ભૂત દેવાલયો હોવા છતાં પણ આશ્ચર્ય છે કે કેટલાક મનુષ્યો પોતાનાં કર્મબંધનોને કારણે નિશ્ચિત પણે નીચ ગતિને પ્રાપ્ત થાય છે.

हे आस्तिकास्त्यजत नास्तिकतां नितान्तं
चितोन्नतिं भजत लुम्पकतां लुनीत ।
चैत्यं विधत्त शृणुत प्रविलोक्य तत् सद्
भव्या व्रजन्ति तरसाऽप्यजरामरत्वम् ।। २१ ।।

એકવીસમાં શ્લોકમાં ભાવપ્રભસૂરિ કહે છે કે, હે આસ્તિક જનો ! (પરલોક અને પાપ-પુણ્ય છે એવું માનનારા) તમે અત્યંત નાસ્તિકતાનો ત્યાગ કરો, ચિત્તમાં ઉન્નત ભાવોને ધારણ કરો, લોલુપતાનો નાશ કરો, મૂર્તિનો દ્વેષ ન કરો, જિનાલયને મનમાં ધારણ કરી કર્તવ્ય કર્મો કરો, હે સંયમીજનો ! પુનઃ સાંભળો, તમે સત્યનું દર્શન કરી દુરિત ઉપર વિજય મેળવીને વ્યક્તિ અજર-અમરત્વને દેવત્વને પામે છે.

श्राद्धैरकारिषत भागवता विहारा
यैर्दिग्गजैर्व्रविणदानधनैरुदाराः ।
ये चात्र रक्षणपराः पतितं सृजन्ति
ते नूनमूर्ध्वगतयः खलु शुद्धभावाः ।। २२ ।।

જે દિગ્ગજ સમાન, ધનનું દાન કરવામાં મેઘસમાન ઉદાર અર્થાત્ ઉદારતા મુખ્ય છે, તેવા શ્રાવકોએ જિનાલયો, ચૈત્યવિહારોનું નિર્માણ ધર્મકાર્યો માટે કરાવ્યું છે અને જેઓ આ ચૈત્યોનું રક્ષણ કરવામાં તત્પર છે. ચૈત્યો જીર્ણ બનીને પડી જાય ત્યારે નવેસરથી સર્જન

(નિર્માણ) કરાવે છે તેવા શુભ ભક્તિભાવવાળા તે જૈનો ખરેખર ઉર્ધ્વગતિને પામે છે.

चैत्यं सुवर्णभरितं भरतेन भव्यं
निर्मापितं कलितकेकिकलापशृङ्गम् ।
यद् वीक्ष्य मुड्क्षु दधति स्म मुदं हि मर्त्या-
श्चामीकराद्रिशिरसीव नवाम्बुवाहम् ॥ २३ ॥

ત્રેવીસમા શ્લોકમાં ભાવપ્રભસૂરિ કહે છે કે -

ઋષભરાજાના પુત્ર ભરતે સુવર્ણથી ભરપુર, ભવ્ય, જેનાં શિખરો ઉપર મયૂરો કેકા અને કલાપ અર્થાત્ ટહૂકાઓ અને કળા કરે છે અને તેની શોભા વધારે છે તેવાં ચૈત્યોના નિર્માણ કરાવે છે, જેને જોઈને માણસો તરત જ આનંદિત થઈ જાય છે, આ ચૈત્યો જાણે કે મેરુપર્વતનાં શિખરો ઉપર નવો જળપૂર્ણમેઘ આવી ગયો હોય તેવા શોભે છે.

शत्रुञ्जयः शमधनाः शमता च शान्तिः
शत्रुञ्जयाह्वयतपः सकलं दुरापम् ? ।
एतच्छपञ्चकजुषोऽस्ति नरस्य या भा
नीराग ! तां व्रजति को न सचेतनोऽपि ॥ २४ ॥

હે સંસારાભિલાષ રહિત ! જે (આંતરિક) શત્રુંજય છે 'શામ' રૂપી ધનવાળા સાધુઓ છે, જે અત્યંત ઉપશાંત અને શાંત છે, જેઓ શત્રુંજય કહેવાતા - અંદરના શત્રુઓનો જય કરનારું તપ કરનારા - આ સમસ્ત દુર્લભ છે, આવી પ્રતિજ્ઞા કરીને આશ્ચર્ય અને સંતોષ થાય છે એવા નરની જે આભા છે, તેવા તપસ્વી વ્યક્તિનું જે તેજ છે, તેને કોઈક સંચેતન પણ આપી શકતો નથી.

हस्तं हि हेतिविफलं विकलाङ्कमङ्गं
मुद्राऽप्यमुद्रसुषमा वनितोज्झितोऽङ्कः ।
तं देवमेव वदतीति हिताय नाके
मन्ये नदन्नभिनभः सुर ! दुन्दुभिस्ते ॥ २५ ॥

હે શૂર ! હે શોભાયમાન ! ખરેખર જેના હાથ શસ્ત્રવિનાના છે અર્થાત્ જેમણે હિંસા છોડી દીધી છે, જેઓ સર્વાંગ સંપૂર્ણ અંગોવાળાં, પદ્માસન વગેરે મુદ્રાઓવાળા, અત્યંત કાંતિથી શોભતા અને જેમના ખોળાનો સુંદર સ્ત્રીએ ત્યાગ કર્યો હોય અને જેમને વાગતાં દુંદુભિ (નગારા)થી આકાશ ગાજે છે તેને જ દેવ કહેવામાં આવે છે અને તે તારું હિત કરનાર છે, એમ હું માનું છું.

व्याख्यानसद्मनि वृषो गदितो जिनेन
क्षेत्रे निजेन निहिते निहतोऽभिषिक्तः ।
अन्यत्र मोहचरटो विधि-विष्णु-रुद्र-
व्याजात् त्रिधा धृततनुर्ध्रुवमभ्युपेतः ॥ २६ ॥

હે ભરત ! સમવસરણમાં મરુદેવીના પુત્ર ઋષભજિનેન્દ્રએ કહ્યુ કે મેં પોતાના સ્થાપિત ક્ષેત્રમાં ધર્મનો અભિષેક કરીને રાજાપદે સ્થાપ્યો છે, જ્યારે અન્યક્ષેત્રમાં જેમણે ત્રણભાગમાં પોતાનું શરીર વહેંચ્યું છે અને ધારણ કર્યું છે, એવા બ્રહ્મા-વિષ્ણુ-મહેશ કપટપૂર્વક મોહિત થયેલાં પક્ષીની જેમ આવેલાં હોય તેમ લાગે છે.

क्षेत्राणि कानि तव धर्मनृपस्य सप्र
चैत्यादिकानि भरतः पुनराह तातम् ।
सत्यं च तैः परिचितैर्हि पुराऽधुना त्वं
शालत्रयेण भगवन्नभितो विभासि ॥ २७ ॥

ભરતે પિતા ઋષભદેવપ્રભુને પૂછ્યું - તમારા ધર્મરાજાનાં ક્ષેત્રો કયાં કયાં છે ? ઋષભદેવપ્રભુએ કહ્યું, મંદિર વગેરે મળીને સાત ક્ષેત્રો ધર્મરુપી રાજાનાં છે. ભરતે પિતાને ફરીથી કહ્યું, આપના દ્વારા જે કહેવાયું છે તે સત્ય છે. આપના દ્વારા કહેવાયેલું હું જાણું છું અને શ્રધ્ધા કરું છું. શાલત્રયથી સર્વ રીતે હે ભગવાન ! શોભે છે.

जैनो यती जिनजनो जिनसद्म जैनं
ज्ञानं जिनो जगति पञ्च शुभा जकाराः ।
नामेयभूर्भणति तेष्वनघ्घे सदा किं
त्वत्सङ्गमे सुमनसो न रमन्त एव ? ॥ २८ ॥

જિનેશ્વર દેવ, જૈન મંદિર, જૈન સાધુ, જૈન તત્વજ્ઞાન અને જૈન ધર્મ આ પાંચ 'જ' કાર શ્રેયસ્કર છે. શુભ છે, શ્રી ભરત કહે છે - તે નિષ્પાપ પાંચ જકારોમાં શું પંડિતઆપના સંગને કારણે રમતા નથી ? આનંદિત થતા નથી ? અર્થાત્ થાય છે.

तत्त्वानि तीर्थकर-तीर्थ-तपोधनाश्च
तथ्यं च तात्त्वकतपः खलु षट्तकारी ।
तस्यां रतो भवति मङ्क्षु नरो हि हित्वा
चित्रं विभो ! यदिसकर्म विपाकशून्यः ॥ २९ ॥

જીવ અજીવાદિનું તત્વજ્ઞાન, તીર્થંકરો, તીર્થો, તપોધની મુનિઓ, તથ્યપૂર્ણ - સત્પૂર્ણવાણી અને તાત્ત્વિક તપ એટલે કે આંકાક્ષાદિરહિત તપ, ખરેખર આ છે 'ત' કારો છે.હે વિભો ! યુગાદિદેવ ! તેમા મગ્ન થનારો સંસારી જીવ, ચિત્રવિચિત્ર અને તીક્ષણ કર્મો ત્યજીને, - તરતજ પાપ શૂન્ય થાય છે.

सद् बृंहितं प्रवरपुस्तकमस्तपापं
पुण्योपकारि परमं परमैः प्रपूज्यम् ।
सम्भालनादिकरणाच्छिवदं त्वयोक्तं
ज्ञानं त्वयि स्फुरति विश्वविकाशहेतुः ॥ ३० ॥

હે પ્રભો ! તમે, સતત વૃદ્ધિ પામનારું, પાપ અસ્ત પામ્યું છે તેવું, પુણ્યમય, ઉપકાર કરનારું, ઉત્તમ, ઉત્તમ મહાત્માઓ વડે અત્યંત પૂજ્ય - પૂજનીય, કલ્યાણ કરનારું, જગતના જૈન અનુયાયીઓની સંભાળ રાખવાને કારણે - ગધધરાદિથી પૂજનીય શ્રેષ્ઠ - પ્રવર ધર્મ પુસ્તકજ્ઞાન તમે કહ્યું છે, ઉપદેશ્યું છે, વિશ્વના વિકાસતા હેતુ માટે આપનામાં (તમારામાં) જ્ઞાન સ્ફૂરે છે.

दानं दया दमन-दर्शन-देवसेवा
दोषापहार इति षट् प्रवरा दकाराः ।
तैः सेवितैर्दुरितराक्षस आत्तलोको
ग्रस्तस्त्वमीभिरयमेव परं दुरात्मा ॥ ३१ ॥

હે પ્રભુ ! આ લોકમાં 'છ' દકાર શ્રેષ્ઠ છે. દાન, દયા, દમન (પાંચ ઈન્દ્રિયના વિષયોનો ત્યાગ), સમ્યક્‌દર્શન, દેવાધિદેવ સેવા, પાપનો વિનાશ - દોષનો વિનાશ. આ છ 'દ' કારો શ્રેષ્ઠ છે, તેનું સેવન કરવાથી પાપ રાક્ષસો દૂર થાય છે. તું આ છ 'દ' કારોને સેવે-મગ્ન થાય તો એના વડે આ દુરાત્માઓથી તું પર થઈશ.

सैनेय-साधु-वरसङ्घक-सार्वसज्ञ-
सैद्धान्तिका इति सुपञ्चसकारवर्गः ।
येनादतो भवकूपीटनिधौ निरस्तं
तेनैव तस्य जिन ! दुस्तखारि कृत्यम् ॥ ३२ ॥

હે જિનેશ્વર પ્રભુ ! જે પ્રાણી વડે આ પાંચ 'સ'કાર અંગીકાર કરાયા છે. તે સંભવનાથ, સાધુ, શુભ-ચતુર્વિધ સંઘ - સાર્વસઘ - સર્વજનો માટેનું જિન મંદિર, સૈધ્ધાન્તિકા - ગીતાર્થપણું - આ પાંચ સકારો સંસારરુપી સાગરથી પાર ઉતારે છે.`તના વડે જ સંસારનું મુશ્કેલીથી તરી શકાય તેવા સમુદ્રજળને પાર કરી શકાય છે.

अर्हन्त अर्च्य अशरीर अहिंसकश्च
अर्चा अकारनिकरोऽकृतसन्धिकर्मा ।
मर्त्योऽश्रयद् यमनिशं परवत् किमेष
सोऽस्याभवत् प्रतिभवं भवदुःखहेतुः ? ॥ ३३ ॥

પૂજનીય એવા અરિહંત, પૂજનીય એવા અશરીર સિદ્ધ પરમાત્મા, પૂજનીય એવા અહિંસક સાધુ અને પૂજનીય અર્ચા (જિનપ્રતિમા) આ 'અ'કાર સમૂહ સાથે જાણે મેળાપ કર્યું નથી. અર્થાત્ ઉપરોક્ત 'અ'કારોનું - અનુસરણ - સેવન કર્યું નથી તે મનુષ્ય, એના આવનારા પ્રત્યેક ભવ સંસારના દુઃખનું કારણ નથી બનતો અર્થાત્ પ્રત્યેક ભવ સુખદાયી નથી બનતો.

सङ्घाधिपत्यतिलकं ननु ये वहन्तः
साधर्मिके सततदत्तवराशना ये ।
मुक्तिं व्रजन्ति लघु तेनितरां भजन्तः
पादद्वयं तव विभो ! भुवि जन्मभाजः ॥ ३४ ॥

હે વિભુ ! પૃથ્વી ઉપર જે ધનવાનો ખરેખર જૈન સંઘના અધિપતિનું પ્રમુખ સ્થાન ધરાવે છે, જેઓ ધર્મસહિત જીવન જીવનારા છે, જેઓ સતત ઉત્તમ ભોજનનું દાન કરનારા છે તેઓ તમારા બંને ચરણોને હંમેશા સવતા - આશ્રય લેતા થકા તરત જ મુક્તિ પ્રાપ્ત કરે છે.

शीलं कलङ्कतिमिरावलिहेलिकेलि
विस्तीर्णविश्ववलये कृतकीर्तिखेलम् ।
मर्त्यो दधाति हृदि यः प्रवरस्य तस्य
किं वा विपद्विषधरी सविधं समेति ? ॥ ३५ ॥

જે માનવ નૈષ્ઠિક બ્રહ્મચર્યરૂપી શીલ ધરાવે છે, અર્થાત્ પાપરૂપી અંધકારની હારમાળાને ભેદનાર સૂર્યની ક્રીડા ધરાવે છે, (અર્થાત્ જ્ઞાનધારી છે), જેણે આ વિસ્તીર્ણ વિશ્વમંડળમાં કીર્તિનો ખેલ આરંભ્યો છે અર્થાત્ કીર્તિ પ્રાપ્ત કરી છે, જે હૃદયમાં પ્રવર જૈનને ધારણ કરે છે તેવા માણસ પાસે શું વિપત્તિરુપી નાગણ આવી શકશે ખરી ? અર્થાત્ ન જ આવી શકે.

ब्राह्म्यादिका विमलशीलविभूषणाढ्याः
सत्यो हि सन्ति बहवो भवितार एव ।
तासं तु नामजपनेन जिनेश ! पूतो
जातो निकेतनमहं मथिताश ! यानाम् ॥ ३६ ॥

હે જિનેશ ! બ્રાહ્મી વગેરે વિમલ શીલથી સુશોભિત એવી સતી દેવીઓ સાચે જ ઘણી બધી છે અને ખરેખર સાચે જ ભવિષ્યમાં ઘણી બધી જન્મશે, હે ઈચ્છા વિનાના ! હે નિસ્પૃહ! તેમના નામ જપને કારણે હું પવિત્ર થયો છું, હું લક્ષ્મીનો નિકેતન થયો છું.

सीताहृतिर्जलधिलङ्घनमाहवश्च
रक्षोवधः प्रतिहृ(कृ ?)तिर्ज्वलनप्रवेशः ।
पुण्या पतो विमलशीलतया पदार्थाः
प्रोद्यत्प्रबन्धगतयः कथमन्यथैते ? ॥ ३७ ॥

હે પ્રભુ ! સીતાજીનું અપહરણ, (હનુમાન દ્વારા) સમુદ્રનું ઉલ્લંઘન, યુદ્ધ, રાક્ષસરાજ રાવણનો વધ, સીતાજીની પુનઃ પ્રાપ્તિ, સીતાજીનો અગ્નિપ્રવેશ, આ બધી ઘટનો વિમલશીલને (નિર્માણ ચારિત્રને) કારણે પવિત્ર છે. મહાકાવ્યની ગતિ પુરુષાર્થ ભરી છે, આ ખોટી કેવી રીતે હોઈ શકે ?

आबालगाङ्गसलिलामलशीललीले ।
हे भग्नि ! सुन्दरि ! पुरा चरणे निषिद्धा ।
प्रोद्यत्तपाः प्रकुर ते शुचिचित्तवृत्त्या
यस्मात् क्रियाः प्रतिफलन्ति न भावशून्याः ॥ ३८ ॥

હે બાળપણથી જ ગંગાજળની જેમ નિર્મળ ચારિત્ર - લીલાવાળાં ! હે સુંદરી ! તમે પહેલાં મારા આચરણને કારણે મારો (ભરતનો) નિષેધ કર્યો હતો. (સ્વીકાર કર્યો નહોતો), હે ઉગ્ર તપવાળાં દેવી ! તમે પવિત્ર ચિત્તવૃત્તિ વડે મને પવિત્ર કરી સ્વીકાર કરો, કારણકે ભાવશૂન્ય દશામાં કરાયેલી કોઈ ક્રિયા ફળતી નથી.

ब्राह्मी सुसुन्दरिकया सह तं वनस्थं
वह्न्यावृताङ्गवरबाहुबलिं बभाषे ।
गर्जाश्रयं जहिहि कर्मलयं लभस्व
दुःखाङ्कुरोद्लनतत्परतां विधेहि ॥ ३९ ॥

હે સુસુંદરી (અર્થાત્ સુભગિની) સાધ્વી સાથે, વનલતાથી જેનાં અંગો ઢંકાયેલાં છે એવા, વનમાં વસતા શ્રેષ્ઠ તપસ્વી બાહુબલિને બહેન બ્રાહ્મીએ કહ્યું - હે ભ્રાતા બાહુબલિ ! તું હાથીનો આશ્રય છોડી દે અર્થાત્ અભિમાનનો ત્યાગ કરો, કર્મફળનો નાશ કરો એ દુઃખના અંકુરોને કચડી નાંખવામાં (ઊગતાં દુઃખોનો નાશ કરવામાં) તત્પરતા ધારણ કરો.

यत् साधवे वितरणं न कृतं च शीलं
व्याघ्रादिभीतिभिदुरं न तपोऽपि तत्पम् ।
यत् क्रूरकर्मभिदतो जिन ! तैर्विभावै-
र्वधयोऽस्मि चेद् भुवनपावन ! हा हतोऽस्मि ॥ ४० ॥

હે જિન ! મેં ભરતે સાધુઓને દાનરુપે વિતરણ ન કર્યું, ન તો તે પ્રમાણે મારામાં શીલનું નિર્માણ ન કર્યું, વળી જેમાં વાઘ, સિંહ, સૂર્ય વગેરે પ્રાણીઓથી ભીતિ દૂર થઈ અહિંસા બની જાય તેવું તપ મેં તપ્યુંનહીં, હે ભુવન પાવન ! મેં ક્રૂરકર્મોને ભેદી નાખનારું કર્મ કર્યું નહીં, તેવાં તેવાં કર્મોને કારણે હે જિન ! હું વધ્ય છું, અરેરે હું હણાઈ ગયો છું.

रम्येऽत्र दर्पणगृहे वृषभाङ्गजन्मा
स्वीयोर्मिकापतनतः परपुग्दलेन।
शोभां विभाव्य वदतीत्य देव ! रागात्
सीदन्तमद्य भयदव्यसनाम्बुराशेः ॥ ४१ ॥

દર્પણગૃહમાં પોતાની શરીરની સુંદરતા પતન થતી જોઈ (વિચારે છે) અન્ય પુદ્ગલના આધારે શરીર શોભા વધારે છે એવું જાણીને તરત કહે છે, હે દેવ ! હે જિન ! ભયજનક દુઃખ દાયક સંસારરુપી સાગરજળની ઈચ્છાઓ અનુરાગોથી નાશ પામી રહેલા એવા મારું હવે તમેજ રક્ષણ કરો, સંસાર સાગરમાંથી ઉગારો - પાર ઉતારો.

शुद्धात्मदर्शसदनं भरतस्य जज्ञे
शुद्धात्मदर्शनमहो शुभभावयोगात् ।
इत्युक्तिलेशकथकस्य ममैधि नाथ !
स्वामी त्वमेव भुवनेऽत्र भवान्तरेऽपि ॥ ४२ ॥

"હે નાથ ! તમે જ આ ભુવનમાં આવનારા જન્મોમાં પણ પુનઃ સ્વામી થજો" એવી કથક ભરતની અલ્પ ઉક્તિને કારણે શુભ ભાવયોગને કારણે ભરતનો રાજમહેલ શુધ્ધ આત્માના દર્પણ જેવો થઈ ગયો, અહો ! એ આશ્ચર્ય કે ભરતને શુધ્ધ આત્મજ્ઞાન પણ થઈ ગયું.

त्रैलोक्यरूपविषये सुपरीक्षणेऽत्र
बिम्बं त्वदीयमतुलं नयनामृताभम् ।
कर्मापहारि हृदयम्बुरुहे निधाय
ये संस्तवं तव विभो ! रचयन्ति भव्याः ॥ ४३ ॥

હે વિભુ ! હે જિન ! તમારું સ્વરૂપ અન્યથી અતુલનીય છે, નયનોમાં અમૃતનું દર્શન કરાવનારું છે. ત્રણ લોકના સ્વરૂપ બાબતે સારી રીતે જ્ઞાન આપે તેવું, દુષ્કર્મોને દૂર કરાવનારું છે. તેને હૃદય કમળમાં ધારણ કરીને - સંસારી જનો તમારી (આપની..) સ્તુતિ કરે છે.

राकागणेश्वरनिभास्तेजःपुञ्जेरतीव पुण्याढ्याः ।
तेऽनन्तसुखसमेता अचिरान्मोक्षं प्रपद्यन्ते ॥ ४४ ॥

ચૈત્ર પૂર્ણિમાની તિથિએ પ્રાપ્ત થયું હતું કેવળજ્ઞાન જેમને એવા પુંડરિક ગણપતિની જેમ અત્યંત તેજસ્વી, અત્યંત પુણ્યથી પરિપૂર્ણ - અનંત સુખવાળા જિનની સ્તુતિ દ્વારા સંસારીજનો તરત જ મોક્ષ પ્રાપ્ત કરે છે.

भावप्रभाख्यवरसूरिगणाधिपेन
श्रीजेनधर्मवरसंस्तवनं सुरम्यम् ।
शिष्यस्य कौतुककृते रचितं सुबोधं
कल्याणमन्दिरसदन्तिमपादलग्नम् ॥ ४५ ॥

"ભાવપ્રભ" નામના ગણાધિપતિ, શ્રેષ્ઠ સૂરિએ પોતાના શિષ્યના આનંદ માટે રચેલું, અત્યંત મનોહર, અત્યંત ઉત્તમ બોધદાયક શ્રી જૈનધર્મનું શ્રેષ્ઠ સ્તવન છે, જે કલ્યાણમંદિર સ્તોત્રના અંતિમ ચરણના આશ્રયે રચેલું છે.

(3) <u>'કલ્યાણમંદિર સ્તોત્ર' વિષયક મંત્રો :-</u>

મંત્ર શબ્દ સંસ્કૃત ભાષાનો છે. મંત્ર શબ્દ 'મન્' ધાતુમાં ષ્ટ્રન (ત્ર) તથા ઘમ્ પ્રત્યય લાગીને બને છે. આ વ્યુત્પત્તિ અનુસાર એનો અર્થ થાય છે. જેના દ્વારા આત્માના આદેશનો સાક્ષાત્કાર કરવામાં આવે તે મંત્ર છે. પબીજી વ્યુત્તપત્તિમાં મન્ ધાતુનો વિચાર પરક એવો અર્થ કરવામાં આવે છે ત્યારે તેનો અર્થ એવો થાય છે, જેના દ્વારા અત્માની વિશુદ્ધતા પર વિચાર થઈ શકે છે, તે મંત્ર છે. ત્રીજી વ્યુત્પત્તિમાં મન્ ધાતુને સત્કારાર્થમાં લેતાં તેનો અર્થ થાય છે, જેના દ્વારા મહાન આત્માઓનો સત્કાર કરવામાં આવે છે, તે મંત્ર છે. ચોથા અર્થમાં જ્યારે મન્ને શબ્દ માનીને 'ત્ર' પ્રત્યય લગાવીને 'મંત્ર' શબ્દ બનાવવાથી એ અર્થ પ્રગટે છે કે મંત્ર એ શબ્દશક્તિ છે જેનાથી માનવીને લૌકિક-પરલૌકિક રક્ષણ મળે છે.

ડૉ. રુદ્રદેવ ત્રિપાઠી મંત્રની વ્યાખ્યા આપતાં જણાવે છે કે "અતીન્દ્રિય-શક્તિની પ્રેરકશક્તિ અને સૂક્ષ્મ શક્તિ ઉપર સ્વામિત્વ ધરાવાની પ્રક્રિયા મંત્ર કહેવાય છે. मत्रि-गुप्त परिभाषणे ધાતુ વડે મંત્ર શબ્દની નિષ્પત્તિ મનાય છે. વ્યુત્પત્તિની દૃષ્ટિએ પોતાની ઈષ્ટ સિદ્ધિ માટે જે શબ્દ કે શબ્દરાશિનું ફરી ફરીને ગુહ્ય રીતે આવર્તન કરાય છે તે મંત્ર છે. વર્ણનસમૂહ અથવા તો શબ્દસમુહમાં નિશ્ચિત આવતર્નથી જીવ, બ્રહ્મ અને બ્રહ્માંડનું ઐક્ય જાણવાની

શક્તિ મંત્ર વડે મળે છે. જેના મનનથી સંસારના પાશબંધનથી પ્રાપ્ત થનારી જીવદશાની મુક્તિ સાધ્ય બને છે તે 'મંત્ર' છે અને જેના જયથી ધર્મ, અર્થ, કામ તથા મોક્ષાદિ ચતુર્વર્ગની સિદ્ધિ પ્રાપ્ત થાય છે તે પણ મંત્ર છે."

માનવીનું મન અતિશય ચંચળ છે તેની વૃત્તિઓને કાબૂમાં લઈ એકાગ્ર કરવાનું કામ મંત્ર કરે છે. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર સાથે મંત્રશક્તિનો સીધો સબંધ છે. ગુપ્તપણે કહેવાય છે તે મંત્ર છે. ડૉ. શિવશંકર અવસ્થી લખે છે કે "ચિત્ત જ્યારે બાહ્યસમૂહને ઉપસંહૃત કરીને, અન્તર્મુખ થઈને ચિદ્રુપતા સાથે અભેદ વિમર્શ પ્રાપ્ત કરે છે, તે જ તેની ગુપ્ત મંત્રણા છે, જેને કારણે તેને મંત્રની અભિધા મળે છે તેથી મંત્રદેવતાના વિમર્શમાં તત્પર તથા દેવતા સાથે જેણે સામંજસ્ય પ્રાપ્ત કરી લીધું છે. એવા આરાધકનું ચિત્ત જ મંત્ર છે. માત્ર વિચિત્ર 'વર્ણ સંઘટના' જ નથી."

મંત્રોની રચના કેવી રીતે થાય છે ? એના ઉત્તરમાં એમ માનવામાં આવે છે કે દરેક અક્ષર એ મંત્ર સમાન છે. દરેક અક્ષરમાં મંત્રબીજ છુપાયેલો હોય છે. શ્રી સારાભાઈ નવાબ જણાવે છે કે "મંત્ર એટલે અમુક પ્રકારના અક્ષરોની સંકલના. જેમ આકર્ષણશીલ વિદ્યુતના સમાગમનથી તણખો ઉત્પન્ન થાય છે તેમ જુદા જુદા સ્વભાવવાળા અક્ષરોની યથાયોગ્ય રીતે સંકલના-ગૂંથણી કરવાથી કોઈ અપૂર્વ શક્તિનો પ્રાદુર્ભાવ થાય છે."

અર્થાત્ મંત્ર એવું વિજ્ઞાન છે, જેનાથી શક્તિનો ઉદ્‌ભવ થાય છે. જેનાથી મનમાં રહેલા અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થાય છે. મંત્ર એવી મનોભૂમિ તૈયાર કરે છે જેમાં ભગવાનની સત્તા કેન્દ્રીભૂત થાય છે અને આ મંત્રશક્તિ દ્વારા ભગવાનનો સાક્ષાત્કાર થાય છે. અર્થાત્ મંત્રમાં એટલી દિવ્યશક્તિ રહેલી છે કે ભક્તને ભગવાન સાથે તાદાત્મ્યતા સાધવામાં અને તેમાં એકાકાર થવામાં મદદ કરે છે.

ભારતમાં ધર્મશાસ્ત્રો, પુરાણો, કથાગ્રંથો, પ્રાચીનમાં પ્રાચીન હસ્તપ્રતો અને મહાપુરુષોનાં ચરિત્રોમાંથી કોઈપણ વિષયનું પુસ્તક જોઈએ તો તેમાં મંત્ર કે તેના પ્રભાવ વિશે કંઈ ને કંઈ લખાયેલું ચોક્કસ મળી આવે છે. પ્રાચીન કાળના ભારતમાં મંત્રનો પ્રભાવ અને પ્રચાર ઘણા વિશાળા પ્રમાણમાં હતો. મંત્રશાસ્ત્ર વિષેનું વિવેચન બૌદ્ધ સાધુઓએ ઘણું બહોળા પ્રમાણમાં લખ્યું છે. પાંચમીથી દસમી સદી સુધીનાં પાંચસો વર્ષ દરમ્યાન આ વિષય ઉપર બેથી અઢી હજાર જેટલા નાનામોટા ગ્રંથો એકલા બૌદ્ધોએ જ લખ્યા હતા.

જૈન ધર્મની મંત્રની પ્રાચીનતા બૌદ્ધ ધર્મ પહેલાંની જોવા મળે છે. 'શ્રી ભૈરવ પદ્માવતી કલ્પ' નામના ગ્રંથની પ્રસ્તાવનામાં વિદ્વાન લેખક શ્રી મોહનલાલ ભગવાનદાસ સોલિસિટર જૈનાગમોમાંથી પુરાવાઓ આપીને સાબિત કરવાના છે કે જૈન સંપ્રદાયમાં બૌદ્ધ સંપ્રદાયની અસર પહેલાં પણ જૈનાચાર્ય આ વિદ્યાથી અનભિજ્ઞ ન હતા.

જૈન ધર્મની અંદર મંત્રશક્તિ વિશે ઘણું લખાયું છે. મંત્રો પણ વિશાળ પ્રમાણમાં મળી આવે છે. મંત્રની વ્યાખ્યા જૈન ધર્મમાં થોડી વિશિષ્ટ રીતે આપવામાં આવી છે. ડૉ. રુદ્રદેવ ત્રિપાઠી જણાવે છે કે "મંત્ર શબ્દની પરિભાષા કરતાં જૈન ગીતાર્થોએ મૂળ ધાતુઓ તો તે જ માન્ય રાખ્યા છે. પણ અર્થમાં છેક વિશિષ્ટતા આણી છે. યથા જેનાથી આત્માનો આદેશ નિજાનુભવ જ્ઞાત થાય તે મંત્ર, જેના વડે પરમપદમાં બિરાજમાન પાંચ ઉચ્ચ આત્માઓનો અથવા યક્ષાદિ શાસન દેવતાઓનો સાક્ષાત્કાર થાય તે મંત્ર."

જૈન સમાજમાં મંત્રનો આદર થતો હતો. અન્ય ધર્મમાં મંત્રનો નાની નાની બાબતોમાં ઉપયોગ થતો હતો. ધર્મના આવશ્યક કર્તવ્ય તરીકે તેનો સ્વીકાર કરવામાં આવતો હતો. જ્યારે જૈન ધર્મમાં મંત્રશાસ્ત્રનો અભ્યાસ જ્ઞાનની પાપ્તિ અર્થે થતો હતો. અને તેનો ઉપયોગ શાસનની રક્ષા નિમિત્તે જ કરાતો. જૈન સમાજમાં અનેક મંત્રવાદીઓ થયા છે જેમાં માનવદેવસૂરિ, સિદ્ધસેન, દિવાકરસૂરિ, માનતુંગસૂરિ, હરિભદ્રસૂરિ, આચાર્ય ખપુટાચાર્ય, કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિ, શ્રી જિનદત્તસૂરિ આદિની ગણના થાય છે. જૈનાચાર્યોનો મંત્રજપનો મુખ્ય હેતુ કર્મનિર્જરાનો હતો. જ્યારે બીજા લોકો ઐહિક ફળની આશાથી જ મંત્ર જપતા. જૈનોના મંત્ર તદ્દન પવિત્ર અને નિર્દોષ વિધિસાધ્ય હોવાથી મંત્રવાદ જૈન આચારોમાં વિકૃતિ ઉત્પન્ન કરી શક્યો નથી.

મંત્ર શક્તિ દ્વારા કોઈપણ પ્રકારનું કાર્ય સિદ્ધ થઈ શકે છે. આચાર્યોએ બનાવેલા એક એક અક્ષર મંત્ર સમાન હોય છે. આવા મંત્રનો પાઠ કરવાથી વાતાવરણની અંદર જે આંદોલનો ફેલાય છે. તેના પરિણામે એક વિશિષ્ટ પ્રકારની અસર ઉત્પન્ન થાય છે. અવધિજ્ઞાની દેવતાઓને પોતાના જ્ઞાનના કારણે સ્વર્ગમાં બેઠા બેઠા ખબર પડે છે કે કોઈ સાધક મંત્રનો પાઠ કરે છે અને મદદ માટે મને યાદ કરે છે. સાધના યાદ કરતાં દેવી-દેવતા પ્રસન્ન થાય છે અને સાધકની મનોવાંચ્છના પરિપૂર્ણ કરે છે.

જૈન શાસ્ત્રમાં મંત્રોનું અનાદિકાલથી પ્રચલન છે. મંત્રો ભક્તિ અને મુક્તિ, શ્રેય અને પ્રેયની સાધના-આરાધના કરી આપવાના હોવાથી જૈન શાસ્ત્રમાં ગૌરવભર્યું અને વિશિષ્ટ સ્થાન પામ્યા છે. તેથી કરીને કહેવાય છે કે જૈન આગમો જ મંત્રમય છે એવું વિધાન સત્ય પુરવાર થાય છે.

(અ) મંત્રો - પંડિતશ્રી કમલકુમાર શાસ્ત્રીની વૃત્તિ અનુસાર :-

બાળપણથી જ જ્ઞાનાભ્યાસની તીવ્ર તમન્ના અને અભ્યાસમાં વિશેષ રુચિ ધરાવનાર શ્રી કમલકુમાર શાસ્ત્રીએ જુદા - જુદા ગ્રંથોને ગહનતાપૂર્વક અભ્યાસ કર્યા બાદ જ્ઞાનની મોંઘી મૂડી સમાજના લોકો સુધી પણ પહોંચે તે માટે સતત પ્રયત્નશીલ બની રહ્યાં. તેઓનો ઊંડો જ્ઞાનાભ્યાસ સતત પ્રયત્નશીલ બની રહ્યા. તેઓને ઊંડો જ્ઞાનાભ્યાસ તથા જ્ઞાન પીરસવાની કુશળ કલાથી 'પંડિત' તરીકેના સંબોધનથી સન્માનિત બન્યા. દિગંબર મતના અનુયાયી શ્રી

કમલકુમાર શાસ્ત્રીનું ઉપનામ 'કુમુદ' છે. જુદાં - જુદાં ક્ષેત્રે જ્ઞાનવૃદ્ધિ કર્યા બાદ વાત્સલ્યમૂર્તિ, આચાર્યશ્રી ૧૦૮ વિમલસાગરજી મહારાજના પટ્ટશિષ્ય જ્ઞાનદિવાકર, પ્રશાંતમૂર્તિ દિગમ્બરાચાર્ય શ્રી ભરતસાગરજી મહારાજજીની સ્વર્ણજયંતિ વર્ષના ઉપલક્ષમાં તેઓએ શ્રી કલ્યાણમંદિર સ્તોત્રના મૂળ પદ્યાનુસાર બાદ યંત્ર - મંત્ર - ઋદ્ધિ દ્વારા સાધનાવિધિ સંપાદન કરી આલેખિત કરેલ છે. જે અમૂલ્ય ગ્રંથ ભારતવર્ષીય અનેકાન્ત વિદ્વત્ત પરિષદ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ છે.

પંડિતશ્રી કમલકુમાર શાસ્ત્રી જણાવે છે કે, "અન્ય સ્તોત્રો કરતાં આ સ્તોત્રની સાધનાવિધિ શોધવી એક સમસ્યારૂપ બનેલ. શ્લોકોના ઋદ્ધિ-મંત્ર તથા યંત્રને શુદ્ધતમરૂપે પુસ્તકમાં સમાવિષ્ટ કરવા અસંભવ લાગતા હતા. પરંતુ, ઘણી શોધ-પ્રશોધ બાદ પંચાયતી જૈનમંદિર - દિલ્લીમાંથી જૂની એક પ્રત મળીને તે પણ અશુદ્ધ. પરંતુ પ્રાકૃતભાષાના વિદ્વાન્ શ્રીમાન પંડિત બાલચંદ્રજી સિધ્ધાંત શાસ્ત્રી (દિલ્લી) તથા શ્રીમાનં પડત ફૂલચંદ્રજી સિધ્ધાંત શાસ્ત્રી (વારાણસી)ના અથાક સહયોગ તથા અવિરત શ્રમથી આ સ્તોત્ર શ્લોકોના મંત્રો-યંત્રો ને ઋધ્ધિઓનું સંશોધન કરેલ છે." પોતાના ગ્રંથમાં શ્રી કમલકુમાર શાસ્ત્રીએ 'મહાધવલ સિદ્ધાંત શાસ્ત્ર' અનુસાર ઋધ્ધિઓની સંજ્ઞાને કૌશલતાપૂર્વક જોડીને તેમાં સામંજસ્ય સ્થાપિત કર્યું છે. તથા પુસ્તકમાં પ્રકાશિત મંત્રામ્નાય શ્રી દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધારક સંસ્થા - સુરતથી પ્રકાશિત સ્તોત્રત્રયથી લેવામાં આવેલ છે. અને મંત્રામ્નાય આ સ્તોત્રત્રયમાં આચાર્ય મહારાજશ્રી જયસિંહસૂરિજી દ્વારા સંગ્રહિત હસ્ત લિખિત પ્રતમાંથી લેવામાં આવેલ છે. આ મંત્રામ્નાયની રચના ૧૧મી સદી બાદ થઈ હોવાનું લાગે છે. કારણ મહાન મંત્રવાદી શ્રી મલ્લિસેન સૂરિ વિરચિત 'ભૈરવપદ્માવતી કલ્પ' નામક ગ્રંથમાં આ મંત્રોનો અધિકાંશ ભાગ લેવામાં આવેલ છે અને તે મલ્લિસેન સૂરિ ૧૧મી શતાબ્દી બાદ થયા છે. સ્તોત્રત્રયની રચના 'ભૈરવપદ્માવતી કલ્પ' બાદ થઈ છે. અત્રે પંડિતશ્રી કમલકુમાર શાસ્ત્રી દ્વારા સંપાદિત પુસ્તકના શ્લોક પ્રમાણે ઋદ્ધિ તથા મંત્રો પરિશિષ્ટ-૨ માં આપેલ છે.

(બ) શ્રી સારાભાઈ નવાબના મતે....

શ્રી કમલકુમારશાસ્ત્રીના મતે કલ્યાણમંદિર વિષયક મંત્રશાસ્ત્રનો અભ્યાસ કર્યા બાદ શ્રી સારાભાઈ નવાબના મતે આ સ્તોત્ર વિશે મંત્રશાસ્ત્રની તપાસ કરતાં શ્રી સારાભાઈ જણાવે છે કે, "સિધ્ધસેન દિવાકર સન્મતિતર્ક જેવા વિશાળા તર્કશાસત્રના ગ્રંથના સર્જક હોવાથી કાવ્યમાં બુધ્ધિમત્તાના અપૂર્વ ચમત્કારો જોવા મળે છે. તો, એની સાથે જ કવિ મંત્રશાસ્ત્રોના વિશદ જાણકાર હોવાથી મંત્રની અદ્‌ભુત શક્તિ પણ કાવ્યના પદે-પદમાં અનુભવાય છે." સ્તોત્ર શ્લોક પ્રમાણે ઋધ્ધિ, મંત્ર, વિધિ અને લાભ પરિશિષ્ટ-૩ માં આપેલ છે.

પ્રભાવિત સાહિત્ય :-

કલ્યાણમંગલ સ્તોત્ર

જૈન સાહિત્યજગતમાં આચાર્યશ્રી, પંડિતરત્ન પૂ. ઘાસીલાલજી મ.સા.નું નામ આગવી પ્રતિભા ધરાવે છે. નાની ઉંમરથી સંયમસાધના, અજોડ તપારાધનાથી તેઓશ્રી વિશિષ્ટ જ્ઞાનશક્તિથી સંપન્ન બન્યા હતા. મંત્રસાધનાના અનન્ય ઉપાસક પૂ. આચાર્યશ્રીએ અનેક સ્તોત્રો તથા સ્તવનોની રચના કરી છે. શ્રી ભક્તામર સ્તોત્રના ભાવોને અનુરૂપ, પાદપૂર્તિ સ્વરૂપ તેઓશ્રીનું રચિત 'શ્રી વર્ધમાન ભક્તામર સ્તોત્ર' આજે પણ ઘણાં સાધકો સ્વાધ્યાય કરતા જણાય છે.

શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર જેવું નામની અને ભાવોની સામ્યતા ધરાવનારું 'શ્રી કલ્યાણમંગલ સ્તોત્ર' આચાર્યશ્રીની બુદ્ધિપ્રતિભાના દર્શન કરાવનાર તેઓશ્રી રચિત સુંદર સ્તોત્ર છે. અન્ય કાવ્યમાંથી પ્રેરણા લઈ, અન્ય ભાવોની અભિવ્યક્તિ દ્વારા પાર્શ્વનાથ ભગવાનને જ આરાધ્ય બનાવી આ સ્તોત્ર રચેલ છે. આ સ્તોત્ર પાદપૂર્તિરૂપ સ્તોત્ર નથી, પરંતુ કલ્યાણમંદિર સ્તોત્રના ઘણા-ખરા શબ્દો તથા કલ્યાણમંદિર સ્તોત્રના જ ભાવો અન્ય રૂપક કે અન્ય દૃષ્ટાંતનો સહારો લઈ દર્શાવેલ છે. ઉવસગ્ગહરં સ્તોત્ર, નમુત્થુણં સ્તોત્ર, ભક્તામર સ્તોત્ર, કલ્યાણમંદિર સ્તોત્ર આદિ નામો રાખવામાં જે હેતુ હતો કે, કાવ્યોનો પ્રારંભ જે શબ્દથી થાય તે શબ્દ પરથી સ્તોત્રનું નામ, તેનું અહીં અનુકરણ કર્યું હોય તેમ લાગે છે.

આચાર્યશ્રી બીજા શ્લોકમાં પોતાના આરાધ્ય પ્રભુનું નામોલ્લેખ કરતાં જણાવે છે,

"સમ્યક્ પ્રણમ્ય ખલુ પાર્શ્વ-જિનેશ્વરસ્ય"

અર્થાત્ પાર્શ્વનાથ જિનેશ્વરને આરાધ્ય બનાવી આ સ્તુતિ બનાવી છે. કલ્યાણમંદિર સ્તોત્ર જેમ સિધ્ધસેન દિવાકરજીએ શરૂઆતના શ્લોકમાં નમ્રતાભાવ તથા લઘુતાભાવ પ્રદર્શિત કર્યા છે તેમ, નવા નવા દૃષ્ટાંતોનો આધર લઈ કલ્યાણમંગલ સ્તોત્રમાં પણ આચાર્યશ્રીએ તે પ્રમાણે ભાવ રજૂ કર્યા છે.

આ શ્લોકમાં ૨૭મા શ્લોકથી કલ્યાણમંદિર સ્તોત્રની જેમ અષ્ટપ્રતિહાર્યનું સુંદર દૃષ્ટાંતો સાથે વર્ણન કરવામાં આવેલ છે. તેવી જ રીતે આચાર્યશ્રી કહે છે કે,

"હેમાન્દિર સાન્દ્ર નવનીરદ નીરવૃષ્ટયા,
નૃત્યન્તિ યાતકગણા ભગવન્ ! યથૈવ !
તદ્વજ્જના અતિ વચોમૃત વર્ષણેન,
સિંહાસનસ્થ શિતિકાન્તિ જિનેશ્વરસ્ય."

હિમાલયમાં જલવૃષ્ટિ થતાં જેમ ચાતકનો સમૂહ હર્ષિત થઈ નાચવા લાગે છે તેમ અહો, ભગવાન ! સિંહાસન પર બેસતાં ભગવાનના અમૃતવચનોની વૃષ્ટિ થતાં ભવ્યજીવો પણ નાચવા લાગે છે. અહીં, આચાર્યશ્રીએ સિંહાસન પ્રતિહાર્યની વાત કરતાં ચાતકસમૂહના આનંદની ભવ્યજીવોના આનંદ સાથે સરખામણી કરી છે.

આ પ્રતિહાર્યોમય શ્લોકના વર્ણન બાદ મંત્રશાસ્ત્રના વિશેષ જાણકાર આચાર્યશ્રી ૩૫મા શ્લોકોથી શ્લોકરચના મંત્રશાસ્ત્ર આધારિત કરતા હોવાનું જણાય છે. ૩૫મા શ્લોકની શરૂઆતમાં "ઓં હ્રીં" જેવાં પદોદ્વારા તો ૩૬મા શ્લોકની શરૂઆતમાં "હ્રીં શ્રીં નમઃ" જેવા મંત્રપદ દ્વારા શ્લોકની શરૂઆત કરી છે. આગળના શ્લોકોમાં શાકિની, ડાકિની, પૈતલ, ભૈરવ, બ્રહ્મરાક્ષસ વગેરેના ભયોના છૂટકારાની વાત કરી છે તે પરથી કહી શકાય કે તે સમયમાં આ પ્રકારનો ભય જનસમૂહમાં વિશેષ હોય સંભવ છે. ૪૧મા શ્લોકથી સન્નિપાત, કંઠવ્રણ, જ્વર, ભગંદર જેવા રોગમુક્તિ માટે પણ શ્લોકરચનાનો ભાવ જણાય છે.

આ સ્તોત્રરચના કલ્યાણમંદિર સ્તોત્રની સાથે ભક્તામર સ્તોત્રથી પણ પ્રભાવિત જણાય છે. ૪૫મા શ્લોકમાં ભક્તામર સ્તોત્રના ૨૬મા શ્લોકની જેમ ચારેય ચરણના પ્રથમ શબ્દો સમાન રાખી રચના કરેલ છે, જે આ પ્રમાણે છે :-

"ત્વચ્ચિન્તનં જન્યતે વિમલપ્રબોધમ્,
ત્વચ્ચિન્તનં જનયતે સકલપ્રોમદમ્,
ત્વચ્ચિન્તનં જનયતે સકલાર્થસિદ્ધિમ્,
ત્વચ્ચિન્તનં જનયતે ખલુ મોક્ષસિદ્ધિમ્

વળી, સ્તોત્રના અંતિમ શ્લોકમાં ભક્તામર સ્તોત્રના અંતિમ શ્લોકના ચોથા ચરણની જેમ "સમુપૈતિ લક્ષ્મી" જેવા શબ્દોથી જ સમાપ્તિ થાય છે.

આચાર્યશ્રીએ સ્તુતિરચનાનું કાર્ય શરૂ કર્યા બાદ વિશિષ્ટ પ્રાર્થનાનું સામર્થ્ય ન હોવાથી તથા મંત્રાશસ્ત્રનો વિશદ્ અનુભવ હોવાથી સ્તોત્રનો મંત્રો તરફ ઝુકાવ સવિશેષ જણાય છે. વળી, ક્યાંક ક્યાંક સંસ્કૃત સ્તોત્રમાં પ્રાકૃત ભાષાના શબ્દોનો ઉપયોગ થયો હોવાનું દેખાય છે. કલ્યાણમંદિર સ્તોત્રની સંસ્કૃત ભાષારચના અઘરી છે જ્યારે આ કલ્યાણમંગલ સ્તોત્રની ભાષારચના સરસ સંસ્કૃતમાં હોવાથી તેના અર્થ સામાન્ય અભ્યાસુઓને સમજાઈ જાય તેવા છે.

કોઈ મહાન કાવ્યકારની કૃતિનું અનુકરણ કરી રચના કરવી એ બાળસહજ રમતી નથી. આચાર્યશ્રીનો આવો પ્રયાસ તથા રચનાકાર્ય અનુમોદનીય - અભિવંદનીય છે.

સંદર્ભ સૂચિ

(૧) આચાર્ય મહાપ્રજ્ઞઃ કૃતિત્વ અને વ્યક્તિત્વ, જૈનભારતી સંસ્થાન, લાડનૂં (રાજ.)
(૨) સુશીલ કલ્યાણમંદિર સ્તોત્ર
(૩) 'શ્રી ભક્તામર સ્તોત્ર'ની પાદપૂર્તિરૂપ કાવ્યસંગ્રહનો પ્રથમ વિભાગ, પ્રસ્તાવના - પ્રો. હીરાલાલ કાપડિયા, પૃ. ૪
(૪) જૈન ધાતુ રત્ન કોશ
(૫) 'મંત્ર અને માતૃકાઓનું રહસ્ય', ડૉ. શિવશંકર અવસ્થી, પૃ. ૧૯૦-૯૧
(૬) 'પૂર્વાચાર્ય વિરચિત મહાપ્રભાવિક નવસ્મરણ', સારાભાઈ નવાબ, પૃ. ૨૧
(૭) 'શ્રી પાર્શ્વનાથોપસ્સગ હારિણી શાસનદેવી શ્રી પદ્માદેવ માતા તાંત્રિક સાધનામાં મંત્રનું મહત્વ, ડૉ. રુદ્રદેવ ત્રિપાઠી, પૃ. ૧૩૫'

પ્રકરણ - ૬ : ઉપસંહાર

ભારતીય પરંપરામાં ભક્તિદર્શન તથા ભક્તિમય સાધનારૂપ સ્તોત્રસાહિત્ય વિપુલ પ્રમાણમાં સર્જન અને પ્રચાર પામ્યું છે. આરાધ્ય, આરાધક અને આરાધનાની ત્રિપદીએ સ્તોત્રાત્મક રચનાઓને એવું ઐકય પ્રદાન કર્યું છે, કે જેથી સાધનાને ચરમોત્કર્ષ સુધી પહોંચાડવામાં સહયોગી બને. બીજા શબ્દોમાં એમ પણ કહી શકાય કે 'સ્તોત્ર સાહિત્ય', ભારતીય સાહિત્યનું હૃદય છે. બધા ધર્મના અનુયાયીઓએ ભગવાનના ચરણોમાં સ્તુતિ-સ્તોત્રોના પુષ્પો પાથર્યા છે. બૌધ્ધોએ બુધ્ધ ભગવાનની, જૈનોએ અરહિંત ભગવાનની તથા વૈદિકોએ વિષ્ણુ, શિવ, દુર્ગા, સૂર્ય, ગણપતિ આદિ તથા અન્ય શ્રધ્ધાળુઓએ પોત-પોતાના ઈષ્ટદેવોની કોમળ અને લલિત પદાવલી દ્વારા સ્તુતિ કરી શ્રધ્ધાસુમન અર્પિત કર્યા છે. સ્તોત્રોમાં ભક્તોએ પોતાના હૃદયની નિર્મલ, નિશ્ચલ અનુભૂતિઓ, દીનતા, લઘુતા, અકિંચનતા અને ભગવાનની ઉદારતા, પ્રભુતા અને શક્તિ સામર્થ્યનો પરિચય કરાવ્યો છે.

સ્તોત્ર, સ્તુતિ, સ્તવન આદિ સર્વરચનાઓનું મૂળરૂપ ભક્તિ છે. જેમાં એક ભક્ત, પોતાના આરાધ્યના ગુણ સંકીતર્ન કરે છે. જ્યારે જૈનદર્શન પુરુષાર્થવાદી દર્શન છે. અભ્યુદય, ઉન્નતિ, વિકાસ અને પરિનિર્વાણ, આ બધુ આત્માનો પોતાનો કર્તૃત્વ માને છે. આગમોમાં આ સંબંધિત બાબતનો ઉલ્લેખ મળે છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે -

अप्पा नई वेयरणी, अप्पा मे कूडसामली
अप्पा कामदुहा घेळू, अप्पा मे नंदणं वणं ।
अप्पा कत्ता विकत्ता य, दुहाण य सुहाण य,
अप्पा मित्तममितं च, दुप्पट्ठियसुपहिओ ।।

પોતાના સુખ દુઃખ, ઉન્નતિ - અવનતિ, ઉત્થાન-પતન અને મોક્ષપ્રાપ્તિનું કતૃત્વ આત્માનું જ છે. આત્મા જ પોતાનો મિત્ર અને શત્રુ છે. કોઈ કોઈનિ ઉન્નતિ કરી શકતું નથી. પરમાત્મા, તીર્થકર, આચાર્ય, ગુરુ આદિ માત્ર પથ-દર્શન કરાવી શકે છે. તે પ્રદર્શિત સત્યના માર્ગ પર ચાલીને વ્યક્તિ ઉત્થાનના સર્વોચ્ચ શિખર પર આરૂઢ થઈ શકે છે. અર્થાત્ પોતાના પુરુષાર્થથી જ મુક્તિમાર્ગ પર આગળ વધી શકે છે.

આવી સ્થિતિમાં પુરુષાર્થવાદી જૈનદર્શનમાં આત્મ કલ્યાણાકાંક્ષી સાધકો - ઉપાસકો માટે ભક્તિની કોઈ મહત્વતા નથી. કોઈ ભક્ત તીર્થકરનું, ઈષ્ટદેવોનું ગમે તેટલું સ્તવન કરે પરંતુ તેમાં પોતાના સત્પુરુષાર્થ વિના વિરદાનના રૂપમાં કંઈ દેતા નથી. કારણ તેઓ તો રાગ-દ્વેષ રહિત શુધ્ધાત્મભાવમાં સ્થિત હોય છે. આ બાબત જણાવતાં સમયસારમાં કુન્દકુન્દાચાર્ય કહે છે કે :

जदि पुग्गलकम्ममिणं कुव्वदि तं चेव वेदयदि आदा ।
दो किरिया विदिरितो यसजदि सो जिणावमदं ।।

આ પ્રકારની વાતોથી જૈનદર્શનમાં ભક્તિ અને સ્તોત્ર સાહિત્ય પર પ્રશ્નાર્થ ચિન્હ્ ઉભો થાય છે. પરંતુ આ પ્રશ્નોના સમાધાન મેળવવા આપણે તત્વજ્ઞાનના થોડા ઊંડાણ સુધી જવું પડશે. માત્ર બાહ્ય રીતે દૃષ્ટિપાત ન કરતાં આંતરિક સુધી અવગાહન કરવું પડશે.

● જૈનદૃષ્ટિએ ભક્તિયોગ :-

જૈનદર્શન આત્મવાદી અને કર્મવાદી દર્શન છે પરંતુ, તેનો ભક્તિ સાથે કોઈ વિરોધ નથી. "ભક્તિ" નો અર્થ છે ભાવની વિશુધ્ધિથી યુક્ત અનુરાગ. દેવ-ગુરુ અને ધર્મ આદિમાં વિશુધ્ધ પ્રેમ અથવા અનુરાગને ભક્તિ કહેવામાં આવે છે. જૈનાચાર્ય પૂજ્યપાદ દેવનંદીજી ભક્તિની વ્યાખ્યા કરતાં કહે છે કે -

"अर्हदाचायेषु बहुश्रुतेषु प्रवचने च,
भाव विशुध्धियुक्तो अनुरागो भक्तिः ।" (૩)

અર્થાત્ અરિહંત, સિધ્ધ, આચાર્ય, બહુશ્રુત, જિનપ્રવચન આદિમાં થનારા વિશુધ્ધ પ્રેમ કે અનુરાગને ભક્તિ કહેવાય છે.

ભગવતી આરાધનાના ટીકાકાર અપરાજિતસૂરિએ કહ્યું છે કે - "अहंदादिगुणानुरागो भक्तिः" (૪) આચાર્ય સોમદેવે ભક્તિની પરિભાષા કરતાં જણાવું છે કે -

"जिने जिनागमेसूरौतपः श्रुतपरायणे ।
सद्भावशुध्धि सम्पन्नो अनुरागो भक्तिरुच्यते ।।"

જિન, જિનાગમ, તપ અને શ્રુતમાં પરાયણ આચાર્યમાં સદ્ભાવ વિશુધ્ધિથી સંપન્ન અનુરાગને ભક્તિ કહેવામાં આવે છે.

● સમ્યક્દર્શન અને ભક્તિનો સમન્વય :-

સમ્યક્દર્શન જૈનધર્મનું મૂળ તત્વ છે. તેના આધાર પર જૈનધર્મના સિધ્ધાંત - આચાર આદિનો વિકાસ થાય છે. આગમ સાહિત્યમાં અલગ - અલગ સ્થાન પર સમ્યક્દર્શનનું માર્મિક વિશ્લેષણ કરવામાં આવ્યું છે. પ્રાચીન જૈનાગમોમાં સમ્યક્દર્શનનો અર્થ સ્વાનુભૂતિ, આત્માનુભૂતિ, આત્મ - સાક્ષાત્કાર, દૃષ્ટાભાવ અથવા સાક્ષીભાવ કરવામાં આવે છે. "ઉત્તરાધ્યયન

સૂત્ર' તથા ઉમાસ્વાતિ વિરચિત 'તત્વાર્થસૂત્ર'માં તત્વશ્રધ્ધાના રૂપમાં વ્યાખ્યાયિત થાય છે. આ રીતે - સમ્યક્‌દર્શન સ્વાનુભવ, તત્વસાક્ષાત્કાર, અન્તરબોધ, અંતરદૅષ્ટિકોણ, તત્વજ્ઞાન આદિના સાથે વિશેષરૂપ જોડાયેલા છે. પૂર્વાચાર્યો આ જ ધર્મ પ્રતિશ્રધ્ધા, ભક્તિ, અનુરાગ સાથે જોડ્યો છે. શ્રધ્ધા, ભક્તિ અને અનુરાગના અંતઃ સ્થલથી સહજરૂપે સાત્વિકભાવોનો ઉદ્‌ભવ થાય છે.

આ ભાવથી પારલૌકિક અથવા આધ્યાત્મિક ભૂમિકાથી યુક્ત થઈને પોતાના આરાધ્યના ચરણોમાં સ્તુતિ કે સ્તવનના રૂપમાં ભાવો પ્રદર્શિત થાય છે. ભક્તિનું ઉદ્‌ગમસ્થાન સમ્યક્‌ત્વ (શ્રધ્ધા) જ મૂલસ્ત્રોત છે જેનાથી તે મોક્ષાત્મક પરમ લક્ષ્ય સુધી પહોંચી શકાય છે. આમ, ભક્તિ લૌકિકથી અલૌકિક અથવા પારમાર્થિકરૂપ ગ્રહણ કરે છે. આ આશયને સ્પષ્ટ કરતાં મહાકવિ વાદિરાજે પોતાના 'एकीभाव स्तोत्र' માં કહ્યું છે કે -

"शुध्धे ज्ञाने शुचिनि चरितेसत्ययि त्वच्यनीचा,
भक्तिर्नो चेदनवधिसुख्रवाज्यिका कुज्यिकेयं ।
शक्योद्घाटं भवति हि कथं मुक्तिकामस्य पुंसो,
मुक्तिद्वारं परिदृढमहा मोहमुन्द्राकपाटन् ।।"

અર્થાત્‌.. હે પ્રભો ! શુધ્ધજ્ઞાન અને પવિત્ર ચારિત્ર હોવા છતાં પણ જો અસીમ સુખના દેવાવાળી કુંચી (ચાવી) સ્વરૂપ તમારી ઉત્કૃષ્ટ ભક્તિ ન હોય તો મહામોહરૂપી તાલાથી બંધ મોક્ષદ્વાર ને મોક્ષાર્થી પુરુષ કેવી રીતે ખોલી શકે ?

અહીં 'ભક્તિ'નું તાત્પર્ય સમ્યક્‌દર્શન બતાવ્યું છે જે અનંત સુખોનું કારણ છે અને મુક્તિમહેલના દ્વાર લાગેલા મિથ્યાત્વરૂપી તાળાને ખોલવાને માટે કુચી (ચાવી) સમાન છે. જ્યાં સુધી આ ભક્તિરૂપ સમ્યક્‌દર્શન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી જ્ઞાન અને ચારિત્ર હોવા છતાં પણ મોક્ષપ્રાપ્ત ન થઈ શકે. અર્થાત્‌ ભક્તિ, જ્ઞાન અને ચારિત્રથી પણ શ્રેષ્ઠ છે.

● તીર્થંકર નામકર્મની પ્રાપ્તિમાં ભક્તિનું સ્થાન :-

જૈનદર્શનમાં ભક્તિનું પ્રાચીનરૂપ દ્વાદશાંગીના છઠ અંગસૂત્ર 'જ્ઞાતાધર્મ કથા સૂત્ર'માં વર્ણિત તીર્થંકર નામગોત્ર કર્મ ઉપાર્જનના વીસ કારણો બતાવવામાં આવ્યા છે. આ વીસ કારણો આ પ્રકારે છે :

(૧) અરિહંત (૨) સિધ્ધ (૩) પ્રવચન - શ્રુતજ્ઞાન (૪) ગુરુ - ધર્માપદેશક (૫) સ્થવિર (૬) બહુશ્રુત (૭) તપસ્વી. આ સાતેય પ્રતિ વત્સલતા ધારણ કરવી એટલે કે સત્કાર સન્માન કરવું ગુણોત્કીર્તન કરવું. (૮) નિરંતર જ્ઞાનારાધનામાં તલ્લીન રહેવું. (૯) દર્શન વિશુધ્ધિ (૧૦) જ્ઞાનાદિનો વિનય કરવો (૧૧) છ આવશ્યક કરવા (૧૨) ઉત્તરગુણો અને મૂલગુણોનું નિરતિચાર પાલન કરવું (૧૩) પ્રત્યેક ક્ષણ આત્મારાધનામાં વ્યતીત કરવો (૧૪) તપ કરવું

(૧૫) ત્યાગ કરવો (૧૬) વૈયાવચ્ચ (સેવા કરવી) (૧૭) સમાધિમાં રહેવું અથવા ગુરુ આદિન સમાધિ (શાતા) પહોંચાડવી (૧૮) અપૂર્વજ્ઞાન પ્રાપ્તિમાં તત્પર રહેવું (૧૯) શ્રુતની ભક્તિ કરવી (૨૦) પ્રવચન પ્રભાવના કરવી. આ વીસ કારણોમાંથી કોઈને કોઈનું સેવન તીર્થંકરત્વની પ્રાપ્તિ કરાવે છે. (૫)

આ ઉપરોક્ત વીસ કારણોમાં પ્રારંભ અરિહંત, સિધ્ધ, પ્રવચન, ગુરુસ્થવીર, બહુશ્રુત એવમ્ તપસ્વી પ્રતિ વત્સલતા - પ્રીતિ અથવા અનુરાગ ધારણ કરવાની જે વાત કરી છે ત્યાં વત્સલતાનો આશય ભક્તિ છે. એટલે અરહિંત, સિધ્ધ આદિનું અંતઃકરણથી કીર્તન કરવું, સત્વન કરવું તથા તેના સદ્‌ગુણો પ્રત્યે અનુરાગ કરવો, તેના ગુણોનું અનુકરણ કરવાથી પોતાના આત્મગુણો વિકસિત કરવાનો પ્રયત્ન કરવો તે ખરા અર્થમાં ભક્તિ છે.

આવા ભક્તિમય ભાવોથી યુક્ત અને સ્વઆત્માને શુધ્ધાત્મા પ્રતિ લઈ જવા માટે વીતરાગતામય આધ્યાત્મિક ભાવોથી સભર સ્તોત્ર એટલે આ કલ્યાણમંદિર સ્તોત્ર આ સ્તોત્રમાં ભક્તહૃદયી આચાર્યશ્રીનો આરાધ્ય પ્રત્યે અત્યંત સમર્પણભાવ ઉપસ્થિત થવાથી વિનમ્રતાની પ્રતિમૂર્તિરૂપ બની જાય છે. અહીં, સ્તોત્રભાવોમાં તાત્વિકદૃષ્ટિથી અવલોકન કરતાં બે બાબતો ખ્યાલામાં આવે છે. આત્મામાં જે નિર્મળતા અથવા શુધ્ધતા ઉત્પન્ન થાય છે તેમાંથી સંચિત કલુષિત અને અશુભકર્મ નિર્જીણ થાય છે તથા આરાધ્ય પરમાત્મા પ્રત્યે જે પ્રીતિમય ભાવો જાગે છે તેમાંથી પુણ્ય સંચય થાય છે. કર્મનિર્જરા આત્મોત્કર્ષનો હેતુ છે, મોક્ષપરક છે. તથા સંચિત પુણ્યપુંજ સુખપ્રદ અને શાંતિપરક છે, જે ભક્તની ઈચ્છાઓની પરિપૂર્તિ કરે છે.

શોધનિબંધના આ ઉપસંહારરૂપ પ્રકરણમાં વિચાર કરીએ તો, કલ્યાણમંદિર સ્તોત્રની રચના તથા આ સ્તોત્રના હૃદયભાવો તદ્‌ગુણપ્રાપ્તિ (સ્તુત્યના ગુણોની પ્રાપ્તિ), શાંતિ પ્રાપ્તિ, પાપક્ષય, મુક્તિપ્રાપ્તિ આદિ આધ્યાત્મિક લક્ષ્ય જ મુખ્યત્વે રહેલું છે.

(૧) તદ્‌ગુણ - પ્રાપ્તિ :-

ઉપાસક પોતાના ઉપાસ્યની ભક્તિ કરતા સમયે ઉપાસ્યમાં જે ગુણો છે તેનુ સંસ્તવન કરે છે. તેના પાછળ તેનું લક્ષ માત્ર તેઓની કૃપાપ્રાપ્ત કરવાનું જ નહિ પણ તેનાથી આગળ વધી પોતે પણ તે પરમપદ પામે તે ભાવના ભળેલી છે. આરાધકના હૃદયમાં સતત તે ભાવો હોય તે પ્રભુમાં જે ગુણો છે તે ગુણોની પ્રાપ્તિ માટે સ્વયં પાત્ર બને. ભક્તિ તથા સ્તવનમાં ત્યારે આત્મ-પ્રેરણાનો લાભ પણ જોડાયેલો જણાય છે. માટે, શ્લોક - ૧૫માં કહ્યું છે કે -

“ध्यानाज्जिनजनेश ! भवतो भविनः क्षणेन
देहं विहाय परमात्मदशां व्रजिन्ति !”

હે જિનેશ્વર ! આપના ધ્યાનથી ભવ્યજનો આ દેહને છોડી શીઘ્ર પરમાત્મદશાને પ્રાપ્ત કરે છે. વળી, આગળ ૧૭માં શ્લોકમાં પણ આ જ ભાવોનું વિવરણ છે. આ ભાવોમાં ભક્તહૃદયી આરાધકના પ્રભુના ગુણો પામી પરમાત્મદશા પ્રાપ્તિની પ્યાસ જણાય છે.

(૨) શાન્તિ - પ્રાપ્તિ :-

જગતના પ્રત્યેક પ્રાણી જન્મ, જશ અને મરણના દુઃખોથી પીડિત છે. રાગ-દ્વેષ, કામ, ક્રોધ, લોભ આદિ વિકારોથી ગ્રસ્ત હોવાથી વ્યક્તિ અશાંત છે. ભવ્યજીવન સંસારમાં આ જન્મમરણાદિ કષ્ટોથી મુક્ત થઈ રાગાદિ વિકારોનો નાશ કરી આત્મશાંતિ પ્રાપ્ત કરવા ઈચ્છે છે. જે મનરૂપી કલ્યાણસ્વરૂપી મંદિરમાં જ્યોતિસ્વરૂપ પ્રભુ બિરાજમાન હોય, પ્રકાશમાન હોય તે મંદિરમાં વિકારરૂપી અંધકારને કોઈ સ્થાન નથી. માટે, સ્તુતિકાર સ્તોત્રની રચનામાં આત્મશાંતિની કામના કરતાં કહે છે -

અન્તઃ સદૈવ જિન ! યસ્ય વિભાવ્યસે ત્વ
ભવ્યૈઃ કથં તદપિ નાશયસે શરીરમ્ ।
એતત્સ્વરૂપમય મધ્યવિવર્તિનો હિ
યદ્વિગ્રહં પ્રશમયન્તિ મહાનુભાવાઃ ॥

હે જિનેન્દ્ર ! ભવ્યજીવો જે દેહનાં હૃદયકમલમાં આપનું નિરંતર ધ્યાન કરે છે, તે દેહનો આપ નાશ કરો છો. રાગ-દ્વેષ રહિત મહાપુરુષોની રીત જ એવી છે કે તે વિકારોનો નાશ કરે છે ને પોતાના સ્વરૂપને પામવામાં જે નડતરરૂપ છે, તેને શાંત કરે છે.

(૩) પાપ - ક્ષય :-

વીતરાગદેવના અનંજ્ઞાનાદિ પવિત્રગુણોનું સ્મરણ ચિત્રને પાપકાર્યોથી દૂર કરાવી પવિત્ર બનાવે છે. અનંતકાળથી સંસારરૂપી સાગરમાં પરિભ્રમણ કરવાનું કારણ પાપકર્મોનું આચરણ છે. મોહાદિક પાપકર્મો તથા હિંસાદિક દુષ્કૃત્યો પર વિજયપ્રાપ્ત કરવા પ્રભુનામરૂપી મંત્ર પ્રબળ સામર્થ્ય ધરાવે છે. તે બાબતે વર્ણવતા આચાર્યશ્રી કહે છે કે -

"અસ્મિન્નપાર ભવ વારિનિધૌ મુનીશ ।
મન્યે નમે શ્રવણગોચરતાં ગતોઽસિ,
આકર્ણિતે તુ તવ ગોત્ર પવિત્ર મંત્રે
કિંવા વિપદ્ વિષધરો સવિધં સમેતિ ॥

હે મુનીન્દ્ ! આ અપાર સંસાર સાગરમાં પરિભ્રમણ કરતાં આપના નામરૂપી મંત્રને મેં ક્યારેય સાંભળ્યો નથી, કારણ કે જો આપના નામરૂપી મંત્રને સાંભળ્યો હોય તો આ વિપત્તિરૂપી (પાપરૂપી) સર્પિણી મારી પાસે ક્યાંથી આવેત ?

આમ, પ્રભુનામની મહત્વતા સાથોસાથ પાપકર્મોથી મુક્ત થવાની કામના જણાય છે.

(૪) મુક્તિ - પ્રાપ્તિ :-

જૈનદર્શન અનુસાર જીવનનું પરમ અને ચરમલક્ષ્ય મોક્ષ છે. મોક્ષનો અર્થ છે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય આદિ આઠ કર્મોથી મુક્ત થઈ શુધ્ધ, ચૈતન્યરૂપ પરમાત્મપદને પ્રાપ્ત કરવું. સંસારીજીવન નિરંતર મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગના માધ્યમે પાપાશ્રવ કરીને કર્મબંધન કરતો રહે છે. પરિણામસ્વરૂપે, જન્મ - જન્માંતરો સુધી ચારગતિના પરિભ્રમણમાં બંધાયેલો રહે છે. આ અનંતાનંત સંસારની ભવપરંપરાને તોડવા સૌથી સરલ અને સુગમ સાધન છે ભગવદ્ - ભક્તિ. જૈન સ્તોત્ર સાહિત્યના લેખમાં વિદેશી વિદ્વાન ડૉ. શુબ્રિંગે લખ્યું છે કે - "સ્તોત્રનું પ્રધાન લક્ષ મનુષ્યને કર્મબંધનથી મુક્ત કરે છે." (૬)

આ વાત બતાવતા આચાર્ય શ્રી જણાવે છે કે -

જન નયન કુમુદચંદ્ર ! પ્રભાસ્વરાઃ સ્વર્ગસંપદો ભક્ત્વા
તે વિગલિતમલનિચયા, અચિરાન્મોક્ષં પ્રવધન્તે

અર્થાત્ઃ હે ભક્તજનોના નેત્રરૂપી કુમુદ વિકસિત કરનાર વિમલચંદ્ર ! તે ભક્તજનો અત્યંત રમણીય સ્વર્ગ - સંપત્તિન ભોગવીને અંતે કર્મમલથી રહિત થઈ જાય છે અને શીઘ્ર જ મોક્ષને પામે છે.

શ્રી કલ્યાણમંદિર સ્તોત્રના અંતિમ શ્લોકમાં આ સ્તોત્રનો મુખ્ય ઉદ્દેશ્ય બતાવતા સ્તોત્ર રચનાનો ભાવ સ્પષ્ટ થાય છે.

(૫) ઉપસર્ગ નિવારણ :-

કોઈપણ પ્રકારના ભૌતિક લક્ષથી સ્તોત્ર રચના કરવી જૈન દર્શનના સિધ્ધાંતથી વિરુધ્ધ છે. પરંતુ, અન્ય ધર્મોની જેમ જૈનભક્તોએ પણ ઉપસર્ગ નિવારણાર્થ અર્થાત્ આવેલા સંકટોથી મુક્ત થવા માટે જિનેશ્વર દેવોની સ્તવના કરી છે.

વિભિન્ન ઉદ્દેશ્યોથી રચિત આ સ્તોત્રની પવિત્રધારા લોકોના ભાવોની શુધ્ધિ કરી તેમનામાં શ્રધ્ધારૂપ પરિવર્તન લાવવામાં અને આત્મશાંતિની શીતલતા પ્રદાન કરવામાં સમર્થ સિધ્ધ થાય છે. શાંતિ અને મુક્તિ પ્રાપ્ત કરવા માટે ભક્તિ અને સ્તુતિ સબલ સાધન છે.

આમ, શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર ભક્તિમય હૃદયભાવોથી યુક્ત રચના છે. આ સ્તોત્ર આધારિત સાહિત્ય પર અભ્યાસ કરતાં પણ અનેક પ્રજ્ઞાવંત સંતોને સતીજીઓના જ્ઞાનગુણનો

અને દર્શનગુણનો પરિચય થાય છે. આ સ્તોત્ર આધારિત આગમ, દર્શન, અલંકાર શાસ્ત્ર આદિ દૃષ્ટિથી સમીક્ષાપૂર્વક અધ્યયન ભવિષ્યમાં પ્રજ્ઞાવંત વિદ્વાનો કરે તેવી આશા રાખું છું.

આચાર્યશ્રી સિધ્ધસેન દિવાકરે આ સ્તોત્રના એકેક પદમાં એક - એક અક્ષરમાં ગૂઢ રહસ્યો ભરેલાં છે. તે ગૂઢાર્થ જાણવાનો ને આધ્યાત્મસભર ભાવોને જીવનમાં કેળવવાનો પુરુષાર્થ કરી ભૌતિકતામય દૃષ્ટિને આધ્યાત્મિકતા તરફ વાળવાનો સમ્યક્ પુરુષાર્થ પ્રારંભી આપણે પણ મુક્તિના મંગલસ્થાનને સંપ્રાપ્ત કરીએ તેજ શુભભાવના સહ પ્રભુપ્રાર્થના...

સંદર્ભસૂચિ

(૧) શ્રી ઉતરાધ્યયન સૂત્ર - અધ્યયન ૨. - ગાથા ૩૬/૩૭.

(૨) આચાર્ય કુંદકુંદ - સમયસાર, શ્રી પાટની દિ. જૈન ગ્રંથમાલા, મારૌઠ - ૧૯૫૩, ૨/૮૬, પૃ. ૧૫૧.

(૩) સર્વાર્થસિદ્ધિઃ પં. ફૂલચંદજી સંપાદિત ભારતીય જ્ઞાનપીઠ કાશી, વિ.સં. ૨૦૧૨, ૬/૨૪ ભાષ્ય, પૃ. ૩૩૯.

(૪) 'ભગવતી આરાધના' ૪૬મી ગાથાની ટીકા, પૃ. ૮૯.

(૫) શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્ર - અધ્યાય ૮ - પૃ. ૨૧૭.

(૬) AUSDER JINSTISCHE STOTRA, Literature - By W. Schubring Preface - P.1

(૫) તે 'જૈન યંત્ર, મંત્ર સ્તોત્ર' માં પ્રકાશિત

પરિશિષ્ટ - ૧

શતાબ્દી ૧૦ :-

(૧) ગૌતમસ્વામી - ઋષિમંડલસ્તવ (૨) નંદિષેણ અજિતશાંતિ સ્તોત્ર (૩) ભદ્બાહુસ્વામી ઉવસગ્ગહરં, ગ્રહશાંતિ, લઘુસહસ્ત્રનામસ્તોત્ર (૪) સિધ્ધસેનદિવાકર - દ્વાત્રિંશિકા શકસ્તવ (ગદ્ય) જિનસહસ્ત્રનામ, કલ્યાણમંદિર સ્તોત્ર (૫) વજસ્વામી "સ્વર્ણાષ્ટાગ્ર"થી શરૂ થતું ગૌતમસ્તોત્ર (૬) પાદલિપ્તસૂરિ - વીરસ્તુતિ (સુવર્ણસિધ્ધિગર્ભિત) (૭) પાદલિપ્તસૂરિના શિષ્ય-સર્વાનંદતીર્થમાલસ્તવન (શ્લોક-૧૧) (૮) માનતુંગસૂરિ - નમિઉણ (ભયહર) સ્તોત્ર, ભક્તામરસ્તોત્ર, ભક્તિબ્ભરસ્તોત્ર (૯) હરિભદ્રસૂરિ - સંસાર દાવાનલ - સ્તુતિ (૧૦) બપ્પભટ્ટિસૂરિ - ચતુર્વિંશતિકા, સરસ્વતીસ્તવ (૧૧) જિનભદ્રસૂરિ - પારસીયભાષાસમય સ્તુતિ (૧૨) માનતુંગસૂરિના શિષ્ય ધર્મઘોષ - ચિંતામણિકલ્પ (૧૩) માનદેવસૂરિ - લઘુશાંતિસ્તવ.

શતાબ્દી ૧૧ :-

(૧૪) શોભન મુનિરાજ સ્તુતિચતુર્વિંશતિકા (૧૫) ધનપાલ - ઋષભપંચાશિકા, વીરસ્તુતિ (વિરુધ્ધવચનીય) શ્રી મહાવીર સ્તવન (સંસ્કૃત પ્રાકૃત) સત્યપુરીય, શ્રી મહાવીર ઉત્સાહ.

હારબંધજિન સ્તોત્ર, સાધારણ જિનસ્તવન, ચતુર્વિંશતિજિનસ્તવન, શાંતિનાથસ્તવન, નેમિનાથસ્તવ, પાર્શ્વજિનસ્તવન.

શતાબ્દી ૧૨ :-

(૧૬) મુનિચંદ્રસૂરિ ઉપદેશપદમાં પ્રથમ સ્વરમય સ્તુતિ (૧૭) કવિચક્રવર્તી શ્રી પાલસ્તુતિચતુર્વિંશતિકા (શ્લોક ૯૬) (૧૮) હેમચંદ્રાચાર્ય વીતરાગસ્તોત્ર, દ્વાત્રિંશિકા, સકલાર્હત્ મહાદેવ સ્તોત્ર (૧૯) ગુર્જરેશ્વર કુમારપાલ વર્ધમાનજિન દ્વાત્રિંશિકા (૨૦) હેમચંદ્રાચાર્યના શિષ્ય રામચંદ્ર -કુમાર વિહારશતક, યુગાદિદેવદ્વાત્રિંશિકા, પ્રાસદ્વાત્રિંશિકા, વ્યતિરેકદ્વાત્રિંશિકા, આદિદેવસ્તવ, નેમિસ્તવ, મુનિસુવ્રતદેવસ્તવ, જિનસ્તોત્રો, ષોડશિકા, સાધારણ જિનસ્તવન, (૨૧) બાલચંદ્ર - સ્નાતસ્યાસ્તુતિ, વસંત વિલાસમાં સરસ્વતીસ્તુતિ (૨૨) વિજય સિંહાચાર્ય - ખડ્ગકાવ્ય, નેમિસ્તવન (૨૩) શાલિસૂરિ - નેમિજિનસ્તવન (નેમવ્યંજનમય) (૨૪) કુલપ્રભ - મંત્રાધિરાજસ્તવ નાના ભવાયા સવ્યા સમય - ચતુર્વિંશતિ જિનસ્તવન. (૨૫) જિનદ્તસૂરી - શ્રુતસ્તવ (શ્લોક - ૩૦) સ્વકર્યિ સાધનસ્તોત્ર, ગુરૂપારંપર્ય સ્તોત્ર, અજિતશાંતિસ્તોત્ર (૨૬) હરિભદ્સૂરિ સાધારણજિન સ્તવન (૨૭) સિધ્ધસેન સાહરણોત્તિનામં સુપ્રસિદ્ધો અત્થિપુવ્વનવામેણાં... બહુજોયા ખસ્સ પટિખ્ખં દેસેસુ । (વિલાસવઈકણ - પ્રશસ્તિની ગા. ૪)

શતાબ્દી ૧૩ :-

(૨૮) અભયદેવસૂરિ :- પાર્શ્વસ્તવ (મંત્રાદિગર્ભિત) જય તિહુયણ (૨૯) જિનપતિસૂરિ - ઋષભસ્તોત્ર (વિવિધાલંકારમય) (૩૦) જિનવલ્લભસૂરિ - ભાવારિવારણથી શરૂ થતું મહાવીર સ્તોત્ર (સમસંસ્કૃત) ચંદ્રપ્રભસ્તવ (પ્રા.) મહાવીરસ્તવ (પ્રા.) પાર્શ્વસ્તોત્ર (પ્રા.) શાંતિસ્તોત્ર (પ્રા.) નેમિસ્તોત્ર, વીરસ્તોત્ર, અજિતશાંતિ (લઘુ), જિન વિજ્ઞપ્તિસ્તોત્ર - રત્નાકરપંચર્વિંશતિકા

(૩૨) દેવાનંદસૂરિ - ગૌતમસ્તોત્ર (૩૩) વાદિદેવસૂરિ - કુરૂલ્લાસ્તોત્ર, પાર્શ્વસ્તોત્ર, કલિકુંડપાર્શ્વસ્તોત્ર (૩૪) દેવેન્દ્રસૂરિ - સિધ્ધાંતસ્તવ, શાશ્વત જિન સ્તવન, આદિ દેવસ્તોત્ર, ત્રંશત્યતુર્વિશિકા સ્તવન, ચત્તારિ અટ્ઠ સ્તવન, કર્મ સ્તવાદિ (૩૫) સૂરપ્રભ - ઋષભ જિનસ્તોત્ર (૩૬) જિનેશ્વરસૂરિ - પાર્શ્વજિનસ્તવન (યમક) અંબિકાસ્તોત્ર (૩૭) વસ્તુપાળ કવિમંત્રી - અંબિકાસ્તોત્ર (૩૮) ચંદ્રપ્રભસૂરિ સર્વજિન સાધારણ સ્તવન, (૩૯) ચંદ્રસૂરિ - ગેયમય સિધ્ધચક્રસ્તવન.

<u>શતાબ્દી ૧૪ :-</u>

(૪૦) જિનપ્રભસૂરિ - શારદાષ્ટક, પંચપરમેષ્ઠી સ્તવાદિ સ્તોત્રો - ૭૦૦ (૪૧) સોમપ્રભસૂરિ ચતુર્વિશતિ જિનસ્તુતિ, સાધારણજિનસ્તવન, શ્રી જિનસ્તવન (યમકમય) (૪૨) સોમતિલકસૂરિ સર્વજ્ઞસ્તોત્ર, ઘાત્યાદ્યેવર, સાધારણજિન સ્તવન, શ્રીમદ્વીરસ્તોત્ર (કમલબદ્ધ), પંચમીસ્તવ (૪૩) ચંદ્રશેખરસૂરિ - શ્રીમત્સ્તંભ (હારસ્તવ) (૪૪) જયસુંદર (તિલક ?) સૂરિ - હારવલીસ્તોત્ર (૪૫) ધર્મસૂરિમંગલ સ્તોત્ર, કસ્તૂરિતિલક (૪૬) પદ્મપ્રભ - પાર્શ્વસ્તવ (૪૭) અમરચંદ્ર (વાગડગચ્છીય) પદમાનંદ કાવ્યાંતર્ગત સ્તુતિ (૪૮) ધર્મઘોષ ચંદ્રપ્રભ (૭ ભવ) સ્તોત્ર (ગાથ - ૬), શાંતિસ્તોત્ર (ગાથા - ૧૦) સુવ્રતસ્તોત્ર (ગાથા - ૬) નેમિસ્તોત્ર (ગાથા - ૭) પાર્શ્વસ્તોત્ર (ગાથા - ૯) વીરસ્તોત્ર (ગાથા - ૧૦) ગિરનારકલ્પ (ગાથા - ૩૨) શત્રુંજય કલ્પ (ગાથા - ૩૮) અષ્ટાપદ કલ્પ (ગાથા - ૨૫) પાર્શ્વસ્તવન (ગાથા - ૧૧) વીરસ્તવ (ગાથા - ૯) ભવિચતુર્વિશતિકાસ્તવ (ગાથા - ૧૪) અજિતશાંતિસ્તવ (ગાથા - ૧૭) મહાવીર કલશ (ગાથા - ૨૭) પાર્શ્વસ્તવન (ગાથા - ૯) સર્વજિનસ્તવન (ગાથા - ૯) જિનસ્તવ (ગાથા - ૯) જીવવિચાર સ્તવન (ગાથા - ૪૦) પંચત્રિંશજિનવચન ગુણસ્તવન (ગાથા - ૩૫) ઋષભ (૧૩ ભવ) સ્તોત્ર (ગાથા - ૭) યમકસ્તુતયઃ (શ્લોક - ૩૯) ચતુર્વિશતિજિન સ્તુતિ (શ્લોક - ૨૮) (૪૯) રત્નસિંહસૂરિ - નેમભક્તમરસ્તોત્ર (પ્રાણપ્રિયકાવ્ય) (૫૦) વિબુધપ્રભઃષભકુંતલવર્ણન પંચવિંશતિકા (૫૧) જય શેખર - જૈનમર્હિમગ્નસ્તોત્ર, ચતુર્વિંશતિજિનસ્તવન (વિવિધ છંદમાં)

<u>શતાબ્દી ૧૫ :-</u>

(૫૨) સોમસુંદરસૂરિ - યુષ્મસ્મદ્શબ્દસ્તવ (૧૮) (૫૩) જિન સુંદરસૂરિ ચતુર્વિશતિજિનસ્તુતિ (૨ થો. ૨૯, ઉપ. ૨૮) (૫૪) ધર્મશેખરસૂરિ - જિનસ્તવ (૫૫) ચારિત્રરત્ન ચતુર્વિશતિજિનસ્તુતિ (૫૬) વિશાલરાજ શિષ્ય - હરિશબ્દાર્થ સ્તોત્ર (૫૭) રાજશેખર ઘોઘામંડન પાર્શ્વજિનસ્તવન (નવખંડયમક) પાર્શ્વસ્તવ, પાર્શ્વસ્તવ (ત્રયર્થી) ચતુર્વિશતિજિનસ્તવ, શ્રીપાલમાં ત્રણ ૩૨, ૩ ભાષાસત્વ, (૫૮) કુલમંડનસૂરિ - મહાવીરસ્તવ (નવખંડયમક), અષ્ટાદશારહારસ્તવ. (૫૯) ઉદયધર્મ - બત્રીસદલ કમલ બધ્ધ મહાવીરસ્તવ, હગરબધ્ધ ઋષભજિનસ્તવન, (૬૦) જયસુંદર - અરજિન સ્તવન (૬૧) મુનિશેખર - ચતુર્વિશતિ જિનસ્તુતિ (૬૨) જિનમણડણગણિચતુર્વિશતિ જિનસ્તુતિ (૬૩) શુભસુંદર - દેલવાડા મંડન, આદિજિન સ્તવન (મંત્ર યંત્રાદિગર્ભિતા) (૬૪) જિનકિર્તિસૂરિ - પંચભાષાત્મક સ્તવન (૬૫) ચારિત્રસુન્દરગણિ (?) ષડ્ભાષામય સ્તવનપંચક (૬૬) ભુવનસુંદરસૂરિ - કુલ્પપામતીર્થ ઋષભજિનસ્તવન, જીરાઉલિમંડન પાર્શ્વજિનસ્તવન પાવકદુર્ગમંડન, સંભવનાથ સ્તવન, શત્રુંજયસ્તવન, ચતુર્વિશતિ જિનસત્વન (યમક) અર્બુદમંડન ઋષભજિનસ્તવન (૬૭)

મુનિસુન્દરસૂરિ - સંતિકર સ્તોત્ર, સરસ્વતી સ્તોત્ર, સ્તોત્ર રત્નકોષ (૬૮) દેવરત્નસૂરિશિષ્ય - ચતુર્વિંશતિ જિનસ્તુતિ (૬૯) જ્ઞાનસાગરસૂરિ - ઘોઘોમંડન પાર્શ્વજિન સ્તવન (૭૦) તરુણપ્રભ - પાર્શ્વજિનસ્તોત્ર (૭૧) જ્ઞાનભૂષણ - સરસ્વતીસ્તોત્ર (૭૨) જયનાન્દસૂરિ - દેવા : પ્રભોથી શરૂ થતું સ્તોત્ર (૭૩) મેરુતુંગસૂરિ -મંત્રગર્ભિત પાર્શ્વજિન સ્તોત્ર, પાર્શ્વસ્તોત્ર, નવપલ્લવ પાર્શ્વસ્તોત્ર (૭૪) શિવસુન્દર - પાર્શ્વજિન સ્તોત્ર (૭૫) જયસાગરગણિ - વિજ્ઞપ્તિવેણીમાં પંચવર્ગ પરિહારમય શ્રીપાર્શ્વસ્તવન, તીર્થરાજીસ્તવન, ચૈત્યપરિપાટી (૭૬) સાધુરાજ - ભોજ્યાદિનામગર્ભિત સ્તવન (૭૭) જયશેખર (અચલગચ્છીય) ચતુર્વિંશતિ જિન સ્તવન (૭૮) દેવસુંદરસૂરિ - સ્તંભનપાર્શ્વનાથ સ્તવન (૭૯) જિનમાણિક્યસૂરિ - સરસ્વતી - શબ્દયમકમય યુગાદિજિનસ્તવન (૮૦) રત્નમંડનગણિયુગાદિ - જિનસ્તવન (૮૧) વીરદેવ - સમવસરણસ્થિત ચતુર્મુખમહાવીરસ્તવ (૮૨) જિનહર્ષભાષાષ્ટકમય સીમંધરજિન સ્તવન (સાવચૂરિ) (૮૩) મેઘરાજ - યુગાદિજિનસ્તવન (હારબધ્ધ) (૮૪) સિધ્ધાંત રૂચિ (જિનભદ્સૂરિશિષ્ય) જયરાજપલ્લીસ્થ પાર્શ્વજિનસ્તવન (સં - ૧૪૮૪)

<u>શતાબ્દી ૧૬ :-</u>

(૮૫) હમહંસગણિ - યુગાદિજિસ્તવન (પ્રથમ સ્વરમય) (૮૬) પ્રાર્શ્વચંદ - વ્યાકરણસિંધ્વિગર્ભિત મહાવીરસ્તવ (૮૭) કલ્યાણ - વિજયગણિ - મગસીપાર્શ્વસ્તોત્ર (૮૮) રવિસાગર - મહાવીરજિન સ્તોત્ર, ગૌતમ સ્તોત્ર (૮૯) લક્ષ્મીસાગરસૂરિ - પુંડરીક સ્તવન (૯૦) દેવપ્રભ મહાવીરદ્વાત્રિંશિકા (૯૧) હેમવિમલસૂરિ શિષ્ય - નવખંડપાર્શ્વજિનસ્તવન (૯૨) હેમવિમલસૂરિ શિષ્ય - આનંદ માણિક્ય નવખંડપાર્શ્વસ્તવ (૯૩) રત્નશેખરસૂરિ - શિષ્ય મહેસાનામંડન પર્શ્વજિનસ્તવ (૯૪) જિનસોમસૂરિ સ્તંભનપાર્શ્વસ્તવ, અજિતનાથસ્તવ, પાર્શ્વસ્તોત્ર.

<u>શતાબ્દી ૧૭ :-</u>

(૯૫) ધર્મનિધાન - પંચકલ્યાણકગર્ભિત ચતુર્વિંશતિજિનસ્તુતિ (પ્રા.) (૯૬) કીર્તિરત્નસૂરિ ગિરિનાર ચૈત્યપરિપાટી સ્તવન (૯૭) સહજકીર્તિ - શતદલકમબધ્ધ પાર્શ્વસ્તવ (૯૮) સમયસુંદરોપાધ્યાય - ઋષભભક્તામર સ્તોત્ર (૯૯) ધર્મસાગર ચતુર્વિંશતિ - જિનસ્તુતિ (શ્લોક - ૨૯) (૧૦૦) પદમસાગર - અજારાપાર્શ્વશતવ, નયસ્તવ (૧૦૧) ધર્મસાગરના શિષ્યગુણસાગર - વીરસ્તુતિ, વીરસ્તોત્ર, ગૌતમસ્તુતિ, ગૌતમસ્તોત્ર (૧૦૨) ગુણવિજય - સરસ્વતીસ્તોત્ર, જિનભવસ્તવ, દીવમંડન, સુવિધિજિનસ્તવન, સારંગ શબ્દાર્થસ્તવ (૧૦૩) ગુણવિજયશિષ્ય માનવિજય - પાર્શ્વશતવન (૧૦૪) સહજસાગર - જિનસ્તવ (૧૦૫) લલિતકીર્તિશિષ્ય - સિધ્ધાચલમંડન ઋષભજિનસ્તવન (૧૦૬) પદમસાગર શિષ્ય રાજસુન્દર - દાદાપાર્શ્વભક્તામર (૧૦૭) પુણ્યરત્ન - યુગાદિજિનસ્તવ (શત્રુંજયમંડન) (૧૦૮) સમલચંદ્ર પાર્શ્વજિનસ્તવન (૧૦૯) ધર્મવર્ધન - ષડ્ભાષામયસ્તવન, વીરભક્તામર સ્તોત્ર (૧૧૦) હેમવિજય - કમલબધ્ધ ૨૪ સત્વ, યમક ૨૪ સ્તવ, શ્લેષ, ૨૪ જિનસ્તવ (૧૧૧) સમયરાજ જિનસ્તુતિ (શૃડ્ગારક છંદોબદ્ધ) (૧૧૨) મહીમેરૂ - જિનસ્તુતિગર્ભિત ક્રિયાગુપ્ત પંચાશિકા (૧૧૩) સંઘવિજય - સપ્તતીર્થસ્તવન (૧૧૪) ભાવદેવસૂરિ કેવલાક્ષરમય જિનસ્તવન.

શતાબ્દી ૧૮ :-

(૧૧૫) મેઘવિજય ઉપાધ્યાય - શંખેશ્વરપાર્શ્વજિનસ્તોત્ર (૧૧૬) મહામોપાદયાય યસોવિજયગણિ (૧) ઐન્દ્સ્તુતિ, સ્તવનાદિ, પરમાત્મપંચવિશિકા, પરમજ્યોતિ, પંચવિંશિકા (૧૧૩) વિનય વિજયગણિ નયકર્ણિકાસ્તવ, ચત્તારિઅટ્ઠસ્તોત્ર, તીર્થપરિપાટી, ત્રયોદશક્રિયાસ્થાનગર્ભિત દીવબંદરગત વીરસ્તવ (૧૧૮) ભાવપ્રભસૂરિ- ભક્તામરપાદપૂર્તિરૂપ નેમિભક્તામર (૧૧૯) મેરુવિજયગણિ શ્રીચતુર્વિશતિ જિનાનન્દસ્તુતિ (૧૨૦) ઉત્તમસાગર શિષ્ય - પાર્શ્વજિનાષ્ટક (૧૨૧) વિજયપ્રભસૂરિ - દેવપત્તનવાસી જિનસ્તવન (૧૨૨) કમલવિજય નેમિનાથસ્તવ.

શતાબ્દી ૧૯ :-

(૧૨૩) કીર્તિવિમલશિષય લક્ષ્મીવિમલ શાંતિભક્તામાર (૧૨૪) ક્ષમાકલ્યાણ ચતુર્વિશતિ જિનચૈત્યવંદન (૧૨૫) રત્નસાગરગણિ બંભણવાડી જિનસ્તવન (તૃતીયજનવરોત્તમણક)
શતાબ્દી :- (ધ્યાનમાં નથી)

(૧૨૬) કલ્યાણસાગર - સ્તુતિ ચતુર્વિશતિકા (શ્લેક - ૯૬) (૧૨૭) ઉદયસાગર- ઋષભજિનસ્તવન (૧૨૮) વિજયસાગરગણિ - વીરસ્તોત્ર (૧૨૯) સહજમંડન - સીમંધર જિનસ્તવન (૧૩૦) ગુણરત્નવરકાણાપાર્શ્વજિનસ્તવન (૧૩૧) દલપતિરાય - સિદ્ધવિંશકા, મુક્ત્યષ્ટક (૧૩૨) વિનય પ્રમોદ પાર્શ્વભક્તામાર કાવ્ય (૧૩૫) ગુણદેવગણિ - કખસ્તોત્ર (કૌ ખગોઽઘડન્ચચ્ચોઽજ । ટે બે ઢાણસ્ત ધમ્ । નિ:પકોઽવાઽભ્રમાયારિલાવોઽશોષસહસ્તથા) (૧૩૬) જિનસૂરિ ચારૂપમંડન જિનસ્તવન (૧૩૭) વિજયકીર્તિ - સરસ્વતી સ્તોત્ર (૧૩૮) કુશલસાગર શાંતિનાથસ્તવન (૧૩૯) કમલપ્રભજિનપંજરસ્તોત્ર, પાર્શ્વજિનસ્તોત્ર (૧૪૦) શ્રીમુનિસમુદ્ના શિષ્ય રત્નકીર્તિ - પાર્શ્વજિનસ્તોત્ર (૧૪૧) જંબૂમુનિ જિનશતક (૧૪૨) શીલશેખર - પંચજિનસ્તુતિ (૧૪૩) લક્ષ્મી કલ્લોલપરાગશબ્દાર્થ સ્તોત્ર, ઋષભજિનસ્તોત્ર, કખસ્તોત્ર (૧૪૪) સૂરચંદ - ફલવૃદ્ધિપાર્શ્વજિનસ્તોત્ર મહાવીરસ્તવ (૧૪૫) શીલરત્ન - સીમંધરસ્વામી અષ્ટક, ચતુવિંશતિ જિનસ્તવન (૧૪૬) શિવલક્ષ્મી આદીનેમિસ્તોત્ર (૧૪૭) જયકિર્તીસૂરિ - પાર્શ્વસ્તવ (૧૪૮) આહુલાદમંત્રી પાર્શ્વશતવ (૧૪૯) વિલ્હણમંત્રી - પાર્શ્વસ્તવ (૧૫૦) જયકેશરસૂરિ - વર્ધમાનજિનસ્તવ (૧૫૧) જિનસમુદ્રસૂરિ જેસલમેરુપાર્શ્વજિનસ્તવ (૧૫૨) જયચંદ્રસૂરિ - સર્વજિનસાધારણ સ્તોત્ર (૧૫૭) કનકપ્રભસૂરિ સાધારણજિનસત્વ (૧૫૮) મહેન્દ્રસૂરિ પાર્શ્વજિનસ્તવન (૧૫૯) જૈત્રસૂરિ - વીરસ્તવન (૧૬૦) વિનીત - વિજય - વીરસ્તવન (૧૬૧) ધર્મસુંદર - વર્ધમાન જિનસ્તવન (ચિત્રમય) (૧૬૨) ધર્મસિંહ સરસ્વતીભક્તામર (૧૬૩) નયવિમલ - શાંતિનાથસ્તવન (લાટાનુપ્રાસ), પાર્શ્વસ્તવન.

પરિશિષ્ટ - ૨

શ્લોક - ૧/૨

ઋદ્ધિ : ॐ ह्रीं अहँ नमो खुकज्जसिध्धिपराणं जिणाणं ऋ ह्री अहँ णमो दव्वंकराण ओहिजिणाणं ।

મંત્ર : ॐ नमो भगवओ रिसहस्स तस्स पडिनिमित्तेण चरणपण्णति इन्द्रेण भणामइ यमेण उप्पाडिया जिहा कंठोट्ठमुहतालुया खीलिया जो मं भसइ जो मं दुट्ठदिओट्ठिए वज्जसिखलाए (देवदत्तस्य) मण हिययं कोह जीहा खीलिया खेलखियाह ल ल ल ल ठः ठः ठः स्वाहा ।

(ભૈરવપદ્માવતી કલ્પમાં અ. ૮ શ્લોક ૮)

વિધી : **શ્રદ્ધાપૂર્વક ઉપયોગ મંત્રનો ૧૦૮ વાર જાપ કરવાથી પ્રતિવાદી સાથે વાદ-વિવાદ કરવાથી જાપ કરનારનો વિજય થાય છે.. ચોક્કસપણે પ્રતિવાદી દલીલ ભૂલી જાય છે અને તેનો પરાજય થાય છે.**

શ્લોક - 3

ઋદ્ધિ : ॐ ह्रीं अहँ णमो समुद्भयसामणबुध्धीणं परमोहिजिणाणं

મંત્ર : ॐ ह्रीं हर क्लीं बगलामुखी देवी नित्ये ! किलं । मदद्रवे । मदनातुरे । वषट् स्वाहा।

વિધી : **પુષ્યનક્ષત્રના યોગમાં આ મહામંત્રના ૨૧ દિવસ સુધીમાં ૧૨૦૦૦ જાપ પૂરાં કરવાથી ત્રણેય લોક વશીભૂત થાય છે.**

શ્લોક - ૪

ઋદ્ધિ : ॐ ह्रीं अहँ णमो अकालमिच्चुवारयाणं सव्वोहिजिणाणं ।

મંત્ર : ॐ नमो झगवति ॐ ह्रीं श्रीं क्लीं अहँ नमः स्वाहा ।

વિધી : **શ્રધ્ધાપૂર્વક આ મંત્રનો ૯ વર્ષ સુધી દરેક વર્ષે સળંગ ૪૦ રવિવારના દિવસે દરેક રવિવારે ૧૦૦૦ વાર જાપ કરવાથી ગર્ભપાત અને અકાળમૃત્યુ થતાં નથી.**

શ્લોક - ૫

ઋદ્ધિ : ॐ ह्रीं अहँ णमो गोधणवड्ढिकराणं अणंतोहिजिणाणं ।

મંત્ર : ॐ ह्रीं श्री क्लीं ठलूं अहँ नमः ।

વિધી : **દરરોજ શ્રધ્ધાપૂર્વક ૧૦૮ વાર ઋદ્ધિ અને મંત્રના જાપ કરવાથી ગુમ થયેલ - લક્ષ્મી તથા ધનનો લાભ થાય છે.**

શ્લોક - ૬

ઋદ્ધિ : ॐ ह्रीं अर्हं णमो पुत्तइत्थिकराणं कोट्ठबुध्धीणं ।

મંત્ર : ॐ नमो भगवति । अम्बिके । अमाबालिके । यक्षीदेवि यूँ याँ ब्लं हम्ल्की ब्लं ह सो रः रः रः रां रां द्रष्ट प्रत्यक्ष मम देवदत्तस्य वश्यं कुरु कुरु स्वाहा ।

(ભૈરવપદ્માવતી કલ્પમાં અ. ૬ શ્લોક ૨)

વિધી : **આ મંત્રથી ૨૧ વાર જલ મંત્રિત કરી તેનાથી દાંત સાફ કરીને ૨૧ વાર શ્રધ્ધાપૂર્વક મંત્રના જાપ કરવાથી ઈચ્છિત વ્યક્તિને વશ કરી શકાય છે.**

શ્લોક - ૭

ઋદ્ધિ : ॐ ह्रीं अर्हं णमो अभिट्ठसाधयाणं बीजबुध्धीणं ।

મંત્ર : ॐ नमो जगवओ आखुणेमिस्स बंधेण बंधामि रक्खसाणं, भूयाण खेयराणं, चोराणं, दाठाण साइणीणं, महोरगाणं अण्णे जेवि द्रट्ठा संमवन्ति तेसि सव्वेसिं मणमं मुह गई दृट्ठी बधामि घणु घणु महाघणुं जः जः (जः ?)

(ભૈરવપદ્માવતી કલ્પમાં અ. ૭ શ્લોક ૧૭)

વિધી : **ગાઢ જંગલમાં વિકટ માર્ગ પર ચાલતાં સમયે ભય લાગવાથી આ મંત્રથી થોડા કાંકરાને મંત્રિત કરીને ચારે દિશામાં ફેંકવાથી ચોર, સિંહ, સાપ વગેરેનો ભય દૂર થાય છે.**

શ્લોક - ૮

ઋદ્ધિ : ॐ ह्रीं अर्हं णमो अण्हगदहारीणं पादाणुसारीणं ।

મંત્ર : ॐ नमो भगवते पार्श्वनाथतीर्थङ्कराय हंसः महाहंसः पद्महंसः शिवहंसः कोपहंसः उरगेशहंसः पक्षि महाविषभक्षि हुँ फट् (स्वाहा ?)

(ભૈરવપદ્માવતી કલ્પમાં અ. ૧૦ શ્લોક ૨૯)

વિધી : **આ મંત્રને દરરોજ ૧૦૮ વાર જાપ કરી સિધ્ધ કરો. ત્યારપછી સાપ ડંખેલ વ્યક્તિ પર પ્રયોગ કરવો. અર્થાત્ મંત્ર ગણતી વખતે ધૂપ દેવાથી ઝેર દૂર થાય છે.**

શ્લોક - ૯

ઋદ્ધિ : ॐ ह्रीं अर्हं णमो विसहरविसविणासयाणं संभिण्णसोदाराणं ।

મંત્ર : ॐ इंदसेणा महाविज्जा देवलोगाओ आगया दिट्ठिबंधणं करिस्सासि भडाणं भूआणं अहिणं दाठीणं सिगोळं चोराणं चारियाणं जोहाणं वग्धाणं सिहाणं भूयाणं गंधव्वाणं महोरगाणं अन्नेसि (अण्णं वि) दुट्ठसत्ताणं दिट्ठिबंधणं मुहबंधणं करेमि ॐ इंदनरिंदे स्वाहा ।

વિધી : દિવાળીના દિવસે નિરાહાર રહીને ૧૦૮ વાર આ મંત્રનો જાપ કરવો. ત્યારબાદ માર્ગ પર ચાલતાં સમયે આ મંત્રને ૨૧ વાર બોલવાથી બધા પ્રકારના ભય થથા ઉપદ્રવોનો નાશ થાય છે.

શ્લોક - ૧૦

ઋધ્ધિ : ॐ ह्रीं अहँ णमो लक्खरमयपणासयाणं उजुमदीणं ।

મંત્ર : ॐ ह्रीं चक्रेश्वरी चक्रधारिणी जलजलनिहिपारउतारणि जलं थंभय दुष्टान दैत्यान् दारय दारय असिबोपसमं कुरु करु ॐ ठः ठः स्वाहा ।

વિધી : ગુરુવારે પુષ્પનક્ષત્રના યોગમાં આ મંત્રને શુધ્ધ હૃદયથી ૧૦૮ વાર જાપ કરી સિધ્ધ કરવા. ત્યારબાદ જરૂર પડે ત્યારે ૨૧ વાર મંત્રની આરાધના કરવાથી દરેક પ્રકારના પાણીના ભયનો નાશ થાય છે.

શ્લોક - ૧૧

ઋધ્ધિ : ॐ ह्रीं अहँ णमो वारियालणबुद्धीणं विउलमदीणं ।

મંત્ર : ॐ नमो भगवति अग्निस्तम्भिनि । श्रेयस्करि । प्रज्वल प्रज्वल सर्वकामार्थसाधनि। ॐ अनलपिङ्नलोर्ध्वकेशिनि । महाधिव्याधिपतये स्वाहा ।

વિધી : આ મહામંત્રને ભોજપત્ર પર કેસર અથવા હરતાલથી લખીને તેને જ્વલિત અગ્નિમાં નાંખવાથી તત્ક્ષણ ઉપદ્રવ નાશ થાય છે.

શ્લોક - ૧૨

ઋધ્ધિ : ॐ ह्रीं अहँ णमो अणलभयवज्जयाणां दसपुव्वीणं ।

મંત્ર : ॐ ह्रां ह्रीं ह्रूं ह्रैं ह्रौं ह्रः असिआउसा वांछितं मे कुरु कुरु स्वाहा ।

વિધી : શ્રધ્ધાપૂર્વક આ મહામંત્રના ૧૨૫૦૦૦ સવાલાખ વાર જાપ કરવાથી સર્વ મનવાંછિત કાર્યોની સિધ્ધિ મળે છે.

શ્લોક - ૧૩

ઋધ્ધિ : ॐ ह्रीं अहँ णमो रिक्खभयवज्जयाणं चोदसपुव्वीणं ।

મંત્ર : ॐ ह्रीं असिआउसा सर्वदुष्टान स्तम्भय स्तम्भय अंधय अंधय मूकय मूकय मोहय मोहय कुरु कुरु ह्रीं दुष्टान ठः ठः ठः स्वाहा ।

વિધી : પૂર્વ દિશામાં મુખ રાખીને કોઈ એકાંત સ્થાને બેસીને ૮ અથવા ૨૧ દિવસ સુધી દરરોજ મુઠ્ઠી બાંધીને આ મંત્રના ૧૧૦૦ વાર જાપ કરવાથી બધાં પ્રકારના દુષ્ટ-ક્રૂર વ્યંતરોના કષ્ટોથી મુક્તિ થાય છે.

શ્લોક - ૧૪

ઋદ્ધિ : ॐ ह्री अहँ णमो भंसणभयभ्कवणाण अट्ठंगमहाणिमित्तकुसलाणं ।

મંત્ર : ॐ नमो मेरु महामेरु, ॐ नमो गौरी महागौरी, ॐ नमो काली महाकाली, ॐ (नमो) इंदे महाइंदे, ॐ (नमो) जये महाजये, ॐ (नमो) विजये महाविजये, ॐ नमो पण्णसमणि महापण्णसमिणि अवतर अवतर देवि अवतर (अवतर) स्वाहा ।

વિધી : **શ્રધ્ધાપૂર્વક આ મંત્ર ૮૦૦૦ વાર જાપ કરીને મંત્ર સિધ્ધ કરવો. તથા અરીસાને ઉપરના મંત્રથી મંત્રિત કરી સફેદ સ્વચ્છ પવિત્ર કપડાં પર રાખીને તેની સામે કોઈ કુંવારી કન્યાને સફેદ વસ્ત્ર પહેરાવી બેસાડીને તેને જ પ્રશ્નો પૂછીએ તેના તે સાચા ઉત્તર આપશે.**

શ્લોક - ૧૫

ઋદ્ધિ : ॐ ह्रीं अहँ णमो अवस्वरघणपप्याण विउव्वगपत्राणं ।

મંત્ર : ॐ ह्री नमो लोह सव्वसाहूणं, ॐ ह्री नमो उवज्जायाणं, ॐ ह्रीं नमो आयरियाणं, ॐ ह्री नमो सिद्धाणं, ॐ नमो ह्रीं अरिहंताणं एकाहिक दयहि, चालुर्थिक महाज्व, क्रोधज्वर, शोकज्वर, भयज्वर, कामज्वर, कलितरव, महायीयन, बंध बंध ह्री ह्री फट् स्वाहा ।

વિધી : **આ અનાદિકાળથી ચાલતો મહામત્રનું મનમાં સ્મરણ કરતાં નવા સફેદ વસ્ત્રના છેડામાં ગાંઠ બાંધી તેને ગૂગડ તથા ઘી ની ધૂણ દેવી. તદુપરાંત તે વસ્ત્ર જવરપીડિત રોગીને ઓટાડી દેવું. મંત્રિત ગાંઠ રોગીના માથાની નીચે દબાવવાથી બધા પ્રકારના જ્વર દૂર થાય છે અને રોગીને શાંતિથી ઊંઘ આવી જાય છે.**

શ્લોક - ૧૬

ઋદ્ધિ : ॐ ह्री अहँ णमो गहणवणभयणासयाणं विज्जाहराण ।

મંત્ર : ॐ ह्रीं नमो अरिहंताणं पादौ रक्ष रक्षत, ॐ ह्रीं नमो सिद्धाणं कटि रक्ष रक्ष, ॐ ह्रीं नमो आयरियाणं नामि रक्ष रक्ष, ॐ ह्रीं नमो उवज्जायाणं हृदयं रक्ष रक्ष, ॐ ह्रीं नमो लोह सव्वसाहूणं ब्रह्माणंड रक्ष रक्ष, ॐ ह्री एसो पंच णमुक्कारो शिखां रक्ष रक्ष, ॐ ह्रीं स्वपावप्पणासणो आसनं रक्ष रक्ष, ॐ ह्रीं मंगलाण च सव्वेसिं पठमं होइ मंगल आत्मरक्षा पररक्षा हिलि - हिलि मातगिनि स्वाहा ।

વિધી : **શ્રધ્ધાપૂર્વક આ મહામંત્રના દરરોજ જાપ કરવાથી કાર્મણાદિ કર્મોના દોષ દૂર થાય છે.**

શ્લોક - ૧૭

ઋધ્ધિ : ॐ ह्रीं अहं णमो कुट्ठबुध्धिणासयाणं चारणाणं ।

મંત્ર : ॐ यः यः सः सः हः हः वः वः उरुरिल्लय रुह रुहान्त ॐ ह्रीं पार्श्वनाथ दह दह दुष्टनागविषं क्षिप ॐ स्वाहा ।

વિધી : **આ મંત્રથી સાત વાર જલ મંત્રિત કરી જે સ્થાને સર્પડંશ થયો હોય તે સ્થાને છાંટવાથી તથા મંત્રિત જલ પીવડાવવાથી સાપનું ઝેર નાશ પામે છે. અન્ય ઝેરી જંતુઓના ઝેરની અસર પણ દૂર થાય છે.**

શ્લોક - ૧૮

ઋધ્ધિ : ॐ ह्रीं अहँ णमोफणिसत्तिसोसयाणं पण्हसमणाणं ।

મંત્ર : ॐ ह्रीं नमो अरिहंताण, ओं ह्रीं नमोसिध्धाणं, ॐ ह्रीं नमो आयरियाणं, ॐ ह्रीं नमो उवज्जायाणं, ॐ ह्रीं नमो लोह स्वसाहूणं, ॐ नमो सुअदेवाह, भगवईए सव्वसुअमए, बारसंगपवयण जणणीए, सरसइए, सव्वाइणि, सुवण्णवणे, ॐ अवतर अवतर देवि, मम सरीरं, पविसं पूव्वं, तस्य पविस, सव्वजणभयहरीए अरिंहतसिरीए स्वाहा।

વિધી : **આ મંત્રને વાંચી ચોક માટીને મંત્રિત કરી તિલક કરવું. પછી રાત્રિના સમયે બધાં સૂઈ જાય પછી હાથમાં પાણીની ભરેલી લોટી લઈને એકાન્ત સ્થાનમાં ઊભા ઊભા લોકોની વાતો સાંભળવી. જે વાત સમજાય તેને સત્ય માનવી. મનમાં વિચારેલ કાર્યનું શુભાશુભ આ રીતે જાણ થાય છે.**

શ્લોક - ૧૯

ઋધ્ધિ : ॐ ह्रीं अहँ णमो अक्खिगदणासयाणं आगासगामीण ।

મંત્ર : णंहसव्वसहलोमोन, णंयाज्जावउमोन णंआरीयआमोन णंध्धासिमोन णंतोहरिअमोन हुलुहुलु, कुलुकुलु, चलुचुलु, स्वाहा ।

વિધી : **આ પ્રભાવશાળી મહામંત્રને શ્રધ્ધાપૂર્વક જપવાથી માછલી વગેરેની હત્યા કરવાવાળાના બંધન (જાળ)માં ફસાયેલી માછલીઓ અને જળચર જીવ મુક્ત થાય છે.**

શ્લોક - ૨૦

ઋધ્ધિ : ॐ ह्रीं अहँ णमो गहिलगहणासयाणं आसीदिसाणं ।

મંત્ર : ॐ ह्रीं नमो भगवओ, ॐ पासनाहस्स थभय सव्वाओ ई ई ॐ जिणाणाए मा इह अहि हवंतु, ॐ क्षां क्षीं हीं क्षू क्षौं क्षः स्वाहा ।

વિધી : **આ પ્રભાવક મંત્રથી સફેદ ફૂલને ૧૦૮ વાર મંત્રિત કરી તેને રાષ્ટ્રપ્રભુને સૂંઘાડવાથી તેઓ સાધના કરનાર વ્યક્તિના વશમાં થાય છે અને અપરાધને માફ કરે છે.**

શ્લોક - ૨૧

ઋદ્ધિ : ॐ ह्रीं हीं अहँ णमो पुप्फियतरुवत्तयराणं दिट्ठिविसाण ।

મંત્ર : ॐ अरिहंतसिधिआयरिय उवज्जायसव्वसाहू सव्वधम्मतित्थयराणं ॐ नमो भगवऊ सुअदेवयाए शान्तिदेवयाए सव्वपवयणदिवयाण, दसण्हं दिसापालाणं चउण्हं लोगपालाणं, ॐ ह्रीं अरिहंतदेवाणं नमः ।।

વિધી : **શ્રધ્ધાપૂર્વક આ મંત્રને ૧૦૮ વાર જપવાની સર્વ કાર્યો સિધ્ધ થાય છે. જય જય થાય છે અને હિંસક જાનવર, સાપ, ચોર વગેરેનો ભાય દૂર થાય છે.**

શ્લોક - ૨૨

ઋદ્ધિ : ॐ ह्रीं अहं णमो तरु - पत्तणासयाण उरगतवाणं ।

મંત્ર : ॐ इत्थमुले विणुमुहूमल (ले ?) ॐ मलिय ॐ सतहुमाणु सीसुधणता जेगया, आयासपायालगंत ॐ अलिंजरेत सव्वजरे स्वाहा ।

વિધી : **આ મંત્રને ૭ વાર જાપ કર્યા બાદ મુખની સામે પોતાની બંને હથેળીને ઘસીને સારા માણસને મળવા જવાથી લાભ થાય છે તથા રાજા તરફથી સન્માન મળે છે.**

શ્લોક - ૨૩

ઋદ્ધિ : ॐ ह्रीं अहँ णमो बज्जय (बंधण हरणाणं दिततवाणं ।

મંત્ર : ॐ नमो भगवति । चण्डि । कात्यायनि ! सुभगदुर्भगयुवतिजनानां (मा) कर्षय आकर्षय ह्रीं र र प्यूं संवौष्ट् देवदत्राया हृदयं धे धे ।

વિધી : **આ મંત્રનો સાત દિવસ સુધી દરરોજ ૧૦૮ વાર જાપ કરવાથી ઈચ્છિત સ્ત્રીનું આકર્ષણ થાય છે.**

શ્લોક - ૨૪

ઋદ્ધિ : ॐ ह्रीं अहँ णमो रज्जादावयाणं तत्ततवाण ।

મંત્ર : ॐ ह्रीं भंखरुपधारिणि ! चण्डशूलिन ! प्रतिपक्षसैन्य

વિધી : શ્રધ્ધાપૂર્વક આ મંત્રના ૧૦૮ વાર જાપ કરી ચારેય તરફ રેખા દોરવાથી દુશ્મનની સેના મેદાન છોડીને ભાગી જાય છે. સાધકની જય થાય છે અને હિંમત વધે છે.

શ્લોક - ૨૫

ઋધ્ધિ : ॐ ह्रीं अहँ णमो हिंडलमलणाणं महातवाण ।

મંત્ર : ॐ नमो भगवति । वध्धगरुडाय सवंविषविनाशिनि । छिन्द छिन्द भिन्द भिन्द, गृण्ह, गृण्ह, एहि एहि भगवति । विद्ये हर हर हूँ फट् स्वाहा ।

વિધી : આ મંત્રનું શુદ્ધ પઠન કરતાં કરતાં ઝેર ચઢેલ વ્યક્તિ પાસે જોરજોરથી ઢોલ વગાડવાથી ઝેર ઊતરી જાય છે.

શ્લોક - ૨૬

ઋધ્ધિ : ॐ ह्रीं अहँ णमो जयपदाईणं घोरतवाणं ।

મંત્ર : ॐ ह्रीं श्री प्रत्यङ्गिरे महाविधे येन-येन केनचित् मम पापं कृतं कारितम् अनुमंत वा तत् पापं तमेव गच्छतु ॐ ह्रीं श्री प्रत्यङ्गिरे महाविधं स्वाहा ।

વિધી : પ્રાતઃ કાલે એકાંત સ્થાનમાં પૂર્વદિશામાં મોઢું રાખીને તથા સંધ્યા સમયે પશ્ચિમ દિશામાં મોઢું રાખી બંને હાથ જોડી અંજલિમુદ્રાથી ૧૦૮ વાર મંત્રના જાપ કરવાથી બીજાની વિધાના છેદ થાય છે.

શ્લોક - ૨૭

ઋધ્ધિ : ॐ ह्रीं अहँ णमो स्वलदुट्ठणासयाणं धोरपक्कमाणं ।

મંત્ર : ॐ ह्रीं नमो अरिहंताणं, ॐ ह्रीं नमो सिद्धाणं, ॐ ह्रीं नमो आयरियाणं, ॐ ह्रीं नमो उवज्जायाणं, ॐ ह्रीं नमो लोह सव्वसाहणं, ॐ ह्रीं नमो णाणाय, ॐ ह्रीं नमो दंसणाय, ॐ ह्रीं नमो चारिताय, ॐ ह्रीं नमो तवाय, ॐ ह्रीं नमो त्रेलोक्यवशंकरायं ह्रीं स्वाहा ।

વિધી : આ મહામંત્રનું શ્રધ્ધાપૂર્વક ઉચ્ચારણ કરતાં કરતાં પ્રાણી મંત્રિત કરી રોગીને પીવડાવવાથી તથા તેના પર છંટકાવવાથી તેની પીડા તથા દૃષ્ટિદોષ દૂર થાય છે.

શ્લોક - ૨૮

ઋધ્ધિ : ॐ ह्रीं, अहँ णमो उवदवज्जाणाण धोरगुणाणं ।

મંત્ર : ॐ ह्रीं अरिहन्त सिध्ध आयरिय उज्जवाय साहू चुलु चुलु हुलु हुलु कुलु कुलु मुलु मुलु इच्छियं मे कुरु कुरु स्वाहा ।

વિધી : આ પ્રભાવક મતંરના શ્રધ્ધાપૂર્વક એક લાખ વાર જાપ પૂરા કરવાથી ત્રણેય લોકમાં જય થાય છે. પ્રતાપ વધે છે. પરાધીનતા નાશ પામે છે તથા મનોરથ પૂર્ણ થાય છે.

શ્લોક - ૨૯

ઋધ્ધિ : ॐ ह्रीं अहँ णमो देवाणुप्पियाणं घोरगुण बंभचारीणं

મંત્ર : ॐ तेजोहं सोम सुधा हंस स्वाहा । ॐ अह् ह्रीं क्ष्रीं स्वाहा ।

વિધી : ભોજપત્ર પર આ મંત્રને લખવો અને મીણબત્તી પર લપેટીને માટીના કોરા ઘડામાં પાણી ભરી તેમાં તેને મૂકવાથી દાહજ્વર નાશ પામે છે.

શ્લોક - ૩૦

ઋધ્ધિ : ॐ ह्रीं अहँ णमो अपुव्वबलपदाईण आमोसहिपताण ।

મંત્ર : ॐ ह्रीं अहँ नमो निमाणं, लोगुत्तमाणं, लोगनाहाणं, लोगहियाणं, लोगपइवाणं, लोगपज्जोअगराणं, मम शुभाशुभ दर्शय दर्शय ॐ ह्रीं कर्णपिशाचिनी मुण्डे स्वाहा।

વિધી : શ્રધ્ધાપૂર્વક આ મંત્રનો સૂતી વખતે ૧૦૮ વાર જાપ કરવાથી સ્વપ્નમાં કરેલ કાર્યના સંભવિત શુભાશુભ ફળની જાણ થાય છે.

શ્લોક - ૩૧

ઋધ્ધિ : ॐ ह्रीं अहँ णमो इट्ठविण्णत्रिदावयाणं खेलोसहिपत्राणं ।

મંત્ર : ॐ ह्रीं पार्श्वयक्षदिव्यरुपाय महा वर्ण एहि एहि आँ क्त्रों ह्रीं नमः ।।

વિધી : આ મંત્રને શ્રધ્ધાપૂર્વક જાપ કરવાથી દુષ્ટ દુશ્મનનો પરાજય થાય છે તથા ઉપદ્રવ શાંત થાય છે.

શ્લોક - ૩૨

ઋધ્ધિ : ॐ ह्रीं अहं णमो अट्ठमदणासयाणं जल्लोसहिपत्ताणं ।

મંત્ર : ॐ भ्रम भ्रम केशि भ्रम केशि भ्रम माते भ्रम माते भ्रम विभ्रम विभ्रम मुह्या मुह्या मोहय मोहय स्वाहा ।

વિધી : આ મંત્રનો જાપ કરતાં જમીન પર ન પડે તે રીતે સરસવના દાણાને મંત્રિત કરી ઘરના આંગણામાં નાંખવાથી તે ઘરના લોકો ગાઢનિદ્રામાં સૂઈ જાય છે.

શ્લોક - ૩૩

ઋદ્ધિ : ॐ ह्रं अर्हं णमो असणिपातादिवारयणां सव्वोसहियत्ताणं ।

મંત્ર : ॐ ह्रीं श्रीं क्लीं ग्रां ग्रीं ग्रूं, ग्रः क्लीं क्लीं कलिकुण्ड पीसवीहग ॐ चुरु चुरु मुरु मुरु फुरु फुरु फर फर (फार फार) किलि किलि कल कल धम धम ध्यानाग्निना भस्मीकुरु कुरु पुरय पुरुय प्रणतानां हितं कुरु कुर हुं फट् स्वाहा ।

વિધી : **આ મંત્રનો શ્રધ્ધાપૂર્વક સ્મરણ કરવાથી રાજ્યભય, ભૂતભય, પિશાચભય, ડાકિની, શાકિની, હાથી, સિંહ, સાપ, વીંછી વગેરેના ભય નાશ પામે છે.**

શ્લોક - ૩૪

ઋદ્ધિ : ॐ ह्रीं अर्हं णमो भूतवाहावहारयाण विट्ठेसहिपत्ताण ।

મંત્ર : ॐ नमो अरहिंताण ॐ नमो भगवइ महाविज्जाह सत्ताट्ठाए मोर हुलु हुलु चुलु चुलु मयूरवाहिनीए स्वाहा ।

વિધી : **પોષ વદ ૧૦ (ગુજરાતી માગસર વદ ૧૦) ના દિવસે રહીને આ મંત્રનો શ્રધ્ધાપૂર્વક ૧૦૦૮ વાર જાપ કરો. પરદેશગમન, વ્યાપાર તથા લેણાદેણીના સમયે ઉપરના મંત્રનો ૭ વાર સ્મરણ કરવાથી લક્ષ્મી અને અનાજનો લાભ થાય છે.**

શ્લોક - ૩૫

ઋદ્ધિ : ॐ ह्रीं अर्हं णमो मिगीरोअवारयाणं मणबलीणं ।

મંત્ર : ॐ नमो अरिहंताण ज्मल्व्यूं नमः, ॐ नमो सिद्धाणं भम्ल्व्यू नमः, ॐ नमो आरियाणं स्म्ल्व्यूं नमः, ॐ नमो उवज्झायाणं ह्याम्व्यूं नमः, ॐ नमो लोए सव्वसाहूण छम्ल्व्यूं नमः, देवदत्तस्य (अमुकस्य) संकटमोक्ष कुरु कुरु स्वाहा ।

વિધી : **સુંદર બાજોઠ પર આ મંત્રને લખી શ્રી પાર્શ્વનાથ સ્વામીની પ્રતિમાને પધરાવીને ચમેલીનાં ફૂલોને બાજોઠ પર ચઢાવતાં ૫૦૦ વાર મંત્રનો જાપ કરવો. આ જાપ ઊભા રહીને કરવા જોઈએ તેનાથી સર્વ સંકટોનો નાશ થાય છે અને સર્વત્ર જય જયકાર થાય છે.**

શ્લોક - ૩૬

ઋદ્ધિ : ॐ ह्रीं अर्हं णमो बालवसीयरणकुसलाए वचणबलीणं ।

મંત્ર : ॐ नमो भगवते चन्द्रप्रभाय चन्द्रेन्द्रमहिताय नयनमनोहराय ॐ चुलु चुलु गुलु गुलु नीलभ्रमरि नीलभ्रमरि मनोहरि सर्वजनवश्यं कुरु कुरु स्वाहा ।

(શ્રી ભૈ.પ.ક. અ. ૮ શ્લોક ૧૮)

વિધી : દિવાળીના દિવસે પીળી ગાયના શુધ્ધ ઘીનો દીવો કરી નવા માટીના વાસણમાં કાજળ બનાવીને જરૂર પડે ત્યારે કાજળ આંખમાં લગાવવાથી દરેક વ્યક્તિ વશમાં થાય છે.

શ્લોક - ૩૭

ઋધ્ધિ : ૐ હ્રીં અર્હં णमो सव्वराज - पयावसीयरण कुसलाणं कायबलीणं ।

મંત્ર : ૐ अमृते । अमृतोधवे । अमृतवर्णिणि । अमृत श्रावय श्रावय सं सं क्लीं क्लीं (ह्रूं ह्रू) ब्लूं ब्लूं (ह्लां ह्लां) द्रां द्री (ह्रीं ह्रीं) दावय द्रावय ह्रीं स्वाहा ।

(શ્રી ભૈ.પ.ક. અ. ૨ શ્લોક ૮)

વિધી : શ્રધ્ધાપૂર્વક આ મંત્રથી પાણી મંત્રિત કરી આચમન કરવાથી ભૂત, ગ્રહ અને શાકિની વગેરેના ઉપદ્રવોનો નાશ થાય છે.

શ્લોક - ૩૮

ઋધ્ધિ : ૐ હ્રીં અર્હં णमो दुस्सहकट्ठणिवारयाणं खीरसवीणं ।

મંત્ર : ૐ હ્રીં શ્રીં ऐं અર્હં क्लीं ब्लें भ्रों यूं नमिऊण पासनाह दुःखारिविजयं कुरु कुरु स्वाहा।

વિધી : આ ચિંતામણિ મંત્રનો શ્રધ્ધાપૂર્વક સવા લાખ વાર જાપ કરવાથી ચિંતિત કાર્યોની તરત સિધ્ધિ થાય છે.

શ્લોક - ૩૯

ઋધ્ધિ : ૐ હ્રીં અર્હં णमो सव्वरसंत्तिकरणाणं सप्पिसवीणं ।

મંત્ર : ક્ષ્મ્લ્વ્યૂં कली जये विजये जयेते अपराजिते, जम्ल्व्यूं जंमे, भ्म्ल्व्यूं मोहे, म्म्ल्वयू स्तम्भे, ह्राल्व्यूं स्तभ्मिति (अमुकं) मोहय मोहय मम वश्यं कुरु कुरु स्वाहा ।

વિધી : આ મંત્રના જાપની સ્ત્રી પુરુષનું પરસ્પર આકર્ષણ થાય છે. મનુષ્ય જપે તો સ્ત્રી અને સ્ત્રી જપે તો પુરુષ વશ થાય છે.

શ્લોક - ૪૦

ઋધ્ધિ : ૐ હ્રીં અર્હં णमो

મંત્ર : ૐ नमो भगवते भल्व्यूं नमः स्वाहा ।

વિધી : શ્રધ્ધાપૂર્વક આ મંત્રના જાપ કરવાથી સર્વ પ્રકારના વિષમજ્વર દૂર થાય છે.

શ્લોક - ૪૧

ઋધ્ધિ : ૐ હ્રીં અર્હં णमो वप्पलाहकायाणं अमइसवोण ।

મંત્ર : ૐ नमो भवगते ह्रीं श्रीं क्लीं ए ब्लूं नमः स्वाहा ।

વિધી : **શ્રધ્ધાપૂર્વક આ મંત્રનો જાપ કરવાથી વેરીના અસ્ત્રશસ્ત્ર વગેરે ખંડિત થઈ જાય છે.**

શ્લોક - ૪૨

ઋધ્ધિ : ૐ હ્રીં અર્હં णमो इत्थिरत्तरोक्षणासयाणं अक्खीणमहाणसाणं

મંત્ર : ૐ હ્રીં શ્રી ક્લીં હૈં અર્હં અસિઆઉસા ભૂર્ભુવઃ સ્વઃ चडकेश्वरी देवी सर्वरोगं । भिद भिद ऋध्धि वृद्धि कुरु कुरु स्वाहा ।

વિધી : **શ્રધ્ધાપૂર્વક આ મંત્રનો દરરોજ ૧૦૮ વાર જાપ કરવાથી સ્ત્રી સંબંધી બધા કઠીન રોગોનો નાશ થાય છે અને સર્વ સિધ્ધિઓ પ્રાપ્ત થાય છે.**

શ્લોક - ૪૩

ઋધ્ધિ : ૐ હ્રીં અર્હં અર્હં णमो वंदिमोअगाणं सव्वसिध्धायदणाणं

મંત્ર : ૐ नमो भवगति । हिडिम्बवासिनि । अल्लुल्लुमां सप्पियेन हयलमंडलपइट्ठिए तुए एणमत्ते पहरणदुट्ठे आयासमंडि । पायालमंडि सिंधिमडि जोइणिमंडि सव्वमुइमंहि कज्जलं पडड स्वाहा ।

(શ્રી ભૈ.પ.ક. અ. ૯ શ્લોક ૨૨)

વિધી : **અંધારી આઠમના દિવસે ઈશાન દિશામાં મુખ રાખી આ મંત્રનો જાપ કરવો. કાળા ધતૂરાના તેલનો દીવો કરી નાળિયેરની કાચલીમાં કાજળ પાડી તે કાજળથી કપાળ પર તિલકનું નિશાન બનાવી તથા આંખમાં લગાવવાથી સર્વપ્રકારના ભય નાશ થાય છે અને મનની અશાંતતા દૂર થાય છે.**

શ્લોક - ૪૪

ઋધ્ધિ : ૐ હ્રીં અર્હં णमो अक्खयसुहदायगस्स वड्ढमाणवुद्धिरिसिस्स ।

મંત્ર : ૐ नट्ठट्ठमयट्ठाणे पणट्ठकम्मट्ठनटुसंसारे ।
परमट्ठनिट्ठिअट्ठे अट्ठगुणाधीसरं वंदे ।

વિધી : **રાઈ, મીઠું, લીમડાનાં પાન, કડવા તૂમડીનું તેલ તથા ગૂગળ આ પાંચ ચીજોને એકઠી કરી ઉપરના મંત્રથી મંત્રિત કરવી પછી દરરોજ છેલ્લા પ્રહરમાં ૩૦૦ વાર હવન કરવાથી રોગ, દુશ્મન અને દુષ્ટો નાશ પામે છે.**

પરિશિષ્ટ - 3

શ્લોક - ૧

ઋદ્ધિ : ॐ ह्रीं अर्हं णमो पासं पसां पासं कणं । ॐ ह्रीं अर्हं णमो दव्वकराए ।

મંત્ર : ॐ नमो भगवते मेमप्सितं कार्य सिद्धं कुरु कुरु स्वाहा ।।

વિધી : ઋદ્ધિ મંત્રનો ૬૦ દિવસ સુધી હંમેશા ૧૦૮ વખત જાપ કરો. પર્વત પર જાપ કરવો, રાતું આસન, રેશમની માલા, લાલ રેશમી વસ્ત્ર પહેરીને પૂર્વ દિશાએ મુખ રાખીને જાપ કરવો. કપૂર, ચંદન, કસ્તૂરી અને શિલારસનો ધૂપ દેવો.

લાભ : આ પ્રમાણે કરવાથી લક્ષ્મીનો - ધનનો બહુ જ લાભ થાય છે.

શ્લોક - ૨

ઋદ્ધિ : ॐ ह्रीं अर्हं णमो पासं पसां पासं कणं । ॐ ह्रीं अर्हं णमो दव्वकराए ।

મંત્ર : ॐ नमो भगवते मेमप्सितं कार्य सिद्धं कुरु कुरु स्वाहा ।।

વિધી : ઋદ્ધિ મંત્રનો ૬૦ દિવસ સુધી હંમેશા ૧૦૮ વખત જાપ કરો. પર્વત પર જાપ કરવો, રાતું આસન, રેશમની માલા, લાલ રેશમી વસ્ત્ર પહેરીને પૂર્વ દિશાએ મુખ રાખીને જાપ કરવો. કપૂર, ચંદન, કસ્તૂરી અને શિલારસનો ધૂપ દેવો.

લાભ : આ પ્રમાણે કરવાથી લક્ષ્મીનો - ધનનો બહુ જ લાભ થાય છે.

શ્લોક - 3

ઋદ્ધિ : ॐ ह्रीं अर्हं णमो धम्मशय जयलिए ।

મંત્ર : ॐ नमो भगवती ॐ ह्रीं श्रीं क्लीं अहँ नमः स्वाहा ।

વિધી : એકાંતમાં દિન ૪૦ (ચાલીસ) સુધી, હંમેશા ૧૦૦૦ ઋદ્ધિમંત્રનો જાપ કરવો, પીળું દરિયાઈનું આસન, કમલની માલા, ગુગલ, કપૂર, ચંદન અને ઘીનો ધૂપ કરવો. જાપ જેટલા દિવસ જપે તેટલા દિવસ ભૂમિશયન કરવું. નવ વરસ રવિવાર કરવા.

લાભ : આ પ્રમાણે કરવાથી મૃતવત્સા દોષનો નાશ થાય, બાળક જીવે, છોકરો તથા છોકરીજે હોય તે જીવે.

શ્લોક - ૪

ઋદ્ધિ : ॐ ह्रीं अर्हँ णमो समुद्रे भयं साम्यति बुद्धिणं ।।

મંત્ર : ॐ नमो भगवती पद्मगृहनिवासिनी नमः स्वाहा ।।

વિધી : યંત્ર પાસે રાખીને ૨૭ સત્તાવીસ દિવસ સુધી હંમેશા ૧૦૦૦ ઋદ્ધિ મંત્રનો જાપ કરવો. સફેદ આસન, માલા રાતા સુતરની, પશ્ચિમ તરફ મુખ રાખવું. ગુગલ, ચંદન અને ઘીનો ધૂપ કરવો અને એકાંતમાં મંત્રનો જાપ કરવો.

લાભ : આ પ્રમાણે કરવાથી પાણીનો ભયનાશ પામે છે, દરિયામાં વહાણ ડૂબતું નથી.

શ્લોક - ૫

ઋદ્ધિ : ॐ ह्रीं अर्हं णमो घणबुध्धिं (बुड्ढि?) कराए ।।

મંત્ર : ॐ ह्रीं पद्मे नमः ।।

વિધી : એકાંતમાં સ્થાનમાં રહીને ૪૯ (ઓગણપચાસ) દિવસ સુધી હંમેશાં ૧૦૦૦ જાપ કરવો, સફેદ આસન, સ્ફટિકની માલા, પૂર્વ દિશા તરફ મુખ રાખવું, ગુગલ, કંદરૂ, ચંદન, કપૂર અને ઈલાયચીનો ધૂપ કરવો.

લાભ : ચૌપદનો લાભ, લક્ષ્મી તથા ધનનો લાભ થાય.

શ્લોક - ૬

ઋદ્ધિ : ॐ ह्रीं अर्हं णमो पुत्तइच्छी (च्छं ?) कराए ।।

મંત્ર : ॐ नमो भगवती ह्रूं श्रीं ब्रां व्रीं क्षां क्षीं प्रौं ह्रौं नमः ।।

વિધી : એકાંત સ્થાનમાં ૪૦ (ચાલીસ) દિવસ સુધી હંમેશા ૧૦૦૦ જાપ કરવો. લીલું આસન, કમલની માળા, દક્ષિણ દિશા તરફ મુખ રાખવું. ગુગલ, ઘી, ખોપરાં અને લવિંગનો ધૂપ કરવો.

લાભ : સંતાનની પ્રાપ્તિ થાય.

શ્લોક - ૭

ઋદ્ધિ : ॐ ह्रीं अर्हं णमो माहणे झाणाए ।।

મંત્ર : ॐ नमो भगवती शुभाशुभं कथयति (यामि ?) स्वाहा ।।

વિધી : સત્તાવીસ દિવસ દરરોજ ૧૦૦૦ જાપ, આસન જોગિયાનું, મૂંગાની (પરવાળાની) માળા, નૈઋત્ય ખૂણા તરફ મુખ રાખી જાપ કરવા. ગુગલ, લોહ, બાન, પ્રિયંગુ (રાયણ) અને લતાનો ધૂપ કરવો.

લાભ : પરદેશમાં ગયેલા પતિ અથવા સ્વજનની સત્તાવીશ દિવસમાં ખબર મળે.

શ્લોક - ૮

ઋદ્ધિ : ॐ ह्रीं अर्हं णमो उन्हगदहारिए ।।

મંત્ર : ॐ नमो भगवते तमम सर्वांग पीडा शांति कुरु कुरु स्वाहा ।।

વિધી : એકાંત સ્થાનમાં ૧૪ દિવસ, દરરોજ ૧૦૦૦ જાપ કરવા, ડાભનું આસન, ચાંદીની માલા, ઈશાન ખૂણા તરફ મુખ, ગુગલ, કંદરૂ અને સફેદ ચંદનનો ધૂપ કરવો. જાપ કરીએ એટલા દિવસ ભૂમિશયન કરવું.

લાભ : ગરમી, પિતજ્વર તથા સર્વ જાતની ગરમીનો નાશ થાય.

શ્લોક - ૯

ઋદ્ધિ : ૐ હ્રીં અર્હં ણમો કો પં હં સં: ।

મંત્ર : ૐ હ્રીં શ્રીં હ્મ્લીં ત્રિભુવન હૂ સ્વાહા ।

વિધી : (એકાંત સ્થાનમાં) ૧૪ દિવસ દરરોજ ૧૦૦૦ જાપ કરવા. આસન કાલી ઉનનું, માલા રૂદ્રાક્ષ, અગ્નિ ખૂણા તરફ મુખ રાખી પદ્માસને જાપ કરવો. ગુગલ, રાલ અને કંદરૂપનો ધૂપ કરવો.

લાભ : સાપ, વીંછી વગેરેનાં ઝેર ઉપર ૧૦૮ વખત ઋદ્ધિ મંત્ર બોલીને ઝાડવાથી ઝેરનો નાશ થાય છે.

શ્લોક - ૧૦

ઋદ્ધિ : ૐ હ્રીં અર્હં ણમો તક્કુર પણાસए ॥

મંત્ર : ૐ નમો ભગવતી ગુણવતી સ્વાહા ॥

વિધી : ૧૮ (અઢાર) દિવસ, દરરોજ ૧૦૦૦ જાપ કરવા, પીળું આસન, સોનાની માલા, વાયવ્ય ખૂણા તરફ મુખ રાખવું. ગુગલ અને ચંદનનો ધૂપ દેવો.

લાભ : ચોર, ઠગ વગેરેના ભયનો નાશ થાય.

શ્લોક - ૧૧

ઋદ્ધિ : ૐહ્રીં અર્હં ણમો વારિ બાલબુદ્ધીए ॥

મંત્ર : ૐ નમો સરસ્વતિ ગુણવતિ સ્વાહા ॥

વિધી : ૧૯ ઓગણીસ દિવસ, દરરોજ ૧૦૦૦ જાપ કરવા, સફેદ આસન, સફેદ ચંદનની માલા, ઈશાન ખૂણા તરફ મુખ રાખવું. ચંદન, નાગરમોથ અને કપૂર કાચલીનો ધૂપ કરવો.

લાભ : યંત્ર પાસે રાખવાથી પાણીમાં ડૂબાય નહિ.

શ્લોક - ૧૨

ઋદ્ધિ : ૐ હ્રીં અર્હં ણમો અગ્ગલવज्जणाए ॥

મંત્ર : ૐ નમો ચંડિકાયૈ નમ: સ્વાહા ॥

વિધી : સાત દિવસ સુધી, દરરોજ ૧૦૮ (એકસો આઠ) વખત જાપ કરવાથી અગ્નિનો ભય જાય, સફેદ આસન, સ્ફટિકની માલા, નૈઋત્ય ખૂણા તરફ મુખ રાખવું. કપૂર, ખોપરા ગુગલ અને ઘીનો ધૂપ કરવો.

લાભ : મંત્ર ભણીને પાણી નાંખવાથી અગ્નિ શાંત થઈ જાય છે.

શ્લોક - ૧૩

ઋદ્ધિ : ॐ ह्रीं अर्हं णमो इक्खवज्जणाए ॥

મંત્ર : ॐ नमो चामुंडायै नमः स्वाहा ॥

વિધી : સત્તાવીસ દિવસ સુધી દરરોજ ૧૦૦૦ જાપ કરવા, લાલ આસન, જાયફળની માલા, પશ્ચિમ દિશા તરફ મુખ રાખવું. ગુગલ, ચંદન અને ઘીનો ધૂપ દેવો.

લાભ : દરરોજ ૧૦૮ વાર પાણી મંત્રીને નાંખવાથી કુવામાં ખારું પાણી આવતું હોય તે મીઠું જલ થઈ જાય.

શ્લોક - ૧૪

ઋદ્ધિ : ॐ ह्रीं अर्हं णमो तक्खर धण पर प्पियाए ॥

મંત્ર : ॐ नमो गंधारि (यै) नमः श्रीं क्लीं ऐं ब्लूं हूँ झुं स्वाहा ॥

વિધી : ૧૪ દિવસ દરરોજ ૧૦૦૦ જાપ કરવો, લીલું આસન, લાલ સુતરની માલા, ઉત્તર દિશા તરફ મુખ રાખવું. કંદરૂ અને ગુગલનો ધૂપ દેવો.

લાભ : ચોરાઈ ગયેલી વસ્તુ પાછી આવે, ધન મળે અને ખોવાયેલી ગુમાવેલી વસ્તુ મળી આવે.

શ્લોક - ૧૫

ઋદ્ધિ : ॐ ह्रीं अर्हं णमो झूसणझूसणाए ॥

મંત્ર : ॐ नमो कालरागि (यै) नमः स्वाहा ॥

વિધી : પચીસ દિવસ, દરરોજ ૧૦૦૦ જાપ કરવો. કાલું આસન, કાલા અરીઠાનાં મીંજની માલા, દક્ષિણ દિશાએ મુખ રાખીને ગણવી. ગુગલ, ખોપરા, લાલ મરચાં અને નૂન (લૂણ)નો ધૂપ દેવો.

લાભ : આ પ્રમાણે કરવાથી શત્રુ વૈરભાવ છોડે.

શ્લોક - ૧૬

ઋદ્ધિ : ॐ ह्रीं अर्हं णमो णगभय पणासए ।

મંત્ર : ॐ नमो गौरि रुद्रे वज्रे हूँ नमः ॥

વિધી : સાત દિવસ દરરોજ ૧૦૦૦ જાપ કરવો, સફેદ આસન, સ્ફટિકની માલા, વાયવ્ય ખૂણા તરફ મુખ કરવું. ગુગલ, મેવા ઘી અને ચંદનનો ધૂપ દેવો.

લાભ : પર્વત પરનો ઉપસર્ગ અને વનના ભયનો નાશ થાય.

શ્લોક - ૧૭

ઋદ્ધિ : ॐ ह्रीं अर्हं णमो कुद्धबुदुध णासए ॥

મંત્ર : ॐ नमो धृतिदेव्यै ह्रीं श्रीं क्लीं ब्लूँ ऐं द्रां द्रां नमः ॥

વિધી : ૧૪ દિવસ દરરોજ ૧૦૦૦ જાપ કરવો. સફેદ આસન, સ્ફટિકની માલા, નૈઋત્ય ખૂણા તરફ મુખ રાખવું, ચંદન, કપૂર, ઈલાયચી અને ઘીનો ધૂપ દેવો.

લાભ : (યંત્ર પાસે રાખવાથી) વિગ્રહની શાંતિ થાય છે.

શ્લોક - ૧૮

ઋદ્ધિ : ॐ अर्हं णमो पासे सिद्धा सुणंति ॥

મંત્ર : ॐ नमो उ (सु ?) मतिदेव्यै विषनिर्णाशिन्यैः नमः स्वाहा ॥

વિધી : સાત દિવસ સુધી દરરોજ ૧૦૮ વખત જાપ કરવો, કાલું આસન, ચંદનની માલા, અગ્નિ દિશા તરફ મુખ રાખવું, ગુગલ અને કંદરૂનો ધૂપ દેવો.

લાભ : જે પુરુષ અગર સ્ત્રીને સર્પ કરડ્યો હોય તેને ગારડુકિનાઈ (લીમડાનું ઝુમખું ?) ઝાડો દીજે સર્પનું ઝેર ઉતરી જાય.

શ્લોક - ૧૯

ઋદ્ધિ : ॐ ह्रीं अर्हं णमो पुप्फिदगरुवत्ताए ॥

મંત્ર : ॐ नमो भगवती पुष्पपल्लवकारिणे नमः ॥

વિધી : બાગની અંદર ૧૪ દિવસ સુધી, દરરોજ ૧૦૦૦ જાપ કરવો, ડાભનું આસન, તુલસીની માલા, રાલ, કંદરૂ, ગુગલ છાડ છડીલો, ઘીનો ધૂપ દેવો.

લાભ : બાગમાં ફૂલ ન ઉગતાં હોય તે નવપલ્લવિત થાય.

શ્લોક - ૨૦

ઋદ્ધિ : ॐ ह्रीं अर्हं णमो गिल्लबिल्लवासाए ॥

મંત્ર : ॐ नमो ब्रह्माणि नमः ॥

વિધી : એકાંત સ્થાને ૪૯ દિવસ, દરરોજ ૧૦૦૦ જાપ કરવો, આસન જોગિયાનું, માલા રૂદ્રાક્ષની, ઈશાન દિશા તરફ મુખ રાખવું. ગુગલ અને રાલનો ધૂપ દેવો. ભૂમિશયન કરવું તથા બ્રહ્મચર્ય પાળવું.

લાભ : ઉપર પ્રમાણે કરવાથી વિજય મળે છે.

શ્લોક - ૨૧

ઋધ્ધિ : ॐ ह्रीं अर्हं णमो अक्खिवगदेणासए ।।

મંત્ર : ॐ ह्रूं श्रीं क्लीं क्षां क्षीं नमः ।।

વિધી : દરરોજનો ૧૦૮ વખત જાપ સાત દિવસ સુધી કરવો. યંત્ર જેવો છે તેવો લખી, લીલું આસન માલા ચંદનની નૈઋત્ય દિશા તરફ મુખ રાખવું. ચંદન અગર અને ઘીનો ધૂપ દેવો.

લાભ : નેત્રરોગની પીડાનો નાશ થાય છે.

શ્લોક - ૨૨

ઋધ્ધિ : ॐ ह्रीं अर्हं णमो तरुवत्तपणाए ।।

મંત્ર : ॐ नमो पद्मावत्यै इम्ल्व्र्यूं नमः ।।

વિધી : એકવીસ દિવસ દરરોજ ૧૦૮ જાપ કરવા, ડાભનું આસન તુલસીની માલા નૈઋત્ય દિશાએ મુખ રાખવું, રાલ, ગુગલ, છાડ છડીલો, ઘીનો ધૂપ દેવો. ભૂમિશયન કરવું, એકાંતમાં જાપ કરવો.

લાભ : બાગમાં સારાં ફૂલ નીપજે - પેદા થાય.

શ્લોક - ૨૩

ઋધ્ધિ : ॐ ह्रीं अर्हं णमो वज्जपहरणाए ।।

મંત્ર : ॐ णमो श्रीं क्लीं झ्रां झ्रीं झ्रूं झ्रः नमः ।।

વિધી : સત્તાવીસ દિવસ, દરરોજ ૧૦૦૦ જાપ કરવો, લાલ આસન, લાલ રેશમની માલા, પર્વ દિશા તરફ મુખ રાખવું. ચંદન, મૂષ્ક, સિલા રસનો ધૂપ દેવો, ભૂમિશયન કરવું, બ્રહ્મચર્ય પાળવું અને એકાંત સ્થાને જાપ કરવો.

લાભ : રાજદરબારમાં જયની પ્રાપ્તિ થાય.

શ્લોક - ૨૪

ઋધ્ધિ : ॐ ह्रीं अर्हं णमो आगासगामियाए ।

મંત્ર : ॐ ह्रूं भ्रां भ्रीं पद्मे षोडशमुजे प्रों (प्रौं ?) हूँ हूँ नमः ।

વિધી : સત્તાવીસ દિવસ દરરોજ ૧૦૦૦ જાપ કરવો, લાલ આસન, લાલ માલા, પૂર્વ દિશામાં મુખ રાખવું. પચીસ શેર ખીર અને શીરો (બંને મળીને) બનાવરાવી,

શ્રાવકની એકવીસ કન્યાને જમાડવી, કપૂર, મૂષ્ક શિલારસ અને સફેદ ચંદનનો ધૂપ દેવો. એકાંત જંગલમાં અથવા અટવી અગર પર્વત પર આ જાપ કરવો.

લાભ : ગયેલું રાજ્ય તથા સ્થાન પાછું મળે.

શ્લોક - ૨૫

ઋદ્ધિ : ૐ હ્રીં અર્હં ણમો હિડકમલાણયાએ ।।

મંત્ર : ૐ નમો ધરણેન્દ્ર પદ્માવત્યૈ નમ: ।।

વિધી : ૨૧ દિવસ, દરરોજ ૧૦૦૦ જાપ કરવો, સફેદ આસન, સ્ફટિકની માલા, પશ્ચિમ દિશા તરફ મુખ કરવું. કપૂર, ચંદન, મુષ્ક તથા ઈલાયચીનો ધૂપ કરવો.

લાભ : રોગ, શોકની પીડાનો નાશ થાય, હર્ષ થાય અને સર્વ રોગનો નાશ થાય.

શ્લોક - ૨૬

ઋદ્ધિ : ૐ હ્રીં અર્હં ણમો જયદેયપાસેવત્તાએ ।

મંત્ર : ૐ હ્રૂં પદ્મે શ્રાં શ્રી શ્રૂં શ્ર: નમ: ।।

વિધી : ૨૭ દિવસ, દરરોજ ૧૦૮ જાપ કરવા, લાલ આસન, લાલ માલા, દક્ષિણ દિશા તરફ મુખ રાખવું. કસ્તુરી અગર, હોબેર (હીરાબોળ ?) છડીલોનો ધૂપ દેવો.

લાભ : રાજસભામાં બોલેલો બોલ માન્ય રહે, ઝાડાનો નિકાલ જે કરીએ તે માન્ય રહે.

શ્લોક - ૨૭

ઋદ્ધિ : ૐ હ્રીં ખલદૃઢુણાસએ ।।

મંત્ર : ૐ હ્રીં શ્રીં ધરણેન્દ્રપદ્માવતી બલપરાક્રમાય નમ: ।।

વિધી : ૨૧ દિવસ દરરોજ ૧૦૦૦ જાપ કરવા, કાલી ઊનનું આસન, કાલા સુતરની માલા, પૂર્વ દિશા તરફ મુખ રાખવું. ગુગલ, મીઠું, ઘી તથા ખોપરાનો ધૂપ દેવો. ૨૧ દિવસ પછી ચંત્રને પંચામૃતમાં મેળવીને નદીના પ્રવાહમાં નાંખી દેવો.

લાભ : શત્રુ શાંત થાય.

શ્લોક - ૨૮

ઋદ્ધિ : ૐ હ્રીં અર્હં ણમો उવવજ્જણાએ ।।

મંત્ર : ૐ હ્રીં શ્રી હ્રીં ક્રોં વપટ્ સ્વાહા ।।

વિધી : ૨૧ દિવસ, હંમેશાં ૧૦૦૦ જાપ કરવા, પીળું આસન, પીળા સુતરની માલા, દક્ષિણ દિશા તરફ મુખ રાખવું. ચંદન, લવિંગ, ઘી, ઈલાયચી અને કપૂરનો ધૂપ દેવો.

લાભ : કીર્તિ, યશ વધે, લોકોમાં જયજયકાર વર્તે.

શ્લોક - ૨૯

ઋદ્ધિ : ॐ ह्रीं अर्हं णमो देवाणुप्पि (पि ?) याए ॥

મંત્ર : ॐ ह्रीं क्रौं (कों) ह्रीं हूँ खट् स्वाहा ॥

વિધી : ૨૧ દિવસ, હંમેશાં ૧૦૦૦ જાપ કરવા, લાલ આસન, લાલ માલા, પૂર્વદિશા તરફ મુખ રાખવું. કસ્તુરી, અગર, સિલારસ અને સફેદ ચંદનનો ધૂપ દેવો. ભૂમિશયન કરવું, બ્રહ્મચર્ય પાળવું.

લાભ : સોપારી, ઈલાયચી અતવા લવિંગ મંત્ર ભણીને જેને આપીએતે પ્રત્યક્ષ હોય, સર્વ જનને પ્રિય હોય.

શ્લોક - ૩૦

ઋદ્ધિ : ॐ ह्रीं अर्हं णमो भद्रावलाए ॥

મંત્ર : ॐ ह्रीं श्रीं क्लीं ब्लूं प्रौं (प्रों ?) हूँ नमः स्वाहा ॥

વિધી : ૬૦ દિવસ, દરરોજ ૭૦૦ જાપ કરવા, કાલું આસન, રૂદ્રાક્ષની માલા પૂર્વ દિશા તરફ મુખ રાખવું. ગુગલ, લોબાન અને ઘીનો ધૂપ દેવો.

લાભ : કાચા ઘડાથી કુવામાંથી પાણી નીકળે.

શ્લોક - ૩૧

ઋદ્ધિ : ॐ ह्रीं अर्हं णमो वीयाबणवत्ताए ॥

મંત્ર : ॐ नमो भगवती चक्रधारिणि भ्रामय भ्रामय मम शुभाशुभं दर्शय दर्शय स्वाहा ॥

વિધી : ૧૪ દિવસ, દરરોજ ૧૦૦૦ જાપ કરવા, અંગુલ ૧૨ નો હોમકુંડ કરવો, હોમકુંડની અંદર અગર, ઘી, સરસવ, ગોરુ ચંદનનો હોમ મંત્ર ભણી ભણીને કરવો. સફેદ આસન, સફેદ માલા, પૂર્વ દિશા સન્મુખ મુખ રાખવું. ચંદન, અગર અને છાડ છડીલાનો ધૂપ દેવો. પછી ખીર, શીરો અને તંદુલનું શ્રાવકોને ભોજન કરાવવું.

લાભ : શુભાશુભ પ્રશ્નનો જવાબ મળે.

શ્લોક - ૩૨

ઋદ્ધિ : ॐ ह्रीं अर्हं णमो अट्टमट्टणासए ॥

મંત્ર : ॐ नमो भगवती मम शत्रुन् बंधय बंधय ताडय ताडय उन्मूलय उन्मूलय छिन्द छिन्द भिन्द भिन्द स्वाहा ॥

વિધી : ૨૭ દિવસ, દરરોજ ૧૦૦૦ જાપ કરવા, કાલું આસન, કમલ કાકડીના બીજની માલા, નૈઋત્ય દિશા સન્મુખ મુખ રાખવું. ગુગલ, નાગરમોથ, તગર અને ઘીનો ધૂપ દેવો.

લાભ : દુષ્ટ માણસનું જોર ન ચાલે.

શ્લોક - ૩૩

ઋદ્ધિ : ૐ હ્રીં અર્હં णमो जधित्तापखिताए ।।

મંત્ર : ऋ असं असु पसु चंपु शीश्रे वावि अधशांकु अममनने पाम ।।

વિધી : ૭ દિવસ, દરરોજ ૧૦૮ જાપ કરવા, જોગિયાનું આસન, રૂદ્રાક્ષની માલા, વાયવ્ય દિશા સન્મુખ મુખ રાખવું, કપૂર, ખોપરાં, ઘી, ચંદન અને ઈલાયચીનો ધૂપ દેવો.

લાભ : મેઘનો ભાય, અતિવૃષ્ટિ, તીડ, કાતરા તથા ઉંદરનો ભય ખેતરમાં ન હોય.

શ્લોક - ૩૪

ઋદ્ધિ : ૐ હ્રીં અર્હં णमो उंजिअस्सायतक्खणेणं ।।

મંત્ર : ૐ नमो भगवती भूत पिशाचराक्षसवेतालान् ताडय मारय मारय स्वाहा ।।

વિધી : ૨૧ દિવસ, ૨૧ વાર સરસવ મંત્રીને પાણીમાં નાંખવા, કાલું આસન, વીંછી કાંટા ફલની માલા, વાયવ્ય દિશા સન્મુખ મુખ રાખવું. ગુગલ, મરચાં, ઘી તથા સરસવનો ધૂપ દેવો.

લાભ : શાકિની દોષ જાય. ભૂત, પિશાચ, રાક્ષસ તથા દુર્જનનો નાશ થાય.

શ્લોક - ૩૫

ઋદ્ધિ : ૐ હ્રીં અર્હં णमो मिज्जलिज्जणासए ।।

મંત્ર : ૐ नमो भगवती भिगियागदे अपस्मारे रोगे शांति कुरु कुरु स्वाहा ।।

વિધી : ૨૧ દિવસ, દરરોજ ૧૦૦૦ વાર મંત્ર જપવા, કેળના પાનનું લીલું આસન હંમેશાં લેવું, ચંદનની માલા, નૈઋત્ય દિશા સન્મુખ મુખ રાખવું. લોબાન અને ઘીનો ધૂપ દેવો. એકાંત સ્થાને જાપ કરવા બ્રહ્મચર્ય પાળવું.

લાભ : મૃગી, અપસ્માર અને બાવળાપણું જાય.

શ્લોક - ૩૬

ઋદ્ધિ : ૐ હ્રીં અર્હં णमो ग्रा (ग्रां ?) फट् विचक्काए ।।

મંત્ર : ૐ હ્રીં અષ્ટમહાનાગકુલ વિષ શાંતિકારિણી સ્વાહા ।।

વિધી : ૭ દિવસ, દરરોજ ૧૦૦૦ જાપ કરવા, લીલું આસન, માલા પાટલની (લીલી) ઈશાન દિશા સન્મુખ મુખ રાખવું. ગુગલ, કંદરૂનો ધૂપ કરવો.

લાભ : આ પ્રમાણે સિદ્ધ કર્યા પછી સર્પ પકડે તો સર્પ કરડે નહિ, મંત્ર ભણીને કાંકરી નાંખવાથી સર્પ થંભી જાય. એ સર્પનું વિષ ચડે નહિં.

શ્લોક - ૩૭

ઋદ્ધિ : ॐ ह्रीं अर्हं णमो ह्रीं खोभि हूं खोभिए ।।

મંત્ર : ॐ नमो भगवती मम सर्व राजाप्रजा वश्यकारिणी स्वाहा ।।

વિધી : ૨૧ દિવસ, દરરોજ ૧૦૮ જાપ કરવા, લાલ આસન, કરેણનાં લાલ ફૂલથી મંત્ર જપી જપીને ફૂલ રાખતા જવું, પૂર્વ દિશા સન્મુખ મુખ રાખવું. કપૂર અને કસ્તુરીનો ધૂપ દેવો.

લાભ : મંત્ર ભણીને ૭ કાંકરી ક્ષીરવૃક્ષ નીચે ઉછાળીને અધર ઝીલી લઈને નગરના ચૌટામાં નાંખવાથી રાજા વગેરે લોકો વશ થાય, રંકથી માંડી રાજા અને શાહુકાર વગેરે સર્વ વશ થાય.

શ્લોક - ૩૮

ઋદ્ધિ : ॐ ह्रीं अर्हं णमो इट्टि मिट्टि भक्खंकराए ।।

મંત્ર : ॐ नमो खड्गारीदेव्यै, खड्गारो कहां गयौ, खड्गारो खेर काटि वा गयौ,
खेर काटि कारु करै, खेर काट सारका तीर घडावै,
तीर घडाय पेटपीडा हृदयपीडा अमुकाकी छेदीस्यै जानवा न्हारबारी पडा छेडीस्यै।।

વિધી : ૧૪ દિવસ, હંમેશાં ૧૦૦૦ જાપ કરવા, સફેદ આસન, ગુલાબના લાકડાની માલા, ચંદન, છાડ છડીલો અને ઘી તથા કંદરૂપનો ધૂપ દેવો.

લાભ : પેટની પીડા તથા હૃદયની પીડા દૂર થાય.

શ્લોક - ૩૯

ઋદ્ધિ : ॐ ह्रीं अर्हं णमो सत्तावरिए गणिज्जं ।।

મંત્ર : ॐ नमो भगवती अमुकस्य सर्व ज्वर शांति कुरु कुरु स्वाहा ।।

વિધી : ૭ દિવસ, દરરોજ ૧૦૮ જાપ કરવા, લીલું આસન, કમલ (કાકડી)ની માલા, ઈશાન દિશા સન્મુખ મુખ રાખવું. ગુગલ, ઘી તથા ખોપરાનો ધૂપ દેવો.

લાભ : તાવવાળા માણસને અગર સ્ત્રીના ગળે ભોજપત્ર પર યંત્ર લખીને બાંધવાથી સર્વ જ્વર તથા સંન્નિપાત દૂર થાય.

શ્લોક - ૪૦

ઋદ્ધિ : ॐ ह्रीं अर्हं णमो उण्हसीअणासए ॥

મંત્ર : ॐ नमो भगवदे इम्ल्व्यूँ नमः स्वाहा ॥

વિધી : ૧૪ દિવસ દરરોજ ૧૦૦૦ જાપ કરવા, લીલું આસન, રૂદ્રાક્ષની માલા ઈશાન દિશા સન્મુખ મુખ અને ગુગલ, ઘી તથા ખોપરાનો ધૂપ દેવો.

લાભ : એકાહિક, બેલાજ્વર, તૃતીય તથા ચોથીઆ જ્વરનો નાશ થાય.

શ્લોક - ૪૧

ઋદ્ધિ : ॐ ह्रीं णमो बप्पलाहव्वए ॥

મંત્ર : ॐ नमो भगवते बेभयारी णमो ह्रीं श्रीं क्लीं ऐं ब्लूं नमः ॥

વિધી : ૨૧ દિવસ, દરરોજ ૧૦૦૦ જાપ કરવા. કાલુ આસન, કાલા સુતરની માલા, દક્ષિણ દિશા સન્મુખ મુખ રાખવું. લૂણ, મરચાં, ગુગલ, ઘી અને રાલનો ધૂપ દેવો.

લાભ : બીજાની ચલાવેલી ગોલી, તીર અથવા બીજા શસ્ત્રો રણસંગ્રામમાં લાગે નહિ.

શ્લોક - ૪૨

ઋદ્ધિ : ॐ ह्रीं अर्हं णमो इत्थिवत्थणासए ॥

મંત્ર : ॐ ह्रूं अर्हं णमो इत्थिरक्तार्शगदे शांति कुरु कुरु स्वाहा ॥

વિધી : ૨૧ દિવસ, દરરોજ ૧૦૮ જાપ કરવા, આસન લૂંગીનું, માલા કાચા કેળાની, ઉત્તર દિશા સન્મુખ મુખ રાખવું, ચંદન, લવિંગ, કપૂર, ઈલાયચી, ઘી તથા શિલારસનો ધૂપ દેવો પછી પદ્માવતીનું પૂજન કરાવવું, દીપ, નૈવેધ, ધૂપ, ફલ અને લાલ વસ્ત્ર.

લાભ : સ્ત્રીનો પ્રદર રોગ જાય, અધૂરો ગર્ભ સ્તંભન થાય એટલે કસુવાવડ થાય નહિ.

શ્લોક - ૪૩

ઋદ્ધિ : ॐ ह्रीं अर्हं णमो बंदि मोक्खयाए ॥

મંત્ર : ॐ नमो सिद्ध महासिद्ध जगतसिद्ध त्रैलोक्यसिद्ध मम रोगं छिन्द छिन्द स्तंभय स्तंभय जृंभय जृभंय मनोवांछित सिद्धिं कुरु कुरु स्वाहा ॥

વિધી : ૧૪ દિવસ, દરરોજ ૧૦૦૦ જાપ કરવા, કાલુ આસન, કાલા સુતરની માલા, અગ્નિ ખૂણા સન્મુખ મુખ રાખવું, ચંદન, ગુગલ, મરચાં અને ઘીનો ધૂપ દેવો.

લાભ : એકાંત લક્ષ્મીલાભ થાય, બંદીખાનેથી છૂટે.

શ્લોક - ૪૪

ઋદ્ધિ : ॐ ह्रीं श्रीं क्लीं नमः ॥

મંત્ર : ॐ नमो धरणेन्द्रपद्मावती सहिताय श्रीं क्लीं ऐं अहँ नमः ॥

વિધી : **૪૦ દિવસ દરરોજ ૧૦૦૦ જાપ કરવા, લાલ આસન, મુંગાની (પરવાલાની) માલા, પૂર્વ દિશા સન્મુખ મુખ કરવું, ભૂમિશયન કરવું, શીલ પાલવું.**

લાભ : **લક્ષ્મીની પ્રાપ્તિ થાય.**

સંદર્ભ સૂચિ

(અ) સ્તોત્ર ગ્રંથ

૧. અદ્‌ભૂત નવસ્મરણમ્ : ઘાસીલાલજી મહારાજ, ઘીસુલાલ ભંડારી બ્યાવર, દ્વિતીય સંસ્કરણ વિ. સં. ૨૦૨૩

૨. અનયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા : આચાર્ય હેમચન્દ્ર શા. રામચંદ્ર રતનચંદ્ર, બાગરા (રાજસ્થાન), ૧૯૯૧

૩. અથર્વવેદ : સંપા. શંકર પાંડરંગ પંડિત, ૧૮૯૫

૪. આચારાંગ સૂત્ર : આગમ પ્રકાશન સમિતિ, બ્યાવર, સન ૧૯૮૦

૫. આચાર્ય મહાપ્રજ્ઞકૃતિત્વ અને અને વ્યક્તિત્વ : જૈન ભારતી સંસ્થાન, લાડનું (રાજસ્થાન), ઈ. સ. ૨૦૧૨

૬. આદિપુરાણ (ભાગ-૧) : ભારતીય જ્ઞાનપીઠ જૈન ગ્રંથમાલા, સં. પન્નાલાલ જૈન, કાશી, ૧૯૬૩

૭. આવશ્યક ચૂર્ણિ : જિનદાસગણિ, શ્રી ઋષભદેવજી શ્વે. સંસ્થા, રતલામ, સં. ૧૯૨૯

૮. ઉત્તરાધ્યયન સૂત્ર : યુવાચાર્યશ્રી મધુકરમુનિ, આગમ પ્રકાશન સમિતિ, બ્યાવર, સં. ૧૯૮૪

૯. ઉવસગ્ગહરમ્ : પં. સુખલાલજી સંઘવી, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, પ્રથમ સંસ્કરણ

૧૦. ઋગ્વેદ : સંપા. શ્રીપાદ શર્મા, પ્ર. સ્વાધ્યાય મંડળ, ઔંધ, સન ૧૯૯૪

૧૧. કલ્પસૂત્ર : સંપા. શ્રી દેવેન્દ્રમુનિ શાસ્ત્રી, શ્રી અમર આગમશોધ સંસ્થાન, સિવાના, ૧૯૬૮

૧૨. કલ્યાણમંદિર : અંતસ્તલકા સ્પર્શ : આચાર્ય મહાપ્રજ્ઞ, જૈન વિશ્વભારતી પ્રકાશન, નાગોર (લાડનું) ૨૦૧૨

૧૩. કલ્યાણમંદિર સ્તોત્ર : ડૉ. મુક્તિપ્રભાજી, ચૌરડિયા ચેરીટેબલ ટ્રસ્ટ, જયપુર

૧૪. કલ્યાણમંદિર સ્ત્રોત્ર : ડૉ. સરયૂ આર. મહેતા, મુંબઈ વિ. સં. ૨૦૩૪

૧૫. કલ્યાણમંદિર સ્તોત્ર : પૂ. વનિતાબાઈ મહાસતીજી, વીતરાગ પ્રકાશન, રાજકોટ

૧૬. કલ્યાણમંદિર સ્તોત્ર : માવજી દામજી શાહ, મુંબઈ, વિ.સં. ૨૪૬૭

૧૭. કલ્યાણમંદિર સ્તોત્ર વિવેચન : પૂ. જયંતમુનિજી મ.સા. અર્હમ્ સ્પીરીચ્યુઅલ સેન્ટર, મુંબઈ ૨૦૧૫

૧૮. કલ્યાણલહરી : સંપાદક – શંભુ ભટ્ટ

૧૯. કાવ્યાલંકાર સૂત્રવૃતિ : વામન, સંપા. નગેન્દ્ર, આત્મારામ એન્ડ સન્સ, દિલ્હી

૨૦. કાવ્ય સંગ્રહ : શબ્દજ્ઞાન રત્નાકર પ્રેસ, કલકત્તા, સન ૧૮૭૩

૨૧. ચર્તુવિશંતિકા સ્તુતિ : સુધર્મસાગર, આચાર્ય શાંતિસાગર જૈન ગ્રંથમાલા, સાગવાડા (ડુંગરપુર), સં. ૨૪૬૨

૨૨. ચંડીશતક : કર્તા બાણભટ્ટ, કાવ્યમાલા, ગુચ્છ-૪, મુંબઈ-૩૭

૨૩. જિનભક્તિ : શ્રી નમસ્કાર આરાધના કેન્દ્ર, પાલિતાણા, દ્વિતીય સંસ્કરણ, વિ.સં. ૨૦૩૩

૨૪. જૈન ગ્રંથ ઔર ગ્રંથકાર : સં. ફતેચંદ બેલાની, બનારસ યુનિવર્સિટી, ૧૯૫૦

૨૫. જૈનધર્મના પ્રભાવક આચાર્યો : સાધ્વી સંઘમિત્રા, જૈન વિશ્વભારતી પ્રકાશન, લાડનું, સન ૧૯૭૯

૨૬. જૈન ભક્તિકાવ્યની પૃષ્ઠભૂમિ : ડૉ. પ્રેમસાગર જૈન, ભારતીય જ્ઞાનપીઠ, કાશી, સં. ૧૯૬૩

૨૭. જૈન સાહિત્ય અને ઈતિહાસ પર પ્રકાશ : શ્રી જુગલકિશોરમુખ્તાર, શ્રી વીર શાસન સંઘ, કલકત્તા સન ૧૯૫૬

૨૮. જૈન સ્તોત્ર તથા સ્તવન સંગ્રહ : પ્રકા. કોઠારી કુશલચંદ, નીમજીવે સન ૧૯૭૦

૨૯. જૈન સ્તોત્ર મંત્રાદિ સંગ્રહ : શ્રી નવિનચંદ્રવિજયજી મ. જોધપુર, વિ.સં. ૨૦૩૭

૩૦. જૈન સ્તોત્ર સંચય : શેઠ મીઠાભાઈ કલ્યાણજી પેઢી, કપડવંજ, જિ. ખેડા, વિ.સં. ૨૦૧૬

૩૧. જૈન સ્તોત્ર સંદોહ ભાગ-૧ : સં. મુનિ ચતુરવિજય, સારાભાઈ મણિલાલ નવાબ, અમદાવાદ, વિ.સં. ૧૯૯૨

૩૨. જૈન સ્તોત્ર સંદોહ ભાગ-૨ : સં. મુનિ ચતુરવિજય, સારાભાઈ મણિલાલ નવાબ, અમદાવાદ, વિ.સં. ૧૯૯૨

૩૩. જૈન સ્તોત્ર સમુચ્ચય ભાગ ૧-૨ : સં. મુનિ ચતુરવિજય, પાંડુરંગ જાદવજી સાગર પ્રેસ, મુંબઈ, વિ.સં. ૧૯૮૪

૩૪. જૈન સાહિત્યનું આલોચનાત્મક અધ્યયન : ડૉ. કુલભૂષણ લોખંડે, દિવ્યધ્વનિ પ્રકાશન

૩૫. તત્ત્વાર્થસૂત્ર : ઉમાસ્વાતિ સંપા. પં. સુખલાલ સંઘવી, જૈન સંસ્કૃતિ સંશોધન મંડળ, બનારસ, ૧૯૫૨

૩૬. દશમભક્ત્યાદિ સંગ્રહ : સંપા. શ્રી સિધ્ધસેન ગોયલિય, સાબરકાંઠા, ગુજરાત, સં. ૨૪૮૧

૩૭. દશવૈકાલિક સૂત્ર : યુવાચાર્ય શ્રી મધુકરમુનિ, આગમ પ્રકાશન સમિતિ, બ્યાવર, ૧૯૮૫

૩૮. દ્વાત્રિંશદ્ દ્વાત્રિશિકા : સંપા. વિજય સુશીલસૂરિ, શ્રી લાવણ્યસૂરિ જ્ઞાનમંદિર, બોટાદ (ગુજરાત)

૩૯. દ્વાત્રિશિંકા સ્તોત્ર : સિધ્ધસેન, જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર, સન. ૧૯૦૩

૪૦. નવસ્મરણાદિ સ્તોત્ર સંગ્રહ : નરોત્તમદાસ શાહ, મેઘરાજ જૈન પુસ્તકાલય, મુંબઈ

૪૧. નમિઉણ સ્તોત્ર ત્રયમ્ : દેવચંદ લાલભાઈ પુસ્તકાલય, સુરત

૪૨. પટ્ટાવલી સમુચ્ચય : પ્રથમ ભાગ, સં. મુનિ દર્શનવિજય, વિરમગામ, ૧૯૩૩

૪૩. પટ્ટાવલી સમુચ્ચય : પ્રથમ ભાગ, સં. મુનિજ્ઞાનવિજય, અમદાવાદ, ૧૯૫૦

૪૪. પવિત્ર બાઈબલ : જ્યુબિલી એડિશન

૪૫. પંચસ્તોત્ર સંગ્રહ : ભારતવર્ષિય અનેકાન્ત પરિષદ, સાગર (મ.પ્ર.) ૧૯૯૦

૪૬. પાત્રકેસરી સ્તોત્ર : હીરાચંદ ગૌતમચંદ ગાંધી, નિમગાંવ, ૧૯૨૧

૪૭. પાર્શ્વનાથ ચરિત્ર : કર્તા ખંડેલગચ્છીય ભાવદેવસૂરિ, સં. પંડિત હરગોવિંદદાસ બેચરદાસ, યશોવિજય જૈન ગ્રંથમાલા–૩૨, વારાણસી સં. ૨૪૩૮

૪૮. પુરાતનપ્રબંધ સંગ્રહ : સંપા. જિનવિજયજી મુનિ, સિંધી જૈન ગ્રંથમાલા ગ્રંથાકર ૧૯૩૬

૪૯. પ્રબંધ ચિંતામણી : કર્તા નાગેન્દ્રગચ્છીય મેરુતુંગાચાર્ય ગ્રંથાંક – ૧, શાંતિનિકેતન, ૧૯૩૩

૫૦. પ્રબુધ્ધ જીવન : રમણલાલ શાહ, મુંબઈ – એપ્રિલ ૮૭

૫૧. પ્રભાવકચરિત્ર : મુનિ કલ્યાણવિજય, શ્રી આત્માનંદ ગ્રંથમાલા નં. ૬૩, ભાવનગર, સં. ૧૯૮૭

૫૨. પ્રભાવક ચરિત્ર : કર્તા રાજગચ્છીય પ્રભાચંદ્રાચાર્ય, સં. જિનવિજયજી મુનિ, જૈન ગ્રંથમાલા, ગ્રંથાંક ૧૩, અમદાવાદ – ૧૯૩૦

૫૩. બૃહત્ સ્તોત્ર મુક્તાહાર : સંપા. ગણેશ શર્મા, ગુજરાત, પ્રિન્ટીંગ પ્રેસ, મુંબઈ.

૫૪. બૃહત્ સ્તોત્ર રત્નાકર : સં. રાજતેજ પાંડ્યે, પંડિત પુસ્તકાલય, ૨૦૨૦

૫૫. બૌદ્ધ સ્તોત્ર સંગ્રહ : સં. જનાર્દન શાસ્ત્રી પાંડ્યે, મોતીલાલ બનારસીદાસ, દિલ્હી

૫૬. ભક્તામર કલ્યાણ મંદિર : કર્તા રુદ્રપલ્લીય ગુણાકરસૂરિ સં. હીરાલાલ કાપડિયા

૫૭. ભક્તામર ભારતી : ખેમચંદ જૈન ચેરિટેબલ ટ્રસ્ટ, સાગર, ૧૯૯૪

૫૮. ભક્તિનો ભાગ : શ્રી કિંજવડકર

૫૯. ભગવદ્ ગોમંડળ : સંપા. ભગવતસિંહજી

૬૦. ભાગવત સ્તુતિ સંગ્રહ : પં. નિત્યાનંદ પાંડ્યે, ગીતાપ્રેસ, ગોરખપુર, વિ.સં. ૧૯૯૪

૬૧. ભૈરવ પદ્માવતી કલ્પ : મલ્લિષેણ સં. કે.વી. અભ્યંકર, સારાભાઈ મણિલાલ નવાબ, અમદાવાદ, ૧૯૩૭

૬૨. ભૈરવ પદ્માવતી કલ્પ : મલ્લિષેણ, સં. ચંદ્રશેખર શાસ્ત્રી, જૈન પુસ્તકાલય, સુરત, સં. ૨૪૭૯

૬૩. મહાન જૈન સ્તોત્ર : લલિતપ્રભસાગર, શ્રી જિતયશા ફાઉન્ડેશન, કલકત્તા ૧૯૯૨

૬૪. મહાપ્રભાવક ઉવસગ્ગહરની જયગાથા : ધીરજલાલ ટોકરશી શાહ

૬૫. મંત્ર અને માતૃકાઓનું રહસ્ય : ચૌખંભા, વારાણસી, ૧૯૬૬

૬૬. માનતુંગાચાર્ય અને તેમના સ્તોત્ર : મધુસુદન ઢાંકી અને જિતેન્દ્ર શાહ, શારદાબેન ચિમનલાલ રીસર્ચ સેન્ટર, અમદાવાદ ૧૯૮૫

૬૭. વિષાપહાર સ્તોત્ર : કવિન ધનંજય, કુંથુસાગર સ્વાધ્યાયસદન પ્રકાશન, ખુરઈ, જિ. સાગર

૬૮. વીરશાસનના પ્રભાવક આચાર્યો : ડૉ. વિદ્યાધર જોહરાપુરકર, ભારતીય જ્ઞાનપીઠ પ્રકાશન, દિલ્હી – ૧૯૭૫

૬૯. વૈદિક કોશ : સં. સૂર્યકાંત

૭૦. શિવ મહિમ્ન સ્તોત્ર : પાંડેય રામનારાયણ દત્તશાસ્ત્રી, ગોરખપુર, વિ.સં. ૨૦૩૩

૭૧. શિવસ્તોત્રાવલી : ઉત્પલદેવ ચૌખમ્મા વિદ્યાભવન, વારાણસી, ઇ.સ. ૧૯૦૨

૭૨. શ્રી જિનસ્તોત્ર કોશ : પં. વિનયહંસગણિ પ્ર.શા. ગુલાબચંદ કૂલચંદ, મુંબઈ, વિ.સં. ૨૦૧૪

૭૩. શ્રી પદ્માવતી સ્તોત્રમ્ : ભટ્ટાકલંક દેવ, શ્રી કુંથુસાગર સ્વાધ્યાય સદન પ્રકાશન, ખુરઈ (મ.પ્ર.) સન ૧૯૭૩

૭૪. શ્રીપુર પાર્શ્વનાથ સ્તોત્રમ્ : વિદ્યાનંદસ્વામી, વીરસેવા મંદિર, સરસાવા, સં. ૨૦૦૬

૭૫. શ્રી મહાદેવ સ્તોત્રમ્ : હેમચંદ્રાચાર્ય, આ.શ્રી. સુશીલસૂરિ જ્ઞાનમંદિર, થાણા, વિ.સં. ૨૦૦૧

૭૬. શ્રી લલિત સ્તોત્રસંગ્રહ ભાગ ૧–૨ : સં. પંન્યાસ હ્રીંકારવિજય ગણિ, પાલીતાણા, સન ૧૯૬૨

૭૭. શ્રી સિધ્ધસેન દિવાકર વ્યક્તિત્વ અને કૃતિત્વ : ડૉ. પ્રકાશ પાંડેય, પાર્શ્વનાથ વિદ્યાપીઠ

૭૮. સિધ્ધસેન દ્વાંત્રિંશિકાઓ : જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર, વિ.સં. ૧૯૬૪

૭૯. સ્તુતિ સ્તોત્રનું પર્યાવલોકન : હીરાલાલ કાપડિયા, જૈન યુગ, વૈશાખ ૧૯૬૩

૮૦. સૂત્ર કૃતાંગ સૂત્ર : યુવાચાર્ય શ્રી મધુકરમુનિ, આગમ પ્રકાશન સમિતિ, બ્યાવર, સં. ૧૯૮૨

૮૧. સુશીલ કલ્યાણમંદિર સ્તોત્ર : આ. સુશીલસુરિજી, સં. જિનોત્તમસૂરિ, લાવણ્યસૂરિ જ્ઞાનભંડાર, બોટાદ (ગુજ.)

૮૨. સ્તોત્રત્રયી : હેમચંદ્રાચાર્ય સંપા. મુનિ શ્રી પ્રબોધચંદ્રવિજય વિ.સં. ૨૦૧૬

૮૩. સ્તોત્રરત્નમાલા : પહેલાવદ, પં. કનૈયાલાલ મિશ્ર, વિ.સં. ૧૯૬૪, મુંબઈ

૮૪. સ્તોત્રસંગ્રહ : પં. રાજધારી ત્રિપાઠી, શાસ્ત્રી શ્રી રત્નજન પુસ્તકાલય, પાથર્ડી (અહમદનગર), સન ૧૯૭૩

૮૫. સ્વયંભૂ સ્તોત્ર : આચાર્ય સમંતભદ્ર, વીરસેવા મંદિર, સરસાવા, સં. ૨૦૦૮

आशिर्वचन

પરમાર્થના લક્ષ્યપૂર્વક જ્ઞાનસાધના માર્ગ પર કદમો ઉઠાવતા ઉઠાવતા અંત:કરણને નિર્મળ બનાવવાના શુભ સંકલ્પની પૂર્ણતાના દ્વાર સુધી સાધકની યાત્રા પહોંચે તો તેનો આનંદ ગુરૂને વિશેષ હોય છે.

મને આનંદ છે કે મારા શિષ્ય **મુનિ શ્રી સુપાર્શ્વચંદ્રે** ભક્તિમાર્ગનો વિષય પસંદ કરી **શ્રી સિધ્ધસેન દિવાકરજી** કૃત દેવાધિદેવ પાર્શ્વનાથ પ્રભુજીની સ્તુતિઓમાંથી કલ્યાણ મંદિર સ્તોત્ર પર પસંદગી ઉતારી **શ્રી કલ્યાણ મંદિર સ્તોત્ર** પર અધ્યયન-ચિંતન-મનન કરી **શ્રી સુપાર્શ્વચંદ્રજી**એ અનેક ચિંતકોના સ્તોત્ર સાહિત્યમાં ડૂબકી લગાવી શોધ-સંશોધનની ફલશ્રુતિરુપ ગ્રંથની સમાજને ભેટ કરી છે ત્યારે કલ્યાણ મંદિર સ્તોત્ર એક અધ્યયન ગ્રંથ અનેકને ભક્તિમાર્ગમાં સહારારુપ બની ચૈતન્ય સમાધિનું આસ્વાદન કરાવી શકે.

મુનિ શ્રી સુપાર્શ્વચંદ્રજીએ જપ-તપ, સ્વાધ્યાય સેવા શાસન પ્રભાવનાની જવાબદારી નિભાવતા-આત્મ સંયમ-સાધના કરતા કરતા આ ગ્રંથને લેખન કાર્ય દ્વારા સમૃધ્ધ કરવાનું કાર્ય સુસંપન્ન કર્યું છે તેનો આનંદ સવિશેષ છે.

મારા અંતરના શુભાશિષ છે કે **મુનિ સુપાર્શ્વચંદ્રજી** સંયમ-સાધના કરતાં કરતાં સાહિત્યિક ક્ષેત્રમાં વધુને વધુ પ્રતિભા વિકસાવી સવિશેષ પ્રગતિ કરતા રહે માતા શ્રુત-દેવીની કૃપા પ્રાપ્ત થતી રહે એવા

મંગલ શુભાશિષ સાથે

અધ્યાત્મયોગી પૂ. શ્રી નવીનચંદ્રજી મ. સાહેબના

શિષ્ય મુનિ જયેશચંદ્રજી મ.સા.